અર્હં નમઃ

ધર્મસંગ્રહ ભાષાન્તરનો સારોદ્ધાર

ભાગ—પહેલો



: લેખક - સંપાદક :

પૂજ્યપાદ આચાર્ય મહારાજ

શ્રીમદ્‌વિજય ભદ્રંકર સુરીશ્વરજી

— પ્રકાશક —

શેઠ મુળાજી રવચંદ જેચંદ જૈન વિદ્યાશાળા ટ્રસ્ટ

દોશીવાડાની પોળ, અમદાવાદ-૧.

અર્હં નમઃ

ધર્મસંગ્રહ ભાષાન્તરનો સારોદ્ધાર

— ભાગ પહેલો —



—: લેખક-સંપાદક :—

પૂજ્યપાદ આચાર્યમહારાજ શ્રીમદ્‌વિજય

ભદ્રંકરસૂરિવરજી



—: પ્રકાશક :—

શેઠ સુખાજી રવચંદ જેચંદ જૈન વિદ્યાશાળા ટ્રસ્ટ

દોશીવાડાનીપોળ-અમદાવાદ-૧.



મૂલ્ય - સત્તર રૂપીયા

પ્રાપ્તિસ્થાનો :—

૧. સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ – ૧

卐

૨. સેવન્તીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલ્લી,
ઝવેરી બજાર, મુંબઈ – ૨

卐

૩. સોમચંદ ડી. શાહ
પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

卐


૪. મહેન્દ્ર પી. કોઠારી
શંખેશ્વર પુસ્તક ભંડાર
શંખેશ્વર.
Via – હારીજ. (ઉ. ગુ.)

આવૃત્તિ – ૧ લી નકલ – ૧૦૦૦ વિ. સં. ૨૦૩૭



મુદ્રણાલય :– શ્રી સત્યસાઈ પ્રીન્ટરી બામયાવાડ, ભદ્ર-પાટણ.

ઉદ્‌બોધન



જ્ઞાનનું કિરણ— જગતના સંસ્કારજીવનને ઉજ્જસ આપનાર યદિ કોઈ પ્રકાશ હોય તો તે જ્ઞાનપ્રકાશ છે. અસંખ્ય સૂર્યના કે દીવાબત્તીના પ્રકાશો કરતાંયે જ્ઞાનપ્રકાશના એક કિરણનું પણ મહત્ત્વ અતિ ઘણું વધી જાય છે. સૂર્યનો કે દીવાબત્તીનો પ્રકાશ રાત્રિના અંધારાને ભલે દૂર કરી શકે, પરંતુ આત્મામાં ભરેલા અજ્ઞાન અંધારાને તો જ્ઞાનપ્રકાશ જ ઉલેચી શકે, કે જે વિના આદરેલી અનન્તની-મોક્ષની મુસાફરી કોઈ પણ પ્રાણીથી પૂરી થઈ શકતી જ નથી. ધન્ય છે તે અનન્તજ્ઞાની મહાપુરુષોને, કે જેઓશ્રી અતિમાનવો-તીર્થંકરો તરીકે આ પૃથ્વી ઉપર અવતર્યા હતા. તેઓશ્રીએ આ જગતનાં ભાવ દારિદ્યને નિવારવા કાજે જ જ્ઞાનનાં અમૂલ્ય દાન કરેલાં છે. આ શ્રી **'ધર્મસંગ્રહ'** ગ્રંથ તેનો જ એક અંશ છે.

ગ્રંથકર્તા— ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી ગણિવર આ ગ્રંથરત્નના રચયિતા છે. પૂજ્યપાદ તપાગચ્છીય-વિશ્વવિશ્રુત-અકબરબાદશાહ પ્રતિબોધક-જગદ્‌ગુરૂ આચાર્ય શ્રી વિજય-હીરસૂરીશ્વરજી મહારાજની પાટે, બાદશાહ અકબરે આપેલ 'સવાઈહીરલા' નું બિરૂદ ધારણ કરનારા પૂ. આચાર્ય શ્રી વિજયસેનસૂરિજી મહારાજ થયા, તેઓની પાટે એક આચાર્ય પૂ. શ્રી વિજયદેવસૂરીજી મહારાજ થયા અને પછી બીજાઆચાર્ય પૂ. શ્રી વિજયતિલકસૂરિજી મહારાજ થયા. આ આચાર્ય શ્રી વિજયતિલકસૂરિજી મહારાજની પાટે પૂ. આચાર્ય શ્રી વિજયઆનંદસૂરિજી મહારાજ થયા અને તેઓના એક શિષ્ય પંડિત શ્રી શાન્તિવિજયજી ગણી થયા. તેમના શિષ્ય તે પ્રસ્તુત મૂલ ગ્રંથના કર્ત્તા **મહામહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર.**

રચનાસમય— પ્રશસ્તિના શ્લોક ૧૪ માં, આ ગ્રંથ તેઓશ્રીએ વિ. સં. ૧૭૩૧ ના વૈશાખ સુદ-૩ અક્ષયતૃતીયાના દિને રચ્યો છે, એમ સ્પષ્ટ જણાવેલું છે. આ ઉપરથી તેઓશ્રીના સમયનું ઐતિહ્યપ્રમાણ પણ સત્તરમા સૈકાના ઉત્તરાર્ધથી માંડી અઢારમા સૈકાના પૂર્વાર્ધ સુધીમા હોવાનું નિઃશંક પ્રતીત થાય છે. તેઓશ્રીની વ્યાખ્યાન છટા ખૂબ રસ ભરપૂર હતી. મહાન જ્યોતિર્ધર ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર પણ તેઓનાં વ્યાખ્યાનો પ્રત્યે આકર્ષાયા હોવાનું કેટલીક કિંવદન્તિઓ આપણને કહી જાય છે. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજની દીક્ષા વિ. સં. ૧૬૮૮ અને સ્વર્ગવાસ વિ. સં. ૧૭૪૩ નો છે. તેઓશ્રીએ પ્રસ્તુત ગ્રંથનું સંશોધનાદિ કાર્ય પણ કરેલું છે. મતલબ કે આ બંને મહાત્માઓ સમકાલીન હતા. એટલું જ નહિ, પણ ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી ગણી તથા ઉપાધ્યાયજી શ્રી મેઘવિજયજી ગણી આદિ મહાપુરૂષો પણ તેઓશ્રીના સમકાલીન હતા.

ગ્રંથના સંશોધકો— મૂળ ભાષાન્તરમાં સ્થળે સ્થળે પૂ. વાચકવર શ્રી યશોવિજયજી મહારાજે કરેલાં ઉપયોગી ટીપ્પોણો જે [ ] આવા બ્રેકેટમાં લીધેલાં છે. તે ઉપરથી સમજી

શકાશે કે–આ ગ્રંથમાં તેઓશ્રીનો કેટલો બધો કિંમતી ફાળો છે. ખુદ ગ્રંથકાર મહાત્મા પ્રશસ્તિના ૧૧–૧૨ મા શ્લોકોમાં આ હકીકતની ખૂબ કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેતાં જણાવે છે કે "જેમણે તર્ક, પ્રમાણ અને નયપ્રમુખ ગહન વિચારોનાં પણ સમર્થ વિવેચનો કરીને શ્રી શ્રુતકેવલી આદિ પૂર્વ મુનિમહારાજાઓને યાદ કરાવ્યા છે, તે **વાચકરાજ શ્રી યશોવિજયજી મહારાજે** મ્હારા ઉપર ઉપકાર કરી આ ગ્રંથનુ પરિશોધન આદિ કરેલ છે. (૧૧)" "આ ગ્રંથમાં અતિ દુર્ગમ એવી પણ સાધુ અને શ્રાવક આદિને લગતી વિવિધ પ્રકારની સમાચારીઓનું આલેખન કરવામાં બાળકના જેવી મંદ ગતિવાળો પણ હું જે ગતિમાન–શક્તિમાન થઇ શક્યો છું, તે તેમના હસ્તાવલંબન–ટેકાને જ આભારી છે. (૧૨)" આ ઉપરાંત વાચક **શ્રી લાવણ્યવિજયજી** એ પણ આ ગ્રંથનું સંશોધન કર્યું છે, તેનો ઉલ્લેખ પ્રશસ્તિના ૧૩ મા શ્લોકમાં ગ્રંથકારશ્રીએ કર્યો છે.

ગ્રંથનિર્માણ શાથી થયું ?— આપણે જોયું છે કે–પ્રૌઢ સાહિત્યસ્વામીઓ સાહિત્યના રસથાળ જેમ સ્વયં ફૂરણાથી જનતાના ઉપકાર અર્થે પીરસે છે. તેમ કયારેક સ્વશિષ્યાદિની વિનંતી વિગેરે પ્રેરણાપામીને પણ ગ્રંથનિર્માણ કરે છે. પ્રસ્તુત ગ્રંથનિર્માણમાં પણ ગ્રંથકાર મહર્ષિ જેઓશ્રીની પ્રાર્થનાથી પ્રયત્નશીલ બન્યા; તેઓ અમદાવાદ નગરના હાજા પટેલની પોળમાં રહેતા વીશા શ્રીમાળી જ્ઞાતિના (વર્તમાન) શેઠ હતા, તેમજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ, સુપ્રસિદ્ધ ધર્મનિષ્ઠ શેઠ મયાભાઇ સાંકલચંદના પૂર્વજ શેઠ શ્રી શાન્તિદાસ કે જેઓ મતિઆ શેઠના પુત્ર હતા. આ પિતા–પુત્ર કેવા ધર્મીષ્ઠ–ઉદાર–શાસનસેવી–તત્ત્વવિલાસી મહાનુભાવો હતા, તેની પણ પ્રશસ્તિ ગ્રંથકારશ્રીએ શ્લોક ૧૫–૧૬–૧૭–૧૮ માં બરાબર જ ગાયેલો છે.

પ્રથમાદર્શના લખનાર— જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપને સાધે તે સાધુ. જ્ઞાનાદિક ગુણોની આરાધના માટે જેમ શ્રમણો ગ્રંથરચના વિગેરે કરતા હતા, તેમ રચાયેલા ગ્રંથની પ્રથમ શુદ્ધ નકલ લખવાનું કાર્ય પણ તેઓ કરતા હતા અને તે પણ એક મ્હોટું માનપ્રદ યાદગાર સેવાના કાર્ય તરીકે ગણાતું હતું. તેમનો '**પ્રથમાદર્શ**' ના લેખક તરીકે ઉલ્લેખ કરાતો હતો. મ્હોટે ભાગે આ સુયશના ભાગીદાર ગ્રંથરચયિતાના શિષ્ય અથવા નિકટવર્તી ભક્તજન બનતા હતા. આ મૂળ ગ્રંથના પ્રથમાદર્શના લેખક **મુનિ શ્રી કાન્તિવિજયજી ગણિવર** હતા, જેઓ ગ્રંથકાર મહત્માના શિષ્ય હોવાનો પુરો સંભવ છે. ગ્રંથકારશ્રીએ આ હકીકતની નોંધ પ્રશસ્તિના ૧૯ માં શ્લોકમાં કરી છે.

ગ્રંથમાં કહેવાયેલી વસ્તુ— ગ્રંથકાર મહર્ષિએ વિષયપ્રતિપાદનની સરલતા માટે પ્રસ્તુત ગ્રંથને ચાર વિભાગોમાં વહેંચી નાખેલ છે, પહેલા વિભાગમાં ગૃહસ્થનો સામાન્ય ધર્મ અને બીજા વિભાગમાં ગૃહસ્થનો વિશેષ ધર્મ કહેવામાં આવ્યો છે, ત્રીજા વિભાગમાં

સાપેક્ષ યતિ–સાધુ ધર્મ અને ચોથા વિભાગમાં નિરપેક્ષ યતિધર્મ કહેવામાં આવ્યો. છે. પ્રાણી માત્રમાં સુખની અભિલાષા સ્વાભાવિક રહેલી છે, પણ તેને અનાદિકાલીન જન્મ–મરણાદિક ફલ આપનારા કર્મરોગનો એવો તો પક્ષાઘાત લાગુ પડેલો છે કે–અભિલાષા સુખ મેળવવાની હોવા છતાં મેળવે છે દુઃખ જ. બેભાન, બીમાર અને મદોન્મત્ત આદમીની ચેષ્ટાઓ જગતમાં જેવી જણાય છે, તેવી ચેષ્ટાઓ કર્મરોગથી ઘેરાયેલા સંસારી આત્માઓની હોય છે. રોગને મીટાવવાની એક જે રામબાણ દવા છે તેનું જ નામ ધર્મ છે. અનેક વસ્તુઓના સ્વભાવગત અનેક ધર્મો હોય છે, તેનું પરિશોધન કરીને આપણે તો ચેતન આત્માના સ્વભાવગત ધર્મને જ્યારે આચરતા થઇશું, ત્યારે જ મુકતાત્માઓની નિરોગ હવા ચાખી શકીશું. આ ગ્રંથમાં એવા ધર્મનું શુદ્ધ સ્વરૂપ અને તેને હાંસલ કરવાના ક્રમિક ઉપાયો– આ તમામનું ગ્રંથકારશ્રીએ ખૂબ વિસ્તારથી પ્રતિપાદન કર્યું છે.

સામાન્ય ધર્મ– પહેલા વિભાગમાં ગૃહસ્થે 'ધન ઉપાર્જન ન્યાયથી કરવું' વિગેરે પાંત્રીશ નિયમોનું વર્ણન કરવામાં આવ્યું છે. દાર્શનિક કિંવા આર્ય–અનાર્ય દૃષ્ટિએ પણ આ વાત માનવ માત્રના હિતની છે, એમ સૌ કોઇને કબૂલ કરવું પડે તેમ છે; અને એથી જ એ સૌને માટે આદર કરી શકાય તેવો માનવતાના પાયાનો ધર્મ હોવાથી તેને ગૃહસ્થના સામાન્ય ધર્મ તરીકે ઓળખવામાં આવ્યો છે.

વિશેષ ધર્મ– બીજા વિભાગમાં ગૃહસ્થનો વિશેષ ધર્મ બતાવવામાં આવ્યો છે. એકડીયા અને બાળપોથી ભણતા બાળકે જેમ પહેલા ધોરણ વિગેરેમાં ક્રમે ક્રમે આગળ વધવાનું છે, તેમ સર્વોદયની પરાકાષ્ઠાને સિદ્ધ કરવા માટે ગૃહસ્થે સામાન્ય ધર્મ રૂપી બીજ–સેવનમાંથી વિશેષ ધર્મ રૂપી વિકાસક્રમમાં આગળ વધવું જોઇએ. આથી જ હવે ગૃહસ્થે, પ્રથમ પોતાની શ્રદ્ધાવૃત્તિનો ઝોક જે અસત્ય–અસ્થિરતા–સંદિગ્ધતા–અણસમજ અને કદાગ્રહ આદિ કચરા તરફ વળેલો હતો, તેને સત્ય–સ્થિરતા–નિશ્ચય–સમજ અને સદાગ્રહ આદિ તરફ વાળવો રહ્યો. આ રીતિએ શ્રી વીતરાગદેવ આદિની પ્રતીતિ કરીને, તેઓશ્રીની પૂજા–ભક્તિપૂર્વક 'સ્થૂલથી હિંસાત્યાગ' આદિ વિશેષ વ્રતોનું પરિશીલન પણ કરવું રહ્યું. આનું નામ છે **ગૃહસ્થનો વિશેષ ધર્મ**. આ વિભાગમાં ગ્રંથકાર મહારાજે યોગદૃષ્ટિઓનું, શ્રાવકનાં સમ્યક્ત્વમૂલક બાર વ્રતોનું, તેમાં ન લગાડવા જોઇતા અતિચારોનું, ગૃહસ્થે નિત્ય કરવા લાયક શ્રી જિનપૂજા આદિનું, દેવવંદન–પ્રતિક્રમણાદિ નિત્ય ક્રિયાનાં સૂત્રોનું, તથા તેના અર્થોનું, ભક્ષ્યાભક્ષ્યનું, દેવદ્રવ્યાદિક ધનવ્યવસ્થાનું ગુરુવન્દનનું સાંજ–સવારના પચ્ચક્ખાણોનું, પર્વ, ચાતુર્માસિક, વાર્ષિક તથા જન્માદિ કૃત્યો વિગેરેનું ખૂબ ઝીણવટથી વર્ણન કરેલું છે.

જગત્શાન્તિનો ઉપાય– આજે જગતમાં અશાન્તિનો મ્હોટો હુતાશન સળગી રહ્યો છે, તેનું કારણ મનુષ્યોની અમર્યાદિત ભૌતિક લાલસા અને તદર્થે જીવાતું સ્વૈરજીવન છે. આ ગ્રંથમાં ઉપર્યુક્ત વિશેષ ધર્મનું જે પ્રતિપાદન કરવામાં આવ્યું છે, તે મુજબ જૈન અને

જૈનેતર ગૃહસ્થો સ્વજીવન જીવવાનો જો નિશ્ચય કરે, તો જગતમાં આજે શાન્તિનું સ્વર્ગ ઉતરી શકે તેવું છે, વર્તમાન યુગનો આ જ ખરો નાગરીક ધર્મ બનવો જોઇએ, તે જ્યારે સમજાશે, ત્યારે જ સ્વ અને પરને વિનાશની ગર્તામાં ફેંકી દેનારી હિંસા અને પરિગ્રહવાદ વગેરેની પાછળ આજે જે આંધળી દોટ મૂકાઈ છે, તેનો અંત આવશે.

યતિ-ધર્મ— યતિધર્મ બે પ્રકારનો છે. એક સાપેક્ષ એટલે સ્થવિરકલ્પી, જે ગરછની મર્યાદામાં વર્તનારો હોય. બીજો નિરપેક્ષ એટલે જિનકલ્પી આદિ, જે ગચ્છ આદિ કશાની અપેક્ષા ન રહેવાથી યોગ્યતા પ્રાપ્ત કરીને કેવળ ઉત્સર્ગ માર્ગે વર્તનારો હોય. જીવનપર્યંત સંસારના સર્વ આરંભ, પરિગ્રહ, સ્ત્રીસંગ, વિગેરેનો ત્યાગ કરીને સર્વથી અહિંસા આદિ મહાવ્રતો અંગીકાર કરવાં, તેનું નામ યતિ કિંવા **સાધુધર્મ** છે. જીવનસાધનાનું અહીં પૂર્ણવિરામ આવે છે. એનું બીજું નામ 'સન્યાસ યોગ' પણ છે. એના જેવું ભૂતોપકારક, શાન્ત, દાન્ત અવશ્ય ગ્રાહ્ય બીજું એક પણ ઉત્તમ જીવન નથી. જેઓ આ જીવન સ્વીકારી કર્મ સામે સંગ્રામ માંડે છે અને તેને છેલ્લી લપડાક મારી હત-પ્રહત કરી નાખે છે, તેઓને આ સંસારના જન્મોજન્મના અતિ કટુ પરાભવો ભોગવવા પડતા નથી. મૂલ ગ્રંથના ત્રીજા અને ચોથા વિભાગોમાં ગ્રંથકારશ્રીએ છેવટના સારભૂત સુરાસુરાદિ વંદ્ય એવા આ યતિધર્મનું પ્રાયશ્ચિતાદિ સમગ્ર વિધિ સાથે વર્ણન કરેલું છે.

ગ્રંથનું કલેવર— આ શ્રી ધર્મસંગ્રહ ગ્રંથનો શબ્દદેહ મૂલ અને ટીકા ઉભયાત્મક છે અને તે ઉભયના રચયિતા **ઉપાધ્યાયજી શ્રી માનવિજયજી ગણિવર** પોતે જ છે, તેથી આ ગ્રંથ **સ્વોપજ્ઞવૃત્તિયુત શ્રી ધર્મસંગ્રહના** નામે જે ઓળખાય છે તે યથાર્થ છે. આ ગ્રંથનું મૂલ સંસ્કૃત પદ્યમાં છે અને ટીકા સંસ્કૃત ગદ્યમાં છે. મૂલની એકંદર ગાથાઓ ૧૫૯ છે. જેમાં પહેલા બે વિભાગને આવરી લેતી ગાથાઓ ૭૦ છે. ભાષા સંસ્કૃત છતાં રોચક, સરલ અને પ્રસન્ન છે.

શ્લોક પ્રમાણ— આખા ગ્રંથનું સૂત્ર તેમ જ વૃત્તિસહિત અનુષ્ટુભમાં ગણતું શ્લોકપ્રમાણ ગ્રંથને અંતે ૧૪૬૦૨ આપેલું છે. તેનો પહેલો ભાગ, કે જેમાં ગૃહસ્થના સામાન્ય અને વિશેષ ધર્મસ્વરૂપ બે અવાન્તર વિભાગો છે, તેનું એકંદર શ્લોકપ્રમાણ તે ભાગની વૃત્તિને અંતે ૯૪૨૩નું લખેલું છે. આથી સમજી શકાશે કે ગૃહસ્થધર્મને આશ્રીને ઉત્તર વિભાગ કરતાં મૂળ ગાથાનું પ્રમાણ ઓછું રાખવા છતાં, ટીકા ગ્રંથનું પ્રમાણ ગ્રંથકારશ્રીએ દ્વિગુણથી પણ અધિક એવું ખાસું વિસ્તૃત બનાવેલું છે.

વિષય નિરૂપણ— આ ગ્રંથનું વિષયનિરૂપણ સ્વરૂપોપદર્શક છે. તે પોતાની સાથે વાચકોને ઘણી ઘણી બાબતોની માહિતી અને ઉપદેશ આપતું જાય છે. તે કયાંય પણ અલ્પોક્તિ કે અધિકોક્તિ કરતું નથી. તેનું ધ્યેય આગમ, પંચાંગી અને તદનુસારી પૂર્વાચાર્યોની શાસ્ત્રવાણીથી

સિદ્ધ થતી સુવિશુદ્ધ સામાચારી કિંવા પરંપરા માર્ગનું પ્રતિપાદન કરવાનું છે. કપડું સીવનારા એક કારીગર દરજીને જેમ કપડું કાપ્યા વિના સીવી શકાતું નથી, તેમ ગ્રંથકાર મહારાજા, આ ગ્રંથમાં, કયાંક શંકા–સમાધાન કરતા, તો કયાંક ચર્ચા કરતા, કયાંક સત્યપક્ષનું સ્થાપન કરતા, તો કયાંક પરવાદિઓની અપ્રમાણિક માન્યતાઓનું ખંડન કરતા સારી રીતિએ જોવાય છે. આ પ્રમાણે યાવત્ પરમ આપ્તપુરૂષોની વચનમર્યાદામાં રહેલું તેઓશ્રીનું વિષયનિરૂપણ અસ્ખલિત પ્રવાહસ્વરૂપે વહેતું રહી પોતાના ધ્યેયસાગરમાં વિલીન થઈ જાય છે.

ગ્રંથકારશ્રીનો બોધ– આ ગ્રંથનું અવલોકન કરતાં એ સહજમાં માલુમ પડી જાય છે કે– ગ્રંથકાર મહારાજાનો બોધ ઘણો વિશાળ હતો. વ્યાકરણ, તર્ક, ન્યાય, સાહિત્ય, પ્રકરણ આદિ દરેક વિષયના તલસ્પર્શી બોધ ઉપરાંત તેમના ઊંડા દાર્શનિક જ્ઞાનનો પણ આ ગ્રંથમાં બોધ વહી રહ્યો છે, એમ કહીએ તો તે જરાયે ખોટું નથી. ગ્રંથકાર મહારાજે, એકલે હાથે આ એક જ ગ્રંથમાં શ્રી આચારાંગ આદિ અંગસૂત્રો, ઉવવાઈ–રાયપસેણી આદિ ઉપાંગસૂત્રો, નિશીથ–બૃહત્કલ્પાદિ છેદસૂત્રો, પયન્નાસૂત્રો, આવશ્યકાદિ મૂલસૂત્રો તથા નંદ્યાદિસૂત્રો, ઉપરાન્ત શ્રી ધર્મબિન્દુ, ષોડશક, અષ્ટકજી, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગબિન્દુ, પંચાશકજી, ઉપદેશપદ, લલિતવિસ્તરા, પંચવસ્તુ યોગશાસ્ત્ર, વીતરાગસ્તોત્ર, ધર્મરત્નપ્રકરણ, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય આદિ પૂર્વાચાર્યોના અનેક મનનીય ગ્રંથોનો અને નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા, અવચૂરિ, આદિ મોટા ભાગના શાસ્ત્રસમુદ્રનો નિષ્કર્ષ આપેલો છે.

ગ્રંથશૈલી— પૂ. પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ મહારાજે 'શ્રાવકધર્મવિધિ પ્રકરણ' લખેલું છે, એ સિવાય સાધુધર્મ ઉપરનાં પણ જૂદાં જૂદાં પ્રકરણો લખાયેલાં ઘણાં માલુમ પડે છે. પરંતુ ગૃહસ્થધર્મ અને સાધુધર્મ–ઉભયનું એક કડીબદ્ધ અથથી ઇતિ સુધી નિરૂપણ કરવાની પહેલ, આપણે ભૂલતા ન હોઇએ તો પ્રાચીન યાકીનીમહત્તરાસૂનુ પૂ. આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના 'ધર્મબિન્દુ' (પંચાશક) ગ્રંથમાં દૃષ્ટિગોચર થાય છે. તે પછી શાન્તિસૂરિજી મહારાજનું 'ધર્મરત્નપ્રકરણ' અને પૂ. કાલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રસૂરિજી મહારાજનું 'યોગશાસ્ત્ર' આવે છે. સામાન્યતઃ જોતાં પ્રસ્તુત ગ્રંથકારશ્રીએ આ ગ્રંથમાં એ જ મહાપુરૂષોની શૈલિ અપનાવેલી જણાય છે. તેઓશ્રીનો ભાષા ઉપરનો કાબુ પણ ખરેખર દીલચશ્પ છે.

માર્ગદર્શન— વર્તમાનમાં 'દેવદ્રવ્ય,' 'તિર્થિઆરાધન 'આદિ જે વિવાદાસ્પદ પ્રશ્નોથી શ્રીસંઘનું માનસ ડોલાતું દેખાય છે, તેને સ્થિર અને સ્વચ્છ રાખવા માટેનું સત્તાવાર માર્ગદર્શન આ ગ્રંથમાંથી પણ વાંચકોને નિઃસંદેહ મળી રહે છે.

(૧) આરતી, પૂજા, સુપન અને ઉપધાનની માળ, વિગેરે બોલાઓની ઉપજ દેવદ્રવ્ય છે. બોલનારની ઇચ્છાનુસાર તે ગમે તે ખાતે લઈ જઈ શકાય નહિ, 'દેવદ્રવ્ય' સ્કુલો, કોલેજો

દવાખાનામાં કે મધ્યમ વર્ગને મદદ આપવામાં વાપરી શકાય નહિ, તેને માટે જૂદું સાધારણ ફંડ ઉભું કરી શકાય, પણ તે બહાને દેવદ્રવ્યની સ્થાપિત આવકને ધક્કો પહોંચાડી શકાય નહિ.

(૨) તિથિ આરાધનામાં ઉદયતિથિને ઓળવવી જોઈએ નહિ. આ અને એવા જ બીજા અનેક જીવનોપયોગી ખૂલાસાઓ આપણને આ ગ્રંથમાંથી સચોટ મળી રહે છે. જેવા કે–

(ક) સામાયિકમાં ઇરિયાવહી કરવી જોઇએ;

(ખ) કરેમિભંતે ત્રણ નહિ એક જ ઉચ્ચરવી જોઈએ;

(ગ) પર્વ સિવાય અપર્વે પણ પૌષધ કરવાનો નિષેધ નથી;

(ઘ) પૌષધમાં શ્રાવક પોતાને માટે કરેલા આહારનો પણ ઉપયોગ કરી શકે છે;

(ઙ) સ્ત્રીથી પણ શુદ્ધિપૂર્વક ભગવાનની પૂજા કરી શકાય;

(ચ) સ્ત્રી દીક્ષા પણ લઈ શકે છે અને મોક્ષમાં પણ જઇ શકે છે;

(છ) સ્ત્રીને ઋતુધર્મ આવે છે અને તે તેણીએ પાળવો જોઇએ;

(જ) પ્રતિક્રમણમાં ચોથી સ્તુતિ (દેવ–દેવીની) બોલવી જોઇએ;

(ઝ) પખ્ખી ચૌદશની અને સંવત્સરી ચોથની જ થાય; ઇત્યાદિ.

મૂલ ગ્રંથનું પ્રકાશન— આ મૂલ ગ્રંથનું પ્રકાશન સુરતના **શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ** તરફથી બે વિભાગોમાં કરવામાં આવેલું છે. તેમાંનો પહેલો વિભાગ વિ. સં. ૧૯૭૧માં પ્રસિદ્ધ થયો છે અને બીજો વિભાગ વિ. સં. ૧૯૭૪ માં બહાર પડયો છે. તેનું સંશોધન તે સમયના પૂ. **પંન્યાસ શ્રી આનંદજીસાગરજી મ.** કે જેઓ પછીથી પૂજ્ય આચાર્ય **શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મહારાજ** થયા હતા, તેઓએ કરેલું છે. મજકુર સમ્પાદનમાં તેઓના તરફથી પ્રસ્તાવના તથા વિષયાનુક્રમ વિગેરે પણ આપવામાં આવેલું છે.

ગુર્જર કવિ તરીકે ગ્રંથકારશ્રીની અન્ય કૃતિઓ— અઢારમી શતાબ્દિના ગુર્જર કવિ તરીકેની પ્રસિદ્ધિ પણ આપણા ગ્રંથકાર મહાત્માની ઉચ્ચ કક્ષાની હતી. 'જૈન ગુર્જર કવિઓ – ભા, ૨' માં 'નયવિચાર' એટલે **'સાત નયનો રાસ,'** જેનું ગ્રંથપ્રમાણ ૨૪૦ છે, તે તેમણે વિ. સં. ૧૭૨૮ આસપાસ બનાવ્યાનું લખે છે. **'સુમતિ કુમતિ (જીનપ્રતિમા) સ્તવન,** પણ એજ અરસામાં તેમણે રચેલું છે. તેમની **'ભગવતી રાસ** યાને **સજ્ઝાય સંગ્રહથી'** વિ. સં. ૧૭૪૩માં લખાયેલી છે. તેઓશ્રીની ચોવીસી અને

આઠ મદની સજ્ઝાય વિગેરે કૃતિઓ તો, આજે પણ ગાનાર અને સાંભળનાર સૌનાં દીલ હરી લે તેવી રસિક અને ભક્તિભાવોથી પરિપૂર્ણ છે.

સમાન નામધારી અન્ય કવિઓ– ગ્રંથકારશ્રીના સમકાલે જ બીજા પણ **'માનવિજયજી'** નામના ત્રણ કવિઓ વિદ્યમાન હતા. તેમાંના બે તો તપાગચ્છીય જ હતા અને એક ખરતરગચ્છીય હતા. આ ઉપરાન્ત એક **માનમુનિ** નામના પણ સાધુ હતા (જુઓ– જૈન ગુર્જર કવિઓ–ભા. ૨) તેમણે અનુક્રમે શ્રીપાલરાસ, વિક્રમાદિત્યચરિત્રરાસ, પાંડવ ચરિત્રરાસ, આદિની રચનાઓ કર્યાનું જણાય છે.

ભાષાન્તર યુગ– વર્તમાન યુગ મૌલિક કૃતિઓના ભાષાન્તર યુગ તરીકે વધારેમાં વધારે પ્રસિદ્ધ થયેલો છે. સંસ્કૃત આદિ એક ભાષામાંથી ગુજરાતી આદિ બીજી ભાષામાં ગ્રંથને સાદ્યંત ઉતારવો, તેનું નામ ભાષાન્તર છે. અલબત્ત, આવાં ભાષાન્તર કરવાની શરૂઆત કયારથી થઈ અને પહેલવહેલું કોણે કયા ગ્રંથનું ભાષાન્તર કર્યું તથા કયી કયી ભાષાના ગ્રન્થો કયી કયી ભાષામાં ઉતરાયા, ગુજરાતી અને તેવી જ બીજી પ્રાંતીય ભાષાની કૃતીઓના ભાષાન્તરો સંસ્કૃત વિગેરેમાં થયા છે કે નહિ, આ બધા પ્રશ્નો વિદ્વાનોએ વિચારવાના છે. 'મૂલ ભાષાના અનભ્યાસી મનુષ્યોને, તેમની જ ભાષામાં મૂલ કૃતિમાં સમાયેલો જ્ઞાનનો ખજાનો પ્રકટ કરી આપવો,' એ ભાષાન્તરોની ઉપયોગીતા છે. સાહિત્યક્ષેત્રમાં ભાષાન્તરો પણ મૌલિક કૃતિઓ જેટલાં જ ગણનાપાત્ર છે, એ એક હકીકત છે. બેશક તે મૂલ કૃતિઓની ખૂબીઓ કે ખામીઓ જેમ હોય તેમ તેના જ 'ટોન'–આશય અને 'ટેસ્ટ' અભિરૂચિમાં રજુઆત કરનાર હોવાં જોઈએ. વ્યવહારમાં જેમ એક નકલ કરનારની જોખમદારી રહેલી છે, તે જો ગરબડ કે પ્રમાદ કરે તો 'આગલ ગાડી' ને બદલે 'આગ લગાડી' જેવો અનર્થ પણ મચાવી દે, તેમ ભાષાન્તરકારની જોખમદારી તેનાથી પણ ચઢીઆતી છે. સાચે જ તે ગ્રંથના હાર્દ સુધી પહોંચનાર વિચારશીલ વિદ્વાન હોવો જોઈએ.

ધર્મસંગ્રહનું ભાષાન્તર– વાચકોના કરકમલમાં જે આ ગ્રંથ મૂકાય છે, તે છે ઉપર્યુકત **શ્રી ધર્મસંગ્રહનું ભાષાન્તર.** આ ભાષાન્તરમાં ગૃહસ્થના સામાન્ય–ધર્મ અને વિશેષ ધર્મ રૂપ બે વિભાગોનું જ વિવેચન કરેલું છે અને તે મૂલ ગ્રંથનો જે ટીકાભાગ છે તેનું ભાષાન્તર છે. મૂલ ગાથાઓ તો તેના અસલી સ્વરૂપમાં જ રજુ કરેલી છે.

ભાષાન્તરકાર– મુનિરાજ શ્રી **ભદ્રંકરવિજયજી,** કે જેઓ **આચાર્ય શ્રીમદ્ વિજયમનોહરસૂરિજી** મહારાજના શિષ્ય છે. અને સંઘસ્થવિર, શાન્તમૂર્તિ **આચાર્યદેવ શ્રીમદ્વિજયસિદ્ધિસૂરીશ્વરજી** મહારાજના પ્રપ્રશિષ્ય છે, તથા **સ્વર્ગીય શાન્તમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયમેઘસૂરીશ્વરજી** મહારાજના પ્રશિષ્ય છે, તેમણે આ ભાષાન્તર કરેલું છે. આ ભાષાન્તર પાછળ તેમણે ત્રણ–ચાર વર્ષનો અખંડ શ્રમ સેવેલો છે. ભાષાન્તરકાર

તરીકેની ઉપર આલેખેલી જવાબદારી અદા કરવામાં તેઓ કેટલા સફલ થયા છે, તેનો ન્યાય તો વાચકો કરશે. અત્ર એટલું કહેવું પર્યાપ્ત છે કે– તેમનો આ પરિશ્રમ જરૂરી હતો અને તે સાહિત્યની દુનિયામાં અતિ આવકારદાયક છે. પાઠકોને તે નિઃશંક ઉપકાર કરનારો છે આવો પ્રાણવાન પરિશ્રમ તેઓ બીજા ભાગના ભાષાન્તર માટે પણ કરે, એવું જરૂર ઇચ્છીએ.

સોનું અને સુગંધ– આપણે પૂર્વે જોઈ ગયા કે– આ **શ્રી ધર્મસંગ્રહ સટીકનું** નિર્માણ સુશ્રાવક **શાન્તિદાસની** પ્રેરણાથી ગ્રંથકારશ્રીએ કર્યું હતું. એ જ સુશ્રાવક શાન્તિદાસના વંશજ સ્વર્ગત સુશ્રાવક **મયાભાઇની** પ્રેરણાથી એજ ગ્રંથના આ ભાષાન્તરનું નિર્માણ થયું છે. શ્રદ્ધાળુ, અભ્યાસી, ક્રિયારૂચિ, લબ્ધાર્થ, ગૃહિતાર્થ, શાસનની ધગશવાળા, વિરલ શ્રાવકો પૈકીના તેઓ એક હતા. તેમણે પોતાના જીવતાં આ ભાષાન્તરની **પ્રેસકોપી સંપૂર્ણ જોઈ-વાંચી** લીધી હતી અને પ્રેસમાં ચાલુ કરવાની તૈયારીમાં જ તેઓ વિ. સં. ૨૦૦૬ માં **પરલોકવાસી** થયા. તેમના જ સુપુત્રો સુશ્રાવક **નરોત્તમદાસ** વિગેરે, પોતાના પિતાશ્રીની ઇચ્છાનુસાર પોતાની સંપૂર્ણ આર્થિક સહાયથી પ્રથમાવૃત્તિનું પ્રકાશન કરે છે. સોનામાં સુગંધ મળવા રૂપ આથી વધારે સુંદર યોગ બીજો કયો હોય ? કે જેઓ મૂલ ગ્રંથની રચનામાં પ્રેરણામૂર્તિ હતા, તેમના જ કુલદીપક આ ભાષાન્તરની રચનામાં પ્રેરણામૂર્તિ થયા અને વળી ઉત્તરોત્તર તેમના જ કુલદીપક આ ભાષાન્તરનું મુદ્રણ કરાવી પ્રકાશમાં લાવે છે.

અંતિમોદ્ગાર– આ અમૂલ્ય ગ્રંથનું 'ઉદ્બોધન' લખવાની મારી તૈયારી ન હતી, પરંતુ ભાષાન્તરકાર મુનિશ્રીની સહૃદય વિનંતીને મારાથી નકારી શકાઈ નહિ અને મ્હારે તદ્યોગ્ય તૈયારી કરવી પડી. આ ભાષાન્તર સાથે મ્હારો જે અલ્પ સંબંધ છે, તે અનુભવથી હું કહી શકું છું કે– કોઈ પણ મૂલ કૃતિનું પ્રામાણિક ભાષાન્તર કરવા માટે જેટલી કાળજી રખાવી જોઇએ, તેટલી આમાં ખચિત રાખવામાં આવી છે, તથાપિ છદ્મસ્થતાના યોગે સુલભ ભૂલ થયેલી કયાંય પણ જો દેખાય તો સુજ્ઞ પુરુષો સુધારી લેશે અને પરિશ્રમને પૂરો ન્યાય આપશે, એવી આશા રાખવી અસ્થાને નથી જ. એ ભૂલાવું ન જોઇએ કે– આ ગ્રંથના થોડા ભાગનું ભાષાન્તર વિ. સં. ૧૯૬૧માં **જૈનવિદ્યા પ્રસારક વર્ગ-પાલીતાણા** તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલું છે. જો કે તેનો આમાં કશો ઉપયોગ કરવામાં આવ્યો નથી.

અમારી શુભેચ્છા– ધર્મમાં કે વ્યવહારમાં મનુષ્યો જે અનેક પ્રકારના વિચાર, વચન કે પ્રવૃત્તિદોષો સેવતા માલુમ પડે છે, તે કેવલ તેઓની અજ્ઞાનતા આદિને આભારી છે. તેઓ સહુ સમ્યગ્જ્ઞાન પામે, એ માટે જ મહાપુરૂષો ઉત્તમ પ્રકારનાં સાહિત્યનું સર્જન કરે છે, તે પ્રતિમા જેવા આ ગ્રંથનો વાચકો આદર કરે, આદર કરીને માનવતાના મંદિરમાં અધ્યાત્મભાવનાના દીવા સળગાવે, તેના પ્રકાશમાં પોતાનું જીવન આદર્શ જૈનપણાના રંગથી રંગીને સ્વ-પરના અભ્યુદય તેમ જ નિઃશ્રેયસની સાધનામાં કદમ કદમ આગલ ઘપે અને આગે

બઢતા તેઓ મૈત્ર્યાદિ ભાવયુક્ત વિશ્વશાન્તિકર શ્રી સર્વજ્ઞધર્મમાં નિર્દોષ અનુષ્ઠાનોનો જગતમાં જયજયકાર બોલાવે, એજ શુભેચ્છા.

વિ. સં. ૨૦૦૯, જેઠ વદ ૧૦, સોમવાર
સગરામપરા – જૈન ઉપાશ્રય,
સુરત.

લિ. પૂજ્યપાદ પરમગુરૂ
આચાર્ય દેવેશ શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજના ચરણ-ચંચરિક **આચાર્ય વિજયજંબૂસૂરિજી**



ॐ अर्हं नमः

સંપાદકીય કિંચિત્

શ્રી ધર્મસંગ્રહ નામના આ ગ્રન્થના મૂળ વિસ્તૃત ભાષાન્તરની ત્રણ આવૃત્તિઓ છપાવા છતાં આજે પણ તેની માંગ સતત ચાલુ છે, તે જોતાં આ ગ્રન્થ સંઘમાં કેટલો ઉપયોગી અને આદરપાત્ર બન્યો છે, તે કહેવાની જરૂર ન ગણાય. છતાં આ ગ્રન્થમાં છપેલું સ્વ. પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજય જમ્બૂસૂરીશ્વરજીએ પૂર્વના ભાષાન્તરમાં છાપવા લખી આપેલું **'ઉદ્બોધન'** વાંચવાથી ગ્રન્થનો ઇતિહાસ મહત્ત્વ વગેરે જાણી શકાશે.

ઉપરાંત **શમમૂર્તિ પરમોપકારી મૈત્र्यादिभावभावित નમસ્કાર-મહામંત્રના અખંડ આરાધક પૂજ્યપાદ સ્વ૦ પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરે** આ ગ્રન્થ અંગે બીજા ભાગના ભાષાન્તરમાં **ભૂમિકા** લેખમાં લખ્યું છે કે–

પરમોપકારી વિશ્વોપકારક ત્રિકાલાબાધિત શ્રી જૈન શાસનમાં જ્ઞેય તરીકે અનંતવિશ્વ, તેમાં રહેલા સચેતન અનંતા જીવો, તથા અચેતન પુદ્ગલો, ખંધો–પ્રદેશો–પરમાણુઓ, તે બન્નેની ગતિ-સ્થિતિમાં સહાયક ધર્માસ્તિકાય–અધર્માસ્તિકાય દ્રવ્યો અને એ સર્વને અવકાશ આપનાર આકાશ તથા તેમાં પરિવર્તન કરનાર કાળ વગેરે છએ દ્રવ્યો (પદાર્થો) તેના યથાર્થ સ્વરૂપમાં જણાવ્યા છે.

તેનું જ્ઞાન કરનાર જ્ઞાતા (આત્મા) ને પણ કથંચિત્ નિત્યાનિત્ય, શુદ્ધાશુદ્ધ, શરીરાદિથી ભિન્નાભિન્ન વગેરે વિવિધ ધર્માત્મક જણાવ્યો છે તથા જ્ઞાનનાં બહિરંગ સાધનો ઉપદેશાદિ અને અંતરંગ સાધનો ક્ષયોપશમાદિ પણ યથાસ્વરૂપ જણાવ્યાં છે. જ્ઞાનના પણ મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ મૂળ ભેદો, એકાવન પેટાભેદો તથા સૂક્ષ્મ અવાન્તર અસંખ્ય ભેદોનું સુસંગત નિરૂપણ કર્યું છે.

ક્રિયાની શુદ્ધિ માટે સંયમના સત્તર અને ક્રિયાના સિત્તેર વગેરે ભેદો–પ્રભેદો અને તેના પરિણામે પ્રાપ્ત થતાં અસંખ્ય સંયમસ્થાનો વર્ણવ્યાં છે, ક્રિયાવાન્ આત્માની લેશ્યાઓ, તેની શુદ્ધિ–અશુદ્ધિરૂપ પ્રકર્ષ–અપકર્ષથી આત્મામાં પ્રગટતાં ગુણસ્થાનકો અને તેના અવાન્તર સંખ્ય–અસંખ્ય ભેદો–પ્રભેદો પણ જણાવ્યા છે.

ધ્યાનશુદ્ધિ માટે ધ્યેય તરીકે મુક્તિ, મુક્તજીવોનું સ્થાન, અને તેમનું અનંત સુખ, ધ્યાતા તરીકે કથંચિત્ નિત્યાનિત્યાદિ સ્વરૂપવાળો આત્મા અને ધ્યાનનાં સાધનો તરીકે બાહ્ય-અભ્યંતરાદિ તપના વિવિધ પ્રકારોનું સુવિસ્તૃત–સુસંગત અને સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરૂપણ કર્યું છે.

જે અહિંસાના શ્રેષ્ઠ–સંપૂર્ણ પાલન વિના મોક્ષ પ્રાપ્તિ શક્ય જ નથી, તે અહિંસા કેવળ શરીરથી જ નહિ, વચનથી અને મનથી પણ તેનું પૂર્ણ પાલન થવું જોઇએ. જૈન શાસનમાં અહિંસાના કાયિક પાલન માટે વિવિધ ઉત્તમ આચારો જણાવ્યા છે, તેમ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદ સિદ્ધાન્તનું નિરૂપણ છે. સ્યાદ્વાદ એક એવી ન્યાય બુદ્ધિ છે કે તેમાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર કે અસત્યના કોઈ પણ અંશનો સ્વીકાર સંભવિત નથી.

આ ગ્રન્થનાં પ્રથમ વિભાગના પ્રારંભમાં જ આપેલા માર્ગાનુસારિતાના 'ન્યાય સંપન્ન વિભવથી માંડીને પ્રકૃતિસૌમ્યતા' સુધીના પ્રત્યેક નિયમનું પાલન એ સ્યાદ્વાદ સિદ્ધાન્તને પામવાની અને પચાવવાની પૂર્વ ભૂમિકા છે. આ માર્ગાનુસારિતાથી માંડીને છેલ્લે નિરપેક્ષ યતિધર્મની ટોચ સુધીના સર્વઆચારો સંબંધી સર્વશ્રેષ્ઠ નિયમોને આ ગ્રન્થમાં એવી રીતે વર્ણવ્યા છે કે તેને વાચનાર–ભણનાર કેવળ ધર્મશાસ્ત્રમાં જ નહિ, પણ સ્યાદ્વાદરૂપી ન્યાય અને તેના આચરણમાં પણ નિપુણ બને.

પ્રત્યેક વિચાર કે ઉચ્ચાર કોઇને કોઈ એક અપેક્ષાને આશ્રીને જ થાય છે, તે પૂર્ણ સત્ય ત્યારે બને છે કે જ્યારે અન્ય સર્વ અપેક્ષાઓ તેમાં ભળે, અને તે વસ્તુ કે વિષયના સમગ્ર સ્વરૂપને સ્વીકારે. એ રીતે પ્રત્યેક પ્રવૃત્તિ મોક્ષગામી ત્યારે બને કે તેની પાછળ પૂર્ણતા પ્રાપ્તિનો ઉદ્દેશ હોય, અર્થાત્ પૂર્ણતાના સાધનરૂપે તેને સ્વીકારાય. પ્રવૃતિ પોતે કદી પૂર્ણ બનતી નથી, પણ પૂર્ણતામાં હેતુ હોવાથી અપૂર્ણને પણ પૂર્ણ મનાય છે, એમ સ્યાદ્વાદી અંતરથી સદા માનતો હોય છે.

વૃત્તિ અને પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરાવનાર એકનું એક સાધન જીવનમાં સ્યાદ્વાદને પરિણમાવવો તે છે. કોઈ કહે જીવ અનાદિથી જ્ઞાનના અભાવે સંસારમાં રખડે છે, કોઈ કહે ક્રિયાના અભાવે ભટકે છે, ત્યારે સ્યાદ્વાદી કહે છે કે સ્યાદ્વાદ પરિણતિના અભાવે રખડે છે. "મુક્તિમાર્ગમાં આગળ વધવા સૌથી અધિક જરૂરી સત્યનું મમત્વ અને અસત્યપ્રત્યે અમમત્વ છે," એવી સમજણ જ્યારે પ્રગટે છે ત્યારે જીવમાં સ્યાદ્વાદની રૂચિ પ્રગટે છે અને સ્યાદ્વાદીઓનાં વચનો અને નિરૂપણો તેને અમૃતતુલ્ય મીઠાં લાગે છે.

ધર્મસંગ્રહ નામનો આ ગ્રન્થ સ્યાદ્વાદનો દરિઓ છે, સ્યાદ્વાદી એવા મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણી એના કર્તા છે અને મહાસ્યાદ્વાદી! મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર એના સંશોધક તથા ટિપ્પણકાર છે. એ કારણે એમાં ધર્મનાં પ્રત્યેક અંગોના સંગ્રહ ઉપરાન્ત પ્રત્યેક વિષયમાં ઔચિત્ય અનૌચિત્યનો પૂર્ણતયા વિવેક કરવામાં આવ્યો છે. કઈ ભૂમિકાવાળા જીવને કયો ધર્મ કેટલો કેવી રીતે

કરવાથી મોક્ષનો હેતુ બને, તથા પ્રત્યેક ધર્મનાં અંગો પોત પોતાના સ્થાને કેટલાં મહત્ત્વવાળાં છે, વગેરે સઘળું સુસ્પષ્ટ વિવેચન આ ગ્રન્થમાં મળે છે.

એકાન્તરુચિ જીવને આમાં વર્ણવેલી વિસ્તૃત વિગતો કદાચ રૂચિકર ન બને, તે બનવા જોગ છે, છતાં અનેકાન્તરુચિ જીવોને તો અહીં કહેલો એક એક વિષય અત્યંત ઉપયોગી, પુનઃ પુનઃ વાંચવા યોગ્ય, વિચારવા યોગ્ય અને જીવનમાં આચરવા યોગ્ય છે, એવી ખાત્રી થાય છે.

ગ્રન્થકારે ગ્રન્થમાં નવું કાંઈ જ કહ્યું નથી, પૂર્વ મહર્ષિઓની વાતો વિવિધ ગ્રન્થોમાંથી લઈને તેની સંકલના એવી સુંદર કરી છે કે આ એક જ ગ્રન્થને વાંચવા ભણવાથી ચારે અનુયોગોનો સાર સમજાઈ જાય. ધર્મનાં ચારે અંગો દાન-શીલ-તપ અને ભાવ, અથવા દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ સંબંધી આવશ્યક સઘળી માહિતિ મળી રહે છે. વધારે મહત્ત્વ તો એ છે કે આગમશૈલી અને યોગશૈલીનું મીલાન કેવી રીતે થાય છે ? તેને સમજવા આ ગ્રન્થ એક ભોમિયાની ગરજ સારે છે. યોગસંબંધી પૂજ્યપાદ સુવિહિત શિરોમણી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી આદિના ગ્રન્થો અને આગમ સંબંધી પૂર્વાચાર્યાદિ મહર્ષિઓના ગ્રન્થોનું દોહન કરીને ગ્રન્થકાર મહર્ષિએ આપણને ઊભયની ઉપયોગિતા અને એકતાનું સચોટ જ્ઞાન કરાવ્યું છે.

એમ આ ગ્રન્થ અતિ ઉપયોગી અનેક શાસ્ત્રોના દોહનરૂપ અને પૂર્ણ પ્રમાણિક તરીકે સંઘમાન્ય હોવાથી તેના ભાષાન્તરની પણ માગણી ચાલુ જ રહી છે, એ કારણે તથા ગ્રન્થને સંક્ષેપમાં છપાવવાથી 'સૌ કોઈ સરળતાથી અધ્યયન કરી શકે' તે હેતુથી આ આવૃત્તિમાં ગ્રન્થના એક પણ વિષયને છોડ્યા વિના લખાણમાં સંક્ષેપ કર્યો છે. સાક્ષીપાઠોના ગ્રન્થનું નામ અને ગાથાનો નંબર આપી અતિદેશ કર્યો છે. ભાંગાઓનાં કોષ્ટકો ન આપતાં શ્રાવક વ્રતના ભાંગાના ગણિતની સમજ આપી છે અને ટીપ્પણીઓનો ઘટાડો કર્યો છે. એ રીતે મૂળમોટા ભાષાન્તરના સારભૂત સર્વ વિષયો આમાં લીધા છે તેથી તેનું નામ '**ધર્મસંગ્રહ ભાષાન્તર સારોદ્ધાર ભા. ૧ લો**' રાખ્યું છે આશા છે કે પૂર્વઆવૃત્તિઓની જેમ આ આવૃત્તિ પણ એટલી જ ઉપયોગી બનશે.

સમગ્ર ગ્રન્થનાં પ્રૂફો શોધવા વગેરેમાં **મુનિરાજ શ્રી વજ્રસેનવિજયજીએ** પૂર્ણ ઉત્સાહથી સહકાર આપ્યો છે તે અનુમોદનીય છે.


ગ્રન્થમાં આપેલા **શુદ્ધિ પત્રકનો પ્રથમ ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.** જો કે ગ્રંથ છપાવવામાં પ્રેસની મુશ્કેલીઓ રહે જ છે, તે પ્રમાણે છપવાનું કામ પ્રાપ્ત **શ્રી સત્યસાઈ પ્રિન્ટરી,** ખામચાવાડ-ભદ્રમાં સોંપ્યું. તેના માલિક સજ્જન છે તેમની પૂર્ણ કાળજી છતાં પ્રેસ અંગેની કેટલીક ત્રૂટિઓ રહી ગઈ છે, શાહી પણ કેટલાક ફોર્મમાં ખૂબ ઝાંખી ઉઠી છે તેનું તેમને પણ દુઃખ થયું છે. તેમના સૌજન્યથી તે બધું અમે પણ ચલાવી લીધું છે. પ્રિન્ટિંગ, કાગળો, વગેરેની મોંઘવારીનો અનુભવ તો સૌ કોઇને છે જ એટલે એ

અંગે કંઇ કહેવા યોગ્ય નથી ગ્રન્થ છપાવવાનો સંપૂર્ણ ખર્ચ **અમદાવાદ-દોશીવાડાની પોળની શ્રી જૈન વિદ્યાશાળાની સુખાજી રવચંદ જેચંદની પેઢી**ના જ્ઞાન દ્રવ્યમાંથી કઢી આ ગ્રન્થ તેમણે જ છપાવ્યો છે. તેનું મૂલ્ય લગભગ પડતર કિંમત રાખ્યું છે.

પ્રાન્તે આ ગ્રન્થના લખાણમાં મતિમંદતા, અબોધ, અનુપયોગ તથા પ્રેસદોષ વગેરે કારણે જે કોઈ ક્ષતિ થઈ હોય તે સર્વ અંગે મિચ્છામિ દુક્કડં દઈ વાચકોને તે સુધારી લેવા વિનંતી કરું છું.

વિ. સં. ૨૦૩૬ આસો સુદ ૬
મુ. સાંણંદ. જી. અમદાવાદ

પુજ્યપાદ પરમકૃપાળુ સ્વ૦ ગુરૂદેવ **શ્રી વિજયમનોહરસૂરિ**
શિષ્યાણુ **ભદ્રંકરસૂરિ**



વિષયાનુક્રમ

વિષય	પૃષ્ઠાંક
ઉદ્બોધન	3
સંપાદકીય કિંચિત્	12
વિષયાનુક્રમ	16
ગુરુગુણસ્તવનમાલા	21
ગ્રન્થપ્રારંભ	
મિથ્યાત્વગુણસ્થાનમ્ પ્રકરણ ૧ લું.	૧
પ્રારંભિક મંગળ વગેરે	૨
ધર્મનું લક્ષણ–સ્વરૂપ	૩
મૈત્રી આદિ ભાવો તથા પ્રીતિ–ભક્તિ વગેરે અનુષ્ઠાનોમાં ધર્મસિદ્ધિ	૪
ધર્મના ભેદો પ્રભેદો	૫
ગૃહસ્થનો સામાન્ય ધર્મ	
માર્ગાનુસારિતાના ૩૫ પ્રકારો–સ્વરૂપ	૬
માર્ગાનુસારિતામાં ધર્મની ઘટના	૨૦
સતતાભ્યાસ વગેરે ધર્મના ભેદોની ભિન્ન ભિન્ન નયથી સમાલોચના	૨૦
જૈન દૃષ્ટિએ આદિ ધાર્મિક અને તેની અપુનર્બંધકાદિ અવસ્થાઓનું સ્વરૂપ	૨૧
નય સાપેક્ષ તે તે ગુણસ્થાનકોમાં ધર્મ	૨૧
ગૃહસ્થના સામાન્ય ધર્મનું ફળ	૨૨
ધર્મનાં બીજો, અંકુર–કંદ–નાળ પુષ્પો અને ફળનું સ્વરૂપ	૨૪
વ્યવહારનયથી આદિધાર્મિક અને નિશ્ચયનયથી સમકિતી ધર્મશ્રવણ માટે યોગ્ય	૨૫
ધર્મ માટે બાળ–યૌવન અવસ્થા	૨૫
મિથ્યાત્વી છતાં આદિધાર્મિક ધર્મ માટે યોગ્ય કેમ ?	૨૬
મિત્રાદિ ચાર યોગ દૃષ્ટિઓનું સ્વરૂપ	૨૭
ધર્મદેશનાનો વિધિ	
ઉપદેશકે દેશના કેવી આપવી ?	૨૯
બાળ મધ્યમ અને પંડિત બુદ્ધિ શ્રોતાનું સ્વરૂપ	૩૦
શ્રોતાનાં લક્ષણો જાણીને દેશના આપવી	૩૦
અજ્ઞાતતત્ત્વનો ઉપદેશ ઉત્સૂત્રપ્રરૂપણા	૩૧
પંચાચારનું સ્વરૂપ અને ભેદો વગેરે	૩૨
પંચાચારના ઘાતક દશ અસદાચારો	૩૩
ઉપદેશકે પોતાનું વર્તન નિર્દોષ રાખવું	૩૩
શાસ્ત્રોની કષ, છેદ–તાપથી પરીક્ષા	૩૪
શુદ્ધ શાસ્ત્રોના પ્રરૂપક કોણ હોય ?	૩૫
કર્મબંધ, તેના હેતુઓ, બધ્યમાનનું સ્વરૂપ અને મોક્ષ વગેરે સમજાવવું	૩૬
કર્મબંધ અને મુક્તિનાં દશદશ હેતુઓ	૩૬
આત્માદિ પદાર્થોનું પરિણામી સ્વરૂપ	૩૬
એકાન્ત–અનેકાન્તવાદનું સ્વરૂપ	૩૭
વરબોધિનાં તથાભવ્યત્વાદિ પાંચ કારણો.	૩૮
વરબોધિનીપ્રાપ્તિ, આત્માનો ક્રમિક વિકાસ અને મોક્ષ કેવી રીતે ?	૩૯
વિશેષ ધર્મની પ્રાપ્તિના મૂળભૂત શ્રાવકના એકવીશ વિગેરે ગુણો	૪૧
સાધુધર્મની યોગ્યતાનું ટુંકું સ્વરૂપ	૪૨
ગૃહસ્થનો વિશેષ ધર્મ પ્રકરણ બીજું	
સમ્યક્ત્વનું સ્વરૂપ અને તેની મુખ્યતા	૪૪
સમકિતનાં વિવિધ લક્ષણોનો સમન્વય	૪૫
સમ્યક્ત્વની પ્રાપ્તિનો ક્રમ અને ભેદો	૪૫
યથાપ્રવૃત્તિ આદિ ચાર કરણોનું સ્વરૂપ	૪૬
ઔપશમિક આદિ પંચવિધ સમ્યક્ત્વ	૪૭
સમ્યક્ત્વની પ્રાપ્તિમાં કાર્મગ્રંથિક અને સૈદ્ધાન્તિક મતભેદો અને સમન્વય	૪૮
ત્રણપુંજ આદિ કેટલિક વિશેષ સમજણ	૪૯
પાંચે પ્રકારના સમકિતનો જઘન્યાદિ કાળ, તેના આકરો અને ગુણાસ્થાનકો	૫૧
સમકિત પછી દેશવિરતિ આદિ ક્યારે પ્રગટે ?	૫૨
ક્ષાયિક સમકિતીના પાંચ ભવો કેવી રીતે ?	૫૨

વિષય	પૃષ્ઠાંક
સમકિતના એક વિધાદિ દશ પ્રકારો	૫૩
કેવલજ્ઞાનીનું વચન જ સમ્યક્ કેમ ?	૫૬
સ્વચ્છંદમતિથી ઉપદેશ અહિત કર	૫૬
મિથ્યાત્વના ચાર-પાંચ ભેદોનું સ્વરૂપ	૫૭
સમકિત કે વ્રતાદિને ગ્રહણ કરવાનો પાળવાનો વિધિ	૬૦
સમકિતનાં ઉપશમાદિ પાંચ લક્ષણો	૬૧
સમકિતના સડસઠ ભેદો	૬૨
આત્માનું અસ્તિત્વ વગેરે છ ઠાણો.	૬૬
શ્રાવક શબ્દની વ્યાખ્યા અને તેના ત્રણ ચાર વગેરે વિવિધ ભેદો	૬૮
ભાવ શ્રાવકનાં ક્રિયાગત છ લક્ષણો	૬૯
ભાવ શ્રાવકનાં પરિણામગત ૧૭ લક્ષણો	૭૧
સમકિતની રક્ષા તથા વિશેષ ગુણોની પ્રાપ્તિના ઉપાયો-નિયમો	૭૨
નીચેના ગુણસ્થાનકે પણ ઉપરના ગુણસ્થાકનો અભ્યાસ ક્રિયા કરી શકાય	૭૪
ભાવવિનાની પણ ક્રિયાથી લાભ થાય.	૭૪
ગુરુમુખે વ્રતાદિ ઉચ્ચરવાનો વિધિ અને તેમાં યોગશુદ્ધિ વગેરેનું સ્વરૂપ	૭૪
ગૃહસ્થનાં બારવ્રતો-પ્રકરણ ત્રીજું	
બાર વ્રતોના વિવિધ સંયોગી ૧૩૮૪૧૨૮૭૨૦૨ ભાંગા અને તેનું ગણિત	૭૬
પહેલા વ્રતનું સ્વરૂપ, હિંસાના ૨૪૩ પ્રકારો, સવાવસોદયા તથા તેનું ફળ	૭૮
બીજું વ્રત-અસત્યના પાંચ-ચાર પ્રકારો અને સત્યવ્રતનું ફળ	૭૯
ત્રીજું વ્રત તેના પ્રકારો અને ફળ	૮૧
ચોથું વ્રત-પ્રકારો અને ફળ	૮૨
સ્ત્રીપુરુષની લગ્ન મર્યાદાનું મહત્ત્વ	૮૩
પાંચમું વ્રત, નવવિધ પરિગ્રહ અને ફળ	૮૫
છઠ્ઠા વ્રતનું સ્વરૂપ	૮૭
સાતમું વ્રત, ભોગ-ઉપભોગની વ્યાખ્યા તથા ભોજન અને ક્રિયારૂપ બે ભેદો	૮૮
બાવીશ પ્રકારના અભક્ષ્યોનું સ્વરૂપ	૮૯
રાત્રિભોજનની શાસ્ત્રોક્ત દુષ્ટતા	૯૩

વિષય	પૃષ્ઠાંક
બત્રીસ અનંતકાયિક અને તેનાં લક્ષણો	૯૬
મૂળા, ચલિતરસ, વિદળ, અભક્ષ્ય કેમ ?	૯૭
કયા પદાર્થો [illegible]	૯૯
લોટનો, પાણીનો કાળ, કયું સચિત્ત ?	૧૦૦
ચૌદ નિયમોનું ટુંકું સ્વરૂપ	૧૦૧
આઠમું વ્રત તેના પ્રકારો અને ફળ	૧૦૫
સામાયિકવ્રત અને કરેમિ ભંતેનો અર્થ	૧૦૭
દેશાવગાશિક અને પૌષધોપવાસવ્રત	૧૦૮
પૌષધના ભાંગા, પ્રાચીન વિધિ તથા ફળ	૧૦૯
અતિથિસંવિભાગવ્રત, તેનો વિધિ મહત્ત્વ અને ફળ વિગેરે	૧૧૧
વ્રતોના અતિચારો	
સમકિતના પાંચ અતિચારો અને ૩૬૩ પાખંડીઓનું સ્વરૂપ	૧૧૪
પાંચ અણુવ્રતોના અતિચારોનું વર્ણન	૧૧૬
ત્રણ ગુણવ્રતોના અતિચારો	૧૨૩
પંદર કર્માદાનોનું સ્વરૂપ અને દુષ્ટતા	૧૨૫
ચાર શિક્ષાવ્રતોના અતિચારો	૧૩૦
વ્રતાદિ ગુણોની પ્રાપ્તિ અને રક્ષણના ઉપાયો	૧૩૩
સાત ક્ષેત્રોનું વર્ણન	
ત્રણ પ્રકારનાં જિન ચૈત્યો	૧૩૪
જિનમંદિર બાંધવાનો વિધિ યોગ્યતા તથા તેમાં હિંસા કેમ નહિ ?	૧૩૫
જડમૂર્તિની પૂજાથી ફળ કેમ મળે ?	૧૩૫
જિનાગમનો મહિમા અને ઉપકાર	૧૩૬
સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા ક્ષેત્રોની ભક્તિ અને વિધિ	૧૩૭
દિગમ્બર શાસ્ત્રમાં સ્ત્રી મુક્તિનું વિધાન	૧૩૮
મહાશ્રાવકની દિનચર્યા પ્રકરણ ૪થું	
પ્રાતઃ જાગવાનો, નમસ્કાર ગણવાનો વગેરે વિધિ, ફળ, તથા દ્રવ્યાદિના ઉપયોગરૂપ ધર્મજાગરિકાદિ કર્તવ્યો	૧૪૦
નમુક્કારસહિ વગેરે પ્રાતઃ પચ્ચક્ખાણો ક્યારે કરવાં ?	૧૪૧

વિષય	પૃષ્ઠાંક
બીજી રીતે ચૈત્યના પાંચ પ્રકારો	૧૪૪
ઘર મંદિરમાં શ્રાવકે જિનપુજાનો વિધિ	
જિનપુજાના પ્રકારો અને વિધિ	૧૪૪
દ્રવ્ય–ભાવસ્નાન અને જયણા	૧૪૫
અંગપુજા – પ્રક્ષાલાદિનો વિધિ	૧૪૭
વ્યક્તિ, ક્ષેત્ર અને મહાપ્રતિષ્ઠાનું સ્વરૂપ	૧૪૮
સિદ્ધચક્રના પટો અને પરિકરનાં દેવ–દેવીઓ વગેરે અરિહંત તુલ્ય છે.	૧૪૯
અગ્રપુજા–ભાવપુજાનું સ્વરૂપ	૧૫૦
પંચાંગાદિ પાંચ પ્રણામો તથા ચૈત્યવંદનાના જઘન્યાદિ પ્રકારો	૧૫૦
સાધુ–શ્રાવકને નિત્ય સાત ચૈત્યવંદનો	૧૫૨
પુજાના વિવિધ પ્રકારો અને સ્વરૂપ	૧૫૨
ઘરમંદિર અંગે કેટલિક સમજણ.	૧૫૩
નિર્માલ્ય નૈવેદ્યાદિ નોકરોને આપવામાં વિકલ્પ	૧૫૩
સંઘના મંદિરની પુજાનો વિધિ	
વિનયરૂપ પાંચ અભિગમો	૧૫૪
પ્રક્ષાલ, વિલેપન, અંગરચનાદિનો વિધિ	૧૫૫
મૂળનાયકની વિશિષ્ટ પુજા શા માટે ?	૧૫૬
પ્રક્ષાલનું જળ શરીરે લગાડી શકાય	૧૫૬
સ્નાત્ર પુજાનો વિધિ અને મહિમા	૧૫૬
આરતિ મંગળદીવો ઉતાર્યા પછી કયાં કેવી રીતે મૂકવા ?	૧૫૭
સાધ્ય એક હોય તે સામાચારી ભેદોનું ખંડન કરાય નહિ.	૧૫૮
અન્ય ગચ્છીય પ્રતિષ્ઠિત પ્રતિમા પણ પુજાય	૧૫૮
અલ્પઋદ્ધિવાળા શ્રાવકને પુજાનો વિધિ	૧૫૮
દ્રવ્યસ્તવનું પણ ક્રમિક શ્રેષ્ઠ ફળ	૧૫૯
ભાવપુજા–ચૈત્યવંદન અધિકાર	
ત્રણ નિસીહિ આદિ દશત્રિકનું સ્વરૂપ	૧૫૯
દરેક ક્રિયા વિધિપાલનથીજ સફળ માટે અંતે અવિધિનો મિ૰ દુકકડં દેવો.	૧૬૦
ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં ૪૨૦ પ્રતિ૰ કરવુ૰ જોઈએ તેનો વિધિ અર્થ હેતુ વગેરે.	૧૬૦
મિચ્છામિ દુકકડં ના ૧૮૨૪૧૨૦ ભાંગા	૧૬૦
કાઉસ્સગ્ગનો વિધિ પ્રમાણ અને ૧૯ દોષો	૧૬૧
ગુરુ વિરહમાં સ્થાપનાચાર્યનું વિધાન.	૧૬૩
નમોત્થુણં સૂત્રના અર્થ ભાવાર્થ અને તેનાં પ્રત્યેક પદોમાં નમસ્કાર	૧૬૪
અરિહંતચેઇયાણં નાં અર્થ, નિમિત્તો હેતુઓ અને ભાવાર્થ	૧૭૦
લોગસ્સ૰ નો અર્થ–ભાવાર્થ	૧૭૧
પુક્ખવરદી૰ નો અર્થ–ભાવાર્થ	૧૭૪
સિદ્ધાણં બુદ્ધાણં૰ નો અર્થ–ભાવાર્થ	૧૭૫
વેયાવચ્ચગરાણં૰ નો અર્થ–ભાવાર્થ	૧૭૭
ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં બાર અધિકારોનો વિભાગ ૧૬૪ થી	૧૭૭
જયવીયરાય૰ નો અર્થ ભાવાર્થ	૧૭૭
શ્રાવકનું જિનમંદિર અંગે કર્તવ્ય	
દેવ, ગુરુ, જ્ઞાન અને સ્થાપનાચાર્યની જઘન્યાદિ વિવિધ આશાતનાઓ	૧૭૯
દર્શનનાં–ચારિત્રનાં ઉપકરણો બીજા કામમાં વાપરવાથી આશાતના	૧૮૩
અનંતસંસારનું કારણ મોટી આશાતનાઓ	૧૮૩
ધાર્મિક દ્રવ્યની રક્ષા અને ઉપયોગ કયાં ?	૧૮૩
ધાર્મિક દ્રવ્યની રક્ષામાં સાધુનો અધિકાર	૧૮૪
મંદિરાદિનાં ઉપકરણો પોતાના નામે નકરાથીજ વપરાય	૧૮૪
અવિધિથી દેવદ્રવ્યનીવૃદ્ધિ કરનાર પણ સંસારમાં ડૂબે	૧૮૪
ધાર્મિક દ્રવ્ય માટે શાસ્ત્રીય મર્યાદા.	૧૮૪
અમારી (જીવદયા)નું દ્રવ્ય દેવાદિના કામમાં પણ ન વપરાય.	૧૮૫
જિનમંદિર અંગે ઔચિત્ય ધર્મ	૧૮૭
જીર્ણોદ્ધારનું વિશિષ્ટ ફળ વગેરે	૧૮૭
પૂજા પછી દેવ–ગુરુસાક્ષીએ પચ્ચ૰ કરવું.	૧૮૮

વિષય	પૃષ્ઠાંક
ગુરુવંદન અધિકાર	
ગુરુવંદનના પ્રકારો અને સ્વરૂપ	૧૮૯
દ્વાદશાવર્તમાં ૧૯૮ સ્થાનો	૧૯૦
મુહપત્તિ–શરીરનાં ૫૦ સ્થાન અને બોલ	૧૯૦
ગુરુવંદનમાં પચીસ આવશ્યકો	૧૯૨
પાંચ અવંદનીય સાધુનું સ્વરૂપ અને ભેદો	૧૯૪
કારણે અવંદનીયને પણ દ્રવ્યવંદનનું વિધાન	૧૯૬
ગુરુવંદનના બત્રીસ દોષો.	૧૯૭
ગુરુવંદનનાં આઠ કારણો.	૧૯૯
ગુરુવંદન નહિ કરવાથી મોટા છ દોષો	૨૦૦
ગુરુવંદન સૂત્રનો અર્થ – ભાવાર્થ અને તેત્રીસ આશાતનાઓ.	૨૦૦
દેવસિયં આલોउं ? સૂત્રનો અર્થ – ભાવાર્થ	૨૦૪
અબ્ભુટ્ઠિઓ નો અર્થ	૨૦૫
પચ્ચક્ખાણ અધિકાર	
પચ્ચક્ખાણના દશ ભેદો અને સ્વરૂપ	૨૦૬
પચ્ચક્ખાણના ૧૪૯ ભાંગાનું સ્વરૂપ	૨૦૮
પાંચ ઉચ્ચાર સ્થાનો	૨૦૯
પચ્ચ૦માં તિવિહાર–ચોવિહારનો વિભાગ	૨૦૯
પચ્ચક્ખાણમાં આગારો.	૨૦૯
પચ્ચક્ખાણ સૂત્રો અર્થ – ભાવાર્થ	૨૧૦
વિગઈઓના પ્રકારો અને નિવિઆતાં.	૨૧૮
ગંઠિસહિત વગેરે સંકેત પચ્ચ૦નું ફળ	૨૨૦
પચ્ચ૦ની છ શુદ્ધિઓ બે પ્રકારે	૨૨૧
પચ્ચક્ખાણનું અંતિમ ફળ	૨૨૨
પચ્ચક્ખાણ પછીનું કર્તવ્ય	
ધર્મશ્રવણ, આહારાદિના દાન માટે ગુરુને વિનંતિ, શાતાપૃચ્છા, વંદનાદિનું વિશેષ ફળ	૨૨૩
ઓસન્નાદિને વિષે વિવેક વંદન	૨૨૪
જિનમંદિરમાં કેટલો સમય રહેવાય ?	૨૨૫
આજીવિકાના પ્રકારો અને તેમાં શુદ્ધિ	૨૨૬
દેવાનું દુષ્ટ ફળ અને લેણદાર દેવાદારની પરસ્પર ફરજ	૨૨૭
દાનનો મહિમા અને વિધિ	૨૨૯

વિષય	પૃષ્ઠાંક
વ્યવહાર શુદ્ધિમાં ત્યાજ્ય દેશવિરુધ્ધાદિ પાંચ વિરુધ્ધ કાર્યો	૨૩૦
માતા – પિતા – ભાઈ – પત્ની, પુત્ર–ધર્માચાર્ય નાગરિકો અને અન્ય ધર્મીઓ પ્રત્યે નવવિધ ઔચિત્ય	૨૩૧
સુપાત્રદાનનો વિધિ અને દૂષણો–ભૂષણો તથા ઉત્સર્ગ–અપવાદ	૨૩૫
દાનમાં દિશા (નજીક–દૂરના ઉપકારી) અંગે વિવેક	૨૩૮
દાન પછી ભોજનનો વિધિ	૨૪૦
સંધ્યાકાળનું કર્તવ્ય	૨૪૧
પ્રતિક્રમણમાં છ આવશ્યકનું સ્વરૂપ	૨૪૧
પ્રતિક્રમણના પ્રકારો	૨૪૨
પક્ખી ચતુર્દશીયેજ થાય	૨૪૨
પ્રતિક્રમણોનો વિધિ અને હેતુઓ	૨૪૩
સ્થાપનાચાર્યની અનિવાર્યતા	૨૪૩
પ્રતિક્રમણથી પંચાચારની શુદ્ધિ	૨૪૪
દેવવંદનમાં બાર અધિકારો	૨૪૫
રાઈ પ્રતિક્રમણનો વિધિ	૨૪૯
પાક્ષિક વગેરે પ્રતિક્રમણોનો વિધિ	૨૫૨
૫. કાઉસ્સગ્ગ આવશ્યક	૨૫૫
૬. પચ્ચક્ખાણ આવશ્યકનું વર્ણન	૨૫૭
વંદિત્તુ સૂત્ર અને તેનાં અર્થ	૨૫૮
આયરિય ઉવજ્ઝાયે વગેરે શેષ સૂત્રો, સ્તુતિઓ અને તેનાં અર્થ	૨૭૦
રાત્રિકૃત્યનું વર્ણન	૨૭૨
નિદ્રા પૂર્વે ભાવના, સાગાર પચ્ચક્ખાણનો વિધિ તથા જાગી જવાય ત્યારે ચિંતન કરવા યોગ્ય ચારે ગતિનાં દુઃખો વગેરેનું વર્ણન	૨૭૩
પર્વના અને ચોમાસીનાં કર્તવ્યો	
પર્વોનું સ્વરૂપ, મહિમા અને કર્તવ્ય	૨૭૫
તિથિ–નિર્ણય અને ક્ષય–વૃદ્ધિ અંગેનો પ્રઘોષ	૨૭૬
ચોમાસી અંગે કર્તવ્યો અને જયણાનો વિધિ	૨૭૭

વિષય	પૃષ્ઠાંક
આઠ વ્રતોનો સંક્ષેપ અને ચાર શિક્ષાવ્રતોની વૃદ્ધિ કરવાનો વિધિ	૨૭૮
૧૧ વાર્ષિક કર્ત્તવ્યોનું વિભાગશઃ વર્ણન	૨૭૯
આલોચનાનાં પાંચ દ્વારોનું વર્ણન	૨૮૪
આલોચકનાં દૂષણો	૨૮૮
આલોચનાના આઠ ઉત્તમ લાભો	૨૮૯
જન્મકૃત્યો અને જિનમંદિરનો વિધિ	૨૯૦
મંદિર અંગે ભૂમિશુદ્ધિ વજેરેનું સ્વરૂપ	૨૯૦
જીર્ણોદ્ધારનો અને જિનબિંબ બનાવવાનો વિધિ	૨૯૨
પ્રતિષ્ઠાનો વિધિ અને પ્રતિષ્ઠીનું કર્ત્તવ્ય	૨૯૪
પુત્રાદિને દીક્ષા આપવી	૨૯૬
શ્રાવકનાં જન્મકૃત્યો	૨૯૭
શ્રાવકની ૧૧ પ્રતિમાઓ	૨૯૮
ગ્રંથ સમાપ્તિ	૩૦૧
શુદ્ધિપત્રક	૩૦૨

ગુરુગુણ સ્તવન માલા

(રચયિતા મુનિશ્રી હીંકાર વિજય શિષ્ય મુનિ અરવિંદ વિજય)

રાગ – પૂર્ણાનંદમય૦

सिद्धिः संसृतिसत्त्व-संकट-हरः सिद्धिं च भव्याः श्रिता,
सत्यं चाऽकृत सिद्धिना स्ववचनम् सौवं नमः सिद्धये ।
सिद्धेः संयमसाधनं समभवत् सिद्धेः सुखं चाऽनुपम्;
सिद्धौ स्वात्मनि सन्ति सद्गुणशुभाः सिद्धे ! सतां शं कुरु ॥१॥

राजन्येऽत्र पुरे सुपुण्यवसतौ, क्षेत्रा – भिधे पाटके ।
जातोऽप्यत्र शशीव सौम्यवदनः, पित्रोः कुलोद्योतकृत ।
वर्षे रुद्र – निधीन्दु – सं‌ख्य – समये, चुन्नीति लालाभिधः ।
येनाकारि कषायदुष्टपशुभिः, शार्दूलविक्रीडितम् ॥२॥

कल्पानामिव नान्दनी वनीधरा प्रारोहमाबिभ्रती ।
तद्वत् सम्प्रति दुष्षमेऽत्र समये कल्पस्थितिं पालयन् ।
श्रीमत् – सिद्धिसूरीश्वरेत्यभिधया कीर्तिं परामुज्वलाम् ।
सङ्घे चात्मनि सत्त्वसम्भवगुणैः पौरन्दरीं लब्धवान् ॥३॥

येनाध्यायि स्वमानसे प्रतिदिनं श्री सूरिमन्त्रो महान् ।
प्रस्थानैः किल पञ्चभिः सुविशदो मौनस्पृशाराधितः ।
सौभाग्याभिधमन्त्रराजविदितै – र्विद्यासुमेर्वादिभिः ।
लक्ष्मीपीठयुतैर्विशुद्धमनसा स्वाचार्यसाक्ष्यं भृता ॥४॥

त्रैकाल्या वशिताद्भुतासुचरणं प्रोद्भासितेजोमयम् ।
प्रज्ञावाङ्मयवारिधेः सुतरणी यस्यास्ति साकल्यतः ।
नाम्नः सिद्धिसूरेश्च निर्मलयशः, स्वर्भूर्भुवो व्यानशे ।
आश्चर्याद्भुतवृत्तमस्य निखिलं शार्दूलविक्रीडितम् ॥५॥

सौजन्यामृतवर्षणे सितरुचिः यो सार्वसङ्घेखिले ।
यद्वाणी कुमतान्धकारहरणे सूर्यप्रकाशायते ।
यत्पादद्वितयी सरोजवसतिः चेतो मरालायते ।
आराद्धा भविकैः कृपा भगवती या कल्पवल्लीयति ॥६॥

विशदसुकृतैः पूर्वं लब्ध्वा मनुष्यभवादिकं
सुगुरूवचसि श्रद्धा कार्याऽभवं गमनोत्सुकैः ।
भवशतमथा जैनी वाणी श्रिता सुकृतार्थिभिः
श्रवणमधुरा विद्यज्ज्ञाता श्रुता हरिणी प्लुता ॥७॥

प्रशमगुणनिधानं योगिरत्न – प्रधानम्
कृतचरणविधानं दुर्गतेर्द्वाः – पिधानम् ।
करणविषयभूम्नः शासने चक्रवर्घीशम्
प्रणमत गुरुवर्यं सिद्धिसूरिं मुनीशम् ॥८॥

१ मन्दाक्रान्ता ललितचरणा वृत्तरत्नावबोधे,
२ मन्दाक्रान्ता विशदमनसः धर्मकार्ये न मन्दा ।
३ मन्दाक्रान्ता निपुणमतयः त-त्वज्ञाने रमन्ते,
४ मन्दाक्रान्ता बहुतरमपि क्लेशिता नोद्विजन्ते ॥९॥

प्रशान्तमुद्रार्पितभव्यबोधं तपःसमाधिसुकृतात्मशोधम् ।
चतुर्गतिसम्भवकृन्निरोधं नमामि सूरिं प्रवरं च सिद्धिम् ॥१०॥

शिशुत्वेऽपि सवेगरङ्गत्तरङ्गः, पुराकालवैराग्यसंस्कारसङ्गः ।
गृहस्थोऽपि यः सिद्धि–सौख्याभिलाषी परित्यक्तवान् मर्त्यभोगान् मुमुक्षुः ॥११॥

गुरोः श्रीमणेः पादमूलेतपस्यत्, चतू–रत्न–त–त्वेन्दुयुक् वैक्रमाब्दे ।
परस्मिन् भवे वाऽत्र मोक्षाय शश्वद्, गृहीत्वा व्रतं मुक्तियोगं सभार्यः ॥१२॥

टिप्पण १ छन्द २ शनिः ३ रोगः ४ मूर्खः ॥

पदं प्राप्तवान् यः परं सूरिमुख्यं, गते वत्सरे वैक्रमे शस्तपुण्ये ।
मनोजेषु सप्तर्षि तत्त्वेन्दुसङ्ख्ये महीसानके जैनतीर्थप्रसिद्धे ॥१३॥

यदीयं मनः त्यागवैराग्यपूतम्, मुखं सौम्ययुक् शारदः पूर्णचन्द्रः ।
सुधास्पर्द्धिनी वाग्यदीया सुमिष्टा, सुवर्णं स्तुवे सिद्धिसूरिं सुभद्रम् ॥१४॥

विशुद्धात्मना दीक्षिता भूरि भव्याः, असाराच्च संसारात् स्वयं चोधृताश्च ।
श्रुतोपासनां कुर्वतां वासराणि व्यतीयुश्च तेषां शुचीनां मुनीनाम् ॥१५॥

यतीनां गुरोः सिद्धसूरेश्च जातः, सुखावासभूः स्वर्निवासस्तदानीम्
समाधिस्थितौ विक्रमाद् वत्सरेऽत्र तिथी-शून्य-हस्तप्रमे शोभने वै ॥१६॥

वृत्तानां विविधैः पुष्पैर्वर्णगन्धैर्मनोहरा ।
भव्यानां श्रेयसे सास्तु कण्ठस्था स्तुतिमालिका ॥१७॥

ज्ञान - दर्शन - चारित्रव्यक्तगुणा सुगन्धिनी, ।
श्लोकानां विंशतेः स्रक्च गुर्वोर्ह्रौ मयकार्पिता ॥१८॥

विक्रमाख्यस्य भूपस्य पञ्चत्रिंशाधिके गते
द्विसहस्री च वर्षाणां श्रद्धाञ्जलिं करोम्यहम् ॥१९॥

मुन्यरविन्द सन्दब्धा गुरोः पदोः प्रसादिनी ।
सालङ्कारा स्तुतिः साध्वी त्रासौ वन्दनमर्हति ॥२०॥

राजनगरमध्यस्था विद्याशालेति विश्रुता ।
तस्यां स्थित्वा चतुर्मासीं व्यरचि स्तुतिमङ्गला ॥२१॥





ધર્મસંગ્રહ

ગુજરાતી ભાષાંતરનો

સારોદ્ધાર











॥ ॐ ह्रीँ श्री अर्हं नमः ॥

ॐ नमः श्री गौतमगणधराय ॐ नमः श्री जिनप्रवचनाय

सुगृहित नामधेय परमपूज्य आचार्यदेव

श्री विजय सिद्धि-मेघ-मनोहरसूरिगुरुवरेभ्यो नमो नमः

श्री धर्मसंग्रह गुजराती भाषान्तरनो संक्षिप्त सारोद्धार

प्रकरण : १ लुं

मिथ्यात्व गुणस्थान

"पान्तु वः श्री महावीर-स्वामिनो देशनागिरः ।
भव्यानामान्तरमल - प्रक्षालनजलोपमाः ॥"

"भव्य प्राणिओना (द्रव्य - भाव कर्मो रूपी) अभ्यंतर मेलने सर्वथा नाश करवा माटे जळ तुल्य एवी श्री महावीर स्वामिनी उपदेश रूपी वाणी तमारुं रक्षण करो !"

अर्हं नत्वा गुरुं सिद्धि - मेघमनोहराभिधम् ।
ज्ञानप्रकाशदातारं, मिथ्याग्रहनिवारकम् ॥ १ ॥

अन्ये पूज्याश्च स्तुत्याश्च, ये केपि गुणसागराः ।
प्रणम्य तानपि सर्वा - नहं भद्रंकराभिधः ॥ २ ॥

भद्रंकराय भव्यानां, संक्षिप्तरुचिधारिणाम् ।
ममाऽपि श्रुतधर्मस्य भावानुबन्धहेतवे ॥ ३ ॥

श्री धर्मसंग्रहाभिध - ज्ञानरत्नमहोदधेः ।
श्रुतसारस्यापि सारं लेशतोऽत्र लिखाम्यमुम् ॥ ४ ॥

सारोद्धार कर्तानुं प्रारंभिक मंगळ वगेरे....

श्री अरिहंत भगवंतने, तथा **श्री विजयसिद्धिसूरीश्वरजी,** तेओना पट्टालंकार **श्री विजयमेघसूरीश्वरजी** अने तेओना पट्टधर गुरुदेव **श्री मनोहरसूरिवर** आदि गुरुवर्यो, के जेओ मने ज्ञान प्रकाश आपनार छे, मारा मिथ्याग्रहनुं निवारण करनार छे तेओने नमस्कार करीने (१) बीजा पण पूजापात्र अने स्तुतिपात्र एवा गुणोना सागर जे कोई पूज्यो ते सर्वने प्रणाम करीने **भद्रंकरनामा** हुं (२) संक्षिप्तरुचि एवा भव्यजीवोना कल्याणने माटे अने मारा पण आत्मामां श्रुतधर्मनो भावानुबंध थाय ते माटे (३) ज्ञानरूपी रत्नोना समुद्र (**महामहोपाध्याय श्री भानविजय गणीओ संस्कृतमां रचेला** अने मे गुजराती अनुवाद करेला) एवा आगमोना सारभूत पण **श्री धर्मसंग्रहनामे** ग्रन्थना लेश सारने लखुं छुं. अहीं अरिहंतादिने नमस्कारादि **मंगळ,** भव्यजीवोनुं कल्याण अने पोताने पण श्रुतनो अनुबंध वगेरे **प्रयोजन,** संक्षिप्तसार **अभिधेय** अने मूळ आगमो विगेरेना सारभूत धर्म संग्रह ग्रन्थमांथी उद्धार ए **संबंध** वगेरे यथामति जाणवुं.

ગ્રન્થનો પ્રારંભ, ટીકાકારનું મંગળ વગેરે....

સમગ્ર વિશ્વમાં જેઓનો પ્રભાવ અતિશય વિસ્તૃત છે, જેઓ ત્રણે લોકના ઈશ્વર છે, તે શ્રી વીરપ્રભુને પ્રણમીને શાસ્ત્રાનુસારે સ્વોપજ્ઞ ધર્મસંગ્રહ નામના મૂળ ગ્રન્થનું વિવરણ લેશથી ભવ્યજીવોને સુખપૂર્વક બોધ કરાવવા કરૂં છું.

મૂળગ્રન્થનું મંગળ વગેરે....

मूलम् "प्रणम्य प्रणताशेष – सुरासुरनरेश्वरम् ।
तत्त्वज्ञं तत्त्वदेष्टारं, महावीरं जिनोत्तमम् ॥ १ ॥
श्रुताब्धेः सम्प्रदायाच्च, ज्ञात्वा स्वानुभवादपि ।
सिद्धान्तसारं ग्रथ्नामि, धर्मसंग्रहमुत्तमम् ॥ २ ॥

અહીં પહેલા શ્લોકથી પ્રભુના ચાર અતિશયો જણાવી તે દ્વારા મહાવીર પ્રભુને પ્રણામરૂપ મંગળ કર્યું છે. તેમાં સર્વ દેવો, દાનવો અને મનુષ્યોના પણ સ્વામી, અર્થાત્ સર્વ ઈન્દ્રો અને ચક્રવર્તી વગેરે સર્વ રાજાઓથી પણ પ્રણામ કરાયેલા એ વિશેષણથી પ્રભુનો **પૂજાતિશય,** 'તત્ત્વના જ્ઞાતા' એ વિશેષણથી **જ્ઞાનાતિશય,** 'તત્ત્વદેશક' વિશેષણથી **વચનાતિશય** અને 'જિનોત્તમ' થી રાગદ્વેષાદિ અંતરંગ અને બાહ્ય શત્રુઓને જીતનારા–જિન, એ વિશેષણથી સર્વ અપાયોના નાશરૂપ તેઓનો **અપાયાપગમાતિશય** જણાવ્યો છે. એમ ચાર અતિશયોરૂપી સદ્ભૂત ગુણો દ્વારા વીરપ્રભુની સ્તુતિરૂપ **ભાવમંગળ** કર્યું છે. **મહાવીર** એ તેઓનું વિશેષ નામ છે, તેમાં પ્રભુ કર્મના **વિદારક,** તપથી **વિરાજિત** અને **તપોવીર્ય** યુક્ત હોવાથી **વીર** છે. તેમાં પણ દીક્ષાકાળે વાર્ષિકદાન દ્વારા દરિદ્રતા શબ્દનો પણ નાશ કરવાથી **દાનવીર,** રાગાદિ આંતર–બાહ્ય શત્રુઓને મૂળમાંથી જીત્યા માટે **યુદ્ધવીર** અને અતિઘોર તપને પૂર્ણ નિઃસ્પૃહતાથી કર્યો માટે **ધર્મવીર,** એમ ત્રણે પ્રકારે સર્વોત્કૃષ્ટ વીર હોવાથી **મહાવીર** એવા દેવોએ આપેલા વિશિષ્ટ નામના ધારક પ્રભુને નમસ્કાર દ્વારા મંગળ કર્યું છે.

બીજા શ્લોકમાં જણાવ્યું છે કે "સમુદ્રતુલ્ય શ્રુતજ્ઞાનથી, ગુરૂપરંપરાથી અને મારા અનુભવથી પણ જાણીને ઉત્તમ એવા ધર્મના સંગ્રહને હું ગૂંથું છું."

તેમાં વસ્તુતઃ છદ્મસ્થ જીવને સ્વમતિથી કંઈ પણ કરવું હિતકર નથી, કેવલિકથિત આગમ સમુદ્રમાં કહેલું જ કરણીય છે. તે આગમ પણ ગંભીરાર્થ હોય છે, માટે ગુરૂપરંપરા દ્વારા તેને સમજીને આચરી શકાય છે, તે પણ માત્ર દ્રવ્યશ્રુતરૂપે નહિ, પણ ચિંતાજ્ઞાન ઉપરાંત સ્વાનુભવરૂપ ભાવનાજ્ઞાનરૂપે અનુભવગમ્ય થયું હોય તે સત્ય ગણાય છે, માટે આ ગ્રંથમાં જે કહેવાનું છે તે શ્રુત, ગુરૂપરંપરા અને સ્વાનુભવથી જાણેલું કહીશ, એમ કહીને ગ્રન્થકારે ગ્રંથની સત્યતા અને ઉપાદેયતા સિદ્ધ કરી છે.

તત્ત્વથી અનુભવજ્ઞાનીને કોઈ દર્શન પ્રત્યે તિરસ્કાર થતો નથી, પણ સર્વદર્શનમય એવા જૈનદર્શનનો તે યથાર્થ જ્ઞાતા બને છે અને તેથી તે સર્વત્ર સત્યાંશનો ગ્રાહક બની સ્વ-પરના પક્ષ-પ્રતિપક્ષથી મુક્ત રહી કોઇને પણ અન્યાય નહિ કરતાં સત્ય તત્ત્વનું પ્રદાન કરી શકે છે. આવા જ્ઞાનીના રચેલા ગ્રન્થો સ્વ-પર હિતકર બને છે, એમ જણાવવા ગ્રન્થકારે આવી પ્રતિજ્ઞા કરી છે. અહીં 'ધર્મ સંગ્રહને ગૂંથીશ' એ અભિધેય, શ્રુત અને પરંપરાથી વગેરે સંબંધ અને સ્વ-પર બોધ તથા પરંપરાએ મુક્તિની પ્રાપ્તિ એ પ્રયોજન અને ફળ જાણવું.

હવે ધર્મનો સંગ્રહ કરવાનો હોવાથી ધર્મનું લક્ષણ કહે છે.

मूलम् "वचनादविरुद्धाद् यदनुष्ठानं यथोदितम् ।
मैत्र्यादिभावसम्मिश्रं, तद्धर्म इति कीर्त्यते ॥ ३ ॥"

અવિરુદ્ધ એટલે પરીક્ષિત, એવા આગમને અનુસરતુ, આ ગ્રન્થમાં કહેવાશે તે મૈત્રી આદિ ભાવોથી યુક્ત જે અનુષ્ઠાન, તેને ધર્મ કહેવાય છે.

અહીં સુવર્ણની માફક કષ-છેદ-અને તાપ વગેરેની પરીક્ષામાં શુદ્ધ થયું હોય તે આગમવચન પરીક્ષિત કહેવાય. આ કષ-છેદ-તાપનું સ્વરૂપ પાછળ ધર્મદેશનાના અધિકારમાં જણાવાશે. આવું શુદ્ધ વચન જિનેશ્વરનું જ હોય, કારણ કે વચનની શુદ્ધિ-અશુદ્ધિમાં અંતરંગ નિમિત્ત વક્તા છે, જો તે સ્વયં રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓથી રહિત હોય, તો જ તેનું વચન અવિરૂદ્ધ હોય. જો કે ઘૂણાક્ષર ન્યાયે સ્વમતિ-કલ્પનાથી પણ પરતીર્થિકોનું કે માર્ગાનુસારીનું કોઈ વચન અવિરૂદ્ધ હોય છે પણ તત્ત્વથી તે જિનકથિત જ હોય છે. કારણ કે અવિરુદ્ધવચન જિન વિના બીજામાં સંભવતું જ નથી. ઉપદેશપદ ગા-૬૧૪માં કહ્યું છે કે "સર્વ શુદ્ધપ્રવાદોનું મૂળ તો રત્નાકર તુલ્ય દ્વાદશાંગી જ છે, તેથી જ્યાં ત્યાં જે કાંઈ સુંદર છે તે તેનું જ છે." જેમ નદીઓમાં સમુદ્ર નથી, પણ સમુદ્રમાં સર્વ નદીઓ છે, તેમ અન્ય દર્શનોમાં જૈન દર્શન દેખાતું નથી પણ સર્વ અન્ય દર્શનો જૈન દર્શનમાં અંતર્ભૂત છે. તેથી અન્ય દર્શનોમાં જે કોઈ સત્ય જણાય છે તે જૈનાગમરૂપ સમુદ્રના બિન્દુઓ છે. માટે જૈનાગમને અનુસરતું જે જે અનુષ્ઠાન તેને ધર્મ કહેવાય.

બીજું વિશેષણ "યથોદિતમ્" છે તેનો અર્થ એ છે કે જે અનુષ્ઠાન તે તે સાધકની ભવસ્થિતિનો પરિપાક, સ્વભાવ, કર્મનો ક્ષયોપશમ, ધૈર્ય, મનોબળ, સંઘયણ, વગેરેથી સાપેક્ષ (અનુસરતું) હોય, અથવા તે તે જીવદ્રવ્ય, આર્ય અનાર્યાદિ દેશો કે કર્મભૂમિ આદિ ક્ષેત્ર, ઉત્સર્પિણી અવસર્પિણી આદિ કાળ અને જીવોના તે તે ક્ષાયોપશમિક વગેરે ભાવોને અનુસારે શક્ય અને હિતકર હોય, તે અનુષ્ઠાનને ધર્મ કહેવાય.

તે પણ "મૈત્ર્યાદિભાવસંમિશ્રં" એટલે મૈત્રી વગેરે ભાવોથી યુક્ત હોય, તેમાં પ્રાણીમાત્ર પ્રત્યે સ્નેહનો પરિણામ તે ૧-**મૈત્રી,** ગુણાધિક કે વડિલો પ્રત્યે ભક્તિથી એટલે નમસ્કાર વગેરેથી અને નાનાઓ પ્રત્યે પ્રસન્નતાદિથી પ્રગટ જણાતો જે હાર્દિક ભક્તિભાવ તે ૨-**પ્રમોદ,** દીન-દુઃખી-રોગી વગેરેને શક્તિ અનુસાર દુઃખમુક્ત કરવા પૂર્વકની દયાની લાગણી તે ૩-**કરૂણા** અને અતિ અયોગ્ય-અવિનીત વગેરે દૂષિત જીવો પ્રત્યે રાગ-દ્વેષનો અભાવ તે ૪-**માધ્યસ્થ્ય અથવા ઉપેક્ષા.** જે ધર્મ અનુષ્ઠાનમાં આ મૈત્રી આદિ ભાવો હોય તેને ધર્મ કહેવાય. કારણ કે **આ ભાવનાઓ પરિણામે નિયમા મોક્ષને આપનારી હોવાથી શાસ્ત્રોમાં તેને ધર્મરૂપ કલ્પવૃક્ષના મુળભૂત કહેલી છે.** મૂળ વિના વૃક્ષ કે ફળ ન હોય તેમ આ ભાવનાઓ વિના ધર્મરૂપ વૃક્ષ જ ન હોય, પછી મોક્ષરૂપ ફળ તો મળે જ કેમ?

વળી સમ્યગ્જ્ઞાની મહર્ષિઓએ દુર્ગતિમાં પડતા પ્રાણીને **ધારી રાખે** (બચાવે) અને સુગતિમાં **ધાન કરે** (પહોંચાડે), તેને ધર્મ કહ્યો છે, તે ઉપર જણાવ્યું તેવા અનુષ્ઠાન રૂપ હોય તો જ ઘટે. અન્યથા જેમ તેમ કરેલા અનુષ્ઠાનોને ધર્મ કહેવાય નહિ.

પ્રશ્ન:- શાસ્ત્રમાં પ્રીતિ, ભક્તિ, વચન અને અસંગ, એ ચાર પ્રકારના અનુષ્ઠાનોને ધર્મ કહ્યો છે અને અહીં આગમવચનને અનુસરતું એટલે માત્ર એક વચનઅનુષ્ઠાન તેને ધર્મ કહ્યો, તે કેમ ઘટે? **ઉત્તર:-** આગમવચનને અનુસરતુ એટલે અહીં આગમવચનથી પ્રેરિત-પ્રયોજિત જે કોઈ ક્રિયા-અનુષ્ઠાનરૂપ વ્યવહાર તે ધર્મ સમજવો. એ રીતેપ્રીતિ, ભક્તિ વગેરે અનુષ્ઠાનો પણ આગમવચન પ્રેરિત હોવાથી તે સર્વમાં આ અર્થ ઘટશે.

છતાં તત્ત્વથી તો તે ચારેય અનુષ્ઠાનોનું લક્ષણ ભિન્ન ભિન્ન છે. પ્રીતિ અને ભક્તિ બંને ઈચ્છારૂપ છે, તેથી તે બંને તે તે પ્રીતિ અને ભક્તિવંત આત્માની ઈચ્છાથી થાય છે, જ્યારે વચનઅનુષ્ઠાન તો આગમવચનના સ્મરણપૂર્વક ચોક્કસ શાસ્ત્રાનુસારી હોય છે, તેથી પ્રીતિ-ભક્તિ અનુષ્ઠાનમાં આગમનું નિયંત્રણ નથી, ત્યાં પ્રીતિ-ભક્તિની મુખ્યતા છે અને વચનાનુષ્ઠાનમાં આગમનું નિયંત્રણ મુખ્ય હોય છે. જેમ સ્ત્રી અને માતા પ્રત્યે ભાવ ભિન્ન છતાં બંનેનું પાલન સમાન હોય છે, તેમ બંનેમાં આગમવચનની પ્રેરણા છતાં પ્રીતિ અનુષ્ઠાનમાં પ્રીતિની અને ભક્તિ અનુષ્ઠાનમાં ભક્તિની મુખ્યતા હોય છે, તે બંનેમાં આગમવચન પ્રેરક છતાં આગમથી ન્યૂનાધિક હોવાથી ઘણા અતિચારો સંભવે છે અને વચન અનુષ્ઠાન આગમથી નિયંત્રિત હોવાથી તેમાં અતિચારો અતિઅલ્પ અને સૂક્ષ્મ જ હોય છે. નિશ્ચયથી તો આવું વચનાનુષ્ઠાન જીવને છઠ્ઠા ગુણસ્થાનકથી નીચે હોતું પણ નથી, એમ પ્રીતિ, ભક્તિ અને વચન અનુષ્ઠાનોમાં સ્વરૂપ ભેદ છે અને એ ત્રણેથી ભિન્ન અસંગાનુષ્ઠાન તો વચનાનુષ્ઠાનના દૃઢ અભ્યાસ પછી પ્રગટે છે. કુંભારનો ચાક જેમ પ્રથમ દંડથી અને પછી દંડ વિના પણ ભમે છે, તેમ અસંગ અનુષ્ઠાન આગમવચનના દૃઢ અભ્યાસ પછી આગમસ્મરણ વિના જ અભ્યાસથી થાય છે. એમ ચારેયનું સ્વરૂપ ભિન્ન હોવાથી એકનું લક્ષણ બીજામાં ન ઘટે તો પણ કંઈ દોષ નથી.

વળી અહીં શ્લોકમાં કહેલા 'વચનાત્' પદમાં પંચમી વિભક્તિ પ્રયોજ્ય-પ્રયોજક સંબંધમાં હોવાથી આગમવચન જેમાં પ્રયોજક (પ્રેરક) હોય તે ધર્મ કહેવાય, એવો અર્થ હોવાથી આ રે અનુષ્ઠાનોમાં આગમવચન પ્રેરક તો છે જ, માટે ચારેયમાં આ વ્યાખ્યા ઘટે પણ છે.

વળી ત્રીજા ષોડશકમાં કહેલા ધર્મના લક્ષણ પ્રમાણે તો જેમ માટી ઉપર ક્રિયા કરવાથી માટીની શુદ્ધિ અને આકારરૂપ ઘટકાર્ય બંને માટીમાંથી પ્રગટે છે, તેમ ધર્મરૂપ કાર્ય પણ **ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિરૂપે** ચિત્તમાં પ્રગટે છે. અહીં રાગ-દ્વેષાદિ ચિત્તનો જે મેલ તેનો (ભાવરૂપ) આગમના સદ્યોગથી નાશ થતાં ચિત્તશુદ્ધિ અને તે તે ક્રિયાથી પુણ્યની પુષ્ટિ થાય છે. આ ચિત્તશુદ્ધિથી પુણ્યની પુષ્ટિ અને પુણ્યપુષ્ટિથી ચિત્તની શુદ્ધિ, એમ પરસ્પરના આલંબનથી બંનેની વૃદ્ધિ થતાં ક્રમશઃ જે સર્વકર્મોનો ક્ષય થાય, તેને મોક્ષ કહેવાય છે. મોક્ષ એ આત્માનો સ્વભાવ હોવાથી જીવનો તે સહજ સંપૂર્ણ ધર્મ છે.

ષોડશકની આ વ્યાખ્યા પ્રમાણે તો પુષ્ટિ અને શુદ્ધિવાળું ચિત્ત તે ભાવધર્મ અને તેવા ચિત્તને અનુસરતી વિવિધ ક્રિયા તે વ્યવહારધર્મ, એમ ભાવધર્મ અને વ્યવહારધર્મનું પારસ્પરિક સાપેક્ષ સ્વરૂપ જાણવું. દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં પણ કહ્યું છે કે- શુદ્ધ અનુષ્ઠાન દ્વારા કર્મમળ ઘટવાથી પ્રગટેલી જીવશુદ્ધિ, કે જેના ફળરૂપે મોક્ષના હેતુભૂત સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ગુણો પ્રગટે છે, તે જીવશુદ્ધિ જ ધર્મ[૧] છે.

અહીં વચનાનુષ્ઠાનને ધર્મ કહ્યો તે પણ ઉપચાર વચન છે, કારણ કે તત્ત્વથી તો ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિ તે નિશ્ચય અથવા ભાવધર્મ છે અને તેના કારણરૂપે વ્યવહાર તે દ્રવ્ય ધર્મ છે.

એમ અહીં દ્રવ્ય-ભાવ અથવા વ્યવહાર-નિશ્ચય બન્ને ધર્મનાં લક્ષણો કહ્યાં. કારણમાં પણ કાર્યનો અંશ હોય છે તેથી ઉપચાર કરી શકાય છે. જે કારણમાં સર્વથા કાર્યઅંશ ન હોય, તેમાં ઉપચાર થઈ શકે નહિ. દ્રવ્યની અપેક્ષાએ જ તેના કાર્યને ભાવ અને ભાવની અપેક્ષાએ જ તેના કારણને દ્રવ્ય કહેવાય છે. દરેક કાર્ય-કારણ પરસ્પર સાપેક્ષ જ હોય છે. એ રીતે ધર્મનું લક્ષણ જણાવી હવે તેના ભેદ-પ્રભેદને કહે છે.

मूलम् "स द्विधा स्यादनुष्ठातृ - गृहिव्रतिविभेदतः ।
सामान्यतो विशेषाच्च गृहिधर्मोऽप्ययं द्विधा ॥ ४ ॥"

ધર્મના કર્તા ગૃહસ્થ અને યતિ બે હોવાથી ગૃહસ્થધર્મ અને યતિધર્મ એમ ધર્મ બે પ્રકારે છે. તેમાં ઘરવાળો (ગૃહસ્થ) નિત્ય કે વિશિષ્ટપર્વ વગેરેનું નિમિત્ત પામીને જે અનુષ્ઠાન

૧. આથી ચિત્તશુદ્ધિ-પુષ્ટિ વિનાની કેવળ બાહ્ય ક્રિયાને કે ક્રિયારહિત માત્ર ચિત્તશુદ્ધિને ધર્મ માનવો તે અજ્ઞાન ગણાય.

કરે, (જે અહીં પહેલા ભાગમાં કહ્યું છે) તે ગૃહસ્થધર્મ, અને મહાવ્રતોના પાલક જે વ્રતી (યતિ) તેનો ચરણ-કરણસિત્તરીરૂપ (બીજા ભાગમાં કહ્યો છે તે યતિધર્મ જાણવો.)

ગૃહસ્થધર્મના પણ અવસ્થા ભેદે સામાન્ય અને વિશેષ એવા બે પ્રકારો છે, તેમાં ભિન્ન ભિન્ન દર્શનવાળા પણ ગૃહસ્થોનો જે સર્વસાધારણધર્મ તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ અને જૈનદર્શનાનુસાર સમ્યક્ત્વપ્રાપ્તિપૂર્વક અણુવ્રતાદિનું ગ્રહણ-પાલન તે ગૃહસ્થનો (શ્રાવકનો) વિશેષધર્મ જાણવો. તેમાં પ્રથમ ગૃહસ્થનો સામાન્ય ધર્મ (મૂળ ગ્રન્થમાં ગા. ૫ થી ૧૪ સુધીમાં) 'ન્યાય સંપન્ન વૈભવ' વગેરે પાંત્રીસ પ્રકારે કહ્યો છે. તેમાં:-

૧. ન્યાય સંપન્ન વૈભવ- ધન મેળવવામાં સ્વામિદ્રોહ, મિત્રદ્રોહ, વિશ્વાસઘાત, પ્રપંચ, ચોરી, જુગાર વગેરે પાપો કર્યા વિના સ્વ-સ્વ વર્ણ-કુળાચારને ઉચિત ઉદ્યમ કરવો તે ધર્મરૂપ છે. કારણ કે તેવા ધનથી નિર્ભય રીતે સ્વોપભોગ, મિત્રાદિને ભેટ તથા સ્વજનાદિનું ઔચિત્ય કરાય અને દયા-દાનાદિમાં ખર્ચવાથી લોકહિત જળવાય. કહ્યું છે કે **ધીર પુરુષો પોતાના ન્યાયપાલનથી સર્વત્ર પંકાય છે અને પાપીઓ પોતાનાં પાપોથી ડરતા સર્વત્ર નિંદાય છે.** અન્ય શાસ્ત્રોમાં તો ન્યાયોપાર્જિત ધનને જ દાનધર્મ માટે યોગ્ય કહ્યું છે, સુપાત્રદાનમાં અને અનુકંપાદિ દાનમાં તે ધન ખર્ચવાથી પરલોકનું હિત થાય છે. દાનનો વિધિ પણ જણાવ્યો છે કે- જે ધન સ્વયં અન્યાય વગેરેથી રહિત નિર્દોષ હોય, તે ધનને પોષ્ય-પરિવારાદિનો વિરોધ ન થાય તેમ, કલ્યાણ કામનાથી, વિધિ-બહુમાનપૂર્વક પ્રસન્નચિત્તથી, તુચ્છતા કે સ્વાર્થબુધ્ધિ વગેરે મલિનભાવ વિના, સંત સાધુ વગેરે સુપાત્રોને કે કરૂણાપૂર્વક દીન-દુઃખીઓને આપવું, તે સાચું દાન છે. કારણ કે શુધ્ધ ચિત્ત-વિત્ત અને પાત્રના યોગે વિધિ-બહુમાનથી આપેલું હોય તે જ દાન સાચું ફળ આપી શકે, અન્યાયોપાર્જિત ધન આ ભવમાં રાજદંડ, જેલ, કે ફાંસી વગેરેનું અને પરભવમાં દુર્ગતિનું કારણ બને છે. પાપાનુબંધી પુણ્યના પ્રભાવે કોઈ વાર કોઈને અન્યાયોપર્જિત પણ ધન જીવતાં સુધી સંકટ ન આપે તો પણ ભવિષ્યકાળે અન્યાયનાં ફળ ભોગવવાં જ પડે છે. વાવેલું બીજ કાળ પાકતાં ફળ આપે છે, કહ્યું છે કે- લોભાંધ મનુષ્ય પાપથી જે કંઈ ધન મેળવે છે તે માછલાંની જાળમાં લોખંડના કાંટા ઉપર ભરાવેલા માંસના ટુકડાની જેમ આખરે માલિકનો નાશ કરે છે.૨ એ રીતે ન્યાય જ ધનપ્રાપ્તિનો સાચો ઉપાય છે. દેડકાં જેમ ખાબોચીયામાં અને હંસો નિર્મળ સરોવરમાં પહોંચે છે, તેમ સર્વ પ્રકારની સંપત્તિ સત્કર્મોન્યાયીને વશ રહે છે, આવું ન્યાયોપાર્જિત ધન ગૃહસ્થજીવનમાં મુખ્ય સાધન હોવાથી પાંત્રીસ ગુણોમાં તેને પ્રથમગુણ કહ્યો છે, તેવા ધન વિના આજીવિકાની વિષમતાથી સઘળી ધર્મપ્રવૃત્તિ અટકી જતાં ગૃહસ્થજીવન

૨. માછીમાર માછલાંને ફસાવવા જળમાં લોખંડના કાંટા ગૂંથી તેમાં માંસના ટૂકડા ભરાવે છે, તેની લાલચથી માછલું જ્યારે તે માંસને ખાવા પ્રયત્ન કરે છે ત્યારે લોખંડનો કાંટો તાળવું વિંધી તેને પ્રાણમુક્ત કરે છે.

અધર્મરૂપ બની જાય, માટે ગૃહસ્થે ધન ન્યાયથી મેળવવું જોઈએ. ધન મેળવવામાં અનાદરવાળાએ તો સંપૂર્ણ સાધુધર્મ સ્વીકારવો યોગ્ય છે, કે જેથી જીવન નિષ્ફળ ન બને.૩

૨. કુલ અને શીલથી સમાન એવા ભિન્નગોત્રી સાથે વિવાહ કર્મ :– કોઈ એકપુરુષથી ચાલેલો વંશ ગોત્ર કહેવાય. ઘણા લાંબા કાળે જેનો વંશ એટલે વૃદ્ધપરંપરા મળતી ન હોય – લુપ્ત થઈ હોય, તે ભિન્નગોત્રી જાણવા એવા ભિન્નગોત્રી પણ જે કુલ અને શીલથી સમાન હોય, અર્થાત્ જેના પિતા – દાદા – પરદાદા વગેરેની પરંપરા (કુળ) નિષ્કલંક હોય અને સુરાપાન વગેરે મહાવ્યસનો, કે રાત્રિભોજન વગેરે દુરાચારોથી રહિત એવા સદાચારોથી જે સમાન હોય, તેવાઓની સાથે વિવાહસંબંધ કરવો.

લૌકિક નીતિ પ્રમાણે બાર વર્ષની કન્યા અને સોળ વર્ષનો વર પરસ્પર વિવાહયોગ્ય છે. આવા વિવાહપૂર્વકનું લગ્ન, તેનાથી સંતતિની ઉત્પત્તિ અને તેનો વિધિપૂર્વક ઉછેર, વગેરે લૌકિક વ્યવહાર ચારેય વર્ણમાં કુળને નિર્મળ કરે છે, કુલીનતાને વધારે છે, માટે તેવા સંબંધપૂર્વક અગ્નિદેવાદિની સાક્ષીએ લગ્ન કરવું તેને વિવાહ કહ્યો છે.

તેમાં સ્વસંપત્તિને ઉચિત વસ્ત્રાભૂષણાદિથી કન્યાને અલંકૃત કરી કન્યાદાન કરવું તે **૧–બ્રાહ્મ વિવાહ,** કન્યાને વૈભવ–દાયજો આપીને પરણાવવી તે **૨–પ્રાજાપત્ય વિવાહ,** ગાય–વૃષભની જોડીના દાનપૂર્વક કન્યાને આપવી તે **૩–આર્ષવિવાહ** અને **યજ્ઞ** કરાવનાર યાજ્ઞિક ગુરુને દક્ષિણારૂપે કન્યા આપવી તે **૪–દૈવ વિવાહ** છે. આ ચારેય વિવાહો, ગૃહસ્થને ઉચિત તે તે દેવપૂજન, સુપાત્રદાન, વગેરે લૌકિક ધર્મકાર્યોનું અંતરંગ કારણ હોવાથી લોકનીતિએ તે ધર્મવિવાહ કહેવાય છે. તદુપરાંત માતા–પિતાદિ બન્ધુવર્ગની અનિચ્છા છતાં વર–કન્યા પરસ્પર અનુરાગથી જોડાય તે **૫–ગાન્ધર્વ વિવાહ,** કન્યાને હોડ–શરતથી હારીને પરણાવવી તે **૬–આસુર વિવાહ,** (કન્યાવિક્રય વગેરે પણ આમાં અંતર્ભાવ પામે છે) બલાત્કારે કન્યાને

૩. ન્યાયસમ્પન્નવૈભવ' વગેરે આ પાંત્રીસ પ્રકારનો સદાચાર એ ચારિત્ર ધર્મનો પાયો છે, સમ્યગ્દર્શન અને જ્ઞાનની પ્રાપ્તિનું મૂળ કારણ છે. જૈનદૃષ્ટિએ આ પાયાના ધર્મ ઉપર જ આત્મવિકાસરૂપી મહેલ ચણી શકાય છે અને પરંપરાએ મુક્તિ થઈ શકે છે. તત્ત્વથી પરભાવ–રમણતારૂપ સંસાર એ અન્યાય છે અને સ્વરૂપ રમણતારૂપ મોક્ષ એ ન્યાય છે, માટે ચૌદમા ગુણસ્થાનકે પ્રગટતું યોગનિરોધ શૈલેશી ચારિત્ર એ ન્યાયનો અંતિમ પ્રકર્ષ છે અને આ પાંત્રીસ ગુણો તેનું મૂળ છે. પ્રત્યેક ગુણસ્થાનકમાં આ ગુણો જ વૃધ્ધિ પામતા વિશિષ્ટ સ્વરૂપને પામે છે અને તે દરેક ગુણમાં ન્યાય વ્યાપક છે. શાસ્ત્રોકત અહિંસાદિ વ્રતો કે દાનાદિ ધર્મો, વગેરે સર્વ વિધિ-નિષેધો ન્યાયરૂપ છે. તેથી ધર્મના પાયામાં ન્યાય સંપન્ન વૈભવનું વિધાન છે. શેષ ચોત્રીસ ગુણો પણ તત્ત્વથી ન્યાયના પાલનરૂપ છે. એમ સમગ્ર જૈનશાસન એ ન્યાયશાસન છે. કોઈ બીજાને કે પોતાને કોઈ પ્રકારે અન્યાય ન કરવો એ અહિંસા છે અને સર્વધર્મોનો પ્રાણ એ અહિંસા–પ્રાણાતિપાત વિરમણ છે. **'अहिंसा परमो धर्मः'** એ ધર્મની સર્વમાન્ય વ્યાખ્યા છે. માટે જીવનમાં પહેલો ધર્મ ન્યાય સમ્પન્ન વૈભવ કહ્યો છે. તત્ત્વથી તો આ પ્રત્યેક ગુણનું વિવેચન લખતાં સ્વતંત્ર એક એક ગ્રન્થ રચાય તેટલો તેમાં ભાવ રહેલો છે. પણ અહીં તેને અવકાશ નથી.

ગ્રહણ કરવી તે **૭–રાક્ષસ વિવાહ,** અને ઊંઘેલી કે પ્રમાદવશ બનેલી કન્યાનું અપહરણ કરવું તે **૮–પૈશાચ વિવાહ** કહ્યો છે. આ ચારેય પ્રકારો અધર્મરૂપ છતાં વર–કન્યાની કોઈ નિમિત્ત કે અપવાદ વિના લગ્ન પછી પણ પરસ્પર રુચિ થઈ જાય તો તે પણ ધર્મરૂપ મનાય છે.

આર્ય આચારરૂપ આ વિવાહનું ફળ યોગ્ય પત્નીની પ્રાપ્તિ, તેનાથી જન્મેલા [૪] સુજાત વગેરે ઉત્તમ પુત્ર–પૌત્રાદિ પરિવારદ્વારા ચિત્તની શાંતિ, ઘરકાર્યોની વ્યવસ્થા, સ્વજાતિય આચારોની શુદ્ધિ, દેવસેવા, અતિથિ–સ્વજનાદિના સત્કાર–સન્માન તથા સર્વત્ર ઔચિત્યપાલન, વગેરે ઘણા લાભ સંભવિત છે.

---

૪. આંબાની ગોટલીમાંથી સદશ ગુણવાળી કેરી પાકે છે, તેમ જે પુત્ર પિતાના તુલ્ય ગુણવાળો પાકે તે **સુજાત,** કોળા કે ખીન્જેરાના નાના બીજમાંથી જેમ મોટું સુંદર ફળ પાકે છે તેમ પિતાના ગુણથી પણ પુત્ર અધિક ગુણવાળો પાકે તે **અતિજાત,** વડનું વૃક્ષ વિશાળ અને ઘટાદાર પથિકોને સુંદર છાયા આપે છે પણ તેનું ફળ તુચ્છ પાકે છે, તેમ પિતાની અપેક્ષાએ પુત્ર હીનગુણી પાકે તે **કુજાત** અને શેરડી કે કેળને ફળ આવતાં જ શેરડીનો અને કેળનો નાશ થાય છે, તેમ જે પુત્ર કુલઘાતક બને તે **કુલાંગાર** જાણવો. ઉત્તમ બીજ અને ભૂમિના યોગે ઉત્તમ ધાન્ય પાકે તેમ કુલિન માતા–પિતાના યોગે પુત્રો સુજાત–અતિજાત પાકે છે અને હલકાં બીજ–ભૂમિના યોગે ધાન્ય તુચ્છ પાકે તેમ હલકટ દંપતીથી સંતાન કુજાત અને કુલાંગાર પાકે છે. ધર્મ, સદાચારો, વિશ્વશાન્તિ અને વિશ્વવ્યવસ્થા વગેરેની રક્ષાની મહાન જવાબદારી જે માનવજાતિની છે, તેને પોતાની તુચ્છ કામ વાસનાની પૂર્તિ માટે ગમે તે જાતિ સાથે વિવાહ કરી અધમ કે પાપી સંતાનોને પકવી તેના દ્વારા વિશ્વમાં પાપોને વધારવાનો કોઈ અધિકાર નથી. એવી સંતતિને પકવી જગતમાં પાપ વધારવાં તે વિશ્વનો દ્રોહ છે, આ દ્રોહથી સંસાર વધે છે. આ કારણે લૌકિક શાસ્ત્રોમાં સત્પુત્રથી સદ્ગતિ અને કુજાત–કુલાંગાર પુત્રથી માતા–પિતાની દુર્ગતિ કહી છે. જૈન દર્શનમાં તો એથીય આગળ વધીને આ–બાલબ્રહ્મચારી રહી સંતશિષ્યોને પકવવા એ મનુષ્યનો પ્રથમ માર્ગ છે અને તેવી શક્તિ કે સત્ત્વના અભાવે બીજો માર્ગ વિધિપૂર્વકના વિવાહદ્વારા સદાચારી ધાર્મિક સંતતિનું વિશ્વને દાન કરવું તે છે. તે માટે પૂર્વ કાળે નાની વયમાં માતા–પિતાદિએ વર કન્યાના સંબંધ કરવા, તે પછી કન્યાનું લોહી બદલવા–હૃદય પલટો કરવા પિતા ધનિક હોય છતાં વર્ષો સુધી શ્વસુર પક્ષ તરફથી વાર–તહેવારે કન્યા માટે વસ્ત્રો–અલંકારો, અને મિષ્ટ ભોજનો મોકલવાં, કન્યાનાં માન–સન્માન કરી પોતાની બનાવવી અને તે પછી જ લગ્ન કરવાં, વગેરે આર્યસંસ્કૃતિનો મહિમા સમગ્ર વિશ્વને અતિ હિતકર હતો. એથી ગૃહસ્થાશ્રમમાં આત્મીયતા સુખ–શાન્તિ–વિનય–સેવા વગેરે ઘણા લાભો થતા, વર્તમાનમાં અનાર્ય શિક્ષણ અને અનાર્ય સંસ્કૃતિએ માનવની આ સંપત્તિનો નાશ કરવાથી લગ્ન થતાં જ માતા–પિતા પોતે પાળી પોષીને ઉછેરેલાં વ્હાલાં પુત્ર–પુત્રીને ગૂમાવે છે અને વૃદ્ધાવસ્થામાં છતે સંતાને નિરાધાર–અનાથ બની નીસાસા નાખતા મરવું પડે છે. સંયુક્ત કુટુંબનું સુખ નાશ થઈ રહ્યું છે, બધા પોતાના તુચ્છ સ્વાર્થને જ દેખે છે. જેના પરિણામે ભારતનું જ નહિ, સમગ્ર વિશ્વનું હિતકર બ્રહ્મચર્યરત્ન અને શિયળ નાશ થઈ રહ્યું છે. વગેરે સમજીને આર્યસંસ્કૃતિનો આદર કરવો તે હિતકારી છે.

એમ વિધિપૂર્વક વિવાહ કર્યા પછી પણ કુલીન પત્નીને ઘરનાં [૫] કાર્યોમાં જોડવી, ઉન્મત્ત-અભિમાની ન થાય તેટલું પરિમિત ધન-સત્તાદિ સોંપવું, માતાસમાન સદાચારી ઉત્તમ વૃદ્ધ સ્ત્રીઓની નિશ્રામાં રાખવી, વગેરે હિતકર વ્યવસ્થા દ્વારા તેના શીલની રક્ષા કરવી.

૩-શિષ્ટાચાર પ્રશંસા—અહીં વ્રતધારી, જ્ઞાનવૃદ્ધ, એવા ગુણવાનોની સેવા [૬] દ્વારા તેમની પાસેથી હિતશિક્ષા-જ્ઞાન-વિદ્યાદિ મેળવનાર શિષ્ટ કહેવાય. શિષ્ટપુરુષોના આ આચારો નીચે પ્રમાણે છે.

લોકાપવાદનો ભય, દીન-દુઃખીના ઉદ્ધારમાં આદર, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા, સ્વાર્થને ગૌણ કરીને પણ હિતકર પરપ્રાર્થનાને સફળ કરવારૂપ સુદાક્ષિણ્ય, સર્વની અને વિશેષતયા ગુણીની નિંદાનો ત્યાગ, ગુણીના ગુણોની હિતકર પ્રશંસા, આપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં નમ્રતા, અવસરોચિત અને હિતકર થોડું બોલવું, પરસ્પર વિરોધી બને તેવા આચાર ઉચ્ચાર અને વિચારનો પરિહાર, અર્થાત્ વિચાર વાણી અને વર્તનમાં એકતા, વિઘ્નોનો જય કરીને પણ સ્વીકારેલા શુભકાર્યને પૂર્ણ કરવું, કુલાચારોનું પાલન કરવું, આવકથી અધિક કે અનુચિત કાર્યોમાં ધન નહિ ખર્ચવું, જે કાર્ય જ્યારે જ્યાં કરવા યોગ્ય હોય તેને ત્યારે ત્યાં કરવું,

---

૫. સ્ત્રીસ્વાતંત્ર્ય અનાર્યપણું છે, આર્યસ્ત્રી કદાપિ એવી સ્વતંત્રતાને ઇચ્છતી નથી, વ્યક્તિરૂપે કોઈ કોઈ ઉત્તમ પણ હોય છે, તથાપિ સમષ્ટિરૂપે સ્ત્રી ભોગ્ય હોવાથી પુરૂષને જાતિય આકર્ષણ કરે છે, તેથી તેનું ઘરકામો દ્વારા રક્ષણ કરવું તે જ યોગ્ય છે. વર્તમાનમાં વધી રહેલી રસોઈયા-ચાકરોની પદ્ધતિ ઘણી અહિતકર છે. સંપત્તિ, સત્તા, સન્માન વગેરેને પણ પચાવવાની ગંભીરતા સ્ત્રીમાં ન હોવાથી બીનજરૂરી અધિક ધન વગેરે તેને આપવાથી હાનિ થાય છે. સ્વતંત્ર રીતે જ્યાં ત્યાં ફરવાથી જેનો તેના પરિચયથી તેના લજ્જાદિ ગુણો નાશ પામે છે અને ઉત્તરોત્તર અનેકવિધ દોષોની પરંપરા ચાલે છે. ધનના લોભે સ્ત્રી નોકરી વગેરેથી કમાય અને માતા, પિતા કે પતિ વગેરે એ ધનથી સુખ ભોગવે, તે કન્યા વિક્રય કરતાં પણ ભયંકર છે. પુત્રીના ઘરનું પાણી પીવામાં પણ પૂર્વકાળે પાપ મનાતું, તે જીવન-વિકાસ માટેનું ગંભીર રહસ્ય હતું. તેનો નાશ થવાથી વધેલી વિડંબનાઓ અનુભવસિદ્ધ હોવાથી વિવેચનની જરૂર નથી. ખેતરની ઉત્તમતા પાકમાં કારણ છે, તેમ માનવજાતિની ઉત્તમતામાં માતા તરીકે સ્ત્રીનું ઘણું મહત્ત્વ છે. માતાના લોહીથી ઘડાતા માનવશરીરમાં અને શરીર દ્વારા જીવતા આત્મામાં માતાના તે તે ગુણ-દોષો પ્રગટ થાય છે, માટે સ્ત્રીજીવનની પવિત્રતા માટે આ, અને બીજી પણ વિવિધ કાળજી રાખવી તે પોતાને જ નહિ, માનવ સમાજને, રાષ્ટ્રને અને સમગ્ર વિશ્વને પણ હિતકર છે. વગેરે તત્ત્વ સૂક્ષ્મ અને મધ્યસ્થદૃષ્ટિથી વિચારતાં સમજાય તેવું છે. નિશ્ચય અને વ્યવહાર ધર્મની કે દ્રવ્ય અને ભાવની પરસ્પર સાપેક્ષતાને સમજનાર આ તત્ત્વને યથાર્થરૂપે સમજી શકે તેવું છે.

૬. ગુણીજનની વિનય-બહુમાન પૂર્વક સેવા વિના આત્મહિતકર શિક્ષા પ્રાપ્ત થતી નથી. પ્રાપ્ત થાય તો પણ હિત કરતી નથી. માટે કહ્યું છે કે સત્ શિક્ષણ સેવા-વિનયથી મળે છે. વિદ્યાગુરુ પાસેથી પણ ધન (પગાર) દ્વારા, સત્તાથી કે હક્કથી મેળવેલું શિક્ષણ કદાપિ આત્માને હિતકર બનતું નથી. બુદ્ધિને દૂષિત બનાવી અન્યાયના માર્ગે દોરી જાય છે. ગુણોની પ્રાપ્તિ ગુણોથી થાય, ધન-સત્તાના બળે કદાપિ ન થાય, તે વર્તમાન યુગમાં પ્રત્યક્ષ અનુભવાય છે.

સત્કાર્યોનો આદર-આગ્રહ રાખવો, અતિનિદ્રા, વિકથા, વિષય-કષાયો અને વ્યસનાદિ, એ પ્રમાદનો ત્યાગ, લોકાચારનું પાલન, લોકવિરોધનો ત્યાગ, સર્વત્ર ઔચિત્યપાલન અને પ્રાણાન્તે પણ અયોગ્ય-નિંદનીય કાર્યનો ત્યાગ, વગેરે શિષ્ટજનોના આચારો છે. તેની પ્રશંસા ધર્મવૃક્ષના બીજરૂપ હોવાથી તેનાથી પરલોકમાં પણ ધર્મની પ્રાપ્તિ અને પરિણામે મુક્તિ મળે છે. જેમ વંધ્યા-દૂધ વિનાની ગાયને ગળે ઘંટડી બાંધવાથી તેની કિંમત ઉપજતી નથી, તેમ ગુણ વિનાનો આડંબરી મહાન બની શકતો નથી. હાથીના દાંત તેના શરીર કરતાં નાના છતાં ઉજવળ હોવાથી અંધકારમાં પણ દેખાય છે તેમ ગુણી ગુણોથી સર્વત્ર આદર પામે છે, ગુણરહિત મહાન પણ જગતમાં આદરને પામતો નથી, માટે ધન, સત્તા કે બાહ્ય આડંબરને બદલે ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરવો જોઈએ. શિષ્ટાચારની પ્રશંસાથી જીવમાં ગુણો પ્રગટે છે, માટે ગુણીની જેમ ગુણોની પણ પ્રશંસા કરવી, તે ગૃહસ્થનો સામાન્ય ધર્મ છે.

૪-છ અંતરંગ શત્રુઓનો ત્યાગ – કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ, એ છ આત્માના અંતરંગ શત્રુઓ છે, માટે અયોગ્ય કાળે-સ્થળે કામ-ક્રોધાદિ કરવા નહિ, આ દોષો સજ્જનતાના ઘાતક હોઈ સંસાર વધારનારા છે, તેમાં ગૃહસ્થને પરપત્ની, કન્યા, કે વિધવા વગેરેની સાથે ભોગતૃષ્ણા તે **કામ,** અવિચારીપણે સ્વ-પર આપત્તિજનક હૃદયનો **રોષ**-ધમધમાટ, ગુસ્સાથી કઠોર બોલવું, કે કોપ કરવો તે **ક્રોધ,** દાનની વસ્તુ અને સુપાત્રાદિનો યોગ છતાં દાન ન કરવું, કે વિના કારણ પરાયા ધનની ઈચ્છા કરવી તે **લોભ,** દુરાગ્રહ કરવો, કે હિતકર પણ વચન ન સ્વીકારવું તે **માન,** પુણ્યથી મળેલું સારું કુળ, રૂપ, બળ, જાતિ, ધન, વિદ્યા, શરીર, વગેરેથી થયેલો અહંભાવ, કે બીજાની હલકાઈ કરવાનો મનનો ભાવ તે **મદ,** અને વિના કારણ બીજાને દુઃખી કરીને કે જુગાર, શિકાર, વગેરે પાપકાર્યો કરીને ખુશ થવું તે અહીં **હર્ષ** જાણવો. આ દોષો આત્માના ભાવશત્રુ તરીકે આ ભવમાં સુખ-સંપત્તિનો અને પરભવે સદ્ગતિનો નાશ કરનારા હોવાથી અવશ્ય તજવા જોઈએ.

૫ – ઇન્દ્રિયોનો જય – તે તે ઇન્દ્રિયોના તે તે શબ્દાદિ વિષયોમાં અધિક આસક્તિનો ત્યાગ, ઇન્દ્રિયોને વશ નહિ થતાં તેના ઉપર કાબૂ મેળવવાથી જીવને બાહ્ય-અભ્યંતર વિશિષ્ટ સંપત્તિ મળે છે. તત્ત્વથી ઇન્દ્રિયોનો સંયમ સર્વ સુખનો અને અસંયમ સર્વ દુઃખનો માર્ગ છે, ઇન્દ્રિયો જ સ્વર્ગ અને નરક છે. અહીં અધિક આસક્તિનો ત્યાગ કરવારૂપ મર્યાદા કહી, તેનું કારણ ગૃહસ્થના પણ માત્ર સામાન્ય ધર્મનું આ વર્ણન છે. સર્વથા ઇન્દ્રિયજય તો સાધુજીવનમાં જ થઈ શકે.

૬ – ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ – સ્વ-પર રાજ્યનો ભય, ક્ષોભ, કે દુષ્કાળ, મારી, મરકી, કોલેરાદિ રોગો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને તીડ, ઊંદર, પતંગીયાં વગેરે વિશેષ જીવોત્પત્તિ, ઈત્યાદિ ઉપદ્રવો કે પરસ્પર જોમાદિના વિરોધના કારણે મહાયુદ્ધ કે જોમી રમખાણ વગેરેથી જે ગામ, નગર વગેરે અસ્વસ્થ બને તેનો ત્યાગ કરવો. અન્યથા ત્યાં

રહેવાથી પૂર્વે મેળવેલા પણ ધર્મ-અર્થ-કામનો નાશ થાય, પુનઃ મેળવી પણ ન શકાય અને તેથી ઉભયલોકથી ભ્રષ્ટ થવાનું બને.

૭. ઘર સારા પાડોશમાં, અતિ જાહેર કે ગુપ્ત સ્થાનને તજીને, મર્યાદિત દ્વારોવાળું કરવું—કારણ કે સોબત તેવી અસર, એ ન્યાયે પાડોશી સારા જોઈએ. શાસ્ત્રોમાં કહ્યું છે કે **'संसर्गजा गुण-दोषा भवन्ति'** પ્રાયઃ તે તે ગુણો કે દોષો તેવા તેવા સંસર્ગથી પ્રગટે છે. લોકમાં પણ કહેવાય છે કે ગધેડા સાથે બાંધેલ ઘોડું ભૂંકતાં ન શીખે તો પણ લાત મારવાનું કે બચકું ભરવાનું તો શીખે ! માટે જ્યાં દાસ લોકો કે પશુઓથી ભાડાં વગેરેનો ધંધો કરનારા, લોકોને હસાડીને ધન મેળવનારા, મદારી, વગેરે હલકા લોકો, તથા સાધુ-સંન્યાસી વગેરે યાચકો રહેતા હોય, અથવા ચંડાળો, માછીમારો, પારધીઓ, શિકારીઓ, ભીલ્લો, વગેરે હિંસકો રહેતા હોય, તેવા પાડોશમાં ઘર-વાસ નહિ કરવો. જ્યાં ભૂમિમાં હાડકાં, કોલસા, વગેરે શલ્યો ન હોય, જ્યાં ઘરો, ડાભ વગેરે મંગળ વનસ્પતિ સહજ ઊગતી હોય, જ્યાં માટીનો વર્ણ-ગંધ શુભ હોય અને જ્યાં નીચે સ્વાદિષ્ટ જળ, ધન-નિધાનાદિ હોય, તેવી ભૂમિમાં ઘર કરવું. આ રીતે પાડોશ અને ભૂમિ સારી હોય ત્યાં પણ નિમિત્ત શાસ્ત્રોક્ત ગુણ-દોષ સૂચક શકુન, સ્વપ્નો તથા લોકપ્રવાદ, વગેરે જાણીને સારા સ્થળે ઘર કરવું. તે પણ રાજમાર્ગ જેવા અતિજાહેર, કે અતિ સાંકડી ગલી જેવા ગુપ્તસ્થળે નહિ કરવું. જાહેર માર્ગ ઉપર ચોર-લુંટારાદિનો ભય અને ઘણાં ઘરોથી ઢંકાએલું ગુપ્ત ઘર શોભે નહિ, અગ્નિ આદિનો ઉપદ્રવ થતાં જળ વગેરે મેળવવાં દુષ્કર બને, પેસવું-નીકળવું પણ મુશ્કેલ બને, માટે અતિજાહેર કે અતિગુપ્તસ્થળનો ત્યાગ કરવો. પાડોશ-ભૂમિ-નિમિત્તો-મહોલ્લો, વગેરે બધા ગુણોવાળું પણ ઘર પરિમિત દ્વારવાળું જોઈએ. ઘણાં દ્વારવાળા ઘરમાં ધનની અને સ્ત્રીઓની રક્ષા દુષ્કર બને માટે એક કે અનેક નહિ, પણ પરિમિત દ્વારવાળા ઘરમાં વસવું. આવું ઘર ધર્મપ્રવૃત્તિમાં સહાયક અને પોષક બને છે, માટે તેને ગૃહસ્થનો સામાન્ય ધર્મ કહ્યો છે.

૮. પાપથી ડરવાપણું—પાપનો ભય સર્વભયોમાંથી બચાવે છે, માટે પ્રત્યક્ષ અને પરોક્ષ પણ દુઃખ દેનારાં એવાં જુગારાદિ મહાવ્યસનોનો તથા બીજાં પણ રાત્રીભોજન આદિ નાનાં-મોટાં નિરર્થક પાપોનો ભય રાખવો. એવાં પાપો આ ભવમાં રાજદંડાદિનું અને પરલોકમાં ૮ દુઃખ-દારિદ્ર-દુર્ગતિ વગેરેનું કારણ બને છે. એક પાપના ભયથી બાહ્ય સાતે ભયો નાશ પામે છે.

---

૭. શ્રાદ્ધ ગુણ વિવરણમાં તો વેશ્યા, ભાંડ, નટ, ભાટ, મોચી, ચમાર, વગેરે હલકી આજીવિકાવાળાની કે દેવળની પાસે, ચોકમાં, ધૂર્ત, મંત્રી, મૂર્ખ, ચોર, વિધર્મી, અધર્મી, પાખંડી, નિર્લજ્જ, રોગી, ક્રોધી, અત્યંજ, માની, ગુરુસ્ત્રીભોગી, સ્વામિદ્રોહી, શિકારી, સાધુ કે સ્ત્રીહત્યા-બાળહત્યા વગેરે પાપો કરનારા, વગેરેનો પણ પાડોશ તજવાનું તે તે હેતુપૂર્વક કહ્યું છે.

૮. જુગાર, મદિરા, માંસ, પરસ્ત્રી, વેશ્યા, ચોરી અને શિકાર, વગેરે પાપોથી મહાસમર્થ રાજા-મહારાજાઓ પણ નાશ પામ્યાનાં અનેક દૃષ્ટાંતો જગપ્રસિદ્ધ છે.

૯. **પ્રસિદ્ધ દેશાચારનું સમ્યગ્ પાલન**—શિષ્ટજન-સંમત અને ઘણા કાળથી રૂઢ એવા જે જે દેશાચારો વ્યવહારરૂપ મનાતા હોય, તે જમવું-જમાડવું, જાતિ-વયને અનુરૂપ વસ્ત્રાલંકાર પહેરવા, પહેરામણી કરવી, વગેરે આચારોનું પાલન કરવું. અન્યથા લોકવિરોધ, ધર્મની નિંદા, વગેરે ઘણા અનર્થો થાય. અન્ય લોકો તો માને છે કે-"સમગ્ર વિશ્વને દ્વેષવાળું માનનારા જે મહાત્માઓ યોગના રહસ્યને પામ્યા છે અને લોકનું હિત કરવાં ઈચ્છે છે, તે યોગીઓ પણ દેશાચારનું ઉલ્લંઘન મનથી પણ કરતા નથી." તેથી ગૃહસ્થે તેનું પાલન અવશ્ય કરવું જોઈએ. દરેક સદાચારોમાં અધ્યાત્મ રહેલું છે, માટે લોકાચાર, દેશાચાર, કુળાચાર, વગેરેનું ગૃહસ્થે પાલન કરવું તે ધર્મ છે.

૧૦. **સર્વના અને રાજાદિના અવર્ણવાદ તો સર્વથા ન બોલવા**—કોઈનો પણ ઉત્તમ, મધ્યમ, કે અધમ દોષ જાહેર કરવારૂપ અવર્ણવાદને તજવો, પરના દોષ ગાવા એ મહાદોષ છે, દોષ ગાનારમાં તે તે દોષો પ્રગટે છે-વધે છે અને જીવન દુઃખમય બની જાય છે. (પ્રશમરતિ ગા. ૧૦૦માં કહ્યું છે કે) બીજાની હલકાઈ કરવાથી, તેના દોષો ગાવાથી, કે પોતાનો ઉત્કર્ષ કરવાથી જીવ કોડો ભવે પણ પૂર્ણ ન થાય તેવું નીચગોત્ર કર્મ ભવોભવ બાંધે છે. એમ સામાન્ય મનુષ્યના દોષો ગાવા તે પણ અયોગ્ય છે, તો રાજા, મંત્રી, પુરોહિત, કે અન્ય સત્તાધીશો વિગેરેના દોષો તો બોલાય જ કેમ! તેથી તો પ્રાણનો પણ નાશ થવા સંભવ છે. (એ રીતે દોષને સાંભળવાથી પણ મહા અનર્થ થાય છે, અપેક્ષાએ બોલનાર જેટલો કે તેથી પણ અધિક દોષ શ્રોતાનો છે) માટે પરનિંદા કરવા-સાંભળવાનો ત્યાગ કરવો.

૧૧. **આવકને અનુસારે ખર્ચ**—નીતિશાસ્ત્ર કહે છે કે આવકનો ચોથો ભાગ (ભવિષ્યના હિત માટે) નિધાન કરવો, ચોથો ભાગ વ્યાપારમાં, ચોથો ભાગ ધર્મકાર્યોમાં તથા પોતાના નિર્વાહમાં અને શેષ ચોથો ભાગ પોતાના આશ્રિત વગેરે પોષ્ય વર્ગના પોષણમાં વાપરવો. અન્ય મતે (વિશિષ્ટ સંપત્તિ-આવકવાળાએ) તો આવકમાંથી અડધો કે તેથી પણ અધિક ભાગ પરલોકના હિતાર્થે ધર્મકાર્યોમાં અને શેષ ભાગ તુચ્છ એવાં આ લોકનાં કાર્યોમાં વાપરવો.[૯] કહ્યું છે કે-આવકથી ઓછો ખર્ચ કરવો તે પંડિતાઈ છે, રોગ જેમ શરીરને ક્ષીણ બનાવી પુરુષને વ્યવહાર માટે અયોગ્ય બનાવી દે છે, તેમ આવકને વિચાર્યા વિના જે ઉડાઉપણે ખર્ચ કરે છે તે મોટો કુબેર હોય તો પણ ક્ષણમાં ભીખારી અર્થાત્ ધર્મ-કર્મ ઉભયને માટે અશક્ત બની જાય છે.

૧૨. **વેષ વૈભવને અનુસારે ધારણ કરવો**—પોતાની સંપત્તિ, આવક, વય, અવસ્થા તથા ગામ-નગર-દેશને અનુરૂપ વસ્ત્ર-અલંકાર વગેરે લક્ષ્મીની અને ધર્મની શોભા માટે પહેરવાં

૯. ધર્મ-ચોર-અગ્નિ અને રાજા એ ચાર ધનમાં ભાગીદાર છે, જો ધર્મમાં ન ખર્ચે તો બીજા ત્રણ બલાત્કારે પણ લુંટી જાય, પંચસૂત્રમાં બીજા સૂત્રમાં પણ શ્રાવકે આવકના પ્રમાણમાં દાન, ભોગ, પરિપાલન, અને સંગ્રહ કરવા જણાવ્યું છે.

જોઈએ. જેઓ ધનિક છતાં કૃપણતાથી તુચ્છ વેષ રાખે છે તેઓ નિંદાપાત્ર અને ધર્મ માટે પણ અયોગ્ય બને છે. સારો (ઉચિત) વેષ મંગળરૂપ હોવાથી તેવો વેષ ધારણ કરનાર મંગળભૂત બને છે, આકર્ષિત થઈને લક્ષ્મી પણ તેને ત્યાં આવે છે. કહ્યું છે કે લક્ષ્મી મંગળથી આવે છે, બુદ્ધિથી વધે છે અને કૌશલ્યથી સ્થિર-વશ થાય છે. ઇન્દ્રિયજય વગેરે સંયમ કરનારની લક્ષ્મી શોભે છે, પ્રશંસા પામે છે. માટે ઉચિત-વેષવાળો સર્વત્ર પ્રીતિપાત્ર તથા ધર્મને યોગ્ય બને છે.

૧૩. માતા-પિતાની પૂજા—માતા-પિતાને ત્રિકાળ પ્રણામ કરવો, ધર્મ કાર્યોમાં સહાય-સગવડ આપવી, તેઓની આજ્ઞા પાળવી, વસ્ત્ર-ભોજન વગેરે ઉત્તમ ભોગ પદાર્થો પ્રથમ તેમને આપવા, તેઓના જમ્યા પછી જમવું, સૂતા પછી સુવું, વગેરે સેવા-ભક્તિ પૂર્વક તેઓએ સ્વીકારેલાં વ્રત-નિયમાદિને બાધા ન થાય તે રીતે વ્યાપાર-વ્યવહારાદિ કરવો, તે તેઓની પૂજારૂપ છે. તેમાં પણ માતા અધિક પૂજ્ય છે, મનુસ્મૃતિમાં તો કહ્યું છે કે-દશ વિદ્યાગુરુ તુલ્ય એક ધર્માચાર્ય, સો ધર્માચાર્ય તુલ્ય પિતા અને સહસ્રપિતા તુલ્ય માતા ગૌરવનું પાત્ર છે. એથી માતાનું નામ પ્રથમ રહે છે.[૧૦]

૧૪. સદાચારીઓનો સંગ—પરોપકારી, સદાચારી, સજ્જનોનો સંગ દુરાચારથી બચાવી સદાચારી બનાવે છે અને ધૂર્ત, જુગારી, ભાટ, ભાંડ, નટ, વગેરેના સંગથી હોય તે પણ શીલ-સદાચાર નષ્ટ થાય છે, તત્ત્વથી આત્મા એકલો છે, સંયોગનો વિયોગ થાય જ છે, માટે સંગ કરવા યોગ્ય નથી, છતાં નિઃસંગ બનવા માટે સત્પુરુષોનો સંગ હિતકર છે, સંતોનો સંગ બંધનથી છોડાવે છે, માટે સદાચારીઓનો સંગ[૧૧] કરણીય છે.

૧૫. કૃતજ્ઞતા-ઉપકારીઓના ઉપકારને વિસરવા કે છુપાવવા નહિ તે કૃતજ્ઞતા છે. સજ્જન સદા ઉપકારીઓના ઋણની મુક્તિ માટે ચિંતાતુર રહે છે. શ્રીફળ બાલ્યકાળમાં પાણી પાનારને પ્રાણના ભોગે પણ મધુર જળ ભેટ કરે છે, એ તેના કૃતજ્ઞતા ગુણથી ફળોમાં તે મંગળભૂત ગણાય છે, તો સજ્જન ઉપકારને કેમ ભૂલે ? કૃતજ્ઞ પુરુષો શ્રીફળની જેમ મંગળરૂપ બની સ્વ-પર કલ્યાણને સાધે છે.

૧૬. અજીર્ણમાં ભોજનનો ત્યાગ-સર્વ રોગોનું મૂળ અજીર્ણ છે, માટે અજીર્ણ

૧૦. ગર્ભમાં અને જન્મ પછી પણ વિવિધ રીતે પ્રત્યક્ષ ઉપકારી માતા-પિતાની સેવા નહિ કરનારો બીજાઓની સેવા કરે તો પણ તે તત્ત્વથી સેવા નથી. પ્રત્યક્ષ ઉપકારી પ્રત્યે કૃતઘ્ન દેવ-ગુર્વાદિ પરોક્ષ ઉપકારીની સેવા કયા હેતુથી કરે ? એ વિચારતાં જ તેનું અજ્ઞાન વગેરે જણાશે. માતા-પિતાની સેવા કરનારો સમાજ, દેશ કે દેવ-ગુરુ-સાધર્મિક વગેરેની સાચી સેવા કરી શકે છે.

૧૧. ઉત્તમ સંગે રે ઉત્તમતા વધે, સધે આનંદ અનંતોજી-શ્રીમદ્ દેવચંદ્રજી.

પ્રસંગે જમવું નહિ. આ અજીર્ણના ચાર પ્રકારો છે, જેમાં મળ સડેલાં-મરેલાં માછલાંની ગંધ જેવો દુર્ગંધી થાય તે ૧-**આમ અજીર્ણ**, અપાન વાયુ દુર્ગંધી થાય તે ૨-**વિદગ્ધઅજીર્ણ**, મળ કાચો છૂટક છૂટક ઉતરે, અવયવો તૂટે-ભાગે, તે ૩-**વિષ્ટબ્ધઅજીર્ણ** અને આળસ-પ્રમાદ વધે તે ૪-**રસશેષઅજીર્ણ** જાણવું. આ લક્ષણો ઉપરાંત ભોજનની અરુચિ, ખાટા કે દુર્ગંધી ઓડકાર, વગેરે પણ અજીર્ણનાં લક્ષણો છે. અજીર્ણ વધવાથી મૂર્છા, બકવાટ, ઉલટી, અતિસાર-લાળ પડવી. તથા થાક, ચકરી, અને મરણ પણ સંભવિત છે.[૧૨]

૧૭. યોગ્ય કાળે પથ્ય ભોજન—રસની લોલુપતા તજીને ક્ષુધા જાગે ત્યારે યોગ્ય કાળે શરીર સ્વાસ્થ્યને અનુકૂળ પથ્ય પરિમિત ભોજન કરવું. કારણ કે ક્ષુધા લાગવા છતાં ભોજન ન કરવાથી જઠર મંદ પડતાં અરુચિ વધે, શરીર અશક્ત બને, માટે ક્ષુધા લાગે ત્યારે જ પથ્ય પણ પરિમિત જમવું. ભૂખ મરી ગયા પછી એક સાથે ભોજન લેવાથી પાચન ન થાય, તથા ભૂખ વિનાનું અમૃત ભોજન પણ ઝેર બને. ભૂખ લાગે ત્યારે પણ સાત્મ્ય એટલે પ્રકૃતિને અનુકૂળ આહાર-પાણી વાપરવાં. અહીં કોઈ કહે કે જન્મથી ઝેર વાપરનારને ઝેર પણ અનુકૂળ બને તો તે લેવામાં શું વાંધો ? ત્યાં સમજવું કે શરીરને અનુકૂળ છતાં આત્માને અહિત કરે તેવું ન લેવું, કિન્તુ ભક્ષ્ય અને પથ્ય લેવું. ઝેર પ્રાણઘાતક છે, શરીરમાં કૃમિ વગેરેનો નાશ કરે છે, માંસ મહાહિંસાથી બને છે અને કંદ-મૂળ વગેરે અભક્ષ્ય પદાર્થો બુદ્ધિમાં ફરતા વગેરે દોષો પ્રગટ કરીને મનુષ્યને મહાપાપી બનાવી દે છે. માટે પચે તેવો પણ ભક્ષ્ય, પરિમિત અને હિતકર આહાર લેવો.[૧૩] કહ્યું છે કે "જે થોડું ખાય છે તે ઘણું ખાય છે" મિતભાષી, મિતભોજી, વગેરે ઉત્તમ પુરુષનાં લક્ષણો છે. અભક્ષ્ય, રાત્રીભોજન, વગેરે મહાપાપ છે, એ વર્ણન પાછળ વ્રતાધિકારમાં સાતમા વ્રતમાં જણાવાશે.

૧૮. વ્રતધારી જ્ઞાનીઓની પૂજા—દુરાચારનો ત્યાગ અને સદાચારના પાલનરૂપ વ્રતો-નિયમોના પાલક, તથા હેયઉપાદેય વસ્તુનો વિવેક કરનારા, એવા ગુણોથી જે મોટા હોય તેવા જ્ઞાનવૃદ્ધ વ્રતધારી પુરુષોનું સન્માન, સત્કાર અને પ્રણામ કરવો, આસન આપવું, શરીર સેવા કરવી, આહાર-વસ્ત્ર-પાત્રાદિ ઉચિત વસ્તુઓ આપવી, વળાવવા જવું, વગેરે વિનયરૂપ સેવા કરવી. આવી સેવા કરવાથી કલ્પવૃક્ષની જેમ તેઓ સદુપદેશાદિ મોટાં ફળો આપે છે. વળી તેમના સંપર્કથી બીજા પણ વિશિષ્ટ ધર્માત્માઓનાં દર્શન-વંદન-મેળાપ વગેરે થાય અને

૧૨. અજીર્ણ છતાં ભોજન ન છોડી શકે તે અતિક્ષુધાળુ ત્યાગ-તપ-વૈરાગ્યરૂપ ધર્મને આરાધવા અસમર્થ જાણવો.

૧૩ તત્ત્વથી ભોજન માટે જીવન નથી પણ જીવન માટે ભોજન છે, માનવ જીવન ધર્મ સાધના માટે છે, માટે જીવન પવિત્ર અને શરીર નિરોગી બને તેવો આહાર ધર્મવૃદ્ધિ માટે લેવો.

પરિણામે તેઓની સેવાનો લાભ પણ મળે. એમ વૃદ્ધોની[૧૪] સેવાથી આદ્ય અભ્યંતર અનેક લાભો થાય છે.

૧૯. ગર્હિત પ્રવૃત્તિનો ત્યાગ—સામાન્ય લોકમાં કે સંતોમાં પણ નિંદનીય સુરાપાન, માંસાહાર, પરસ્ત્રી-સેવન, ઉપકારીનો દ્રોહ, શિકાર, જુગાર, વગેરે અધમ કાર્યોને તજવાં, કારણ કે સામાન્ય કુળવાળો છતાં[૧૫] સદાચારથી મહત્ત્વને પામે છે અને કુલીન છતાં અધમ આચારવાળાની કોઈ કિંમત થતી નથી.

૨૦. ભરણ પોષણ કરવા યોગ્યનું ભરણ પોષણ કરવું—માતા-પિતા, સ્ત્રી-પુત્રાદિ પરિવાર, આશ્રિતો, સગાં-સંબંધી, કે નોકર ચાકર, વગેરેનું યોગ-ક્ષેમ દ્વારા ભરણ-પોષણ કરવું. અહીં જરૂરી સામગ્રી મેળવી આપવી તે યોગ અને તેઓને મળેલી સામગ્રીનું રક્ષણ કરવું તે ક્ષેમ જાણવો. તેમાં એ વિશેષ છે કે માતા-પિતા, સતીસ્ત્રી અને સગીર કે વિકળ શરીરવાળા પુત્ર-પુત્રી આદિ, તેઓનું ભરણ-પોષણ તો નોકરી-ચાકરી-મજુરી વગેરે હલકી પ્રવૃત્તિ કરીને પણ કરવું. કહ્યું છે કે "હે લક્ષ્મીવંત ગૃહસ્થ! તારા ઘેર દરિદ્ર મિત્રો, પુત્ર વિનાની વિધવા બ્હેન, જ્ઞાતિના નિરાધાર વૃદ્ધો અને કુલીન દરિદ્રો, એ ચાર સદા વાસ કરો! અર્થાત્ ધનવાને એ ચારને તો પાળવા જ જોઈએ, તો જ તેનું ધન શોભે, સફળ થાય.[૧૬]

૨૧. દીર્ઘદૃષ્ટા થવું—કોઈ પણ કાર્યનું પરિણામ વિચારીને હિતકર કાર્ય કરવું. વગર વિચાર્યે કાર્ય કરનારને મોટી આપત્તિઓ આવે છે. કીરાતાર્જુનીય કાવ્યમાં કહ્યું છે કે "લાભ-હાનિનો વિચાર કર્યા વિના કામ ન કરવું, અવિવેક મહા આપત્તિજનક છે, પરિણામ વિચારીને પ્રવૃત્તિ કરનારને ગુણાનુરાગિણી સર્વ સંપદાઓ સ્વયમેવ વરે છે."[૧૭]

---

૧૪. જેમ સીડીના આલંબનથી ઉંચે ચઢી શકાય, તેમ ગુણવાનોના આલંબનથી આત્માનો ઉત્કર્ષ થાય છે. એ આલંબન સેવાદ્વારા મળે છે, માટે આત્માર્થીએ જ્ઞાનવૃદ્ધ સદાચારી એવા ઉત્તમ પુરુષોની સેવા કરવી હિતકર છે.

૧૫. અહીં 'અધમ આચારવાળાના કુળની મહત્તા નથી' એમ કહ્યું, તેમાં આચારનું મહત્ત્વ જણાવ્યું છે. આચાર સારા હોય તો કુળ શોભે છે. અન્યથા ઉત્તમકુળ પણ કલંકિત થાય છે, એમ સમજવાનું છે. એનો અર્થ એવો નથી કે સદાચારી અધમકુળનો હોય તો પણ તેને વ્યવહારમાં મોટો ગણવો! વસ્તુત: ઉત્તમ કુળથી સદાચાર સુલભ અને સુરક્ષિત બને છે અને સદાચારથી કુળ શોભે છે. એમ બન્ને પરસ્પર હિતકર બને છે. માટે કુલીન પુરુષે પણ નિંદનીય પ્રવૃત્તિને તજવી જોઈએ.

૧૬. નિરાધાર પશુ-પક્ષી આદિ અને આંધળા-બ્હેરા-બોબડા વગેરે મનુષ્યોને પાળવા એ પણ ધનિકનું કર્તવ્ય-ધર્મ છે. જેઓ આ રીતે ભર્તવ્યનું ભરણ-પોષણ કરે છે, તેની દેવ-ગુરુ-ધર્મની ભક્તિ વગેરે ધર્મકાર્યો શોભે છે. જે આશ્રિતોની ઉપેક્ષા કરીને ધર્મમાર્ગે ધન ખર્ચે છે, તેનો ધર્મ શોભતો નથી અને આત્મહિત પણ થતું નથી.

૧૭. મનુષ્યને મળેલી બુદ્ધિનું પણ ફળ એ જ છે, પરિણામ વિચાર્યા વિના પ્રવૃત્તિ કરનાર મનુષ્ય અને પશુમાં કોઈ ભેદ નથી. અવિવેકીની બુદ્ધિ પણ પરિણામે નષ્ટ થાય છે, અને અન્ય ભવમાં તે માઠી ગતિને પામે છે.

૨૨. ધર્મશ્રવણ કરવું—જે રીતે નીરોગી, બુદ્ધિશાળી, યુવાન પુરુષ તરુણ સ્ત્રી સાથે બેસીને દૈવી સંગીતને આદરથી સાંભળે, તે રીતે આ ગ્રન્થમાં કહેલા ઉત્તરોત્તર હિતકર મોક્ષસાધક એવા ધર્મનું શ્રવણ દરરોજ કરવું જોઈએ, એકાગ્રતાથી ધર્મશ્રવણ કરવાથી ચિત્તનો થાક ઉતરે છે, કષાયો-શોક-સંતાપ ટળે છે, સંકટમાં સૂઝ પ્રગટે છે, અને વ્યાકુળ-અસ્થિર બનેલું મન શાન્ત થાય છે. જો કે આ વર્ણન બુદ્ધિના આઠ ગુણોમાં કરવાનું છે, છતાં નિત્ય ધર્મશ્રવણથી ઉત્તરોત્તર અનેક ગુણો પ્રગટે છે, એમ શ્રવણનું ફળ જણાવવા આ ગુણને ભિન્ન કહ્યો છે.

૨૩. દયા-દુઃખી પ્રાણીઓને જોઈ પ્રગટતી કોમળ લાગણી અને શક્તિ પ્રમાણે તેને દુઃખથી બચાવવાની ઇચ્છા, તેને દયા કહી છે. પ્રાણી માત્ર પ્રત્યે દયાળુને સર્વ પ્રવૃત્તિમાં સુંદર જયણાના કારણે દયા મુખ્ય રહે છે, દયા[૧૮] ધર્મનું મૂળ છે, તે જેનામાં પ્રગટે તેની જ ક્ષમા વગેરે ધર્મ આરાધના તાત્ત્વિક બને.

૨૪. બુદ્ધિના આઠ ગુણોનો યોગ—"**सुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।**
ऊहाऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ॥" ૧. **સુશ્રૂષા**-તત્ત્વશ્રવણની ઇચ્છા, ૨. **શ્રવણ**-સાંભળવું, ૩. **ગ્રહણ**-ઉપયોગથી સાંભળીને ગ્રહણ કરવું, ૪. **ધારણ**-ગ્રહણ કરેલું વિસરવું નહિ, ૫. **ઊહ**-સાંભળેલા તત્ત્વને જ્યાં જે વિષયમાં ઘટિત હોય ત્યાં ઘટાવવું, અથવા પદાર્થનું સામાન્ય જ્ઞાન, ૬. **અપોહ**-સાંભળેલાં વચનોથી અથવા યુક્તિથી હિંસાદિ પાપોનો ત્યાગ કરવો, અથવા પદાર્થનું તે તે ગુણ-પર્યાયપૂર્વકનું તે તે નય સાપેક્ષ વિશેષજ્ઞાન, ૭. **અર્થવિજ્ઞાન**-ઉહાપોહથી થયેલું ભ્રમ-સંશય-વિપર્યય વગેરેથી રહિત યથાર્થજ્ઞાન, અને ૮. **તત્ત્વજ્ઞાન**-"આ એમ જ છે" એવું નિશ્ચિત-નિર્દોષજ્ઞાન, આ આઠે ગુણો ઉત્તરોત્તર બુદ્ધિની વિશુદ્ધિ-વિકાસરૂપ છે, આ ગુણવાળો કદાપિ દુઃખી થતો નથી, માટે તેનો જ્યાં જે રીતે ઘટે ત્યાં તે તે રીતે યોગ કરવો.[૧૯]

---

૧૮. ધર્મ કરવા છતાં જે દયા-જયણા વગેરે કરતો નથી તેની ધર્મક્રિયા તત્ત્વથી ધર્મને દૂષિત કરે છે, ધર્મ તો શ્રેષ્ઠ જ છે પણ તેનો કર્તા અવિવેકી હોય ત્યારે ધર્મની અપભ્રાજના થાય છે. તત્ત્વથી અનધિકારી અયોગ્ય જીવો મોહવશ ધર્મને કરે છે, ત્યારે ધર્મવૃદ્ધિને બદલે ધર્મનો હ્રાસ થાય છે.

૧૯. માનવ જીવનમાં સંસાર સમુદ્રથી તરવા માટે બુદ્ધિ ધર્મસ્ટીમરના સુકાનરૂપ છે. આવી સંપૂર્ણ બુદ્ધિ મનુષ્યને જ મળે છે માટે તેનો મોક્ષ થઇ શકે છે. અહીં કહેલા આઠે ગુણો ધર્મથી સંસ્કારિત થયેલી બુદ્ધિના છે. તેથી વિપરીત અધર્મવાસિત કુબુદ્ધિ ભવભ્રમણનું કારણ હોવાથી તે ત્યાજ્ય છે. જગતમાં ઘઉંચણાં, અનાજ, ગોળ, સાકર, કે સામાન્ય ધાતુ, ચાંદી, સોનું અને ઝવેરાતની પરીક્ષા માટે ઉત્તરોત્તર વિશિષ્ટ બુદ્ધિની આવશ્યકતા છે, તો અતિગહન ધર્મતત્ત્વની પરીક્ષા માટે મધ્યસ્થ, સૂક્ષ્મ, અને પારિણામિકી બુદ્ધિ જોઇએ જ, તેના અભાવે દૂષિત બુદ્ધિને વશ જેઓ ધર્મનું મનઃકલ્પિત સ્વરૂપ માને-મનાવે છે તેઓ સ્વ-પર દ્રોહી બની સંસારે પરિભ્રમણને વધારે છે.

૨૫. ગુણોમાં પક્ષપાત—સ્વ-પર હિતકર આત્મગુણસાધક સૌજન્ય, ઔદાર્ય, દાક્ષિણ્ય, સ્થૈર્ય, પ્રિયભાષિત્વ, ઔચિત્ય, વગેરે ગુણોનું અને તેવા ગુણીનું બહુમાન, પ્રશંસા, કે સહાય કરવી, વગેરે ગુણોનો પક્ષપાત છે. ગુણોના પક્ષપાતી જ અવન્ધ્ય એવા પુણ્ય બીજને સિંચન કરતા આલોક-પરલોકમાં ઉત્તમ ગુણલક્ષ્મીના સ્વામી બને છે.[૨૦]

૨૬. સદા દુરાગ્રહથી બચવું—અન્યના પરાભવ માટે અન્યાય કરવો તે દુરાગ્રહ કહેવાય છે. આ દુરાગ્રહ હલકા મનુષ્યને હોય છે. જેમ હઠથી સામા પુરે તરનાર માછલું થાકવા સિવાય કંઈ હિત કરતું નથી, તેમ દુરાગ્રહી અન્યાય વગેરે કરીને થાકે છે. હલકો પણ મનુષ્ય અમુક સમય કે કામ પૂરતો દુરાગ્રહ તજી દે તેટલા માત્રથી તે ગુણી નથી, સદાય દુરાગ્રહને તજવો જોઈએ.

૨૭. સદા વિશેષજ્ઞ બનવું—પદાર્થનું સારા-નરસાપણું, કાર્યોમાં કર્તવ્ય-અકર્તવ્યતા, સ્વ-પરમાં ગુણ-દોષાદિરૂપ તારતમ્ય, વગેરે તફાવતોને વિશેષ કહેવાય છે, દરેક કાર્યમાં આ વિશેષનું નિશ્ચિતજ્ઞાન જરૂરી છે, આવું જ્ઞાન ન હોય તે પુરુષ અને પશુમાં કંઈ અંતર નથી, દરેક વ્યવહારો આ વિશેષજ્ઞાનથી જ ચાલે છે, અથવા પોતાના જ જીવનમાં દરરોજ ગુણ-દોષની ગવેષણા કરવી, હાનિ-વૃદ્ધિને વિચારવી, તે વિશેષજ્ઞતા છે. માટે પોતાના ગુણ-દોષની વૃદ્ધિ-હાનિને દરરોજ વિચારવી, કોઈ દિવસ પૂરતો આવો વિચાર સામાન્ય મનુષ્યને પણ થાય, તેટલા માત્રથી તે ગુણ નથી, આ વિચાર દરરોજ સતત કરવો જોઈએ.

૨૮. યથાયોગ્ય અતિથિ સાધુ અને દીનની સેવા કરવી—અહીં પર્વ-અપર્વના વિભાગ વિના દરરોજ સત્પ્રવૃત્તિ કરનાર તેને અતિથિ જાણવો, સદા ઉત્તમ આચારવાળા હોવાથી સર્વલોકમાં કોઈ જેનો અવર્ણવાદ ન કરે તે સાધુ અને ધર્મ-અર્થ-કામની સાધના માટેની જેની શક્તિ ક્ષીણ થઈ છે તે દીન જાણવો. આ અતિથિ, સાધુ અને દીન પ્રત્યે જેને જે જેટલું યોગ્ય હોય તેને તે તેટલી વસ્ત્ર-પાત્ર અન્ન-પાણી વગેરેથી સેવા કરવી જોઈએ. વિવેક વિના સર્વ પ્રત્યે સમાન વ્યવહાર કરવો તે તેની વાસ્તવિક સેવા નથી પણ વ્યવહાર માર્ગનો લોપ છે. ઔચિત્યનું ખૂન છે. ઔચિત્ય વિનાનો કોઈ પણ ગુણ તે દોષ છે. દાનાદિ ધર્મમાં, કે ખાન, પાન, શયન, કમાવું, બોલવું વગેરે સર્વ કાર્યોમાં ઔચિત્ય ન હોય તો તે નિંદારૂપ અને અહિતકર બને છે.[૨૧]

---

૨૦. ગુણનો પક્ષ એ મોક્ષનું બીજ છે, તેનાથી પુણ્યાનુબંધી પુણ્યને પામી જીવ મોક્ષનો અધિકારી બને છે.

૨૧. અંતઃકરણથી સદ્ભાવ સર્વ પ્રત્યે એક સરખો કરણીય છે, પણ વ્યવહારમાં તો સર્વત્ર વિવેક-ઔચિત્યનું જ પ્રાધાન્ય છે. હીરાનો હાર પગે ન બંધાય, કે જરીયાન મોજડી પણ માથે ન પહેરાય, જેમ ડૉક્ટરને સર્વ દર્દીઓ પ્રત્યે હિતબુધ્ધિ સમાન છતાં દવા, પરેજી, કે સારવાર ભિન્ન ભિન્ન રીતે કરાય છે, તેમ સર્વના જીવત્વ પ્રત્યે સદ્ભાવ સમાન છતાં વ્યવહારમાં વિવેક હોય તો જ હિત થાય. ધર્મના નિશ્ચય અને વ્યવહાર, બે ભેદોમાં આ જ ભિન્નતા-વિવેક છે, માટે સર્વની સાથે ઘટિત ઉચિત આચરણ કરવું.

૨૯. ધર્મ-અર્થ અને કામ ત્રણને પરસ્પર બાધા ન થાય તેમ સાધવા– અહીં ૧–જેનાથી સદ્ગતિ વગેરે અને પરિણામે મોક્ષ મળે તે ધર્મ, ૨–જેનાથી ગૃહસ્થાશ્રમનાં સર્વ કાર્યો સાધી શકાય તે અર્થ (ધન), અને ૩–ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયોમાં આભિમાનિક રસરૂપ પ્રીતિ તે કામ. ગૃહસ્થે એ ત્રણે પરસ્પર બાધક ન થાય તે રીતે સાધવા–સેવવા જોઈએ. અન્યથા આભવ–પરભવ બન્ને બગડે છે. તેમાં જે વિષયાન્ધ બની ધર્મ અને ધનને ધક્કો મારે, તે વિષયાંધ હાથી બંધનમાં ફસાય છે તેમ કર્મબંધદ્વારા–દુર્ગતિઓનાં બંધનોથી દીર્ઘકાળ દુઃખી થાય છે, જે ધર્મ અને કામને ધક્કો મારી કેવળ ધન ભેગું કરે છે તે સિંહની જેમ માત્ર પાપનો ભાગી બને છે, સિંહ હાથીનો ઘાત કરે છે અને તેનું માંસ બીજા જંગલી પ્રાણીઓ ખાય છે. તેમ તેનું ભેગું કરેલું ધન બીજા ભોગવે છે અને પોતે કરેલાં પાપોથી દુર્ગતિઓમાં અતિ નિર્ધન અને દુઃખી દશા ભોગવતો ભટકે છે. ત્રીજો પ્રકાર અર્થ-કામનો અનાદર કરીને ધર્મ કરવો, તે આચાર તો સાધુઓનો છે. ગૃહસ્થનો નહિ.[૨૨] ધર્મને બાધા થાય તે રીતે અર્થ–કામની સેવા કરનાર બીજાને ખાઈ જનાર ખેડૂતની જેમ દુઃખી થાય છે. અંતે તેના અર્થ–કામ પણ નાશ પામે છે. ધર્મની ઉપેક્ષા કરનાર કોઈ પૂર્વપુણ્યોદયે આ ભવમાં દુઃખી ન પણ થાય, તો પણ ભવિષ્યમાં તે દુઃખી થાય જ. મૂળ વિના વૃક્ષ ન ટકે તેમ સુખનું મૂળ ધર્મ હોવાથી તેના અભાવે સુખનો નાશ થાય જ. માટે શાણા પુરુષે ધન અને ભોગ માટે ધર્મને ધક્કો મારવો યોગ્ય નથી. વળી ધનની ઉપેક્ષા કરીને ધર્મ અને ભોગની સેવા કરનારો દેવાદાર બની ધર્મ–ભોગ બન્નેને ગુમાવે અને ભોગનો અનાદર કરી ધર્મ તથા ધનની સેવા કરનારનો ગૃહસ્થાશ્રમ જ દુઃખમય બને. અહીં ધનનો સંચય નહિ કરતાં બધું ખરચી નાખે તે **તાદાત્વિક**, દાદા–પિતા વગેરેના વારસાગત ધનને અન્યાયથી ખાઈ જાય તે **મૂળહર** અને નોકરોની, કુટુંબની, કે પોતાની પણ પીડાને અવગણીને માત્ર ધનને જ ભેગું કરે તે **કદર્ય** કહેવાય છે. તેમાં તાદાત્વિક અને મૂળહરને ધનનો નાશ થતાં અર્થ–કામ પણ નાશ પામે છે અને કદર્યનું ધન રાજા, ભાગીદારો કે ચોર વગેરેને ભોગ્ય બને છે, એમ ધર્મ–અર્થ–કામની પરસ્પર બાધાથી ત્રણેય દુઃખી થાય છે, તેથી ગૃહસ્થે ત્રણેને પરસ્પર બાધા ન થાય તેમ વર્તવું જોઈએ. છતાં તેમ ન થઈ શકે તો ભોગની ઉપેક્ષા કરીને ધર્મ અને ધનની રક્ષા કરવી, એથી પરિણામે ભોગની પણ પ્રાપ્તિ થાય. એ પણ શક્ય ન હોય તો અર્થ–કામની ઉપેક્ષા કરીને ધર્મની રક્ષા કરવી, કારણ કે ધર્મથી ધન અને ભોગ પણ સધાય છે. કહ્યું છે કે–ભીખ માગતાં પણ ધર્મ સચવાય

૨૨. તેવું કરનારે સાધુતા સ્વીકારવી યોગ્ય છે, અન્યથા લોકોમાં તેના ધર્મથી અપભ્રાજના અને પરિવારમાં વિરોધ, વગેરે વિવિધ દોષો સંભવિત છે.

તો સમજવું કે મારે સર્વસ્વ છે કારણ કે સત્પુરુષોનું સાચું ધન એક ધર્મ જ છે.[૨૩]

૩૦. **નિષિદ્ધ દેશ-કાળની ચર્યાનો ત્યાગ**—જ્યાં જવાનો નિષેધ હોય તેવાં જેલ, વધસ્થાનો, બીજાનું અંતઃપુર, સ્મશાન, નિર્જનઘર અને ચોર, વેશ્યા, ભાંડ, ભવાયા, નટ વગેરેનાં સ્થાને જવાથી વિવિધ આપત્તિઓનો સંભવ રહે, તેથી તેવા સ્થાને ન જવું, તથા સર્વ પ્રજા સુઈ ગયા પછી રાત્રીએ બહાર ફરવાથી, કે મધ્યાહ્ને, સાયંકાળે કે રાત્રીના કાળે પરદેશ પ્રયાણ કરવાથી રાજદંડ, ચોર-લુંટારાનો ઉપદ્રવ, વિગેરે થાય માટે તેવાં સ્થળ-કાળે તે તે કાર્યો નહિ કરવાં.[૨૪]

૩૧. **બલાબલનો વિચાર કરવો**—બલાબલ એટલે સ્વ-પરગત દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવસાપેક્ષ[૨૫] સામર્થ્ય-અસામર્થ્યનો વિચાર કરીને દરેક કાર્યો કરવાં. ક્રોધાદિને તજીને, શમપૂર્વક, પોતાની શક્તિને અનુસારે યોગ્ય કાળે અને યોગ્ય સ્થાને, પ્રયત્ન કરનારની શક્તિ દિન-પ્રતિદિન વધે છે અને તેથી વિપરીત શક્તિ ઉપરાંત કરનારની શક્તિ હોય તે પણ ક્ષીણ થાય છે. માટે હિતાર્થીએ સમય, મિત્રોનો સહકાર, સ્થાન, આવક-જાવક, વગેરે અને હું કોણ છું ? મારી યોગ્યતા કેટલી છે ? તે વારંવાર વિચારવા પૂર્વક સઘળાં કાર્યો કરવાં જોઇએ.

૩૨. **યથાયોગ્ય લોકના ચિત્તને અનુસરવું**—જેનો જેનો સંપર્ક થાય તેના ચિત્તને અનુકૂળ વર્તવું. અન્યથા તેને અણગમો, અને આપણા સાચા પણ વચન પ્રત્યે અનાદર થાય, આપણી ધર્મક્રિયાને પણ કિંમત વિનાની ગણે, તથા સદનુષ્ઠાનો પ્રત્યે અનાદર થવાથી તેને પણ કર્મબંધ અને ધર્મની લઘુતા થાય, વગેરે વિવિધ હાનિ વિચારીને લોકના ચિત્તનો વિરોધ ન થાય તે રીતે વર્તવું. કહ્યું છે કે "સર્વ ધર્મી પુરુષોને લોક આધારભૂત છે માટે લોક વિરુદ્ધ કાર્યો તજવાં."[૨૬]

---

૨૩. અહીં અર્થ-કામની સાધનાનું વિધાન કર્યું તે એકાન્તે ધર્મની (સર્વવિરતિની) યોગ્યતા ન પ્રગટે ત્યાં સુધી તે યોગ્યતા પ્રગટાવવા માટે સમજવું. કારણ કે અર્થ-કામ-ધર્મ અને મોક્ષ એમ ચાર પુરુષાર્થો કહ્યાં છે, તેમાં તત્ત્વથી તો એક મોક્ષ જ સાધ્ય છે અને તેના કારણ રૂપે ધર્મ સાધ્ય છે. અર્થ અને કામ તત્ત્વથી સાધ્ય નથી-હેય છે, પણ જ્યાં સુધી એક ધર્મની જ સાધના માટે જીવ યોગ્ય ન બને ત્યાં સુધી તે યોગ્યતા પ્રગટાવવા માટે ગૃહસ્થને વ્યવહાર નયથી તેની સાધના કરણીય છે.

૨૪. ઉત્તમ મનુષ્યે પોતાની ઉત્તમતા અખંડ રહે અને વધે એ લક્ષ્યથી સર્વ કાર્યો કરવાં જોઇએ, લોકમાં હીન મનાતા ક્ષેત્ર કે કાળ તજવાથી સૌજન્યનું રક્ષણ થવા સાથે કાર્યસિદ્ધિ થાય અને એથી વિપરીત ક્ષેત્ર-કાળે કાર્ય બગડે અને અપયશ વધે.

૨૫. જેમ એક કાપડના વેપારમાં પણ ઋતુને અનુકૂળ કાપડ, બજારમાં દુકાન, ઘરાકને અનુકૂળ સમય અને ઘરાકની તથા કાપડની, માલ-જાતની પીછાણ સાથે બજારની રુખ જોવાની બુધ્ધિ પણ જોઇએ. અન્યથા કમાવાને બદલે નુકશાન થાય, તેમ સર્વ કાર્યોમાં બધી રીતે બળાબળ વિચારીને પ્રવૃત્તિ કરવી જોઇએ.

૨૬. સર્વ જીવોની રુચિ સ્વ-સ્વ ક્ષયોપશમ પ્રમાણે હોય છે, તેથી તેની સત્કાર્યમાં રુચિ સચવાય અને વધે તે રીતે તેની સાથે વર્તવું જોઇએ, માતાનો પુત્ર પ્રત્યે પ્રેમ શ્રેષ્ઠ હોય અને ભોજન પણ શ્રેષ્ઠ હોય,

૩૩. પરોપકાર કરવામાં ચતુરાઈ—ચતુર પરોપકારી એવા મનુષ્યનું દર્શન સર્વને આનંદપ્રદ બને છે.[૨૭]

૩૪. લજ્જા—લજ્જાળુ કરેલી પ્રતિજ્ઞાને પ્રાણાન્તે પણ પાળે છે. માતા તુલ્ય ઉત્તમ વાત્સલ્યવાળી અને વિવિધ ગુણોને પ્રગટાવનારી લજ્જાને અનુસરનાર પ્રતિભાશાળી પુરુષ મરણને સ્વીકારે છે પણ પ્રતિજ્ઞાને ભાંગતો નથી.[૨૮]

૩૫. સૌમ્યતા—અક્રૂર-શાન્તપ્રકૃતિવાળાને સર્વ સુખે સુખે અનુસરી શકે છે અને ક્રૂર મનુષ્ય પ્રાયઃ બીજાને ઉદ્વેગ કરાવે છે, માટે સૌમ્ય પ્રકૃતિ ધર્મ માટે જરૂરી છે.

એ રીતે ગૃહસ્થના સામાન્ય ધર્મનું વર્ણન કર્યું. અહીં કહેલા "**ન્યાયથી** ધન મેળવવું, સુસ્થાને ઘર બાંધવું, માતા-પિતાની પૂજા કરવી," વગેરે વિધાનો શાસ્ત્રમાં પ્રત્યક્ષ મળતાં નથી, તો પણ શિષ્ટાચારરૂપે આને ધર્મ કહ્યો છે, શાસ્ત્રમાં શિષ્ટાચારને ધર્મ કહ્યો છે, આ ગુણો શિષ્ટ પુરુષોએ પાળેલા છે અને આજે પણ પાળે છે. શિષ્ટ પુરુષો આગમમાં ન હોય તેવું પણ જે આચરણ કરે તે આગમરૂપ ગણાય છે, એમ ધર્મરત્નપ્રકરણ વિગેરે ગ્રન્થોમાં કહ્યું છે.

અહીં વિશેષ સમજવાનું છે કે 'ધન કમાવું' એ ધર્મ નથી પણ 'ન્યાયનું પાલન કરવું' તે ધર્મ છે, એ રીતે ઘર કરવું એ ધર્મ નથી પણ 'સુસ્થાને' એ ધર્મ છે, વગેરે અનુવાદ્ય અને વિધેય અંશનો વિભાગ કરી માત્ર વિધેય અંશ તે ધર્મ છે એમ સ્વયં વિવેક કરવો.

ભિન્ન ભિન્ન નયથી ધર્મની વ્યાખ્યા અને સમન્વય - પ્રશ્ન-'ન્યાયનું પાલન' વગેરે અંશોને અહીં ધર્મ કહ્યો તે ઉપદેશ-પદમાં કહેલી ધર્મની વ્યાખ્યા સાથે ઘટતું નથી, કારણ કે ત્યાં તો માતા-પિતાદિ પ્રત્યે હંમેશાં વિનય વૈયાવચ્ચાદિ સતત સત્પ્રવૃત્તિ કરવી તેને **૧-સતતાભ્યાસ, મોક્ષમાર્ગના નાયક શ્રી અરિહંતોનું** વાર વાર પૂજન, દર્શન, કે નમન કરવું તેને **૨-વિષયાભ્યાસ**

પણ પુત્રની વય, રુચિ અને પથ્યનો વિચાર કરી તેને ક્રમશઃ સ્તનપાન, દૂધ, હલકું ભોજન, આપીને પરિણામે ભારે પણ ખોરાક અપાય છે. રોગીને પણ પથ્ય હલકું ભોજન આપીને ક્ષુધા અને રુચિ વધારી શકાય છે. તેમ ધર્માનુષ્ઠાન માટે પણ સામાને અનુકૂળ વર્તન કરી રુચિ વધારી શકાય છે. એ કારણે ધર્મોપદેશ પણ શ્રોતાની રુચિ, યોગ્યતા વિચારીને તેને રુચે તે રીતે કરવાનું વિધાન છે. વર્તન પણ સામાની રુચિ સચવાય તે રીતે કરવું જોઈએ.

૨૭. પરોપકારી અને કૃતજ્ઞ એવા બે પુરુષોના આધારે વિશ્વ ટકી રહ્યું છે, એમ શાસ્ત્રજ્ઞો કહે છે, માટે જીવન પરોપકારથી સફળ કરવું જોઈએ. જડ છતાં અંતરનો ચંચા પુરુષ વાવેતરનું, રાખ અનાજનું, દાંતમાં પકડેલું તૃણ પ્રાણોનું અને ધ્વજ મકાનનું રક્ષણ કરે છે, તો ચૈતન્યવંત મનુષ્યને પરોપકાર કર્યા વિના કેમ ચાલે? મનુષ્ય ચાર પ્રકારના હોય છે. ૧-અપકારી પ્રત્યે પણ ઉપકાર કરનાર, ૨-ઉપકારી પ્રત્યે ઉપકારી, ૩-ઉપકારીને વિસરી જનાર અને ૪-ઉપકારી પ્રત્યે અપકાર કરનાર. એમાં પ્રથમના બે જ મનુષ્ય છે, તેઓ જ ધર્મ માટે યોગ્ય છે, છેલ્લા બે પ્રકારો તો પશુ કરતાં પણ બદતર છે.

૨૮. નિર્લજ્જ-ધિઠ્ઠ પુરુષ ધર્મ માટે અયોગ્ય છે, તે સજ્જનોનો સંગ કરી શકતો નથી, પરિણામે વિવિધ દોષોને વશ પડી જીવન નિષ્ફળ ગુમાવે છે.

અને સંસાર પ્રત્યે નિર્વેદ પૂર્વક સમ્યગ્ દર્શનાદિ આત્મગુણોનું પુનઃ પુનઃ પરિશીલન કરવું તેને ૩-**ભાવાભ્યાસ.** એમ ધર્મના ત્રણ પ્રકારો જણાવી ત્રીજા ભાવાભ્યાસને જ ધર્મ કહ્યો છે, સતતાભ્યાસ અને વિષયાભ્યાસરૂપ અનુષ્ઠાનો ધર્મરૂપ નથી, એમ ત્યાં કહ્યું છે.

ઉત્તર-ઉપદેશપદની ધર્મની વ્યાખ્યા-સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રને અનુસરતા આત્માના શુદ્ધ અધ્યવસાયોને જ ધર્મ માનનાર નિશ્ચય નયની અપેક્ષાયે છે. તે નય સતતાભ્યાસ, વિષયાભ્યાસરૂપ અનુષ્ઠાનમાં ધર્મ માનતો નથી, માટે ત્યાં એ બેનો નિષેધ કર્યો છે, અહીં તો અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત, માર્ગાનુસારી, વગેરે પહેલા ગુણસ્થાનવર્તી પણ શુભ અધ્યવસાયવાળા સર્વ વિશિષ્ટ જીવોના અધ્યવસાયોને પણ ધર્મ માનનારા વ્યવહારનયની અપેક્ષાયે વ્યાખ્યા કરેલી હોવાથી સતતાભ્યાસ વિષયાભ્યાસને પણ ધર્મ કહેવામાં કોઈ વિરોધ નથી. **વ્યવહાર નય તો પ્રથમ ગુણસ્થાનકવર્તી અપુનર્બંધકાદિ સર્વ જીવોનાં પણ શુભ અનુષ્ઠાનોને ધર્મ માને છે.**

પ્રશ્ન-ઉપદેશપદમાં નિશ્ચયથી સાતમા ગુણસ્થાનકથી ધર્મ કહ્યો અને ધર્મસંગ્રહણીમાં તો નિશ્ચયથી ચૌદમા ગુણસ્થાનકના અંત સમયે જ ધર્મ હોય, તેની પૂર્વે તો ધર્મની સાધના હોય, ધર્મ ન હોય, એમ કહ્યું છે. તે કેમ ઘટે?

ઉત્તર-નિશ્ચય નય પણ શુદ્ધ અને ઉપચરિત એમ બે પ્રકારે છે, તેમાં ધર્મસંગ્રહણીમાં કરેલી વ્યાખ્યા કેવળ ચારિત્રને માનનારા એવંભૂત નામના શુદ્ધ નિશ્ચયનયને અનુસારે છે અને ઉપદેશપદની વ્યાખ્યા તે શુદ્ધ એવંભૂત નયની પ્રાપ્તિમાં હેતુભૂત જે જ્ઞાનાદિ અધ્યવસાયો તેને પણ ધર્મ માનનાર જે ઉપચરિત એવંભૂત નય, તેને અનુસારે છે. તેના મતે સાતમા ગુણસ્થાનકથી પણ જ્ઞાન-દર્શન-ચારિત્રના સંવલિત અધ્યવસાયો પ્રગટતા હોવાથી તેને ધર્મ કહેવાય.

---

૨૯. અહીં પાપને તીવ્ર રાગ-દ્વેષથી ન કરે તે અપુનર્બંધક, અને આદિ શબ્દથી કહેલા માર્ગાભિમુખ વગેરેનું લક્ષણ આ પ્રમાણે છે. માર્ગ એટલે ચિત્તની અવક્રતા, જેમ સર્પની ગતિ વક્ર છતાં દરમાં સરળ-સીધી થાય છે, તેમ ચિત્તની ગતિ પણ અનાદિ વક્ર છતાં ચરમાવર્તકાળમાં ચરમયથાપ્રવૃત્તિકરણમાં ચિત્તમાં જે સરળતા પ્રગટે છે, તે સરળતાના કારણભૂત સ્વેચ્છાચારરૂપ મોહનીય કર્મનો અમુક અંશે જે ક્ષયોપશમ, તેને માર્ગ કહ્યો છે. આ ક્ષયોપશમ રૂપ માર્ગને પામવાની યોગ્યતાવાળો જીવ તે **માર્ગાભિમુખ,** એવો ક્ષયોપશમ જેને પ્રગટ્યો હોય તે **માર્ગપતિત** એટલે માર્ગે ચઢેલો અને એ ક્ષયોપશમ વધતાં જેને ચરમયથાપ્રવૃત્તિકરણ પૂર્ણ થવા આવ્યું હોય-કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઘટીને એક ક્રોડાક્રોડ સાગરોપમથી પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન થવાની નજીક આવ્યો હોય તે **માર્ગાનુસારી** જાણવો. તે પછી અપૂર્વકરણ દ્વારા ગ્રન્થીભેદ કરી અનિવૃત્તિ અને અંતકરણ દ્વારા જે ચતુર્થગુણસ્થાનક રૂપ સમ્યગ્ દર્શનને પામે તેને સમકિતદૃષ્ટિ જાણવો. આ બધી અવસ્થાઓ જીવને ચરમાવર્તમાં જ પ્રગટે છે. વ્યવહાર નય આ દરેક અવસ્થાવાળા જીવોનાં શુભ અનુષ્ઠાનોને ધર્મ માને છે, અને નિશ્ચયનય સાતમા ગુણસ્થાનકથી પ્રગટતા મોક્ષાનુકૂળ જ્ઞાનાદિ ગુણોના પરિણામને જ ધર્મ માને છે, અહીં જે ધર્મનું વર્ણન કરવાનું છે તે વ્યવહારનયની અપેક્ષાયે હોવાથી ઉપર કહી તે વ્યાખ્યા સાથે વિરોધ રહેતો નથી.

પ્રશ્ન—આ સમાધાનથી પણ નિરૂપચરિત (શુદ્ધ) ભાવાભ્યાસ (અનુષ્ઠાનરૂપ) ધર્મ તો નિશ્ચયનયના મતે સાતમે ગુણસ્થાનકે અપ્રમત્ત ચારિત્રીને જ ઘટે અને છઠ્ઠે, પાંચમે, ચોથે, ગુણસ્થાનકે જ અપેક્ષાએ ઉપચારથી ઘટે; એમ સિદ્ધ થયું, છતાં તમે અહીં અપુનર્બંધકાદિ પ્રથમ ગુણસ્થાનકવાળાને પણ ઉપચારથી ધર્મ કહ્યો, તે કેમ ઘટે ?

ઉત્તર—જેમ પર્યાયને છોડીને કેવળ દ્રવ્યને માનનાર દ્રવ્યાર્થિકનય અનેક પરમાણુવાળા દ્રવ્યને પણ દ્રવ્ય અને માત્ર એક પરમાણુને પણ દ્રવ્ય માને છે તેમ નિશ્ચયનયની અપેક્ષા છોડીને માત્ર વ્યવહારને જ ધર્મ માનનારો વ્યવહારનય અવિરતિ સમકિતદૃષ્ટિના અનુષ્ઠાનને પણ ધર્મ માને છે અને અપુનર્બંધકાદિના અનુષ્ઠાનને પણ ધર્મ માને છે. એ અભિપ્રાયથી અહીં અપુનર્બંધકાદિને પણ ધર્મ કહ્યો છે. આ અભિપ્રાયથી જ (યોગબિંદુ ૩૬૯ શ્લોક તથા ટીકામાં) કહ્યું છે કે "આ અધ્યાત્મરૂપ અને ભાવનારૂપ યોગ (એટલે ધર્મ), તત્ત્વથી વ્યવહારનયે અપુનર્બંધકને અને ઉપલક્ષણથી અવિરતિ સમકિતીને પણ હોય છે, નિશ્ચયથી તો તે ઉપરનાં ગુણસ્થાનકોમાં જ હોય છે."[૩૦]

હવે આ સામાન્ય ગૃહસ્થધર્મનું ફળ કહે છે કે:-

"एतद्युतं सुगार्हस्थ्यं, यः करोति नरः सुधीः ।
लोकद्वयेऽप्यसौ भूरि, सुखमाप्नोत्यनिन्दितम् ॥१५॥
तस्मिन् प्रायः प्ररोहन्ति, धर्मबीजानि गेहिनि ।
विधिनोप्तानि बीजानि, विशुद्धायां यथा भुवि ॥१६॥"

અર્થાત્—જે બુદ્ધિમાન પુરુષ પોતાના ગૃહસ્થપણાને આ સામાન્યધર્મથી યુક્ત કરે છે-આરાધે છે, તે ઉભયલોકમાં ઘણા પ્રશસ્ત સુખને પામે છે, ઉપરાંત—જેમ શુદ્ધ ભૂમિમાં વિધિપૂર્વક વાવેલાં બીજો ઊગે તેમ ગૃહસ્થના આત્મામાં પડેલાં આ ધર્મનાં બીજો વિશેષ ધર્મરૂપે ઊગી નીકળે છે.

આ બીજોને યોગદૃષ્ટિ સમુચ્ચયમાં આ પ્રમાણે વર્ણવ્યાં છે; કોઇ લોભ, લાલચ, ક્રોધાદિ સંજ્ઞાઓ, કે આલોક-પરલોકના ફળની આકાંક્ષા વિના જ માત્ર ઉપાદેય બુદ્ધિથી શ્રીજિનેશ્વરો પ્રત્યે માનસિકી પ્રીતિ, તે પ્રીતિના યોગે સ્તુતિ-સ્તવનાદિ વાચિક નમસ્કાર અને પંચાંગ પ્રણામાદિ કાયિક નમસ્કાર, ઇત્યાદિ કુશળ મન-વચન-કાયાની શુદ્ધ પ્રવૃત્તિ તે યોગનાં એટલે વિશેષ ધર્મનાં શુદ્ધ શ્રેષ્ઠ બીજો છે. એ રીતે ભાવાચાર્ય, ભાવોપાધ્યાય અને ભાવસાધુ પ્રત્યે પણ શુદ્ધ પ્રીતિપૂર્વક મન-વચન-કાયાની પ્રવૃત્તિ, શુદ્ધ આશયપૂર્વક-વિધિયુક્ત તેઓની વૈયાવચ્ચ, ઇષ્ટ

૩૦. આથી પરમાર્થ એ નક્કી થયો કે અનુપચરિત નિશ્ચયનયથી ધર્માનુષ્ઠાનરૂપ ધર્મ અપ્રમત્તને જ હોય, છઠ્ઠે પાંચમે ચોથે ગુણસ્થાનકે ભિન્ન ભિન્ન અપેક્ષાએ નિશ્ચય અને વ્યવહાર બન્ને નયથી હોય અને અપુનર્બંધકાદિને કેવળ ઉપચરિત વ્યવહારનયથી જ હોય, માટે અહીં કહેલો પાંત્રીસ ગુણરૂપ સામાન્ય ધર્મ અપુનર્બંધકાદિને વ્યવહાર નયથી હોય, એમ સમજવું.

વિયોગાદિ નિમિત્તો વિના જ જન્મ-મરણાદિ દુઃખોના ભાનથી પ્રગટેલો સાહજિક ભવોદ્વેગ, મુનિઓને ઔષધાદિ દેવાના દ્રવ્ય અભિગ્રહો તથા શ્રુતભક્તિ રૂપે સિદ્ધાંત લખાવવાં, પુષ્પાદિથી તેને પૂજવાં, મુનિઓને પુસ્તકોનું દાન કરવું, તેનું વ્યાખ્યાન સાંભળવું, સ્વયં વાંચવું, વિધિથી ભણવું-ભણાવવું, વાચના-પૃચ્છનાદિ સ્વાધ્યાય કરવો, અર્થ ચિંતવવા અને શાસ્ત્રોક્ત તે તે ભાવોથી ભાવિત થવું, વગેરે શ્રુતોપાસના, એ ઉપરાંત બાહ્ય કષ્ટોથી પીડાતા જીવોને દુઃખમુક્ત કરવાના ઉપાયો પૂર્વકની દયા, વિશેષ જ્ઞાનીઓ અને ગુણવંતો પ્રત્યે માત્સર્યનો ત્યાગ, દીનાદિ સર્વ પ્રત્યે સામાન્ય ઔચિત્ય આચરણ, ઇત્યાદિ પ્રવૃત્તિ મોક્ષમાર્ગરૂપ ધર્મની પ્રાપ્તિમાં કારણ હોવાથી તેને ધર્મનાં બીજો કહ્યાં છે.

સામાન્યધર્મવાળા ગૃહસ્થો પૈકી પણ શાસ્ત્રમાં જણાવેલા બાળ, મધ્યમ અને પંડિત બુદ્ધિ જીવોને ઓળખી તેઓને યોગ્ય વિધિપૂર્વક ધર્મદેશના કરવાથી તે જીવોમાં આ ધર્મબીજોનું વાવેતર થાય છે અને તે ધર્મના પાલનથી તેઓમાં તે ધર્મ અંકુરાદિ રૂપે ઊગી નીકળે છે. કહ્યું છે કે-ધર્મની, (ધર્મી‌ની તથા ધર્મસામગ્રીની) શુદ્ધ ભાવથી પ્રશંસા કરવાથી બીજનું વાવેતર થાય છે. પછી પરિણામે ધર્મને પામવાની અભિલાષા પ્રગટે તે અંકુર, ધર્મ-ધર્મીની વાતોનું શ્રવણ કરવું તે કંદ, ધર્માચરણ કરવું તે પુષ્પનો નાળ, બાહ્ય સુખ સંપદાની પ્રાપ્તિ તે પુષ્પો અને પરિણામે સર્વકર્મથી મુક્તિરૂપ મોક્ષ તે ધર્મબીજોનું ફળ જાણવું.

સારો વરસાદ છતાં બીજ વાવ્યા વિના ધાન્ય ઊગે નહિ, તેમ ધર્મબીજોની વાવણી વિના સાક્ષાત્ તીર્થંકરો વગેરે મળે અને કાળ સુષમા હોય તો પણ, પ્રાયઃ ધર્મરૂપી વૃક્ષ ઊગતું નથી, મળેલી પણ મોક્ષસાધક સામગ્રી નિષ્ફળ થાય છે. આશ્ચર્યરૂપે મરુદેવા માતાની જેમ કોઇકે જીવને તથાભવ્યત્વનો પરિપાક થાય, તેને આ બીજો વિના પણ ધર્મ પ્રગટી શકે, પણ તે ધર્મ પામવાનો માર્ગ ન કહેવાય. હવે આ ધર્મ બીજોને અને સામાન્ય ધર્મને પામેલા જીવનું શાસ્ત્રીય નામ અને સ્વરૂપ કહે છે કે-

मूलम् "स आदिधार्मिकश्चित्रस्तत्तत्तन्त्रानुसारतः ।
इह तु स्वागमापेक्षं लक्षणं परिगृह्यते ॥१७॥"

અર્થાત્ ઉપર જણાવ્યો તે જીવ **આદિધાર્મિક** કહેવાય છે અને તે, તે તે સંપ્રદાયને અનુસારે ભિન્ન ભિન્ન આચારવાળો પણ હોય છે. અહીં તો જૈન આગમની અપેક્ષાએ તેનું લક્ષણ જણાવીશું.

ઉપરોક્ત ગુણો જીવમાં ચરમાવર્ત કાળમાં જ પ્રગટે છે, (મુક્તિ પામવાને એક જ પુદ્ગલ પરાવર્તન કાળ બાકી હોય તે જીવ ચરમાવર્તી કહેવાય છે) તે કાળ પાકતાં જીવ ધર્મનો પ્રારંભ કરે છે, માટે તેને **આદિધાર્મિક** કહેવાય છે. આવા જીવો વિવિધ સંપ્રદાયોમાં સ્વ-સ્વ સંપ્રદાય અનુસારે ભિન્ન ભિન્ન આચારવાળા હોય છે. છતાં અંતઃશુદ્ધિ થયેલી હોવાથી તેઓને અપુનર્બંધક કહેવામાં દોષ નથી.

આ અપુનર્બંધકની પણ ઉત્તરોત્તર વિશિષ્ટ વિવિધ અવસ્થાઓ હોય છે, તેથી સાંખ્ય, બૌદ્ધ, વગેરે અન્યદર્શનોમાં કહેલી પણ મોક્ષસાધક ક્રિયાઓ તેઓમાં ઘટે છે. યોગબિન્દુ શ્લો. ૨૫૧માં કહ્યું છે કે-"જીવની ભિન્ન ભિન્ન અવસ્થાઓને કારણે તે તે દર્શનોમાં કહેલી સઘળી ધર્મપ્રવૃત્તિઓ અપુનર્બંધકમાં સમ્યગરૂપે ઘટિત છે."

એમ સર્વદર્શનવાળા અપુનર્બંધકોનું વર્ણન કરીને હવે જૈન પરિભાષામાં તેનું લક્ષણ કહે છે કે-જેને બૌદ્ધો 'બોધિસત્ત્વ, સાંખ્યો નિવૃત્તપ્રકૃત્યધિકાર, અને બીજાઓ શિષ્ટ' કહે છે તેને જ જૈનો 'આદિધાર્મિક-અપુનર્બંધક' કહે છે.

લલિત વિસ્તરામાં આ આદિધાર્મિકતા પ્રગટાવવાના ઉપાયો જણાવ્યા છે કે-પાપમિત્રોને તજવા, કલ્યાણ મિત્રોની સોબત કરવી, ઔચિત્ય ઉલ્લંઘવું નહિ, લોકમાર્ગને અનુસરવું, માતા-પિતા-કલાચાર્ય વગેરે ગુરુવર્ગનું બહુમાન-વિનય કરવો, તેઓની આજ્ઞા માનવી, દાનાદિ ધર્મની પ્રવૃત્તિ કરવી, ભગવંતની અષ્ટપ્રકારાદિ વિશિષ્ટ પૂજા કરવી, સાધુ-અસાધુનો વિવેક કરવો, વિનયાદિ વિધિપૂર્વક શાસ્ત્રો સાંભળવાં, તેનું પ્રયત્ન પૂર્વક ચિંતન-ભાવન અને યથાશક્ય પાલન કરવું, ધૈર્ય ધારવું, ભાવિ અવસ્થાને વિચારવી, મરણને વિસરવું નહિ, આલોક કરતાં પરલોકના હિતની સાધના મુખ્ય બનાવવી, ગુરુવર્ગની સેવા-ભક્તિ રવી, ઓંકાર પટ, હ્રીંકાર પટ, સિદ્ધચક્ર પટ, સૂરિમંત્ર પટ, ઋષિમંડલ પટ, વગેરે એક કે અધિક પટોનું ધ્યાન-દર્શન કરવું, તેની આકૃતિને હૃદયગત કરી વાર વાર ચિંતન કરવું, યોગ સાધનામાં વિક્ષેપ થાય તેવી પ્રવૃત્તિ ન કરવી, જ્ઞાનાદિ ગુણોની સિદ્ધિ-વૃદ્ધિ માટે યત્ન કરવો, જિનપ્રતિમા ભરાવવી, જિનાગમોને લખાવવાં, પંચ પરમેષ્ઠિ મહામંત્રનો જપ કરવો, ચાર શરણને સ્વીકારવાં, દુષ્કૃતગર્હા પૂર્વક સુકૃતાનુમોદના કરવી, તે તે પટોના-મંત્રોના અધિષ્ઠાયકોની પૂજા કરવી, સદાચારોને સાંભળવા, ઔદાર્ય કેળવવું અને શિષ્ટાચારને અનુસરવું, વગેરે પ્રવૃત્તિથી આદિધાર્મિકતા પ્રગટે છે, અને એવા લક્ષણવાળો આદિધાર્મિક-અપુનર્બંધક કહેવાય છે.

આદિધાર્મિકનું જીવન કેટલાક દોષવાળું છતાં હૃદય દેવાદિ તત્ત્વો પ્રત્યે વિરોધી હોતું નથી, દોષો પણ અનાભોગાદિથી હોય છે, તેથી પરિણામે સમ્યગ્દર્શનાદિ ગુણોની તેને પ્રાપ્તિ થાય છે, માટે નૈગમનયના મતે આદિધાર્મિકની માર્ગાભિમુખ વગેરે સર્વ અવસ્થાઓની પ્રવૃત્તિને ઉત્તમ માની છે, કારણ કે તેને 'સમન્તભદ્રતા' એટલે સર્વ રીતે ભાવિ કલ્યાણ જ હોય છે.

અન્ય દર્શનોમાં એને 'સુપ્તમણ્ડિત, પ્રબોધ દર્શન' વગેરે કહે છે, જેમકે નિદ્રામાં કોઈને કરેલું ચંદનાદિ વિલેપન, તેને ખ્યાલમાં ન આવે પણ જાગ્યા પછી તે જોઈને આશ્ચર્ય પામે, તે સુપ્તમંડિત, કોઈ નાવડીમાં ઊંઘેલો કાંઠે આવીને જાગ્યા પછી કાંઠો જોઈ આશ્ચર્ય પામે તે પ્રબોધ દર્શન, તેમ આદિ ધાર્મિકની પ્રવૃત્તિમાં દોષ સંભવિત છતાં પરિણામે તેની પ્રવૃત્તિ ગુણકારક હોવાથી ઉત્તમ કહી છે. તેથી તેને કરેલો ઉપદેશ વગેરે સફળ છે.

સાંખ્યદર્શનના મતે જીવ ઉપર રાજસી-તામસી પ્રકૃતિનું આધિપત્ય હોય ત્યાં સુધી અને બૌદ્ધોના મતે ભવિતવ્યતાદિ ભવનો પરિપાક ન થાય ત્યાં સુધી આદિધાર્મિકતા પ્રગટતી નથી, એ લલિતવિસ્તરાના કથન પ્રમાણે અપુનર્બંધક-આદિધાર્મિકનું સ્વરૂપ કહ્યું. પંચાશકના મતે-પણ અતિ ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં મિથ્યાત્વ વગેરે કર્મોનું બળ મંદ (ક્ષયોપશમ) થવાથી જીવમાં પાપ પ્રત્યે તીવ્ર આસક્તિ મટે, તેથી પાપ અતિસંક્લેશથી ન કરે, સામાન્ય પાપ પ્રવૃત્તિ કરવા છતાં દુઃખની ખાણ એવા સંસાર પ્રત્યે તેને બહુમાન ન હોય, અને દેવ, અતિથિ, માતા-પિતા, વગેરે સર્વ પ્રત્યે તે તે દેશ-કાળ-બળ વગેરેને અનુસારે સઘળું ઔચિત્ય કરે, જેમ મોરનું ઈંડુ ચીતર્યા વિના પોતાની યોગ્યતાથી વિચિત્ર રંગવાળું બને છે, તેમ અપુનર્બંધક જીવ પોતાને થયેલી કર્મની મંદતાથી સ્વભાવે જ મોક્ષમાર્ગની સન્મુખ હોય છે. વીતરાગ પ્રવચનની દેશના માટે આવો જીવ યોગ્ય છે. કહ્યું છે કે:-

मूलम् "स धर्मदेशनायोग्यो, मध्यस्थत्वाज्जिनैर्मतः ।
योगदृष्ट्युदयात् सार्थं, यद्गुणस्थानमादिमम् ॥१८॥"

અર્થાત્ આદિધાર્મિક મધ્યસ્થ હોવાથી જિનેશ્વરોએ તેને ધર્મદેશના (શ્રવણ) માટે યોગ્ય માન્યો છે અને તેનામાં યોગદૃષ્ટિ પ્રગટવાથી તેનું પહેલું ગુણસ્થાનક પણ સાર્થક છે.

વ્યવહાર નયે પણ તીવ્ર મિથ્યાત્વનો ઉદય હોવાથી અચરમાવર્ત કાળમાં જીવ ધર્મદેશના માટે અયોગ્ય હોય છે, તેથી જ્ઞાનીઓએ ચરમાવર્તી અપુનર્બંધક જીવને ધર્મશ્રવણ માટે યોગ્ય કહ્યો છે. નિશ્ચયનયથી તો ગ્રન્થીભેદ થવાથી ચોથા ગુણસ્થાનકને પામેલો જીવ જ જિનવચનને સદ્દહી શકે અને યથાશક્ય આચરી શકે. કારણ કે ગ્રન્થીભેદ પછી જ જીવમાં તે તે ગુણસ્થાનકને યોગ્ય શાસ્ત્રોક્ત આચારોનું પાલન કરવાની યોગ્યતા પ્રગટે છે. જો કે વ્યવહારનયે અપુનર્બંધકને યોગ્ય કહ્યો તો પણ તથાવિધ શુદ્ધિના અભાવે અનાભોગની બહુલતાથી તેને શાસ્ત્રોનો સૂક્ષ્મબોધ થતો નથી. ગ્રન્થીભેદથી મોહનું બળ ઘટતાં નિપુણબુદ્ધિ પ્રગટે છે, તેથી શાસ્ત્રનાં સૂક્ષ્મ રહસ્યોને પણ સમજીને તે પ્રમાણે આચરણ કરતો જીવ કર્મરૂપ વ્યાધિનો નાશ કરી શકે છે.

ઉપદેશપદ ગા. ૪૩૪માં કહ્યું છે કે ગ્રન્થીભેદ પછી જિનવચનનું નિરતિચાર સતત પાલન ન થાય તો પણ તે નિશ્ચે કર્મવ્યાધિનો નાશ કરે જ છે, જો અંતર્મુહૂર્ત માત્ર સમકિત સ્પર્શ્યા પછી પણ જીવ અર્ધપુદ્ગલપરાવર્તથી અધિક સંસારમાં ભમતો નથી, તો દીર્ઘકાળ સમકિતને ધારણ કરનારનું તો પૂછવું જ શું ? શ્રી અરિહંતાદિની મોટી આશાતના કરવા છતાં સમકિતની સ્પર્શનાના પ્રભાવે અર્ધપરાવર્તમાં તે નિયમા મુક્તિ પામે છે. ચરમાવર્તવિંશિકામાં પણ કહ્યું છે કે- અચરમાવર્તરૂપ અનંતો કાળ જીવને સંસારનું કારણ હોવાથી તેને ભવબાળકાળ કહ્યો છે અને ચરમાવર્ત ધર્મસાધનકાળ હોવાથી તેને ધર્મયૌવનકાળ કહ્યો છે. ચરમાવર્તમાં જીવોના ભવ્યત્વ સાથે ભિન્ન ભિન્ન રીતે કાળ, કર્મ, ભવિતવ્યતા વગેરે મળવાથી તે ભવ્યત્વ તથાભવ્યત્વ

બને છે, દરેક જીવોનું આ તથાભવ્યત્વ ચરમાવર્તમાં વિવિધ પ્રકારનું બનતું હોવાથી જીવોનો મોક્ષ પણ વિવિધ પ્રકારે થાય છે, ચરમાવર્તમાં પણ ધર્મબીજની પ્રાપ્તિ પૂર્વેનો કાળ તો આલ્યકાળ જ છે. ધર્મબીજની પ્રાપ્તિ પછી જ તેને ધર્મ યૌવનકાળ કહ્યો છે. આ ભેદ જીવના આચરણથી અને પ્રકૃતિથી પરખાય.

પ્રશ્ન—અહીં મિથ્યાદૃષ્ટિ છતાં આદિધાર્મિકને ધર્મદેશના માટે યોગ્ય જણાવ્યો, પણ ગલમચ્છ, ભવવિમોચક અને વિષાન્નભોજી, વગેરેની જેમ તેના પરિણામ શુભ છતાં ક્રિયાનું ફળ વિપરિત આવે તો દેશના માટે યોગ્ય કેમ કહેવાય? જેમકે—મચ્છને પકડવા જાળમાં લોખંડના કાંટામાં માંસના ટુકડા ભરાવનાર **ગલમચ્છ** કહેવાય છે, તે મચ્છોને ખાવા માંસ ભરાવે છે પણ પરિણામ મચ્છોનો નાશ કરવાના હોય છે. વળી કુશાસ્ત્રના શ્રવણથી દયાની દૃષ્ટિએ દુઃખ મુક્ત કરવા કુતરાં, કાગડા, શિયાળ, કીડી, માખી, કે દુઃખથી પીડાતા જીવોને મારી નાખનારા **ભવવિમોચક** કહેવાય, તે દુઃખમુકત કરવાની બુદ્ધિ છતાં અજ્ઞાનથી પ્રાણ લે છે, અને ભૂખ વગેરેના દુઃખથી પીડાતા જીવો દુઃખથી છૂટવા ઝેર ખાઈને મરે તે **વિષાન્નભોજી** કહેવાય છે, આ ત્રણેના અંતઃપરિણામ શુભ છતાં અજ્ઞાનને કારણે તેનું ફળ વિપરિત આવે છે, તેમ આદિધાર્મિકના પણ પરિણામ શુભ છતાં મિથ્યાત્વના ઉદયથી મોહ, અજ્ઞાન અને જિનાજ્ઞા-પાલનના પરિણામ વિના તેને દેશના દેવાથી ફળ વિપરીત કેમ ન આવે? પૂ. હરિભદ્રસૂરિજી મહારાજા પણ કહે છે કે મિથ્યાદૃષ્ટિની બુદ્ધિ વિપરીત હોવાથી તેના સારા પણ પરિણામ અશુભફળ આપનાર હોવાથી અશુભ જ છે. તો મિથ્યાત્વી આદિધાર્મિકને દેશના કેમ અપાય?

ઉત્તર—આદિધાર્મિક મિથ્યાત્વી છતાં તેનામાં રાગ-દ્વેષની મંદતા થવાથી પૃ. ૨૪માં કહ્યા તે તે ગુણોના પ્રભાવે તેનામાં માધ્યસ્થ પ્રગટતું હોવાથી તે ધર્મદેશનાને યોગ્ય છે. ઉપદેશ રત્નાકરમાં પણ રાગી, દ્વેષી, મૂઢ અને પૂર્વવ્યુદ્ગ્રાહિત (બીજાથી ભરમાયેલો), એ ચારને અયોગ્ય કહી મધ્યસ્થને ધર્મશ્રવણ માટે યોગ્ય કહ્યો છે, તમે કહ્યું તે પૂ. હરિભદ્ર-સૂરિજીનું વચન તો કદાગ્રહી, આભિગ્રહિક મિથ્યાત્વીને માટે છે, આદિધાર્મિક મધ્યસ્થ હોવાથી દેશના માટે યોગ્ય છે.

અહીં તાત્પર્ય એ છે કે સ્વ-સ્વ પક્ષમાં આગ્રહી મિથ્યાત્વીઓને મોહનો ઉદય પ્રબળ હોય છે, તથાપિ સ્વમાન્ય પણ શાસ્ત્રોને સાંભળવા વગેરેથી શાસ્ત્રરાગને કારણે મોહનો ઘણો ઉપશમ પણ થાય છે. જો કે આ ઉપશમમાં પાપાનુબંધીપુણ્ય મુખ્ય હેતુ હોવાથી તેનું પરિણામ અતિ દુષ્ટ આવે છે, કારણ કે તે જીવો પુણ્યાભાસ એવા પાપાનુબંધીપુણ્યના ઉદયે મળતાં સુખોમાં મૂઢ બની પાપો કરે છે અને તે પુણ્યનો વિલય થતાં નરકાદિ દુર્ગતિઓમાં ભમે છે. એમ તેઓની ઉપશમવાળી પણ પ્રવૃત્તિ અસત્ છે, તથાપિ ગુણ-ગુણી પ્રત્યે બહુમાન જાગવાથી તેઓમાં સત્યની જિજ્ઞાસા પણ પ્રગટે છે, આ જિજ્ઞાસાથી મોહમંદ થતાં રાગ-દ્વેષની માત્રા ઘટે છે, અને તેથી પ્રગટતો ઉપશમ સત્યનો પક્ષપાતી અને દુરાગ્રહ રહિત હોવાથી પરિણામે સત્પ્રવૃત્તિરૂપ બને છે. માટે મધ્યસ્થ આદિધાર્મિક ધર્મદેશના માટે યોગ્ય છે.

પ્રશ્ન—માધ્યસ્થ્યના યોગે આદિધાર્મિકો ધર્મદેશના માટે યોગ્ય છે એમ કહ્યું, પણ સ્વ-સ્વ દર્શનમાં સ્થિર તેઓ મધ્યસ્થ કેમ કહેવાય ?

ઉત્તર—મિથ્યાત્વી આદિધાર્મિકમાં પણ યોગદૃષ્ટિઓ પ્રગટે છે, તેથી તેઓનું મિથ્યાત્વ-ગુણસ્થાનક પણ ગુણ પ્રાપક બને છે, માટે તે ધર્મ પામવાને યોગ્ય છે. કારણ કે પ્રગટેલી યોગદૃષ્ટિના બળે તેઓ સત્યના શોધક, અદુરાગ્રહી અને અદ્વેષ, વિગેરે ગુણોવાળા બને છે, સતત પણ શુભ પ્રવૃત્તિમાં ખેદ પામતા (થાકતા) નથી અને તેથી સંવેગની પણ ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે. આ સંવેગવૃદ્ધિની તરતમતાને કારણે તેઓમાં ક્રમશઃ પ્રગટતી માર્ગાભિમુખતાદિ રૂપ મિત્રા, તારા, બલા અને દીપ્રા નામની ચાર યોગદૃષ્ટિઓ ક્રમશઃ શેરડી, તેનો કાચો રસ, અર્ધ ઉકાળેલો રસ અને ગોળની મીઠાશની જેમ ક્રમશઃ અધિકાધિક ગુણજનક બને છે. મહાત્મા પતંજલિ અને ભદન્તભાસ્કર વગેરે અન્ય દર્શનકારો પણ આ વિષયમાં એમ જ માને છે. તે યોગદૃષ્ટિઓનું સ્વરૂપ યોગદૃષ્ટિસમુચ્ચય ગ્રન્થમાં આ પ્રમાણે કહ્યું છે.

૧. મિત્રા દૃષ્ટિ—આ દૃષ્ટિમાં બોધ સ્વલ્પ હોય છે, તથા યોગનાં યમ-નિયમ-આસન-પ્રાણાયામ-પ્રત્યાહાર-ધારણા-ધ્યાન અને સમાધિ, એ આઠ અંગો પૈકી જીવમાં પહેલો યમ (એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અકિંચનતારૂપ પાંચ સ્થૂલવ્રતો કે મહાવ્રતો) પ્રગટે છે. દેવ-ગુર્વાદિકની સેવા-ભક્તિ વગેરે કરતાં તે કંટાળતો કે થાકતો નથી, ઉલટું તેઓ પ્રત્યે તેને કુશળ મન-વચન-કાયારૂપ શુભ યોગો પ્રગટે છે, સંસાર પ્રત્યે સહજ વૈરાગ્ય, અને શાસ્ત્રો પ્રત્યે બહુમાન પ્રગટવાથી ગ્રન્થ લખવા-લખાવવા, વગેરે ધર્મ બીજોનું વાવેતર જીવને આ દૃષ્ટિમાં થાય છે. આ બીજોની વાતો તેને ગમે છે, તેથી તે સંતોની સોબતમાં રહે છે. એમ આ દૃષ્ટિમાં શુભ અધ્યવસાયરૂપ ચરમ યથાપ્રવૃત્તિકરણના બળે જીવ ઘણાં કર્મોને ક્ષપે છે, જેથી ઉપર્યુક્ત સર્વ ગુણો તેની પ્રકૃતિરૂપ બની જાય છે. આ ચરમયથાપ્રવૃત્તિકરણ પછી નિયમા અપૂર્વકરણ થતું હોવાથી (કાર્યનો કારણમાં ઉપચાર કરીને) ચરમકરણને પણ અપૂર્વકરણ કહ્યું છે. ત્યાં કહ્યું છે કે અપૂર્વકરણની પ્રાપ્તિ નજીકના કાળમાં થતી હોવાથી અને તેમાં વ્યાઘાત ટળી જવાથી યોગીઓ ચરમયથાપ્રવૃત્તિકરણને તત્ત્વથી **અપૂર્વકરણ** કહે છે. સામાન્યથી જે મિથ્યાત્વગુણસ્થાનક કહેવાય છે તે પણ આ અવસ્થામાં યથાર્થ માન્યું છે.

૨. તારાદૃષ્ટિ—પહેલી દૃષ્ટિ કરતાં બીજીમાં બોધ કંઇક સ્પષ્ટ અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય તથા ઈશ્વરધ્યાન, એ પાંચ નિયમોરૂપ યોગનું બીજું નિયમ અંગ અહીં પ્રગટે છે. તેના પ્રભાવે કદાગ્રહ ટળે છે, સાચા ગુણોરૂપ તત્ત્વની જિજ્ઞાસા વધે છે, યોગનું (અધ્યાત્મનું) સ્વરૂપ જાણવાની અખૂટ પ્રીતિ પ્રગટે છે, યોગને પામેલા ભાવયોગીઓની સેવામાં તત્પર બનીને સર્વત્ર ઔચિત્ય અખંડ પાળે છે, પોતાના આચારમાં લેશ પણ ખામી તેને ત્રાસરૂપ લાગે છે, ઉપરાંત યોગસાધનાને અધિકાધિક ઇચ્છે છે. આ દૃષ્ટિમાં જીવને પોતાની બુદ્ધિથી કંઈ વિસંવાદ જણાય તો પણ "મોક્ષાર્થીઓની સઘળી પ્રવૃત્તિને યથાર્થ સમજવાની મારામાં શક્તિ નથી"

એમ માની શિષ્ટ પુરુષોની પ્રવૃત્તિને નિર્દોષ માને છે. "શાસ્ત્ર ઘણું મતિ થોડલી, શિષ્ટ કહે તે પ્રમાણ" એવા તેની શ્રદ્ધા તેને આરાધનામાં પ્રેરક બને છે. અધિક ગુણવાળાનો વિનય, પોતાના મોટા પણ ગુણોને અલ્પ માનવા, ભવ ભયથી ત્રાસ, વગેરે ભાવો આ દૃષ્ટિમાં પ્રગટે છે.

૩. **બલાદૃષ્ટિ**—આ દૃષ્ટિમાં બોધ દૃઢ-સ્થિર થાય છે. અસત્ વસ્તુની તૃષ્ણા મટવાથી મનની સ્થિરતા સાથે આસન નામનું યોગનું ત્રીજું અંગ પ્રગટે છે, અર્થાત્ ગોદોહિકા, ઉત્કટિક, પદ્માસન, વજ્રાસન, વીરાસન, પર્યંકાસન, ભદ્રાસન, વગેરે શાસ્ત્રોક્ત શરીરમુદ્રારૂપ આસનો પૈકી પોતાને અનુકૂળ આસનના પ્રયોગથી ચિત્તની સ્થિરતાને સાધે છે. તત્ત્વની જિજ્ઞાસામાંથી આગળ વધીને જેમ યુવાન નીરોગી ચતુર પુરુષ તરુણી સુંદરી સ્ત્રી સાથે બેસીને દૈવી સંગીતનું શ્રવણ એકચિત્તે કરે તેમ તે શાસ્ત્રશ્રવણ અતિ રાગ-પ્રમોદથી કરે છે, ચિત્તની સ્થિરતા વધવાથી યોગસાધનામાં કુશળતા પણ વધે છે, અને એક ક્રિયા કરતાં બીજી ક્રિયાનો વિચાર આવવો, વગેરે ક્ષેપદોષ ટળી જાય છે. કુવામાં પાણી આવવાની સેર સમાન આ દૃષ્ટિમાં તત્ત્વશ્રવણની ઇચ્છા એવી તીવ્ર બને છે કે તેથી ચોથી દૃષ્ટિમાં બોધ સુંદર પ્રગટે છે.

૪. **દીપ્રાદૃષ્ટિ**—આ દૃષ્ટિમાં યોગના ચોથા પ્રાણાયામ અંગની પ્રાપ્તિ થાય છે, શરીરમાં ભિન્ન ભિન્ન વિભાગમાં રહેલો પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન નામનો વાયુ, કે જે ક્રમશઃ લીલો, કાળો, સફેદ, રાતો અને મિશ્ર વર્ણવાળો હોય છે, તેની ગતિનો વિજય કરવો તેને **પ્રાણાયામ** કહે છે, તેના ત્રણ પ્રકારો છે, ૧. તે તે સ્થાનેથી વાયુને શરીર બહાર કરવો તે **રેચક**, ૨. શરીરમાં તે તે સ્થાને વાયુ ભરવો તે **પૂરક** અને ૩. વાયુને શરીરમાં સ્થિર કરવો તે **કુંભક**. આ ત્રણે પ્રકારો વાયુની ગતિના વિજયરૂપ હોવાથી તેને દ્રવ્યપ્રાણાયામ કહેવાય છે અને તેના બળે આત્મામાંથી બહિરાત્મ દશાનો ત્યાગ થાય તે રેચક, અંતરાત્મદશાનો પ્રકાશ તે પૂરક અને અંતરાત્મદશામાં રમણતા તે કુંભક, એમ ત્રણ ભાવપ્રાણાયામને પણ સાધી શકાય છે. તથાવિધ પ્રશાન્તરસની પ્રાપ્તિ થવાથી યોગની સાધનામાં ચિત્ત સ્થિર બને છે. ઉપયોગ બીજી ક્રિયામાં જવારૂપ યોગોત્થાન દોષ ટળી જાય છે, ત્રીજી દૃષ્ટિમાં વધી ગયેલી તત્ત્વશ્રવણની ઇચ્છાથી અહીં શ્રવણનો લાભ થાય છે, સાંભળવાથી મળેલા ધર્મતત્ત્વને પ્રાણાધિક માને છે, તેથી પ્રાણ આપે પણ ધર્મને છોડે નહિ. તત્ત્વને સંભળાવનાર ગુરુવર્ગ પ્રત્યે પણ અતિ ભક્તિ જાગતાં ક્રમશઃ [૩૧]સમાપત્તિ વગેરેનો લાભ થતાં જીવને શ્રી તીર્થંકરદેવનું દર્શન થાય છે.

---

૩૧. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા, એમ આત્માના ત્રણ પ્રકારો પૈકી ધ્યાનાવસ્થામાં અંતરાત્મા ધ્યાતા, પરમાત્મા ધ્યેય અને પરમાત્મસ્વરૂપમાં એકાગ્રતા થાય તેને ધ્યાન કહેવાય છે, આ ધ્યાતા ધ્યેય અને ધ્યાન ત્રણેની જ્યારે એકાકારતા બને ત્યારે તેને સમાપત્તિ કહે છે. સ્ફટિકમાં પ્રતિબિંબ પડે તેમ અંતરાત્મામાં પરમાત્માનું જે પ્રતિબિંબ પડે તેને સમાપત્તિ, અથવા શ્રી તીર્થંકરદર્શન કહેવાય છે. અથવા ધ્યાનમાં પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનું દર્શન થાય તેને આત્મદર્શન કહેવાય છે. આ સમાપત્તિના પ્રભાવે તીર્થંકર નામકર્મનો બંધ અને ઉદય, વગેરે થાય તેને આપત્તિ કહેવાય અને તેથી આઠ પ્રાતિહાર્યો, ચોત્રીશ અતિશયો, વગેરે તીર્થંકરપદની જે ઋદ્ધિ પ્રગટે તેને સંપત્તિ કહેવાય છે, વગેરે જ્ઞાનસાર ત્રીસમા અષ્ટકમાં કહ્યું છે.

આ ચારે દૃષ્ટિમાં મિથ્યાત્વ હોવા છતાં તે ઉત્તરોત્તર વધતી વિશુદ્ધિરૂપ હોવાથી તેના બળે મિથ્યાત્વ વેગનો નાશ થતાં સમ્યગ્દર્શન ગુણ પ્રગટે છે. તેમાં

૧. મિત્રાદૃષ્ટિમાં બોધ તૃણના અગ્નિ જેવો, અલ્પ પ્રકાશ આપી શીઘ્ર બુઝાઈ-ભૂલાઈ જાય તેવો નિર્બળ હોવાથી દૃષ્ટિ કાર્યને સાધી શકતો નથી, ધર્મબીજોના સંસ્કાર દૃઢ થતા નથી, તેથી ક્રિયામાં પણ વિકલતા રહે છે, એમ આ દૃષ્ટિમાં જીવને ચૈત્યવન્દનાદિ અનુષ્ઠાનો ભાવાનુષ્ઠાનરૂપ (તાત્ત્વિક) બનતાં નથી.

૨. તારા દૃષ્ટિમાં બોધ કંઈક વિશેષ-છાણાંના અગ્નિ જેવો છતાં તેમાં પણ વિશિષ્ટ પ્રકાશ કે સ્થૈર્ય ન હોવાથી ક્રિયા વખતે બોધનો ઉપયોગ નહિવત્ હોય છે, તેથી ક્રિયાની વિકલતાના કારણે અહીં પણ જીવને ભાવાનુષ્ઠાનની પ્રાપ્તિ થતી નથી.

૩. બલાદૃષ્ટિમાં બોધ કાષ્ટના અગ્નિ જેવો પૂર્વ કરતાં વિશેષ પ્રકાશક અને સ્થિર હોવાથી ક્રિયાકાળે સ્મરણ-ઉપયોગ સારો રહે છે, છતાં તે ભાવાનુષ્ઠાનની માત્ર પ્રીતિ કરાવે છે, તેથી તે વિષયમાં પ્રયત્ન અધૂરો જ રહે છે.

૪. દીપ્રાદૃષ્ટિમાં બોધ દીપકની જ્યોત જેવો અધિકતર પ્રકાશક અને સ્થિર હોય છે, તેથી ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનો સ્મૃતિપૂર્વક સારાં થાય છે, તો પણ તે દ્રવ્યઅનુષ્ઠાનો જ રહે છે. ગ્રન્થીભેદના અભાવે પ્રવૃત્તિમાં ભેદ અને તેથી અધ્યવસાયોમાં પણ ભેદ રહે છે, ભાવાનુષ્ઠાન તો ગ્રન્થીભેદ પછી જ પ્રાપ્ત થાય છે. યોગીઓ આ દૃષ્ટિને પહેલા ગુણસ્થાનકની સર્વોચ્ચ કક્ષા માને છે.

એમ મિથ્યાત્વદશામાં પણ માધ્યસ્થ્ય ગુણમાંથી પ્રગટતી આ દૃષ્ટિઓના યોગે જીવની પ્રવૃત્તિ ગુણાભિમુખ હોય છે, તેથી તેને દુરાગ્રહ ટળતો જાય છે. જીવનું આ અનભિગ્રહિકપણું -માધ્યસ્થ્ય એ જ ધર્મશ્રવણની યોગ્યતા છે. લલિતવિસ્તરા ગ્રન્થમાં કહ્યું છે કે "આ રીતે અજ્ઞાનપણે પણ સન્માર્ગગામી અંધની જેમ જીવને સન્માર્ગે ગતિ થાય, તે શ્રેષ્ઠ જ છે, એમ અધ્યાત્મવાદી યોગીઓ કહે છે" એમ જો અજ્ઞાની મિથ્યાત્વી પણ મોહમંદતાને યોગે પ્રગટેલા માધ્યસ્થ્ય, તત્ત્વજિજ્ઞાસા, વગેરે ગુણોને યોગે માર્ગાનુસારી હોવાથી ધર્મશ્રવણ માટે યોગ્ય છે, તો તેથી પણ અધિક ગુણવાન દુરાગ્રહથી મુક્ત અનભિગ્રહિક મિથ્યાત્વી તો અવશ્ય યોગ્ય છે. એ રીતે ધર્મશ્રવણ માટે યોગ્યતાનું વર્ણન કર્યું, હવે ઉપદેશકે ધર્મદેશના કેવી રીતે આપવી ? તે જણાવે છે.

मूलम् "सा च संवेगकृत्कार्या, शुश्रूषोर्मुनिना परा ॥
बालादिभावं संज्ञाय, यथाबोधं महात्मना ॥१९॥"

અર્થાત્ – પરોપકારની વૃત્તિવાળા મુનિએ, શ્રોતાની બાલ્ય, મધ્યમ, પંડિત, વગેરે અવસ્થાને સારી રીતે જાણીને, તેનો સંવેગ ગુણ પ્રગટે તે રીતે પોતાના બોધને અનુસરીને દેશના કરવી.

તેમાં હિંસા, અસત્ય, અદત્તાદાન, વગેરે પાપ આશ્રવોથી રહિત હોય તે **સત્યધર્મ**, રાગાદિ અઢારે દોષથી રહિત, સર્વ દુઃખોથી મુક્ત અને સર્વજ્ઞ હોય તે **શુદ્ધદેવ** તથા બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત, ચારિત્રવંત હોય તે **નિર્ગ્રન્થગુરુ**, એ ત્રણ તત્ત્વો પ્રત્યે નિશ્ચળ શુદ્ધ રાગરૂપ સંવેગગુણ શ્રોતામાં પ્રગટે તેવી દેશના ગીતાર્થે આપવી, ગીતાર્થ સિવાય બીજાને ધર્મદેશના માટે અનધિકારી કહ્યો છે, અહીં વિનયપૂર્વક યોગ્યગુરુ પાસે નિશિથ સૂત્ર સુધી જેણે વિધિથી (યોગોદ્વહન પૂર્વક) અભ્યાસ કર્યો હોય, તે વ્યવહારથી ગીતાર્થ જાણવો. તેણે પણ સંસાર નાશક અને આત્મગુણવર્ધક એવા જિનકથિત ધર્મની જ દેશના આપવી, તે પણ સામે આવેલા અર્થી શ્રોતાને અને તેમાં પણ તેની બાળ, મધ્યમ કે પંડિત બુદ્ધિ વિચારીને તે સમજીને સ્વીકારી શકે તેવી રીતે આપવી. બાળ વગેરે અવસ્થા તેની રૂચિ દ્વારા જાણી શકાય. કહ્યું છે કે-

ઉપદેશકનો માત્ર બાહ્ય વેષ વગેરે જોઈને આકર્ષાય પણ તેના આચારો સુધી લક્ષ્ય ન આપે તે બાળબુદ્ધિ, જે ઉપદેશકના ઉત્તમ આચારો જાણીને ખેંચાય તે મધ્યમ બુદ્ધિ અને વેશ-આચાર વગેરેને ગૌણ કરીને તેણે ઉપદેશેલા ધર્મતત્ત્વની પરીક્ષા કરીને આકર્ષાય તે પંડિતબુદ્ધિ જાણવો.

બીજી રીતે વર્તનથી પણ બાળ વગેરેનું લક્ષણ જણાવ્યું છે કે- અસદાચારી જે નિષિદ્ધ કાર્યોને પણ કરે તે બાલબુદ્ધિ, લાભ હાનિ વિચાર્યા વિના માત્ર સૂત્રોક્ત ક્રિયા કરીને સંતોષ પામે, તે તે ક્રિયાની વિશેષતાને સમજી ન શકે તે મધ્યમ બુદ્ધિ અને જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ મોક્ષ માર્ગની સાધક વિશિષ્ટ ક્રિયાને કરનારો પંડિતબુદ્ધિ જાણવો.

એ રીતે શ્રોતાને ઓળખીને તેને હિતકર દેશના આપવી, તેમાં **બાળબુદ્ધિ** કષ્ટકારી આચારો, જેવા કે લોચ કરવો, પગરખાં સર્વ તજવાં, માત્ર રાત્રીના ત્રીજા પ્રહરે જ નિદ્રા લેવી, ભૂખ-તૃષા-તાપ-ઠંડી વગેરે સહન કરવું, બે, ત્રણ, વગેરે ઉપવાસ કરવા, જરૂરીઆત અલ્પ રાખવી, જૈન દર્શન માન્ય બેંતાલીસ દોષ રહિત આહારાદિ લેવાં, તેમાં પણ દ્રવ્ય-ક્ષેત્ર વગેરેના વિવિધ અભિગ્રહો ધારવા, ઈષ્ટ-મિષ્ટ ભોજન કે ફૂલ-ફળાદિ તજવાં, તપના પારણે પણ નિર્દોષ સાદું ભોજન લેવું, ક્ષેત્ર કે સ્થાનનો રાગ તજીને નીરીહભાવે ગ્રામાનુગ્રામ વિચરવું, નિત્ય કાયોત્સર્ગ કરવા, આતાપના લેવી, વગેરે કષ્ટકારક બાહ્ય ધર્મક્રિયા સવિશેષ કરવાથી જીવનો મોક્ષ થાય એમ સમજાવવું અને ઉપદેશકે સ્વયં તે પ્રમાણે આચરવું.

મધ્યમબુદ્ધિ શ્રોતાને સાધુજીવનની મહત્તા સમજાવવી, જેમ કે સાધુને રાગ-દ્વેષ-મોહ રહિત-ત્રિકોટિ શુદ્ધ-બેંતાલીશ દોષ રહિત-આહાર વસ્ત્ર પાત્ર અને વસતિથી નિર્વાહ કરવાનો કહ્યો છે. કષ-છેદ-તાપથી શુદ્ધ એવા જિનવચનના પાલનથી જ મુક્તિ થાય છે, વગેરે આગમનો મહિમા સમજાવવો, પ્રથમ, મધ્યમ અને અંતિમ વયને અનુરૂપ તે તે અવસ્થામાં હિતકર

સાધુક્રિયાને સમજાવવી, તેમાં સાધુએ માતાતુલ્ય અષ્ટપ્રવચન માતાનું પાલન માતાની જેમ ભક્તિ અને કૃતજ્ઞતા પૂર્વક કરવું, કારણ કે પ્રવચન માતાના પાલકને જ વિધિપૂર્વક ગુરુ પાસે ભણેલું આગમ આત્મશુદ્ધિ કરે છે, તેથી તેને સંસારનો ભય રહેતો નથી. ઉપરાંત ભવદુઃખના નાશક નિઃસ્વાર્થ ઉપકારી ગુરુ પ્રત્યે કૃતજ્ઞ બની બહુમાન-વિનયપૂર્વક તેમને આરાધવા, એથી નિર્મળ મહાપુણ્ય ઉપાર્જન થાય, તેના પ્રભાવે અન્ય ભાવોમાં વીતરાગ શાસનની પ્રાપ્તિ અને પરંપરાયે મોક્ષ થાય, વગેરે શુદ્ધ સામાચારીનું પાલન, આગમની આરાધના અને ગુર્વાદિ મુનિગણની કૃતજ્ઞભાવે સેવા, વગેરે સાધુના આચારોથી મુક્તિ થાય, વગેરે સમજાવવું.

પંડિતબુદ્ધિ શ્રોતાને ભાવપ્રધાન આગમતત્ત્વ સમજાવવું. દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવ સાપેક્ષ ઉત્સર્ગ-અપવાદથી જિનાજ્ઞાને નિષ્કપટભાવે પાળવી તે ધર્મ અને વિરાધવી તે અધર્મ. આ જ ધર્મનો સાર છે, આજ્ઞાપાલન એ જ ધર્મનું સર્વસ્વ છે. કારણ કે મનને પાપથી રોકીને ધર્મમાં જોડનાર એક જિનવચન જ છે. જિનાજ્ઞા જ દરેક ક્રિયાનો પ્રાણ છે, અન્યથા ક્રિયા પ્રાણ વિનાના કલેવર તુલ્ય છે, ઇત્યાદિ પંડિત શ્રોતાને દરેક ક્રિયામાં જિનાજ્ઞા પ્રત્યે બહુમાન પ્રગટે તેવી દેશના આપવી.

એમ શ્રોતાની રુચિ અને વર્તનથી તેની બાલ વગેરે અવસ્થા જાણીને **તેને અનુરૂપ દેશના પણ પોતાના બોધને અનુસારે જ આપવી.** કારણ કે-ઉપદેશક પોતાને બોધ વિના ઉપદેશ કરે તો તેની ઉન્માર્ગ દેશના બને અને તે ઉત્સૂત્ર પ્રરૂપક બને. એથી શ્રોતા વક્તા ઉભયને અનર્થનો સંભવ રહે. જેમ અંધ અને બહેરો હોય તે કદી સન્માર્ગે ચઢી શકે નહિ, તેમ સ્વયં અજ્ઞાની (અંધ) અને બીજાનું નહિ માનનારો (બહેરો) ઉપદેશક સંસારમાં રખડે અને શ્રોતાઓને પણ રખડાવે.

એવી પણ દેશના અનુગ્રહ બુદ્ધિથી આપવી. કોઈ તુચ્છ સ્વાર્થ સાધવો, કે સ્વ મહત્ત્વ વધારવું, વગેરે દુષ્ટ આશયથી કરેલો ઉપદેશ પ્રાયઃ શ્રોતામાં ધર્મબુદ્ધિ પ્રગટાવી શકે નહિ. વ્યવહાર નયથી તો ઉપદેશકનો આશય હોય તેવો ભાવ શ્રોતામાં પ્રગટે, તેથી ધર્મોપદેશના અધિકારી ઉત્તમ સાધુઓ જ છે, વેશધારી શિથિલાચારી સાધુનું વચન પ્રાયઃ ધર્મજનક બનતું નથી. ધર્મદેશનાનો આ સામાન્ય વિધિ કહ્યો. વિશેષ વિધિ તો ધર્મબિન્દુમાં કહ્યા પ્રમાણે અહીં સંક્ષેપથી કહીયે છીયે.

પ્રથમ શ્રોતાના સજ્જનનો સંગ, લોકપ્રિયતા વગેરે ગુણો જાણવા, તથા તે જો દેવ ગુરુ ધર્મને માનતો હોય તે દર્શનમાં ધર્મનું-મોક્ષનું-આત્માનું, વગેરે સ્વરૂપ જે રીતે જણાવ્યું હોય તે રીતે તેને સમજીને, જો શ્રોતા રાગી, દ્વેષી, મૂઢ, કે વ્યુદ્ગ્રાહિત ન હોય તો તેની રુચિ સાચવીને તેને માન્ય શાસ્ત્રો દ્વારા જ તેને સત્ય તત્ત્વ સમજાવવું. જેમ કે "દાન ગુપ્ત દેવું, આંગણે આવેલાનું ઔચિત્ય કરવું, પોતાનાં શુભ કાર્યોની પણ સ્વમુખે પ્રશંસા ન કરવી, ઉપકારીની પ્રગટ પ્રશંસા કરવી, લક્ષ્મી આદિનું અભિમાન ન કરવું, બીજાની હલકી વાતો ન

કરવી, ધર્મશ્રવણાદિ કાર્યોમાં અસંતોષ કરવો, વગેરે લૌકિક-સામાન્ય ગુણો પણ પ્રાયઃ ઉત્તમ કુલીનમાં જ પ્રગટે છે, વગેરે કહીને ગુણ-ગુણીની પ્રશંસા કરવી અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય તથા મૂર્છાનો ત્યાગ, એ સર્વ દર્શન માન્ય પાંચ લોકોત્તર ગુણો ઓળખાવવા. છતાં ન સમજે તો તિરસ્કાર ન કરતાં વાત્સલ્યથી જણાવવું કે શાસ્ત્રો ગહન હોય છે, ઉદ્યમથી ધીમે ધીમે સમજાય, માટે નિરાશ થવું નહિ, વગેરે કહીને તેની રુચિ પ્રગટાવવી, અરુચિથી ભોજનની જેમ રુચિ વિના કહેલો ધર્મ ઉલટો અનર્થ કરે છે. કહ્યું છે કે શ્રોતાની રુચિ વિના ધર્મ સંભળાવનાર પિશાચ ગ્રહિત (ઘેલો) છે. વળી એકવાર કહેવાથી ન સમજે તો ઔષધની જેમ વાર વાર યુક્તિ-પ્રયુક્તિ પૂર્વક સમજાવવો. અને સમજે ત્યારે "તું લઘુકર્મી છે માટે સમજી શક્યો, ભારે કર્મી આવાં ગહનતત્ત્વોને ન સમજી શકે" વગેરે કહી તેનો ઉત્સાહ વધારવા ઉપબૃંહણા કરવી. તેને શાસ્ત્રો પ્રત્યે બહુમાન પ્રગટે તે રીતે શાસ્ત્રોનું મહત્ત્વ, ઉપકારકતા, અનિવાર્યતા, વગેરે સમજાવવું. જેમ કે- અર્થ-કામ વિષે પ્રમાદથી સામાન્ય હાનિ થાય પણ ધર્મકાર્યોમાં પ્રમાદ કરવાથી ઘણા ભવો બગડે, શાસ્ત્રોના નિત્ય શ્રવણથી જડ પણ જ્ઞાની બની જાય છે, મોહરૂપી મહા અંધકારમય આ જગતમાં શાસ્ત્રો જ દીપકની જેમ સન્માર્ગે ચઢાવે છે, શાસ્ત્રો પાપ રોગનું ઔષધ અને પુણ્ય વૃદ્ધિ માટે રસાયણ છે. શાસ્ત્રો પ્રત્યે બહુમાનથી જ ધર્મક્રિયાઓ સફળ થાય છે, શાસ્ત્રનો અનાદર કરનારની ધર્મક્રિયાઓ ઉન્માદીના ઉન્માદ તુલ્ય છે, શાસ્ત્રો સર્વતો નેત્ર છે, સુખ સાધક છે, અને જળ વસ્ત્રને શુદ્ધ કરે તેમ શાસ્ત્રો ચિત્તરૂપી રત્નને શુદ્ધ કરે છે, શ્રીતીર્થંકરોએ શાસ્ત્રભક્તિને મુક્તિની દૂતિ કહી છે. વગેરે કહીને શાસ્ત્રો પ્રત્યે આદર વધારવો. વળી ધર્મોપદેશકે શ્રોતાને આચાર તરફ આદર વધે, પાપનો પસ્તાવો, ભય વગેરે જાગે, ચિત્તના સંશયો દૂર થાય અને શ્રદ્ધા-બુદ્ધિ અનુસાર તેનું જીવાજીવાદિ તત્ત્વોનું જ્ઞાન વધે, તેવી રીતે આક્ષેપિણી કથા કરવી.

તેમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારોનું સ્વરૂપ, તેના કાલ-વિનય વગેરે બેંતાલીસ પ્રકારો, તેના પાલનનું ફળ, વગેરે વિસ્તારથી સમજાવવું. તેને પાલવાની જિનેશ્વર દેવોની આજ્ઞા છે, માટે આલોક-પરલોકનાં જડ સુખોની ઇચ્છા વિના જ પરમાત્મા પ્રત્યે કૃતજ્ઞભાવે સ્વકર્તવ્ય સમજીને તે આચારોને નિરતિચાર પાળવા, ન પાળી શકાય તો પણ આચારો પ્રત્યે અંતઃકરણનો અનુબંધ (આદર-બહુમાન) કરવો, વગેરે સમજાવવું, કાલક્ષેપ કરાવવો, પણ અધીરા ન થવું. કારણ કે તથાવિધ કાળ-કર્મ-વગેરેના પરિપાક વિના ઉત્સુક થવું તે આર્ત્તધ્યાન છે. વળી તેને સમજાવવું કે-

સ્વીકારેલા આચારોના પાલન માટે સમાન કે વિશેષ આચારવાળા આત્માઓની સાથે રહેવું, પોતાના આચારો શોભે અને ભંગ ન થાય તેવી ક્રિયાઓ કરવી તથા "હું ક્યાં રહ્યો છું? મારૂં શું કર્તવ્ય છે?" વગેરે વારંવાર વિચારવું. એ રીતે આચારોનું પાલન કરવાથી ગુણસંપત્તિ વધે, લોકપ્રિયતા વધે, આગામી ભવે સદ્ગતિ, આર્યદેશ, સારૂં કુળ અને

પરંપરાએ મોક્ષ થાય. મોક્ષ ન થાય ત્યાં સુધી પણ આ આચારોના પાલનથી લૌકિક-લોકોત્તર જીવન સામગ્રી મળે, આધ્યાત્મિક સંપત્તિ (સત્ત્વ વગેરે) પ્રાપ્ત થાય, ઇત્યાદિ ફળો સમજાવવાં, જેથી પાલનમાં તેનો ઉત્સાહ વધે. વળી પંચાચારના ઘાતક હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, મૂર્છા, ક્રોધ, માન, માયા, લોભ અને તત્ત્વ પ્રત્યે અવિશ્વાસ, એ દશ દોષોની ભયંકરતા સમજાવવી. તેમાં પણ તત્ત્વ પ્રત્યે અવિશ્વાસ કે જે મિથ્યાત્વરૂપ છે, તેના જેવો કોઈ શત્રુ, કોઈ ઝેર, કોઈ રોગ, કે કોઈ અંધકાર નથી, કારણ કે શત્રુ, ઝેર, રોગ, અંધકાર, બધાં મળીને ન કરી શકે તે અનર્થ એક જ મિથ્યાત્વ અનેક ભવો સુધી કરે છે, અગ્નિથી મરવું સારું પણ મિથ્યાત્વ સેવવું સારું નહિ, વગેરે સમજાવવું. ઉપદેશકે પોતે પણ એ દશ દોષોને સર્વથા તજવા, કારણ કે અસદાચારી ઉપદેશકની કથા નટની જેમ નિષ્ફળ બને છે.

ઉપદેશકે પોતાનું વર્તન સરળ રાખવું, કે જેથી શ્રોતા વિશ્વાસુ બનીને નિઃશંકા જ રહે. અસદાચારો જ પ્રમાદરૂપ હોવાથી સર્વત્ર અપાયજનક છે. તેનાં ભાવિ દુઃખો નરક-તિર્યંચગતિમાં કેવાં વિષમ વિકરાળ હોય છે તે સમજાવવું, અસદાચારીને મનુષ્યગતિ મળે તો પણ ભીલ્લનો, વેશ્યાનો, કસાઇનો વગેરે હલકા અવતાર મળવાથી મહાપાપો કરીને પુનઃ ચાર ગતિઓમાં ભમવું પડે, એમ અસદાચારો પ્રત્યે અણગમો પ્રગટાવવો, તે રીતે મૂઢતા પણ ભયંકર છે, મૂઢતાથી અહિતને હિત અને હિતને અહિત માને, દુઃખનાં મૂળ કારણોને સમજે નહિ અને હાય-વોય કરી 'પત્થર ગળે બાંધીને પાણીમાં ડૂબવાની જેમ' આર્ત-રૌદ્ર ધ્યાનથી સંસાર સમુદ્રમાં ડૂબે. સંસારમાં જન્મ-જરા-મરણ-રોગ-શોક-આધિ-વ્યાધિ-ઉપાધિ વગેરે કારમાં કષ્ટોને ભોગવતા જીવોને પ્રત્યક્ષ જોવા છતાં મૂઢ સંસારથી ઉદ્વેગ પામે નહિ, ધર્મકાર્યમાં આદર કરે નહિ અને 'માછીએ જળમાં ભરાવેલા માંસમાં આસક્ત બની માછલું પ્રાણ ગુમાવે તેમ' દારુણ કૃત્રિમ સુખોમાં આસક્ત બની પરિણામે સદાચાર રૂપી પ્રાણોને ગુમાવે છે. એમ વિવિધ યુક્તિઓ દ્વારા અસદાચારનો પક્ષ છૂટે તેમ સમજાવવું.

વળી શ્રોતાને જ્ઞાન તથા જ્ઞાનીના ઉપકારો સમજાવવા, જેમ કે આંખ બંધ કરીને પણ જ્ઞાની આ સંસારના સત્યને જે રીતે જોઇ શકે છે તે રીતે ત્રણ નેત્રોવાળા મહાદેવ, આઠ નેત્રોવાળા બ્રહ્મા, બાર નેત્રોવાળા કાર્તિક સ્વામી કે હજાર નેત્રોવાળો ઇન્દ્ર પણ જોઈ શકતો નથી. જ્ઞાની અશક્યની ઇચ્છા કે નષ્ટનો શોક કરતો નથી, સંકટમાં સત્ત્વ કેળવે છે, માન-અપમાનથી પર (સમભાવમાં) રહે છે. માટે એવા જ્ઞાનીનો અને જ્ઞાનનો આશ્રય કરવો એ જ દુઃખમુક્તિનો સાચો ઉપાય છે. વળી પુરુષાર્થનો મહિમા પણ સમજાવવો, જેમ કે સાહસિક-ઉત્સાહી મનુષ્ય ત્રણે જગતને પણ ડોલાવી શકે છે, ધીર પુરુષો ભાગ્યની દરકાર છોડીને કાર્યો સાધે છે, "ભાગ્યનો ઘડવૈયો પણ માણસ પોતે જ છે" એમ માની પુરુષાર્થથી ધાર્યાં કાર્યો સિદ્ધ કરે છે. જે ભાગ્ય ઉપર બેસી રહે છે તેનું ભાગ્ય પણ નપુંસકની પત્ની પતિને છોડે તેમ તેને છોડી દે છે, વગેરે યુક્તિ પૂર્વક પ્રમાદને છોડાવી દુષ્કર કાર્યો પણ કરવાનો ઉત્સાહ વધારવો.

વળી આત્મ વીર્યનો પ્રભાવ સમજાવવો, કે શરીરબળ તુચ્છ છે, સદાચારના પ્રભાવે પ્રગટતું આત્મવીર્ય એ જ સાચું અને સાથે રહેનારું બળ છે. આવું બળ સદાચારોથી પ્રગટે છે અને સદાચારોથી પોષાતું તે ક્રમશઃ તીર્થંકર દેવના જેટલું વધે છે. મેરુ પર્વતને દંડ બનાવી પૃથ્વીને છત્ર બનાવનારા દેવો વગેરેનું બળ સદાચાર રૂપી કલ્પવૃક્ષનું ફળ છે.

એમ પંચાચારનો મહિમા, પાપોથી કારમાં દુઃખો, અસદાચારોની દુષ્ટતા, મૂઢતાની દારુણતા, જ્ઞાન-જ્ઞાનીના ઉપકારો, પુરુષાર્થનો મહિમા, અને સાચું બળ, વગેરે જાણીને શ્રોતા શ્રદ્ધા, સમજણ અને તદનુરૂપ આચરણ કરે ત્યારે આત્મતત્ત્વને સમજવાની યોગ્યતાવાળો બન્યો છે, એમ સમજી તેને આત્મા, તેનું અસ્તિત્વ, બંધ, મોક્ષ, વગેરે અદૃષ્ટભાવો સમજાવવા. ભૂખ્યાને ભોજનની જેમ શ્રદ્ધા, સમજણ અને ક્રિયાના આદરવાળા જીવને આપેલો તાત્ત્વિક ઉપદેશ સફળ થાય છે.

તેમાં પણ પ્રથમ શ્રુતધર્મની મહત્તા અને સાચું સ્વરૂપ સમજાવવું, જેમ કે-કયારામાં વૃક્ષ ઊગે તેમ શ્રુતધર્મરૂપી કયારામાં જ મોક્ષ ફળને આપનારું ચારિત્રરૂપી ધર્મ કલ્પવૃક્ષ ઊગે છે. એ શ્રુતના વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા, એમ પાંચ પ્રકારો છે, તેનો મહિમા અનંત છે, તે શ્રુત જ આત્માનાં સાચાં નેત્રો છે, જેઓ શ્રુતના બળે દૃષ્ટ-અદૃષ્ટ, હેય-ઉપાદેય, વગેરે સર્વ ભાવોને જાણે છે તેઓ જ તત્ત્વથી દેખતા છે. બાહ્ય નેત્રો પણ શ્રુતજ્ઞાનથી જ પદાર્થને જાણી સમજી શકે છે, શ્રુતરૂપી નેત્ર વિના દેખતો પણ તત્ત્વથી અંધ છે. આ શ્રુતધર્મ દરેક દર્શનવાળાનો જુદો જુદો છે, તેમાં સત્ય કયો ? તે જાણવા સોનાની જેમ શ્રુતની પણ કષ-છેદ અને તાપ દ્વારા પરીક્ષા કરવા સમજાવવું. તેમાં **કષ** એટલે કસોટીથી સોનાની જેમ શ્રુતની પરીક્ષા એ રીતે કરવી કે જે આગમમાં તપ, જપ, ધ્યાન, વિનય, દયા, દાન, શીલ, વગેરે શુભ આચારોને કરવાનાં વિધાનો અને હિંસા, અસત્યભાષણ, ચોરી, રાગ, દ્વેષ, નિંદા વગેરે પાપાચારોનો સ્થળે સ્થળે નિષેધ હોય તે શાસ્ત્ર કષ (કસોટીથી) શુદ્ધ અને તેથી વિરુદ્ધ એટલે "વિષ્ણુએ અસુરોનો ઘાત કર્યો તેમ અન્યધર્મીઓનો ઘાત કરવો, તેવાઓને હણવામાં પાપ નથી," વગેરે અકર્તવ્યનું વિધાન જેમાં હોય તે અશુદ્ધ જાણવું.

કસોટીથી શુદ્ધ સોનાની પણ કાપીને પરીક્ષા કરે તેમ કષશુદ્ધ શાસ્ત્રની પણ છેદથી પરીક્ષા કરવી. જેમ કે-શાસ્ત્રમાં બતાવેલી ક્રિયાઓ તેમાં જણાવેલા વિધિ-નિષેધોનું સંપૂર્ણ પાલન થાય તેવી અને શાસ્ત્રમાં પ્રગટ ન જણાતા પણ વિધિ-નિષેધોને જણાવનારી હોય, તે **શાસ્ત્ર છેદશુદ્ધ ગણાય.**

છેદશુદ્ધ પણ સોનાને ગાળીને પરીક્ષા થાય છે, તેમ કષ અને છેદથી શુદ્ધ શાસ્ત્રની પણ તાપથી (અગ્નિ) પરીક્ષા કરવી, જેમકે વિધિ-નિષેધોને અનુરૂપ ક્રિયાનું ફળ પામી શકે તેવું જીવ-અજીવ વગેરે પદાર્થોનું સ્વરૂપ જેમાં પરિણામી (એટલે સત્તારૂપે નિત્ય-સ્થિર છતાં તેમાં પર્યાયો-રૂપાન્તરો થઈ શકે તેવું) જણાવ્યું હોય, અર્થાત્ જીવાજીવાદિ પદાર્થો

દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય, એમ નિત્યાનિત્ય કહ્યા હોય, તે શાસ્ત્ર તાપશુદ્ધ જાણવું. કારણ કે પદાર્થ નિત્યાનિત્ય (પરિણામી) હોય તો જ શુભાશુભ ક્રિયાથી તેની શુદ્ધિ કે અશુદ્ધિ થઈ શકે. આત્મા એકાન્ત અનિત્ય-ક્ષણ વિનશ્વર હોય તો તેની ક્રિયાનું ફળ કોને મળે? અનિત્યવાદીના મતે તો ક્રિયા કરનાર જીવ તે જ ક્ષણે નાશ પામે છે. પછી ક્રિયાનું ફળ જો તેના મતે બીજો નવો ઉત્પન્ન થયેલો જીવ ભોગવે તો કૃતનાશ-અકૃતાગમ અર્થાત્ કર્તાને ફળનો નાશ અને નહિ કરનારને લાભ થાય, એ કોઈ રીતે ઘટિત નથી. વળી આત્માને એકાન્ત નિત્ય એટલે કોઈ ફેરફાર થાય જ નહિ, એવો માનવાથી પણ ક્રિયા નિષ્ફળ થાય, કારણ કે નિત્ય તો હોય તેવો જ રહે, તેમાં શુદ્ધિ-અશુદ્ધિ કંઈ પણ ફેરફાર થાય જ નહિ, એમ એકાન્ત નિત્ય કે અનિત્ય માનવાથી ક્રિયા નિષ્ફળ થાય, માટે જે શાસ્ત્રમાં આત્મા વગેરે પદાર્થોનું સ્વરૂપ નિત્યાનિત્ય (પરિણામી) જણાવ્યું હોય તે જ શાસ્ત્ર તાપશુદ્ધ જાણવું.

વળી કષ, છેદથી પણ તાપશુદ્ધનું મહત્ત્વ છે. કોઈ સોનું કસોટીથી અને કાપવાથી પણ શુદ્ધ જણાય, છતાં તાપથી અશુદ્ધ હોય તો કષ-છેદની પરીક્ષા ખોટી ગણાય છે, તેમ શાસ્ત્રોમાં વિધિ-નિષેધો અને તેને અનુરૂપ ક્રિયા કહેલી હોય છતાં આત્માદિ પદાર્થો એકાન્ત નિત્ય કે એકાન્ત અનિત્ય કહ્યા હોય તો એ ક્રિયા નિષ્ફળ હોવાથી તેવું જણાવનાર શાસ્ત્રો પણ અશુદ્ધ ગણાય. ડાહ્યા માણસો ખોટા-કૃત્રિમ સોનાને સાચું માનતા નથી, તેમ પંડિત પુરુષો કષ-છેદથી શુદ્ધ પણ તાપથી અશુદ્ધ હોય તે શાસ્ત્રને ગ્રહણ કરતા નથી.

એ રીતે શુદ્ધ શાસ્ત્રનું સ્વરૂપ સમજાવ્યા પછી શ્રોતા પૂછે કે આવા શુદ્ધ શાસ્ત્રના પ્રરૂપક કેવા-કોણ હોય તો તે પ્રમાણભૂત મનાય? ત્યારે સમજાવવું કે જે છદ્મસ્થ (અપૂર્ણ) હોવાથી પ્રત્યક્ષ-પરોક્ષ સર્વ પદાર્થોને પરિપૂર્ણ જાણી શકે નહિ, તેનું વચન પ્રમાણભૂત મનાય નહિ. કારણ કે તે જન્માન્ધ ચિત્રકાર જેવો ગણાય. જન્માન્ધનું ચિત્ર યથાર્થ હોય નહિ, તેમ અપૂર્ણ જ્ઞાનીનું વચન યથાર્થ સંભવે નહિ, માટે સંપૂર્ણ જ્ઞાનીનું (સર્વજ્ઞનું) કહેલું શાસ્ત્ર જ પ્રમાણભૂત મનાય.

વળી એવા શાસ્ત્રને ઓળખવાના ઉપાયો સમજાવવા કે, જે શાસ્ત્રવચન બંધ-મોક્ષની સિદ્ધિ કરે તે શુદ્ધ સમજવું. અહીં મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, એ કર્મબંધનાં કારણો છે, તેના દ્વારા આત્માની સાથે કર્મપુદ્ગલો લોખંડ અને અગ્નિ, કે દૂધ અને પાણીની જેમ એકમેક જોડાઈ જાય તે બંધ અને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રદ્વારા એ કર્મપુદ્ગલો આત્માથી સર્વથા છૂટે તે મોક્ષ. જે શાસ્ત્રમાં આ બંધ અને મોક્ષ થઈ શકે તેવું જીવનું સ્વરૂપ નિત્યાનિત્ય જણાવ્યું હોય, વળી બંધ-મોક્ષની ઘટના માટે બધ્યમાન (આત્મા) અને બંધનરૂપ કર્મો પણ જણાવ્યાં હોય, તે શાસ્ત્ર શુદ્ધ ગણાય, તેમાં બધ્યમાન એટલે મૂળ સ્વરૂપ કર્મથી આચ્છાદિત હોવાથી પરાધીન બનેલો અને તેથી એકેન્દ્રિયાદિ ચૌદ પ્રકારની અવસ્થાઓને ધારણ કરતો આત્મા, અને બંધન એટલે આત્માની સાથે ખીર-નીરની જેમ

મળી ગયેલું, પરમાર્થથી વિદ્યમાન, અનંતાનંત પરમાણુના સમૂહવાળું, રૂપી, જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિવાળું આઠ પ્રકારનું કર્મ.

અહીં આત્માને બધ્યમાન કહેવાથી સાંખ્યદર્શનના મતે આત્માનો બંધ કે મોક્ષ થતો નથી અને તે નવાં નવાં રૂપોને ધારણ પણ કરતો નથી. માત્ર ભિન્ન ભિન્ન રૂપોને ધારણ કરનારી તો પ્રકૃતિ છે, તે જ બંધાય છે અને છૂટે છે, વગેરે સાંખ્ય દર્શનનું મન્તવ્ય મિથ્યા છે, તેના મતે તો ક્રિયા કરવા છતાં આત્માનો તો બંધ-મોક્ષ થાય જ નહિ, તેથી તેના વિધિ-નિષેધો કે તદનુરૂપ ક્રિયા બધું નિષ્ફળ ગણાય.

વળી કર્મને બંધન માનવાથી બૌદ્ધદર્શનની માન્યતા મિથ્યા ઠરે છે. તેના મતે આત્માથી અભિન્ન રાગ-દ્વેષ વગેરે દૂષણોવાળો મલિન આત્મા તે જ સંસાર અને એ દૂષણોથી મુક્તિ તે જ મોક્ષ. તેના મતે આત્માને બાંધનારી કર્મ જેવી કોઈ ભિન્ન વસ્તુ છે જ નહિ, આત્મા પોતે જ બધ્યમાન અને પોતે જ બંધન છે, એ માન્યતા મિથ્યા ઠરે છે. કારણ કે બધ્યમાન અને બંધન બે જગતમાં ભિન્ન જ હોય છે.

એમ યુક્તિપૂર્વક બંધ, મોક્ષ તથા બધ્યમાન અને બંધનનું સ્વરૂપ સમજાવીને કારણ વિના કાર્ય થાય નહિ, માટે બંધનના હેતુઓ પણ જણાવવા જોઈએ, તેમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, મૂર્છા, મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા અને લોભ, એ દશ પ્રકારના જે દુષ્ટ પરિણામો તે દુઃખમય સંસારના બીજભૂત પાપકર્મના હેતુઓ છે, તેના વશ પડેલો આત્મા પાપકર્મ દ્વારા બંધાય છે માટે તે બંધનના હેતુઓ છે અને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, મૂર્છાત્યાગ, તત્ત્વશ્રદ્ધા, ક્ષમા, નમ્રતા, સરળતા અને સંતોષ એ દશવિધ શુભ પરિણામોથી બંધન તૂટે છે માટે તે મુક્તિના હેતુઓ છે. પ્રત્યેક કાર્ય કારણને અનુરૂપ બને છે, તેમ અહીં પણ અશુદ્ધ પરિણામથી બંધ અને શુદ્ધ પરિણામથી મોક્ષ થાય છે, વગેરે સમજાવવું.

વળી જીવ અનાદિ છે, તેમ આ કર્મરૂપ બંધન (પણ) પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે, જીવને આ બંધનનો આદિ કાળ કોઈ જ નથી. **પ્રશ્ન**- અનાદિ સંબંધનો અંત કેમ થાય? જો અનાદિનો અંત થાય તો જીવનો પણ અંત (નાશ) થવો જોઈએ, અનાદિ છતાં જીવ શાશ્વત અને કર્મબંધ નાશવંત, એ કેમ મનાય? **ઉત્તર**- પ્રવાહથી અનાદિ અને સ્વરૂપથી અનાદિ એમ અનાદિ બે પ્રકારે હોય છે, તેમાં જે પ્રવાહથી અનાદિ હોય તેનો નાશ થાય, સ્વરૂપથી અનાદિનો નાશ કદી ન થાય. જેમ કે દરેક માણસનો પિતા-દાદા-પરદાદા વિગેરે વંશ અનાદિ છે, તેની કોઈ આદિ નથી, છતાં વંશનો અંત (નિર્વંશ) થાય છે, કારણ કે તે પિતા-દાદા-પરદાદા વિગેરેનો વંશ ક્રમથી (પરંપરાથી) અનાદિ છે. તે રીતે કર્મનો બંધ પણ સ્વરૂપે અનાદિ નથી, નવાં નવાં કર્મોના બંધરૂપ પ્રવાહથી અનાદિ છે માટે તેનો અંત થઈ શકે છે. જીવ પદાર્થ સ્વરૂપે અનાદિ છે માટે તેનો સર્વથા નાશ કોઈ રીતે કદાપિ થતો

નથી. દરેક દ્રવ્યો અનાદિ અનંત છે અને તેના પર્યાયો (અવસ્થાઓ) સાદિ-સાંત (ઉત્પત્તિ-નાશવંત) હોય છે, જીવને બંધાતું નવું નવું કર્મ ઉત્પત્તિમાન છે, ઉત્પન્નનો નાશ થતો હોવાથી બંધનરૂપ કર્મનો નાશ થઈ શકે છે. જ્ઞાનીઓ જે વસ્તુ સર્વથા નાશ ન પામે, કે સર્વથા મૂળસ્વરૂપે પણ ન રહે, પણ નવાં નવાં રૂપોને (અવસ્થાઓને) પામે તેને પરિણામી કહે છે. જેમ સોનું સોનારૂપે કાયમ રહીને કડું, કંઠી, કંદોરો, વગેરે રૂપોને ધારણ કરે છે, મનુષ્ય મનુષ્યરૂપે કાયમ રહીને બાળ, યૌવન, વૃદ્ધત્વ, વગેરે અવસ્થાઓને પામે છે, તેમ જીવ જીવરૂપે કાયમ રહીને એકેન્દ્રિયાદિ વિવિધ અવસ્થાઓને ધારણ કરે છે, તેથી તે પરિણામી છે. તેનું આવું નિત્યાનિત્ય સ્વરૂપ હોવાથી જ તેનો બંધ અને મોક્ષ પણ થાય. એથી વિપરીત જીવ એકાન્ત (કુટસ્થ) નિત્ય કે સર્વથા અનિત્ય માનીએ તો તેનો બંધ કે મોક્ષ એક પણ થઈ શકે જ નહિ, તેથી તેની હિંસા, અહિંસાદિ સઘળી ક્રિયાઓ પણ નિષ્ફળ થાય.

એમ આત્માનું સ્વરૂપ સમજાવ્યા પછી તેને હિંસાનું સ્વરૂપ સમજાવવું. તેમાં ૧. જીવના વર્તમાન પર્યાયનો નાશ કરવો, ૨. પર્યાયનો નાશ ન થાય તેમ તેને દુઃખી કરવો, કે ૩. તેને માનસિક સંક્લેશ ઉપજાવવો, એમ હિંસા ત્રણ પ્રકારે થાય, તેને સર્વથા ત્યજવી તે અહિંસા છે. જીવ પરિણામી હોય તો જ આ હિંસા-અહિંસા ઘટે.

એ સમજ્યા પછી શરીર અને આત્મા બન્ને ભિન્નાભિન્ન છે એ સમજાવવું. શરીર એકાન્ત ભિન્ન કે એકાન્ત અભિન્ન નથી. કારણ કે એકાન્ત ભિન્ન માનીએ તો શયન, આસન, આહાર, પાણી, ઠંડી, ગરમી, વગેરે શારીરિક ક્રિયાઓનો અનુભવ જીવને ન ઘટે, જેમ કે દેવદત્ત, અગ્નિદત્ત બે ભિન્ન છે, તો દેવદત્ત ખાય તેનાથી અગ્નિદત્તની ભૂખ ન ભાંગે, તેમ આત્મા-શરીર બન્ને એકાન્ત ભિન્ન માનવાથી શરીરના ભોગોનો આત્માને અનુભવ ન થાય. વળી શરીર એ જ આત્મા, એમ એકાન્ત અભિન્ન માનવાથી પણ મરણ વગેરે ન ઘટે. જો શરીર એ જ આત્મા હોય તો મરીને કોણ ગયું? શરીર તે જ આત્મા છે, તો તે અહીં મોજૂદ છે. એમ મરણ ન ઘટે તો પૂર્વજન્મ, પુનર્જન્મ વગેરે શાસ્ત્રોક્ત સઘળાં સત્યો પણ મિથ્યા ઠરે. માટે જીવ નિત્યાનિત્ય છે, તેમ શરીરથી ભિન્નાભિન્ન પણ છે. એમ સર્વ વસ્તુઓ વિવિધ અપેક્ષાએ અનંત ધર્માત્મક છે, વગેરે તત્ત્વ યુક્તિ અને શાસ્ત્રવચનો દ્વારા સમજાવવું.

એ પ્રમાણે તત્ત્વનો ઉપદેશ કર્યા પછી તે પરિણમ્યો છે કે નહિ, તેની પરીક્ષા કરવી. જો આ સાંભળ્યા પછી શ્રોતા એકાન્તવાદ પ્રત્યે અરુચિસૂચક શબ્દો બોલે, તો તેને અનેકાન્તવાદ પરિણમ્યો છે, એમ માનવું.

એમ એકાન્તવાદ તેને મિથ્યારૂપે સમજાય, તો પછી બંધનના (કર્મના) જ્ઞાનાવરણીયાદિ આઠ મૂળ અને તેના સત્તાણું ઉત્તરભેદો સમજાવવા. (અહીં નામ કર્મના બેંતાલીશ ભેદ ગણવાથી કુલ સત્તાણું અને સડસઠ ગણવાથી એકસો બાવીશ થાય.)

પછી વરબોધિનું સ્વરૂપ સમજાવવું. તેમાં જે નિકાચિત એવા તીર્થંકરનામ કર્મના કારણભૂત હોય તે વર એટલે શ્રેષ્ઠ, અથવા દ્રવ્યસમકિતની અપેક્ષાએ ભાવરૂપ હોવાથી શ્રેષ્ઠ, એવો જે બોધિલાભ–સમકિતની પ્રાપ્તિ, તે વરબોધિલાભ અને તેની પ્રાપ્તિનાં કારણો, તેનું સ્વરૂપ અને ફળો, એ ત્રણનું જ્ઞાન કરાવવું. તેમાં–વરબોધિની પ્રાપ્તિનાં તથાભવ્યત્વ વિગેરે પાંચ કારણો આ રીતે સમજાવવાં.

૧. **તથાભવ્યત્વ**– અહીં ભવ્યત્વ એટલે આત્મામાં અનાદિ કાળથી રહેલી કર્મમુક્ત થવાની સ્વાભાવિક યોગ્યતા, તેમાં કાળ, નિયતિ, કર્મ અને પુરૂષાર્થ, એ ચાર કારણોનો યોગ ભિન્ન ભિન્ન જીવોને ભિન્ન ભિન્ન પ્રકારે થવાથી તે જ ભવ્યત્વ વિચિત્ર (વિવિધ સ્વરૂપવાળું) બનવાથી તેને તથાભવ્યત્વ કહેવાય છે.

૨. **કાળ**– જેમ વસન્ત વગેરે ઋતુઓ તે તે વનસ્પતિને ફળરૂપ બનાવે છે, તેમ મોક્ષરૂપી ફળ પ્રગટાવનારો ચરમાવર્તકાળ, અથવા ચરમાવર્તમાંની અમુક ઉત્સર્પિણી–અવસર્પિણી, કે તેમાંનો દુઃષમ–સુષમાદિ આરો, એ જ્યારે ભવ્યત્વમાં ભળે ત્યારે તે તથાભવ્યત્વ બની મોક્ષફળ આપે છે.

૩. **નિયતિ**– ભવ્યત્વ સાથે કાળના યોગ પછી ન્યૂનાધિકતા વિના નિયત પ્રવૃત્તિ કરાવનારી નિયતિનો યોગ થતાં વિશિષ્ટ બનેલી તથાભવ્યતા તે નિયતિને અનુરૂપ જ પ્રયત્ન કરાવે અને તે રીતે મુક્તિનું કારણ બને.

૪. **કર્મ**– પૂર્વે બાંધેલાં કર્મોના રસ વિગેરે મંદ થાય, તેનો ઉદય થવા છતાં ભિન્ન ભિન્ન શુભાશયો પ્રગટે અને પૂર્વ કર્મ ભોગવતાં નવું નવું કર્મ ઉત્તરોત્તર શુભ બંધાય, એમ અશુભ કર્મોની ક્ષીણતા અને શુભની વૃદ્ધિરૂપ કર્મનો યોગ ભવ્યત્વ સાથે ભળવાથી બનેલું તથાભવ્યત્વ મોક્ષને આપે.

૫. **પુરુષાર્થ**– વિશિષ્ટ પુણ્યવંત, મહાશુભ આશયવાળો અને વિશેષ તત્ત્વને સાંભળનાર–સમજનાર, એવા કુશળ પુરુષનો મોક્ષ માટે શુદ્ધ પ્રયત્ન તે પુરુષાર્થ. આ પ્રયત્ન ભવ્યત્વ સાથે ભળવાથી બનેલા તથાભવ્યત્વ દ્વારા જીવનો મોક્ષ થાય.

આ પાંચ વરબોધિનાં કારણો છે, જીવ–અજીવ, આદિ પ્રત્યક્ષ–પરોક્ષ સઘળા પદાર્થોની જીવમાં યથાર્થ શ્રદ્ધા પ્રગટે, તે વરબોધિલાભ કહેવાય, એમ તેનું સ્વરૂપ અને તેનાં વિવિધ ફળો સમજાવવાં. જેમ કે રાગ–દ્વેષની મંદતા, કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિનો અબંધ (અપુનર્બંધકપણું), દુર્ગતિનો અભાવ, સર્વવિરતિ–ચારિત્રની ભાવથી પ્રાપ્તિ, પરિણામે રાગાદિ ભાવમળનો ક્ષય અને તેથી મોક્ષ, એ વરબોધિનાં ફળો છે. તેમાં–

૧. જીવને નદીઘોળ પાષાણ ન્યાયે કર્મોની સ્થિતિ ઘટે તેને 'યથાપ્રવૃત્તિકરણ' કહેવાય છે, તે કરણદ્વારા સાતે કર્મોની ઉત્કૃષ્ટ ચીકાશ (ચાલીસ, ત્રીસ, વીસ) ક્રોડાકોડી સાગરોપમ

સ્થિતિ ઘટીને એક કોડાકોડી સાગરોપમમાં પણ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી ન્યૂન શેષ રહે, ત્યારે અતિચીકણો તીવ્રતર રાગ-દ્વેષનો ઉદય થાય છે, તેને ગ્રન્થી કહી છે. તે ગ્રન્થીના પ્રભાવે જીવ સ્થિતિ ઘટાડવાને બદલે પુનઃ રાગાદિને વશ થઈ ઉત્કૃષ્ટ સ્થિતિવાળાં કર્મો બાંધે છે. આ રીતે યથાપ્રવૃત્તિ કરણથી અનંતીવાર સ્થિતિ ઘટાડીને પુનઃ પુનઃ બાંધે છે. વ્યવહાર નયથી જીવને એવાં અનંત યથાપ્રવૃત્તિ કરણો સંભવે, તે સર્વે અચરમ કરણો કહેવાય. પણ જ્યારે ભવ્યત્વના પરિપાકરૂપ ઉપર કહ્યું તેમ તે તથાભવ્યત્વ બને ત્યારે જે યથાપ્રવૃત્તિ કરણ દ્વારા ઘટેલી સ્થિતિ પુનઃ વધે નહિ, તેને ચરમ (છેલ્લું) કરણ કહ્યું છે. આ કરણને યોગે સ્થિતિ ઘટતાં જ્યારે ઉપર જણાવી તે રાગ-દ્વેષની ગ્રન્થીનો ઉદય થાય ત્યારે કોઈ જીવ તેને વશ ન થતાં અપૂર્વ વીર્યોલ્લાસરૂપ (વજ્રની તીવ્ર સોય જેવા અધ્યવસાયરૂપ) અપૂર્વ કરણના બળે તે ગ્રન્થીને ભેદી નાખે, તે ગ્રન્થીભેદ કહેવાય. પછી (વિશુદ્ધતર અધ્યવસાયરૂપ) અંતર્મુહૂર્ત કાળ પ્રમાણ અનિવૃત્તિકરણ દ્વારા સત્તામાં પડેલા મિથ્યાત્વની શુદ્ધિ અર્ધશુદ્ધિ અશુદ્ધિરૂપ ત્રણ પુંજ (વિભાગ) કરીને તે પૈકી શુદ્ધપુંજ જેનું નામ સમકિત-મોહનીય છે તેને વેદે, ત્યારે જીવ પ્રથમ સમયે જ ક્ષાયોપશમિક સમકિતરૂપ વરબોધિને પામે. આ વરબોધિના પ્રભાવે જીવમાં શુદ્ધતત્ત્વોની શ્રદ્ધા પ્રગટે. મણીને વીંધ્યા પછી વેધ પૂરાઈ જાય તો પણ પૂર્વવત્ તે અણવીંધ્યું ન જ બને, તેમ આ સમ્યક્ત્વ જઘન્યથી અંતર્મુહૂર્ત માત્ર પણ અનુભવ્યા પછી અવરાઈ જાય તો પણ પુનઃ મોક્ષ થતાં સુધી પૂર્વવત્ રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ તો થાય જ નહિ, આ તીવ્રતાના અભાવરૂપ રાગ-દ્વેષની મંદતા તે વરબોધિનું પ્રથમ ફળ જાણવું.

૨. વરબોધિની પ્રાપ્તિ વખતે સાતે ય કર્મોની પૂર્વે કહી તેટલી ઘટેલી સ્થિતિ પુનઃ વરબોધિ અવરાઈ જાય, મિથ્યાત્વનો ઉદય થાય અને તેના બળે તીર્થંકરની આશાતના જેવાં મોટાં પાપો આચરે તો પણ રાગાદિની મંદતા થયેલી હોવાથી અંતઃ કોડાકોડી સાગરોપમથી અધિક સ્થિતિ બંધાય જ નહિ એ સ્થિતિનું અપુનર્બંધકપણું વરબોધિનું બીજું ફળ જાણવું.

૩. વરબોધિ અવરાઈ ગયું ન હોય અને તેની પ્રાપ્તિ પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો વરબોધિના પ્રભાવે આગામી તિર્યંચ-નરકનું આયુષ્ય તો બંધાય જ નહિ, મનુષ્યને વૈમાનિક-દેવપણાનું અને દેવને ઉત્તમ મનુષ્યપણાનું જ બંધાય, એમ દુર્ગતિનું અબંધકપણું એ ત્રીજું ફળ જાણવું.

૪. વરબોધિની પ્રાપ્તિ પછી તેના પ્રભાવે દર્શનાચારના આઠેય આચારોનું નિર્મળ પાલન કરતાં શંકાદિ દોષો રહિત વધેલી તે વરબોધિની શુદ્ધિના પ્રભાવે જીવને સર્વ પાપની વિરતિરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય તે વરબોધિનું ચોથું ફળ. નિશ્ચયનયથી તો ચારિત્ર એ જ શુદ્ધ સમ્યક્ત્વ છે. આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે "ચારિત્ર તે જ સમ્યક્ત્વ અને સમ્યક્ત્વ તે જ ચારિત્ર છે."

૫. ચારિત્રવંતને વાર વાર ભાવવા યોગ્ય ભાવોને ભાવના કહેવાય છે. વિધિપૂર્વક કરેલા

ઔષધથી રોગ ટળે અને પ્રચંડ પવનથી વાદળ વિખરાય, તેમ શાસ્ત્રોક્ત અનિત્યતા, અશરણતા, વગેરે બાર ભાવના દ્વારા તત્ત્વચિંતન કરતાં નવાં નવાં અશુભ કર્મોને બંધાવનાર રાગ-દ્વેષ-મોહરૂપ ભાવમળ નાશ પામે તે વરબોધિનું પાંચમું ફળ જાણવું.

૬. રાગાદિના ક્ષયથી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાનાદિ ગુણો પ્રાપ્ત થાય અને આયુષ્ય પૂર્ણ થતાં સર્વ કર્મના બંધનમાંથી મુક્તિરૂપ મોક્ષ થાય. અને મોક્ષ એટલે દ્રવ્ય-ભાવરૂપ સર્વ કર્મોનાં બંધનથી છૂટકારો થતાં આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત છદ્મસ્થ જીવો સમજી પણ ન શકે તેવા અસાધારણ શાશ્વત અખંડ આત્માનંદનો અનુભવ તે વરબોધિનુ છઠ્ઠું ફળ જાણવું.

એમ સાંભળવાની ઈચ્છાવાળા યોગ્ય જીવમાં સંવેગ પ્રગટે તે રીતે આ શ્રુતધર્મ જેને પરિણમ્યો હોય તેવા ઉત્તમ મુનિએ શ્રોતા પ્રત્યે કેવળ અનુગ્રહ બુદ્ધિથી ધર્મોપદેશ કરવો. (આ વિધિ ધર્મબિન્દુ ગ્રન્થમાં બીજા અધ્યાયમાં શ્રી હરિભદ્રસૂરિજીએ વિસ્તારથી કહ્યો છે.) એ રીતે ઉપદેશ કરવા છતાં તથાવિધ ભારેકર્મીપણું વગેરે દોષોથી શ્રોતાને લાભ ન થાય તો પણ અનુગ્રહબુદ્ધિવાળા ઉપદેશકને તો લાભ થાય જ. જગતમાં ઉપકાર અનેક રીતે થાય છે, પણ મૂળમાંથી દુઃખનો નાશ કરનાર ધર્મના ઉપદેશથી વરબોધિલાભ વગેરે જે ઉપકાર થાય છે, તે કયાંય કદાપિ અન્ય રીતે થાય નહિ, માટે અધિકારી એવા યોગ્ય ઉપદેશકે યોગ્ય જીવને ધર્મોપદેશ કરવો તે મહામુનિનું અવશ્ય કર્તવ્ય છે.

એમ ધર્મદેશનાનો વિધિ કહ્યો. હવે સદ્ધર્મની પ્રાપ્તિ કેવી યોગ્યતાવાળા જીવને થાય તે કહે છે –

मूलम्–"संविज्ञस्तच्छ्रुतेरेवं, ज्ञाततत्त्वो नरोऽनघः ।
दृढं स्वशक्त्या जातेच्छः, संग्रहेऽस्य प्रवर्त्तते ॥२०॥"

અર્થાત્ વિધિપૂર્વક ધર્મશ્રવણ કરતાં મિથ્યાત્વરૂપી મેલ દૂર થતાં હસ્તામલકવત્ જીવાજીવાદિ તત્ત્વોનું યથાર્થ જ્ઞાન થવાથી સંવેગને પામેલો ધર્મની ઇચ્છાવાળો જીવ નિપુણ-સૂક્ષ્મ બુદ્ધિથી પોતાનું સામર્થ્ય વગેરે વિચારીને તદનુસાર ધર્મની આરાધનામાં ઉદ્યમ કરે છે.

સૂક્ષ્મ બુદ્ધિથી પોતાનું સામર્થ્ય, સંયોગ, સામગ્રી, વગેરેને વિચાર્યા વિના ન્યૂન કે અધિક પણ ધર્મ કરવાથી આખરે છોડવાનો કે અનર્થ થવાનો સંભવ રહે, [૩૨]શક્તિસામર્થ્યને અનુરૂપ પ્રવૃત્તિથી ક્રમશઃ રુચિ, શક્તિ, સંયોગ વગેરેનું બળ વધતું રહે અને ઉત્તરોત્તર વિશેષ ધર્મ થઈ શકે.

એમ વિશેષધર્મની પ્રાપ્તિ માટે જીવની યોગ્યતા કેવી જોઇએ તે સામાન્યરૂપે જણાવ્યું. ધર્મરત્નપ્રકરણ, શ્રાદ્ધવિધિ, વગેરે ગ્રન્થોમાં એકવીશ ગુણવાળા જીવને વિશેષ ધર્મ માટે યોગ્ય કહ્યો છે. તે ગુણો આ પ્રમાણે છે.

૩૨. તત્ત્વથી તો 'साहसात् सिद्धिः' એ નિયમ પ્રમાણે ધર્મ માટે હિતકર સાહસિકતા જોઇએ.

૧. **અક્ષુદ્ર**— ઉદાર, ગંભીર, ઉછાંછળો કે છીછરો નહિ.

૨. **રૂપવાન**— પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ સ્વસ્થ સમર્થ અવિકલ શરીરવાળો.

૩. **પ્રકૃતિ સૌમ્ય**— સ્વભાવે જ પાપથી પરાઙ્મુખ અને બીજાઓને ઉપશમ પમાડે એવી શાન્તપ્રકૃતિવાળો.

૪. **લોકપ્રિય**— નિંદાદિ લોકવિરુદ્ધ પ્રવૃત્તિનો ત્યાગી અને દાન, વિનય, સદાચાર, વગેરેથી લોકને પ્રિય.

૫. **અક્રૂર**— પ્રસન્નચિત્તવાળો, મંદકષાયી.

૬. **ભીરુ**— આભવ-પરભવના દુઃખોથી, પાપોથી અને અપયશથી ડરનારો.

૭. **અશઠ**— વિશ્વાસપાત્ર, માયારહિત, ભાવથી ધર્મ કરનારો, પ્રશંસાપાત્ર.

૮. **સુદાક્ષિણ્ય**— પ્રાર્થનાભંગ ભીરુ, સ્વકાર્ય ગૌણ કરીને પણ અન્યનું હિતકર કાર્ય કરનારો.

૯. **લજ્જાળુ**— લજ્જાથી અયોગ્ય કાર્ય કરી શકે નહિ અને શુભ કાર્યને છોડી શકે નહિ, સ્વીકારેલા કાર્યને પૂર્ણ કરે.

૧૦. **દયાળુ**— દુઃખી, અનાથ, દરિદ્રી, ધર્મરહિત, વગેરે જીવોને યથાશક્ય દુઃખમુક્ત કરવાની ભાવનાવાળો.

૧૧. **મધ્યસ્થ—સૌમ્યદૃષ્ટિ**— રાગ-દ્વેષની મંદતાથી વસ્તુતત્ત્વનો યથાશક્ય વિચારક, હેય ઉપાદેય વગેરેમાં વિવેકી, નિષ્પક્ષ તથા સત્યગ્રાહક.

૧૨. **ગુણરાગી**— ગુણ-ગુણીનો પક્ષ અને અવગુણીની ઉપેક્ષા કરનાર, તથા પ્રાપ્તગુણની રક્ષામાં અને નવા ગુણ મેળવવામાં ઉદ્યમી.

૧૩. **સત્કથક**— હિતકર (ધર્મની) વાતોમાં રુચિવાળો અને વિકથામાં અરુચિવાળો.

૧૪. **સુપક્ષયુક્ત**— આજ્ઞાંકિત, ધર્મી, સદાચારી અને સત્કાર્યમાં સહાયક, એવા પરિવારવાળો.

૧૫. **સુદીર્ઘદર્શી**— સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરીને પરિણામે હિતકર કાર્ય કરનારો.

૧૬. **વિશેષજ્ઞ**— પક્ષપાત વિના વસ્તુના ગુણ-દોષ વિગેરે તારતમ્યને સમજનારો.

૧૭. **વૃદ્ધાનુગ**— વયમાં નાના કે મોટા, પણ શુદ્ધબુદ્ધિ અને સદાચારથી જે વિશિષ્ટ (મોટા) હોય, તેઓની સેવા અને હિતશિક્ષાને માનનારો.

૧૮. **વિનીત**— વિનયને મોક્ષનું મૂળ સમજી ગુણાધિકનો વિનય કરનારો.

૧૯. **કૃતજ્ઞ**— બીજાના ઉપકારોને વિસર્યા વિના પ્રત્યુપકારની ભાવનાવાળો.

૨૦. **પરહિતાર્થકારી**— વિના માગે પણ નિઃસ્વાર્થભાવે પરોપકારની ભાવનાવાળો.

૨૧. **લબ્ધલક્ષ્ય**— શુદ્ધ લક્ષ્યને પામેલો ચતુર, અને તેથી ધર્મ-અનુષ્ઠાનો સરળતાથી શીખવાડી શકાય તેવો.

આ એકવીશ ગુણથી યુક્ત જીવને સર્વોત્તમ એવા જૈનધર્મરૂપ રત્નને પામવા માટે ઉત્તમપાત્ર, પોણાભાગના (૧૫-૧૬) ગુણવાળાને મધ્યમપાત્ર અને અડધા ગુણવાળાને જઘન્યપાત્ર કહ્યો છે, તેથી ઓછા ગુણવાળો ધર્મરત્નને પામવા માટે દરિદ્ર તુલ્ય જાણવો.

પૂ. શ્રીહરિભદ્રસૂરિજીએ શ્રાવકધર્મવિધિ પ્રકરણમાં આ સામાન્ય ધર્મ પામવાની યોગ્યતાનાં **અર્થી**, **સમર્થ** અને **શાસ્ત્ર અનિષિદ્ધ**, એમ ત્રણ લક્ષણો આ પ્રમાણે જણાવ્યાં છે.

૧. **અર્થી**- ધર્મ માટે સ્વયં સામે આવેલો, જિજ્ઞાસુ અને વિનીત.

૨. **સમર્થ**- ધર્માનુષ્ઠાન કરવામાં નિર્ભય, ધીર અને સ્થિર (નિશ્ચલ).

૩. **શાસ્ત્ર અનિષિદ્ધ**- ૧. બહુમાન, ૨. વિધિતત્પરતા અને ૩. ઔચિત્ય પાળનારો. તેમાં-

(અ) બહુમાનયુક્ત એટલે ધર્મકથાપ્રિય, નિંદા નહિ સાંભળનાર, નિંદક પ્રત્યે દયાળુ, તત્ત્વમાં એકાગ્રચિત્તવાળો તથા તત્ત્વોનો તીવ્ર જિજ્ઞાસુ.

(બ) વિધિતત્પરતા એટલે ગુરુવિનય, કાલે ક્રિયા, ઉચિત આસન, યુક્ત સ્વર અને પાઠમાં વિનય, વગેરે સર્વ વિધિમાં આદરવાળો.

(ક) ઔચિત્યવાન એટલે લોકપ્રિય, અનિંદ્ય કર્મબારક, સંકટમાં ધીર, યથાશક્ય ત્યાગી અને લબ્ધલક્ષ્ય, ઇત્યાદિ ઔચિત્યને અનુસરનારો.

આ યોગ્યતાવાળો શ્રાવકના સામાન્ય ધર્મનો અધિકારી ગણાય. વિશેષધર્મની યોગ્યતા માટે તો ત્યાં કહ્યું છે કે સમ્યક્ત્વ વગેરે આત્મગુણોને પામેલો અને નિત્ય ગુરુમુખે ઉત્તમ-શ્રાવકની સામાચારીને સાંભળનારો. બીજે પણ કહ્યું છે કે-તીવ્ર કર્મોની મંદતા થવાથી પરલોકમાં હિતકર એવી શ્રી જિનવાણીને આદર અને વિધિપૂર્વક ઉપયોગથી સાંભળે તે ઉત્કૃષ્ટ શ્રાવક જાણવો. એમ ગૃહસ્થના સામાન્ય ધર્મનું વર્ણન કર્યું.


સાધુ ધર્મની યોગ્યતા તેના વર્ણન પ્રસંગે કહેવાશે, તો પણ સંક્ષેપમાં તે આ પ્રમાણે છે.

આર્યદેશમાં જન્મેલો, ઉત્તમ કુળ-જાતિવાળો, લઘુકર્મી, તેથી નિર્મળ બુદ્ધિવાળો, "ચારગતિમાં મનુષ્યપણું દુર્લભ છે, જન્મ એ મરણનું નિમિત્ત છે, સંપત્તિ ચપળ છે, વિષયો વિષતુલ્ય માત્ર આપાતમધુર છે, સંયોગોનો વિયોગ અવશ્ય છે, પ્રતિસમય મરણ નજીક આવે છે અને કર્મના વિપાકો મહાદારુણ છે." ઇત્યાદિ સંસારવાસ નિર્ગુણ દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખની પરંપરાવાળો છે, એવું સમજ્યો હોય અને તેથી વિરાગી થયો હોય, કષાયો-નોકષાયો મંદ થયા હોય, કૃતજ્ઞ અને વિનીત હોય, રાજ્ય, દેશ, લોક, કાળ અને ધર્મથી વિરુદ્ધ કાર્યોનો ત્યાગી હોય, રાજા મંત્રી અને નગરજનોને માનનીય હોય, પાંચે ઇન્દ્રિયો અને અંગોપાંગ પૂર્ણ હોય, તથા શ્રદ્ધાળુ, ધીર અને દીક્ષા માટે સ્વયં ઉત્સાહી હોય, વગેરે ગુણોવાળો આત્મા સાધુધર્મ માટે યોગ્ય જાણવો.

એમ ગૃહસ્થનો સામાન્યધર્મ, વિશેષધર્મ અને સાધુધર્મ, એ ત્રણેની યોગ્યતા ભિન્ન ભિન્ન કહી, છતાં તે ત્રણેની ભૂમિકારૂપે તે ઉપર કહેલા એકવીશ ગુણો જાણવા. એક જ ભૂમિકા ઉપર રંગોની વિચિત્રતાથી જુદાં જુદાં ચિત્રો બને તેમ અહીં ત્રણેની યોગ્યતા માટે જે જે ગુણો કહ્યા તે ગુણોના બળે જીવ તે તે ધર્મને પામી શકે છે. ધર્મરત્ન પ્રકરણમાં કહ્યું છે કે આ એકવીશ ગુણવાળો જીવ પોતાની યોગ્યતા પ્રમાણે ગૃહસ્થનો અને સાધુનો પણ ધર્મ પામી શકે છે. અહીં વીસમા મૂળ શ્લોકમાં પણ સંવેગી, તત્ત્વજ્ઞ, વગેરે ગુણો કહ્યા તે આ એકવીશ ગુણના સંગ્રહરૂપ છે. એમ સદ્ધર્મની યોગ્યતાનું વર્ણન કર્યું. હવે ગૃહસ્થના વિશેષ ધર્મનું સ્વરૂપ કહીશું.

અહીં ધર્મસંગ્રહ પહેલા ભાગનો પહેલો વિભાગ પૂર્ણ થયો.

એ રીતિએ પરમ ગુરૂભટ્ટારક શ્રી વિજયાનન્દસૂરિશિષ્ય, પંડિત શ્રી શાન્તિવિજય ગણિ ચરણસેવી, મહોપાધ્યાય શ્રી માનવિજય ગણિ વિરચિત સ્વોપજ્ઞ ધર્મસંગ્રહની ટીકામાં સામાન્ય ગૃહસ્થધર્મના વર્ણનરૂપ પહેલા અધિકારનો 'તપાગચ્છાધિપ, સંઘસ્થવિર, પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરિપટ્ટાલંકાર સ્વર્ગત શમદમાદિ ગુણભૂષિત પૂ૦ આચાર્ય શ્રી વિજયમેઘસૂરિ પટ્ટધર ગાંભિર્યાદિ ગુણોપેત પૂ૦ આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિ શિષ્યરત્ન શ્રી વિજયભદ્રંકરસૂરિકૃત' ગુજરાતી ભાષાન્તરનો સારોદ્ધાર સમાપ્ત થયો.



॥ ॐ नमः श्री जिनप्रवचनाय ॥

ધર્મસંગ્રહ ભા.-૧ ગુજરાતી ભાષાન્તરનો સારોદ્ધાર

ગૃહસ્થનો વિશેષ ધર્મ - પ્રકરણ બીજું

સમ્યક્ત્વ અધિકાર

મૂલમ્ "न्याय्यश्च सति सम्यक्त्वेऽणुव्रतप्रमुखग्रहः ।
जिनोक्ततत्त्वेषु रुचिः, शुद्धा सम्यक्त्वमुच्यते ॥२१॥"

અણુવ્રતો વગેરે સમ્યક્ત્વ પ્રગટ્યા પછી સ્વીકારવાં તે ન્યાય છે, તેમાં જિનકથિત તત્ત્વોમાં શુદ્ધ રુચિને સમ્યક્ત્વ કહ્યું છે.

પ્રથમ ગૃહસ્થનો સામાન્ય ધર્મ કહ્યો, હવે વિશેષધર્મ કહે છે. તે ધર્મ સમ્યક્ત્વ પ્રગટ થયા પછી સ્વીકારવો તે ન્યાય છે, કારણ કે સમ્યક્ત્વ તેનું મૂળ છે. મૂળ વિના ફળ ન હોય, તેમ સમ્યક્ત્વ વિના અણુવ્રતો, ગુણવ્રતો કે શિક્ષાવ્રતો સ્વીકારવા છતાં તેનું તાત્ત્વિક ફળ ન મળે.[૧] પ્રલયકાળનો અગ્નિ જેમ બધું બાળી મૂકે તેમ મિથ્યાત્વના યોગે યમ-નિયમો પણ નાશ પામે છે, સફળ થતા નથી. તેથી સમ્યક્ત્વ અનિવાર્ય છે.

સમ્યક્ત્વનું સ્વરૂપ - શ્રીજિનકથિત જીવ, અજીવ, પુણ્ય, પાપ, વગેરે તત્ત્વોમાં અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, વગેરે દોષ વિનાની જીવની નિર્મળ રુચિને સમ્યક્ત્વ જાણવું. આ સમ્યક્ત્વના પ્રારંભથી પાંચમા ગુણસ્થાનકના અંત સુધી ઉત્તરોત્તર જે ગુણવૃદ્ધિ થાય તે સર્વ ગૃહસ્થનો વિશેષ ધર્મ જાણવો.

પ્રશ્ન - તત્ત્વાર્થસૂત્રમાં તો "तत्त्वार्थ श्रद्धानं सम्यग् दर्शनं" એ સૂત્રથી 'તાત્ત્વિક ભાવોમાં શ્રદ્ધાને સમ્યક્ત્વ' કહ્યું છે, તે આ વ્યાખ્યામાં શી રીતે ઘટે ? કારણ કે શ્રદ્ધા એ વિશ્વાસરૂપ છે, વિશ્વાસ મનની અભિલાષારૂપ હોવાથી તે મનવાળાને જ સંભવે. અને જીવને પરભવ જતાં વચ્ચે અપાન્તરાલ ગતિમાં કે અપર્યાપ્ત વગેરે અવસ્થામાં મન હોય નહિ. તો શાસ્ત્રમાં ક્ષાયોપશમિક સમકિતનો ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમ અધિક અને ક્ષાયિકનો સાદિ અનંત કાળ કહ્યો છે, તે મન વિના કેમ ઘટે ? **ઉત્તર** - તત્ત્વોમાં શ્રદ્ધારૂપ સમકિત કહ્યું, તે સમ્યક્ત્વનું કાર્ય અને તેના કારણરૂપ (મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષયોપશમાદિથી પ્રગટતો) શુદ્ધ આત્મપરિણામ તે સમ્યક્ત્વ છે. આવશ્યક સૂત્રમાં કહ્યું છે કે "વિશુદ્ધ એટલે સમકિત મોહનીય પૂંજને વેદવાથી, તેના ઉપશમથી, કે ક્ષયથી, પ્રગટેલો આત્મપરિણામ, કે જે ઉપશમ, સંવેગ, નિર્વેદ, વગેરે લિંગોથી ઓળખી શકાય તેને સમ્યક્ત્વ કહ્યું છે" આ લક્ષણ જેમ મન

---

૧. વ્યવહાર દૃષ્ટિએ તો સમ્યક્ત્વ પૂર્વે પણ અભ્યાસ માટે વ્રતો લેવાનું વિધાન આ ગ્રન્થમાં પણ કહેવાશે. વ્રતપાલનરૂપ નિર્મળ જીવનના પરિણામે પણ મિથ્યાત્વ ટળે છે અને સમ્યક્ત્વ પ્રગટે છે. હા, સમ્યક્ત્વ વિના વ્રતપાલન વગેરે ધર્મક્રિયા તાત્ત્વિક આત્મશુદ્ધિ કરી શકે નહિ. તે શુદ્ધિ તો સમ્યક્ત્વ પ્રગટ્યા પછી જ થાય. પણ સમ્યક્ત્વપ્રાપ્તિ માટે વ્રતો સ્વીકારી શકાય.

વિનાના સિદ્ધોના સમકિતમાં ઘટે છે, તેમ અપર્યાપ્તા છદ્મસ્થોમાં પણ ઘટે. આ ક્ષયોપશમાદિ ભાવ જન્ય શુભ આત્મપરિણામથી જ 'તત્ત્વાર્થશ્રદ્ધા' પ્રગટે છે. માટે તત્ત્વાર્થશ્રદ્ધા (વિશ્વાસ) એ સમ્યક્ત્વનું કાર્ય સમજવું.

તત્ત્વાર્થશ્રદ્ધા જેને પ્રગટે તેને સમ્યક્ત્વરૂપ શુદ્ધ આત્મપરિણામ તો હોય જ, એ જણાવવા અહીં કાર્યમાં કારણનો ઉપચાર કરીને તત્ત્વાર્થશ્રદ્ધાને સમકિત કહ્યું છે. નવતત્ત્વમાં પણ "જીવાઈ નવપયત્થે" ગાથાથી જીવ અજીવાદિ નવતત્ત્વોને જે યથાર્થ સ્વરૂપે જાણે, અથવા મંદમતિથી ન જાણે તો પણ "શ્રીજિનકથિત વચન સત્ય જ છે" એવી શ્રદ્ધા કરે, તેને પણ સમ્યક્ત્વ કહેલું છે.

પ્રશ્ન– અહીં તમે જીવાજીવાદિ તત્ત્વોમાં શ્રદ્ધાને સમકિત કહ્યું, પણ અન્ય ગ્રન્થોમાં દેવ, ગુરુ અને ધર્મ, એ ત્રણને તત્ત્વરૂપ માને તેને સમકિત કહ્યું છે, તે કેમ ઘટે ? **ઉત્તર**– તત્ત્વશ્રદ્ધારૂપ સમકિત સાધુ-શ્રાવક ઊભયને ઉદ્દેશીને છે અને "અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને જિનમત એ જ સત્યધર્મ "એ સમકિત કેવળ શ્રાવકને માટે છે. કારણ કે શ્રાવકને અરિહંત પ્રત્યે પૂજ્યભાવ, સુગુરુની ભક્તિ-સેવાનો ભાવ અને જિનકથિત ધર્મને કરવાની ભાવના. એમ ત્રણ તત્ત્વોની પ્રાપ્તિરૂપ સમ્યક્ત્વ કહ્યું છે. અથવા તો દેવ અને ગુરુનો જીવત્તવમાં અને ધર્મતત્ત્વનો શુભ આશ્રવ તથા સંવર તત્ત્વમાં અંતર્ભાવ કરવાથી તે સમકિત પણ જીવાજીવાદિ તત્ત્વોની શ્રદ્ધારૂપ સિદ્ધ થાય છે.

આ સમ્યક્ત્વ શ્રીજિનકથિતધર્મનું મૂળ છે. કારણ કે આ ગ્રન્થમાં કહેવાશે તે શ્રાવક વ્રતના ૧૩૮૪૧૨૮૭૨૦૨ ભાંગા પૈકી એક પણ ભાંગો સમકિત વિના ઘટે નહિ, સમકિતવંતને જ ઘટે. માટે 'સમ્યક્ત્વને ધર્મનું મૂળ' કહ્યું છે. સમ્યક્ત્વની છ ભાવનાઓમાં "સમકિતને ધર્મવૃક્ષનું મૂળ, ધર્મ પ્રાસાદનો પાયો, ધર્મનગરનું દ્વાર" વગેરે ઉપમાઓ અહીં કહેવાશે તે આ રીતે યુક્તિસંગત છે.

સમ્યક્ત્વનું ફળ– આ સમકિત પ્રગટ થયા પછી વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત કાળમાં જીવનો અવશ્ય મોક્ષ થાય, તથા સમકિત પ્રાપ્તિ પછી આયુષ્ય બાંધે તો મનુષ્ય નિયમા વૈમાનિક દેવ જ થાય. આ સમકિતવંત જીવ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયિને જે જે કાળે જે ધર્મ શક્ય હોય તે કરે અને અશક્યમાં શ્રદ્ધા એટલે યોગ્યતા પ્રગટાવી, કરવાની ભાવના રાખે. આવી ભાવના સેવતો જીવ પરમપદને પામે છે. એમ સંબોધપ્રકરમાં કહ્યું છે.

સમ્યક્ત્વ પ્રાપ્તિનો ક્રમ– એમ સમ્યક્ત્વનું સ્વરૂપ, ફળ, વગેરે જણાવીને હવે તે કયા ક્રમથી પ્રગટે ? તે જણાવે છે કે –

मूलम् "निसर्गाद्वाऽधिगमतो, जायते तच्च पञ्चधा ।
मिथ्यात्वपरिहाण्यैव, पञ्चलक्षणलक्षितम् ॥२२॥"

અર્થાત્ જીવને સ્વભાવથી અથવા અધિગમ એટલે ગુરુનો ઉપદેશ, કે પદાર્થનો તાત્ત્વિક બોધ તેનાથી મિથ્યાત્વનો ઉદય અટકતાં પાંચ લક્ષણથી યુક્ત પાંચ પ્રકારનું સમકિત પ્રગટે છે.

યોગશાસ્ત્રના પહેલા પ્રકાશની ૧૭મી ગાથાની ટીકામાં જણાવ્યું છે કે અનાદિ કાળથી સંસારમાં ભમતો જીવ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મોની ત્રીસ કોડાકોડ, નામ અને ગોત્ર કર્મની વીસ કોડાકોડ, અને મોહનીય કર્મની સીત્તર કોડાકોડ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, તે પર્વતની નદીનો પત્થર અથડાતાં કૂટાતાં ગોળ સુંવાળો બની જાય, અથવા ઘૂણ નામનો કીડો કાષ્ટને કોતરી ખાય તેમાં જેમ અક્ષરનો આકાર બની જાય, તેમ કર્મ તોડવાના આશય વિના જ દુઃખોને ભોગવતાં સ્થિતિ ઘટે અને પુનઃ બંધાય, આ રીતે કર્મોની સ્થિતિમાં હાનિ-વૃદ્ધિ થયા કરે તેને જૈન પરિભાષામાં **યથાપ્રવૃત્તિકરણ** એટલે જીવનો કોઈ આશય વિનાનો યથાતથા એટલે જેમ તેમ પ્રવર્તતો કરણ એટલે અધ્યવસાય તે **યથાપ્રવૃત્તિકરણ** જાણવું. આ યથાપ્રવૃત્તિકરણદ્વારા સાતેય કર્મોની સ્થિતિ ઘટતાં-વધતાં છેલ્લે ઘટીને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન એક કોડાકોડ સાગરોપમ જેટલી બાકી રહે ત્યારે સર્વ સંસારી જીવોને રાયણના વૃક્ષના મૂળની ગાંઠ જેવો દુર્ભેદ્ય આકરો રાગદ્વેષનો તીવ્ર ઉદય થાય તેને જૈન પરિભાષામાં રાગ-દ્વેષની **ગ્રન્થી** કહેવાય છે. સાતે કર્મોની સ્થિતિ ઉપર કહી તેટલી ઘટી જાય ત્યારે જીવ આ ગ્રન્થીદેશે આવ્યો કહેવાય અને ત્યારે તેને ગ્રન્થીરૂપ અતિ તીવ્ર રાગ-દ્વેષનો ઉદય થાય. પ્રાયઃ ભવ્ય અભવ્ય દરેકને અનંતીવાર આ યથાપ્રવૃતિ કરણદ્વારા સ્થિતિનો ઘટાડો થાય, પણ ગ્રન્થીનો ઉદય થતાં પુનઃ વાર વાર બંધાતાં કર્મોથી ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બનીને ચારે ગતિરૂપ સંસારમાં ભમે. તેમાં કોઈ જીવની ભાવિ કલ્યાણની યોગ્યતા, એટલે ભવસ્થિતિનો પરિપાક વગેરે તથાભવ્યતા પ્રગટી હોય તો તે **અપૂર્વકરણના** બળે તે ગાંઠને તોડે. આ અપૂર્વકરણ એટલે પૂર્વે કદાપિ નહિ પ્રગટેલો આત્માનો અપૂર્વ અધ્યવસાય (ઉત્સાહ) સમજવો. તાત્પર્ય કે જેમ લાંબી વિષમ પણ મુસાફરીનો અભ્યાસી ઉત્સાહથી પર્વત કે નદી વગેરે વિષમ ભૂમિને પણ ઉલ્લંઘી જાય, તેમ કોઈ જીવ વિશિષ્ટ ઉત્સાહદ્વારા રાગ-દ્વેષની તે તીવ્ર પણ ગાંઠને ભેદી નાખે, રાગ-દ્વેષના ઉદયને વશ ન થાય, તેને જૈન પરિભાષામાં અપૂર્વકરણ કહેવાય છે. આ ગ્રન્થીભેદ પછી **અનિવૃત્તિકરણ** અને **અંતરકરણ** કરે, તેમાં અનિવૃત્તિ એટલે સમકિતની પ્રાપ્તિ કર્યા વિના નિવૃત્ત નહિ થનારો-અવશ્ય સમકિત પ્રગટાવનારો અથવા તે અવસ્થામાં સર્વ જીવોને સમાન જે કરણ = આત્મપરિણામ, તે અનિવૃત્તિકરણ જાણવું. તેના દ્વારા અંતરકરણ થતું હોવાથી તેને અંતરકરણનો ક્રિયાકાળ પણ કહેવાય છે, તે આ પ્રમાણે –

જીવને પ્રતિસમય મિથ્યાત્વનો ઉદય ચાલુ હોય, તેમાં અનિવૃત્તિકરણના એક અંતર્મુહૂર્તના બે વિભાગ કરતાં બે લઘુ અંતર્મુહૂર્ત થાય, તેમાં પહેલા અંતર્મુહૂર્તને ક્રિયાકાળ અને બીજાને નિષ્ઠાકાળ કહ્યો છે. તે પૈકી પહેલા અંતર્મુહૂર્ત જેટલા ક્રિયાકાળની પછીના નિષ્ઠાકાળના અંતર્મુહૂર્તે મિથ્યાત્વનાં જે કર્મદલિકોનો ઉદય થવાનો છે તેમાંથી કેટલાક દલિકોની સ્થિતિ

અનિવૃત્તિકરણના બળે ઘટાડીને વહેલાં (અનિવૃત્તિકરણના પ્રથમ ભાગમાં) ભોગવવા યોગ્ય અને કેટલાંક દલિકોની સ્થિતિ વધારીને નિષ્ઠાકાળ પછીના કાળમાં ભોગવવા યોગ્ય બનાવે, એમ અનિવૃત્તિ કરણના પૂર્વ અંતર્મુહૂર્ત પછીના બીજા નિષ્ઠાકાળના અંતર્મુહૂર્તમાં જે મિથ્યાત્વના દલિકોનો ઉદય થવાનો હોય તેની સ્થિતિમાં ઘટાડો વધારો કરીને પહેલાં અને પછી ભોગવવા યોગ્ય બનાવે, ત્યારે વચ્ચે અંતર પડે, તે કાળે ભોગવવા યોગ્ય કોઇ દલિકો બાકી ન રહે, તેને અંતરકરણ (એટલે ચાલુ મિથ્યાત્વના સતત ઉદયની વચ્ચે અંતર્મુહૂર્ત જેટલું અંતર કર્યું) કહેવાય. એમ થવાથી મિથ્યાત્વની સ્થિતિના બે ભાગ પડે, તેમાં અંતરકરણ (નિષ્ઠાકાળ) પછીની મિથ્યાત્વની સ્થિતિને હેઠલી સ્થિતિ અને તે પહેલાંની (ક્રિયાકાળની) સ્થિતિને ઉપલી સ્થિતિ કહેવાય છે. આ ક્રિયાકાળ અને નિષ્ઠાકાળ બન્નેનો પણ પ્રત્યેકનો લઘુ એક એક અંતર્મુહૂર્ત અને બન્નેનો સમુદિત (સંપૂર્ણ અનિવૃત્તિકરણનો) કાળ પણ અંતર્મુહૂર્ત કહ્યો છે. તેમાંનો પૂર્વભાગ (ઉપલી સ્થિતિ અર્થાત્ અનિવૃત્તિકરણનું ક્રિયાકાળનું પ્રથમ અંતર્મુહૂર્ત) પૂર્ણ થાય ત્યાં સુધી પ્રતિસમયે મિથ્યાત્વનો ઉદય ચાલુ હોવાથી તે અવસ્થામાં જીવ મિથ્યાત્વી હોય, તે પૂર્ણ થતાં અંતરકરણરૂપ અનિવૃત્તિકરણનો નિષ્ઠાકાળ શરૂ થાય ત્યારે તે મિથ્યાત્વનાં દલિકોથી રહિત હોવાથી તેના પ્રથમ સમયે જ જીવને મિથ્યાત્વના ઉદયના અભાવરૂપ પ્રથમ ઉપશમસમકિત પ્રાપ્ત થાય તે નિષ્ઠાકાળના પ્રથમ સમયથી શરુ થઈ ઉત્કૃષ્ટથી અંતરકરણ પૂર્ણ થાય ત્યાં સુધી એક અંતર્મુહૂર્ત ચાલુ રહે, માટે ઉપશમસમકિતનો કાળ અંતર્મુહૂર્ત કહ્યો છે. એ રીતે જીવસ્વભાવે તે તે અધ્યવસાયરૂપ કરણો દ્વારા પ્રગટ થતા આ સમ્યક્ત્વને નૈસર્ગિક અને ગુરુ ઉપદેશાદિથી તત્ત્વરુચિ પ્રગટે તેને ઉપદેશરૂપ અધિગમદ્વારા પ્રગટવાથી આધિગમિક સમકિત કહેવાય છે.

આ સમ્યક્ત્વ યમ, પ્રશમ, વગેરે ભાવોનો પ્રાણ છે, જ્ઞાન અને ચારિત્રનું બીજ છે અને તપ, શ્રુત, વગેરેનું પ્રવર્તક છે. કોઈને તે તે કર્મોના આવરણથી જ્ઞાન, ચારિત્ર ન પ્રગટે તો પણ તેનું સમ્યક્ત્વ પ્રશંસનીય છે. પણ સમ્યક્ત્વ વિનાનાં જ્ઞાન–ચારિત્ર પ્રશસ્ત નથી. શ્રેણિક મહારાજા જ્ઞાન અને ચારિત્ર રહિત કેવળ સમકિતના બળે તીર્થંકર બનશે. વિશેષાવશ્યક ભાષ્ય ગા. ૨૭૩૪માં કહ્યું છે કે વનનો દાવાનળ ઉખરભૂમિ કે બળી ગયેલી ભૂમિ પાસે જતાં તૃણના અભાવે સ્વયં બૂઝાય તેમ સતત મિથ્યાત્વના ઉદયવાળો પણ જીવ અંતરકરણમાં મિથ્યાત્વદલિકનો અભાવ હોવાથી પ્રથમ સમયે સ્વભાવે જ નૈસર્ગિક સમકિત પામે છે અને ગુરુ ઉપદેશ વગેરે નિમિત્તથી મિથ્યાત્વનો ક્ષયોપશમ થતાં વિશુદ્ધ પરિણામી બનેલો જીવ આધિગમિક સમકિત પામે છે.

આ સમકિતના ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, વેદક અને સાસ્વાદન, એમ પાંચ પ્રકારો છે તેમાં **૧. ઔપશમિક**– મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધી ચાર કષાયોનો અનુદય એટલે ઉપશમ થવાથી થાય. આ સમકિત વખતે જીવને એ કર્મો સત્તામાં હોવા છતાં

ભસ્મથી ઢાંકેલા અગ્નિની જેમ મિથ્યાભાવનાં પ્રેરક બનતાં નથી. અનાદિ મિથ્યાત્વી જીવને ઉપર કહ્યું તે પ્રમાણે (યથાપ્રવૃત્તિ, અપૂર્વ અને અનિવૃત્તિ એ ત્રણ કરણોદ્વારા) અંતરકરણમાં આ સમકિત પ્રગટે છે, તેની સ્થિતિ અંતમુહૂર્ત હોય છે અને ચારે ગતિમાં સંજ્ઞી પંચેન્દ્રી પર્યાપ્તા જીવોને ગ્રન્થીભેદ પછી તે પ્રગટ થઈ શકે છે. અને તે ઉપશમ શ્રેણીમાં પણ હોય છે.

ઉપર જણાવ્યું તેમ યથાપ્રવૃત્તિકરણદ્વારા ગ્રંથીદેશે આવેલા અભવ્યો પણ સંખ્યાત-અસંખ્યાત કાળ સુધી તેજ સ્થિતિમાં રહે અને જિનેશ્વરદેવનું સમવસરણ વગેરે ઋદ્ધિ જોઇને "સંયમથી લોકમાં માન મળે, પરલોકમાં સુખ મળે," એ આશયથી દ્રવ્ય સંયમને સ્વીકારે, અને દેશોન્યૂન દશપૂર્વ સુધી શ્રુતજ્ઞાન પણ ભણે. એમ મિથ્યાદૃષ્ટિ પણ દેશોન્યૂન દશપૂર્વ સુધી શ્રુત ભણી શકે, માટે ત્યાં સુધીનું શ્રુત મિથ્યાત્વીને મિથ્યાત્વના ઉદય સહિત હોવાથી મિથ્યાશ્રુત અને સમકિતિને સમ્યગ્ શ્રુત કહ્યું છે, પૂર્ણ દશ પૂર્વો તો સમકિતિ જ ભણી શકે, માટે દશપૂર્વી કે તેથી અધિક જ્ઞાનવાળાને સમ્યક્શ્રુત જ હોય.

સમકિત પ્રાપ્તિ અંગે કર્મગ્રન્થકારનો મત- અહીં પ્રસંગોપાત્ત વિશેષ જણાવે છે કે- પૂર્વે જણાવ્યા પ્રમાણે અંતરકરણ (નિષ્ઠાકાળ)ના પહેલા સમયથી જીવ ઉપશમ સમકિત પામે, તે જ સમયથી ભવિષ્યમાં ઉદય પામનારાં મિથ્યાત્વનાં જે દલિકો સત્તામાં હોય તેને જેમ કોદ્રવા નામના ધાન્યમાંથી ઔષધિના બળે વિકાર ટાળે તેમ સમકિતના બળે મિથ્યાત્વનો રસ તોડીને શુદ્ધ કરવા માંડે, ત્યારે ડાંગર ખાંડતાં કેટલાક દાણા ફોતરાં રહિત, કેટલાક અડધા ફોતરાવાળા અને બાકીના પૂર્ણ ફોતરાવાળા જ રહે, તેમ તે મિથ્યાત્વના દલિકોમાંથી પણ કેટલાંક દલિકો મિથ્યાત્વના રસરહિત શુષ્ક, કેટલાંક અર્ધરસવાળાં મિશ્ર અને કેટલાંક પૂર્ણરસયુક્ત અશુદ્ધ જ રહે. એમ સત્તાગત મિથ્યાત્વના દલિકોના ત્રણ ભાગ થાય, તેને શાસ્ત્રની પરિભાષામાં ત્રણ પુંજો કહે છે. તેમાંનો શુદ્ધ પુંજ **સમકિત મોહનીય,** અર્દ્ધશુદ્ધ **મિશ્રમોહનીય** અને પૂર્ણ અશુદ્ધ **મિથ્યાત્વ મોહનીય** કહેવાય છે. અંતર્મુહૂર્તનું અંતરકરણ (ઉપશમ સમકિત) પૂર્ણ થાય ત્યારે એ ત્રણ પૈકી કોઈ એક પુંજનો ઉદય થાય જ. તેમાં શુદ્ધ પુંજ ભોગવે તો ક્ષાયોપશમિક સમકિતવાળો, મિશ્રપુંજ ભોગવે તો મિશ્ર સમકિતી અને અશુદ્ધ પુંજ ભોગવે તો મિથ્યાત્વી કહેવાય. એમ ઉપશમ સમકિત પછી જીવ એ ત્રણ પૈકી કોઈ પણ એક દૃષ્ટિવાળો બને. આ મત કર્મગ્રન્થકારનો છે.

સિદ્ધાન્તકારનો મત- કોઈ અનાદિ મિથ્યાત્વી જીવ અતિ ઉત્સાહના બળે તથાવિધ વિશિષ્ટ અધ્યવસાયને પામીને પૂર્વે જણાવ્યું તે અપૂર્વકરણ દ્વારા જ ગ્રન્થીભેદ સાથે મિથ્યાત્વના ત્રણ પુંજ પણ કરે અને તે પૈકી શુદ્ધ પુંજને ભોગવતો (ઉપશમ સમકિત વિના જ) પ્રથમ ક્ષાયોપશમિક સમકિત પામે અને મંદ ઉત્સાહી કોઈ જીવ કર્મગ્રન્થના મતે જણાવ્યું તેમ યથાપ્રવૃત્તિ અપૂર્વ અને અનિવૃત્તિ, ત્રણે કરણોના ક્રમે અંતરકરણ કરી તેના પ્રથમ સમયે જ ઉપશમ સમકિત પામે, પણ મંદ ઉત્સાહી હોવાથી ત્રણ પુંજ ન કરે, એથી

અંતર્મુહૂર્ત પછી ઉપશમ સમકિતનું અંતરકરણ પૂર્ણ થતાં જ પુનઃ મિથ્યાત્વનો ઉદય થવાથી તે નિયમા મિથ્યાદૃષ્ટિ જ બને. એમ બૃહત્કલ્પભાષ્યની ૧૨૦ ગાથામાં કહેલું છે.

તાત્પર્ય એ થયું કે સિદ્ધાન્તના મતે કોઈ વિશિષ્ટ સામગ્રીવાળો વિશિષ્ટ અધ્યવસાયના બળે ત્રણ પુંજ કરી પ્રથમ ક્ષાયોપશમિક સમકિત પામે, પછી પરિણામ વધતા રહે તો શેષ બે પુંજોને પણ શુદ્ધ કરી સંપૂર્ણ ભોગવીને ક્ષય કરીને ક્ષાયિક સમકિત પામે, અથવા કાલાંતરે મિશ્ર કે મિથ્યાત્વના ઉદયવાળો બને. મંદ વીર્યવાળો જીવ તો પ્રથમ ઉપશમ સમકિત પામી અંતર્મુહૂર્ત પછી નિયમા મિથ્યાત્વી બને.

શતકની બૃહચ્ચૂર્ણિમાં તો કહ્યું છે કે ઉપશમ સમકિતવાળો કોઈ જીવ તે ઉપશમ સમકિતમાં જ તેની પરિણામની શુદ્ધિ વધતાં દેશ વિરતિને, સર્વવિરતિને અને કોઈ અપ્રમત્ત ગુણને પણ પામે. પણ જો અંતરકરણમાં જ પરિણામ મંદ પડે તો અંતરકરણના અંતર્મુહૂર્તની છેલ્લી છ આવલિકા કે જેને હવે પછી કહીશું તે સાસ્વાદન કાળ કહ્યો છે, ત્યાં સાસ્વાદન સમકિતને પામીને પરિણામની મંદતાને કારણે દેશવિરતિ વગેરે કોઈ ગુણને પામ્યા વિના જ અંતરકરણ પૂર્ણ થતાં નિયમા મિથ્યાત્વી બને.

ઉક્ત ત્રણ પુંજનો સંક્રમણવિધિ બૃહત્કલ્પ ભાષ્યની પીઠિકામાં કહ્યો છે કે– પરિણામની વિશુદ્ધિ થાય તો સત્તાગત ત્રણ પુંજવાળો ક્ષાયોપશમિક સમકિતી મિથ્યાત્વનાં પુંજને શુદ્ધ અને અર્ધશુદ્ધ બન્ને પુંજોમાં સંક્રમાવે અને અર્ધશુદ્ધને શુદ્ધમાં સંક્રમાવે અને મંદ પરિણામથી મિથ્યાત્વી બનેલો ત્રણપુંજવાળો શુદ્ધ અને અર્ધશુદ્ધ બન્નેને મિથ્યાત્વમાં જ સંક્રમાવે, અર્થાત્ નિર્વિકારી બનેલા પણ કોદ્રવા તેલ વિગેરેના યોગે પુનઃ વિકારી બને, તેમ વિશુદ્ધ પુદ્ગલો પણ મિથ્યાત્વીનો સંગ, તેમના શાસ્ત્રોનું શ્રવણ, વગેરે કરવાથી પુનઃ મિથ્યાત્વરૂપ બની જાય.

વળી સિદ્ધાન્તના મતે સમકિતથી પડેલો પુનઃ સમકિત પામે ત્યારે પણ પૂર્વની જેમ અપૂર્વકરણ કરીને ત્રણ પુંજ કરે અને અનિવૃત્તિકરણ દ્વારા સમકિતના પુંજને ઉદયમાં લાવી ક્ષાયોપશમિક સમકિત પામે. આ અપૂર્વકરણ બીજીવાર કરવાથી અપૂર્વ (પહેલું) ન કહેવાય, તથાપિ પહેલાની અપેક્ષાયે દીર્ઘકાલીન અને વિશિષ્ટ હોવાથી તેને અપૂર્વકરણ કહેલું છે. વળી સિદ્ધાન્તના મતે સમ્યક્ત્વની જેમ દેશવિરતિ કે સર્વવિરતિ પ્રાપ્ત કરતાં પણ જીવને યથાપ્રવૃત્તિ અને અપૂર્વ એ બે કરણો તો થાય, પણ ત્યાં અપૂર્વકરણ પૂર્ણ થતાં અનંતર સમયે જ દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થતી હોવાથી અનિવૃત્તિકરણ થતું નથી. વળી તે જીવને દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ પછી પણ એક અંતર્મુહૂર્ત તો પરિણામ વધતા જ રહે, અને પછી કોઈ વિશુદ્ધપરિણામી તો કોઈ સંકિલષ્ટ પરિણામી પણ બને. કર્મપ્રકૃતિની ટીકામાં એ વિષે કહ્યું છે કે– જેના પરિણામ સંકિલષ્ટ થવાથી ઉપયોગ વિના જ પડ્યો હોય તે યથાપ્રવૃત્તિ અને અપૂર્વકરણ વિના જ પુનઃ દેશવિરતિ કે સર્વવિરતિ પામે, પણ ઉપયોગપૂર્વક

પડ્યો હોય તે જઘન્યથી અંતર્મુહૂર્ત પછી અને ઉત્કૃષ્ટથી ઘણા લાંબા કાળે પણ યથાપ્રવૃત્તિ વગેરે કરણો કરીને જ દેશવિરતિ કે સર્વવિરતિને પામે. ઉપરાંત સિદ્ધાન્તના મતે સમકિતનો વિરાધક કોઈ ક્ષાયોપશમિક સમકિત સહિત પણ નીચે છઠ્ઠી નારકી સુધી ઉપજે. (એમ પ્રવચન સારોદ્ધારની ૯૬૧ ગાથાની ટીકામાં જણાવ્યું છે.)

કર્મગ્રન્થના મતે તો સમકિત સહિત મરે તે મનુષ્ય કે તિર્યંચ વૈમાનિક દેવ જ થાય માટે પ્રવચન સારોદ્ધારની ટીકામાં 'गृहितेन' શબ્દથી 'પ્રગટેલા સમકિત સાથે' એમ કહ્યું છે. વળી કર્મગ્રન્થકારના મતે સમકિત પામીને પડે તો પુનઃ મિથ્યાત્વના ઉદયે સાતેય કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધી શકે (ઉત્કૃષ્ટ રસ બાંધે નહિ). સિદ્ધાન્તના મતે તો જેણે ગ્રન્થીને ભેદી તે જીવ સંસારમાં રખડે, મિથ્યાદૃષ્ટિ થાય તો પણ સાત કર્મોની ભિન્નકોડાકોડ સાગરોપમથી અધિક સ્થિતિ ન જ બાંધે. આ બન્ને મત યુક્તિસંગત છે, માટે મતાન્તર સમજવો. અહીં સુધી ઔપશમિક સમકિતનું સ્વરૂપ પ્રસંગાનુસાર વિશેષ હકિકત પૂર્વક જણાવ્યું.

૨. **ક્ષાયિક**— મિથ્યાત્વના ત્રણે પુંજો અને અનંતાનુબંધી ચાર કષાય, એ સાતેયનો સત્તામાંથી પણ ક્ષય થતાં ક્ષાયિક સમકિત પ્રગટે છે. આ સમકિત પ્રગટ્યા પછી જાય જ નહિ, માટે તેનો કાળ સાદિ અનંત છે. (ધર્મસંગ્રહણી ગા૦ ૮૦૧)

૩. **ક્ષાયોપશમિક**— પૂર્વે જણાવ્યા પ્રમાણે ઉદયમાં આવેલા (સમકિતના પુંજરૂપ) પ્રદેશ મિથ્યાત્વનો ક્ષય અને અનુદિતનો ઉપશમ, એમ ક્ષય સહિત ઉપશમ એટલે ક્ષયોપશમ, તેના દ્વારા પ્રગટે તે ક્ષાયોપશમિક જાણવું. (વિશેષાવશ્યક ગા. ૫૩૨). અહીં ઉપશમના એક ઉદયને રોકવો અને બીજો રસનો ઉપશમ કરવો, એમ બે અર્થ સમજવા. તેમાં મિથ્યાત્વ અને મિશ્ર બન્ને પુંજોને ઉદયથી જ અટકાવવા, અને ભોગવાતા સમકિત પુંજના રસનો ઉપશમ કરવો, એમ ત્રણેનો ઉપશમ અને તેની સાથે શુદ્ધ સમકિત પુંજના પ્રદેશોનો ભોગવવાથી ક્ષય, એમ ક્ષય અને ઉપશમ સહિત, વર્તમાનમાં વેદાતા શુદ્ધ સમકિત મોહનીય રૂપ પ્રદેશોના ઉદયવાળું તે **ક્ષાયોપશમિક** સમકિત જાણવું. તેને સત્તામાં રહેલા રસરહિત મિથ્યાત્વનો (શુદ્ધપુંજનો) અને અનંતાનુબંધીના પ્રદેશોનો ભોગવટો ચાલુ હોવાથી **સત્કર્મવેદક** પણ કહે છે. ઔપશમિકમાં મિથ્યાત્વનો પ્રદેશોદય પણ ન હોય અને ક્ષાયોપશમિકમાં પ્રદેશોદય હોય, એમ બેમાં ભેદ સમજવો.

૪. **વેદક**— ક્ષપકશ્રેણીને (ક્ષાયિક સમકિતને) પામતાં જીવને અનંતાનુબંધી ચાર કષાયો, મિથ્યાત્વ મોહનીય અને મિશ્રમોહનીય એ છ પ્રકૃતિઓનો સત્તામાંથી સંપૂર્ણ ક્ષય કર્યા પછી સમકિત મોહનીયને ખપાવતાં છેલ્લે સમયે તેનો છેલ્લો ગ્રાસ વેદે ત્યારે (જો કે સમકિત મોહનીયના ઉદયરૂપે તે ક્ષાયોપશમિકનો જ અંતિમ અનુભવ છે, તથાપિ ત્યાં) અંતિમ ગ્રાસનું વેદન હોવાથી તેને વેદક સમકિત કહ્યું છે. તે છેલ્લો ગ્રાસ ખપી જતાં અનંતર સમયે દર્શનસપ્તકનો સર્વથા ક્ષયરૂપ ક્ષાયિક સમકિત પ્રગટે.

૫. **સાસ્વાદન**— ઉપશમ સમકિતના વર્ણનમાં જણાવ્યું તેમ અંતરકરણમાં વર્તતા કોઈ જીવને પરિણામ મલિન થવાથી જઘન્યથી અંતરકરણનો છેલ્લો સમય અને ઉત્કૃષ્ટથી છ આવલી જેટલો કાળ બાકી રહે ત્યારે અનંતાનુબંધીનો ઉદય થાય, તેથી સમ્યક્ત્વનું વમન શરૂ થાય, ત્યારે (વમનમાં જેમ ભોજનનો કંઈક સ્વાદ રહે તેમ) સમકિતનો કંઈક માત્ર આસ્વાદ હોવાથી તેને (સ + આસ્વાદ) સાસ્વાદન કહેવાય છે. ઉપશમ સમકિતના વમન કાળે મિથ્યાત્વનો ઉદય થયા પહેલાં અનંતાનુબંધીના ઉદયવાળું આ સમકિત જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી છ આવલી પ્રમાણ હોય છે અને તે ઉપશમથી પડતાં જ હોય છે.

પાંચે સમકિતનું કાળમાન— ઔપશમિક એક અંતર્મુહૂર્ત, સાસ્વાદન છ આવલી, વેદક એક સમય, ક્ષાયિક (ભવસ્થની અપેક્ષાયે) સાધિક તેત્રીશ સાગરોપમ અને ક્ષાયોપશમિક સાધિક છાસઠ સાગરોપમ સુધી ઉત્કૃષ્ટથી રહે. તેમાં ક્ષાયોપશમિક સમકિતી કોઈ જીવ બે વાર વિજયાદિ ચાર પૈકી કોઈ એક અનુત્તર વિમાનમાં કે ત્રણ વાર અચ્યુત દેવલોકમાં ઉત્પન્ન થાય, ત્યારે દેવભવના કુલ છાસઠ સાગરોપમ અને વચ્ચે મનુષ્યભવ થાય તેટલો કાળ અધિક એમ ઉત્કૃષ્ટથી સાધિક છાસઠ સાગરોપમ સુધી રહે, પછી ક્ષાયિક બને અથવા ચાલ્યું જાય. આ કાળ એક જીવની અપેક્ષાયે કહ્યો. સર્વ જીવની અપેક્ષાએ તો આ સમકિત સર્વદા હોય. ક્ષાયિક સમકિતી પૂર્વે આયુષ્ય બાંધ્યું હોય તો સર્વાર્થસિદ્ધમાં તેત્રીસ સાગરોપમ ભોગવી પુનઃ મનુષ્ય થઈ કોઈ ત્રીજે, ચોથે કે પાંચમે ભવે મોક્ષમાં જાય માટે મનુષ્યના ભવો સાથે ગણતાં સંસારમાં તે સાધિક તેત્રીશ સાગરોપમ રહે. તત્ત્વથી તો મોક્ષમાં પણ આ સમકિત હોય માટે સાદિ-અનંત સ્થિતિ સમજવી.

સમકિત વગેરે ભાવો જીવને કેટલી વાર પ્રાપ્ત થાય ?– સમગ્ર સંસારચક્રમાં ફરતાં જીવને ઔપશમિક અને સાસ્વાદન એ બે સમકિત ઉત્કૃષ્ટથી પાંચ વાર આવે અને જાય, ક્ષાયિક અને વેદક એક જ વાર આવે અને ક્ષાયોપશમિક અસંખ્ય વાર આવે અને જાય. વળી શ્રુતસામાયિક, સમ્યક્ત્વ સામાયિક અને દેશવિરતિ સામાયિક, એ ત્રણ ગુણો ઉત્કૃષ્ટથી અસંખ્યાત હજારવાર આવે જાય અને સર્વવિરતિ સામાયિક ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર વાર પ્રગટે. (જઘન્યથી તો કોઈ જીવ પડ્યા વિના જ મોક્ષે જાય ત્યારે એ બધા ગુણો એક જ વાર પ્રાપ્ત થાય.)

એક ભવની અપેક્ષાએ તો શ્રુત, સમ્યક્ત્વ અને દેશવિરતિ, એ ત્રણ સામાયિક ઉત્કૃષ્ટથી બે હજારથી નવ હજાર વાર અને સર્વવિરતિ બસોથી નવસો વાર આવે જાય.

આ સમ્યક્ત્વ કયા કયા ગુણસ્થાનકે હોય ?– સાસ્વાદન બીજે, ઔપશમિક ચોથાથી અગીઆરમા સુધી, ક્ષાયિક ચોથાથી ચૌદમા સુધી અને વેદક તથા ક્ષાયોપશમિક ચોથાથી સાતમા ગુણસ્થાનક સુધી હોય.

સમ્યક્ત્વ પામ્યા પછી શેષ ગુણો કયારે પ્રગટે?– સમકિત પ્રાપ્તિ વખતે સાતે કર્મોની શેષ રહેલી દેશોન કોડાકોડ સાગરોપમ સ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ સ્થિતિ ઘટે ત્યારે દેશવિરતિ પ્રગટે, તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે સર્વવિરતિ, તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે ઉપશમ શ્રેણી અને તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ઘટે ત્યારે જીવને ક્ષપક શ્રેણી ગુણ પ્રગટે. આ હકિકત અપ્રતિપાતી સમકિતવાળો જીવ કે જે દેવ અને મનુષ્ય જ થાય તેને અંગે જાણવી. કોઈ જીવ તો સમ્યક્ત્વ પામે તે જ ભવે દેશવિરતિ સર્વવિરતિ અને બેમાંથી કોઈ એક શ્રેણીને પણ પામે તેમાં શ્રપકશ્રેણી પામે તે તે જ ભવે મોક્ષે જાય અને ઉપશમ શ્રેણી પામે તે પણ ઉત્કૃષ્ટથી સાત કે આઠ ભવે મુક્ત થાય. એક જ ભવમાં બે શ્રેણી પામે નહિ.

પંચ સંગ્રહ ગા. ૭૭૯માં કહ્યું છે કે દેવ કે નારકીનું આગામી ભવનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમકિત પામેલો જીવ મરીને દેવ કે નારક થાય, ત્યાંથી મનુષ્ય થઈ મોક્ષે જાય, ત્યારે ક્ષાયિક સમકિતીનાં ત્રણ ભવો થાય, સંખ્યાતા વર્ષનું મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમકિત પામે જ નહિ. પણ અસંખ્યાત વર્ષનું યુગલિક તિર્યંચ કે મનુષ્યનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમકિત પામી શકે, તે જીવ મરીને યુગલિક થઈ દેવ બને અને ત્યાંથી મનુષ્ય બની મુક્તિને પામે, ત્યારે તેને ચાર ભવ પણ થાય. (વૃદ્ધવાદ છે કે– શ્રી દુપ્પસહ સૂરિજીનો જીવ દેવનું આયુષ્ય બાંધ્યા પછી ક્ષાયિક સમકિત પામી દેવ થયા છે, ત્યાંથી મનુષ્ય થશે, પણ પાંચમા આરાના છેડે ભરતક્ષેત્રમાં મુક્તિને યોગ્ય સંઘયણાદિ સામગ્રીના અભાવે પુનઃ દેવ થશે અને ત્યાંથી પુનઃ મનુષ્ય થઈ મુક્તિને પામશે. એમ તેમને પાંચ ભવ પણ થશે. એ રીતે કૃષ્ણજીને પણ પાંચ ભવો મનાય છે.) અર્થાત્ ક્ષાયિક સમકિતી ત્રણ ચાર કે પાંચ ભવ પણ કરે.

સમ્યક્ત્વનો ઉપયોગ તો એક કે અનેક જીવોને આશ્રયીને પણ જઘન્ય અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્ત સુધી જ હોય, કારણ કે એક જ ઉપયોગ અંતર્મુહૂર્તથી અધિક રહે નહિ. દર્શનમોહનીયના ક્ષયોપશમરૂપ લબ્ધિસમકિત તો એક જીવને આશ્રયીને જઘન્ય અંતર્મુહૂર્ત અને પૂર્વે કહ્યું તેમ ઉત્કૃષ્ટ છાસઠ સાગરોપમસાધિક પણ હોય. તે પછી મુક્તિ થાય અથવા સમકિત અવશ્ય જાય. અનેક જીવોને આશ્રયીને તો લબ્ધિથી સમકિત સર્વદા હોય, વળી એક જીવને આશ્રયીને સમ્યક્ત્વથી પડ્યા પછી પુનઃ જઘન્યથી અંતર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી તીર્થંકરાદિની ઘોર આશાતના કરે તો પણ અર્દ્ધપુદ્ગલ પરાવર્ત સુધીમાં અવશ્ય પ્રાપ્તિ થાય. કારણ કે એકવાર જેને અંતર્મુહૂર્ત માત્ર પણ સમકિત સ્પર્શે, તે અર્દ્ધપુદ્ગલપરાવર્તમાં તો અવશ્ય મુક્તિને પામે જ. અનેક જીવોને આશ્રયીને તો સમકિતનું આંતરૂં હોય જ નહિ, ત્રણે લોકમાં સર્વદા સમકિતી જીવો હોય જ. વગેરે આવશ્યકની ટીકામાં સવિસ્તર જણાવેલું છે.

એ રીતે સમ્યક્ત્વના પ્રસિદ્ધ પાંચ પ્રકારોનું વર્ણન કર્યું, હવે બીજી રીતે પણ તેના પ્રકારો આ રીતે કહેલા છે. તત્ત્વથી સમ્યક્ત્વના દરેક પ્રકારો તત્ત્વની યથાર્થરૂચિ સ્વરૂપ

હોવાથી બધાં સમ્યક્ત્વોનો સામાન્યથી એક જ પ્રકાર ગણાય. તે દરેકના નિસર્ગથી અને અધિગમથી એમ પ્રાપ્તિના બે ઉપાયો હોવાથી બે પ્રકારો કહેવાય, વળી દ્રવ્ય અને ભાવ એમ પણ બે પ્રકારો થાય, તેમાં જીવમાં સામાન્યરૂચિ તે દ્રવ્ય સમકિત અને નય, નિક્ષેપ, પ્રમાણપૂર્વક જીવાદિ તત્ત્વોના જ્ઞાનપૂર્વકની જિનવચન પ્રત્યે પ્રીતિ તે ભાવસમકિત જાણવું. (એમ સન્મતિ તર્ક ૨-૩૨ ગાથામાં કહ્યું છે.) પંચ વસ્તુક ગા. ૧૦૬૩માં પણ કહ્યું છે કે 'જિનવચન જ તત્ત્વ છે' એવી સામાન્ય રૂચિ તે દ્રવ્ય સમકિત અને તત્ત્વને જણાવનાર (નય, નિક્ષેપ, પ્રમાણ વગેરેથી શુદ્ધ) જ્ઞાનપૂર્વકની શ્રદ્ધાથી પરિશુદ્ધ તે ભાવસમકિત જાણવું. અહીં દ્રવ્ય એટલે કારણ અને ભાવ એટલે કાર્ય, માટે જે ભાવસમકિતનું કારણ બને તે દ્રવ્યસમકિત કહેવાય. એથી જેઓની સામાન્ય રૂચિ "આ આમ જ છે" એવા એકાન્ત આગ્રહવાળી હોય તે એકાન્ત આગ્રહને કારણે ભાવસમકિતનું કારણ ન બનવાથી તેને સમકિત નહિ પણ અસદાગ્રહ જાણવો. જિનવચનને પણ અનેકાન્તને બદલે એકાન્તરૂપે જ માને તો તે મિથ્યાત્વી જ મનાય. સન્મતિ તર્કની ૩-૨૮ ગાથામાં કહ્યું છે કે 'જીવનિકાય છ જ છે' એમ જકાર પૂર્વક માને તે પરમાર્થથી શ્રદ્ધા રહિત છે. કારણ કે સર્વ જીવોનો એક પ્રકાર, બે પ્રકાર, ત્રણ પ્રકાર, એમ વિવિધ પ્રકારો પણ કહ્યા છે, છતાં માત્ર છ જ પ્રકારે માને તો મિથ્યારૂચિ કહેવાય. સઘળાં જિનવચનો અનેકાન્તિક છે, જેમ કે 'હિંસામાં અધર્મ છે' તેમાં પણ એકાન્ત નથી, અપ્રમત્ત મુનિની હિંસાને પણ અહિંસા અને પ્રમત્તની અહિંસાને પણ હિંસા કહી છે. એ રીતે જે વસ્તુ વર્તમાનમાં અગ્નિરૂપ નથી તેમાં પણ ભૂત-ભવિષ્યની અપેક્ષાએ અગ્નિ સંભવિત હોવાથી ઉપચારથી તેને અગ્નિ પણ માનવો જોઈએ. એમ પદાર્થમાત્ર અનંત પર્યાયાત્મક છે, માટે કોઈ પદાર્થમાં એકાન્ત 'આ આમ જ છે' એમ માનવાનો આગ્રહ કરવો તે મિથ્યાત્વરૂપ હોવાથી તેને દ્રવ્યસમકિત પણ કહેવાય નહિ. ઉત્તરાધ્યયન નિર્યુક્તિ ગા. ૧૬૩માં કહ્યું છે કે- કોઈ જીવને તત્ત્વોનું નય-નિક્ષેપાદિ પૂર્વક જ્ઞાન ન હોય, માત્ર 'જિનવચન છે માટે સત્ય છે' એવી શ્રદ્ધા હોય, તેને કદાચ અનાભોગથી, સમજણના અભાવથી, કે છદ્મસ્થ ગુરુમાં વિશ્વાસ હોવાથી સમજણ અસત્ય પણ હોય, તથાપિ તે દુરાગ્રહી ન હોય, દુરાગ્રહના અભાવે તેની ભૂલ સુધારી શકાય તેમ હોય, તેથી તે મિથ્યાત્વી નહિ પણ દ્રવ્ય સમકિતી ગણાય. તાત્પર્ય કે સત્યમાં પણ એકાન્ત આગ્રહ તે આભિગ્રહિક મિથ્યાત્વ સમજવું. સમકિતીને તો સામાન્યરૂચિ કે વિશિષ્ટ રૂચિ બન્નેમાં મિથ્યાત્વનો અનુદય હોવાથી આગ્રહ ટળી ગયો હોય. વળી નિશ્ચય અને વ્યવહાર એમ પણ સમકિત બે પ્રકારનું છે. (સમ્યક્ત્વ સ્તવ ગા. ૧૧માં) કહ્યું છે કે- જ્ઞાન-દર્શન-ચારિત્રમય આત્માનો શુદ્ધ પરિણામ તે નિશ્ચય સમકિત અને તેના હેતુભૂત સમકિતના સડસઠ ભેદોનું જ્ઞાન, શ્રદ્ધા અને ક્રિયારૂપે તેનું યથાશક્ય પાલન, તે વ્યવહાર સમકિત છે. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણેની એકતારૂપ નિશ્ચય સમકિતને ભાવચારિત્ર પણ કહેવાય. અહીં જ્ઞાનનું કાર્ય દર્શન, અને દર્શનનું કાર્ય ચારિત્ર છે. નિશ્ચયનયના મતે કારણ-કાર્યની સાથે હોય તો જ તેને કાર્ય મનાય. માટે અહીં નિશ્ચય

સમકિતરૂપ કારણ તેના કાર્યરૂપ ભાવ ચારિત્રની સાથે જ હોય. **પ્રશ્ન**–આ રીતે તો અવિરતિવાળા શ્રેણિકરાજાને સમકિત નહિ ઘટે, અને શાસ્ત્રમાં તો તેઓને ક્ષાયિક સમકિતી કહ્યા છે, તેનું શું? **ઉત્તર**–ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાનકે નિશ્ચય–સમકિત હોતું નથી. માટે શ્રેણિક વગેરેનું વ્યવહાર સમકિત જાણવું. શુદ્ધ નિશ્ચયનયના મતે સમકિત સાતમા ગુણસ્થાનકથી જ હોય છે. આચારાંગ સૂત્રના પાંચમા અધ્યયનના બીજા ઉદ્દેશામાં "**જં સમ્મંતિ પાસહા જં મોણું તિ પાસહા**" અર્થાત્ "જે સમ્યક્ત્વ તે જ મૌન (ચારિત્ર) છે અને જે મૌન તે જ સમ્યક્ત્વ છે. એમ કહ્યું છે.

આ ઉત્તમ સમ્યક્ત્વનું પાલન સ્નેહરાગવાળા, વિષયોની ગૃદ્ધિવાળા, વક્ર આચારવાળા, પ્રમાદી, ગૃહસ્થો કરી શકે નહિ. કિન્તુ ચારિત્રને સ્વીકારીને કર્મરૂપ કાર્મણ શરીરનો નાશ કરવામાં સમર્થ જ્ઞાની વીર મહર્ષિઓ જ કરી શકે. કે જેઓ અન્ત-પ્રાન્ત (નિરસ-વિરસ) આહારાદિથી સંયમની સાધના કરે છે. **પ્રશ્ન**– આ વ્યાખ્યાથી તો નિશ્ચય અને કારક બન્ને સમકિતમાં કોઈ ભેદ નહિ રહે! કારણ કે કારક સમકિત પણ કારણરૂપે ક્રિયાની સાથે જ હોય છે. અને નિશ્ચય પણ ચારિત્રરૂપ ક્રિયાની સાથે હોય, એમ બન્નેનું સ્વરૂપ એક જ થયું? **ઉત્તર**– પ્રશ્ન બરાબર છે. કારક અને નિશ્ચય બન્ને વિશેષ્યરૂપે (સ્વરૂપે) સમાન છે, પણ કારકનું વિશેષણ ક્રિયામાં સાથે રહેવાપણું છે અને નિશ્ચયનું વિશેષણ 'જ્ઞાન-દર્શન-ચારિત્રનું એકાકારપણું' છે, એમ એમાં વિશેષણરૂપે ભેદ છે જ. વળી શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય, એ લક્ષણો પણ નિશ્ચય સમકિતમાં જ ઘટે, અન્યથા એ લક્ષણોના અભાવમાં પણ શ્રેણિકને સમકિત માનવાથી તે લક્ષણો જ અસત્ય ઠરે. સદ્ધર્મ–વિંશિકામાં ૧૭ મી ગાથામાં કહ્યું છે કે "શાસ્ત્રોમાં જે સમકિતને સુંદર સ્વરૂપવાળું કહ્યું છે તેમાં જ શમ, સંવેગ આદિનો યોગ હોય છે." અર્થાત્ શમ સંવેગાદિ લક્ષણો નિશ્ચય સમકિતના છે.

અથવા બીજી રીતે ભિન્ન ભિન્ન નયની અપેક્ષાયે "જ્ઞાન–દર્શન–ચારિત્રમય" નિશ્ચય સમકિતની વ્યાખ્યા જુદી જુદી રીતે પણ થાય, તેમાં જ્ઞાનપ્રધાન નયના મતે વિશિષ્ટ જ્ઞાન દશા તે નિશ્ચય સમકિત, ક્રિયાપ્રધાન નયના મતે ભાવચારિત્ર તે નિશ્ચય સમકિત અને દર્શન પ્રધાન નયના મતે તો તે સ્વતંત્ર સ્વરૂપે જ નિશ્ચય સમકિત છે જ. એમ નય ભેદે નિશ્ચય સમકિતનું સ્વરૂપ ભિન્ન ભિન્ન સ્વરૂપે પણ ઘટે, છતાં શુદ્ધ આત્મપરિણામને જ તત્ત્વ માનનાર નિશ્ચયનયના મતે તો (યોગશાસ્ત્ર પ્ર૦ ૪–૧ માં જણાવ્યા પ્રમાણે) ગુણગુણીનાં અભેદરૂપે સાધુનો શુદ્ધ આત્મા તે જ જ્ઞાનરૂપ, તે જ દર્શનરૂપ અને તે જ ચારિત્રરૂપ પણ છે. કારણ કે જ્ઞાન–દર્શન–ચારિત્ર ગુણમય શુદ્ધ આત્મા જ આ શરીરમાં રહેલો છે. એમ વિવિધ વ્યાખ્યા થઈ શકે. છતાં બધાનું તત્ત્વ તો એ જ છે કે 'શુદ્ધ આત્મજ્ઞાન પૂર્વક સ્વરૂપ રમણતામાં તૃપ્તિ તે જ નિશ્ચય સમકિત છે, એમ સમકિતના બે પ્રકારો વિવિધ રીતે છે.

વળી કારક– રોચક અને દીપક એમ તેના ત્રણ પ્રકારો છે. તેમાં ૧. **કારક**– જિન આજ્ઞાને અનુસારે કરાતી શુદ્ધ ક્રિયા. આ ક્રિયા જોવાથી અન્ય જીવોમાં સમકિત પ્રગટવાનો

સંભવ હોવાથી બીજાના સમકિતમાં કારણ બનતી ક્રિયા પણ ઉપચારથી સમકિત કહેવાય. અથવા બીજી વ્યાખ્યાથી આવી શુદ્ધ ક્રિયાયુક્ત સમકિતને કારક કહેવાય. આ સમકિત વિશુદ્ધ ચારિત્રવાળાને જ હોય. **૨. રોચક**– અવિરતિવાળા શ્રેણિક, કૃષ્ણ, વગેરેની જેમ સમ્યક્ ક્રિયાની રુચિ–પ્રીતિ છતાં ક્રિયા રહિત હોય તે રોચક અને **૩. દીપક**– જેમ દીપક પરને પ્રકાશિત કરે તેમ જેના ઉપદેશથી શ્રોતાને તત્ત્વરુચિ પ્રગટે પણ અંગારમર્દકાચાર્ય વગેરેની જેમ ઉપદેશકને પોતાને શ્રદ્ધા ન થાય, તેવો અભવ્યનો કે મિથ્યાત્વીનો અન્યને સમકિત પ્રગટાવનારો શુદ્ધ ઉપદેશ (કે આચાર) તે દીપક સમકિત જાણવું. બીજી રીતે પણ પૂર્વે પાંચ સમકિત કહ્યાં, તે પૈકી વેદકને ક્ષાયોપશમિકમાં ગણવાથી અને સાસ્વાદનની વિવક્ષા નહિ કરવાથી શેષ ૧. ઔપશમિક, ૨. ક્ષાયિક અને ૩. ક્ષાયોપશમિક, એમ પણ ત્રણ પ્રકારો જાણવા. એ જ ત્રણ પ્રકારોમાં સાસ્વાદનને ગણતાં ચાર અને વેદકને જુદું ગણવાથી પાંચ પ્રકારો પણ કહ્યાં છે. ઉપરાંત ઉત્તરાધ્યયનમાં નીચે પ્રમાણે રુચિના ભેદે તેના દશ પ્રકારો પણ કહ્યાં છે. તેમાં–

૧. નિસર્ગરુચિ– પરોપદેશ વિના જ મિથ્યાત્વનો ક્ષયોપશમ થતાં સત્યને જ સત્ય માનનારા શુદ્ધ નયના મતે જીવાજીવાદિ તત્ત્વોમાં યથાર્થપણાની શ્રદ્ધા, તે નિસર્ગરુચિ.

૨. ઉપદેશરુચિ– પરોપદેશથી શ્રોતાને જીવાદિ તત્ત્વોમાં યથાર્થપણાની, જિનવચન સાંભળવાની, કે તેથી પ્રગટતા બોધની રુચિ પ્રગટે તે ઉપદેશરુચિ. કેવળજ્ઞાન વિના કોઇથી સત્ય ઉપદેશ થઈ શકે નહિ, માટે આ રુચિનું મૂળ કેવળજ્ઞાન છે, ઉપદેશક ભલે છદ્મસ્થ હોય તથાપિ તે કેવળજ્ઞાનીનું કહેલું કહે તો જ શ્રોતામાં આ ગુણ પ્રગટે, મિથ્યાદૃષ્ટિ કે અજ્ઞાનીના ઉપદેશથી ન પ્રગટે. એમ જ્ઞાનીનો ઉપદેશ સાંભળવાની અને જ્ઞાન મેળવવાની રૂચિ તે તત્ત્વથી અજ્ઞાન, સંશય, વગેરેને ટાળવાની ઈચ્છારૂપ આત્મપરિણામ વિશેષ હોવાથી તે જ ઉપદેશરુચિ સમકિત.

૩. આજ્ઞારુચિ– કેવલી ભગવંત કે તેમના ઉપદેશને અનુસરનારા છદ્મસ્થ ગુરુની આજ્ઞા માત્રથી માસતુષ મુનિ વગેરેની જેમ અનુષ્ઠાનની રુચિ–તે આજ્ઞારુચિ સમકિત. પંચાશકમાં કહ્યું છે કે– ગુરુપરતંત્રતા એ જ જ્ઞાન અને શ્રદ્ધા છે. તત્ત્વથી જ્ઞાનનું ફળ ગુરુને સમર્પિત થયું તે છે અને શ્રદ્ધા પણ તે જ્ઞાનની સહચરી હોય છે. આવો આજ્ઞાપાલક અતિ જડ હોય તો પણ સમર્પિત હોવાથી તેનામાં જ્ઞાન–દર્શન અને ચારિત્ર ત્રણે ગુણો મનાય છે. કારણ કે સમર્પિત હોવાથી ગુરુના જ્ઞાનાદિ ગુણોનું ફળ તેને મળે છે. માસતુષ મુનિની જેમ ગુરુઆજ્ઞા પાળવાથી કેવળજ્ઞાની પણ બને છે. આ આજ્ઞાપાલનની રુચિ તે આજ્ઞારુચિ સમકિત.

૪. સૂત્રરુચિ– સૂત્રોનો પુનઃ પુનઃ અભ્યાસ કરતાં પ્રગટેલા જ્ઞાનદ્વારા ગોવિંદાચાર્યની જેમ જીવાજીવાદિ તત્ત્વોમાં દૃઢ શ્રદ્ધા પ્રગટે તે સૂત્રરુચિ સમકિત.

૫. બીજરુચિ– જળમાં પડેલા તેલબિંદુની જેમ એકપદની કે એકતત્ત્વની શ્રદ્ધાથી તેના અનુસંધાનરૂપે જીવમાં અનેક પદોમાં કે તત્ત્વોમાં રુચિ વધતી જાય તે બીજરુચિ સમકિત.

૬. **અભિગમરુચિ**– અંગો, ઉપાંગો, પયન્ના, વગેરે સકળ આગમોનો અભિગમ એટલે અર્થજ્ઞાન, તેનાથી જે તત્ત્વરુચિ પ્રગટે તે અભિગમરુચિ સમકિત. **પ્રશ્ન**– સૂત્રરુચિ અને અભિગમરુચિ બન્ને આગમના જ્ઞાનથી થાય તો બેમાં કોઈ ભેદ નહિ રહે. વળી સૂત્રરુચિ કેવળ મૂળ સૂત્રોથી અને અભિગમરુચિ તેના અર્થજ્ઞાનથી પ્રગટે, એમ ભેદ માનીયે તો પણ સૂત્ર મુંગું છે, તેનાથી જ્ઞાન થાય નહિ તો રુચિ કેમ પ્રગટે? (ઉપદેશમાલા ગા. ૪૧૫ માં) કહ્યું છે કે સૂત્રના મર્મને જાણ્યા વિના કેવળ મૂળ સૂત્રને અનુસરે તો તે અજ્ઞાન કષ્ટ જ ગણાય. માટે સૂત્રરુચિમાં પણ અર્થજ્ઞાન માનીયે અને અભિગમરુચિમાં પણ અર્થજ્ઞાનને હેતુ માનીયે તો બેમાં ભેદ નહિ રહે? **ઉત્તર**– સૂત્રમાં અર્થનો અને અર્થ સાથે સૂત્રનો અંતર્ભાવ હોવા છતાં સૂત્રના અધ્યયનથી અને અર્થના અધ્યયનથી થતા જ્ઞાનમાં ભેદ રહે, માટે તેની રુચિમાં પણ ભેદ ઘટે. આ કારણે જ (ઉપદેશપદ ગા. ૮૫૬ માં) સૂત્ર કરતાં અર્થમાં વિશેષ ઉદ્યમ કરવા જણાવ્યું છે, કેવળ સૂત્રને મુંગું કહ્યું છે. અથવા બીજી રીતે (ક્ષયોપશમની વિચિત્રતાને કારણે) કોઇને મૂળ આગમસૂત્રોની રુચિ હોય તેને સૂત્રરુચિ અને કોઇને નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ, વિગેરે અર્થગ્રંથોની રુચિ હોય તેને અભિગમરુચિ એમ ભેદ સમજવો.

૭. **વિસ્તારરુચિ**– સર્વપ્રમાણો, નયો, નિક્ષેપા, વગેરે વિવિધ અપેક્ષાઓ પૂર્વકના સર્વ દ્રવ્યો અને ભાવોના જ્ઞાનથી પ્રગટેલી અતિવિશુદ્ધ શ્રદ્ધા તે વિસ્તારરુચિ સમકિત.

૮. **ક્રિયારુચિ**– પંચાચારનું પાલન, વિનય, વૈયાવચ્ચ, વિગેરે અનુષ્ઠાનમાં રુચિ તે ક્રિયારુચિ. આજ્ઞારુચિમાં આજ્ઞા પ્રત્યે માન હોવાથી આજ્ઞાથી અનુષ્ઠાન કરે, અને અહીં ક્રિયાની રુચિ પ્રગટવાથી આજ્ઞા વિના પણ અનુષ્ઠાન કરે, એમ ભેદ સમજવો. આ હેતુ જ જેઓને ક્રિયા સર્વથા આત્મસાત્ બની ગઈ હોય, અને આજ્ઞા કે શાસ્ત્રની અપેક્ષા પણ ન રહી હોય તેવા પરિણત ચારિત્રક્રિયાવાળા મુનિઓની કાયાને 'ચારિત્રકાય' એવું વિશેષણ આપ્યું છે. તેઓને ક્રિયારુચિ સમકિત જાણવું.

૯. **સંક્ષેપરુચિ**– સ્વ-પર દર્શનનો બોધ ન હોય છતાં ચિલાતિપુત્રને ઉપશમ, વિવેક, સંવર,એ ત્રણે પદોના શ્રવણથી મોક્ષરુચિ પ્રગટી, તેમ માત્ર ઓઘથી મોક્ષરુચિ પ્રગટે તે સંક્ષેપરુચિ સમકિત.

૧૦. **ધર્મરુચિ**– માત્ર 'ધર્મ' શબ્દ સાંભળવાથી તેના પ્રત્યે પ્રીતિ થાય અને તેથી મુક્તિના કારણભૂત દાનાદિ ધર્મ અનુષ્ઠાનોમાં રુચિ પ્રગટે તે ધર્મરુચિ સમકિત.

આ દશ પ્રકારો અહીં ભિન્ન ભિન્ન કહ્યાં છતાં કોઈ એકની વ્યાખ્યા બીજામાં ઘટે તો પણ દોષ નથી. તેમ રુચિ પણ આ દશ પ્રકારની જ હોય, એમ નથી. રુચિ તો જીવના ક્ષયોપશમ પ્રમાણે વિવિધ પ્રકારની હોય, તે સર્વનું વર્ણન થઈ શકે નહિ. માટે મોક્ષના અસંખ્ય યોગો કહ્યા છે તે પૈકી કોઈ પણ યોગની રુચિને પણ સમકિત સમજવું. (આ વિષયમાં વિશેષ વર્ણન ધર્મ સંગ્રહના વિસ્તૃત ભાષાંતરમાં જોવું.)

એ પ્રમાણે સમ્યક્ત્વનું વર્ણન કર્યું. હવે ચાલુ મૂળ ૨૨મી ગાથામાં કહેલું નૈસર્ગિક અને આધિગમિક, બન્ને પ્રકારનું સમકિત જે મિથ્યાત્વના પરિહારથી પ્રગટે છે, તે મિથ્યાત્વનું વર્ણન કરે છે કે– મિથ્યાત્વના (પ્રવૃત્તિરૂપ) લૌકિક અને લોકોત્તર, અને તે બન્નેના પણ દેવગત અને ગુરુગત, એમ બે બે પ્રકારો હોવાથી ચાર પ્રકારો થાય છે, તેમાં–

૧. **લૌકિકદેવગતમિથ્યાત્વ**– વિષ્ણુ–મહાદેવ, બ્રહ્મા, વગેરે **લૌકિક દેવોને સુદેવ માનીને** પૂજવા, માનવા, નમવું, તેમના મંદિરમાં જવું, તથા તે તે દેશોમાં ભિન્ન ભિન્ન ધર્મવાળાઓના તે તે દેવો અને તેમની પૂજા, ભક્તિ, વિગેરેના જે વિવિધ પ્રકારો હોય, તે પૈકી કોઈ પણ પ્રવૃત્તિ કરવી તે સર્વ લૌકિકદેવગત મિથ્યાત્વના પ્રકારો જાણવા.

૨. **લૌકિક ગુરુ ગત મિથ્યાત્વ**– બ્રાહ્મણ, સંન્યાસી, તાપસ, વગેરે **અન્ય ધર્મના ગુરુઓને સુગુરુ માનીને** નમવું, સત્કાર–સન્માન કરવાં, ધર્મકથા સાંભળવી, તેમની કથાનું બહુમાન કરવું, વગેરે તેના વિવિધ પ્રકારો જાણવા.

૩. **લોકોત્તર દેવગત મિથ્યાત્વ**– અન્યધર્મીઓએ કળજે કરી પોતાના દેવરૂપે માનેલી જિનપ્રતિમાની પણ પૂજાદિ કરવાથી, તથા આ ભવના સુખાર્થે જૈન તીર્થાદિની યાત્રા–પૂજાદિની માન્યતા વગેરે કરવાથી, એમ વિવિધ રીતે આ મિથ્યાત્વ લાગે.

૪. **લોકોત્તર ગુરુગત મિથ્યાત્વ**– પાસત્થાદિ કુસાધુઓને સદ્ગુરુરૂપે માની તેઓને વન્દનાદિ કરવાથી અને સુગુરુના પણ સ્તૂપ–મૂર્તિ વગેરેની બાહ્ય સુખ માટે યાત્રા, બાધા, માન્યતાદિ કરવાથી, એમ આ મિથ્યાત્વ પણ વિવિધ રીતે થાય.

આ ચારે મિથ્યાત્વને ત્રિવિધ–ત્રિવિધે તજવાથી નિષ્કલંક સમકિત ગુણ પ્રગટે.

પ્રશ્ન– ગૃહસ્થને મિથ્યાત્વીનો સંસર્ગ તો હોય જ, અને સંસર્ગથી સંવાસ અનુમોદના કહી, તો ત્રિવિધ ત્રિવિધ ત્યાગ શી રીતે ઘટે? **ઉત્તર**– આરંભ કરનારની સાથે રહેવાથી બલાત્કારે પણ આરંભક્રિયાનો પ્રસંગ આવે અને તેથી મિથ્યાક્રિયાની સંવાસ અનુમોદના થાય, તથાપિ મિથ્યાત્વ એ અધ્યવસાયરૂપ હોવાથી સાથે રહેવા છતાં અધ્યવસાય મિથ્યાત્વના ન થાય તો તેને મિથ્યાત્વ ન લાગે, જો એમ ન માનીએ તો સાધુને પણ ગૃહસ્થની નિશ્રા સંભવિત હોવાથી તેઓ પણ મિથ્યાત્વીની સંવાસ અનુમોદનાથી ન બચી શકે. એમ છતાં ગૃહસ્થને મિથ્યાત્વીનો પરિચય વગેરે તજવાનું કહ્યું જ છે. કારણ કે શાસ્ત્રમાં અનુમોદના ત્રણ પ્રકારે કહી છે. અધિકાર છતાં પાપપ્રવૃત્તિ કરનારને નિષેધ ન કરે તો 'અનિષિદ્ધં અનુમતમ્' એ ન્યાયે પહેલી **અનિષેધ અનુમોદના** લાગે. નિષેધ કરવા છતાં બીજા પાપપ્રવૃતિથી વસ્તુ તૈયાર કરે કે ધન વગેરે કમાય, તે વસ્તુ વાપરવાથી કે ધનનો ભાગ લેવા વગેરેથી બીજી **ઉપભોગ અનુમોદના** લાગે, અને એવી પાપજન્ય કોઈ વસ્તુનો ઉપયોગ વગેરે કંઈ ન કરે છતાં તે પાપીની સાથે માત્ર વસવાથી ત્રીજી **સંવાસ અનુમોદના**

લાગે. (આ વિષય શ્રાવકધર્મવિધિ પ્રકરણની ગા. ૩૫ થી ૪૪ સુધીમાં વિશેષ સ્પષ્ટતયા જણાવ્યો છે.)

જો કે મિથ્યાત્વ અધ્યવસાયરૂપ છે, તેથી કુદેવાદિમાં સુદેવાદિની બુદ્ધિ ન હોય, તો પણ (લૌકિક દૃષ્ટિએ પણ) યક્ષ-યક્ષિણી વગેરે કુદેવાદિની બાધા, માન્યતા, યાત્રા વગેરે ઉપાસના કરે તો બીજા મુગ્ધ જૈનો વગેરે તેને જોઇને તેમાં ધર્મ માનીને તે પ્રવૃત્તિ કરે અને મિથ્યાત્વીઓ પણ "પોતાના દેવાદિને જૈનો પણ માને છે" એમ સમજી તેમના મિથ્યામાર્ગમાં અધિક સ્થિર-દૃઢ થાય, તેથી આ લોકમાં મિથ્યાત્વની વૃદ્ધિ-પુષ્ટિ થાય અને તે કારણે પરલોકમાં બોધિદુર્લભ થાય. (ત્રિદંડીપણામાં ધર્મ નહિ માનવા છતાં મરિચીએ તેનું સેવન કર્યું, તે સંસ્કારથી પંદરભવો સુધી જૈન ધર્મથી રહિત ત્રિદંડી જીવન મલ્યું) કહ્યું છે કે- જે મૂઢ અન્ય જીવોને મિથ્યાત્વમાં નિમિત્ત બને છે, તે કારણે તે બોધિને પામતો નથી. **પ્રશ્ન**- તે તે કાળે રાવણ, કૃષ્ણજી, જેવાએ પણ મિથ્યાત્વનું સેવન કર્યું હતું, તો વર્તમાનમાં તે પ્રવૃત્તિનો નિષેધ કેમ? **ઉત્તર**- રાવણ, કૃષ્ણજી, વગેરેના કાળે જૈનધર્મનો મહિમા અન્ય ધર્મો કરતાં અતિશાયી હતો, તેથી તેમનું અનુકરણ થાય તેમ ન હતું, વર્તમાનમાં તો સ્વભાવે જ જીવો ભારેકર્મી હોવાથી અને કાળની વિષમતા તથા બુદ્ધિની મંદતા હોવાથી મિથ્યાત્વની પ્રવૃત્તિ રોકવી દુષ્કર છે, તેમાં વળી બીજાનું આલંબન મળે, તો સવિશેષ વધે, માટે પૂર્વના જીવોનું નબળું આલંબન લઇને મિથ્યાપ્રવૃત્તિ વધારવી કોઈ રીતે યોગ્ય નથી. ઉત્તમ પુરુષો સદાય ઉત્તમ આલંબન શોધે છે. આલંબન ચઢવા માટે લેવાય, પડવા માટે નહિ, લૌકિક વ્યવહારો પણ એ રીતે ચાલે છે, તો લોકોત્તર માટે ઉલટો માર્ગ કેમ લેવાય?

એ રીતે (પ્રવૃત્તિરૂપ) મિથ્યાત્વના ચાર પ્રકારો જણાવ્યા. હવે પરિણામરૂપ મિથ્યાત્વના પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે.

૧. આભિગ્રહિક મિથ્યાત્વ- સ્વશાસ્ત્રના પણ આગ્રહથી જેનામાં વિવેક નષ્ટ થયો છે, માત્ર પરધર્મનો પ્રતિકાર કરવામાં ચતુર એવા અવિવેકી પાખંડીઓ જે પોતાના પક્ષમાં દુરાગ્રહી હોય તેઓને આ મિથ્યાત્વ હોય, જેઓ મધ્યસ્થભાવે ધર્મ-અધર્મનો પરીક્ષાપૂર્વક વિવેક કરીને સત્ય તત્ત્વનો સ્વીકાર અને પર (મિથ્યા) ધર્મનો પ્રતિકાર કરે તે જૈનોને આ મિથ્યાત્વ નથી. કારણ કે તેઓને પોતાના ધર્મનું મમત્વ (ખોટો પક્ષ) નહિ, પણ તત્ત્વનો પક્ષ અને અતત્ત્વની ઉપેક્ષા હોય. હા, જન્મે જૈન છતાં જેઓને તત્ત્વાતત્ત્વનો વિવેક પ્રગટ્યો નથી, માત્ર નામ જૈન હોવાથી પોતાના સ્વચ્છંદી આચરણથી શાસ્ત્રોને પણ કલંકિત બનાવે, આગમ વિરુદ્ધ વર્તે, તેઓ જૈનાગમના-સત્યના પક્ષપાતી હોય તો પણ તત્ત્વાતત્ત્વથી અજ્ઞ, માત્ર દુરાગ્રહી હોવાથી આભિગ્રહિક મિથ્યાત્વી ગણાય. સમકિતી જીવ તત્ત્વની પરીક્ષા વિના મિથ્યા પક્ષ ન કરે. પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજા પોતાને અંગે કહે છે કે- "મને વીરપ્રભુમાં પક્ષપાત નથી, કે કપિલઋષિ વગેરે પ્રતિ દ્વેષ નથી, માત્ર જેનું વચન યુક્તિસંગત

હોય, તેનો સ્વીકાર કરવો યોગ્ય છે" અર્થાત્ સમજ વિનાનો કોરો પક્ષપાત સમકિત નથી. માષતુષ મુનિની જેમ કોઈ જીવ તથાવિધ જ્ઞાનના અભાવે વિવેક ન કરી શકે, તો પણ જ્ઞાની ગુરુના વચનને માનનારો અને તેથી તત્ત્વને સ્વીકારનારો, અનાગ્રહી હોવાથી તે મિથ્યાત્વી નથી. આ મિથ્યાત્વના ૧. આત્મા નથી જ, ૨. આત્મા ક્ષણિક જ છે, ૩. કર્તા નથી જ, ૪. ભોક્તા નથી જ, ૫. મોક્ષ નથી જ, અને ૬. મોક્ષ પ્રાપ્તિનો કોઈ ઉપાય પણ નથી જ. એ છ મિથ્યા માન્યતારૂપ છ પ્રકારો છે.

૨.– **અનભિગ્રહિક**– "સઘળા દેવો દેવ છે, કોઈને ખોટા કહેવા કે નિંદા કરવી નહિ, સઘળા સાધુઓ પણ સાધુ છે અને સર્વ ધર્મો સાચા છે" ઇત્યાદિ માનનારમાં સ્વદર્શનનો આગ્રહ કે પરનો દ્વેષ નથી, તો પણ તત્વ–અતત્ત્વ બન્નેને સમાન માનવારૂપ અનભિગ્રહિક મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વના વિષયભેદે અનેક ભેદો સંભવે.

૩.– **આભિનિવેશિક**– **સત્યાસત્યો**– તત્ત્વાતત્ત્વનો ભેદ સમજવા છતાં, દુરાગ્રહથી અસત્યનો પક્ષ કરનાર ગોષ્ઠામાહિલ વગેરેને આ મિથ્યાત્વ સમજવું. જો કે સમકિતી પણ અજ્ઞાનથી કે ગુરુ પ્રત્યે વિશ્વાસથી કોઈ વિષયમાં અસત્યને સત્ય સમજીને તેનો આગ્રહ કરે છતાં અસત્યને છોડવાની વૃત્તિ હોવાથી તેને દુરાગ્રહી ન કહેવાય. આ મિથ્યાત્વવાળાને તો સમજવા છતાં પક્ષ અસત્યનો હોવાથી શુદ્ધ ઉપદેશથી પણ તે ન ટળે. એવો તે દુરાગ્રહી હોય, માટે આભિનિવેશિક કહેવાય. જો કે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ અને શ્રી સિદ્ધસેનદિવાકર–સૂરિ, બન્ને મહાજ્ઞાની અને આગમરહસ્યોના જ્ઞાતા હતા, છતાં એક વિષયમાં તેઓને મતભેદ પડતાં પોતાના મતને જ સાચો અને સામાના મતને શાસ્ત્રબાધિત માનતા હતાં, પણ બન્ને પોતાની માન્યતાને સત્ય સમજીને બીજાનો પ્રતિકાર કરનારા સત્યના આગ્રહી હતા, દુરાગ્રહી ન હતા. માટે તેમને મિથ્યાત્વ ન ઘટે. આ મિથ્યાત્વાળો તો પોતાના મતને ખોટો જાણવા છતાં તેને સત્ય મનાવે, માટે તેને આભિનિવેશિક મિથ્યાત્વ કહ્યું છે. આ મિથ્યાત્વમાં બુદ્ધિનો ભેદ, અભિનિવેશ વગેરે અનેક કારણો હોવાથી તેના પણ અનેક પ્રકારો સંભવે. વ્યવહારભાષ્યમાં કહ્યું પણ છે કે મતિભ્રમથી જમાલી, પૂર્વે ભ્રમિત થવાથી ગોવિંદાચાર્ય, બૌદ્ધસાધુઓના સંસર્ગથી સોરાષ્ટ્રનો શ્રાવક અને કદાગ્રહથી ગોષ્ઠામાહિલ એ આભિનિવેશિક મિથ્યાત્વી થયા. એમ અનેક પ્રકારો થાય.

૪.– **સાંશયિક**– દેવ, ગુરુ, કે ધર્મતત્ત્વોના વિષયમાં "આ આમ હશે કે અન્યથા" એવો સંશય ઉપજે, તે સાંશયિક મિથ્યાત્વ સમજવું. જો કે સૂક્ષ્મતત્ત્વોને સમજવામાં સાધુઓને પણ સંશય થાય, તથાપિ તેઓને "શ્રી જિનેશ્વરદેવોએ કહેલું હોવાથી તે જ સાચું છે, શંકા વિનાનું છે" એવી દૃઢ પ્રતીતિ હોવાથી તેઓને સંશય ટળી જાય. ન ટળે તો પણ તે પોતાની મતિમંદતાનો દોષ માને, જિનવચનમાં દોષ ન માને, માટે તેઓને મિથ્યાત્વ ન ગણાય. વસ્તુતઃ તો જે જિનવચનમાં શંકા કરે તેને શ્રી જિનેશ્વરો પ્રત્યે અવિશ્વાસ ગણાય, તેથી તેને મિથ્યાત્વ

ગણાય. આ મિથ્યાત્વ વિવિધ શંકાઓ પ્રગટાવીને જીવને મિથ્યા માર્ગે દોરી જાય છે. પરિણામે આકાંક્ષારૂપ મિથ્યાત્વનો ઉદય થાય અને તેથી પુનઃ પુનઃ સમકિતની પ્રાપ્તિ અને પતનરૂપ તેના અનેક આકર્ષો થાય. આ મિથ્યાત્વ પણ સર્વદર્શન પ્રત્યે, કેવળ જૈનદર્શન પ્રત્યે, જિનવચનના કોઇ એકાદ તત્ત્વ પ્રત્યે, એક પદ પ્રત્યે, કે એકાદ વાકય પ્રત્યે સંશય થવાથી અનેક પ્રકારનું હોય.

૫.- **અનાભોગિક**- આ મિથ્યાત્વ અજ્ઞાનરૂપ છે. તે વિચારશૂન્ય એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોને તથા વિશિષ્ટજ્ઞાન રહિત અજ્ઞાની સંજ્ઞીને પણ હોય. આ પણ સર્વતત્ત્વોના અજ્ઞાનરૂપ, કે કોઈ એક તત્ત્વના, કે પદાર્થના એક અંશમાં અજ્ઞાનરૂપ હોવાથી વિવિધ પ્રકારનું હોય.

આ પાંચ પૈકી પહેલું અને ત્રીજું એ બે આગ્રહ-દુરાગ્રહ રૂપ હોઈ અનેક ભવોની પરંપરાને વધારનારાં હોવાથી અતિ આકરાં છે. શેષ ત્રણ પોતાની કે ઉપદેશકની અજ્ઞાનતાદિના કારણે થતાં હોવાથી યોગ્ય છે ઉપદેશના યોગે ટળી શકે તેવાં હોય છે અને મિથ્યા આગ્રહનો અભાવ હોવાથી તેનાથી ક્રૂર કર્મબંધની પરંપરા પણ ચાલતી નથી. (વગેરે ઉપદેશ પદ ગા. ૧૯૮ માં કહ્યું છે.)

એ પ્રમાણે પાંચે મિથ્યાત્વનો સર્વથા ત્યાગ અને સમકિતનો સ્વીકાર કરવારૂપ પચ્ચકખાણના ઉચ્ચારપૂર્વક તે ગુરુમુખે ઉચ્ચરવું. અર્થાત્ મહાશ્રાવક આણંદ-કામદેવાદિને પ્રભુએ કહેલા વિધિપૂર્વક ગુરુમુખે તેની પ્રતિજ્ઞા કરવી જોઇએ. એ પ્રતિજ્ઞાની મર્યાદા શાસ્ત્રોમાં આ પ્રમાણે કહી છે.

શ્રાવક જે દિવસે સમકિતની પ્રતિજ્ઞા કરે તે દિવસથી રાજા, લોકસમૂહ, ચોર વિગેરે બળવાન વર્ગ, દેવ દેવી, અને માતા પિતાદિ ગુરુ (વડીલ) વર્ગ, એ પાંચ પૈકી કોઈના આગ્રહ-બલાત્કાર વિના કે સ્વ-આજીવિકાની સાચી મુશ્કેલી વિના, કદાપિ ચરક-પરિવ્રાજક-તાપસ-સંન્યાસી વિગેરે પરધર્મના ગુરુઓને, તેમના દેવો વિષ્ણુ-મહાદેવ-બ્રહ્મા, વગેરેને, તથા તેઓએ પોતાના મંદિરમાં પધરાવી પોતાના દેવરૂપે માનેલી પૂજેલી શ્રી અરિહંતની પણ પ્રતિમાને, વન્દન- પ્રણામ, આલાપ-સંલાપ, કે દાન અને પ્રદાન, એ ૬ પ્રકારની પ્રવૃતિ કરે નહિ. તેમાં બે હાથે અંજલી જોડવી તે વન્દન, મસ્તક નમાવવું તે પ્રણામ, વિના બોલાવે બોલવું તે આલાપ, વારંવાર બોલવું તે સંલાપ, એક વાર અન્નાદિ આપવું તે દાન અને વારંવાર આપવું તે પ્રદાન જાણવું. ઉપરાંત લૌકિક તીર્થોમાં સ્નાન, પિંડપ્રદાન, હોમ, તપ, તેમજ મિથ્યા પર્વોનું આચરણ, વગેરે મિથ્યાત્વનાં કોઇ કાર્યો પણ કરે નહિ.

એ રીતે સમ્યક્ત્વ, અણુવ્રતો વગેરે ગુરુ પાસે અંગીકાર કરવાથી સફળ થાય છે (પંચાશક ૧-૯માં કહ્યું છે કે) **સમ્યક્ત્વ કે વ્રત, નિયમાદિ જે સ્વીકારવાનાં હોય તેને પ્રથમ સદ્ગુરુ પાસે સમજીને સંવેગ (મોક્ષની તીવ્ર અભિલાષા) થી વિધિપૂર્વક**

સ્વીકારવાં અને નિરતિચાર પાલવાં, જે સમજ્યા વિના જ વ્રતાદિ ઉચ્ચરે છે, તેનું પચ્ચક્ખાણ અશુદ્ધ છે, તેવો અજ્ઞ જીવ તો સમજ્યા વિના પ્રતિજ્ઞા કરવાથી નિશ્ચયથી મૃષાભાષી કહેવાય છે.

હવે ચાલુ મૂળ ગાથાના ચોથા પાદમાં કહેલાં પાંચ લક્ષણોનું વર્ણન કરે છે કે સમકિત આત્માના શુભ અધ્યવસાય રૂપ (અરૂપી) હોવાથી પ્રત્યક્ષ દેખાય નહિ, માટે તેને ઓળખવા પાંચ લક્ષણો આ રીતે કહ્યાં છે.

૧. શમ— અનંતાનુબંધી કષાયોનો ઉદય ટળવાથી કોઇને પ્રકૃતિએ જ, તો કોઈને કડવા વિપાક જોવાથી કષાયો શમે, ત્યારે શમ પ્રગટે છે. આ શમથી જીવ અપરાધી ઉપર પણ ક્રોધ કરે નહિ. અન્ય આચાર્યો ક્રોધની ચળ અને વિષયોની તૃષ્ણા શાન્ત થાય તેને શમ કહે છે. **પ્રશ્ન—** [૨] શ્રેણિક તથા કૃષ્ણજી વગેરે અપરાધી કે નિરપરાધી પ્રત્યે પણ ક્રોધ કરવા છતાં સમકિતી હતા, તો તેમને શમ શી રીતે ઘટે ? **ઉત્તર—** પદાર્થ અને તેનું લક્ષણ સાથે હોય જ એવો નિયમ નથી. લક્ષણ હોય ત્યાં લક્ષ્ય અવશ્ય હોય, પણ લક્ષ્ય હોય ત્યાં લક્ષણ હોય જ એવો નિયમ નથી. ધૂમ હોય ત્યાં અગ્નિ હોય જ પણ સઘળા અગ્નિ સાથે ધૂમ હોય નહિ. તેમ અહીં પણ શમ હોય. તેને સમકિત અવશ્ય હોય, પણ સમકિત સાથે શમ હોય જ એવું નથી. શમના અભાવે પણ સમકિત હોય, માટે શ્રેણિક-કૃષ્ણજી વગેરેમાં શમ ન હોવા છતાં સમકિત હતું. અથવા તેઓને ક્રોધવૃત્તિ અને વિષયતૃષ્ણા સંજ્વલન કષાય જન્ય હતી એમ સમજવું. સંજ્વલન કષાય પણ અનંતાનુબંધી જેવો તીવ્ર હોય છે.

૨. સંવેગ— મોક્ષની તીવ્ર અભિલાષા. સમકિતી આત્મા રાજ્યના, ચક્રવર્તીના, કે ઇન્દ્રના સુખને પણ દુઃખ માને, એક મોક્ષ સુખને જ સુખ માને, અને તેની જ અભિલાષા કરે.

૩. નિર્વેદ— (સંસારનાં સુખો પ્રત્યે) કંટાળો, થાક, સમકિતી જીવ વિવિધ દુઃખમય આ સંસારરૂપી જેલમાં કર્મોદય જન્ય વિવિધ કદર્થનાઓ ભોગવે, તેમાંથી છૂટી ન શકે, પણ તેનાથી કંટાળેલો, થાકેલો, મમત્વ વિનાનો શીઘ્ર છૂટવાની ભાવનાવાળો હોવાથી, દુઃખે કાળ પસાર કરે, કોઈ આચાર્યો મોક્ષ અભિલાષાને નિર્વેદ અને સંસારના થાકને (વૈરાગ્યને) સંવેગ કહે છે.

૪.-અનુકંપા— નિષ્પક્ષભાવે દુઃખીઓનાં દુઃખોને દુર કરવાની ઇચ્છા. પક્ષપાતથી તો વાઘ વગેરે પણ પોતાના બચ્ચાંની રક્ષા કરે છે, પણ તે અનુકંપા ન મનાય. તેમાં પણ બીજાનાં દુઃખોને ટાળવાની યથાશક્ય પ્રવૃત્તિ તે દ્રવ્યઅનુકંપા અને દુઃખીનું દુઃખ જોતાં હૃદય દ્રવિત થાય તે ભાવઅનુકંપા જાણવી. (અન્યત્ર બાહ્ય દુઃખથી પીડાતા પ્રત્યે દયા તે દ્રવ્યદયા અને તેનાં પાપાચરણો - દુર્ગુણો જાણી તેના આત્મા પ્રત્યે દયા તે ભાવદયા, એમ પણ કહ્યું છે.)

૨. અથવા આ લક્ષણો નિશ્ચય સમકિતનાં છે અને શ્રેણિકાદિને વ્યવહાર સમકિત હતું. માટે પણ દોષ નથી.

૫.—આસ્તિકય— જિનકથિત હોવાથી જીવાદિ તત્ત્વો સત્ય જ છે, એવું માનનાર આસ્તિક અને તેના તેવા પરિણામને આસ્તિકય કહેવાય. અન્યદર્શનનાં તે તે વચનો સાંભળવા છતાં તેમાં આકાંક્ષા ન કરે, કેવળ જિનવચનમાં જ દૃઢ શ્રદ્ધાળુ હોય, તે આસ્તિક કહેવાય. તેને કદાચ અજ્ઞાન કે મોહથી કોઈ જિનવચન ન સમજાય તો પણ તે પોતાની મતિમંદતા વગેરે માને અને જિનવચન સત્ય જ છે એમ માને. કહ્યું છે કે જિનવચનના એક અક્ષરની પણ અશ્રદ્ધા તે જિનેશ્વર પ્રત્યે અશ્રદ્ધા છે, તેથી આસ્તિક આત્મા કોઈ વિષય ન સમજાય તો પણ શ્રદ્ધાથી તેને સત્ય જ માને.

આ લક્ષણોનું સ્વરૂપ અન્ય આચાર્યોના મતે–

૧. શમ— યોગ્ય ગુરુના યુક્તિયુક્ત ઉપદેશથી સત્ય તત્ત્વોમાં દૃઢ પક્ષપાત થવાથી મિથ્યાઆગ્રહ ટળી જાય તે શમ.

૨. સંવેગ— ચારે ગતિનાં ભયંકર દુઃખોને જાણીને કે પ્રત્યક્ષ જોઈને ભયભીત બનેલો તે દુઃખોમાંથી બચવા ધર્મનું સેવન કરે, એમ સંસારનો અને તજ્જન્ય દુઃખોનો તીવ્રભય પ્રગટે તે સંવેગ.

૩. નિર્વેદ— વિષયોની ગૃદ્ધિનો ત્યાગ, વિષયોની દુષ્ટ આસક્તિથી આભવ–પરભવમાં જીવને ઘોર કષ્ટો સહન કરવાં પડે, માટે વિષયો ત્યાજ્ય છે, એવી બુદ્ધિથી વિષયો પ્રત્યે વૈરાગ્ય તે નિર્વેદ.

૪. અનુકંપા— કૃપા–દયા, જીવ માત્ર સુખનો અર્થી અને દુઃખનો દ્વેષી છે, માટે મારે કોઈને દુઃખ નહિ આપવું એમ સમજીને પ્રાણીઓ પ્રત્યે દયા પ્રગટે તે અનુકંપા.

૫. આસ્તિકય— શ્રી જિનકથિત ચરાચર, પ્રત્યક્ષ–પરોક્ષ, સર્વ ભાવોનું વર્ણન સત્ય જ છે, એવું માને, બોલે અને તેવું વર્તન કરે, તે જીવના પરિણામરૂપ આસ્થા–શ્રદ્ધા તે આસ્તિકય.

આ પાંચે લક્ષણો સમકિતનાં જ્ઞાપક છે. તેનું પ્રગટીકરણ જીવમાં ઉત્ક્રમથી થાય છે. પ્રથમ આસ્તિકય, તેમાંથી અનુકંપા, તેના બળે નિર્વેદ–સંવેગ અને છેલ્લે શમ પ્રગટે. અહીં ગાથામાં પાંચ લક્ષણ જ કહ્યાં છે, તો પણ ઉપલક્ષણથી તેના સહચર સડસઠ ભેદો પણ આ પ્રમાણે છે.

૧. ચાર સદ્દહણા— (૧) **પરમાર્થસંસ્તવ** એટલે જીવાજીવાદિ પરમાર્થભૂત તત્ત્વોનો બહુમાન પૂર્વકનો યથાર્થબોધ. (૨) **પરમાર્થ જ્ઞાતૃસેવા—** જીવાદિ તત્ત્વોના યથાર્થજ્ઞાતા, સંવેગી, એવા ધર્મોપદેશક જ્ઞાની ગુરુઓની સેવા. (૩) **વ્યાપન્નદર્શનવર્જન—** જૈન દર્શન પામીને વમી ગયેલા પાસત્થાદિ કુસાધુઓની સેવા–સંસર્ગનો ત્યાગ. અને

(૪) **કુદૃષ્ટિવર્જન**– બૌદ્ધ વગેરે અન્ય મિથ્યાધર્મીઓના સંસર્ગનો ત્યાગ.

૨. ત્રણલિંગ– ૧. **શુશ્રુષા**– ચતુર, રાગી, યુવાન અને પત્નીથી પરિવરેલા, વિશિષ્ટ પુરુષને દૈવી સંગીત સાંભળવાનો જેવો રાગ હોય, તેથી પણ અધિક રાગથી તત્ત્વ શ્રવણની ઇચ્છા. ૨. **ધર્મરાગ**– કર્મના દોષથી ચારિત્ર ન પામી શકે, તો પણ મોટી અટવીની મુસાફરીથી થાકેલા ભૂખ્યા બ્રાહ્મણની ઘેબર મળતાં ખાવાની જેવી ઇચ્છા તેથી પણ અધિક ચારિત્ર ધર્મની અભિલાષા. ૩.– **દેવગુરુની વૈયાવચ્ચનો નિયમ**– જિનવચનના પાલક–પ્રચારક સદ્ગુરુઓ અને અરિહંતદેવો (તેમનાં મંદિરો–મૂર્તિઓ વગેરે)ની શાસ્ત્રાનુસાર પૂજા–ભક્તિ–સેવા–વગેરેનો નિયમ–પ્રતિજ્ઞા. એમ સમકિતનાં આ ત્રણ લિંગો છે. જો કે વૈયાવચ્ચ તપનો પ્રકાર છે અને તપ ચારિત્રરૂપ છે, તેથી આ લિંગમાં અંશ માત્ર ચારિત્ર ઘટે, છતાં તે અતિઅલ્પ હોવાથી તેની વિવક્ષા કરી નથી.

૩. દશવિધ વિનય–૧. અરિહંત એટલે તીર્થંકરો તથા સર્વ સામાન્ય કેવલીઓ, ૨. સિદ્ધો, ૩. જિનમંદિર અને મૂર્તિરૂપચૈત્યો, ૪. શ્રુત–આગમો, ૫. ક્ષમાદિ દશવિધ ધર્મ, ૬. આચાર્ય ભગવંતો, ૭. ઉપાધ્યાય ભગવંતો, ૮. શેષ સર્વ પ્રકારના ચારિત્રવાળા સાધુઓ, ૯. પ્રવચન એટલે શાસન અને તેના આધારભૂત શ્રી સંઘ, તથા ૧૦. દર્શન એટલે સમકિત તથા સમકિતવંત આત્માઓ. આ દશેયનો ૧. બાહ્ય સેવારૂપ ભક્તિ, ૨. વસ્ત્રપાત્રાદિથી સત્કારરૂપ પૂજા, ૩. ગુણોની પ્રસંસા, ૪. છતા અછતા દોષોને નહિ બોલવારૂપ નિંદાનો ત્યાગ અને ૫. વિવિધ આશાતનાઓનો ત્યાગ. એ પાંચ પ્રકારે વિનય કરવો તે વિનયના દશ પ્રકારો જાણવા. (અન્યત્ર સત્કારને ભક્તિમાં ગણીને તેના સ્થાને હૃદયગત પ્રીતિ–બહુમાનને વિનય કહ્યો છે.)

૪. ત્રણ શુદ્ધિ– ૧. જિનેશ્વરદેવ, ૨. તેમનાં કહેલાં આગમો અથવા તત્ત્વો અને ૩. તે તત્ત્વોનો આરાધક શ્રી ચતુર્વિધસંઘ, એ ત્રણ સિવાય શેષ સઘળું અસાર છે, એવા મન્તવ્યથી સમકિત શુદ્ધ થાય માટે તેને ત્રણ શુદ્ધિ કહી છે. (બીજી રીતે મનથી એ ત્રણ સિવાય શેષ સર્વ મિથ્યા માને, વચનથી એ ત્રણથી જે કાર્યસિદ્ધિ ન થાય તે બીજાથી ન જ થાય એમ બોલે અને કાયાથી છેદન–ભેદન થવા છતાં મિથ્યાદેવ–ગુર્વાદિને ન નમે, એમ પણ ત્રણશુદ્ધિ કહી છે.)

૫. પાંચ દૂષણો– ૧. **શંકા**– શ્રીજિનવચનમાં દેશ કે સર્વ શંકા કરવી, ૨. **કાંક્ષા**– સઘળાં કે અમુક મિથ્યાદર્શનોની ઇચ્છા કરવી, ૩. **વિચિકિત્સા**– ધર્માનુષ્ઠાનના ફળમાં સંદેહ રાખવો, અથવા વિતિગિચ્છા એટલે સાધુ–સાધ્વી વગેરેનાં મલ–મલિન વસ્ત્ર–ગાત્ર વગેરેની દુર્ગંછા કરવી, ૪. **કુદૃષ્ટિ પ્રશંસા**– મિથ્યાત્વીઓની કે તેમના ધર્મ વગેરેની પ્રશંસા કરવી, અને ૫. **મિથ્યાત્વીનો પરિચય**– મિથ્યાત્વીઓનો પરિચય– સહવાસ કરવો. આ પાંચ સમકિતને દૂષિત કરનારાં હોવાથી દૂષણો જાણવાં.

૬. **આઠ પ્રભાવક**– ૧. **પ્રાવચની**– તે તે કાળે વિદ્યમાન સર્વ આગમના સૂત્ર–અર્થ અને મર્મના જાણુ–જ્ઞાનીગુરુ. ૨. **ધર્મકથક**– નંદિષેણ મહાત્માની જેમ આક્ષેપણી, વિક્ષેપણી, સંવેગજનની અને નિર્વેદિની, એ ચાર પ્રકારની કથા દ્વારા શ્રોતાના સંદેહને દૂર કરી આકર્ષણ વગેરે કરનારા વ્યાખ્યાનની લબ્ધિવાળા જ્ઞાની ગુરુ, ૩. **વાદી**–વાદ શક્તિને પામેલા. વાદી, પ્રતિવાદી, સભાજન અને મધ્યસ્થ, એ ચાર પ્રકારની રાજસભામાં ધર્મવાદ કરીને વિજય પામનારા શ્રી મલ્લવાદીસૂરિ વગેરે. ૪. **નૈમિત્તિક**– પૂ. શ્રી ભદ્રબાહુ ગુરુની જેમ અષ્ટાંગ નિમિત્તના જાણુ, શાસનની પ્રભાવના માટે ભૂત–ભવિષ્યાદિ ભાવોને યથાર્થ જણાવનારા. ૫. **તપસ્વી**– શ્રી ખંધકસૂરિજીની જેમ કોઇ પૌદ્ગલિક ઇચ્છા વિના કેવળ કર્મનિર્જરા માટે સમતાપૂર્વક અઠ્ઠમ, અઠ્ઠાઇ, માસક્ષમણ, વગેરે ઘોર તપ કરનારા. ૬. **વિદ્યાવાન્**– પ્રજ્ઞપ્તિ વગેરે વિદ્યાઓને સાધી તેના પ્રભાવે શ્રી જિનશાસનની પ્રભાવના કરનારા. ૭. **યોગસિદ્ધિ**– વિવિધ યોગોની સિદ્ધિ કરીને યોગચૂર્ણથી અંજન, પાદલેપ, લલાટે તિલક, વગેરે દ્વારા ભૂત–પ્રેતાદિને વશ કરનારા– અનેક દુઃસાધ્ય કાર્યોની સિદ્ધિ કરનારા. ૮. **કવી**– કાવ્ય લબ્ધિથી વિશિષ્ટ કાવ્યોની રચનાદ્વારા શ્રી સિદ્ધસેન દિવાકરની જેમ રાજા–મહારાજાદિને પણ ધર્મ પમાડનારા.

જો કે જૈનશાસન સ્વયં પ્રભાવશાળી છે તો પણ સોની સુવર્ણને વિશેષ ઘાટ આપીને શોભાવે તેમ પોતાની તે તે શક્તિઓ દ્વારા જૈનશાસનની પ્રભાવકતાને વિવિધ રીતે પ્રસિદ્ધ કરનારા મહાત્માઓ પ્રભાવક ગણાય છે. એ ઉપરાંત પણ **શાસ્ત્રાજ્ઞા મુજબ** તીર્થયાત્રા, પૂજા, ઓચ્છવો, મહોત્સવો, વગેરે કરનારા શ્રી વસ્તુપાલ, તેજપાલ, પેથડશા, ઝાંઝણશા, વગેરેની જેમ શાસન પ્રભાવના કરનારા સર્વ પ્રભાવક જાણવા. આ **પ્રભાવકો સમકિતના બળે જ પ્રભાવના કરી શકે, માટે આઠ પ્રભાવકને સમકિતના ભેદોમાં કહ્યા છે.**

૭. **પાંચ ભૂષણો**– ૧. **જૈન શાસનમાં કૌશલ્ય** એટલે ઉત્સર્ગ, અપવાદ, વગેરે વિવિધ અપેક્ષાવાળાં જિનવચનોનો તે તે અપેક્ષાને અનુસરીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને પુરુષને આશ્રયીને તે તે રીતે વ્યવહાર કરવાની નિપુણતા. ૨. **પ્રભાવના**– પ્રભાવકોના વર્ણનમાં કહ્યું તે રીતે કરેલી પ્રભાવના સ્વ–પર હિતકારી, જિનનામકર્મનું કારણ અને સમકિતની પ્રાપ્તિ તથા શુદ્ધિ કરનાર છે. ૩. **તીર્થસેવા**– સંસાર સમુદ્રથી તારે તે તિર્થ, તેના સ્થાવર જંગમ બે પ્રકારો છે. તેમાં શત્રુંજય વગેરે તથા જિનેશ્વરોની કલ્યાણક ભૂમિઓ વગેરે સ્થાવર તીર્થો અને ક્ષમાદિ દશવિધ ધર્મના આધારભૂત ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ, ઉભયની સેવા. **સ્થિરતા**– જિનધર્મમાં અન્ય જીવોને સ્થિર કરવા, અથવા અન્યધર્મના ચમત્કાર આદિ પ્રભાવ જોવા છતાં નિજ ધર્મમાં સ્થિર રહેવું, ૫. **ભક્તિ**– જિનપ્રવચનની– સંઘની વિનય– બહુમાનપૂર્વક ભક્તિ કરવી; આ પાંચે કાર્યો અલંકારની જેમ સમકિતને શોભાવનાર હોવાથી તેને **ભૂષણ કહ્યાં છે.**

૮. **પાંચ લક્ષણો**– શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય, તેનું સ્વરૂપ પૂર્વે જણાવ્યું છે.

૯. **છ જયણા**– પૂર્વે સમકિતની પ્રતિજ્ઞામાં કહ્યું તેમ અન્યધર્મીઓના ગુરુઓ પરિવ્રાજક, તાપસ, સંન્યાસી કે દિગમ્બર જૈન સાધુઓને પણ તથા તેઓના વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, આદિ દેવોને અને તેઓએ પોતાના દેવ તરીકે સ્વીકારેલાં શ્રી જિનબિંબોને પણ ૧. વન્દન, ૨. નમન, ૩. આલાપ, ૪. સંલાપ, ૫. દાન અને ૬. અનુપ્રદાન નહિ કરવું, એ સમ્યક્ત્વની રક્ષામાં-નિર્મળતામાં હેતુ હોવાથી સમ્યક્ત્વની છ જયણા જાણવી. (તેમાં અનુકંપા બુદ્ધિથી દાન દેવાનો નિષેધ નથી. ઔચિત્યદાન અનુકંપાદાન સમકિતના આચારો છે.)

૧૦. **છ આગારો**– ૧. રાજા, ૨. સ્વજનાદિ કે અન્ય લોકસમુહરૂપી ગણ, ૩. ચોર-લુંટારાદિ બલીષ્ઠોનું બળ, ૪. કુલદેવી કે અન્યદુષ્ટદેવ-દેવીઓ, ૫. માતા-પિતાદિ ગુરુવર્ગ એ પાંચના આગ્રહથી અને ૬. આજીવિકાની વિષમતા કે અટવી આદિ સંકટ પ્રસંગે તથાવિધ સત્ત્વના અભાવે સમકિત વિરૂદ્ધ આ અપવાદો સેવવા પડે તેને છ આગારો કહ્યા છે. જે સત્ત્વશાળી પ્રાણાન્તે પણ ધર્મથી ચલિત ન થાય, તેને આ આગારો સેવવા યોગ્ય નથી. (શાસ્ત્રમાં માતા, પિતા, વિદ્યાગુરુ, એ ત્રણેની જ્ઞાતિઓ એટલે તેઓના સ્વજન-સંબંધીઓ, સમાજના વૃદ્ધ પુરુષો અને ધર્મોપદેશક ગુરુઓ, એ દરેકને ગુરુ કહ્યા છે, માટે તેઓનું વચન અનુલ્લંઘનીય છે.)

૧૧. **છ ભાવના**– છ પ્રકારે સમ્યક્ત્વના મહિમાને વિચારવો તે છ ભાવનાઓ. તેમાં ૧. **મુળ**– વૃક્ષને મૂળની જેમ ધર્મરૂપી વૃક્ષનું મૂળ સમકિત છે, સમકિતના બળે જ ધર્મવૃક્ષ મોક્ષ ફળને આપે, ૨. **દ્વાર**– નગરના દ્વારની જેમ ધર્મ રૂપી નગરમાં પ્રવેશ માટે સમકિત દ્વાર છે, તેના દ્વારા ધર્મમાં પ્રવેશ થાય અને ધર્મનાં તત્ત્વોને જાણી શકાય. ૩. **પીઠિકા**– મહેલને પાયાની જેમ ધર્મરૂપી મહેલનો પાયો સમકિત છે તેના આધારે જ ધર્મરૂપી મહેલ નિશ્ચલ રહી શકે. ૪. **આધાર**– વિશ્વનો આધાર પૃથ્વી, તેમ ધર્મશાસનનો આધાર સમકિત છે, એના આધારે શ્રીસંઘનું તંત્ર વ્યવસ્થિત ચાલે. ૫. **ભાજન**– દૂધ-ઘી વગેરે રસોનું આસ્વાદન ભાજનદ્વારા થાય તેમ જ્ઞાન-ક્રિયાનો રસ સમકિતરૂપી ભાજનદ્વારા અનુભવી શકાય, સમકિત વિના જ્ઞાન-ક્રિયાનો રસ ચાખી શકાય નહિ. ભાજન વિના રસ રહી શકે નહિ તેમ સમકિત વિના જ્ઞાન-ક્રિયારૂપ ધર્મ ટકી શકે પણ નહિ. ૬. **નિધિ**– મણી, મોતી, સુવર્ણ, વગેરેની રક્ષા તિજોરી કે ભંડારથી થાય, તેમ ક્ષમાદિ ધર્મો અને જ્ઞાનાદિ રત્નો સમકિતથી સુરક્ષિત રહી શકે, અન્યથા મિથ્યાત્વ, અજ્ઞાન, વિગેરે લુંટારા ધર્મધનને લૂંટી જાય. એમ છ પ્રકારે સમ્યક્ત્વના મહિમાને હૃદયમાં સ્થિર કરવો તે છ ભાવના જાણવી.

૧૨. **છ સ્થાનો**– આત્મા છે, નિત્ય છે, કર્તા છે, ભોક્તા છે, તેનો મોક્ષ છે અને

મોક્ષના ઉપાયો પણ છે. એ ૭ વિષયમાં કથંચિત્ (સ્યાદ્વાદથી) અસ્તિત્વ માનવું તે સમકિતનાં ૭ સ્થાનો છે. તેમાં

૧. **આત્મા છે.**– નાસ્તિકો માને છે કે પરપોટો પાણીમાં પ્રગટ થઈ પાણીમાં મળી જાય, તેમ પાંચ ભૂતમાંથી આત્મા પ્રગટ થઈ પાંચ ભૂતમાં જ મળી જાય છે, માટે આત્મા પાંચ ભૂતથી ભિન્ન પદાર્થ નથી. એ તેઓની માન્યતા મિથ્યા છે, કારણકે પ્રત્યેક મનુષ્યને સ્મૃતિ, ઇચ્છા, વગેરે અનુભવ સિદ્ધ આ ગુણો જ્ઞાનસ્વરૂપ છે, અર્થાત્ જ્ઞાનગુણ છે, તે ગુણી વિના ઘટે નહિ, માટે તેનો આધાર ગુણી તે જ આત્મા. બીજી વાત, આત્મા ચૈતન્ય (જ્ઞાન) સ્વરૂપ છે. તે ભૂતમાંથી પ્રગટે છે એમ ત્યારે કહેવાય કે જડ પાંચ ભૂતોમાં ચૈતન્ય હોય, પાંચે ભૂતોમાં ચૈતન્યનો અંશ પણ નથી, તો તેમાંથી ચૈતન્ય સ્વરૂપ આત્મા કેવી રીતે પ્રગટે? જે જેમાં હોય તે તેમાંથી પ્રગટે, ચૈતન્ય પાંચ ભૂતોનો ધર્મ છે જ નહિ. તો તે એક કે પાંચે ભૂતોમાંથી પણ કેવી રીતે પ્રગટે? વળી મૃતકરૂપે પાંચ ભૂતનું બનેલું શરીર તો તેવી જ સ્થિતિમાં રહી જાય છે અને ચૈતન્ય ચાલ્યું જાય છે. એ અનુભવ સિદ્ધ છતાં શરીરને જ આત્મા માનવો, તે કોઇ રીતે સંગત નથી. પાંચ ભૂતમય શરીરમાં રહેનાર અરૂપી અને ચેતનામય આત્મા શરીરથી ભિન્ન છે જ. જો આત્મા નામનો પદાર્થ જ ન હોય તો ધર્મ–અધર્મ, પુણ્ય–પાપ, સઘળું નિષ્ફળ બને અને એ તો કોઇ રીતે મનાય તેમ નથી. માટે ખીરનીરની પેઠે પુદ્ગલ મિશ્રિત છતાં તેનાથી ભિન્ન આત્માપદાર્થ છે, એમ માનવું તે પહેલું સ્થાન.

૨. **આત્મા નિત્ય છે.**– દેવ, મનુષ્ય, વગેરે આત્માના ભિન્ન ભિન્ન પર્યાયો છે, પર્યાયો નાશવંત છે, પણ પર્યાયોનો આધાર આત્મા નાશવંત નથી, ભિન્ન ભિન્ન જન્મોને અને અવસ્થાઓને ધારણ કરનાર આત્મા તો નિત્ય જ છે. બાળકને જે જન્મતાં જ સ્તનપાનની વાસના જાગે છે તે આ ભવની તો નથી જ, પૂર્વ જન્મોની છે, તે ત્યારે જ ઘટે કે આત્મા પૂર્વભવથી આવેલો હોય! મરણ એ આત્માનો નાશ નથી, પણ શરીરના સંયોગનો વિયોગ છે. એક શરીરને છોડી અન્ય શરીરને ધારણ કરે છે જેમ બાળ, યૌવન, વૃદ્ધત્વ, વગેરે ક્રમિક અવસ્થાઓને ભોગવનારો આત્મા તે દરેક અવસ્થામાં તે જ છે, તેમ ક્રમશઃ નવા નવા ભવોને ધારણ કરનારો પણ આત્મા નિત્ય છે. આ મતથી "બૌદ્ધો આત્માને એકાન્ત ક્ષણિક નાશવંત માને છે તે મિથ્યા છે" તેમ માનવું તે બીજું સ્થાન.

૩. **આત્મા કર્તા છે.**– નિશ્ચયથી તો આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો કર્તા છે, પણ કર્મને વશ રાગ–દ્વેષ કરે છે. એ વાત સર્વને અનુભવ સિદ્ધ છે. જીવને કર્મનો બંધ થાય છે, માટે વ્યવહારથી તે કર્મનો પણ કર્તા છે. જો આત્મા કર્તા ન હોય તો આત્મા સિવાય વિશ્વમાં અન્ય પદાર્થો સઘળા જડ છે, જડ તો કંઈ કરી શકે જ નહિ અને વિશ્વમાં વિવિધ ક્રિયાઓ તો સર્વત્ર પ્રત્યક્ષ દેખાય છે. તેથી ચેતનદ્રવ્ય આત્મા વ્યવહાર નયથી શુભાશુભ પ્રવૃત્તિનો કર્તા છે, એ સિદ્ધ છે. **પ્રશ્ન**– આત્મા સદાય સુખનો અભિલાષી છે, તો દુઃખદાયી

કર્મનો બંધ કેમ કરે? **ઉત્તર**– આરોગ્યનો અર્થી છતાં મનુષ્ય ઇન્દ્રિયોને વશ થઈ કુપથ્ય સેવે છે, તેથી રોગી બને છે, તેમ મિથ્યાત્વ, અવિરતિ અને કષાયોને વશ પડેલો આત્મા પણ યોગો દ્વારા કુપથ્યરૂપે કર્મોનો બંધ કરે છે અને તેને ભોગવતાં દુઃખી થાય છે. જો આત્મા કંઈ કરે જ નહિ તો તેને સુખ–દુઃખ જન્મ –મરણ વિગેરે થાય જ નહિ, કારણ વિના કાર્ય બને નહિ, માટે તે કર્મોને બાંધે છે તેથી સંસારમાં સુખ–દુઃખાદિ ભોગવવાં પડે છે. અર્થાત્ આત્મા કર્તા છે. સાંખ્યો જે આત્માને અકર્તા માને છે, તે મત આ રીતે મિથ્યા છે. એ ત્રીજું સ્થાન.

૪. આત્મા ભોક્તા છે.– કરેલાં કર્મોનાં ફળને આત્મા ભોગવે છે, એ સર્વત્ર અનુભવસિદ્ધ છે. અન્યથા સુખ–દુઃખાદિ અનુભવો થાય જ નહિ. વળી જો કર્મોનું શુભાશુભ ફળ ભોગવવાનું જ ન હોય તો ધર્મ–અધર્મ, પુણ્ય–પાપ, વગેરે વિવેક મિથ્યા ઠરે. કોઈ ગમે તેટલો ધર્મ કે અધર્મ કરે પણ તેનું ફળ ભોગવવાનું ન હોય તો ધર્મને ઉપાદેય અને અધર્મને હેય માનવો, તે પણ મિથ્યા ઠરે. ધર્મ–અધર્મ કે પુણ્ય–પાપ વગેરેમાં હેય–ઉપાદેય વગેરે વિભાગ છે તે સુખ–દુઃખ જનક હોવાથી છે. જો કોઈ કર્મનું ફળ ભોગવવાનું જ ન હોય તો હેય–ઉપાદેયનો વિભાગ જ શા માટે હોય? માટે આત્મા પોતાનાં કરેલાં શુભાશુભ કર્મોનું ફળ ભોગવે છે, એ સ્પષ્ટ છે. આથી "જીવ અભોગી જ છે, એ માન્યતા મિથ્યા છે" એમ માનવું તે ચોથું સ્થાન.

૫. આત્માનો મોક્ષ છે– આત્મા શુદ્ધ ચેતન દ્રવ્ય છે, છતાં તેને અનાદિ કાળથી સહજમળના કારણે રાગ–દ્વેષ થાય છે, તેનાથી કર્મોનો સંયોગ થાય છે, તેના પ્રભાવે જન્મ, મરણ, શરીર, સંબંધીઓ, વગેરે વિવિધ સંયોગો થયા કરે છે. સંયોગનો વિયોગ થાય જ, માટે સંયોગોનો આત્યન્તિક વિયોગ અને તે વિયોગથી આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રગટ થવું, એ જ મોક્ષ છે. જો મોક્ષ જ ન હોય, સદાય બંધનમાં રહેવાનું જ હોય, તો ધર્મ નિરર્થક બને અને દેવ–ગુરુ શાસ્ત્રો પણ મિથ્યા ઠરે. માટે રોગીને રોગમુક્તિદ્વારા આરોગ્ય પ્રગટે, તેમ કર્મ–બદ્ધ આત્માને કર્મની મુક્તિદ્વારા જે સચ્ચિદાનંદમય શુદ્ધ સ્વરૂપ પ્રગટે, તે જ મોક્ષ છે. તેથી જે બુદ્ધના અનુયાયીયો એમ માને છે કે "દીપક બૂઝાયા પછી કંઈ રહે નહિ, તેમ આત્માનો મોક્ષ થતાં કાંઇ રહે નહિ." તે મિથ્યા છે, જેમ રોગનો નાશ થતાં આરોગ્ય પ્રગટે છે તેમ કર્મનો નાશ થતાં આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટે છે, જો નિર્વાણ પછી કંઈ રહે જ નહિ, તો તેવા નિર્વાણથી શું હિત થાય? માટે નિર્વાણ એ આત્માના નાશરૂપ નથી પણ તેનું સંપૂર્ણ શુદ્ધિકરણ છે, તેથી ઉપાદેય છે અને તે થઈ શકે છે એમ માનવું તે સમકિતનું પાંચમું સ્થાન છે.

૬. મોક્ષના ઉપાયો છે– મિથાત્વ, અવિરતિ, કષાયો અને યોગો કર્મબંધદ્વારા જીવને સંસારમાં ભટકાવે છે, તેમ તેના પ્રતિપક્ષી ગુણો સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર એ કર્મનિર્જરા દ્વારા સંસારથી મુક્ત પણ કરે છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનો સતત દઢ અભ્યાસ કરતાં

પરિણામે સર્વ કર્મનો નાશ અને મોક્ષ થાય છે. આ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે મળીને કાર્યની સિદ્ધિ કરે છે. અંધ-અજ્ઞ અને પંગુ જેમ અસહાય એકાકી સ્વસ્થાને પહોંચી શકે નહિ તેમ કેવળ સમ્યગ્દર્શનથી, જ્ઞાનથી, કે ચારિત્રથી મુક્તિ થાય નહિ, માટે કહ્યું છે કે "**ज्ञानक्रियाभ्यां मोक्षः**" તેમાં જ્ઞાન સમ્યગ્દર્શન સહિત જ હોય અને ક્રિયા એ ચારિત્ર છે. એ રીતે પણ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રથી મોક્ષ થાય છે. માટે તે મોક્ષના ઉપાયો છે. મોક્ષ જો આત્માનું શુદ્ધ સ્વરૂપ છે તો તેની પ્રાપ્તિના ઉપાયો પણ છે જ. અન્યથા મોક્ષનું નિરૂપણ મિથ્યા ઠરે. એમ માનવું તે છઠ્ઠું સ્થાન.

આ છ સ્થાનો સમકિતના પ્રાણભૂત છે, માટે જે છ સ્થાનોને યથાર્થ માને, તે જ સમકિતી ગણાય. અન્ય ધર્મીઓ આ છ સ્થાનમાં વિસંવાદી હોવાથી સમકિતી નથી. અહીં કહેલા ૬૭ ભેદોમાં કેટલાક જ્ઞાનરૂપ કેટલાક દર્શનરૂપ અને કેટલાક ચારિત્રરૂપ હોવાથી સમકિતદ્વારા અવશ્ય મુક્તિ થાય એમ કહ્યું છે. જેઓ તત્ત્વશ્રદ્ધા વિના જ આજીવિકાદિ માટે શ્રાવકના આચારોને પાળે તેઓમાં દ્રવ્યશ્રાવકપણું કહ્યું છે. આવશ્યકવૃત્તિમાં કહ્યું છે કે સમકિતને પામેલો જે સાધુઓના મુખે નિત્ય ધર્મદેશનાને સાંભળે, તેને ભાવશ્રાવક કહેવાય. અહીં ભાવશ્રાવકનો અધિકાર છે. તેના શાસ્ત્રોમાં વિવિધ ભાંગા (પ્રકારો) કહ્યા છે. તે પૈકી, ૧. **દર્શનશ્રાવક** તે અવિરતિ સમકિતદ્રષ્ટિ, ૨. **મુળગુણશ્રાવક** તે પાંચ અણુવ્રતો પૈકી કોઈ પણ વ્રતવાળો અને ૩. **ઉત્તરગુણશ્રાવક** તે ગુણવ્રતો, શિક્ષાવ્રતો, કે તે પૈકી કોઈ પણ વ્રતવાળો એમ ત્રણ ભેદો કહ્યા છે. ઠાણાંગ સૂત્રમાં બીજી રીતે પણ ભેદો નીચે પ્રમાણે કહ્યા છે.

૧. **માતા-પિતા તુલ્ય,** સાધુઓ પ્રત્યે વાત્સલ્યવાળો, તેમનાં કાર્યોની ચિંતા કરનારો અને દોષ દેખે તો પણ પૂજ્યભાવ છોડે નહિ, ૨. **ભાઈસમાન,** હૃદયથી બહુમાનવાળો, વિનયાદિ સામાન્ય રીતે કરનારો છતાં સંકટમાં પૂર્ણ સહાય કરે, ૩. **મિત્રસમાન** પોતાને સાધુઓનાં સ્વજનાદિ કરતાં પણ અધિક હિતકરનાર માને, તેથી કોઈ પ્રસંગે પોતાનું ઔચિત્ય ન સચવાય તો અપમાન માની રીસાઈ પણ જાય, અને ૪. **શોકય (શત્રુ) સમાન.** અભિમાની, છિદ્ર જોનારો, નિંદક, સાધુને તૃણતુલ્ય માને, એમ આ ચાર ભેદો ગુરુ પ્રત્યે પૂજ્યભાવની તરતમતારૂપ છે.

બીજી રીતે ગુરુની આજ્ઞા (વચન) પ્રત્યે સદ્ભાવની તરતમતારૂપે પણ શ્રાવકના ચાર ભેદો આ પ્રમાણે કહ્યા છે. તેમાં, ૧. **આદર્શ (આરિસા) સમાન,**- ગુરુએ કહેલા સૂત્ર-અર્થ આરિસામાં પ્રતિબિંબની જેમ જેના હૃદયમાં સંપૂર્ણ પરિણમી જાય ૨. **ધ્વજસમાન,** ગુરુ ઉપદેશને સમ્યગ્ વિચાર્યા વિના બીજાનો ભમાવ્યો ભમી જાય તેવો અસ્થિર ૩. **સ્થાણુ (થાંભા) સમાન,** ગીતાર્થથી પણ સમજે નહિ અને પોતે માનેલા અસત્યને છોડે નહિ, એવો દુરાગ્રહી અને ૪. **ખરંટ અથવા ખરકંટક સમાન,** તે હિતકારી

ઉપદેશક ગુરુને પણ પોતાના દોષોથી ખરડે, અથવા "ઉત્સૂત્ર પ્રરૂપક, નિન્હવ, મૂઢ, શિથિલાચારી," વગેરે હૃદયભેદી કાંટાતુલ્ય વચનો કહી ગુરુને રંજાડે તે, જાણવો.

આ આઠ પ્રકારોમાં શૌકચ સમાન અને ખરંટ સમાન એ બે ભેદવાળો નિશ્ચયનયના મતે મિથ્યાદૃષ્ટિ અને જિન મંદિર-મૂર્તિ આદિની પૂજા, સામાયિક વગેરે કરણી કરનાર હોવાથી વ્યવહારનયના મતે તેને શ્રાવક જાણવો.

હવે અહીં ભાવશ્રાવકનું વર્ણન હોવાથી તેનાં લક્ષણો ધર્મરત્નપ્રકરણના આધારે આ પ્રમાણે છે. ૧. કૃતવ્રતકર્મા, ૨. શીલવંત, ૩. ગુણવંત, ૪. ઋજુવ્યવહારી, ૫. ગુરુસેવાકારી અને ૬. પ્રવચનકુશળ,

તેમાં **૧. કૃતવ્રતકર્મા** એનાં ચાર લક્ષણો છે **૧. ધર્મકારણમાં ઉદ્યમી** - જે સમ્યકત્વ, વ્રતો, વગેરે શ્રાવકના (અને સાધુના) ગુણોને વિનય-બહુમાન પૂર્વક નિત્ય ગીતાર્થ ગુરુ મુખે સાંભળે, ૨. **જાણકાર** - સમ્યકત્વ-વ્રતો વગેરેના સ્વરૂપને, ભેદોને, અતિચારોને યથાર્થ સમજે-જાણે, ૩. **વ્રતધારી** - સમજેલાં તે તે વ્રતાદિને દેવ-ગુરુ-સંઘ સાક્ષીએ વિધિપૂર્વક યથાશક્તિ સ્વીકારે, અને ૪. **પાલક** - સ્વીકારેલાં તે વ્રતાદિને રોગાદિ પ્રસંગે કે દેવાદિના ઉપસર્ગોમાં પણ ચલિત ન થતાં સંપૂર્ણ પાલે.

૨. શીલવંત - એનાં આ છ લક્ષણો છે, ૧. **આયતનસેવી** - જ્યાં ઘણા બહુશ્રુત સદાચારી સમિતિ આદિ ચારિત્રાચારના પાલક સાધર્મિકો ધર્મને આરાધતા હોય તે સ્થાન આયતન કહેવાય. શીલવંત તેવા સ્થાનમાં ઘણો વખત રહે, ધર્મની હાનિ થાય તેવા સ્થાનમાં ન રહે. ૨. **અકારણે પરઘેર ન જવું** - મહત્વના કારણ વિના જ્યાં ત્યાં જવાથી સુદર્શન શેઠની જેમ કલંક લાગે, માટે સદાચારી આત્મા વિના કારણ બીજાના ઘેર જાય નહિ. ૩. **ઉદ્ભટવેશનો ત્યાગી** - દેશાચાર-કુલાચારને છાજે તેવો સાદો પોષાક પહેરે. ઉદ્ભટ-અસભ્ય વેશ તજે, ૪. **અસભ્યવચન ત્યાગી** - અસભ્ય વિકારી શબ્દો ન બોલે, કારણ પૂરતું મધુર હિતકર પરિમિત બોલે. ૫. **બાલક્રિડાવર્જક** - જુગારાદિવ્યસનો, કે અજ્ઞ મનુષ્યના જેવી અનર્થદંડરૂપ પ્રવૃત્તિઓને તજે. ૬. **મધુર વચનથી કામ લેનારો** - ધર્મીને કઠોર ભાષા કલંકરૂપ હોવાથી મધુર શબ્દોથી અન્યની પાસે કામ કરાવનારો. આ છ લક્ષણો શીલવંતના જાણવા.

૩. ગુણવંત - તેનાં આ પાંચ લક્ષણો છે. ૧. **સ્વાધ્યાયમાં ઉદ્યમી** - વૈરાગ્યજનક વાચના, પૃચ્છના, વગેરે પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં રક્ત-અપ્રમાદી. ૨. **ક્રિયામાં ઉદ્યમી** - તપ, જપ, નિયમ, વંદન, વગેરે શ્રાવકધર્મની વિવિધ કરણીમાં આદરપૂર્વક ઉદ્યમી. ૩. **વિનયમાં ઉદ્યમી** - ગુર્વાદિ આવે ત્યારે ઉભા થવું, સામે જવું, આસન આપવું, સેવા કરવી, વગેરે વિવિધ વિનય કરનારો. ૪. **સર્વત્ર અનભિનિવેશી** - સર્વ કાર્યોમાં અનાગ્રહી, વડીલની શિખામણને માનનારો, વાળ્યો વળે તેવો, સત્યનો ગ્રાહક. ૫. **જિનવચનની રુચિવાળો** -

જિનવાણીનો રાગી, ધર્મશ્રવણ વિના ગુણો પ્રગટે નહિ, રહે નહિ અને વધે નહિ, એમ સમજી નિત્ય ધર્મ સાંભળનારો શ્રાવકના ગુણો તો ઘણા જ છે, છતાં જ્ઞાનીઓએ આ પાંચ મુખ્ય ગુણવાળાને ગુણવંત કહ્યો છે.

૪. **ઋજુ વ્યવહારી**– નિષ્કપટી. તેનાં આ ચાર લક્ષણો છે, ૧. **યથાર્થભાષી**– કપટપૂર્વક ખોટું, ખોટું ખરું કે વિસંવાદી વચન ન બોલતાં સરળ અને સત્યવક્તા. ૨. **અવંચક ક્રિયાકારક**– બીજાને ઠગવા, સારા દેખાવા, કે મન–વચન–કાયાની વિસંવાદી પ્રવૃત્તિ નહિ કરનારો. ૩. **અપાયકથક**– હે ભાગ્યશાળી ! ચોરી, જુગાર વગેરે આભવ–પરભવમાં અહિતકારી પાપો છે, તે તજવા યોગ્ય છે, વગેરે સમજાવી જીવોને યથાશક્ય ભાવિદુઃખદાયી પાપોથી બચાવનારો. ૪. **નિષ્કપટ મિત્ર**– નિઃસ્વાર્થ શુદ્ધ મૈત્રીવાળો, નિઃસ્વાર્થપણે મિત્રોનું હિત કરનારો, આ ચાર લક્ષણો શુદ્ધવ્યવહારરૂપ છે.

૫. **ગુરુસેવાકારી** એનાં પણ ચાર લક્ષણો છે. ૧. **સ્વયંસેવાકારી**– ગુર્વાદિને કાર્યમાં વિઘ્ન ન થાય તેમ તેઓની ઇચ્છા પ્રમાણે અનુકુળ બનીને સેવા કરનારો, ૨. **સેવા કરાવનારો**– ગુર્વાદિના ગુણોની પ્રશંસાદ્વિદ્વારા અન્ય જીવોમાં સદ્ભાવ પ્રગટાવી તેઓ દ્વારા ગુર્વાદિની સેવા કરાવનારો. ૩. **ઔષધાદિ મેળવી આપનારો**– સ્વયં કે બીજાઓ દ્વારા ગુરુને જરૂરી ઔષધાદિ વસ્તુ મેળવી આપનારો. અને ૪. **ઇચ્છાનુવર્તી**– બહુમાનપૂર્વક ગુરુની ઇચ્છાને અનુસરનારો. જો કે સામાન્યતઃ માતા–પિતા વિદ્યાગુરુ વગેરે ગુરુ ગણાય છે, તો પણ અહીં ધર્મગુરુનો અધિકાર હોવાથી આ રીતે આચાર્યાદિ ધર્મગુરુઓની સેવા કરનારો જાણવો.

૬. **પ્રવચનકુશળ**– એનાં છ લક્ષણો છે, ૧. **સૂત્રકુશળ**– શ્રાવકને ભણવા યોગ્ય તે તે મૂળસૂત્રાદિને વિધિપૂર્વક ગુરુ પાસે ભણેલો, ૨. **અર્થકુશળ**– સંવેગી ગીતાર્થ ગુરુમુખે વ્યાખ્યાન સાંભળવાથી અર્થજ્ઞાનમાં નિપુણ બનેલો, ૩–૪. **ઉત્સર્ગ–અપવાદ કુશળ**– સામાન્ય વિધાન તે ઉત્સર્ગ અને કારણિક વિધાન તે અપવાદ, આ બન્ને માર્ગનું આચરણ કરવામાં કુશળ. જેમ કે સાધુને ઉત્સર્ગ માર્ગે નિર્દોષ આહારાદિનું દાન કરવું જોઇએ, તેથી તેવું આપે, પણ કોઈ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવની અપેક્ષાએ અપવાદથી સાધુને દોષિત પણ વાપરવાનું વિધાન છે, એમ જાણી માંદગીમાં, અટવીમાં કે આહારાદિની દુર્લભતામાં તેમના સંયમ અને શરીરની રક્ષા માટે દોષિત પણ આપે. એકાન્તે એમ ન વિચારે કે દોષિત કેમ દેવાય ? ૫. **ભાવકુશળ**– ધર્મ અનુષ્ઠાનોની વિધિનો જાણુ, સ્વયં વિધિમાં આદરવાળો, અન્ય વિધિના પાલક પ્રત્યે બહુમાનવાળો અને વિધિ ન પળાય તેમાં પણ વિધિના મનોરથવાળો, એમ વિધિનો પક્ષકાર. ૬. **વ્યવહારકુશલ**– શાસ્ત્ર અને શુદ્ધ પરંપરાથી ચાલતા ધર્મ–વ્યવહારોમાં કુશળ, દેશકાલ વગેરે વિવિધ અપેક્ષાને સમજનારો, લાભહાનિરૂપ ગુરુ–લાઘવતાને સમજનારો.

ભાવ શ્રાવકનાં આ છ લક્ષણો ક્રિયાને આશ્રયીને જાણવાં. ભાવ (પરિણામ) ની અપેક્ષાએ તો તેનાં સત્તર લક્ષણો આ પ્રમાણે છે. **૧. સ્ત્રી પ્રત્યે વિરાગી** – સામાન્ય રીતે સ્ત્રી જાતિને અનર્થકારી, ચંચળ અને દુર્ગતિનું કારણ માની તેમાં રાગને તજનારો, **૨. ઇન્દ્રિયોનો વિજેતા** – સ્વભાવે જ ચપળ ઘોડાની જેમ ઉન્માર્ગે ઘસડી જનારી માની ઇન્દ્રિઓને વશ ન થતાં તેને ધર્મ માર્ગમાં જોડનારો, ૩. **ધનમાં નિર્લોભિ** – ધન એ અર્થ છતાં અનર્થકારી, મેળવવા, સાચવવા વગેરેમાં વિવિધ ક્લેશકારી અને અસાર માની તેનો આદર પૂર્વક દાનાદિમાં શક્ય વ્યય કરનારો. ૪. **સંસાર પ્રત્યે વિરાગી** – સંસાર (વિષય-કષાયો) સ્વરૂપે, પરિણામે અને પરંપરાએ પણ દુઃખદાયી હોવાથી વિડંબનારૂપ માની તેનાથી છૂટવાની ભાવનાપૂર્વક ઉદાસીનતાથી વર્તનારો. ૫. **વિષયો પ્રત્યે વિરાગી** – વિષ તુલ્ય વિષયો ક્ષણમાત્ર સુખ આપી દીર્ઘકાળ દુઃખ દેનારા છે, એમ સમજી તજવાની ભાવનાપૂર્વક અનાસક્તભાવે સેવનારો, ૬. **પાપારંભો પ્રત્યે અનાદરવાળો** – આજીવિકા માટે કરવા પડે તો પણ આરંભોથી વિરક્ત, જરૂરીઆતને ઘટાડનારો, અનારંભી પ્રત્યે બહુમાનવાળો અને આરંભોને તજવાની ભાવનાવાળો, ૭. **ગૃહસ્થવાસ પ્રત્યે વિરાગી** – ચારિત્ર મોહનીયના ઉદયે ચારિત્ર ન લઈ શકવાથી ઘરમાં રહે, છતાં જેલની જેમ બંધન માનનારો, ૮. **સમકિતવંત** – તત્વની શ્રદ્ધાવાળો, ધર્મ પ્રભાવક, દેવગુરુની સેવા વગેરેથી સમકિતનું નિરતિચાર પાલન કરનારો, ૯. **નિરાશંસભાવે લોકાચારનો પાલક** – ગાડરીયા પ્રવાહે ચાલતા લોકને ગતાનુગતિક સમજે, છતાં શાસનની અપભ્રાજનાથી બચવા લોકસંજ્ઞાને તજી સૂક્ષ્મ બુદ્ધિથી લાભાલાભને વિચારી લોકને અનુસરનારો, ૧૦. **જિનાગમ પ્રત્યે કૃતજ્ઞ** – "આત્મ હિતને જણાવનારાં શાસ્ત્રો પરમ ઉપકારી છે" એમ માની કૃતજ્ઞભાવે યથાશક્ય શાસ્ત્રાજ્ઞાને અનુસરનારો, ૧૧. **દાનાદિ ધર્મનો આરાધક** – આય-વ્યયને, શરીરબળને અને શક્તિને વિચારી ઉત્તરોત્તર અધિક કરી શકાય તે રીતે દાન, શીલ, તપ અને ભાવધર્મને કરનારો, ૧૨. **ક્રિયારુચિ** – ચિંતામણિતુલ્ય, દુર્લભ, અમૂલ્ય અને હિતકર, એવી ધર્મક્રિયાને પ્રમાદ તજી નિરતિચારપણે કરે, મુગ્ધલોક હાંસી કે આક્રોશ વગેરે કરે તો પણ તેની ઉપેક્ષા કરીને ધર્મક્રિયાને સેવનારો, ૧૩. **રાગદ્વેષનો ત્યાગી** – જીવનનાં સાધન સમજી અનુકૂળ પણ ધન, સ્વજન, ઘર, આહાર-વસ્ત્રાદિને રાગ-દ્વેષ વિના ઉદાસભાવે સેવનારો-સંભાળનારો. ૧૪. **દુરાગ્રહ રહિત** – ધર્મનો સાર ઉપશમ છે, માટે સર્વ પ્રસંગે અસદ્ આગ્રહથી દૂર રહે, મધ્યસ્થભાવે સત્યાસત્યને વિચારી સત્યનો સ્વીકાર કરે, પોતાનું માનેલું જ સાચું, એમ ન માને, ૧૫. **સ્વજનાદિને પરાયા માને** – સંયોગો સઘળા અનિત્ય છે, એમ સમજી બાહ્યવૃત્તિથી ધન-સ્વજનાદિને સંભાળે, છતાં મમત્વ ન કરે. ૧૬. **પરાર્થે કામભોગ ભોગી** – સંસારસુખમાં વિરાગી, વિષયોને વિષ સમજે, માત્ર સ્વજનાદિની દાક્ષિણ્યતાથી કામ-ભોગને અનાસક્તભાવે ભોગવે. મૈથુન પણ પત્નીને ઉન્માર્ગથી બચાવવા નિરસભાવે સેવે. ૧૭. **ગૃહવાસનું**

પાલન મિથ્યા મજુરી માની કરે– મજુરની જેમ વેઠ માનતો, આજ છોડું, કાલ છોડું, એવા ભાવથી વેશ્યાની જેમ ઘરકાર્યોને છોડવા માટે અનિચ્છાયે સંભાળે.

એ રીતે અહીં સુધી સમકિતનું સ્વરૂપ તથા ભાવશ્રાવકનું સમકિત અને ચારિત્ર (આચરણ) કેવું હોય? તે જણાવ્યું. હવે એ ગુણોની રક્ષા અને સર્વવિરતિના અભ્યાસ માટે તે કેવી રીતે ધર્મ કરે તે કહે છે.

સમકિતવંત શ્રાવકે દેશવિરતિ પ્રાપ્ત થયા પહેલાં અને પછી પણ અભ્યાસરૂપે નિત્ય નિયમ સ્વીકારવાપૂર્વક તેનો અભ્યાસ કરવો જોઇએ. શ્રાદ્ધવિધિમાં કહ્યું છે કે સર્વ પ્રથમ મિથ્યાત્વની ક્રિયા તજવી પછી પ્રતિદિન શક્તિ પ્રમાણે એક, બે કે ત્રણવાર જિનપૂજા–દર્શન વગેરે, સમ્પૂર્ણ અથવા મધ્યમ દેવવંદન, ગુરુયોગે ત્રણ, બે કે ઓછામાં ઓછું એકવાર નાનું કે બૃહત્ ગુરુવંદન અને ગુરુના અભાવે નામસ્મરણપૂર્વક ભાવવંદન કરવું. બારે માસ ન બને તો ચોમાસામાં પણ પાંચ પર્વે સ્થિરતાપૂર્વક શ્રેષ્ઠ દ્રવ્યોથી અષ્ટપ્રકારી પૂજા કરવી, યાવજ્જીવ પ્રતિવર્ષે નવું અન્ન, પકવાન્ન, ઉત્તમ ફળો વગેરે પ્રભુજીને ભેટ કર્યા પહેલાં ન વાપરવાં. શક્તિ પ્રમાણે નિત્ય ફળ–નૈવેદ્ય પૂજા કરવી, નિત્ય ન બને તો ચોમાસી અને વાર્ષિક પર્વોમાં શક્તિ પ્રમાણે મોતી, કે અક્ષત વગેરેથી અષ્ટમંગળ આલેખવારૂપ પૂજા કરવી, નિત્ય ન બને તો પર્વતિથિએ, કે વર્ષમાં અમુક દિવસોમાં, ખાદિમ–સ્વાદિમરૂપે ઉત્તમ ફળો, મેવો વગેરે દેવ–ગુરુને દાન કરીને પછી વાપરવાં. દર મહિને અથવા દર વર્ષે મહાધ્વજ ચઢાવવા પૂર્વક સર્વ સાધર્મિકોને તેડી મોટો સ્નાત્રમહોત્સવ, મોટી પૂજા, રાત્રિજાગરણ વગેરે દેવ–ગુરુની ભક્તિ કરવી, શકયતા પ્રમાણે જિનમંદિર અને ઉપાશ્રયને વિશેષ પ્રકારે પ્રમાર્જવા, ભીંતો, દીવીઓ, હાંડી, તક્તા, ઝુમર, પાટલા, ભંડાર વગેરે ઉપકરણોને પણ સાફ કરવાં, સ્વયં ન બને તો બીજાની મારફત પણ તેની શુદ્ધિ કરાવવી, દરરોજ ન બને તો દરમહિને કે વર્ષે, જિનમંદિરમાં ધૂપ, દીપક માટે તાજું ઉત્તમ ઘી, કેસર, સુખડ, વગેરે પૂજાની સામગ્રી ભેટ આપવી. ઉપાશ્રયમાં મુહપત્તિ, નવકારવાળી, દંડાસન, ચરવળા, ઊન, કાપડ, વગેરે આપવું અને વર્ષાઋતુમાં પાટ–પાટલાદિ કરાવવું. શક્તિના અભાવે પણ સુતરની આંટી કે માત્ર મુહપત્તિથી પણ શ્રમણસંઘની પૂજા કરવી, શક્તિ ગોપવ્યા વિના સાધર્મિક વાત્સલ્ય કરવું, નિત્ય અમુક પ્રમાણ કાયોત્સર્ગ કરવો, ઓછામાં ઓછો ત્રણસો કે અધિક ગાથાનો સ્વાધ્યાય કરવો, ઓછામાં ઓછું પણ નિત્ય નવકારશીનું અને સાંજે ચઉવ્વિહારાદિનું પચ્ચકખાણ કરવું, શકયતા પ્રમાણે ઉભય ટાઇમ કે એકવાર પ્રતિક્રમણ કરવું, ન બને તો સામાયિક પણ કરવું એ પ્રમાણે શકય હોય તે નિયમ કરીને તેનું આદરપૂર્વક પાલન કરવું, વગેરે સમકિતનો અને વિરતિનો અભ્યાસ કરવો.

જેમ પહેલા ધોરણના અભ્યાસથી બીજામાં, બીજાના અભ્યાસથી ત્રીજામાં ચઢી શકાય છે, તેમ અહીં પણ નીચેના ગુણસ્થાને ઉપરના ગુણસ્થાનકની ક્રિયા કરવાથી ઉપરના ગુણસ્થાનકની

યોગ્યતા પ્રગટે છે, પ્રગટેલી હોય તો દૃઢ થાય છે. શ્રી પંચાશકમાં જણાવ્યું છે કે સમ્યકત્વ, વ્રતો, વગેરે ગ્રહણ કર્યા પછી તે સંબંધી પ્રયત્ન (ક્રિયા) કરવાથી ગ્રહણ કરતી વખતે જે પરિણામ ન હોય તે પણ પ્રગટે છે અને પ્રગટેલા દૃઢ થાય છે. કારણ કે સમકિત અને વિરતિને રોકનાર મોહનીય કર્મ સોપક્રમી છે અને વિધિપૂર્વક કરેલી ક્રિયામાં તે કર્મને તોડવાની શક્તિ છે. એમ ક્રિયાથી ન હોય તે પરિણામો પ્રગટે છે. અને તેથી ઉલટું ક્રિયા ન કરે તો પ્રગટેલા પણ પરિણામ અવરાઈ જાય છે.

અરૂપી પણ પરિણામની પરીક્ષા તેની બાહ્ય શુભાશુભ-પ્રવૃત્તિથી થાય છે, જેમ કે વ્રતાદિ ગુણોની, ઉપદેશકની, કે વ્રતધારીઓની અવજ્ઞાદિ કરે, સ્વીકારેલા વ્રત, નિયમ વિગેરેની રક્ષા-પાલન માટે પ્રયત્ન ન કરે, એ વગેરેથી સમજાય કે પરિણામ અવરાઇ ગયા છે, અને વ્રતોની, ઉપદેશકની, કે વ્રતધારીઓની પ્રશંસાદિ કરે, ક્રિયામાં ઉદ્યમ કરે, તો સમજાય કે પરિણામ વિદ્યમાન છે. પ્રારંભમાં પરિણામ વિના પણ ગુર્વાદિના ઉપદેશથી, લજ્જા કે દાક્ષિણ્યતાથી, અથવા કુલાચારરૂપે પણ ક્રિયા થાય તો, તેના પ્રભાવે પરિણામ પ્રગટે અને પરિણામથી પ્રવૃત્તિ વધે, એમ પ્રવૃત્તિ અને પરિણામ પરસ્પર એક બીજાના બળે વધતાં ઉપર ઉપરના ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય, માટે ભાવ વિના પણ દ્રવ્યથી વ્રતાદિ સ્વીકારી તેનું પાલન કરવું જોઇએ. ભાવ વિનાની પણ ભાવ માટે કરાતી દ્રવ્ય ક્રિયાને ઉપાદેય કહી છે, માટે યથાશકય સમકિત, વ્રતો, નિયમો, વગેરે ગુરૂમુખે વિધિપૂર્વક સ્વીકારવાં, તેનું નિત્ય સ્મરણ બહુમાન કરવું, અને તેના પ્રતિપક્ષી મિથ્યાત્વ, અવિરતિ, કષાયો, વગેરેની દુષ્ટતા વિચારવી.

તદુપરાંત પ્રભુભક્તિમાં, વિનયાદિમાં, ઉત્તમ ભાવ-સાધુઓની સેવા-ભક્તિમાં અને અધિકાધિક ગુણોને મેળવવાની શ્રદ્ધામાં અધિક અધિક ઉદ્યમ કરવો તથા સમકિત વગેરે ગુણો સ્વીકાર્યા પછી પણ તેના પાલન માટે સદા ઉદ્યમ કરવો, એ રીતે અવિરતિનો પરાજય કરીને વિરતિને પ્રગટ કરી શકાય છે. કહ્યું છે કે સઘળી ક્રિયાઓ, કળાઓ, ધ્યાન, મૌન, વગેરે અભ્યાસથી સિદ્ધ થાય છે. એટલું જ નહિ, પણ અભ્યાસથી તેના દૃઢ થયેલા સંસ્કારો આગામી ભવે પણ સાથે રહી તે તે ગુણો પ્રત્યે પ્રીતિ પ્રગટાવી ગુણોને પ્રાપ્ત કરાવે છે. કહ્યું છે કે- ગુણ કે દોષનો આ જન્મમાં જેવો અભ્યાસ કરે, તે અભ્યાસના પ્રભાવે તે તે ગુણ કે દોષ પરભવે પ્રાપ્ત થાય. માટે સત્ ક્રિયાના અભ્યાસમાં રક્ત રહેવું.

વળી શ્રી ઉપદેશરત્નાકરમાં કહ્યું છે કે (સમકિત અને વ્રત સિવાય) માત્ર વન્દન-પૂજન જપ-તપ વગેરે કોઇપણ નિયમ કરે તો જો તે સમકિત કે કોઈ એક-બે પણ વ્રતો સાથે પાળે તો જ તે દેશવિરતિ, સર્વવિરતિ, આદિ ગુણોને પ્રગટાવે, અન્યથા ઉલટા પાસત્થાપણું વગેરે દોષોને પ્રગટ કરે. અર્થાત્ આત્મ-વિકાસના લક્ષ્ય વિના કેવળ નવકાર ગણવા, પૂજા કરવી, ગુરુવંદન કરવું, વગેરે અભિગ્રહોવાળો પણ ભાવશ્રાવક નથી, શ્રાવકાભાસ છે. વાસ્તવમાં તેને સમકિત વગેરેનો અભાવ છે. એ રીતે ભાવશ્રાવકનાં વિશેષ કર્તવ્યો જણાવ્યાં.

હવે મૂળ બાવીશમી ગાથામાં કહેલું કે ધર્મનો સ્વીકાર વિધિપૂર્વક કરવો જોઇએ, એ સમજાવ્યું અને વીસમી ગાથામાં **ધર્મના સંગ્રહ માટે પ્રવૃત્તિ કરવી** એમ કહ્યું છે, માટે હવે ગુરૂમુખે ધર્મને ગ્રહણ કરવાનો વિધિ કહેવાય છે.

मूलम् "योग-वन्दन-निमित्त-दिगाऽऽकारविशुद्धयः ।
योग्योपचर्येति विधि - रणुव्रतमुखग्रहे ॥२३॥"

અર્થ– યોગશુદ્ધિ, વન્દનશુદ્ધિ, નિમિત્તશુદ્ધિ, દિશાશુદ્ધિ અને આગારશુદ્ધિ સાથે દેવ, ગુરુ, સાધર્મિક, દીન અનાથ, વગેરેની યથાયોગ્ય ભક્તિ વગેરે ઉપચર્યા કરવી, તે અણુવ્રતાદિને ગ્રહણ કરવાનો વિધિ જાણવો. તેમાં–

૧. યોગશુદ્ધિ– મન-વચન-કાયા ત્રણ યોગોની શુદ્ધિ એટલે મનને ક્રિયામાં એકાગ્ર કરવું, શુભભાવ ભાવવો, વચનથી ઉચ્ચારશુદ્ધ બોલવું, રાગ-દ્વેષજનક ભાષા ન બોલવી અને કાયાથી વન્દનાદિનો સઘળો વિધિ જયણાપૂર્વક કરવો.

૨. વન્દનશુદ્ધિ– વન્દનસૂત્રોના ઉચ્ચાર શુદ્ધ કરવા, શાન્તચિત્તે સૂત્રોનો અર્થ વિચારવો, કાયોત્સર્ગ સ્થિરતાથી કરવો, વગેરે.

૩. નિમિત્તશુદ્ધિ– વ્રતાદિ ગ્રહણ કરતી વેળા મંગળ વાજિંત્રના કે સંમતિ વાચક, આશીર્વાદરૂપ, શબ્દોનું શ્રવણ થાય, જળપાત્ર, છત્ર, ધ્વજ, વગેરે મંગળ વસ્તુનું દર્શન થાય, પવનથી સુગંધી પદાર્થની ગંધ આવે, વગેરે વિવિધ નિમિત્તો પૈકી એક અથવા અધિક નિમિત્તો (શકુન)નો યોગ થવો.

૪. દિશાશુદ્ધિ– પૂર્વ, ઉત્તર, કે જિનેશ્વરનો વિહાર, તીર્થ કે જિનમંદિર, વગેરે જે દિશામાં હોય તેની સન્મુખતા.

૫. આગારશુદ્ધિ– પૂર્વે જણાવ્યા તે રાજાભિયોગાદિ છ આગારોની છૂટ રાખવી.

આ પાંચ પ્રકારની શુદ્ધિ ઉપરાંત જિનભક્તિનો મહોત્સવ, ગુરુભક્તિ, સાધર્મિક ભક્તિ, મહાજન વગેરે મોટા પુરુષોની સેવા ઔચિત્ય, દીન અનાથ વગેરેનો શક્તિ પ્રમાણે ઉપચાર, અમારી પ્રવર્તન, વગેરે સર્વત્ર પ્રસન્નતા પ્રગટે તેવો યોગ મેળવવો. ઇત્યાદિ સ્વ-પર અનુમોદના અને પ્રશંસા પ્રગટે તે રીતે વ્રતાદિ ઉચ્ચરવાં દેવ-ગુરુ સંઘ સાક્ષીયે વ્રતાદિ ઉચ્ચરવાની ક્રિયાનો સર્વ સામાન્ય વિધિ સામાચારી ગ્રન્થોમાં જણાવ્યો છે કે–પ્રથમ ઉત્તમ સ્થાને, ઉત્તમ મુહૂર્તે યોગ્ય આત્માએ ગુરુમુખે મંગળ માટે દેવવન્દન કરવું. પછી શ્રી શાન્તિનાથ સ્વામી, દ્વાદશાંગી, શ્રુતદેવી, શાસનદેવી અને સંઘ-શાસનની સંભાળ-વૈયાવચ્ચ કરનારા સર્વ દેવદેવીઓ, એ દરેકની આરાધનાર્થે કાયોત્સર્ગ અને તેઓની સ્તુતિઓ કહેવી. પછી પ્રગટ નવકારપૂર્વક નમુત્થુણં, જાવંત, વગેરે સૂત્રો કહી સ્તવનના સ્થાને પંચ પરમેષ્ઠિસ્તવ કહી જયવીયરાય કહેવા. એ રીતે દેવવંદન કર્યા પછી ગુરુને બે વંદનસૂત્રથી દ્વાદશાવર્ત વંદન

કરવું. પછી નંદિસૂત્ર શ્રવણ કરી આરોપણાનો કાઉસ્સગ્ગ કરવો, પછી તે તે વ્રતાદિનું પચ્ચક્ખાણ અને છેલ્લે સાત ખમાસમણ આપી મંગળ માટે પચ્ચક્ખાણ કરવું. આ વિષયમાં વિશેષ વિસ્તાર અને દરેક વ્રતાદિનાં પચ્ચક્ખાણ, તેનો અર્થ, વગેરે ધર્મસંગ્રહના મોટા ભાષાન્તરથી જાણવો. અહીં ચોથા ગુણસ્થાનકનું વર્ણન પૂર્ણ થયું. હવે શ્રાવકનાં બાર વ્રતોનું સ્વરૂપ વગેરે કહીશું.

એ રીતિએ પરમ ગુરૂભટ્ટારક શ્રી વિજયાનન્દસૂરિશિષ્ય, પંડિત શ્રી શાન્તિવિજય ગણિ ચરણસેવી, મહોપાધ્યાય શ્રી માનવિજય ગણિ વિરચિત સ્વોપજ્ઞ ધર્મસંગ્રહની ટીકામાં સામાન્ય ગૃહસ્થધર્મના વર્ણનરૂપ પહેલા અધિકારનો 'તપગચ્છાધિપ, સંઘસ્થવિર, પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરિપટ્ટાલંકાર સ્વર્ગત શમદમાદિ ગુણભૂષિત પૂ૦ આચાર્ય શ્રી વિજયમેઘસૂરિ પટ્ટધર ગાંભિર્યાદિ ગુણોપેત પૂ૦ આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિ શિષ્યરત્ન શ્રી વિજયભદ્રંકરસૂરિકૃત' ગુજરાતી ભાષાન્તરનો સારોદ્ધાર સમાપ્ત થયો.



ગૃહસ્થ ધર્મનાં બાર વ્રતોનું સ્વરૂપ

મૂલમ્ – સ્થૂલહિંસાદિવિરતિં, વ્રતભઙ્ગેન કેનચિત્ ।
અણુવ્રતાનિ પઞ્ચાહુ–રહિંસાદીનિ શંભવઃ ॥૨૪॥

અર્થ – વ્રતના (વિવિધ ભાંગા પૈકી) કોઈ પણ ભાંગે સ્થૂલ હિંસા વગેરેથી અટકવું તેને શ્રી અરિહંતદેવે પાંચ અણુવ્રતો કહ્યાં છે. તેમાં પ્રમાદથી જીવોના તે તે દ્રવ્ય પ્રાણોનો વિયોગ કરવો તેને હિંસા કહી છે. આ હિંસાના સ્થૂલ અને સૂક્ષ્મ બે ભેદો છે, તે પૈકી પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવર જીવોની હિંસાને સૂક્ષ્મ માનીને અહીં તે સિવાયના હાલતા ચાલતા બેઇન્દ્રિય આદિ ત્રસ જીવોની હિંસાને સ્થૂલહિંસા કહી છે. એ જ પ્રમાણે આદિ શબ્દથી સ્થૂલમૃષાવાદ, ચોરનું કલંક લાગે તેવી સ્થૂલચોરી, પરદારાદિ સાથે મૈથુનરૂપ સ્થૂલ અબ્રહ્મ અને જરૂરથી અધિક વસ્તુઓનો સંગ્રહ તથા તેમાં મૂર્છા તેને સ્થૂલ પરિગ્રહ કહ્યો છે.

વિશ્વમાં આ પાંચ મહાપાપો છે, તેની સ્થૂલ વિરતિ અર્થાત્ મર્યાદિત ત્યાગ કરવો તેને શાસ્ત્રીય પરિભાષામાં સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂલ મૃષાવાદ વિરમણ, સ્થૂલ અદત્તાદાન વિરમણ, સ્થૂલ મૈથુન વિરમણ અને સ્થૂલ પરિગ્રહ વિરમણ, એ નામનાં ગૃહસ્થનાં પાંચ અણુવ્રતો કહ્યાં છે. સાધુની સર્વવિરતિની અપેક્ષાયે અથવા નીચેના ગુણસ્થાનકરૂપે નહાનાં હોવાથી અણુવ્રતો છે. અથવા સાધુધર્મના ઉપદેશ પછી (સાધુ ધર્મ માટે અશક્ત ગૃહસ્થને) આનો ઉપદેશ કરાતો હોવાથી 'પછી એટલે અનુ' અર્થમાં એને અનુવ્રતો પણ કહ્યાં છે. વ્રતો પાંચ છતાં ધર્મરૂપે તે એક જ હોવાથી અહીં પાંચેને એક વિરતિ ધર્મ કહ્યો છે, તેના પ્રરૂપક કોઈ સામાન્ય નથી, પણ શંભવ એટલે ખૂદ તીર્થંકરદેવ છે, માટે તે ઉપાદેય છે.

ગૃહસ્થનાં આ વ્રતો સાધુના વ્રતોની જેમ સંપૂર્ણ ત્રિવિધ ત્રિવિધ ભાંગે લઈ શકાતાં નથી, પણ દ્વિવિધ–ત્રિવિધાદિ વિવિધ ભાંગાઓથી લઈ શકાય છે. સામાન્યથી ગૃહસ્થોના વ્રતધારી અને વ્રતરહિત બે ભેદો થાય, તેમાં વ્રતધારીઓના ૧. દ્વિવિધ–ત્રિવિધ, ૨. દ્વિવિધ–દ્વિવિધ, ૩. દ્વિવિધ–એકવિધ, ૪. એકવિધ–ત્રિવિધ, ૫. એકવિધ–દ્વિવિધ અને ૬. એકવિધ–એકવિધ એમ છ ભેદ થાય, તેમાં ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એ સાતે વ્રતોને એક ગણતાં સાતમો ભેદ ઉત્તર ગુણધારીનો તથા તેમાં વ્રતરહિત ગૃહસ્થોનો એક મેળવતાં કુલ આઠ ભાંગા થાય.

આ દ્વિવિધ–ત્રિવિધ વગેરે ભાંગાનું સ્વરૂપ આ પ્રમાણે છે– કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રણ પ્રકારની ક્રિયા એટલે કરણ અને મન, વચન તથા કાયા એ ત્રણ હેતુ= સાધનોને યોગ કહ્યા છે. ત્રણે કરણ અને ત્રણે યોગથી કરતા પાપનો સંપૂર્ણ ત્યાગ તો સાધુ જ

કરી શકે, ગૃહસ્થો તો મન-વચન-કાયાથી પાપ કરવા-કરાવવાનો ત્યાગ કરી શકે. અનુમોદનાનો ત્યાગ ન કરી શકે, કારણ કે પૂર્વે (પૃ. ૫૭) માં જણાવ્યા પ્રમાણે અનિષેધ, પ્રશંસા અને સંવાસ, એમ અનુમોદના ત્રણ પ્રકારની છે, તેમાં ગૃહસ્થ પ્રથમ બેનો ત્યાગ કરે, પણ અવિરતિઓની સાથે રહેવારૂપ સંવાસ અનુમોદનાને તજી ન શકે. અગિઆરમી પડિમાવાળા કોઈ શ્રાવક સંવાસ અનુમોદના તજી શકે, પણ તે કોઇકને જ કોઈ વાર જ હોય, તેથી તેની વિવક્ષા કરી નથી. માટે ગૃહસ્થ ઉત્કૃષ્ટથી બે કરણે અને ત્રણ યોગોથી અર્થાત્ દ્વિવિધ-ત્રિવિધ ભાંગે જ પાપની વિરતિ કરી શકે.

એમ એક વ્રતની અપેક્ષાએ અસંયોગી ભાંગા આઠ થાય, તેમાં કોઈ બે વ્રતો ઉચ્ચરે તો દ્વિસંયોગી, ત્રણ ઉચ્ચરે તો ત્રિકસંયોગી, ચાર ઉચ્ચરે તો ચારસંયોગી અને પાંચ ઉચ્ચરે તો પાંચસંયોગી ભાંગા પણ થાય. તેમાં વળી ઉત્તરગુણોરૂપ સાતે વ્રતોને ભિન્ન ભિન્ન ગણતાં તો છ વ્રતના છ સંયોગી, સાત વ્રતોવાળાને સાતસંયોગી, યાવત્ બાર વ્રતો ઉચ્ચરે તેને બાર સંયોગી પણ ભાંગા થાય.

એમ ઉપર કહ્યા તે મૂળ ભાંગા તો છ જ થાય, પણ તેના ઉત્તર ભાંગા દ્વિવિધ-ત્રિવિધનો એક, દ્વિવિધ-દ્વિવિધના ત્રણ, દ્વિવિધ-એકવિધના પણ ત્રણ, એકવિધ-ત્રિવિધના બે, એકવિધ-દ્વિવિધના છ અને એકવિધ-એકવિધના પણ છ, એ ઉત્તર ભાંગા (૧ + ૩ + ૩ + ૨ + ૬ + ૬ = ૨૧) ભાંગા થાય. જેમકે દ્વિવિધ-ત્રિવિધ ભાંગો ઉત્કૃષ્ટ (સંપૂર્ણ) હોવાથી તેના ભેદ ન થાય, પણ દ્વિવિધ-દ્વિવિધમાં મનવચનથી, મન-કાયાથી એને વચન-કાયાથી એમ ત્રણ ભેદો પડે. તે રીતે દ્વિવિધ-એકવિધના પણ માત્ર એક મનથી, એક વચનથી, કે એક કાયાથી, એમ ત્રણ ભેદો પડે-અને એકવિ -ત્રિવિધમાં માત્ર કરવું કે માત્ર કરાવવું, એમ બે ભેદો થાય, એકવિધ-દ્વિવિધમાં તો કરવું નહિ મન-વચનથી, કરવું નહિ મન-કાયાથી અને કરવું નહિ વચન-કાયાથી, એમ ત્રણ સ્વયં નહિ કરવાના તથા એ જ રીતે ત્રણ નહિ કરાવવાના મળી કુલ છ ભેદો થાય. અને એકવિધ-એકવિધમાં પણ કરવું નહિ માત્ર એક મનથી, માત્ર વચનથી, કે માત્ર કાયાથી, એમ ત્રણ, તથા કરાવવું નહિ માત્ર મનથી, વચનથી, કે કાયાથી એ ત્રણ મળી છ ભેદો થાય.

વળી ઉપર જે એકવ્રતના મૂળ આઠ ભેદો કહ્યા, તે રીતે પાંચે વ્રતના ગણતાં ૩૨ ભેદો થાય, જેમકે-એકવ્રતના મૂળ છ ભેદ, તેને પાંચે ગુણતાં પાંચ વ્રતોના ત્રીસ અને તેમાં ઉત્તરગુણનો એક તથા વ્રતરહિતનો એક મળી બત્રીશ થાય.

એમ બારેય વ્રતોના અસંયોગી અને સંયોગી ભાંગાનું ગણિત કરતાં કુલ ૧૩૮૪૧૨૮૭૨૦૨ (તેરઅબજ ચોરાસી કોડ બાર લાખ સત્તાસી હજાર બસો બે) ભાંગા થાય છે. તેનું વિસ્તૃત વર્ણન, ગણિત તથા તે ગણિતની રીત વગેરે ધર્મસંગ્રહના વિસ્તૃત ભાષાંતરમાં દેવકુલિકાઓના ચિત્રો સહિત જણાવ્યું છે તે ત્યાંથી જોઈ લેવું.

હવે પહેલા વ્રતનું સ્વરૂપ કહે છે.

મૂલમ્ "निरागो द्वित्रिन्द्रियादीनां, संकल्पाच्चाऽनपेक्षया ।
हिंसाया विरतिर्या सा स्यादणुव्रतमादिमम् ॥२५॥'

અર્થાત્ **નિરપરાધી** બેઇન્દ્રિવાળા વગેરે **ત્રસ જીવોની નિષ્કારણ સંકલ્પપૂર્વક** હિંસાનો ત્યાગ તે પહેલું અણુવ્રત છે. તેમાં ૧. અપરાધી સર્વની, ૨. નિરપરાધી પણ સ્થાવર જીવોની, ૩. ગૃહસ્થના સાવદ્યકાર્યોરૂપ આરંભથી થતી ત્રસ જીવોની અને ૪. નિરંકુશ પશુઓની કે અસદાચારી અથવા પ્રમાદી પુત્રાદિ પરિવારની ઇરાદાપૂર્વક કરાતી તાડન તર્જન વગેરે, એમ ચાર પ્રકારે હિંસાનો ગૃહસ્થ પ્રતિજ્ઞારૂપે ત્યાગ ન કરી શકે, તો પણ તેણે આરંભાદિમાં શક્ય તેટલી અધિક જયણા તો કરવી જ જોઇએ. જેમ કે- છિદ્રોરહિત ઘટ્ટ જાડા કપડાથી પાણી ગળવું, ગાળતાં બચેલા પોરા વગેરે જીવોની યુક્તિથી રક્ષા કરવી, ઇંધણ, છાણાં, કોલસા, વગેરે બળતણ સૂકું, તે પણ ઘણું જુનું નહિ-તાજું, પોલાણ વિનાનું, બહાર-અંદર જીવોથી રહિત હોય તો પણ સારી રીતે જોયા પછી વાપરવું, દરેક અનાજ, પકવાન્નો, સુખડી, દરેક જાતિનાં શાક, સોપારી, એલચી, વગેરે મુખવાસો, પાન, ભાજી-પાલો, ફળો વગેરે દરેક વસ્તુ પરિમિત, તાજી અને જીવરહિત તપાસીને વાપરવી. કારણ કે જયણા તો માતા છે, તે અન્યજીવોની અને આત્માની પણ રક્ષા કરે છે, જયણાથી જીવમાં દયાના પરિણામ દૃઢ થાય છે, સમકિત નિર્મળ થાય છે અને ચારિત્રમાં બાધક કર્મોનો ક્ષયોપશમ થવાથી ચારિત્રના પરિણામ પ્રગટે છે. અજયણાથી નિર્દયતા વધે છે, સમકિત પણ મલિન થઈ નાશ પણ પામે છે અને ચારિત્રમાં બાધક એવા કર્મોનો બંધ થાય છે.

ઉપર કહેલાં ચાર વિશેષણોથી ગૃહસ્થને માત્ર સવાવસો જ દયા થાય છે, જ્યારે સાધુને મહાવ્રતોથી સંપૂર્ણ-વીશવસા દયા થાય છે. જેમ કે- ગૃહસ્થને સ્થાવર ત્રસ પૈકી માત્ર ત્રસની જ હિંસાનો ત્યાગ થવાથી અડધી જતાં દશવસા થાય, તેમાંથી પણ સાપરાધી ત્રસની હિંસાની છૂટ રાખવાથી અડધી જતાં પાંચવસા થાય, તેમાંથી પણ કારણે (સાપેક્ષ) હિંસાની છૂટ રહેવાથી અઢીવસા અને તેમાંથી પણ આરંભજન્ય હિંસાનો ત્યાગ ન કરવાથી અડધી જતાં માત્ર સવાવસો દયા રહે. તથાપિ હિંસાના સંપૂર્ણ ત્યાગની ભાવનાવાળો હોવાથી શ્રાવક સ્થાવરની પણ નિરર્થક હિંસાને તજે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે- અહિંસાધર્મનો જ્ઞાતા મોક્ષને ઇચ્છતો શ્રાવક સ્થાવરની હિંસા પણ નિરર્થક ન કરે. એ જયણાના પ્રભાવે જ તેને સર્વવિરતિગુણની યોગ્યતા પ્રગટે, ગૃહસ્થાશ્રમનું બંધન એવું છે કે- અનિચ્છાએ પણ હિંસાદિ પાપો કરવાં પડે, માટે જ આત્માર્થી ગૃહસ્થો સદા સાધુજીવનને ઝંખે છે.

શાસ્ત્રમાં બીજી રીતે જીવહિંસાના ૨૪૩ પ્રકારો કહ્યા છે. જેમ કે- પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિ તથા એક પંચેન્દ્રિ મળી નવ પ્રકારના જીવોની મન-વચન-કાયાથી ગણતાં ૨૭ ભેદો થાય. તેને કરવા-કરાવવા અને અનુમોદવારૂપ ત્રણ પ્રકારે ગુણતાં એકાશી અને તેને

ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણ કાળ સાથે ગુણતાં ૨૪૩ ભેદો થાય. તેમાંથી શ્રાવક ઉત્કૃષ્ટ ભાંગે ત્યાગ કરે તો પણ ત્રણ કાળ, ત્રણ યોગ, બે કરણ અને બેઇન્દ્રિયાદિ ચાર પ્રકારના ત્રસ જીવોની જ હિંસા તજે, તેથી ૩ × ૩ × ૨ × ૪ = ૭૨ પ્રકારે જ ત્યાગ કરી શકે અને તે પણ માત્ર સવાવસો જ, છતાં (સર્વવિરતિની ભાવનાથી) ફળ ઘણું મોટું મળે છે. સંબોધ પ્રકરમાં કહ્યું છે કે-

"આ ચરાચર વિશ્વમાં પણ જીવોને આરોગ્ય, ઐશ્વર્ય, સુંદરરૂપ, નિર્મળ-અપ્રતિહત યશ-કીર્તિ, ન્યાયપૂર્વકની સંપત્તિ, નિર્વિકારી યૌવન, લાંબું-અખંડ આયુષ્ય, આજ્ઞાપાલક પરિવાર, ભક્તિવંત વિનીત પુત્રો, સતી સ્ત્રી, વગેરે જે સુખસામગ્રી મળે છે તે એક જ જીવદયાનું પ્રત્યક્ષ ફળ છે." [1]છતાં બાહ્ય સુખને વશ થઈ હિંસા કરે તો તેનાં માઠાં ફળ તરીકે પાંગળા, ઠુંઠા, કોઢીઆ અને સ્વજન વિયોગી થાય, શોક-સંતાપ, અકાળમરણ, દુઃખ, દૌર્ભાગ્ય વગેરે વિવિધ દુઃખોથી રીબાય, ઉપરાંત નરક, તિર્યંચ વગેરેના દુઃખદ અવતાર પામીને અનેક જન્મ-મરણોને પણ પામે. અધિક શું કહેવું ? અહિંસા કલ્પવેલી છે, તેમ હિંસા વિષવેલી છે. થોડા સુખ માટે કરેલી હિંસાથી દીર્ઘકાળ વિવિધ આકરાં દુઃખો ભોગવવાં પડે છે, માટે સુખના અર્થી આત્માએ શક્ય તેટલી હિંસાનો ત્યાગ કરવો હિતકર છે. હવે

બીજા વ્રતનું સ્વરૂપ અને વર્ણન કહે છે-

मूलम्-द्वितीयं कन्या-गो-भूम्यलीकानि न्यासनिह्नवः ।
कूटसाक्ष्यं चेति पञ्चास्तत्येभ्यो विरतिर्मतम् ॥२६॥

અર્થાત્-કન્યા, ગાય અને ભૂમિ સંબંધી મૃષાવાદ, થાપણ ઓળવવી અને ખોટી સાક્ષી પૂરવી, એ પાંચ સ્થૂલ અસત્યો નહિ આચરવાં, તેને બીજું વ્રત કહ્યું છે.

ઉપર કહેલાં પાંચ પ્રકારના મૃષાવચનો અતિ દુષ્ટ આશયથી જ બોલાય માટે તે સ્થૂલ-મોટાં અસત્યો છે. તેમા-

૧. કન્યાલીક- કન્યા અંગે-વિષકન્યાને સારી, સારીને વિષકન્યા, દુરાચારવાળીને સદાચારવાળી, સદાચારિણીને દુરાચારિણી કહેવી અને એ રીતે કુમાર-દાસ-દાસી-નોકર વગેરે બે પગવાળા કોઈ પુરુષને અંગે પણ વિપરીત-અસત્ય બોલવું.

૨. ગવાલીક- થોડા દૂધવાળી ગાયને ઘણા દૂધવાળી, ઘણા દૂધવાળીને અલ્પદૂધવાળી વગેરે તથા ઉપલક્ષણથી ભેંસ, ઘોડા, હાથી, બળદ, બકરાં, ઘેટાં વગેરે ચાર-પગોવાળા કોઈ પ્રાણીને અંગે પણ વિપરીત બોલવું તે સર્વ ગવાલીક જાણવું.

---

૧. ચારે ગતિના જીવોમાં મનુષ્ય ઉચ્ચ છે, દેવો પણ તેની સેવા કરે છે, તેથી તેની જવાબદારી છે કે તેણે શક્ય હોય તેટલી અન્ય જીવોની રક્ષા અને દયા કરવી જોઈએ.

૩. **ભૂમિઅલીક**– ક્ષેત્ર–ઘર–હાટ–હવેલી–આંગણું વગેરે વિવિધ ભૂમિ અંગે સારૂં–ખોટું, પોતાનું–પરાયું કે બીજાનું વગેરે કહેવું તથા દ્વિપદ–ચતુષ્પદ સિવાયની વસ્ત્ર–પાત્ર–વૃક્ષ–ધન–માલ–મિલ્કત વગેરે સઘળી અપદ વસ્તુ સંબંધી પણ ખોટું બોલવું તે સર્વ **ભૂમિઅલીક** જાણવું.

અહીં દ્વિપદમાં કન્યા અંગે, પશુ વગેરેમાં ગાય અંગે અને અન્ય પદાર્થોમાં ભૂમિ અંગે અસત્ય બોલવું તે લોકમાં અતિદુષ્ટ મનાય છે, અને તેથી ભોગાંતરાયાદિ કિલષ્ટ કર્મો બંધાય એમ આગમમાં કહેલું છે, માટે તે વિશેષતયા વર્જવા જોઈએ, એમ જણાવવા દ્વિપદ વગેરે નહિ કહેતાં કન્યાલીક વગેરે નામો કહ્યાં છે.

૪. **થાપણમોસો**– બીજાએ વિશ્વાસથી રક્ષા માટે સોંપેલી વસ્તુ થાપણ કહેવાય. તેને અંગે "તેં મને કંઈ આપ્યું જ નથી, અગર થોડી જ મૂકી છે" એમ કહેવું, કે મૂકેલી મૂળ વસ્તુ ઓળવીને બીજી વસ્તુ બતાવવી, વગેરે (પૂર્વના ત્રણમાં અંતર્ભાવ થઈ શકે છતાં) વિશ્વાસઘાતરૂપ હોવાથી તેનો ભિન્ન પ્રકાર કહ્યો છે.

૫. **ખોટી સાક્ષી**– બીજાએ લેણા–દેણા વગેરેમાં વિશ્વાસુ માની સાક્ષી રાખેલો, છતાં દ્વેષાદિથી કે લાંચ, રુશવત, વગેરેને વશ જુઠું બોલવું. આ અસત્ય પણ બીજાના પાપનું પોષણ કરવારૂપ હોવાથી ચારથી ભિન્ન કહ્યું છે.

અહીં એ તાત્પર્ય છે કે અપ્રશસ્ત કષાયોને વશ, દુષ્ટ રાગ–દ્વેષાદિને વશ, કે હાંસી, ભય, લજ્જા, વાચાળતા, કુતૂહળ કે વિષાદ વગેરે દુષ્ટ આશયથી બોલાય તે સર્વ અસત્ય છે. સત્ય પણ દુષ્ટ આશયથી બોલેલું સ્વ–પર અહિતકર હોવાથી અસત્ય માન્યું છે. તત્ત્વથી તો 'सतां हितं सत्यं' અર્થાત્ પ્રાણીઓને, સત્ય પદાર્થોને અને સજ્જનોને, હિત કરે તે સત્ય છે. પરપીડાકારી સત્ય પણ અસત્ય છે. કહ્યું છે કે "મૃષા બોલવું નહિ, કારણ કે સાચું છતાં જે પરપીડાકારક બને તે સાચું નથી!"

આ મૃષાવાદ સ્થૂલ અને સૂક્ષ્મ બે પ્રકારે છે, તીવ્ર સંક્લેશથી બોલવું તે સ્થૂલ અને હાસ્યાદિથી બોલાય તે સૂક્ષ્મ. તેમાંના–

૧. **ભૂતનિહ્નવ**– ગૃહસ્થને સ્થૂલનો જ ત્યાગ શક્ય છે, તેના સામાન્યથી ચાર પ્રકારો છે, જેમ કે સત્યને છુપાવવા બોલવું કે 'આત્મા–પુણ્ય–પાપ–પરલોક–મોક્ષ વગેરે નથી' વગેરે સત્યને ઓળવવું તે **ભૂતનિહ્નવ** કહેવાય.

૨. **અભૂતોદ્ભાવન**– જે ન હોય તેને છે એમ કહેવું, કે બીજા સ્વરૂપે કહેવું જેમ કે આત્મા સૂક્ષ્મ છે, કે વિશ્વવ્યાપી છે, વગેરે અભૂતોદ્ભાવન.

૩. **અર્થાન્તરઅસત્ય**— ગાયને ઘોડો, ઘોડાને ગાય, પુણ્યને પાપ, પાપને પુણ્ય કે મનુષ્યને દેવ વા ઈશ્વર કહેવો, વગેરે **અર્થાન્તર અસત્ય,**

૪. **ગર્હા અસત્ય**— પાપકાર્યનો આદેશ કરવો, અપ્રીતિકારક બોલવું અને ક્રોધથી તિરસ્કારરૂપ બોલવું, એ ત્રણે ગર્હાઅસત્ય જાણવું.

આ સ્થૂલ પણ મૃષાવાદના ત્યાગથી વિશ્વાસ, યશકીર્તિ, ઈષ્ટસિદ્ધિ, પ્રિયભાષા, આદેય-વચનપણું, વગેરે ઘણા લાભ થાય છે, કહ્યું છે કે—સર્વ મંત્રો, વિદ્યાઓ અને યોગો, વગેરે સત્યથી સિદ્ધ થાય છે, ધર્મ-અર્થ અને કામ પણ સત્ય હોય ત્યાં જ રહે છે રોગ-શોકાદિ પણ સત્યથી નાશ પામે છે. આ વ્રતને નહિ સ્વીકારવાથી કે અતિચાર લગાડવાથી જીવ જ્યાં જ્યાં ઉપજે કે જાય ત્યાં તેને મુખના, જીભના, ભાષાના, વગેરે વિવિધ રોગો થાય, બીજાઓથી તિરસ્કાર-અપમાન પામે, અપ્રિય ભાષક બને, મુખ-શરીર દુર્ગંધી મળે, સર્વત્ર અપયશ થાય. બુદ્ધિહીન-મૂર્ખ રહે અને આ ભવમાં જેલ, ફાંસી, જીભછેદ, વગેરે સજાને પાત્ર બને, દરિદ્રી બને વિગેરે અસત્યના ફળો જાણીને મૃષાવાદને તજવો જોઈએ.

હવે ત્રીજા વ્રતનું સ્વરૂપ અને વર્ણન કહે છે—

मूलम् "परस्वग्रहणाच्चौर्य - व्यपदेशनिबंधनात् ।
या निवृत्तिस्तृतीयं तत् प्रोचे सार्वैरणुव्रतम् ॥२७॥

અર્થાત્ ચોરીનું કલંક લાગે તે રીતે પરધનને ગ્રહણ ન કરવું તેને સર્વજ્ઞ ભગવંતોએ ત્રીજું અણુવ્રત કહ્યું છે.

અદત્ત એટલે માલિકે આપ્યા વિના આદાન એટલે લેવું, તે અદત્તાદાન, તેનો ત્યાગ તે અદત્તાદાન વિરમણ વ્રત છે. આ અદત્તના ૧. સ્વામિ અદત્ત, ૨. જીવ અદત્ત, ૩. તીર્થંકર અદત્ત અને ૪. ગુરુઅદત્ત, એમ ચાર પ્રકારો છે. તેમાં—

૧. **સ્વામી અદત્ત**— માલિકની સંમતિ વિના સોનું-વસ્ત્ર-પાત્ર વગેરે અચિત્ત, સચિત્ત કોઈ વસ્તુ લેવી તે.

૨. **જીવ અદત્ત**— સચિત્ત ફળ ફૂલ અનાજ વગેરે વસ્તુ માલિકે આપી હોય તોપણ તેમાં જીવ હોવાથી તેને કાપવા, છેદવા, ખાવા. કે સેકવા, બગેરે કરવું તે જીવનું અદત્ત,

૩. **તીર્થંકર અદત્ત**— સાધુ-સાધ્વી અકલ્પ્ય-આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર વગરે શાસ્ત્રથી નિષિદ્ધ છતાં નિષ્કારણ સ્વીકારે તો જિનાજ્ઞા વિરુદ્ધ હોવાથી તે તીર્થંકર અદત્ત.

૪. **ગુરૂઅદત્ત**— શાસ્ત્રસંમત કલ્પ્ય પણ લાવેલી વસ્તુઓ સાધુ જેની નિશ્રામાં હોય તે ગુરુની સંમતિ વિના વાપરે તો ગુરુઅદત્ત કહેવાય.

આ ચારે પ્રકારનું અદત્ત સાધુને ન કલ્પે. ગૃહસ્થને તો માત્ર સ્વામી અદત્તનો જ ત્યાગ કરી શકાય, તે સ્થૂલ અને સૂક્ષ્મ બે પ્રકારનું છે, તેમાં બહુમૂલ્ય-જે વસ્તુ તેનાં માલિકે પોતે આપ્યા વિના લેવાથી ચોરીનું કલંક લાગે, એવું સમજવા છતાં માલિકની સંમતિ વિના દુષ્ટ આશયથી લેનારને સ્થૂલ અદત્તાદાન લાગે. એ પ્રમાણે ચોરીના આશયથી બેતર-બળાં વગેરેમાંથી થોડું પણ ગુપ્ત રીતે લે તો તે પણ આશય દુષ્ટ હોવાથી સ્થૂલ ચોરી કહેવાય. પણ ચોરબુદ્ધિ વિના ઘાસ-માટી-ઈંટ વગેરે સામાન્ય માલિકને વસ્તુ પૂછ્યા વિના લેવા છતાં પણ ચોરીનું કલંક લાગે તેમ ન હોવાથી અને ચોરીની બુદ્ધિ ન હોવાથી સૂક્ષ્મ અદત્તાદાન ગણાય. ગૃહસ્થ તેની જયણા રાખીને સ્થૂલનો ત્યાગ કરી શકે.

આ વ્રતપાલનથી સર્વત્ર વિશ્વાસ, પ્રશંસા, ધનવૃદ્ધિ, મનની પ્રસન્નતા, ઠકુરાઈ અને અન્યભવે સ્વર્ગાદિ સદ્ગતિ મળે છે. કહ્યું છે કે-અચૌર્યવ્રત પાળનારનું ધન ખેત્ર, બળાં કે જંગલમાં, દિવસે, રાત્રે, કે પ્રાણાંત આપત્તિમાં પણ કયાંય નાશ પામતું નથી. ઉલટું તે અનેક ગામ, નગર, બાણ, દ્રોણમુખ, મંડળ અને શહેરનો સ્વામી ચિરંજીવ રાજા બને છે. તેથી વિપરીત આ વ્રત નહિ લેવાથી, લેવા છતાં નહિ પાળવાથી, કે અતિચારો સેવવાથી આ ભવમાં અનેક મનુષ્યો તરફથી નિંદા, ધિક્કાર-તિરસ્કાર, વગેરે પરાભવો, કે દેશનિકાલ અને ફાંસી વગેરેની સજા તથા પરભવમાં નરક અને ત્યાંથી નીકલ્યા પછી મનુષ્ય થાય તોપણ માછીમાર વગેરે નીચકુલમાં જન્મે, દરિદ્ર, હીનઅંગી. બહેરો, અંધો થાય તથા તિર્યંચ યોનિમાં દુઃખોથી રીબાય, માટે અચૌર્યવ્રતનું પાલન કરવું જોઇએ.

હવે ચતુર્થવ્રતનું વર્ણન અને સ્વરૂપ કહે છે.

मूलम्-स्वकीयदारसंतोषो, वर्जनं वाऽन्ययोषिताम् ।
श्रमणोपासकानां तच्चतुर्थाणुव्रतं मतम् ॥२८॥

અર્થાત્ સ્વદારાસંતોષ અથવા પરસ્ત્રીત્યાગને શ્રાવકોનું ચોથું અણુવ્રત કહ્યું છે. તાત્પર્ય કે પરણેલી એક યા અનેક પોતાની સ્ત્રીઓમાં જ સંતોષ, કે બીજાએ પરણેલી, રાખેલી રખાત, તથા અપરિગ્રહત દેવીઓ અને પશુસ્ત્રીઓ સાથે મૈથુન ક્રિયાનો ત્યાગ કરવો તે ગૃહસ્થનું ચોથું અણુવ્રત છે. જો કે અપરિગ્રહિતા દેવીઓ, કે પશુસ્ત્રીઓ કોઈ અમુકની સ્ત્રી તરીકે મનાતી નથી, તથાપિ પરજાતિય હોવાથી મનુષ્યને તે પરસ્ત્રી જ ગણાય.

અહીં મૈથુન સૂક્ષ્મ અને સ્થૂલ બે પ્રકારે છે, તેમાં વેદોદયથી ઈન્દ્રિયોનો વિકારમાત્ર પ્રગટે તે સૂક્ષ્મ અને મન-વચન કે કાયાથી સ્ત્રી યા પુરુષના પરસ્પર ભોગરૂપ મૈથુન ક્રિયા સેવવી તે સ્થૂલ મૈથુન છે. અથવા મૈથુનના ત્યાગરૂપ બ્રહ્મચર્ય પણ સંપૂર્ણ અને દેશથી એમ બે પ્રકારે છે. તેમાં વૈક્રિય અને ઔદારિક બન્ને પ્રકારના કામ-ભોગોનો ત્રિકરણ-યોગે જેમાં ત્યાગ હોય, તે (૩ × ૩ × ૨ = ૧૮ પ્રકારનું) સંપૂર્ણ બ્રહ્મચર્ય છે અને તેમાં જે કંઈ

ન્યૂન ભાંગે પાળવું તે દેશબ્રહ્મચર્ય છે. સંપૂર્ણ પાલન ન કરી શકે તે ગૃહસ્થને દેશબ્રહ્મચર્યરૂપ આ સ્થૂલવ્રત હોય છે.

અહીં સ્વદારસંતોષમાં વેશ્યા, કુમારી વગેરે સર્વ સાધારણ સ્ત્રીઓનો ત્યાગ થાય છે અને પરસ્ત્રી ત્યાગમાં એ અંગે અપવાદ રહે છે, તોપણ માનવતાથી વિરુદ્ધ હોઈ તે અધર્મ ગણાય છે. વર્તમાનમાં વૃદ્ધપરંપરાથી આ વ્રત અન્ય વ્રતોની જેમ દ્વિવિધ-ત્રિવિધ ભાંગે, લેવાતું નથી, પણ મનુષ્યસ્ત્રીનો 'કાયાથી સેવવું નહિ' એ ભાંગે, તિર્યંચ સ્ત્રીનો 'મન-વચન-કાયાથી સેવવું નહિ' એ ભાંગે અને દેવીઓનો 'મન-વચન-કાયાથી સેવવું-સેવરાવવું નહિ' એ ભાંગે ત્યાગ કરાય છે. જોકે ધર્મમાં પુરુષની પ્રધાનતા હોવાથી શાસ્ત્રોમાં પુરુષને અંગે વર્ણન હોય છે, તથાપિ પુરુષને પરદારાના ત્યાગની જેમ સ્ત્રીઓને સ્વપરણેત પતિ સિવાય અન્ય સર્વ પુરુષોનો ત્યાગ અર્થાત્ સ્વપતિ સંતોષ એ એક જ પ્રકારનું ચતુર્થ અણુવ્રત છે.[૨]

---

૨. આજના સામ્યવાદના ગંડાપામાં કુતર્કો વધ્યા છે, એથી સ્ત્રીને પણ અનેક પતિનો હક્ક મળવો જોઈએ, એમ અપઠપંડિતો પ્રચારે છે, પણ તેઓએ પોતાની પત્નીને એ હક્ક આપ્યો હોય તેમ જાણ્યું નથી, તત્ત્વથી પરસ્ત્રીને ભોગવવાની પાપી ભાવનાવાળી કુબુદ્ધિમાંથી પ્રગટેલો આ પાપી કુતર્ક છે.

વસ્તુતઃ તો કર્મોના કારણે જીવ જીવ પ્રત્યે અસમાનતા એ જ સંસાર છે. કર્મોના નાશથી જ અસમાનતા ટળે અને સમાનતા પ્રગટે. સિદ્ધો બધા સમાનસુખ-સમૃદ્ધિવાળા હોય છે, પરમાત્માનું શાસન એ જ સાચો સામ્યવાદ છે. સર્વ જીવોને સમાન બનાવવા માટે તે શાસન છે, પણ ત્યાગ વૈરાગ્યપૂર્વકના સદાચારોના સેવન દ્વારા કર્મોનો નાશ કરવાથી તે બની શકે. માટે સ્વ-સ્વભૂમિકાને અનુસરીને જીવોને તે તે સદાચાર પાળવાનું વિધાન છે. કર્મોથી બધા સમાન હોય તો આચાર પણ દરેકના સમાન હોય, દર્દીઓને નિરોગી બનાવવાના ઉપાયોરૂપ ઔષધો દરેકની કક્ષા પ્રમાણે ભિન્ન હોય છે, તેમ આત્માને માટે પણ નિરોગી થવાના ઉપાયો. આચારો દરેકની કક્ષા પ્રમાણે જ હોય. એક સરખા ન જ ઘટે.

સ્ત્રી જે કર્મોના કારણે સ્ત્રીનો અવતાર પામે છે, તે કર્મોને તોડવા માટે સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પળાય તો પણ તેને એક જ પરણેલા પતિનો આશ્રય લેવાનો છે. આ અધ્યાત્મદૃષ્ટિ છે. લોકવ્યવહારથી પણ વિવિધદૃષ્ટિએ આ વિધાન સર્વ હિતકર છે. તેમાં-

૧. ગણિતદૃષ્ટિએ- પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓ જૈન ગણિત પ્રમાણે તો ગર્ભમાં ઉત્પન્ન થતી ત્યાં જ મરતી અને જન્મેલી સર્વ મળી સત્તાવીશ ગુણી હોય છે અને જન્મેલી પણ ત્રણ ગુણીથી પણ અધિક પ્રત્યક્ષ છે, છતાં સ્ત્રીઓ અનેક પતિને કરે તો કેટલીય કન્યાઓ પતિ વિનાની જ રહે.

૨. વ્યવહારદૃષ્ટિએ- ભોગ્ય-ભોગીનો ભેદ સ્પષ્ટ છે. પુરુષ ભોગી છે, સ્ત્રી ભોગ્ય છે. માટે પણ સ્ત્રીને એકપતિવ્રત હિતકર છે. બીજી રીતે પણ અનેક પતિની છૂટથી સ્ત્રી-પુરુષને પરસ્પર વિશ્વાસ-આત્મીયતા વગેરે સદ્ભાવ ન પ્રગટે, પરિણામે વિશ્વાસ રહિત જીવન દુઃખમય બને, આ હકીકત નાતરીયા કોમના અને આજના છુટાછેડાના અનાર્ય કાનુનથી પ્રગટતા કલેશોનો તાદૃશ ચિતાર કોર્ટોમાં જોવાથી સમજાય તેમ છે. અવિશ્વાસથી સ્ત્રી ઘરનું આધિપત્ય પામી શકે નહિ અને એના સંતાનોની દુર્દશા તો અસહ્ય બની જાય, વ્યભિચાર વધે, સદાચાર નષ્ટ થાય અને માનવતા ક્રૂરતાથી અવરાઈ જાય.

આ વ્રતના પાલનથી ઘણા લાભ થાય છે. સંબોધ પ્રકરણમાં કહ્યું છે કે– કોટી સોનૈયાનું દાન કરે, અથવા સોનાનું જિનમંદિર બંધાવે, તેનાથી પણ અધિક ફળ એક નિર્મળ બ્રહ્મચર્યના પાલનથી થાય છે. ઉત્તરાધ્યયન સોળમા અધ્યયનમાં કહ્યું છે કે– દેવ, દાનવ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ અને કિન્નર પણ બ્રહ્મચારી મનુષ્યને નમે છે, કારણ કે તેઓ દેવોને પણ દુષ્કર એવા બ્રહ્મચર્યને પાળે છે. વળી કહ્યું છે કે મનુષ્યને ઉત્તમ ઠકુરાઈ, અખૂટ ઋદ્ધિ, રાજ્યસંપત્તિ, કામ–ભોગની શ્રેષ્ઠ સામગ્રી, નિર્મળ કીર્તિ, નિર્વિકારી બળ, સ્વર્ગીય સુખો અને અંતે થોડા ભવોમાં મોક્ષ, એ સઘળું નિર્મળ બ્રહ્મચર્યથી મળે છે. વધારે શું? કલહપ્રિય, લોકોને લઢાવનાર અને પાપમાં રક્ત એવા પણ નારદનો એક નિર્મળ શીયલના પ્રભાવે મોક્ષ થાય છે.

પ્રશ્ન– બળાત્કારે વૈધવ્ય પળાવવાથી ગુપ્ત વ્યભિચાર, ગર્ભપાત અને બાળહત્યા જેવાં પાપો થાય તે કરતાં પુનર્લગ્ન શું ખોટું ?

ઉત્તર– કુળાચારે પણ પુનર્લગ્ન ન કરનાર બહેનોમાં મોટા ભાગ પરિણામે નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાળતો થઇ જાય છે અને જીવન પવિત્ર જીવે છે. હા, થોડી વ્યક્તિઓ વ્યભિચારી બને, તો પણ થોડાના ભોગે ઘણાનું રક્ષણ કરવું તે સદાચાર છે, થોડાના હિત માટે ઘણાને અહિત થાય તે તત્ત્વથી ભ્રષ્ટાચાર છે. જગતમાં કોઈ વ્યવહાર એવો નહિ મળે કે ઘણાના હિત માટે અલ્પજીવોને કલ્પિત અહિત ન થતું હોય ! વસ્તુતઃ વ્યભિચાર પતિના અભાવે નહિ, પણ ભોગની તીવ્ર વાસનાથી સેવાય છે, કદાચ આ કાળે વિધવા કરતાં સધવાઓની સંખ્યા વ્યભિચારમાં અધિક પણ હોય ! કારણ કે સધવા ગર્ભાધાનથી નિર્ભય હોય છે. તત્ત્વથી તો અનાદિ વિષય વાસનાને ટાળવા અનિચ્છાએ પણ સદાચારોનું પાલન કરવું તે જ સ્વ–પર હિતકર છે. માટે સ્ત્રીની જેમ પુરુષને પણ બ્રહ્મચર્ય કે એક પત્નીવ્રત હિતકર છે, તેને પણ અનેક સ્ત્રીઓને પરણવામાં હિત નથી.

પ્રશ્ન– ઈચ્છા વિના બ્રહ્મચર્યનું પાલન સદાચાર નહિ પણ બંધન–બલાત્કાર ગણાય. એથી કંઈ આત્મહિત ન થાય.

ઉત્તર–શહેરનો કિલ્લો પ્રજાને બંધનરૂપ છતાં બાહ્ય ઉપદ્રવોથી રક્ષણ માટે જરૂરી છે અને જેલ કેદીને બંધન છે પણ પ્રજાના હિત માટે અનિવાર્ય છે. એમ આર્ય આચારોની મર્યાદાઓ કેટલીક અંતરંગ શત્રુઓથી રક્ષણ માટે અને કેટલીક બાહ્ય ઉપદ્રવોથી બચવા માટે હોવાથી એકાંતે હિતકર છે. કેદીને જેલ બંધન લાગે અને ચોર–લુંટારાઓને કિલ્લો ન ગમે તેથી જેલનો કે કિલ્લાનો નાશ ન કરાય.

ધાર્મિકદૃષ્ટિએ– ધર્મશાસ્ત્રો જણાવે છે કે પૂર્વજન્મોમાં શિયળ નહિ પાળવાથી કે અસદાચાર સેવનથી પ્રાયઃ ભોગાંતરાય વગેરે કર્મો બંધાય છે અને તેના વિપાકરૂપે વૈધવ્ય વગેરે કષ્ટો થાય છે. માટે સમભાવથી બ્રહ્મચર્યનું પાલન કરીને તે કર્મોનો પ્રતિકાર કરવો જોઇએ. સદાચારનો લોપ કરવાથી તો તેથી પણ અધિક આકરો નપુંસકવેદ વગેરે દુષ્ટ કર્મો બંધાય છે અને તેના પરિણામે નરક વગેરે માઠી ગતિમાં ઉપજવું પડે છે. કુપથ્યથી થયેલા રોગને પથ્યથી હટાવી શકાય કુપથ્યથી નહિ. છતાં કુપથ્ય કરે તો વધી ગયેલો રોગ મરણને દ્વારે પહોંચાડે.

એમ વિવિધ દૃષ્ટિએ પુરુષ કરતાં સ્ત્રી જીવનની મર્યાદાઓ ભિન્ન છે. પુરુષપણું પૂર્વે પાળેલા બ્રહ્મચર્ય વગેરે સદાચારનું ફળ છે. તે પુણ્યરૂપ હોવાથી સ્ત્રી કરતાં પુરુષને વિશાળ ભોગનો અધિકાર મળે છે, તેથી

સુદર્શન શેઠની જેમ સ્વદારસંતોષી પણ ગૃહસ્થ બ્રહ્મચારી તુલ્ય-શ્રેષ્ઠ છે. તેથી વિરુદ્ધ પરદારાગમન વગેરે પાપોથી જીવોને વધ, બંધન, વગેરે લોકપ્રસિદ્ધ કષ્ટો આ ભવમાં જ ભોગવવાં પડે છે. કહ્યું છે કે- વધ, બંધન, ગળે ફાંસો, ફાંસીની સજા, નાક કપાવું, ગુપ્તેન્દ્રિયનો છેદ અને ધન વગેરેનો નાશ ઇત્યાદિ અનેક દુઃખો પરદારા સેવનથી આ ભવમાં જ ભોગવવાં પડે છે અને પરભવે નરકાદિ માઠી ગતિઓમાં અસહ્ય દુઃખો ભોગવવાં પડે છે. દુરાચારી મનુષ્યો અન્ય ભવે નપુંસક, કદ્રુપા, દુર્ભાગી, ગુપ્તેન્દ્રિયના વિવિધ રોગવાળા તથા ભગંદરી થાય છે. સ્ત્રીઓ પણ દુરાચારના સેવનથી વિધવા, ચોરીમાં રંડાપો, વંધ્યા, મૃતપ્રસૂતા, વિષકન્યા, વગેરે દુષ્ટસ્ત્રીપણું પામે છે. ભગવાન મહાવીરે કહ્યું છે કે હે ગૌતમ! જીવ દેવદ્રવ્યના ભક્ષણથી અને પરસ્ત્રી સેવનથી સાત વાર સાતમી નારકીમાં ઉત્પન્ન થાય છે.

મૈથૂનમાં મોટી હિંસા કહી છે, શાસ્ત્રો કહે છે કે- એક વાર મૈથૂન સેવનમાં નવ લાખ સૂક્ષ્મ જીવો હણાય છે. સ્ત્રીઓની યોનિમાં મૈથૂન સેવનથી ઉત્કૃષ્ટથી નવ લાખ ગર્ભજ મનુષ્યો ઉપજે છે, બીજા બે ઇન્દ્રિય અસંખ્યાતા અને સંમૂર્છિમ મનુષ્યો પણ અસંખ્યાતા ઉપજે છે. મૈથુન-ક્રિયાથી તે સર્વનો એક સાથે નાશ થાય છે.[૩]

હવે પાંચમા અણુવ્રતનું સ્વરૂપ અને વર્ણન કરે છે.

मूलम्-परिग्रहस्य कृत्स्नस्याऽमितस्य परिवर्जनात् ।
इच्छापरिमाणकृतिं, जगदुः पञ्चमं व्रतम् ॥२९॥

અર્થાત્ સર્વ પ્રકારના પદાર્થોની અપરિમિત મૂર્છારૂપ પરિગ્રહનો ત્યાગ કરવા દ્વારા ઇચ્છાને (મમતાને) પરિમિત કરવી તેને પાંચમું અણુવ્રત કહ્યું છે.

પુરુષને બેશક, નિરંકુશ જીવન જીવવામાં હિત નથી, પુરુષે પણ સંપૂર્ણ બ્રહ્મચર્ય કે એક પત્નીવ્રત પાળવું હિતકર છે. કોઇ નિકાચિત પુણ્યના બળે અધિક ભોગ ભોગવવા પડે તો પણ વૈરાગ્યપૂર્વક ભોગવીને તે પુણ્યને ખપાવવું જોઈએ. ઉત્તમ પુરુષો કદાપિ ભોગમાં પરાધીન (આસક્ત) બનતા નથી, અબળા છતાં સ્ત્રી સ્વપતિમાં સંતોષ રાખી શકે તો પુરુષ સમર્થ છતાં એક પત્નીમાં સંતુષ્ટ કેમ ન બને? વસ્તુતઃ તો વિષયો વિષતુલ્ય હોવાથી જે જે મર્યાદાથી જીવ વિષયોથી બચે તે તે સર્વ મર્યાદાઓ (મૂઢ જીવોને અજ્ઞાન-મોહથી દુઃખરૂપ જણાય તો પણ) હિતકર છે, માટે તેનું પાલન કરવામાં જ સ્વ-પર હિત અને પરિણામે શાશ્વત સુખ થાય છે.

માનવ જાતિની લગ્ન વ્યવસ્થા તત્ત્વથી ભોગ માટે નથી, પણ વ્યભિચારથી બચી શીયલની રક્ષા માટે છે. સ્ત્રી-પુરુષ બન્ને પરસ્પર વ્યભિચારથી બચવા માટે સહાયક છે. અધ્યાત્મદૃષ્ટિએ તો લગ્ન કરવા છતાં મનુષ્યને બ્રહ્મચર્ય પાળવાનું હોય છે, વેદ વિકારને રોકી ન શકાય તો જ પરસ્પર વિકારને શમાવવા વૈરાગ્યપૂર્વક ભોગ કરવાનો હોય છે. આત્મલક્ષ્ય પ્રગટે તો જ આ તત્ત્વ સ્પષ્ટ સમજાય, ભોગના ભીખારીને સમજવું દુષ્કર છે.

૩. ઉત્તરાધ્યયનમાં બીજા વ્રતોને નદીઓ તુલ્ય અને ચતુર્થ વ્રતને સમુદ્ર તરવા તુલ્ય કહ્યું છે. બીજાં બધાં વ્રતો ચતુર્થવ્રતના આધારે છે. તેનું ખંડન થતાં બીજાં બધાં વ્રતો ભાંગે છે માટે બ્રહ્મચર્યનો અતુલ મહિમા સમજીને મૈથુનની યથાશક્ય વિરતિ કરવી તે ગૃહસ્થનો ધર્મ છે.

સામાન્ય રીતે પોતાના કે પારકા કોઈ પણ પદાર્થમાં મમતાને-મૂર્છાને પરિગ્રહ કહ્યો છે. શાસ્ત્રમાં ગૃહસ્થ જીવનમાં જરૂરી સર્વ પદાર્થોની ધન્ય-ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૌપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ અને ચતુષ્પદ, એ નવ પ્રકારોમાં ગણના કરી છે. તેનું વિશેષ સ્વરૂપ વ્રતોના અતિચારોના વર્ણનમાં કહીશું. દશવૈકાલિક નિર્યુક્તિમાં પરિગ્રહના ધાન્ય, રત્નો, સ્થાવર, દ્વિપદ, ચતુષ્પદ, અને કુપ્ય, એમ મૂળ છ પ્રકારો જણાવી તેના ઉત્તર ભેદો ચોસઠ કહ્યા છે. તે પણ આ નવવિધ પરિગ્રહમાં અંતર્ભૂત થવાથી બન્ને વ્યાખ્યાઓ તત્ત્વથી સમાન છે.

નવે પ્રકારોની મમતા કે જેનું કોઈ પ્રમાણ જ નથી, તેનું પ્રમાણ એટલે કે 'અમુક વસ્તુ અમુક પ્રમાણથી અધિક ન રાખવી' એવી મર્યાદા કરવી તે સ્થૂલ પરિગ્રહ વિરમણ વ્રત જાણવું. સર્વ મૂર્છાનો સર્વથા ત્યાગ સાધુ જીવનમાં જ થઈ શકે. ગૃહસ્થને તે અશક્ય હોવાથી મર્યાદિત ત્યાગ કરી ઇચ્છાનું પરિમાણ કરી શકે.

પ્રશ્ન– વર્તમાનમાં સંપત્તિ થોડી હોય અને પ્રમાણ અધિક કરે તો ત્યાગને બદલે મમતા વધે છતાં તેને વ્રત કેમ કહેવાય?

ઉત્તર– સંપત્તિ અલ્પ છતાં જીવને ઇચ્છા આકાશતુલ્ય અનંતી હોય છે, એ ઇચ્છાથી કર્મ બંધાય છે. ઇચ્છાનું પ્રમાણ મર્યાદિત કરવાથી તેટલો કર્મબંધ ઓછો થાય. એ મોટો લાભ છે. કહ્યું છે કે– જેમ જેમ લોભ ઘટે તેમ તેમ પરિગ્રહ આરંભ પણ ઘટે. તેથી સંતોષનું સુખ જેટલું વધે તેટલી ધર્મની સિદ્ધિ થાય, સંતોષ એ જ સાચું સુખ છે, કહ્યું છે કે– દેહનો સાર આરોગ્ય, ધર્મનો સાર સત્ય, વિદ્યાનો સાર તત્ત્વનિશ્ચય અને સુખનો સાર (મૂળ) સંતોષ છે.

આ વ્રતની આરાધનાથી આ ભવમાં સંતોષનું નિષ્કલંક સુખ, લક્ષ્મીની સ્થિરતા, યશ-કીર્તિ વગેરે અને પરભવમાં ધનાઢ્ય મનુષ્યભવ કે શ્રેષ્ઠ દેવભવ, અને પરંપરાયે સિદ્ધિગતિની પણ પ્રાપ્તિ થાય અને વ્રત નહિ સ્વીકારવાથી કે સ્વીકારવા છતાં અમર્યાદિત લોભને વશ પાપો કરવાથી દરિદ્રતા, દુર્ભાગ્ય, દાસપણું, દુર્ગતિઓમાં જન્મ અને દીર્ઘકાલ સંસારમાં રખડવું પડે છે. કહ્યું છે કે– મહાઆરંભ-પરિગ્રહથી વિવિધ પાપો કરીને જીવ નારકીમાં વારંવાર ઉપજે છે.

તત્ત્વથી મૂર્છા-મમતા એ પરિગ્રહ (પાપ) છે. નિર્મમ આત્માને પરિગ્રહ નથી. સાધુઓ સંયમ રક્ષા માટે ઉપકરણો અને લજ્જાને કારણે વસ્ત્રોનો પરિભોગ કરવા છતાં મૂર્છાના અભાવે અપરિગ્રહી છે. **ભગવાને મુર્છાને પરિગ્રહ કહ્યો છે.**

કહ્યું છે કે– વસ્ત્રો આભરણો કે અલંકારોથી ભૂષિત છતાં જેને મમતા ન હોય તે અપરિગ્રહી છે અને મમતાવાન નગ્ન (દરિદ્ર) પણ પરિગ્રહી છે. જીવ લોભને વશ ધન મેળવવા જમીન ખોદે, ચોરી કરે, ધનને જમીનમાં દાટે, ચોરાઈ જવાના ભયે ઊજાગરા કરે,

છતાં ચાલ્યું જાય તો કોઈ આપઘાત પણ કરે અને અન્ય ભવમાં ધનના સ્થાને પોતે સર્પ વગેરે પણ થાય. એમ લોભ (મૂર્છા–મમતા) એ મહાદુઃખનું કારણ છે. માટે આત્માર્થીએ યથાશક્ય પરિગ્રહ પરિમાણ કરી સંતોષ ગુણને પ્રગટાવવો જોઇએ.[૪]

એમ પાંચ અણુવ્રતો કહ્યાં, હવે તેના શુદ્ધ પાલન માટે અનિવાર્ય (અણુવ્રતોના પ્રાણભૂત) ત્રણ ગુણવ્રતોમાં પહેલું દિગ્‌વિરમણગુણવ્રત કહેવાય છે.

मूलम्–ऊर्ध्वाधस्तिर्यगाशासु नियमो गमनस्य यः ।
आद्यं गुणव्रतं प्राहु–स्तद्दिग्विरमणाभिधम् ॥३०॥

અર્થાત્ ઉંચે નીચે અને તિર્છી, એમ દશે દિશાઓમાં જવા અંગે અમુક હદ સુધીનો નિયમ તેને દિગ્‌વિરમણ (અથવા દિશિપરિમાણ) નામનું પહેલું ગુણવ્રત કહ્યું છે. તેમાં ઉંચે પર્વતાદિ ઉપર ચઢવું, વિમાનમાં પ્રવાસ કરવો, વગેરે પ્રસંગે અમુક હદથી ઉંચે ન જવાનો, નીચે ભોંયરાં, ખીણો, સમુદ્રતળ, કૂવા, વગેરેમાં અમુક હદથી નીચે નહિ જવાનો અને પૂર્વાદિ આઠ તિર્છી દિશાઓમાં અમુક માઇલ, ગાઉ, કોશ, વગેરેથી અધિક નહિ જવાનો, તથા નિયમિત ભૂમિથી બહારના પ્રદેશમાં વ્યાપારાદિ નહિ કરવાનો નિયમ, એ અહિંસાદિ ધર્મની રક્ષા તથા વૃદ્ધિ, વગેરે ગુણ કરનાર હોવાથી શ્રી જિનેશ્વરોએ તેને ગુણવ્રત કહ્યું છે.

ગુણવ્રતોની સહાય વિના અણુવ્રતોનું નિરતિચાર પાલન શક્ય નથી. આ વ્રતથી નિયમિત ભૂમિથી બહારના જીવોને અભયદાન દેવાય છે, લોભ મર્યાદિત થાય છે, એથી જૂઠું, ચોરી, અબ્રહ્મસેવન, વગેરે મોટાં–નાનાં પાપો થતાં નથી અને સંતોષ વગેરે લાભો થાય છે. કહ્યું છે કે– અગ્નિથી ધગધગતો લોખંડનો ગોળો જ્યાં સ્પર્શે ત્યાં પદાર્થોને બાળે, તેમ અસંતોષી લોભી જીવ જ્યાં જાય ત્યાં હિંસાદિ પાપોને કરે, જો કે જીવ શરીરથી સર્વત્ર જઈ શકતો નથી, પણ નિયમના અભાવે મનથી–(અવિરતિથી) તેને સમગ્ર વિશ્વના આરંભોની અનુમોદના (પક્ષ) દ્વારા સતત કર્મબંધ થાય છે. માટે તેનાથી બચવા આ વ્રત ગૃહસ્થને ઉપકારક છે.

સાધુ જીવન સમિતિ–ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન–માતાથી યુક્ત–નિરવદ્ય હોવાથી સર્વ કાર્યો તેને આરાધના રૂપ હોય છે, તેથી આ વ્રત સાધુને હોતું નથી, એમ યોગશાસ્ત્ર પ્રકાશ ત્રીજાના ત્રીજા શ્લોકની ટીકામાં કહ્યું છે. ગૃહસ્થને આ વ્રત યાવજ્જીવ, ચાતુર્માસ પર્યંત, કે તેટલું પણ દુષ્કર હોય તો સ્વલ્પ કાળનું પણ કરવાથી ઘણો લાભ થાય છે. એમ શ્રાવકનું છઠ્ઠું વ્રત સંક્ષેપથી જાણવું. હવે બીજું ગુણવ્રત કહેવાય છે.

मूलम्–भोगोपभोगयोः संख्या–विधानं यत् स्वशक्तितः ।
भोगोपभोगमानाख्यं, तद् द्वितीयं गुणव्रतम् ॥३१॥

૪. વર્તમાનમાં વધી રહેલાં પાપો, દોડધામ, અશાન્તિ, વગેરે વધી ગયેલી સુખની–સુખ સાધનોની મમતા–મૂર્છાનું જ પરિણામ છે.

અર્થાત્ પોતાની શક્તિ ગોપવ્યા વિના ભોગ અને ઉપભોગની સંખ્યાનાં નિયમ સંક્ષેપ કરવાં, તે ભોગોપભોગ પરિમાણ નામનું બીજું ગુણવ્રત છે.

એમાં આહાર–પાણી–વિલેપન–પુષ્પ–તંબોળ, વગેરે જે જે વસ્તુ એકજ વાર અથવા શરીરની અંદર ભોગવાય તે ભોગ અને વસ્ત્ર–પાત્ર–સ્ત્રી–શયન–આસન વગેરે જે જે વસ્તુ અનેક વાર અથવા શરીર બહાર ભોગવાય તે પરિભોગ કહેવાય. (આવશ્યક સૂત્રમાં ભોગને અને ઉપભોગને પરિભોગ કહ્યો છે તેથી ત્યાં આ વ્રતનું નામ ઉપભોગ પરિભોગ વિરમણ વ્રત કહ્યું છે. અન્યયોના વિવિધ અર્થો થતા હોવાથી નામ ભેદ છતાં અર્થથી બંન્નેની વ્યાખ્યા સમાન છે.

આ વ્રતના બે પ્રકારો છે, એક ભોજન–ભોગને ઉદ્દેશીને અને બીજો કર્મ–ક્રિયાને ઉદ્દેશીને, તેમાં ક્રિયા પણ ભોગોપભોગની વસ્તુ મેળવવાના વ્યાપાર (સાધન) રૂપ હોવાથી સાધનમાં સાધ્યનો ઉપચાર કરીને તેને પણ ભોગોપભોગ વિરમણ વ્રત કહ્યું છે.

તેમાં ભોજનથી આ વ્રત કરનારે ઉત્સર્ગ માર્ગે ખાનપાન આદિ (પાંચ ઇન્દ્રિયોના) સર્વ ભોગ્ય પદાર્થો નિષ્પાપ–આરંભાદિ વિનાના અચિત્ત વાપરવા જોઇએ અને તેને મેળવવાની ક્રિયા–વ્યાપારાદિ પણ નિષ્પાપ કરવા જોઇએ. તેમ ન બને તો આરંભજન્ય પણ સચિત્ત (સજીવ) નો ત્યાગ અને તેમ પણ ન બને તો મહા આરંભવાળા–માંસ–મદિરા–અનંતકાય કંદમૂળ, આદિ અભક્ષ્યોનો ત્યાગ કરી અલ્પ આરંભવાળા પ્રત્યેક વનસ્પતિજન્ય પદાર્થોથી નિર્વાહ કરવો જોઇએ. તેમાં પણ શક્ય હોય તો સચિત્ત કે મિશ્ર વસ્તુઓ તજવી જોઇએ, આત્માર્થી ગૃહસ્થ આ રીતે ઓછામાં ઓછા પાપથી જીવન નિર્વાહ કરે. (એમ સંબોધ પ્રકરમાં શ્રાવક વ્રતના અધિકારમાં ૭૦ મી ગાથામાં કહ્યું છે.)

વળી પર્વો કે મહોત્સવાદિ પ્રસંગ વિના જેનાથી ચિત્તમાં આસક્તિ, ઉન્માદ, વગેરે થાય, લોકમાં અપવાદ થાય, તેવાં ઉદ્ભટ વસ્ત્રો આભરણો–અલંકારો કે વાહનોનો પણ ઉપભોગ ન કરે, કારણ કે અતિરોષ, અતિતોષ. અતિહાસ્ય, દુર્જનની સોબત, અને અતિ ઉદ્ભટવેશ, એ પાંચે પ્રવૃત્તિ મહાપુરુષને પણ હલકટ બનાવી દે છે, એથી વિપરીત અતિમેલાં, બહુજાડાં, ટૂંકાં કે અતિફાણાં–ફાટેલાં વસ્ત્રાદિ વાપરવારૂપ તુચ્છવેશ પણ ધર્મની, કુળની, લઘુતા કરાવે છે અને કૃપણતાદિ દોષોને વધારે છે. અર્થાપત્તિએ પોતાની સંપત્તિ, વય, અવસ્થા, દેશ, ગામ, કુળ, વગેરેને અનુરૂપ વેષ રાખવો. અને એ ઉચિત વેષમાં પણ પ્રમાણ નક્કી કરવું. તે પ્રમાણે બીજા દંતકાષ્ટ, અભ્યંગન (વિલેપન), ઉદ્વર્તન (મેલ ઉતરાવવો), સ્નાન, વસ્ત્રો, ચંદનાદિ પદાર્થો, પુષ્પો, પુષ્પમાળા વગેરે, વિવિધ ફળ, ધૂપ, પાટ–પાટલા–ખુરશી–ટેબલ–શોફા–ગાદી–તકીયા વગેરે આસન, પલંક–પથારી–બેડિંગ, વગેરે શયન અને ઘર–હાટ–બંગલા વગેરે મકાન, ઇત્યાદિ સર્વને વાપરવાનું પ્રમાણ શક્ય તેટલું (ઓછું) કરવું. અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, એ ચારે પ્રકારના આહારમાં પણ જે સર્વથા છોડી શકાય તેનો ત્યાગ અને અશક્ય હોય તે વસ્તુઓનું પણ અમુક સંખ્યાથી અધિક, કે અમુક વસ્તુ મૂળથી

નહિ વાપરવી, એ રીતે સ્પષ્ટ કરવું. અને મહાશ્રાવક આણંદ-કામદેવ વગેરેની જેમ નિયમિત વસ્તુ સિવાયના ભોગનો ત્યાગ કરવો.

કર્મથી આ વ્રતમાં વેપાર-ધંધો પણ મુખ્યતયા સ્વકુળને ઉચિત નિષ્પાપ કરવો, એ રીતે નિર્વાહ ન થાય તો પણ અતિતીવ્ર કર્મબંધ થાય, કે વ્યવહારમાં નિંદા થાય, તેનો ત્યાગ કરી અલ્પારંભવાળા ઉપાયોનું પણ પ્રમાણ કરવું. આ રીતે આરંભરૂપ પ્રવૃત્તિઓનું પ્રમાણ કરવાથી વિરતિધર્મની આરાધના અને નહિ કરવાથી અવિરતિજન્ય કર્મબંધ વિના કારણે પણ સતત થયા કરે, એમ આવશ્યક સૂત્રની ચૂર્ણિમાં પચ્ચક્ખાણ આવશ્યકમાં સાતમા વ્રતના અધિકારમાં તથા બીજા પણ અનેક ગ્રંથોમાં જણાવ્યું છે. માટે જરૂરી ભોગોપભોગનું પ્રમાણ નક્કી કરી શેષ પદાર્થોનો ત્યાગ કરવાથી આ વ્રતનું પાલન-આરાધના થઈ શકે છે. [illegible]ર સ્વયં તજવા યોગ્ય બાવીસ અભક્ષ્યોનું સ્વરૂપ જણાવે છે કે-

मूलम्-चतुर्विकृतयो निन्द्या, उदुम्बरकपञ्चकम् ।
हिमं विषं च करका, मृज्जाती रात्रिभोजनम् ॥३२॥

बहुबीजाऽज्ञातफले, सन्धानाऽनंतकायिके ।
वृन्ताकं चलितरसं, तुच्छं पुष्पफलादि च ॥३३॥

आमगोरस-सम्पृक्तं, द्विदलं चेति वर्जयेत् ।
द्वाविंशतिममक्ष्याणि, जैनधर्माधिवासितः ॥३४॥

અર્થાત્- જૈન ધર્મથી ભાવિત આત્માએ ચાર મહાવિગઇઓ, ઉદુમ્બરાદિ પાંચ વૃક્ષનાં ફળ, હિમ (બરફ), ઝેર, કરા, સર્વ જાતની માટી, રાત્રિભોજન, બહુબીજ પદાર્થો, અજાણ્યાં ફળ, બોળ અથાણું, અનન્તકાયિક વસ્તુઓ, વેંગણ, ચલિતરસ પદાર્થો, તુચ્છ ફલ-ફૂળાદિ, તથા કાચા ગોરસ સાથે મળેલું દ્વિદળ, એ બાવીશ અભક્ષ્ય વસ્તુઓનું ભક્ષણ તજવું જોઈએ. તેમાં-

દારૂ, માંસ, મધ અને માખણ એ ચાર અતિવિકારક (અને હિંસારૂપ) હોવાથી મહા (પાપ) વિગઇઓ કહી છે, સર્વ શિષ્ટ સદાચારીઓએ તેને ત્યાજ્ય માની છે, કારણ કે જૈન-અજૈન દર્શનો એ ચારે વિગઇઓમાં સમાન વર્ણવાળા ત્રસાદિ અનેકાનેક જીવો ઉપજે છે અને મરે છે, એમ માને છે. તેમાં-

૧. મદિરા- એક કાષ્ટથી-તાડ વગેરેના રસોથી, અને બીજી પિષ્ટથી-લોટ વગેરે કહોવરાવીને બનાવે છે, તે બંને મૂઢતા, કલહ, નિંદા, પરાભવ, હાંસી, રોષ અને મદ-ઉન્માદનું કારણ તથા લજ્જા, લક્ષ્મી, બુદ્ધિ અને ધર્મનો નાશ, એમ વિવિધ અનર્થો કરનાર છે. મદિરાપાનથી શામ્બકુમારે સમગ્ર દ્વારિકાનો નાશ સર્જ્યો, એ જગપ્રસિદ્ધ છે. આજે પણ તેનાં કડવાં વિવિધ ફળો પ્રત્યક્ષ જોઈ શકાય છે. માત્ર જીહ્વાને વશ દારુનો વ્યસની વિવિધ કષ્ટો ભોગવે છે, પાપો કરે છે અને દુર્ગતિ સાધે છે. ઉન્માદી બનેલો દારૂડીયો બહેન-બેટીને પણ

ભોગવે છે, જાત-કુજાતનો પણ વિવેક ગુમાવે છે, ચોરી કરે છે, બેભાન બનેલો તે ગુપ્તવાતને પણ પ્રગટ કહી દે છે. અને નિર્ધન બની યાવજ્જીવ રીબાય છે, વગેરે દોષોને વિચારીને મદિરાનો ત્યાગ કરવો. જૈન-અજૈન સર્વ દર્શનોમાં મદિરાપાનને મહાપાપ કહ્યું છે.

૨. **માંસ**— મચ્છ વગેરે જળચર, મૃગલાં-બકરાં-વગેરે સ્થળચર અને કુકડા-કબૂતર-તેતર વગેરે ખેચર, એમ ત્રણ પ્રકારના પ્રાણીઓના માંસના પણ ત્રણ પ્રકારો છે, અથવા ચામડું, રુધિર અને માંસ, એમ પણ ત્રણ પ્રકારો છે. માંસ ભક્ષણ એ મહાપાપ છે તેથી ત્યાજ્ય છે,

પંચેન્દ્રિય જીવોના વધથી બનેલા દુર્ગંધમય, સૂગજનક એવા અપવિત્ર માંસનો ભક્ષક ક્રૂર રાક્ષસતુલ્ય છે. માંસભક્ષણ આ ભવમાં વિવિધ રોગોનું અને પરભવમાં દુર્ગતિનું કારણ છે. કાચું કે પકાવેલું પણ માંસ નિગોદજીવોનું ઘર છે, એમ યોગશાસ્ત્ર વગેરેમાં કહ્યું છે. કોઈ પણ જીવનો ઘાત થતાં જ તેના માંસમાં તદ્વર્ણી નિગોદ તૂર્ત ઉપજે છે, અને પછી તે કાચું પકાવાતું કે પકાવેલું હોય તો પણ જીવોત્પત્તિની પરંપરા ચાલુ રહે છે, તેથી માંસ-ભક્ષણ પરિણામે નરકનાં દારુણ દુઃખોને દેનાર છે. માંસાહારી સ્વયં હિંસક છે.

મનુસ્મૃતિમાં કહ્યું છે કે- માંસની અનુમોદના કરનાર, જીવને હણનાર, તેના અંગના વિભાગ કરનાર, વેચનાર, ખરીદનાર, રાંધનાર, પીરસનાર અને ખાનાર, એ દરેક હિંસક છે. માંસાહારીના કારણે જ એ દરેક પાપો કરે છે, તેથી માંસાહારી મહાપાપી છે. માંસાહારથી સ્વર્ગનું સુખ મેળવવું એ ઝેર ખાઈને જીવવાતુલ્ય છે. સૂક્ષ્મ નિગોદ ઉપરાંત સૂક્ષ્મ ત્રસ જીવો પણ માંસમાં ભરપૂર ઉપજે છે.

ન્યાયની દૃષ્ટિએ પણ વિશ્વપિતા પરમેશ્વરના સામ્રાજ્યમાં સર્વ જીવોને જીવવાનો સરખો હક્ક છતાં પોતાના પોષણ માટે બીજાના પ્રાણ લેવા તે ઘોર અન્યાય છે, માટે સર્વ જીવોના જીવત્વને પોતાના તુલ્ય માની માંસાહારનો તથા તે માટેની હિંસાનો ત્યાગ કરવો જોઇએ.

૩. **મધ**— મધને બનાવનારા જીવો માખીઓ, કુંતાં અને ભ્રમરા-ભમરીઓ, એમ ત્રણ પ્રકારના હોવાથી મધ પણ માખીયું, કુંતીયું અને ભ્રમરીયું, એમ ત્રણ પ્રકારે બને છે. યોગશાસ્ત્રમાં મધ પણ ઘણાં જીવોના નાશથી મળે છે. માટે ત્યાજ્ય કહ્યું છે, ઉપરાંત તે જીવોની લાળ-થૂંકરૂપ હોય છે.[૫]

૫. સજ્જનો કોઇનું પણ એઠું જમે નહિ તો માનવ જેવો ઉત્તમ આત્મા તુચ્છ જીવોના મુખની એંઠને સ્પર્શે તો તેથી તેનો ધર્મ કેમ રહે ? કેટલાક ઔષધના અનુપાન તરીકે મધની છૂટ રાખે છે તે પણ અયોગ્ય છે, ઝેર થોડું પણ મારે જ, તેમ થોડું પણ પાપ દુઃખી જ કરે. કોઈ મધને સ્વાદિષ્ટ-પૌષ્ટિક માની ખાય છે તે પણ અજ્ઞતા છે. જેના ભક્ષણથી પરિણામે દુર્ગતિનાં દુઃખ (સ્વાદ) વેઠવાં પડે, અને દુર્ગતિમાં વિષ્ટા અને મરેલાં કલેવરો વગેરેને ચૂંથવા છતાં પેટ ન ભરાય એવી અસહ્ય ભૂખ સહન કરવી પડે, તે મધ સ્વાદિષ્ટ-પૌષ્ટિક કેમ કહેવાય ? વળી દુર્ગંછનીય પણ મધથી કેટલાક મૂઢ-ધર્મી શંકર વગેરે પોતાના માનેલા

૪. **માખણ**— ગાય, ભેંસ, બકરી અને ઘેટીના દૂધ-દહીંમાંથી બનતું ચારે પ્રકારનું માખણ પણ અતિસૂક્ષ્મ ત્રસજીવોની ખાણરૂપ હોવાથી અભક્ષ્ય છે. યોગશાસ્ત્ર, ધર્મરત્નપ્રકરણની ટીકા વગેરેમાં સ્પષ્ટ જણાવ્યું છે કે છાશથી અલગ થતાં તૂર્તજ માખણમાં તદ્વર્ણા અતિસૂક્ષ્મ ઘણા જ ત્રસજીવો ઉપજે છે, માટે વિવેકી પુરુષોએ માખણનું ભક્ષણ તજવું જોઇએ.[૬]

૫ થી ૯. **ઊદુંબર પંચક**— અહીં ઊદુંબર એટલે વડ, પીપળો (પારસ પીપળો), પ્લક્ષ (પીપળી) ઊદુંબર (ગૂલર), અને કાકોદુમ્બરી, એ પાંચે વૃક્ષોનાં ફળો (ટેટા)માં મચ્છરના આકારના સૂક્ષ્મ ઘણા ત્રણજીવો હોય છે, તેથી તેનું ભક્ષણ મહાહિંસારૂપ છે એમ યોગશાસ્ત્રમાં કહ્યું છે. લૌકિક શાસ્ત્રો પણ કહે છે કે "અકસ્માત્ કોઈ જીવ કોઇના ચિત્તમાં કયારે કેવી રીતે કયાંથી કયા માર્ગે પ્રવેશ કરે છે કે ઊદુંબરના ફળની જેમ તેના ચિત્તને ચીરવાથી, કાપવાથી, ટૂકડા કરવાથી, ચૂરવાથી કે ગાળવાથી પણ તે જીવ નીકળતો (શોધ્યો જડતો) નથી." અર્થાત્ તે ટેટાઓમાં અતિસૂક્ષ્મ ઘણા જીવો છે, માટે દયાળુ જીવે ક્ષણિક કૃત્રિમ સ્વાદ માટે તેનું ભક્ષણ કરવું યોગ્ય નથી.[૭]

૧૦. **બરફ**— અસંખ્યાતા અપ્કાય જીવોનો સમુહ છે. યન્ત્રદ્વારા બનાવેલો કૃત્રિમ અને અતિહિમ પડતાં જામેલા પાણીનો બની જતો અકૃત્રિમ, બન્ને બરફ (અને આઇસક્રીમ, સોડા, લેમન, વગેરે પીણાં જેમાં ત્રસજીવોની પણ સંભાવના છે તે દરેક) અભક્ષ્ય છે માટે આત્માર્થીએ તે તજવાં જોઇએ.

૧૧. **ઝેર**— અફીણ-સોમલ-વચ્છનાગ, વગેરે દરેક જાતિનાં ઝેર, મન્ત્રથી કે યંત્રથી તેને માર્યાં હોય, તેની ઝેરી શક્તિનો નાશ કર્યો હોય, તોપણ પેટમાં જતાં જ અંદરના કૃમિ વગેરે ત્રસજીવોનો નાશ કરે છે અને અફીણાદિના વ્યસનથી મરણ વખતે પ્રાયે ભાન નાશ પામે છે, માટે દરેક ઝેરી પદાર્થો તજવા જોઇએ.

૧૨. **કરા**— કાચા વરસાદથી પડતા કરા પણ અસંખ્યાત અપ્કાય જીવોના પિંડરૂપ હોવાથી અભક્ષ્ય જાણવા.

દેવનું સ્નાન કરે છે તે કેટલું હાસ્યાસ્પદ છે? માખી વગેરે આહાર ઉપર બેસે તો આહાર પણ અશુચિ બને, તે માખીઓની લાળને પવિત્ર કોણ માને? એમ અપવિત્ર, ઉચ્છિષ્ટ, અને જીવમય મધનું ભક્ષણ વગેરે સર્વથા તજવું જોઇએ,

૬. મહારાષ્ટ્ર વગેરે પ્રદેશોમાં તાજા ઘીને માટે કેટલાય દિવસો સુધી રાખી મૂકેલા માખણના પિંડ વેચાણ લઈને માણસો ઘી બનાવે છે, તે ઉચિત નથી.

૭. ચિંતામણી રત્નતુલ્ય માનવનો ભવ સર્વજીવોના રક્ષણ-પાલન માટે મળ્યા પછી પણ જો માણસ આવાં અભક્ષ્ય ભક્ષણ કરી જીવોને હણે તો તે નીચી ગતિઓમાં જઇને અનંતીવાર હણાય, એમાં આશ્ચર્ય કે અયોગ્ય શું છે? રક્ષક પોતે ઘાતક બને તેને ધર્મ કેમ કહેવાય? અને અધર્મથી જીવ સુખી કેમ થાય? માટે બુદ્ધિથી તત્ત્વાડતત્ત્વનો વિચાર કરી નિરર્થક હિંસાથી બચવું જોઇએ.

જો કે પાણી પણ અસંખ્ય જીવોના સમૂહરૂપ છે, તથાપિ તેના વિના જીવાય નહિ માટે તે અભક્ષ્ય નથી અને બરફ, કરા, વિગેરે જીવનોપયોગી નથી માટે અભક્ષ્ય કહ્યાં છે.[૮]

૧૩. સર્વ જાતિની માટી – માટી દેડકાં વિગેરે વિવિધ જીવોની યોનિરૂપ હોવાથી પેટમાં ગયા પછી દેડકાં વગેરે વિવિધ જાતના જીવો ઉત્પન્ન થવાનો સંભવ છે. ખડીના ભક્ષણથી આમવાત વગેરે રોગો થાય છે અને માટી સ્વયં ઝેરરૂપ હોવાથી પેટના આંતરડાંને સડાવે છે. માટીના કણમાં પણ અસંખ્યાત પૃથ્વીકાય જીવોનો સમૂહ હોવાથી મોટી હિંસા થાય છે. નીમક પણ પૃથ્વીકાય છે, તેમાં અતિસૂક્ષ્મ શરીરોનો જથ્થો હોવાથી તે સચિત્ત વાપરવું નહિ, ભગવતીસૂત્રમાં કહ્યું છે કે ચક્રવર્તીની દાસી વજ્રની શિલા ઉપર વજ્રના વાટાથી એકવીશ વાર ચૂરે છતાં નીમકના કેટલાય જીવો એવા સૂક્ષ્મ હોય છે કે તેને વાટાનો સ્પર્શ પણ થતો નથી,[૯] માટે માટી ખાવાથી કોઈ લાભ નથી, હિંસા ઘણી છે, માટે સર્વજાતની માટી અભક્ષ્ય કહી છે.

૧૪. રાત્રિભોજન – રાત્રે રાંધવામાં, ખાવામાં, પાત્રો માંજવામાં ઘણા છકાય જીવોની હિંસા સંભવિત છે. **યોગશાસ્ત્ર** વગેરેમાં કહ્યું છે કે રાત્રિભોજનમાં કીડીના ભક્ષણથી બુદ્ધિનો નાશ, માખીથી વમન, જૂના ભક્ષણથી જલોદર અને કરોલીયાના ભક્ષણથી ભયંકર કોઢ રોગ થાય. ભોજનમાં વાળ ખવાય તો સ્વરભંગ, કાંટો – લાકડું વગેરેથી ગળાનું દર્દ અને વેંગણના

---

૮. અહીં જણાવેલાં બાવીશે અભક્ષ્યો જીવનમાં જરૂરી નથી, કેવળ સ્વાદ વગેરે જડ સુખના રાગથી વપરાય છે, માટે અભક્ષ્ય છે. પાણી પેય છે, તથાપિ હિંસા તો છે જ, માટે વિવેકી મનુષ્યે તેને પણ ઘી તુલ્ય સમજી બને તેટલું ઓછું વાપરવું જોઈએ.

બાહ્ય સુખના રાગથી પણ કરાતાં પાપો પરિણામે મહાદુઃખ આપે છે એમ શાસ્ત્રો કહે છે. કારણ કે બાહ્ય સુખના રાગથી પાપનો અનુબંધ થાય કે, તેથી પરંપરાએ અનેકાનેક ભવો સુધી તેનાં દુષ્ટ ફળો ભોગવવાં પડે છે. જીવનમાં અનિવાર્ય પણ પાપો પાપભીરુતાથી કરનારને દયાનો અનુબંધ પડે છે, તેથી પરિણામે પાપોથી છૂટી સર્વવિરતિ સ્વીકારી શકે છે.

વર્તમાનમાં પાણીના નળો, બાથરૂમો, પાયખાનાં, પંખા, પલંગો, શોફા, ભોજન માટે ટેબલ–છુરશીઓ, વગેરે વધી રહેલાં અનેક સાધનો પણ પાપરૂપ છે, તેના રાગથી પાપનો અનુબંધ થતાં ઉત્તરોત્તર જીવ ક્રૂર–ઘાતકી બને છે, તેથી હિંસક અવતારોને પામે છે અને ચાર ગતિમાં દીર્ઘકાળ સુધી દુઃખી થાય છે. આ જિનકથિત પરમ સત્ય પ્રત્યે આદર કરી આત્માર્થીએ અનિવાર્ય પાપોમાં પણ વિવેકી બની બને તેટલાં પાપોને તજવાં જોઈએ.

૯. કુંભારના નિભાડા નીચે કે કંદોઇની ભઠ્ઠી નીચે માટીના ઘડામાં નીમકને સીલ કરીને દાટવામાં આવે તો ઉપરના અગ્નિના તાપથી ઓગળીને પાણી થઇ જાય, પછી ઠરે ત્યારે પાકું બલમન (અચિત્ત) થાય છે અને વર્ષો સુધી અચિત્ત રહે છે. ડબલ પાણીમાં ઊકાળીને (સાકરની ચાસણીથી ગુરુ ખાંડ બનાવવાની જેમ) રસ બનાવીને ઠારેલું અચિત્ત બને, પણ તે પાણીમાં ઉકાળેલું હોવાથી બે ચાર મહીને પુનઃ સચિત્ત થાય. તાવડી વગેરેમાં સેકીને લાલ બનાવેલું પણ અચિત્ત થાય, પણ અઠવાડીયા પછી સચિત્ત થઈ જાય એવો વ્યવહાર છે.

શાકમાં વિંછી ખવાઈ જાય તો તાળવું વિંધાઈ જાય. વેંગણનાં ડીંટાં વિંછીના આકારનાં હોવાથી આકારની સમાનતાથી અંધકારમાં વિંછીનું ભક્ષણ થઈ જાય.

નિશિથચૂર્ણિમાં કહ્યું છે કે "ગિરોલીના અવયવથીમિશ્ર ભોજન ખાવાથી પેટમાં ગિરોલીઓ ઉત્પન્ન થાય છે." **સંબોધ પ્રકરમાં** કહ્યું છે કે "રાત્રિએ રાક્ષસ-ભૂત-પ્રેતાદિ ફરતા હોય છે તે રાત્રિભોજન કરનારને ઉપદ્રવ કરે (છળે) છે.

તૈયાર મિઠાઇ કે ખર્જૂર, દ્રાક્ષા વગેરેમાં રાત્રે રાંધવા વગેરેની હિંસા ન થાય, પણ તેમાં ચઢેલા કુંથુઆ વગેરેની કે તદ્વર્ણી લીલ-ફૂગ વગેરેની હિંસાનો સંભવ છે. **નિશીથભાષ્યમાં** તો કહ્યું છે કે અવધિજ્ઞાનાદિ પ્રત્યક્ષજ્ઞાનવાળા જ્ઞાનબળે કુંથુઆ વગેરેને પ્રત્યક્ષ જોઈ-જાણી શકે, છતાં રાત્રિભોજન કરતા નથી. જો કે દીપક વગેરેથી કીડી વગેરે સ્થૂલ જીવો દેખાય, તો પણ વિશિષ્ટ જ્ઞાનીઓએ રાત્રિભોજન અનાચરણીય માન્યું છે, માટે તજવું જ જોઇએ. રાત્રિભોજનમાં જીવહિંસાથી પ્રાણાતિપાત, જિનવચનથી વિરુદ્ધ આચરણરૂપે મૃષાવાદ, જિનાજ્ઞાના અપાલનથી તીર્થંકર અદત્ત, રસનેન્દ્રિયની લોલુપતાથી અબ્રહ્મ અને બાહ્ય સુખની મમતા-મૂર્છાથી પરિગ્રહ, એમ પાંચે પાપોથી પાંચ મૂળ વ્રતોની વિરાધના થાય છે.

અજૈનો પણ કહે છે કે સ્વજન માત્ર અસ્ત (મરણ) પામતાં સૂતક લાગે, તો દિવાનાથ-સૂર્યના અસ્તથી ભોજન કેમ કરી શકાય? તેઓ રાત્રિએ પાણીને રૂધિર અને ભોજનને માંસતુલ્ય માનતા હોવાથી રાત્રિભોજનને માંસ ભક્ષણ તુલ્ય કહે છે.

રાત્રિભોજનથી જીવ અન્યભવમાં ઘૂવડ, કાગડા, બિલ્લાડા, ગીધ, મૃગ કે મચ્છ, તથા ભૂંડ, વિંછી, સાપ અને ગિરોલી વગેરે અવતારો પામે છે. **સ્કન્દપૂરાણમાં** કપાલમોચન સ્તોત્રમાં કહ્યું છે કે- હંમેશાં એક જ વાર ભોજનથી અગ્નિહોત્રનું અને રાત્રિભોજન ત્યાગથી તીર્થયાત્રાનું ફળ મળે છે. **યોગશાસ્ત્રમાં** પણ કહ્યુ છે કે રાત્રિએ યજ્ઞકર્મ, સ્નાન, શ્રાદ્ધભોજન, દેવપૂજા કે દાન કરાય નહિ. અને રાત્રિભોજન તો સર્વથા કરાય નહિ. **આયુર્વેદમાં** કહ્યુ છે કે સૂર્ય અસ્ત થતાં હૃદય કમળ અને નલિકમળ બંને સંકોચાઇ (બીડાઇ) જાય છે. અને સુક્ષ્મ જીવો ભોજનમાં ખવાઈ જાય માટે રાત્રિભોજન કરવું નહિ.

એમ **જૈન-અજૈન** અનેક શાસ્ત્રોમાં રાત્રિભોજનને ત્યાજ્ય કહ્યું છે, માટે તજવું હિતકર છે. છતાં અશક્ય હોય તો પણ અશન અને ખાદિમ તો તજવાં જ જોઇએ. સ્વાદિમ પણ દિવસે બરાબર જોઈ તપાસી રાખેલું હોય તેને જયણાપુર્વક વાપરવું, અન્યથા ત્રસાદિ જીવોની હિંસા થાય. ઉત્સર્ગથી તો યોગશાસ્ત્ર વગેરેમાં કહ્યું છે કે- રાત્રિભોજનના દોષનો જાણ પુણ્યવાન આત્મા દિવસની પહેલી અને છેલ્લી બે બે ઘડી છોડીને દિવસના શેષ ભાગમાં ભોજન કરે. આ કારણે જૈનશાસ્ત્રોમાં સવારે ઓછામાં ઓછુ પણ નમુક્કારસહિતનું અને (સાંજ છેલ્લી બે ઘડી શેષ રહે તે પૂર્વે જ) રાત્રિનું ચઉવિહારનું પચ્ચકખાણ કરવા કહ્યું છે. એમ

રાત્રિભોજન મહાપાપ હોવાથી આત્માર્થીએ તેનો ત્યાગ અવશ્ય કરવો જોઇએ.[૧૦]

૧૫. બહુબીજ—કોઠીંબડાં, રીંગણાં, ખસખસ, રાજગરો પટોળાં, વગેરે જે ફળોમાં અંતરપટ વિના ઘણાં બીજો હોય તે પદાર્થોને બહુબીજ કહ્યા છે, (દાડિમ કે ટિન્ડોરાં વગેરેમાં બીજ ઘણાં છતાં આંતરે આંતરે પડ હોવાથી તે બહુબીજ નથી.) આવાં ફળો વગેરેના ભક્ષણથી તે બીજોના ઘણા જીવોનો નાશ થાય માટે બહુબીજ અભક્ષ્ય છે.

૧૬. અજાણ્યા ફળો—જે ફળોની જાતિ, ગુણ, વગેરેને ખાનાર કે ખવરાવનાર જાણતા ન હોય તેના ભક્ષણથી મૃત્યુ પણ થાય, એ કારણે તેને અભક્ષ્ય કહ્યાં છે. ઉપલક્ષણથી અજાણી મીઠાઈ-ફૂલ-પત્ર-શાક વગેરે સર્વ અભક્ષ્ય જાણવું કારણ કે કોઈ વાર પોતે નિયમ (ત્યાગ) કરેલી વસ્તુ તેમાં ખવાઈ જાય તો નિયમભંગ પણ થાય. જૈનદર્શનમાં પ્રસિદ્ધ વંકચૂનું દૃષ્ટાન્ત ધ્યાનમાં લઇ અજાણી વસ્તુનો ભોગ-ઉપભોગ તજવો જોઇએ.

૧૭. સંધાન— બોળ અથાણાં કે જે અનેક ત્રસ જીવોની ઉત્પત્તિથી બને છે, વ્યવહારથી અથાણું ત્રણ દિવસ પછી અભક્ષ્ય બને, પૂર્ણ સૂકાયા પછી જ તેલબૂડ કરેલું ફલ્પે,

---

૧૦. મહામહોપાધ્યાય શ્રી યશોવિજય ગણિવરે તો "**निशाभक्ते स्वरूपतो दूषितत्वविचारप्रकरणम्**" નામે પ્રકરણ રચ્યુ છે, તેમાં જેમ હિંસા અસત્યથી ચોરી વગેરે સ્વરુપે જે પાપો છે. તેમ રાત્રિભોજન સ્વયં સ્વરૂપથી પણ પાપ છે, એમ સિદ્ધ કર્યું છે. વિશેષાર્થીએ તે પ્રકરણ જોઈ લેવું.

એ સિવાય પણ રાત્રિભોજન વિવિધ રીતે મહાપાપ છે એમ વિવિધ શાસ્ત્રોમાં જણાવ્યું છે. દરેક ક્રિયા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના સહકારથી શુભાશુભ ફળ આપે છે, જેમ દ્રવ્યથી-માંસ વિગેરે દ્રવ્યો દુષ્ટ હોવાથી અભક્ષ્ય છે, ક્ષેત્રથી-સ્મશાન વિગેરે સ્થળોમાં ભક્ષ્ય ભોજન અભક્ષ્ય છે, ભાવથી-રાગ-દ્વેષ-કષાય-વિગેરે દુષ્ટ ભાવપૂર્વક કરેલું ભોજન દુષ્ટ છે, તેમ કાળથી - રાત્રિભોજન અભક્ષ્ય છે.

રાત્રિનો કાળ યોગીઓ - જ્ઞાનીઓ સિવાયના પ્રાયઃ સર્વ જીવોને પાપનો પ્રેરક છે, રાત્રિ થતાં જ તેવાં જીવો પાપની પ્રવૃત્તિ શરુ કરે છે. તેથી રાત્રિનું વાતાવરણ પાપમય હોય છે. રાત્રિએ પ્રાયઃ જીવોને પાપવૃત્તિ જાગે છે. હિંસકો, ચોર, જુગાર, વ્યભિચારી, માંસાહરી પશુ - પક્ષિઓ, વગેરે સઘળા રાત્રે પાપ પ્રવૃત્તિ કરે છે, માટે તે કાળે કરેલું ભોજન પણ પાપભોજન બને, તેનાથી બુદ્ધિ પણ પાપી બને અને પાપબુદ્ધિથી આ જન્મ - ભાવિ જન્મો બધું અહિતકર બને.

આર્યસંસ્કૃતિમાં ભોજનપૂર્વે સ્નાન, પ્રભુભક્તિ, દાન, વગેરેથી ચિત્તને શાન્ત - સંતુષ્ટ બનાવી પછી વૈરાગ્યથી ભોજન કરવાનું વિધાન છે. યોગી પુરુષો નિર્મળ - વૈરાગી ચિત્તથી ભોજન કરતા હોવાથી તેમનું ભોજન યોગબળની વૃદ્ધિ કરે છે. વગેરે બાહ્ય આચારોમાં પણ અધ્યાત્મદૃષ્ટિ રહેલી છે.

આજે સારા કુળોમાં પણ અધમાધમ આહારની લોલુપતા જોવામાં આવે છે, તેના મૂળમાં રાત્રિભોજન મુખ્ય કારણ છે. શાસ્ત્રોક્ત વિધિ - નિષેધો જિનકથિત હોવાથી એકાંતે હિતકર છે, તેથી તેની ગંભીરતા ન સમજાય તો પણ તેના પાલનમાં જ હિત છે.

થોડી પણ હવા રહી હોય તો તે અભક્ષ્ય બને. યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે કે કેરી વગેરેનાં અથાણાં જીવસંસક્ત બને તો ધર્મી દયાળુ શ્રાવક તેનું ભક્ષણ ન કરે.[૧૧]

૧૮. અનંતકાયિક— એક શરીરમાં અનંતા જીવોવાળા કંદ-મૂળ વગેરે પદાર્થો અનંતકાયિક હોવાથી અભક્ષ્ય છે. કહ્યું છે કે- સર્વ મનુષ્યોથી સાતે નારકીના સમગ્ર નારકીઓ અસંખ્યાત ગુણ છે, નારકીઓથી સર્વ દેવો, દેવોથી પંચેન્દ્રિય તિર્યંચો, તેઓથી સર્વ વિકલેન્દ્રિય જીવો અને તેઓથી સર્વ અગ્નિકાય, એ દરેક ક્રમશઃ પૂર્વ પૂર્વ જીવોથી પછી પછીના અસંખ્યાત ગુણા હોય છે. તે પછી અગ્નિકાયથી સર્વ બાદર પૃથ્વીકાય, તેનાથી સર્વ અપ્કાય અને તેનાથી સર્વ વાયુના જીવો અધિક અધિક હોય છે. આ ઉપર કહેલા એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ જીવો મળીને પણ અસંખ્યાતા હોય છે, તે સર્વથી સિદ્ધો અનંતગુણા અને સર્વ સિદ્ધોથી અનંતકાયના એક શરીરમાં અનંતગુણા જીવો હોય છે. એમ એક અનંતકાયના શરીરમાં અનંતાનંત જીવો હોય છે. આ અનંતકાયિક વનસ્પતિના ઘણા પ્રકારો છે. તે પૈકી આર્યદેશમાં પ્રસિદ્ધ માત્ર બત્રીશનાં નામ શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યા છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે "**आर्द्रः कन्दः समग्रोऽपि**" અર્થાત્ સર્વ પ્રકારની વનસ્પતિનો લીલો કન્દ (થડ નીચેની ગાંઠનો ભાગ) અનંતકાયિક છે, (સૂકાયા પછી અનંતકાય નથી.) તે પૈકી

૧. સૂરણકંદ, ૨. વજ્રકંદ (વજ્રતરૂકંદ), ૩. લીલી હળદળ, ૪. આદુકંદ, ૫. લીલો કચ્ચૂરો, ૬. શતાવરી વેલી, ૭. વિરાલી વેલી (સોફાલી), ૮. કુંઆરી (પ્રસિદ્ધ છે), ૯. દરેક જાતના થોરીયા (હાથીઆ-કાંટાળા વગેરે જેની વાડો થાય છે), ૧૦. ગડૂચી (પ્રત્યેક જાતની ગળોના વેલા), ૧૧. લસણ કંદ, ૧૨. વાંસકારેલાં (પ્રસિદ્ધ છે,) ૧૩. ગાજરકંદ, ૧૪. લવણક (લૂણી-જેનો સાજીખાર છે), ૧૫. લોઢક (પદ્મીની કંદ-જળાશયોમાં થતાં

૧૧. કેટલીક વસ્તુઓ તો તડકે ઘણી તપાવવા છતાં સૂકાતી નથી, હવાવાળી રહેવાથી બોળ બની જાય તો, ચોવીશ પ્રહર પછી તેમાં નિયમા જીવો ઉપજે. વળી ભક્ષ્ય અથાણાં પણ બરણી વગેરેમાંથી લેવામાં ચમચી આદિનો ઉપયોગ ન કરે, ભીના-મેલા-એંઠા ચમચા કે હાથથી કાઢે તો બરણીમાં રહેલા અથાણામાં સંમૂર્છિમ મનુષ્યની પણ ઉત્પત્તિ થાય.

અથાણું કંઈ જીવનનો આધાર નથી, સ્વાદને કારણે ખવાય છે, માટે ઉત્સર્ગથી તો અથાણું સર્વથા તજવું જોઈએ. રાગથી બાંધેલી વસ્તુ જીવમાં રાગ-દ્વેષ-મોહ પ્રગટાવી (વધારી) અધર્મી બનાવી દે છે. આહાર જીવનનો આધાર છે, તે રાગ-દ્વેષ થાય તેવો, કે તે રીતે લેવાથી સત્ત્વગુણ નાશ પામે અને સત્ત્વ વિનાનું જીવન રાગ-દ્વેષ વગેરેથી વિકૃત બની સંસારમાં રખડાવી મૂકે. એમ ભોજનની સાથે અધ્યાત્મનો ઘનિષ્ટ સંબંધ છે, તેથી જૈનશાસ્ત્રોમાં ભક્ષ્ય અભક્ષ્ય અંગે વિસ્તૃત અને સૂક્ષ્મ વિચાર કરેલો છે. આત્માર્થીઓ આ અંગે "અભક્ષ્ય અનંતકાય વિચાર" પુસ્તકનો વારંવાર સતત અભ્યાસ કરવાની અને ગુરુદ્વારા સમજવાની જરૂર છે. અહીં કેટલું લખાય ?

પોયણાં), ૧૬. ગિરિકર્ણિકા–(કચ્છની પ્રસિદ્ધ વેલડી), ૧૭. કિસલયો, ૧૮. ખરસઇયો[૧૨] (કંદ કસેરુ–ખીરિશુક પણ કહે છે), ૧૯. થેગની ભાજી (તેનો પોંખ પણ પ્રસિદ્ધ છે), ૨૦. લીલી મોથ (જળાશયોમાં થાય છે તે પાકે ત્યારે શ્યામવર્ણી બને છે), ૨૧. લવણવૃક્ષની છાલ (તેને ભ્રમરવૃક્ષ પણ કહે છે, છાલ સિવાયના અંગો પ્રત્યેક છે), ૨૨. ખિલ્લહડો કંદ, ૨૩. અમૃતવેલનો વેલો, ૨૪. પ્રત્યેક જાતના મૂળાનો કંદ (કંદ સિવાયનાં મૂળાનાં પાંચે અંગો ડાંડલી, પત્રો, ફૂલ, મોગરા, અને દાણા સર્વ અભક્ષ્ય છે), ૨૫. ભૂમિરુહ (બીલાડીના ટોપ વર્ષાકાળમાં છત્રાકારે ભીંત વગેરેમાં ઊગે છે), ૨૬. વિરુઢ (દરેક અનાજને ભીંજવ્યા પછી થોડા વખતે તેની યોનિમાંથી પ્રગટ થતા અંકૂરા, (આ અંકૂરા પ્રગટ્યા પછી તે અનાજને બાફે કે ઉપયોગમાં લે, તો પણ અનંતકાયલક્ષણ દોષ લાગે), ૨૭. ઢક્ક વત્થૂલ (વત્થૂલા શાક છે, તે ઊગતાં અનંતકાય અને કઠીન રૂઢ બને ત્યારે પ્રત્યેક હોય છે), ૨૮. શૂકરવલ્લી (જંગલમાં થતી મોટી વેલડીઓ તેને શૂકરવાલ કહે છે), ૨૯. પલ્યંક (પાલખાની ભાજી પ્રસિદ્ધ છે), ૩૦. કૂણી આમલી (ઠળીયા–બીજ ન થયા હોય ત્યાં સુધી તેના કાતરા), ૩૧. આલૂકંદ (રતાળુ પ્રસિદ્ધ છે), ૩૨. પીંડાળુ (ડૂંગળી કંદ).

શાસ્ત્રમાં કહેલાં આ નામો વર્તમાનમાં અન્યાન્ય દેશમાં પ્રસિદ્ધ હોય કે નામો બદલાઈ જવાથી બીજા નામે પ્રસિદ્ધ હોય તે સર્વ અનંતકાયિક અભક્ષ્ય જાણવાં. આ ૩૨ સિવાયની પણ ઘણી વનસ્પતિઓ અનંતકાયિક છે. તેને ઓળખવા શાસ્ત્રમાં લક્ષણો જણાવ્યાં છે કે–

જે પત્રો વિગેરેમાં નસો, (કુંવાર વગેરેના) સાંધા, (શેરડી વગેરેના) ગાંઠા અને પર્વો પ્રગટ ન થયાં હોય, ગુપ્ત હોય, જેને ભાગતાં (પીલુના પાંદડાની જેમ) ભાગ સરખા થાય, શક્કરીયાં વગેરેની જેમ જેમાં રેસા ન હોય, મૂળ સ્થાનેથી કાપ્યા પછી પણ (કુંવારના પાઠાની જેમ) જે ઊગે–વધે, એ પૈકી કોઈ એક પણ લક્ષણવાળી વનસ્પતિ અનંતકાયિક અને આ એક પણ લક્ષણ જેમાં ન હોય તે પ્રત્યેક જાણવી.

જીવાભિગમ વિગેરેમાં ઉપરનાં બત્રીસ ઉપરાંત પણ ઘોષાતકી અને કેરડાના અંકુરા, તિંદુક વૃક્ષ, જેમાં ગોટલી બાઝી ન હોય તેવી કેરીઓ, કોમળ (બીજ વિનાના) ચીભડાંના મરવા, વગેરે તથા વરુણ, વડ, લીમડો, વગેરે વૃક્ષોના નવા કોમળ અંકુરા ઇત્યાદિને પણ અનંતકાયિક કહ્યાં છે. અનંતકાયનું ભક્ષણ નરકનું દ્વાર છે, કહ્યું છે કે ૧. રાત્રિભોજન, ૨. પરસ્ત્રીસેવન, ૩. બોળ અથાણાં અને ૪. અનંતકાયનું ભક્ષણ, એ ચાર પાપો નરકનાં દ્વાર છે.

અનંતકાયિક કે બીજી પણ અભક્ષ્ય વસ્તુ અચિત્ત કરી હોય કે સ્વયં થઈ ગઈ હોય તો પણ તેનું ભક્ષણ કરવાથી ક્રૂરતા, લોલુપતા, વગેરે દોષો પ્રગટે છે અને પરંપરાએ સ્વાદને વશ

૧૨. દરેક વનસ્પતિનાં પ્રગટ થતાં પાંદડાં અંકૂરા સર્વ પ્રથમ અનંતકાય અને રૂઢ થયા પછી પ્રત્યેક વનસ્પતિનાં હોય તે પ્રત્યેક બને અને અનંતકાયનાં અનંતકાય રહે. જેમ મેથીની ભાજીનાં મૂળમાં જાડાં પત્રો અનંતકાય છે તેમ સર્વ વનસ્પતિનાં પ્રથમ પત્રો–કુંપળો–અંકૂરા વિગેરે અનંતકાય છે.

સચિત્તનું પણ ભક્ષણ કરવાનો પ્રસંગ આવે છે. કહ્યું છે કે– એક માણસ અકાર્ય (પાપ) કરે, તો બીજા તે જોઈને તેમ કરે, એમ જીવો પ્રાયઃ પ્રમાદના પક્ષકાર હોવાથી પરંપરાયે કુલ–ધર્મ–દેશ–કાળ વિરુદ્ધ એવી અસંયમની–પાપની પ્રવૃત્તિ વધે, માટે ઊકાળેલાં પણ સેલરાં, રાંધેલું પણ આદુ, સુરણ–વેંગણ વગેરે શાક, અચિત્ત કરીને પણ વાપરવાં નહિ.

મૂળા માટે **શિવપુરાણમાં** કહ્યું છે કે જેના ઘરમાં મૂળો ખવાય છે કે રંધાય છે, તેનું ઘર સ્મશાન તુલ્ય હોવાથી પિતૃઓ પણ વર્જે છે. જે અધમ મનુષ્ય મૂળાની સાથે બીજું અન્ન ખાય છે, તેની શુદ્ધિ સેંકડો તપ કરવા છતાં થતી નથી. મૂળાનો ભક્ષક ઝેર, અભક્ષ્ય અને માંસ ખાનાર તુલ્ય છે, જે મૂળાનું ભક્ષણ અને ગળીનું વાવેતર કરે તે મહાપાપી અનંત કાળ નરકમાં રીબાય છે.

પ્રભાસપુરાણમાં પણ કહ્યું છે કે પુત્રમાંસના ભક્ષણ કરતાં પણ મૂળાનું ભક્ષણ મહાપાપ છે. યુધિષ્ટિર કૃષ્ણને કહે છે કે હે દેવ ! મેં અજ્ઞાનથી મૂળાનુ ભક્ષણ પૂર્વે કર્યું છે, તે પાપનો તમારા નામજપથી નાશ થાઓ ! માટે મહાપાપનું કારણ હોવાથી મૂળાના પાંચે અંગો તજવાં, એમ અનંતકાય નામના ૧૮ મા અભક્ષ્યનું વર્ણન જણાવ્યું.

૧૯. વૃન્તાક—વેંગણ એ નિદ્રા અને કામની વૃદ્ધિ વગેરે દોષોનું કારક છે. શિવપુરાણમાં પણ મહાદેવજી પાર્વતિને ઉદ્દેશીને કહે છે કે જે વેંગણ–કાલિંગડાં અને મૂળા ખાય છે તે મૂઢ મરણ સમયે મારું સ્મરણ કરી શકતો નથી. અર્થાત્ વેંગણ બુદ્ધિને વિકૃત કરનાર હોવાથી અભક્ષ્ય કહ્યું છે.

૨૦. ચલિતરસ— જે પદાર્થનો રસ અને ઉપલક્ષણથી વર્ણ, ગંધ કે સ્પર્શ બદલાઈ જાય તે પદાર્થ ચલિતરસ કહેવાય, આગળના દિવસે પાણી સાથે રાંધેલું વાસી કે કોહેલું અન્ન, ગોરસ સાથેનું કઠોળ, વાસી નરમ (લોચા) પુરી, પાણીમાં રાંધેલો ભાત, તાંદળા, કોદરા, વગેરે પણ સમય જતાં ચલિતરસ બને છે. વાસી ભાત વગેરે રસોઇ, કાલાતીત પકવાન્ન, બે રાત્રી પૂર્ણ થયા પછીનું દહીં,[૧૩] છાશ, વગેરે સર્વ ચલિતરસ બને છે.

---

૧૩. દહીં માટે લઘુ પ્રવચનસારોદ્ધારની છન્નૂમી ગાથામાં "**चउपहरोवरि जायं दहि सुद्धं हवइ कप्पणिज्जं च**" પાઠથી જમાવ્યા પછી ચાર પ્રહર પૂરા થાય ત્યારે જ દહીં શુદ્ધ અને ભક્ષ્ય બને છે. તે પહેલાં આજનું જમાવેલું આજે અભક્ષ્ય છે, એમ સ્પષ્ટ કહ્યું છે. પકવાન્ન, સેકેલાં અનાજ, ખાખરા, વગેરે માટે કહ્યું છે કે– જે દિવસે બનાવે તે દિવસ સહિત શીતકાળમાં એક માસ, ઉષ્ણકાળમાં વીસ દીવસ અને વર્ષાકાળમાં પંદર દિન પછી વર્ણાદિ ન બદલાય તો પણ અભક્ષ્ય અને વર્ણાદિ બદલાય તો તે મુદત પહેલાં પણ અભક્ષ્ય થાય.

વર્તમાનમાં **વેજીટેબલ ઘી, ડેરીઓનાં દૂધ,** તેનો **દૂધપાક, વાસી માવો,** તેની બનેલી **મીઠાઈ, કાલાતીત દહીં** અને તેનો **શીખંડ** વગેરે ઘણી બજાર વસ્તુઓ અભક્ષ્ય બને છે. **જલેબી, હલવો,** વગેરે આથો આવ્યા (લોટને કહોવડાવ્યા) પછી બને છે, પાઊડર વગેરેથી દિવસે આથો લાવે તો પણ તે

દશવૈકાલિક સૂત્રની ટીકામાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ લખે છે કે- કાલાતીત છાશ, દહીં, કાંજી, ઓસામણ, વગેરે રસોમાં વિષ્ટાના કીડાતુલ્ય આકારવાળા અતિસૂક્ષ્મ જીવો ઉપજે છે,

યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે બે દિવસ (રાત્રી) વ્યતીત થયેલું દહીં તજવું. **દ્વિદલ** માટે પણ કહ્યું છે કે મગ, અડદ, વગેરે કઠોળ કાચા દૂધ-દહીં કે છાશ વગેરેમાં ભળે તો તુર્ત જ અસંખ્ય ત્રસ જીવો ઉપજે છે. કઠોળ તેને કહેવાય કે જેની સરખી બે ફાડ થતી હોય અને તેમાંથી તેલ નીકળતું ન હોય. મેથી, મેથીની ભાજી, કે કોઇ પણ કઠોળ અને તેની શિંગો, પાંદડા, વગેરે અંગો પણ કાચા ગોરસમાં ભળવાથી જીવો ઉપજે છે.

૨૧. તુચ્છ ફળો- જેનાથી ભૂખ ભાંગે નહિ, એવા તુચ્છ ફળો, પત્રો, ફૂલો, મૂળીયાં, વગેરે અભક્ષ્ય છે, અરણી, કેરડો, સરગવો, મહુડો, વગેરે વૃક્ષનાં પુષ્પો અને મહુડાં, જાંબૂ, ટીંબરૂ, પીલુ, પાકા કરમદા, ગુંદા, પીચુ ફળ, બોરસલ્લી ફળ, કાચર, કોઠીંમડા, ખસખસ, વગેરે તુચ્છ ફળો છે. સંક્ષિપ્ત પાક્ષિક અતિચારમાં વાલોર-વડબોરને પણ અભક્ષ્ય કહ્યા છે. (તથા કોબિજ વગેરે પણ) ઘણા જીવોથી સંસક્ત હોવાથી વર્જ્ય છે, બીજા પણ મૂળીયા વગેરે તથા ચોળા-મગ-તુવર વગેરેની પૂર્ણ નહિ પાકેલી શીંગો, વગેરે દરેક ખાવા છતાં ભૂખ ન ભાંગે, હિંસા ઘણી થાય, ખાવાનું થોડું-ફેંકી દેવાનું ઘણું વગેરે અનેક કારણે તુચ્છ ફળો તરીકે અભક્ષ્ય કહ્યા છે.

૨૨. કાચા ગોરસ યુક્ત કઠોળ- સારી રીતે ગરમ કર્યા વિનાના દુધ, દહી, છાશ, શિખંડ, વગેરે ગોરસમાં દ્વિદલ ભળવાથી અભક્ષ્ય થાય છે. સંબોધ પ્રકરમાં સંસક્ત નિર્યુક્તિની ગાથાની સાક્ષીપૂર્વક કહ્યું છે કે- સર્વ દેશમાં અને સર્વ કાળમાં કાચા ગોરસમાં કઠોળ ભળતાં નિગોદ તથા પંચેન્દ્રિય ત્રસ જીવો ઉપજે છે.[૧૪]

અભક્ષ્ય ગણાય. કારણ કે લોટને કહોવડાવવાથી અસંખ્ય ત્રસ જીવો ઉત્પન્ન થાય, તેને ભાષામાં **આથો** કહે છે. **કેરી** દેશી-પરદેશી કે તાજી વૃક્ષથી ઊતરેલી હોય પણ આર્દ્રા નક્ષત્રની હવા લાગતાં જ તેમાં ત્રસ જીવો ઉપજવાનો સંભવ છે, આ વિષયમાં ઘણું જાણવા યોગ્ય છે તે આ ગ્રન્થના વિસ્તૃત ભાષાંતરથી અને "અભક્ષ્ય અનંતકાય વિચાર" નામના પુસ્તકથી ગુરુગમથી જાણી લેવું.

૧૪. શાસ્ત્રોમાં શ્રદ્ધાગમ્ય અને યુક્તિગમ્ય બે પ્રકારના પદાર્થો વર્ણવ્યા છે, મંદબુદ્ધિવાળા જીવો ન જ સમજી શકે તેવા ભાવો જગતમાં ઘણા છે, તેને શ્રધ્ધાથી માનવા જોઈએ અને યુક્તિથી સમજાય તેને યુક્તિથી સમજવા જોઇએ. ઉપદેશકે પણ શ્રધ્ધાગમ્યને શ્રધ્ધાથી અને યુક્તિગમ્યને યુક્તિથી સમજાવવા જોઇએ, તેથી વિપરીત રીતે ઉપદેશ કરનાર સિધ્ધાંતનો વિરાધક છે એમ પંચવસ્તુની ૯૯૩ ગાથામાં કહ્યું છે. અહીં કહેલી ભક્ષ્યાભક્ષ્યની ઘણી બાબતો શ્રધ્ધાથી માનવા યોગ્ય છે, કરુણાસમુદ્ર, વીતરાગ અને નિઃસ્વાર્થ ઉપકારી શ્રી અરિહંત દેવોએ ઉપદેશ એકાંતે જીવોના હિતાર્થે કરેલો છે, માટે તેમાં અસત્યનો લેશ પણ નથી, આપણને ન સમજાય તેમાં ક્ષયોપશમ વગેરેની ન્યૂનતા કારણ છે. વિશિષ્ટ જ્ઞાનીઓ તો તેને પ્રત્યક્ષ જોઈ-જાણી શકે છે.

સાતમા વ્રતમાં ચૌદ નિયમો વગેરેના નિરતિચાર પાલન માટે શ્રાદ્ધવિધિમાં કહેલી સચિત્ત અચિત્ત અને મિશ્ર વસ્તુઓને સારી રીતે સમજવી જોઇએ. તેમાં કહ્યું છે કે– પ્રાયઃ સઘળા ધાન્યો, ધાણા, જીરું, અજમો, વરિયાલી, સવા, રાઈ તથા ખસખસ, વગેરે કરિયાણા, સર્વ લીલા ફળ, પાંદડાં, લવણ, ખારી, ખારો, રાતા સિંધવ અને રાતો સંચળ, ઊસ વગેરે સર્વ અકૃત્રિમ ખાર, માટી, ખડી, રમચી–ગેરુ અને લીલા દાંતણ એ સર્વ વ્યવહાર નયથી સચિત્ત ગણાય છે.

ભીંજવેલાં આખા ધાન્યના દાણા તથા કઠોળની દાળો પણ કોઇ કોઇ નખી સહિત હોવાથી મિશ્ર છે, વળી ખાર દીધા વિના, બાફ્યા વિના, કે રેતી વિના સેકેલાં ધાન્ય (ધાણી) મિશ્ર છે. ખાર દીધા વિના બાંડેલા તલ તથા સેકેલા ઓળા, પોંખ, ઉંબી (કણસલા) ચોળા–મગ વગેરેની શિંગ, સેકેલી પાપડી, માત્ર ચૂલે વઘારેલાં કાચાં–પાકાં શાક સચિત્ત બીજ સાથેનાં પાકા ફળો, દરેક મિશ્ર ગણાય છે. તલસાંકળી બનાવી તે દિવસે મિશ્ર કહી છે. રસોઇ કે પડમાં તલ નાખી બનાવેલી રોટલી વગેરે બે ઘડી પછી અચિત્ત થાય. તલ થોડા અને ગોળ ઘણો નાખીને મહારાષ્ટ્ર–માળવા વગેરેમાં બનાવે છે તે તલસાંકળી તે દિવસે પણ અચિત્ત ગણી છે. વૃક્ષથી તત્કાળ ઊતારેલો ગૂંદર, લાખ, છાલ તથા શેરડી, લિંબુ વગેરેના તાજા રસો, તુર્ત પીલેલા તલ–સરસવ વગેરેનાં તેલ, તુર્ત બીજરહિત કરેલાં કોપરાં, શિંગડાં, સોપારી, કે પાકાં ફળો, અને વાટેલાં જીરું, અજમો વગેરે સર્વે વ્યવહારથી બે ઘડી સુધી મિશ્ર ગણાય. પ્રબળ અગ્નિ વિના તપાવેલા–સેકેલા પદાર્થો પણ બે ઘડી મિશ્ર ગણાય છે. પ્રમાણયુક્ત સાકર, ખાર, કે રાખોડી મેળવેલું પાણી પણ બે ઘડી સુધી મિશ્ર કહ્યું છે. કાચાં ફળો, શાક, અનાજ તથા મીઠું વગેરે પણ ઝીણાં વાટવા છતાં પ્રબળ અગ્નિ વિના અચિત્ત થાય નહિ. એમ સર્વ પદાર્થો માટે અચિત્ત કર્યા પછી પણ બે ઘડી મિશ્રપણું જાણવું.

સો યોજન દૂરથી પોઠ–ગાડાં વગેરે દ્વારા આવેલી હરડે, બારેક, કીસમીસ, કાળીદ્રાક્ષ, ખજુર, કાળાં–ધોળાં મરી, પીપર, જાયફળ, બદામ, વાયમ, અખરોટ, નમિજ, પીસ્તાં, ચણકબાવા તથા સફેદ સિંધવ, સાજીખાર બીડલવણ વગેરે ક્ષારો, સર્વ કૃત્રિમ ક્ષારો, કુંભારની પરિકર્મિત માટી, એલચી, લવિંગ, જાવંત્રી, સૂકી મોથ, કોકણી કેળાં, ઉકાળેલાં શિંગોડાં, ચીકણી સોપારી, વગેરે પદાર્થો વ્યવહારથી અચિત્ત મનાય છે.

બૃહત્કલ્પમાં ૧–૯૭૩ વગેરે છ ગાથાઓમાં કહ્યું છે કે– બીડલવણ, સાજીખાર, વિગેરે

વિશ્વના સઘળા વ્યવહારો જેમ શ્રધ્ધાથી ચાલે છે, તેમ આગમોક્ત શ્રધ્ધાગમ્ય ભાવો પણ શ્રધ્ધાથી જ માનવામાં હિત છે. માટે દ્વિદલ વગેરેમાં જીવોત્પત્તિ થાય છે તે શ્રધ્ધાથી માનવું જોઈએ. **મહાભારતમાં** પણ કહ્યું છે કે હે યુધિષ્ઠિર! કાચાગોરસને અડદ–મગ વગેરે સાથે ખાવું તે માંસભક્ષણ તુલ્ય છે. યોગશાસ્ત્રમાં આ બાવીશ પૈકી સોળનો નામપૂર્વક નિષેધ કરી શેષ અભક્ષ્યોને સંગ્રહ શ્લોકથી જણાવી સર્વને તજવાનું કહ્યું છે.

વસ્તુઓ મૂળ સ્થાનથી બીજા દેશમાં જતા પહેલા દિવસે થોડી, બીજા દિવસે તેથી વધારે, એમ દરરોજ અચિત્ત થતાં સો યોજન દૂર પહોંચતાં અચિત્ત થાય છે, કારણ કે – ઉત્પત્તિ સ્થાનથી અન્ય દેશમાં જતાં પોતાને પોષક હવા, પૃથ્વી, વગેરે ન મળવાથી, પ્રતિકૂળ હવા વગેરે મળવાથી અને દરરોજ અથડાવાથી અચિત્ત થાય છે. તેમાં હડતાલ, મનશિલ, પીપર, ખજુર, દ્રાક્ષ, હરડે, વગેરે અચિત્ત થવા છતાં ખજુર અને દ્રાક્ષ સાધુ-સાધ્વીને અનાચીર્ણ કહ્યાં છે.[૧૫]

વળી ચંદ્રવિકાસી કમળો(પુષ્પ)માં જે જળ(શીત)યોનિવાળાં હોય તે સૂર્યના તાપથી એક પ્રહર માત્રથી પણ અચિત્ત થઇ જાય છે અને મોગરો, જૂઇ, વગેરે ઉષ્ણ યોનિરૂપ હોવાથી તાપમાં પણ દીર્ઘકાળ સચિત્ત રહે છે. તેમ મોગરો જુઈ વગેરે પાણીમાં પ્રહર માત્રથી અચિત્ત થાય છે અને પદ્મકમળ, ઉત્થલ વગેરે શીતયોનિવાળાં પાણીમાં પણ દીર્ઘકાળ સુધી સચિત્ત રહે છે.

સામાન્ય રીતે પત્રો, પુષ્પો, અંદર બીજ બંધાયા વિનાનાં કાચાં ફળો અને વસ્તૂલો, વગેરે સઘળી કોમળ વનસ્પતિઓ તેનું બીંટ (ડીટું) મૂળ કે નાળ વગેરે કરમાતાં અચિત્ત થઇ જાય છે. શ્રી ભગવતી સૂત્ર વગેરેમાં અનાજ માટે પણ કહ્યું છે કે-દરેક જાતની ડાંગર, ઘઉં, જવ અને જવજવ એ ધાન્યો કોઠાર વગેરેમાં હવા પણ ન સંચરે તે રીતે સીલ કરી છાણ-માટી વગેરેથી લીંપીને રાખ્યા હોય તો પણ ઉત્કૃષ્ટ ત્રણ વર્ષ સચિત્ત રહે, વટાણા, મસૂર, તિલ્લ, મગ, અડદ, વાલ, કલથી, ચોળા, તુવર અને ચણા, એ રીતે રાખેલા પણ ઉત્કૃષ્ટ પાંચ વર્ષ સચિત્ત રહે તથા અલસી, કસુંબો, કોદ્રવા, કાંગ, બરંટી, રાઇ, પીળો ઝીણો ચણો, શણનાં બીજ, સરસવ તથા મૂળાનાં બીજ, એ ઉત્કુષ્ટથી સાત વર્ષ સચિત્ત રહે. તે ઉપરાંત દરેક અચિત્ત થઈ જાય અને જઘન્યથી તો કોઈ દાણા અંતર્મુહૂર્તમાં જ અચિત્ત થઈ જાય. કપાસીયા પણ ત્રણ વર્ષ સુધી સચિત્ત પછી અચિત્ત કહ્યા છે.

લોટ માટે પણ કહ્યું છે કે- અણચાળેલો લોટ દળ્યા પછી શ્રાવણ-ભાદરવામાં પાંચ દિવસ, આસો-કાર્તિકમાં ચાર દિવસ, મહા-ફાગણમા પાંચ પ્રહર, ચૈત્ર-વૈશાખમાં ચાર પ્રહર તથા જેઠ-અષાઢમાં ત્રણું પ્રહર મિશ્ર ગણાય છે. પછી અચિત્ત થઇ જાય. ચાળેલો લોટ તો તુર્ત અચિત્ત થાય છે. લોટ કયાં સુધી અચિત્ત રહે? તે શાસ્ત્રોમાં જણાતું નથી, તો પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બદલાઈ ન જાય, ખોરો કડવો ન થાય કે ઇયળો વગેરે જીવોત્પત્તિ ન થાય, ત્યાં સુધી કલ્પે.

---

૧૫. વર્તમાનમાં રેલ્વે, વિમાન, મોટરો, વગેરે સાધનોના કાળમાં અથડાવાનું અલ્પ હોય છે, તે જ દિવસે, કે બે ત્રણ દિવસોમાં સેંકડો ગાઉ દૂર લઇ જવાય છે, તેથી અચિત્તપણું થાય કે કેમ? એ વિચારણીય છે, વર્તમાનમાં તો જુદા જુદા દેશોમાં પણ વાવેતર થાય છે, તેથી પ્રતિકૂળ હવા વગેરેનો પણ પ્રસંગ નથી, વગેરે ભવભીરુ આત્માઓએ વિચારણીય છે.

પાણી માટે પિંડનિર્યુક્તિ ગા.–૧૮ માં કહ્યું છે કે અગ્નિથી પૂર્ણ ત્રણ ઉકાળા (ઉભરા) ન આવે ત્યાં સુધી પાણી મિશ્ર, પૂરા ત્રણ ઉભરા પછી જ અચિત્ત થાય. વર્ષાનું પાણી ગામ શહેર વગેરેમાં ઘણા મનુષ્યોની જવર અવરથી અચિત્ત ન થાય (ડહોળાય નહિ) ત્યાં સુધી મિશ્ર, પછી અચિત્ત અને જંગલમાં પહેલું વરસેલું મિશ્ર, પછી વરસેલું સચિત્ત જાણવું. ચોખાનું ધોવણ જે ભાજનમાં હોય તેમાં નીતરીને પૂર્ણ નિર્મળ થાય નહિ, ડહોળું રહે ત્યાં સુધી મિશ્ર અને પૂર્ણ નીતરેલું સ્વચ્છ થાય ત્યારે અચિત્ત જાણવું. તેમાં પણ પહેલું, બીજી વારનું અને ત્રીજી વારનું ધોવણ ઉત્તરોત્તર અધિકાધિક કાળે અચિત્ત થાય અને ચોથી પાંચમી વારનું ધોવણ તો દીર્ઘકાળ જવા છતાં **મિશ્ર** રહે.

ઉકાળેલા શુદ્ધ પાણી માટે પ્રવચનસારોદ્ધાર ગા. ૮૮૧–૮૮૨–માં કહ્યું છે કે ત્રણ ઉભરા પૂર્ણ આવ્યા પછી પણ ઉકાળેલું પાણી અગ્નિનો સંબંધ છૂટે ત્યારથી ઉનાળામાં પાંચ પ્રહર શિયાળામાં ચાર પ્રહર અને વર્ષાકાળમાં ત્રણ પ્રહર પછી સચિત્ત થઈ જાય માટે અપવાદ માર્ગે સાધુઓને ગ્લાન, વૃદ્ધ વગેરે માટે રાખવું પડે, તો તે પહેલાં તેમાં પ્રમાણોપેત ક્ષાર નાખીને જ રખાય. ઉત્સર્ગથી તો રખાય નહિ.[૧૬]

અચિત્ત પણ હરડે, કુલિકા, વગેરેની યોનિ અખંડ હોવાથી જળનો યોગ મળતાં સચિત્ત થઇ જાય છે. કે–સૂકી ગળો વગેરે કોઇ કોઇ વસ્તુ પાણીનો યોગ મળતાં પુનઃ કુણી બને છે, માટે દયાના પરિણામની રક્ષા માટે અચિત્ત બનેલી પણ તેવી વસ્તુઓની જયણા સાચવવી (ન વાપરવી) હિતકર છે.

એ પ્રમાણે શાસ્ત્ર (અને પરંપરા) થી સચિત્ત, અચિત્ત અને મિશ્રનો વિભાગ સમજીને નિયમ કરવો. મહા શ્રાવક આનંદ-કામદેવ વગેરેની જેમ વર્તમાનમાં વ્રત ન પળાય તો પણ અહિંસાધર્મના અભ્યાસ માટે ચૌદ નિયમ દ્વારા આ વ્રતની આરાધના કરવી. ચૌદ નિયમના પાલનથી ગૃહસ્થના સર્વ વ્યવહારો કરવા છતાં અવિરતિજન્ય નિરર્થક મોટા કર્મબંધથી બચી જવાય છે, અહિંસાની આરાધના થાય છે અને પરિણામે નિરારંભ જીવન જીવવાનું સત્ત્વ પ્રગટે છે. ચૌદ નિયમનું સ્વરૂપ સંક્ષેપમાં આ પ્રમાણે છે–

૧. સચિત્તનો ત્યાગ– ઉત્સર્ગથી સર્વ સચિત્તનો ત્યાગ કરવો, ન બને તો અપવાદથી નામપૂર્વક અમુક વસ્તુઓ સિવાય શેષ સર્વ સચિત્તનો ત્યાગ કરવો. નામનો નિર્ણય ન થાય તો પણ અમુક સંખ્યાથી અધિક અને અમુક વજનથી અધિક સચિત્ત તજવું. નામ નિર્ણય વિના દરરોજ એક એક વસ્તુ વાપરે, તો પણ ઘણા કાળે વિવિધ ઘણા સચિત્ત વાપરવાનું બને, તેથી તત્ત્વથી ત્યાગ થાય નહિ. માટે અમુક નામનો નિર્ણય કરી શેષ વસ્તુઓ જીવતાં સુધી ત્યાગ કરવાથી વિશિષ્ટ ફળ મળે. કહ્યું છે કે "પુષ્પોના, ફળોના, દારુ–માંસના, અને

૧૬. ચૂનો જુનો હોય તો ખાર ઘટી જવાથી જળમાં નાખવા છતાં સચિત્ત થઈ જાય.

સ્ત્રી ભોગના સ્વાદને જાણવા છતાં જે તેને તજે છે તે દુષ્કરકારક પુણ્યાત્મા વંદનીય છે" સચિત્તમાં પણ નાગરવેલનાં પાન નિરંતર ભીંજવી રાખવાથી તેમાં સચિત્ત ઉપરાંત બીજા પણ ત્રસ જીવોની વિરાધના થાય, પાન કામોદ્દીપક છે, તેથી પણ તેનો ત્યાગ આવશ્યક છે, માટે સર્વથા ન છૂટે તો રાત્રે પણ અવશ્ય તજવાં, તેમ પણ ન બને તો દિવસે જોઇને શુદ્ધ કરી રાખવાં. કારણ કે પ્રત્યેક વનસ્પતિના એક પત્ર, ફળ, કે બીજમાં રહેલા એક પર્યાપ્તા જીવને આશ્રયે બીજા અસંખ્યાતા અપર્યાપ્તા જીવો જીવે છે, તેથી એક પત્રના ભક્ષણથી પણ અસંખ્યાતા જીવોની હિંસાનું પાપ લાગે છે. આ નિયમ બાદર એકેન્દ્રિય માટે છે, સૂક્ષ્મ એકેન્દ્રિયમાં તો તેથી ઉલટું – એક અપર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યા પર્યાપ્તા જીવો હોય છે, એમ આચારાંગ સૂત્રની ટીકા વગેરેમાં કહ્યું છે. પાણી, લૂણ વગેરે એકેન્દ્રિય પદાર્થો અસંખ્ય જીવોનો સમૂહરૂપ હોય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે – પાણીના (બારિક) એક બિંદુમાં જે જીવો છે તે સર્વનાં શરીર સરસવના દાણા જેવડાં થાય તો સમગ્ર જંબુદ્વિપમાં પણ તે સમાય નહિ. એ રીતે લીલા આમળા જેટલા નિમક – માટી વગેરે પૃથ્વીકાયમાં રહેલા જીવોનું શરીર પારેવા જેવડું થાય તો તે જંબુદ્વિપમાં સમાય નહિ. એમ સચિત્ત ભક્ષણમાં મહાપાપ હોવાથી તેનો ત્યાગ કે પ્રમાણ કરવું.

૨. **દ્રવ્ય** – સચિત્ત અને વિગઇઓ સિવાયની જે કોઈ વસ્તુ મુખમાં નાખે તે દરેકની સંખ્યાનો નિયમ કરી અધિક દ્રવ્યોનો ત્યાગ કરવો, તેમાં લાડુ, ખીચડી વગેરે જેમાં અનેક દ્રવ્યો મળેલાં હોય પણ સ્વાદ એક જ હોય તે એક દ્રવ્ય ગણાય અને એક જ ઘઉંની બનેલી પણ રોટલી, ખાખરા, વગેરે સ્વાદ ભિન્ન હોવાથી જુદાં દ્રવ્યો ગણાય. વગેરે ગુરુગમથી અગર અનુભવીથી સમજી લેવું.[૧૭]

૩. **વિગઇ** – દૂધ, દહીં, ઘી, તેલ. ગોળ અને પકવાન્ન, એ છ ભક્ષ્ય વિગઇઓમાંથી અમુક નહિ વાપરવાનો નિયમ કરવો.

૪. **ઉપાનહ** – દરેક જાતનાં પગરખાં, તે હિંસાનું કારણ હોવાથી સર્વથા તજવાં, અગર અમુકની જયણા રાખી બીજાં નહિ પહેરવાનો નિયમ કરવો. કપડાનાં પગરખાં કે મોજાં વગેરે પણ આ નિયમમાં ગણાય છે

૫. **તંબોલ** – પાન, સોપારી, ચૂર્ણો, ધાણાદાળ, વરિયાલી, વગેરે સ્વાદિમ – મુખવાસ સઘળી કે અમુક સિવાય બાકીનો ત્યાગ કરવો.

---

૧૭. સચિત્ત અને વિગઇ જુદા નિયમરૂપે કહેલ હોવાથી અહીં તે સિવાયની વસ્તુઓ કહી છે તો પણ જે કંઈ મુખમાં નંખાય તે સર્વને દ્રવ્યોમાં ગણવાનો વ્યવહાર છે. તત્ત્વથી ચૌદ નિયમોને ધારવાની રીતમાં એકાન્ત નથી, માત્ર જેણે જે રીતે ધાર્યું હોય તે રીતે પાળવું જોઈએ. મુખ્ય ઉદ્દેશ ત્યાગનો – અનાસક્તિ કેળવવાનો છે.

૬. **વસ્ત્રો**– મસ્તક વગેરે અવયવોનું રક્ષણ કરનાર વિવિધ વસ્ત્રો તેનું પ્રમાણ નક્કી કરવું બાકીનો ત્યાગ કરવો.[૧૮]

૭. **કુસુમ**– પુષ્પો શોભા કે સુખ માટે મસ્તકે, ગળામાં કે શય્યામાં વાપરવાથી હિંસા થાય, માટે તેનો સર્વથા કે અમુક પ્રમાણથી અધિકનો ત્યાગ કરવો.

૮. **વાહન**– ગાડાં, મોટર, વગેરે ફરતાં, નાવ વગેરે તરતાં, ઘોડો વગેરે ચરતાં, અને વિમાન વગેરે ઉડતાં એમ ચાર પ્રકારનાં હોય, તેનો સર્વથા ત્યાગ કે અમુકથી અધિક નહિ વાપરવાનો નિયમ કરવો.

૯. **શયન**– સુવાનાં, બેસવાનાં સાધનો– પલંગ, પથારી, ખુરશી, ટેબલ, શોફા, ગાદિ, ઓશિકા વગેરે, તેની સંખ્યાનો નિયમ ધારવો.

૧૦. **વિલેપન**– શરીરના સુખ માટે ચંદન, તેલ, બરાસ વગેરે વિલેપનનો સર્વથા કે અમુક મર્યાદામાં ત્યાગ કરવો.

૧૧. **અબ્રહ્મ**– મૈથુન કર્મનો દિવસે સર્વથા અને રાત્રે પણ સર્વથા ન તજાય તો અમુક સંખ્યાથી અધિકનો ત્યાગ કરવો.

૧૨. **દિગ્‌પરિમાણ**– છઠ્ઠા વ્રતમાં જણાવ્યા પ્રમાણે ગમના–ગમન માટે ભૂમિની મર્યાદા કરવી.

૧૩. **સ્નાન**– શરીર સુખ માટે સર્વથા કે અમૂક સંખ્યાથી અધિક સ્નાનનો ત્યાગ કરવો. દેવપૂજાદિ ધર્મકાર્ય માટે સ્નાનથી દોષ નથી. લૌકિક સ્મશાને જવું કે અસ્પૃશ્ય સ્પર્શ વગેરે કારણે જયણા રાખવી.

૧૪. **ભક્ત**– સમગ્ર દિવસમાં ખાવા–પીવાની સર્વ વસ્તુના વજનનું પ્રમાણ કરી તેથી અધિક નહિ વાપરવાનો નિયમ કરવો.[૧૯]

---

૧૮. લજ્જા માટે પહેરાતા ધોતી, ચરણીયો, વગેરે અધો વસ્ત્રો અનિવાર્ય હોવાથી વેષમાં ગણાતાં નથી. શોભા કે સુખ માટે વિવિધ વસ્ત્રો પહેરવાથી મોહ વધે, ધોવામાં હિંસા થાય માટે તે વાપરવનું પ્રમાણ ધારી શેષ ત્યાગ કરવો. શોભા માટે પહેરાય તો મોહની વૃધ્ધિ થવાથી કર્મબંધ થાય, માટે લોકવ્યવહાર સમજી ઉચિત વેશ રાખવો.

૧૯. આ ઉપરાંત પણ પૃથ્વી. પાણી વગેરે છ કાય જીવોના તથા અસિ–મસિ અને કૃષિના આરંભનું પ્રમાણ કરાય છે, તે અનુભવીઓ કે ગુરુગમથી જાણી બને તેટલા આરંભ–સમારંભનો ત્યાગ કરવો. જેમ સમગ્ર શરીરમાં ફેલાયેલા સર્પ વગેરેના ઝેરને મંત્રથી ડંકમાં લાવી શકાય, તેમ આ નિયમોથી અવિરતિ જન્ય સમગ્ર ચૌદરાજના આરંભ–સમારંભનો સંક્ષેપ કરી અલ્પ આરંભથી સુખપર્વક નિર્વાહ થઈ શકે છે. સર્વ અવસ્થામાં આ ધર્મનું પાલન સર્વ કોઇ કરી શકે તેવું અતિ ઉપકારક છે. વિશેષ વિવેચન માટે વિસ્તૃત ભાષાંતરની ૩૩ નંબરની ટીપ્પણી તથા અન્ય ગ્રંથો જોવા. આ વ્રતમાં પંદર કર્માદાનનો ત્યાગ કરાય છે.

હવે આઠમું અનર્થદંડ વિરમણ વ્રત કહે છે.

મૂલ–"शरीराद्यर्थविकलो यो दण्डः क्रियते जनः ।
सोऽनर्थदण्डस्तत्त्याग-स्तार्तीयिकं गुणव्रतम् ॥३५॥"

અર્થાત્ શરીરાદિના રક્ષણાદિ પ્રયોજન વિના જીવો જે પાપો કરે તે અનર્થદંડ છે. તેનો ત્યાગ કરવો તે ત્રીજું ગુણવ્રત છે. ગૃહસ્થને શરીર, મકાન, ખેતર, પુત્રાદિ પરિવાર, નોકર અને પશુઓનું પાલન, વગેરે અનિવાર્ય હોવાથી તેવાં સપ્રયોજન પાપોને તે તજી શકે નહિ, તેથી પ્રયોજન વિના કરાતાં પાપોનો ત્યાગ કરવો તેને અનર્થદંડ વિરમણ વ્રત કહ્યું છે. આ અનર્થદંડના ચાર પ્રકારો કહે છે–

મૂલ–"सोऽपध्यान पापकर्मो-पदेशो हिंस्रकार्पणम् ।
प्रमादाचरण चेति प्रोक्तोऽर्हद्भिश्चतुर्विधः ॥३६॥"

અર્થાત્ શ્રી અરિહંતોએ તે અનર્થદંડ, દુર્ધ્યાન, પાપનો ઉપદેશ, હિંસક સાધનોનું દાન અને પ્રમાદ એમ ચાર પ્રકારે કહ્યો છે. તેમાં–

૧. **અપધ્યાન**– એટલે આર્ત અને રૌદ્રધ્યાન. ધ્યાન સમાન્ય રીતે કોઈ એક જ વિષયમાં ઉત્કૃષ્ટથી અંતર્મુહૂર્ત સુધી જ સતત થાય. વિષય–કષાયની વાસનાવાળા જીવને સર્વથા દુર્ધ્યાનનો ત્યાગ દુષ્કર હોવાથી તેને તજવાનો પ્રયત્ન કરી શકે, પણ પ્રતિજ્ઞા ન કરી શકે, તેથી અહીં અંતર્મુહૂર્તથી અધિક દુર્ધ્યાન નહિ કરવાનો નિયમ કરવાનો છે. તેમાં દુઃખની પીડાથી થાય તે આર્તધ્યાન અને તે દુઃખથી બચવા અન્ય જીવોને પીડાકારક પ્રવૃત્તિનું ધ્યાન તે રૌદ્રધ્યાન જાણવું. જેમકે– શત્રુનો સંહાર, નગરાદિનો નાશ, અગ્નિદાહ, વગેરે પાપ કરવાનું ધ્યાન તે રૌદ્રધ્યાન અને રાજ્ય, સ્વર્ગ કે સુખભોગનાં સાધનો વગેરે મેળવવાનું ધ્યાન તે આર્તધ્યાન. આ બન્ને દુર્ધ્યાન નિષ્પ્રયોજન કર્મબંધનાંકારણો હોવાથી અનર્થદંડ છે.

૨. **પાપોપદેશ**– ખેતરો ખેડો, ઘોડાને ખસી કરો, શત્રુઓને જાહેર કરો, મશીનો ચલાવો, હળ સજ્જ કરો, વાવેતર કરો, કન્યાના જલ્દી વિવાહ–લગ્ન કરો, વહાણ તૈયાર કરો, વગેરે પાપકાર્યોની પ્રેરણા ઉત્સર્ગથી શ્રાવકે ન કરવી, અપવાદે કરવી પડે તો પણ જેની સાથે દાક્ષિણ્યતાનો સંબંધ હોય તે પુત્રાદિ કે સંબંધીઓને પણ જયણાપૂર્વક કરવી, કારણ કે વિના પ્રયોજને જેને તેને પાપની પ્રેરણા કરવાથી અનર્થદંડ ગણાય.

૩. **હિંસ્રકાર્પણ**– જેનાથી હિંસા થાય તે ઘંટી, કોસ, કુહાડા, સાંબેલાં, તલવાર, બંદૂક, વગેરે શસ્ત્રો, અગ્નિ કે દીવાસળી અને ઝેર કે બીજી પણ પ્રાણઘાતક વસ્તુઓ ધનુષ્ય–બાણ વગેરે પાપનાં સાધનો, તે માત્ર સ્વજન, સંબંધી, કે દાક્ષિણ્યતાના સંબંધ હોય તે સિવાય બીજાને આપવાં તે અનર્થદંડ છે.

૪. **પ્રમાદાચરણ**– સુરાપાન, વિષયભોગ, કષાયો, નિદ્રા અને વિકથા, એ પાંચ પ્રમાદો પાપરૂપ છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે કુતૂહલથી ગીતશ્રવણ કરવું, નાચ, નાટક કે સરકસાદિ જોવું, તે સર્વ પ્રમાદાચરણ છે. જિનયાત્રાદિ ધર્મ મહોત્સવમાં કે લગ્નાદિ પ્રસંગે ઔચિત્યરૂપે કરવું તે કર્તવ્યરૂપ છે. કામશાસ્ત્ર ભણવું, તેમાં કહેલી કામચેષ્ટાનું વારંવાર પરિશીલન કરવું, આસક્તિ કરવી, જુગાર–સુરાપાન–શિકાર–ચોરી વગેરે પાપ વ્યસનો સેવવાં, વાવડી તળાવ કુવારા વગેરે જળાશયોમાં વિનોદ માટે જળક્રીડા કરવી, પાણીની પીચકારી છાંટવી, વૃક્ષના હિંચકાથી હિંચવું, કે પુષ્પ–પત્રો તોડવાં, ઇત્યાદિ તથા વિનોદથી પશુ–પક્ષીઓને લડાવવાં, યુદ્ધ જોવાં, શત્રુના સંતાનો સાથે વૈર રાખવું, રાગ–દ્વેષથી શુભાશુભ ભોજનની, દેશ–રાષ્ટ્ર કે ગામ નગરની, રાજાની કે રાજ્યની અને સ્ત્રીઓની કે તેના અંગોપાંગની, એમ ચાર પ્રકારની વિકથા કરવી તથા શ્રમ કે રોગાદિ કારણ વિના ઘણી નિદ્રા કરવી, વગેરે સઘળું પ્રમાદાચરણ અનર્થદંડ છે.

યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે– કામ–વિલાસની ચેષ્ટા કરવી, મોટેથી હસવું, થૂકવું, ઊંઘવું, કલહ કરવો, કે ચોરીની, સ્ત્રીસેવનની, વગેરે વાતો કરવી, તથા જિનમંદિરમાં કોઈ પ્રકારે ખાવું–પીવું વગેરે સર્વ પ્રમાદરૂપ આશાતના છે.

ઉપરાંત ઘી, તેલ, છાશ, દૂધ, દહીં, પાણી, વગેરે અણઢાંકયાં રાખવાં, બીજો માર્ગ હોવા છતાં લીલા ઘાસ ઉપર, કીડીયો વગેરેનાં નગરોવાળી જીવાકૂળ ભૂમિ ઉપર, કે નિર્જીવ પણ ભૂમિને જોયા વિના ચાલવું, વસ્તુ લેતાં મૂકતાં જોવું કે પ્રમાર્જવું નહિ, વિના કારણ સચિત્ત અનાજ વગેરે ઉપર બેસવું, ઉભા રહેવું, જીવાકૂળ જમીનમાં ગરમ ઓસામણ કે પાણી વગેરે ફેંકવું, જયણા કર્યા વિના બારી બારણાં બંધ કરવાં–ઊઘાડવાં, નિષ્પ્રયોજન પત્ર ફળ ફૂલાદિ તોડવાં, અગ્નિ સળગાવવો, પશુઓને મારવા, નિષ્ઠુર–મર્મવેધક શબ્દો બોલવા, હાંસી–નિંદા કરવી, એ સર્વ પ્રમાદાચરણ છે.

રાત્રે સ્નાન, માથું ગૂંથવું, રાંધવું, દળવું, ખાંડવું, બોદવું, માટી મસળવી, લીંપવું, વસ્ત્રો ધોવાં, પાણી ગાળવુ, તથા દિવસે પણ એ સર્વ અજયણાથી કરવું તે સર્વ પ્રમાદાચરણ છે. શ્લેષ્મ– બળખા કે મળ–મૂત્રાદિ વિના કારણે રાખી મૂકવા કે ઉઘાડાં રાખવાં, રસોઇ વગરેનું પ્રયોજન પત્યા પછી પણ અગ્નિ સળગતો રાખવો, કે અણઢાંકયો રાખવો, ચૂલા વગેરે ઉપર ચંદ્રવા બાંધવા નહિ, એ સર્વ પ્રમાદાચરણ છે.

અગ્નિ બૂઝવવામાં અગ્નિકાયની હિંસા છે, પણ નિષ્કારણ સળગતો રાખવામાં અધિક હિંસા છે. એમ શ્રી ભગવતીજીમાં કહ્યું છે. બળતણ શોધ્યા વિના, અનાજ સાફ કર્યા વિના અને પાણી ગાળ્યા વિના વાપરવું, તે પણ પ્રમાદાચરણ છે.

અર્થાત્ જીવહિંસાના ભય વિનાની સઘળી પ્રવૃત્તિ પ્રમાદાચરણ–અનર્થદંડ છે. કારણ કે દુર્ધ્યાનથી નિરર્થક ઉદ્વેગ, શરીરની ક્ષીણુતા અને તંદુલિયા મચ્છની જેમ અશુભ કર્મબંધજન્ય વિવિધ દુઃખો ભોગવવાં પડે છે, માટે મનને રોકવું દુઃશકય હોવાથી ક્ષણવાર દુર્ધ્યાન થઈ જાય તો પણ તત્કાલ મનને અન્ય કાર્યમાં વાળવું. મનોનિગ્રહ ભાવનામાં કહ્યું છે કે સાધુ કે ગૃહસ્થને દરેક પ્રવૃત્તિનો સાર મનનો નિગ્રહ કરવો તે જ છે. પાપોપદેશ અને હિંસક શસ્ત્રાદિનું દાન પણ પુત્ર–સ્વજન સંબંધી વગેરેને ન કરવાથી ગૃહસ્થાશ્રમ ન ચાલે પણ બીજાઓને અંગે નિરર્થક હોવાથી તે બંને અનર્થદંડ છે,

લોકનીતિમાં પણ કહ્યું છે કે– "ડાહ્યા માણુસે અગ્નિ, ઝેર, શસ્ત્ર, દારુ તથા માંસ, એ પાંચ કોઇને આપવાં કે લેવાં નહિ, ચોથું પ્રમાદાચરણ પણ નિરર્થક પાપનું કારણ છે, મૂઢ અને જ્ઞાનીમાં ઉદરભરણ તુલ્ય છતાં અંતર એટલું જ છે કે મૂઢ સંસારમાં રખડે છે અને જ્ઞાની વિવેકથી મોક્ષને પામે છે. માટે સર્વત્ર વિવેકથી જયણા કરવી." શાસ્ત્રમાં જયણાને ધર્મની જનેતા, પાલક, પોષક અને એકાંતે સુખદાયક કહી છે. સુખનું મૂળ ધર્મ અને ધર્મનું મૂળ જયણા જ છે. અનર્થદંડ મહાપાપરૂપ છે. કારણ કે સપ્રયોજન થતું પાપ અમુક મર્યાદિત થાય છે અને નિરર્થક પાપની કોઇ મર્યાદા રહેતી નથી, જ્યાં–ત્યાં, જ્યારે–ત્યારે. જે તે પાપ કરતો જ રહે, તેનો કોઈ છેડો જ ન રહે. સમાન પાપ પણ સપ્રયોજન અને નિષ્પ્રયોજનમાં કર્મબંધનું અંતર ઘણું જ છે.

એમ પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો સંક્ષેપમાં કહ્યાં છે, હવે વિભાવમુક્તિ અને સ્વભાવ રમણુતારૂપ ધર્મનું શિક્ષણ–શિક્ષા કે અભ્યાસ કરવો, તેને શિક્ષાવ્રતો કહ્યાં છે. તેમાં પહેલું સામાયિક વ્રત કહે છે કે–

मूल–सावद्यकर्ममुक्तस्य, दुर्ध्यानरहितस्य च ।
समभावो मुहूर्तं तद्, व्रतं सामायिकाह्वयम् ॥३७॥

અર્થાત્ પાપકર્મ અને દુર્ધ્યાનથી મુક્ત એવા આત્માનો એક મુહૂર્ત સુધી જે સમભાવ એટલે વચનથી પાપવચન, કાયાથી પાપક્રિયા અને મનથી આર્ત્ત–રૌદ્રધ્યાન છોડીને બે ઘડી (રાગ દ્વેષ રહિત) સમભાવ કેળવવો તે સામાયિક વ્રત છે,

તેનો અર્થ શાસ્ત્રમાં કહ્યો છે કે **સમ**– રાગદ્વેષનો અભાવ, અથવા મોક્ષ માટે સમ–સમાન સામર્થ્ય ધરાવતા જ્ઞાન–દર્શન અને ચારિત્ર ગુણો, તેનો આય–લાભ તે સમાય અને સમાય એ જ સામાયિક, અથવા સમાયનું કારણ તે સામાયિક જાણવું.

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે " જે ત્રસ અને સ્થાવર સર્વ જીવોને સ્વ આત્મતુલ્ય માને તેને સામાયિક થાય, એમ કેવળજ્ઞાની એ કહ્યું છે." ઉપરાંત સામાયિકમાં વર્તતો શ્રાવક સાધુતુલ્ય બને છે, માટે વાર વાર–બહુ સામાયિક કરવું. આ કારણે જ સામાયિકવાળાને

દ્રવ્યથી દેવપૂજા વગેરેનો અધિકાર નથી, વસ્તુતઃ દ્રવ્યક્રિયા ભાવ માટે કરવાની છે, અને સામાયિક ભાવધર્મ છે, માટે સામાયિકવાળાને દ્રવ્યપૂજા નિરર્થક છે. આવશ્યક ભાષ્ય ગા-૧૯૪ માં કહ્યું છે કે- "દ્રવ્ય અને ભાવ બેમાં દ્રવ્યસ્તવ ઘણો ગુણકારક છે. એમ કહેવું તે અજ્ઞાનીનું વચન છે એમ છ કાયના હિતસ્વી શ્રી જિનેશ્વરો કહે છે." આવશ્યક સૂત્રમાં પણ કહ્યું છે કે પાપ વ્યાપારનો ત્યાગ અને નિષ્પાપ યોગનું સેવન તે સામાયિક છે.

આ સામાયિકનો (પ્રાચીન) વિધિ શાસ્ત્રોમાં કહ્યો છે કે- સામાયિક જિનમંદિરે (બહાર મંડપમાં), સાધુઓની વસતિમાં, પૌષધશાળામાં અને ઘરમાં, એમ ચાર ઠેકાણે કરી શકાય, તેમાં રાજા વગેરે શ્રીમંત હોય તો શાસન પ્રભાવનાર્થે મોટા આડંબર પૂર્વક વાજિંત્રો હાથી, ઘોડા વગેરે શણગારીને, ચતુરંગ સેના કે મોટા પરિવાર સાથે માર્ગે યાચકોને દાન દેતો, અનુમોદના કરતો - કરાવતો, સાધુની પાસે જઇ પાંચ અભિગમ સાચવીને (મંદીરે જિનવંદન અને સાધુઓ પાસે) ગુરુવંદન કરી તેમની નિશ્રામાં સામાયિક કરે.

સામાન્ય શ્રાવક જો લેણદાર વગેરેથી માર્ગમાં ઉપદ્રવ થવા સંભવ ન હોય તો ઘેર સામાયિક ઉચ્ચરીને પગે ચાલતો, ઇર્યાસમિતિ વગેરેનું પાલન કરતો, સાધુ પાસે જઈ પુનઃ સામાયિક ગુરુમુખે ઉચ્ચરે, ત્યારે "જાવ સાહૂ પજ્જુવાસામિ - જ્યાં સુધી સાધુઓની પર્યુપાસના કરૂં ત્યાં સુધી" એવી સમય મર્યાદા કરે અને લેણદાર વગેરેથી ઉપદ્રવ સંભવિત હોય તો પૌષધશાળાયે જઇને અગર ઘરમાં સામાયિક કરે.[૨૦]

સામાયિક સૂત્રમાં બોલાતો 'ભંતે'- હે ભદંત, સુખી અથવા કલ્યાણવાન્ ગુરુ! એમ ગુરુને આમંત્રણ માટે છે, આ આમંત્રણ તો ગુરુ પ્રત્યક્ષ હોય અથવા તેમના અભાવે તેમની સ્થાપના કરી હોય તો જ ઘટે. મુખ્યતયા સ્થાપના ગુરુના વિરહમાં કરવાનું વિધાન છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'ગુરુ વિરહંમિ ઠવણા' અર્થાત્ ગુરુનો વિરહ હોય ત્યાં સ્થાપના કરવી, દરેક ધર્મક્રિયા ગુરુની નિશ્રામાં સફળ થાય છે.

વિશેષાવશ્યકમાં કહ્યું છે કે- ગુરુ નિશ્રાથી શિષ્ય જ્ઞાનનું પાત્ર બને તથા દર્શન અને ચારિત્રમાં સ્થિર થાય, માટે ધન્ય પુરુષો જાવજ્જીવ ગુરુકુલવાસને છોડતા નથી.

સામાયિક સૂત્ર (કરેમિ ભંતે)નો સામાન્ય અર્થ નીચે પ્રમાણે છે.

---

૨૦. સાધુઓનો યોગ છતાં વિના કારણ ઘેર સામાયિક-પ્રતિક્રમણ કરવામાં સાધુઓનો અનાદર થાય, અને પૌષધશાળા વગેરે સ્થળે કરવાથી શાસન પ્રભાવનામાં અને બીજાઓને અનુમોદનામાં અને પ્રેરણામાં નિમિત્ત બને, એથી સંઘમાં ધર્મક્રિયાનો પ્રવાહ ચાલું રહે, જિનાજ્ઞાનું પાલન થાય, ઘરનો રાગ તૂટે, અને સાધર્મિકોનો પરિચય વધે, વગેરે ઘણા લાભો થાય. ઘરનો કે અનુકૂળતાનો રાગ હોય તો સામાયિક થાય નહિ કારણ કે સામાયિકમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવાનો છે.

"હે ભદંત ! હું સામાયિક કરું છું, (તેમાં) સર્વ પાપ યોગોને (પ્રવૃત્તિને) પચ્ચક્ખું (તજું) છું, જ્યાં સુધી નિયમ (બે ઘડી) પૂર્ણ થાય ત્યાં સુધી, દ્વિવિધ-ત્રિવિધથી (એટલે) મન-વચન-કાયાથી (પાપને) કરું નહિ-કરાવું નહિ, (વળી) ભૂતકાળે કરેલા તે પાપથી પ્રતિક્રમું (પાછો ફરું) છું, (આત્મ સાક્ષીએ) નિંદું છું અને (ગુરુની-આપની સાક્ષીએ) ગર્હું છું. તથા (ભૂતકાળના) મારા પાપી આત્માને (પાપ પર્યાયને) વોસિરાવું (સર્વ પ્રકારે તજું) છું."[૨૧]

આ સૂત્રમાં "કરેમિભંતે સામાઇઅં" પાઠથી વર્તમાનનાં, 'પચ્ચક્ખામિ' શબ્દથી ભવિષ્યનાં અને છેલ્લે 'તસ્સ ભંતે ! પડિક્કમામિ' વગેરે પાઠથી ભૂતકાળનાં એમ ત્રણે કાળનાં પાપ યોગોનો ત્યાગ કરાય છે.

વળી મૂળ સૂત્રમાં "જાવનિયમં" પદમાં 'કોઈ અમુક કાળ સુધી' એમ નિર્ણય નથી, તો પણ વંદિત્તાની ચૂર્ણીમાં 'જાવનિયમં' પદથી બે ઘડી અને સમાધિ ટકે તો અધિક કાળ પણ સામાયિકમાં રહેવું, એમ કહ્યું છે. સંબોધ પ્રકરની શ્રાવકવ્રતાધિકારની ૧૧૪ ગાથામાં તો સ્પષ્ટ બે ઘડી કહી છે, એ રીતે ગુરુવંદનપૂર્વક સામાયિક સ્વીકારીને આસને બેસીને ધર્મ સાંભળે નવું ભણે, અગર વિવિધ પ્રશ્નોદ્વારા તત્ત્વજ્ઞાન મેળવે. અને રાગ-દ્વેષના નિમિત્તો આવે તો પણ સમતાને ન તજે.

સામાયિક વ્રતનું ફળ શાસ્ત્રોમાં કહ્યું છે કે- દરરોજ એક લાખ ખાંડી સોનાના દાન કરતાં પણ એક સામાયિકમાં અધિક લાભ છે. બે ઘડી સમતારૂપ સામાયિક કરનાર ૯૨૫૯૨૫૯૨૫૬ + ૬ પલ્યોપમનું દેવનું આયુષ્ય બાંધે, દ્રવ્ય તપ લાંબો કાળ ઉગ્ર કરવાથી પણ જેટલાં કર્મો ન ખપે તેટલાં કર્મો માત્ર અડધી ક્ષણ (એક મિનિટ) માં સમતા-સામાયિકથી ખપે છે.

જે કોઈ આત્માઓ મુક્તિને પામ્યા, પામશે, કે પામે છે, તે સર્વ સામાયિકનો પ્રભાવ છે. અહો ! આ અમૂલ્ય ખરીદીરૂપ વ્યાપાર કેવો છે, કે જેમાં કંઇ હોમ-તપ કે દાન કર્યા વિના જ માત્ર સમભાવથી મુક્તિ મળે છે !

એમ સામાયિક વ્રતનું વર્ણન સંક્ષેપથી કરીને હવે દશમા દેશાવગાસિક વ્રતને કહે છે કે-

मूल-संक्षेपणं गृहीतस्य, परिमाणस्य दिग्व्रते ।
यत् स्वल्पकालं तद् ज्ञेयं, व्रतं देशावकाशिकम् ॥३८॥

અર્થાત્ દિશિપરિમાણ વ્રતમાં ધારેલા પ્રમાણમાં (પુનઃ) સ્વલ્પ કાળ માટે સંક્ષેપ કરવો, તે દેશાવકાશિક વ્રત જાણવું. જો કે અહીં દિશિપરિમાણ વ્રતનો જ સંક્ષેપ કહ્યો છે, તો પણ

૨૧. વિશેષ અર્થ અન્ય ગ્રંથોથી કે મોટા ભાષાંતરથી જાણી લેવો.

તેના ઉપલક્ષણથી અથવા શ્રાદ્ધ દિનકૃત્ય વગેરે અન્ય ગ્રન્થોમાં કહ્યા પ્રમાણે સર્વ વ્રતોનો પ્રતિદિન સંક્ષેપ કરવો તે દેશાવકાશિક જાણવું પૂર્વે જાવજ્જીવ માટે કરેલી મર્યાદા-રાખેલી છૂટ નિત્ય ઉપયોગી ન હોવાથી નિરૂપયોગી અધિક તે છૂટને એક દેશમાં ટુંકી કરવી તે દેશાવકાશિક વ્રત જાણવું નિદ્રા વગેરેના પ્રસંગે તો સર્વ આરંભોનો સવિશેષ સંક્ષેપ કરવા માટે "ગંઠીસહિત" વગેરે સંકેત પચ્ચકખાણ કરવું જોઇએ.

શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૩૦૦-૩૦૧ માં કહ્યું છે કે શ્રાવક નિદ્રા પ્રસંગે મચ્છર-માંકડ-જૂ વગેરેની હિંસાનો સંભવ હોવાથી તે સિવાયના સર્વ ત્રસ-સ્થાવર જીવની હિંસાનો, જૂઠનો, ચોરીનો, મૈથુનનો, તથા પૂર્વે ધારેલા પરિગ્રહ ઉપરાંત આજની કમાણી સહિત સર્વ પરિગ્રહનો તથા સાતમા વ્રતમાં નિદ્રા માટે જરૂરી પલંગ વગેરે કે ઓઢવા પાથરવાનાં સાધનો સિવાય સઘળા ભોગોપભોગનો, અનર્થદંડમાં કલહ વગેરેનો અને દિશિપરિમાણમાં ઘરના સુવાના સ્થાન સિવાય અન્યત્ર જવાનો, એ સર્વ વચન કાયાથી નહિ કરવા-કરાવવાનો નિયમ ગંઠીસહી વગેરે સંકેત પચ્ચક્ખાણથી કરે. એ રીતે નિદ્રા કાળે પાપોનો ત્યાગ કરવાથી અવિરતિજન્ય મોટા કર્મબંધથી બચે. નિદ્રામાં પણ મનની પ્રવૃત્તિ ચાલુ રહેવાથી તેનો ત્યાગ અશક્ય છે અને ચાર શિક્ષાવ્રતો તો ગુણકારક હોવાથી તેનો ત્યાગ કરાય નહિ. એમ સર્વ (આઠેય) વ્રતોના સંક્ષેપરૂપ આ વ્રત જાણવું.

આ વ્રતથી ઝેરને મંત્રથી ડંખમાં લાવવાની જેમ અવિરતિથી થતા નિષ્કારણ-વિશાળ કર્મબંધનો સંક્ષેપ કરતાં અભ્યાસથી પરિણામે સર્વકર્મબંધને પણ તજીને મુક્તિ મેળવી શકાય છે.

હવે અગિઆરમું પૌષધોપવાસ ગુણવ્રત વર્ણવે છે.

मूल-आहारतनुसत्कारा-ब्रह्मसावद्यकर्मणाम् ।
त्यागः पर्वचतुष्टय्यां, तद्विदुः पौषधव्रतम् ॥३९॥

અર્થાત્ આહાર, શરીર સત્કાર, અબ્રહ્મ અને પાપકર્મોનો ચાર પર્વોમાં ત્યાગ કરવો તેને પૌષધવ્રત કહ્યું છે. અહીં ધર્મનો અધિકાર હોવાથી ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ આવશ્યક ટીકામાં કહ્યું છે કે આ પૌષધ અષ્ટમી વગેરે પર્વોમાં અવશ્ય કરણીય એક વ્રત છે, તેની ઉપ-સાથે આત્માએ વસન-વસવું-રહેવું તે ઉપવસન-ઉપવાસ અને પૌષધમાં ઉપવાસ-પૌષધોપવાસ. અથવા બીજી રીતે દોષોથી ઢંકાઈ ગયેલા ગુણવાળા આત્માનું આહાર ત્યાગ વગેરે ગુણોની સાથે વસવું તે ઉપવાસ. અર્થાત્ પર્વદિવસોમાં (આરંભ તજીને) આત્માનો ગુણોની સાથે વાસ તે પૌષધોપવાસ, એમ ધર્મબિંદુ ૩-૧૮ની ટીકામાં પણ કહ્યું છે. આવશ્યકમાં કહ્યું છે કે- આત્મામાં ધર્મનુ પૂરણ કરવામાં હેતુ બને તે પર્વ. અષ્ટમી આદિ તિથિઓ ધર્મપૂરણમાં કારણભૂત છે માટે પર્વો છે, અને રૂઢિથી તે પર્વોને જ ધર્મપુષ્ટિનું કારણ માની ઉપચારથી

પૌષધ કહ્યાં છે. પૌષધનો આ અર્થ શબ્દ સિદ્ધિ પૂરતો છે, વ્યવહારથી તો સમવાયાંગની ટીકામાં ચાર પ્રકારનાં કર્મબંધનાં કારણોનો ત્યાગ તે પૌષધોપવાસ કહ્યો છે.

તેના ૧. આહાર ત્યાગ, ૨. શરીર સત્કાર ત્યાગ, ૩. અબ્રહ્મ ત્યાગ અને ૪. કુવ્યાપાર ત્યાગ, એમ ચાર પ્રકારો છે. અને તે પ્રત્યેકના દેશથી અને સર્વથી એમ બે બે ગણતાં કુલ આઠ પ્રકારો થાય છે. તેમાં આહારત્યાગમાં ચારે પ્રકારનો આહાર સંપૂર્ણ રાત્રિદિવસ સુધી તજવો તે સર્વ ત્યાગ, તેથી ઓછો ત્યાગ (તિવિહાર ઉપવાસ વગેરે શેષ સર્વ પચ્ચકખાણો) તે દેશ ત્યાગ કહેવાય. એ રીતે શરીર સત્કાર, અબ્રહ્મ અને કુવ્યાપારનો પણ સંપૂર્ણ ત્યાગ તે સર્વપૌષધ અને અમુક મર્યાદિત ત્યાગ તે દેશપૌષધ જાણવો. અહીં એટલું વિશેષ છે કે કુવ્યાપાર ત્યાગ પૌષધ દેશથી કર્યો હોય તો સામાયિક ઉચ્ચરે અથવા ન ઉચ્ચરે, પણ સર્વથી કર્યો હોય તો સામાયિક અવશ્ય ઉચ્ચરે, અન્યથા તેના લાભથી વંચિત રહે, પ્રાચીન સામાચારી પ્રમાણે પૂર્વે સામાયિક માટે કહ્યું તેમ પૌષધ પણ જિનમંદિરાદિ ચાર સ્થળે થઇ શકે. આગમોમાં કહ્યુ છે કે –

પૌષધમાં શરીર ભૂષાનાં સાધનો – મણી – સુવર્ણ – ચાંદીના અલંકારો, ફૂલમાળા, વિલેપન વગેરે સર્વ શરીરેથી ઉતારી દેવાં જોઇએ, તેમ શસ્ત્રાદિ પણ તજી દેવાં જોઇએ. પૌષધ સ્વીકારીને ભણે, વાંચે, અથવા સંયમીઓના બહુમાન પૂર્વક સંયમની ભાવનારૂપ ધર્મધ્યાન કરે.

યોગશાસ્ત્ર ટીકામાં કહ્યું છે કે બીજા પ્રકારોની જેમ કુવ્યાપાર ત્યાગ પૌષધ 'અન્નત્થણા ભોગેણું' વગેરે આગાર (છૂટ) પૂર્વક કર્યો હોય તો સામાયિક ઉચ્ચરવું સાર્થક બને, કારણ કે પૌષધમાં પાપોનો ત્યાગ સ્થૂલથી આગારપૂર્વક થાય છે અને સામાયિકમાં તે ત્યાગ (નિરાકાર) સૂક્ષ્મ થાય છે. પણ સામાયિકની જેમ પૌષધ પણ દુવિહં – તિવિહેણું ભાંગાથી (મન – વચન – કાયાથી સાવદ્યાદિ નહિ કરવા – કરાવવારૂપ કર્યો હોય તો સામાયિકથી વિશેષ ફળ થાય નહિ. છતાં "મેં પૌષધ અને સામાયિક બે વ્રતો સ્વીકાર્યા છે" એવી ભાવનાથી બન્નેનું ફળ મળે, (માટે વર્તમાનમાં તપગચ્છની સામાચારી મુજબ પૌષધ દુવિહં – તિવિહેણું ભાંગાથી આગાર વિના ઉચ્ચરવા છતાં સાથે સામાયિક પણ અવશ્ય ઉચ્ચરે છે.)

પૂર્વે પ્રાચીન સામાચારી પ્રમાણે ઉપર કહ્યા તે આઠ પ્રકારોમાં કોઈ એક પ્રકારનો કે અનેક પ્રકારનો પણ પૌષધ કરી શકાતો, તેથી તેના એક સંયોગી વિગેરે ભાંગા થાય, શાસ્ત્રોમાં તે ભાંગા એકસંયોગી પૂર્વે કહ્યા તે આઠ, તેના દ્વિસંયોગી ૨૪, ત્રિકસંયોગી ૩૨, અને ચતુઃસંયોગી પણ દેશથી અને સર્વથી મળી ૧૬, એમ (૮ + ૨૪ + ૩૨ + ૧૬) કુલ ૮૦ થાય. તે મોટા ભાષાન્તરથી જાણવા. વર્તમાનમાં તો ચારે પ્રકારનો પૌષધ સાથે અને તેમાં પણ માત્ર આહાર પૌષધ જ વિકલ્પે દેશથી અને સર્વથી કરાય છે, માટે બે જ ભાંગા થાય.

નિશિથ ભાષ્ય ચૂર્ણિ વગેરેમાં કહ્યું છે કે પૌષધ વ્રતી ઉદ્દિષ્ટ એટલે તેને માટે તૈયાર કરેલા પણ આહારાદિને સામાયિક-વ્રતવાળો છતાં વાપરી શકે, કેવળ સામાયિક તો માત્ર બે ઘડીનું જ હોવાથી તેટલો સમય આહાર પાણી વગેરે સર્વ આહાર તજી શકે, પણ સર્વ સામાયિક ઉચ્ચરનારા સાધુની જેમ પૌષધ સહિત સામાયિક ઉચ્ચરનારા શ્રાવકને સર્વ આહાર ત્યાગ કરવાનો એકાંત નિયમ નથી, કારણ કે સર્વ આત્માઓ આહાર વિના શરીરનો નિર્વાહ, પૌષધની ક્રિયાઓ અને અપ્રમાદ, વગેરે કરી શકે નહિ, માટે શક્તિ અનુસાર આહાર પૌષધ દેશથી અથવા સર્વથી કરી શકે, અને તેને ભિક્ષાનો અધિકાર ન હોવાથી ઉદ્દિષ્ટ આહાર-પાણી પણ લઇ શકે. હા, આહાર અપવાદે લેવાનો હોવાથી બને તેટલો સાદો, ઉણોદરીપૂર્વક, રસલોલુપતાદિ તજીને, રાગ-દ્વેષ વિના લઇ શકાય. કારણ કે શરીર સત્કારનો સર્વથા ત્યાગ કરેલો હોવાથી પ્રણિત (માદક) કે પ્રચુર (પેટપુર) આહાર લેવામાં અને તે પછી સ્થંડિલ-માત્રાદિ હાજત ટાળવામાં પણ અતિચાર લાગે. આ કારણે જ વંદિત્તા સૂત્રની ચૂર્ણિમાં પૌષધ વ્રતીને આહાર કેવી રીતે લેવો વગેરે વિધિ કહેલો છે. જો સર્વ આહાર ત્યાગ કરવાનો હોય તો એ વિધિનું નિરૂપણ હોય નહિ, પૌષધ લેવા-પારવાનો, સ્થંડિલ જવાનો, પડિલેહણનો, સંથારા પોરિસીનો વગેરે વિસ્તૃત વિધિ મોટા ભાષાન્તરથી જોઈ લેવો.

અહીં ચાર પર્વોમાં પૌષધ અવશ્ય કરવો એમ જણાવવા માટે છે, તેથી તે ઉપરાંત અધિક દિવસોમાં પણ પૌષધ કરી શકાય છે. તેથી જ કહ્યું છે કે "સર્વ કાળ અને સર્વ પર્વોમાં યોગો પ્રશસ્ત થાય તેમ કરવું અને અષ્ટમી ચતુર્દશીએ તો નિયમા પૌષધ કરવો." આવશ્યક ચૂર્ણિ વગેરેમાં પણ એમ જ કહ્યું છે. તેથી જેઓ સૂયગડાંગ સૂત્રોક્ત "**चाउद्दसट्ठमुद्दिट्ठ पुण्णमासीसु पडिपुण्णं पोसहं अणुपालेमाणा**" વગેરે અક્ષરોથી ચાર પર્વો સિવાય પૌષધ ન જ થાય એમ માને છે તે વિપાક સૂત્રમાં સુબાહુ કુમારના વર્ણનમાં ત્રણ દિવસ સાથે પૌષધ કર્યાનું કહેલું છે, તથા ઉપધાનમાં સતત સળંગ પૌષધનું વિધાન છે, તેનાથી અસત્ય ઠરે છે. પૌષધવ્રતીએ સામાયિકના બત્રીસ તથા પૌષધના અઢાર દોષો જાણવા તથા તજવા જોઇએ.

પૌષધ એક દિવસના ચારિત્ર તુલ્ય હોવાથી તેનું ફળ ઘણું છે. કહ્યું છે કે- મણી-રત્ન જડિત પગથીઆંવાળું હજાર સ્તંભોવાળું ઊંચું સુવર્ણનું જિનમંદિર કરાવે તેથી પણ તપ સહિત સંયમનું (પૌષધનું) ફળ વિશેષ છે. પૂર્વે સામાયિકનું ફળ કહ્યું તેનાથી પૌષધ કરનાર ત્રીસ ગુણું २७७७७७७७७७७७ પલ્યોપમોનું દેવાયુષ્ય બાંધે.

એમ અગિઆરમું વ્રત અહીં સંક્ષેપથી કહ્યું, હવે બારમું વ્રત કહેવાય છે.

मूल-आहारवस्त्रपात्रादेः प्रदानमतिथेर्मुदा ।
उदीरितं तदतिथि-संविभागव्रतं जिनैः ॥४०॥

અર્થાત્ પૂજ્યભાવે અતિથિને આહાર-વસ્ત્ર-પાત્ર વગેરેનું સહર્ષ દાન કરવું તેને

જિનેશ્વરોએ અતિથિસંવિભાગવ્રત કહ્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે– તિથિઓ, પર્વો અને ઉત્સવાદિ સર્વ આલંબનો જે મહાત્માએ તજ્યાં છે, તે અતિથિ અને શેષ ભિક્ષુઓને અભ્યાગત જાણવા. અર્થાત્ જેને સર્વ દિવસો ધર્મની આરાધના માટે જ છે, તેવા મહાત્માને અતિથિ જાણવા. અહીં શ્રાવક ધર્મનું વર્ણન હોવાથી તેવા જૈન મુનિઓને અતિથિ સમજવા. તેઓને મન–વચન–કાયાની શુદ્ધિપૂર્વક આહાર, વસ્ત્ર, પાત્ર, મકાન, પાટ, પાટલા, વગેરે આપવું તે અતિથિસંવિભાગ વ્રત છે. શ્રાવકધર્મપ્રજ્ઞપ્તિમાં શ્રીઉમાસ્વાતિ વાચકે તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ ચારેયને અતિથિ કહ્યા છે.

આ વ્રતમાં **અતિથિ**– સાધુને, **સં**– સમ્યગ્ (બદલાની ભાવના, અભિમાન, તિરસ્કાર વગેરે દોષો વિના) **વિ**– વિશિષ્ટ રીતે (પશ્ચાત્ કર્મ વગેરે દોષ ન લાગે તેમ) **ભાગ**– પોતાની વસ્તુનો અમુક અંશ આપવાનું વ્રત એવો અર્થ છે.

તાત્પર્ય કે ન્યાયોપાર્જિત ધનથી મેળવેલી, જીવરહિત, સાધુની ગોચરીના ૪૨ દોષ રહિત નિર્દોષ, અને સંયમમાં કલ્પે તેવી સંયમોપકારક વસ્તુઓ દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને **ક્રમથી** આત્મકલ્યાણ માટે સાધુને આપવી તે અતિથિસંવિભાગ. તેમાં **દેશ**– ડાંગર અનાજ વગેરે અહીં સુલભ કે દુર્લભ છે? તે વિચારવું, **કાળ**– સુકાળ–દુષ્કાળના ખ્યાલ કરવા, **શ્રદ્ધા**– જડ સ્વાર્થ વિના કેવળ આત્મોદ્ધારની ભાવનાથી, **સત્કાર**– અતિથિનું બહુમાનપૂર્વક વિનય કરીને કૃતજ્ઞભાવે, **ક્રમથી**– પૂર્વે દુર્લભ, શ્રેષ્ઠ, પથ્ય, અને પછી શેષ વસ્તુની વિનંતિ કરવી. આવી વિધિથી કરેલું દાન વિશિષ્ટ ફળ આપે છે, વગેરે યોગશાસ્ત્ર ટીકામાં કહ્યું છે. સંબોધપ્રકરમાં તો કહ્યું છે કે ધીર અને જિનાજ્ઞાપાલક ઉત્તમ શ્રાવકો તો કલ્પ્ય છતાં સાધુને વહોરાવી ન હોય તે વસ્તુ પોતે વાપરે નહિ, માટે અતિસંપત્તિ ન હોય તો થોડામાંથી પણ થોડું આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ, વગેરેનું દાન કરવું જોઇએ.

પ્રશમરતિમાં તો કહ્યું છે કે– દેશ. કાળ, ભાવ, અવસ્થા, પુરુષ, વગેરેની અપેક્ષાથી કલ્પ્ય પણ અકલ્પ્ય અને અકલ્પ્ય પણ કલ્પ્ય બને છે. જે જે દેશ કાળ વગેરેની અપેક્ષાએ લેનાર–દેનાર ઉભયને લાભનું (ધર્મનું) પોષક બને, તે સર્વ અકલ્પ્ય હોય તો પણ કલ્પ્ય અને ધર્મઘાતક બને તે કલ્પ્ય પણ અકલ્પ્ય જાણવું. સાધુને આહારની જેમ વસ્ત્ર–પાત્રાદિ પણ સંયમોપકારક હોવાથી શ્રાવકે વસતિ, વસ્ત્ર, પાત્ર, વગેરેનું પણ દાન કરવું, એમ શ્રી ભગવતીજી વગેરે આગમોમાં કહેલું છે.

આ વ્રતનો વિધિ એવો છે કે પૌષધના પારણે (ચોવિહાર એકાસણું વગેરે) શક્તિ પ્રમાણે તપ કરીને ભોજન અવસરે શોભાપૂર્વક ઉપાશ્રયે જઇ સાધુઓને વિનયથી નિમંત્રણ કરે, સાધુઓ પણ વિલંબ કરવાથી તેને અંતરાય લાગે, માટે શીઘ્રતાથી તૈયાર થઇને સાથે

જાય અને વિવેકથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, વગેરે વિચારી અનુગ્રહ બુદ્ધિથી વૈરાગ્યપૂર્વક જે વહોરે તે વસ્તુથી શ્રાવક નિર્વાહ કરે.[૨૨]

વહોરાવ્યા પછી શક્તિ પ્રમાણે સાથે વળાવવા જાય. અતિથિસંવિભાગ સિવાય પણ શ્રાવક દરરોજ દાન દઈને ભોજન કરે, અગર ભોજન પછી પણ દાન આપે. સાધુના અભાવે (નયસારની જેમ) કયાંયથી સાધુ પધારે તો દાન દઈને ભોજન કરું એવી ભાવનાથી ચારે દિશામાં જોતો રહે. એમ કરવાથી ભાવનાના પ્રભાવે સાધુનો યોગ મળી પણ જાય.[૨૩]

આ વ્રતના આરાધન માટે શ્રાવક દરરોજ ગુરુને દાન લેવા પધારવાની વિનંતિ કરતો જ રહે અને સંયોગાનુસાર દાન કરતો રહે. દેવોના દૈવી ભોગો, સમૃદ્ધિ, સામ્રાજ્ય અને તીર્થંકર પદની પ્રાપ્તિ પણ આ વ્રતનાં ફળો છે. શાલિભદ્રજી, મૂળદેવ, ધન્નાજી, વગેરેનાં દૃષ્ટાન્તો પ્રસિદ્ધ છે. છતી સામગ્રીએ પણ મુનિદાન નહિ કરવાથી કે અનાદર કરવાથી દાસપણું, દુર્ગતિ, દૌર્ભાગ્ય, વિગેરે દુષ્ટ ફળો પણ આવે છે. ત્રણે કાળના સર્વ તીર્થંકરોએ ચાર પ્રકારમાં દાન ધર્મને પ્રથમ કહ્યો છે, તેમાં પણ ગૃહસ્થનો સુપાત્રદાન મુખ્ય ધર્મ છે.

એ પ્રમાણે અહીં સુધી સમ્યક્ત્વપૂર્વક બારવ્રતરૂપ શ્રાવકનો વિશેષધર્મ કહ્યો. હવે તે દરેકના અતિચારોનું વર્ણન કરીશું.

मूल–एषां निरतिचाराणां, पालनं शुभभावतः ।
पञ्चपञ्चातिचाराश्च, सम्यक्त्वे च प्रतिव्रते ॥४१॥

અર્થાત્ પૂર્વે કહ્યાં તે વ્રતોનું શુભભાવથી અતિચાર રહિત પાલન કરવું જોઈએ, તે અતિચારો સમ્યક્ત્વ અને પ્રત્યેક વ્રતોમાં પાંચ પાંચ કહ્યા છે. અતિચાર એટલે સ્વીકારેલા વ્રત–નિયમાદિનો દેશથી (અમુક અંશમાં) ભંગ કરાવનાર આત્માનો અધ્યવસાય. એવા અધ્યવસાયને વશ થયા વિના ઘાતી કર્મોના ક્ષયોપશમ રૂપ શુભભાવથી સમ્યક્ત્વ અને વ્રતોનું નિર્મળ પાલન કરવું તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. માટે તે અતિચારોને પણ જાણવા જોઈએ, તેથી હવે તે તે અતિચારોને કહે છે.

---

૨૨. કારણ કે તપનો ઉદ્દેશ થોડી વસ્તુથી નિર્વાહ કરી ભોગો પ્રત્યે ત્યાગ અને વૈરાગ્યની વૃદ્ધિ કરવાનો કહ્યો છે. ભોગ એ મોટો રોગ છે, જેમ જેમ ભોગવાય તેમ તેમ ભૂખ (જરૂરીઆત) વધતી જ રહે. આ જીવે અનંતા ભૂતકાળમાં અનેકશઃ દૈવી સુખો ભોગવ્યાં અને સર્વ પર્વતો જેટલો આહાર તથા સમુદ્રો જેટલા પાણી વાપર્યાં, તો પણ તૃપ્તિ ન થઈ તો હવે શી રીતે થાય? માટે વાપરતાં પણ આવી ભાવના ભાવતો શ્રાવક પારણે પણ ઊણોદરી કરે અને લોલુપતા તજી વૈરાગ્યની વૃદ્ધિ કરે. એ રીતે વાપરવા છતાં પણ તપ કહ્યો છે, અને ધન્ના મુનિની જેમ મોટી નિર્જરા પામે છે.

૨૩. ન મળે તો સાધર્મિક અગર સામાન્ય યાચકને પણ દાન દઈને ભોજન કરે. વિશેષ વિધિ મોટા ભાષાન્તરથી જાણવો.

અહીં એમ સમજવું કે જે કષાયોનો ઉદય ટળવાથી વ્રતાદિ ગુણ પ્રગટે તે કષાયનો ઉદય થતાં વ્રતાદિ સર્વથા ભાગે અને જે કષાયોનો ઉદય છતાં તે તે ગુણ પ્રગટે તે ગુણને તે ઉદયમાં વર્તતા કષાયો અતિચાર લગાડે. જેમ કે અનંતાનુબંધીનો અનુદય અને શેષ ત્રણ કષાયોનો ઉદય થતાં સમકિત પ્રગટે. તેથી અનંતાનુબંધીનો ઉદય થતાં તે સંપૂર્ણ અવરાઈ જાય અને શેષ કષાયોના ઉદયે તેમાં (દેશભંગ રૂપ) અતિચારો લાગે.

એ રીતે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાની બેનો અનુદય અને શેષ બેનો ઉદય છતાં પ્રગટેલી દેશવિરતિ પુનઃ અનંતાનુબંધી-અપ્રત્યાખ્યાનીના ઉદય થતાં સંપૂર્ણ અવરાઈ જાય અને શેષ બે કષાયોથી તેમાં અતિચારો લાગે, એ જ રીતે પ્રથમના ત્રણ કષાયનો અનુદય અને સંજ્વલનનો ઉદય છતા પ્રગટતી સર્વવિરતિ પ્રથમના ત્રણ કષાયોનો ઉદય થતાં અવરાઇ જાય અને સંજ્વલનના ઉદયથી અતિચાર લાગે. અર્થાત્ જે કષાયના ઉદય છતાં જે ગુણ પ્રાપ્ત થાય તે ગુણમાં તે ઉદિત કષાયોથી અતિચારો લાગે.

કોઇ કહે-અતિચાર દેશભંગ રૂપ હોવાથી મહાવ્રતોમાં લાગે, શ્રાવકના વ્રતો તો અણુ-અતિ અલ્પ હોવાથી દેશમાં દેશભંગરૂપ અતિચાર ન લાગે, સર્વભંગરૂપ નાશ જ થાય. આ દલિલ પણ અયોગ્ય છે. હાથીના શરીરથી મનુષ્યનું શરીર નાનું છતાં તેમાં છિદ્ર વગેરે પડે છે, તેમ અહીં અણુવ્રતો નાનાં છતાં તેમાં દેશભંગરૂપ અતિચારો ઘટે છે. તેમાં-

પ્રથમ સમકિતના પાંચ અતિચારો કહે છે

मूल-पञ्चातिचाराः सम्यक्त्वे, हेयाः शङ्कन-काङ्क्षणे ।
विचिकित्सा कुदृष्टिनां, प्रशंसा तैश्च संस्तवः ॥४२॥

અર્થાત્- સમ્યક્ત્વમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા અને કુદ્રષ્ટિની પ્રશંસા તથા તેમનો પરિચય, એ પાંચ અતિચારો તજવા યોગ્ય છે. તેમાં-

૧. શંકા- કોઇપણ જિનવચનમાં સંદેહ કરવો, તેમા દેશશંકા અને સર્વશંકા બે પ્રકારો છે, જેમકે-ધર્મ હશે કે નહિ? અથવા સત્ય હશે કે અસત્ય? વગેરે ધર્મના અસ્તિત્વ કે સત્યતારૂપ મૂળમાં શંકા તે સર્વશંકા અને જીવ તો છે, પણ તે સર્વવ્યાપક હશે કે નહિ? તેના પ્રદેશો હશે કે નહિ? અથવા હાલે ચાલે તે તો જીવ ગણાય, પણ પૃથ્વી, પાણી વગેરે સ્થિરને જીવ કેમ ગણાય? નિગોદમાં એક શરીરમાં અનંતા જીવો કેમ ઘટે? વગેરે કોઇ એક બે પદાર્થોમાં કે તેના સ્વરૂપમાં શંકા તે દેશશંકા જાણવી. તત્વથી જિનવચનમાં વિશ્વાસના અભાવે શંકા થાય, માટે શંકા સમ્યક્ત્વનો અતિચાર છે.

૨. કાંક્ષા- અન્યાન્ય ધર્મની ઇચ્છા, તેના પણ (શંકાની જેમ) સર્વ અન્ય દર્શનોની ઇચ્છા તે સર્વકાંક્ષા અને કોઈ અમુક એક-બે દર્શનની ઇચ્છા તે દેશકાંક્ષા, એમ બે પ્રકારો

છે આવી કાંક્ષા પણ સર્વજ્ઞના વચનમાં શ્રદ્ધાની ખામીથી અને અન્યદર્શનોના મહિમાની મૂઢતાથી થાય, માટે કાંક્ષા સમકિતનો અતિચાર છે.

૩. **વિચિકિત્સા** – ધર્મક્રિયા તો કરું છું પણ તેનું ફળ મળશે કે નહિ ? એવો ચિત્તનો વિપ્લવ, જો કે શંકા અને વિચિકિત્સા બંન્ને સંદેહરૂપ છે, તો પણ શંકામાં જિનકથિત દ્રવ્યાદિ ભાવોમાં સંદેહ અને વિચિકિત્સામાં ક્રિયાના ફળ પ્રત્યે સંદેહ, એમ બેનો વિષય ભિન્ન હોવાથી જુદાં કહ્યાં છે. અથવા વિચિકિત્સા એટલે સદાચારી એવા નિષ્પાપ જીવનવાળા જૈન સાધુ-સાધ્વીના શરીર-વસ્ત્રો વગેરેને સ્નાનાદિના અભાવે મેલથી મલિન જોઈને જુગુપ્સા કરવી અને અચિત્ત જળથી સ્નાન કરે તો શું વાંધો ? વગેરે સૂગના વિચારો કરવા, આ પણ જિનવચનમાં શ્રદ્ધાની ખામીથી જ થાય, માટે વિચિકિત્સા એ સમકિતનો અતિચાર છે.

૪. **કુદૃષ્ટિ પ્રશંસા** – શાકય, કપિલ, કણાદ, બુદ્ધ, વગેરેએ પ્રવર્તાવેલો કોઇ પણ ધર્મ તે રાગ-દ્વેષનો નાશ કરવામાં અસમર્થ હોવાથી કુદર્શન અને તેને સત્ય માનીને આરાધનારો (મિથ્યાદૃષ્ટિ) કુદૃષ્ટિ છે, તેની પ્રશંસાથી મિથ્યાત્વનો પ્રચાર થાય અને સમ્યક્ત્વ મલિન થાય, માટે અતિચાર છે.

૫. **કુદૃષ્ટિ પરિચય** – અન્ય ધર્મીઓ સાથે રહેવું, પરસ્પર વાતો કરવી, વગેરે પણ પરિણામે ભાવુક આત્માને ધર્મભ્રષ્ટ થવાનું કારણ બને, માટે અતિચાર છે. દૃઢધર્મી આત્મા તો તેઓને સત્યધર્મ સમજાવવા સાથે રહે કે વાતો કરે-સાંભળે, તો પણ અયોગ્ય નથી. છતાં દેખાદેખી અન્યજીવો મિથ્યાત્વમાં આકર્ષાય કે પ્રવૃત્તિ કરે, માટે દૃઢ ધર્મીએ પણ મહત્વના કારણ વિના પ્રશંસા કે પરિચય કરવો યોગ્ય નથી, છતાં ઔચિત્ય ધર્મનું આભૂષણ છે, માટે ઔચિત્યનું ખંડન ન થાય તે રીતે વર્તવું.

મિથ્યાદૃષ્ટિઓના ૩૬૩ ભેદ કહ્યાં છે, તેમાં ૧૮૦-ક્રિયાવાદી, ૮૪-અક્રિયાવાદી, ૬૭-અજ્ઞાનવાદી અને ૩૨-વિનયવાદી છે. તેમાં-

૧. **ક્રિયાવાદી** – "કર્તા વિના ક્રિયા ઘટે નહિ, ક્રિયા પ્રત્યક્ષ છે, તો તેનો કર્તા આત્મા પણ છે," એમ આત્મા વગેરે તત્વોનું અસ્તિત્વ માને, છતાં ભિન્ન ભિન્ન અપેક્ષાવાળા હોવાથી તેઓના ૧૮૦ પ્રકારો થાય છે. જેમ કે- જીવાજીવાદિ નવ તત્વોને કોઈ સ્વરૂપે સત્ય માને અને કોઇ પરરૂપે સત્ય માને, એમ ૯ × ૨ = ૧૮ ભેદ, તેમાં કેટલાક સ્વરૂપે નિત્ય અને કેટલાક પરરૂપે નિત્ય માને, તેથી ૧૮ × ૨ = ૩૬ થાય, તેમાં કેટલાક ઇશ્વરવાદી, આત્મવાદી, નિયતિવાદી, કાલવાદી અને કેટલાક સ્વભાવવાદી હોવાથી ૩૬ × ૫ = ૧૮૦ પ્રકારો થાય.

૨. **અક્રિયાવાદી** – તેઓ નાસ્તિક છે, તેમના મતે સર્વદા એક સ્વરૂપે સ્થિર હોય તે સત્ કહેવાય, ક્રિયાથી વસ્તુનું સ્વરૂપ ખંડિત થાય, માટે સત્માં ક્રિયા ન ઘટે. તેથી ક્રિયા, કર્તા, વગેરે સર્વ અસત્ છે. તેઓમાં કેટલાક પુણ્ય-પાપ સિવાયનાં સાત તત્વોને સ્વરૂપે અસત્ અને કેટલાક પરરૂપે અસત્ માને છે, તેથી ૭ × ૨ = ૧૪ ભેદો થાય. (નિત્યાનિત્ય તેમના મતે ઘટે નહિ.) તથા તેઓમાં ઇશ્વરવાદી વગેરે ઉપર કહ્યા તે પાંચ, અને કેટલાક યદૃચ્છાવાદી (એટલે કાર્યકારણ ભાવને નહિ માનનારા) ૧૪ × ૬ = ૮૪ ભેદો થાય.

૩. **અજ્ઞાનવાદી** – તેમના મતે ક્રિયા કરવા છતાં જેમ જડને કર્મબંધ નથી થતો, તેમ જીવ પણ જ્ઞાન-ઈરાદા-સમજણ વિના ક્રિયા કરે તો કર્મબંધ વગેરે ન થાય, માટે અજ્ઞાન ઉપાદેય છે. તેઓ પણ જીવાદિ નવતત્વોને સત્વ, અસત્વ, સદસત્વ, સદવાચ્યત્વ, અસદ્-વાચ્યત્વ અને સદ્-અસદ્-અવાચ્યત્વ એ સાત ભાંગાથી માને, તેથી ૯ × ૭ = ૬૩ અને ઉત્પત્તિને માનનારાના સત્વ વગેરે ચાર જ ભાંગા હોવાથી કુલ ૬૭ ભેદો થાય.

૪. **વિનયવાદી** – તેઓ સાધુ વેષ, આચાર કે શાસ્ત્રો વગેરેને નિરર્થક માને, માત્ર વિનયથી જ કલ્યાણ માને છે. દેવો, રાજા, જ્ઞાતિજન, યતિઓ, વૃદ્ધો, દીનદુઃખીયા, માતા અને પિતા, એ આઠનો મન-વચન-કાયાથી વિનય તથા દેશકાલને ઉચિત દાનથી તેઓ કલ્યાણ માનનારા હોવાથી ૮ × ૪ = ૩૨ ભેદો થાય, એમ કુલ ૩૬૩ પાખંડીઓ પોતાના મત સિવાય સર્વને અસત્ય માને છે, આ હકીકત અર્જૈનો પણ માને છે, વગેરે વિશેષ વર્ણન મોટા ભાષાન્તર વગેરેથી જાણી લેવું.

હવે પહેલા વ્રતના અતિચારો કહે છે.

मूल – वधो बन्धश्छविच्छेदोऽतिभारारोपणं क्रुधः ।
भक्तपानव्यवच्छेदोऽतिचाराः प्रथमव्रते ॥४३॥

અર્થાત્ ક્રોધથી વધ, બંધ, છવિછેદ કરવા, અતિભાર ઉપડાવવો તથા આહાર-પાણી ન આપવાં. એમ પહેલા વ્રતમાં પાંચ અતિચારો થાય. તેમાં –

૧. **વધ** – ક્રોધવશ બીજાને લાકડી વગેરેથી માર મારવો. તેમાં ગૃહસ્થને, અવિનીત પરિવાર કે પશુઓને સકારણ મારવાં પડે તો અતિચાર નથી.

૨. **બંધ** – ક્રોધવશ બંધનથી બાંધવા.

૩. **છવિચ્છેદ** – ચામડી કે નાક, કાન વગેરે અવયવોને ક્રોધવશ કાપવા.

૪. ઉપાડી કે ખેંચી ન શકે તેટલો **અધિક ભાર ઉપડાવવો ખેંચાવવો** અને

૫. મનુષ્યને કે પશુને આહાર-પાણી ન આપવા **ભૂખ્યાં-તરસ્યાં રાખવાં.**

આ અતિચારો ક્રોધ કે લોભને વશ નિર્દયતાથી લાગે, માંદગી કે અવિનયના કારણે હિતબુદ્ધિએ આ પ્રવૃત્તિ કરવામાં ગૃહસ્થને દોષ નથી, તો પણ નિરપેક્ષ રીતે નહિ વર્તવું. જો કે – શ્રાવક સ્થૂલપ્રાણાતિપાત વ્રતમાં ત્રસ જીવોની, નિષ્કારણ, નિરપેક્ષપણે, ઈરાદાપૂર્વકની હિંસાનો ત્યાગ કરે છે. વધ, બંધ વગેરેનો ત્યાગ કરતો નથી તો પણ વધ-બંધ વગેરે હિંસાના કારણો છે માટે તેને અતિચાર કહ્યાં છે.

અહીં સમજવું કે વ્રતો અંતર્વૃત્તિથી અને બાહ્યવૃત્તિથી એમ બે પ્રકારે હોય છે, તેમાં કોઈ એક પ્રકારે ભાંગે તો અતિચાર થાય અને બન્ને પ્રકારે ભાંગે તો વ્રત જાય. જેમ કે હિંસાનો ઇરાદો નથી પણ પ્રવૃત્તિ કરતાં હિંસા થાય તો અતિચાર, એ રીતે હિંસા માટે પ્રવૃત્તિ કરી પણ જીવ મર્યો નહિ, તો પણ અતિચાર, અર્થાત્ દેશથી ભંગ અને દેશથી પાલન તેને અતિચાર કહ્યો છે.

અથવા બીજી રીતે સર્વત્ર અનાભોગ (અનુપયોગ) તથા સહસાત્કાર કે અતિક્રમાદિથી અતિચાર જાણવો. જેમ કે – કોઈ સાધુને ગૃહસ્થ દોષિત આહાર માટે નિમંત્રણ કરે, તે જાણવા છતાં સાધુ નિષેધ ન કરે તો અતિક્રમ, તેથી આગળ વધીને દોષિત છતાં વહોરવાની તૈયારી કરી ત્યાં જાય તે સઘળો વ્યતિક્રમ, તે આહાર પાત્રમાં વહોરે, લઈને આવે, વાપરવા બેસે, મુખમાં નાખે ત્યાં સુધી સર્વ અતિચાર અને ગળી જાય ત્યારે અનાચાર થાય. એમ દરેક વિષયમાં અનાચાર ન થાય ત્યાં સુધી અતિક્રમાદિથી અતિચાર લાગે.

હવે બીજાવ્રતના અતિચારો કહે છે –

मूल – सहसाऽभ्याख्यानं मिथ्योपदेशो गुह्यभाषणम् ।
कूटलेखश्च विश्वस्त – मन्त्रभेदश्च सूनृते ॥४४॥

અર્થાત્ વિચાર્યા વિના બીજાને આળ – કલંક આપવું, ખોટો (પાપનો) ઉપદેશ કરવો, કોઇની ગુપ્તવાત જાહેર કરવી, ખોટા લેખ લખવા અને વિશ્વાસુની ગુપ્ત વાત પ્રગટ કરવી એ પાંચ અતિચારો બીજા મૃષાવાદ વિરમણના જાણવા. તેમાં –

૧. **સહસાભ્યાખ્યાન** – વગર વિચાર્યે 'તું ચોર છે, વ્યભિચારી છે' વગેરે આળ કલંક દેવું, કે અન્ય આચાર્યોના મતે એકાન્તમાં એકની ખોટી વાત બીજાને કહેવી જેમ કે હાંસી મશ્કરીમાં પતિ ની ખોટી વાત તેની પત્નીને કે પત્નીની ખોટી વાત તેના પતિને કહેવી, વગેરે એક બીજાને પરસ્પર અપ્રીતિ થાય કે કામરાગ વગેરે પ્રગટે તેવું બોલવું તે અતિચાર, તેવું જો ઇરાદાપૂર્વક બોલે તો ખોટા દોષ બોલવાનો ત્યાગ કરેલો હોવાથી વ્રત ભાંગે, માટે હાંસી – મશ્કરી વગેરે કરતાં કે સહસા એવું બોલતાં અતિચાર. અહીં બીજાને હાનિ કરવાનો ઉદ્દેશ નથી, માટે વ્રતરક્ષા અને હાનિ થવાનો સંભવ હોવાથી વ્રતભંગ, એમ ભંગાભંગરૂપ અતિચાર જાણવો.

૨. **મિથ્યાઉપદેશ**– ઇરાદો પીડા કરવાનો ન હોય છતાં પ્રમાદથી "ઊંટ–ગધેડાં ઉપર ભાર ભરો, અમુકને મારી નાખો" વગેરે બોલે. કે વસ્તુ હોય તેથી વિપરીત, કે સાંભળનારને સંદેહ પડે તેવું બોલે અથવા વિવાહાદિ પ્રસંગે અંતરાય કરવાના ઇરાદાથી સ્વયં કે બીજા દ્વારા બે પૈકી એક પક્ષને ખોટી સલાહ આપે–અપાવે છતાં માને કે હું અસત્ય બોલતો નથી, બીજાને સલાહ આપું–અપાવું છું, ત્યારે વ્રતપાલનની અપેક્ષા છતાં અસત્ય બોલવા–બોલાવવાથી મિથ્યાઉપદેશરૂપ અતિચાર ગણાય. અથવા સીધી રીતે નહિ પણ બીજાના દૃષ્ટાંતથી મિથ્યા સલાહ આપે. જેમકે આવા પ્રસંગે અમુક માણસે આમ કર્યું, વગેરે પણ મિથ્યા ઉપદેશ ગણાય.

૩. **ગુહ્યભાષણ**– તેમાં કોઇની રાજ્યવિરૂદ્ધ વગેરે ગુપ્તવાત અનુમાનથી જાણીને બીજાને કહેવી, અગર ચાડી કરવી અહીં પણ ઇરાદાપૂર્વક અહિત કરવા બોલે તો વ્રતભંગ થાય, હાંસી–મશ્કરી કે પ્રમાદથી બોલે તો અતિચાર ગણાય.

૪. **કૂટલેખ અતિચાર**– તેમાં ખોટા લેખ લખવા, બીજાના જેવા અક્ષરોથી ખોટી સહી કરવી વગેરે; આ વ્રતમાં જેણે "કાયાથી અસત્ય બોલવું નહિ કે બોલાવું નહિ" એવા ભાંગે વ્રત કર્યું હોય તેને તો ખોટું લખવા–લખાવવાથી વ્રત ભાંગે, અતિક્રમ, વ્યતિક્રમથી કે પ્રમાદથી લખાઇ જાય તો અતિચાર અથવા પોતે માને કે "મારે ખોટું બોલવાનું વ્રત છે. લખવાનું વ્રત નથી, માટે વ્રત ન ભાંગે" ત્યારે વ્રત પાલનનું લક્ષ્ય હોવાથી અતિચાર ગણાય.

૫. **વિશ્વાસુની વાત પ્રગટ કરવી**– તેમાં સ્ત્રી, મિત્ર વગેરેની ગુપ્ત છતાં વિશ્વાસથી કહેલી સત્યવાતને પણ જાહેર કરતાં કોઇના પ્રાણ જાય માટે અતિચાર કહ્યો છે. અહીં ગુહ્ય ભાષણ અને ગુપ્તવાત જાહેર કરવી બંને સમાન છતાં ગુહ્ય ભાષણમાં અનુમાનથી જાણેલી ગુપ્તવાત અને પાંચમામાં વિશ્વાસથી સામાએ કહેલી વાત, એમ ભેદ છે માટે બે અતિચારો જુદા છે. વળી ત્રીજામાં માત્ર ગુપ્ત જાહેર કરવા રૂપ ચાડી છે, પાંચમામાં વાત સાચી છતાં વિશ્વાસઘાતનું મોટું પાપ છે. એમ બન્નેમાં ભેદ છે.

હવે ત્રીજા વ્રતના અતિચારો કહે છે.

मूल–स्तेनाहृतग्रह–स्तेन–प्रयोगौ मानविप्लवः ।
द्विड्राज्यगतिरस्तेये प्रतिरुपेण च क्रिया ॥४५॥

અર્થાત્ ચોરીની વસ્તુ જાણવા છતાં લેવી, ચોરને સહાય કરવી, તોલ–માપ ખોટા રાખવા. શત્રુરાજ્યમાં રાજ્યાજ્ઞા વિરૂદ્ધ જવું અને સારી–હલકી વસ્તુ ભેળવીને વેચવી, એ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રતના પાંચ અતિચારો છે. તેમાં–

૧. **ચૌરાપહૃતગ્રહણ**– જાણવા છતાં ગુપ્ત રીતે લોભાદિને વશ ચોરીની વસ્તુ મફત કે અલ્પમૂલ્યથી લેવી તે અતિચાર. નીતિશાસ્ત્રમાં ચોર, ચોરી કરાવનાર, તેની સાથે મંત્રણા કરનાર (સલાહકાર), ચોરીના ભેદને જાણનાર, ચોરીનો માલ લેનાર, તેને આજીવિકા આપનાર અને સ્થાન આપનાર, એ સાતેયને ચોર કહ્યા છે. તેમાં "હું કયાં ચોરી કરું છું, વેપાર કરું છું" એમ માનનાર વ્રતની રક્ષા માને છતાં ચોરીની વસ્તુ લેવી તે ચોરી તુલ્ય હોવાથી અતિચાર છે.

૨. **સ્તેન પ્રયોગ**– એટલે ચોરોને ચોરીની પ્રેરણા કરવી, કોશ, કાતર કે ધર્ધરી વગેરે ચોરીના સાધનો આપવાં વગેરે. અહીં ચોરી કરવી–કરાવવી નહિ એવું વ્રત લીધું હોય તો વ્રતભંગ થાય. અન્યથા "હું ચોરી કરતો નથી, તેમને આજીવિકા માટે સલાહ આપું છું, સહાય કરું છું" વગેરે ભાવ હોય તો અતિચાર લાગે.

૩. **તોલમાપ ખોટાં રાખવાં**– તેમાં ઓછું આપવું, અધિક લેવું તે ઠગવા રૂપ ચોરી છે. પણ પોતે માને કે "હું તો વણિક્કલા કરું છું" એમ વ્રતરક્ષાની ભાવના હોવાથી અતિચાર છે.

૪. **રાજ્ય વિરુદ્ધ ગમન**– એમાં રાજાનો નિષેધ છતાં લોભાદિને વશ શત્રુના રાજ્યમાં જઇ વેપાર કરવો તે રાજાની ચોરીરૂપ છે. દંડ પણ ચોરના જેટલો જ થાય. છતાં એમ માને કે "હું ચોરી નથી કરતો વ્યાપાર માટે જાઉં છું" વગેરે વ્રતભંગની ભાવનાના અભાવે અતિચાર કહ્યો છે. એ રીતે શત્રુ રાજ્યના સૈન્યમાં કે હદમાં મલી જવું, રાજ્ય નિષિદ્ધ વસ્તુનો વેપાર કરવો, દાણચોરી કરવી, વગેરે સર્વમાં આ અતિચાર છે.

૫. **તત્ પ્રતિરૂપક વ્યાપાર**– એમાં રંગ, રૂપ, ગંધ, વગેરેથી સરખી છતાં હલકી વસ્તુને ભારેમાં ભેળવીને લોકોને ઠગવા તે પણ ચોરીરૂપ છતાં વણિક્કલા માને માટે અતિચાર. ચોરીનાં પશુઓને માલિક ઓળખી શકે નહિ માટે શિંગડા વગેરેનો આકાર બદલીને કે ઘરેણાં વગેરેને ગાલી–ભાંગીને, આકાર બદલીને પોતે રાખવાં, વગેરે પણ અતિચાર જાણવો.

આ પાંચે અતિચાર રાજાને, રાજાના નોકરોને કે બીજી નોકરી કરનારને પણ જે જે રીતે લાગે તે સ્વયં સમજવું, અથવા મોટા ભાષાન્તર વગેરેથી જાણી લેવું.

હવે ચોથા વ્રતના અતિચારો કહે છે.

मूल–परविवाहकरणं, ऋमोऽनात्तेत्वरात्तयोः ।
अनङ्गक्रीडन तीव्रकामाभिनिवेशश्च ब्रह्मणि स्मृताः ॥४६॥

અર્થાત્– પરવિવાહ કરવા, ધણી વિનાની તથા અમુકકાળ પૂરતી રખાત કરેલી સ્ત્રીનો ભોગ કરવો, અનંગ ક્રિડા કરવી અને તીવ્ર કામરાગ કરવો, એ બ્રહ્મવ્રતમાં પાંચ અતિચારો છે. તેમાં–

૧. **પરવિવાહ કરણું**– પોતાના પુત્રાદિને કન્યા મેળવવાના કે કન્યાદાનનું પુણ્ય મેળવવાના આશયથી કે સ્નેહી–સંબંધપણાથી બીજાના સંતાનોના વિવાહ–લગ્ન કરવાં તે અતિચાર. પણ તેમાં જેણે પોતાની પરણેત સ્ત્રી અથવા વેશ્યા સિવાયની અન્ય સ્ત્રી સાથે મૈથુન સેવવા–સેવરાવવાનો ત્યાગ કર્યો હોય તેને તો પરવિવાહથી વ્રતભંગ થાય, છતાં એમ સમજે કે હું 'માત્ર વિવાહ કરું છું' તો અતિચાર ગણાય. વ્રત લીધા પછી પરવિવાહ દ્વારા પુણ્ય બંધ કે કન્યા મેળવવાની આવી ઇચ્છા સમકિતી છતાં અજ્ઞાનીને, કે મિથ્યાત્વી છતાં ભદ્રપરિણામીને થાય. અહીં પરવિવાહને અતિચાર કહ્યો, તેમાં એ કારણ છે કે ગૃહસ્થ પોતાનાં સંતાનોના વિવાહ ન કરે તો તે સ્વરછંદી, વ્યભિચારી, થઈ જવાથી પોતે ઉચ્ચરેલા વ્રતની અને ધર્મની પણ લોકમાં હાંસી–હલકાઈ થાય, માટે પોતાના સંતાનોના વિવાહ ગૃહસ્થને અનિવાર્ય છે, હા, બીજા એ ચિંતા કરનારા હોય તો કૃષ્ણજી કે ચેડા મહારાજની જેમ પોતે ત્યાગ કરી શકે. બીજા આચાર્યોના મતે તો પર એટલે બીજો. અર્થાત્ એકપત્ની છતાં વાસનાની અતૃપ્તિને કારણે બીજી સ્ત્રી પરણે, તો સ્વદારા–સંતોષવ્રતવાળાને આ અતિચાર લાગે.

૨. **અનાત્તગમન** અતિચાર–તેમાં અનાત્તા એટલે વેશ્યા, કુલટા જેનો પતિ પરદેશ ગયો હોય, કુલવતી પણ વિધવા કે કુંવારી એ માલિક વિનાની ગણાય, તેને ભોગવવાથી અતિચાર તથા

૩. **ઇત્વરીગમન**– એટલે અમુક કાળમાટે પગારથી રખાત કરી હોય તેને ભોગવવાથી અતિચાર. આ બીજો ત્રીજો અતિચાર સ્વદારાસંતોષીને ઘટે, પરસ્ત્રી ત્યાગીને ન ઘટે. તેમાં પણ માલિક વિનાની (અનાત્તા) સ્ત્રીને અજાણપણે કે સહસા ભોગવે, કે ઇચ્છારૂપ અતિક્રમાદિ સેવે ત્યારે અતિચાર અન્યથા વ્રતભંગ થાય. અને રખાત માટે પગારથી મેં રાખેલી માટે પરસ્ત્રી ન ગણાય, એમ સમજી ભોગવે ત્યારે અતિચાર જાણવો. તે સિવાયના પહેલો, ચોથો અને પાંચમો ત્રણે અતિચાર સ્વદારાસંતોષી તથા પરસ્ત્રી ત્યાગી બન્નેને લાગે, એમ આગમ વગેરેનો મત છે. અન્ય આચાર્યોના મતે તો સમજણપૂર્વક પણ રખાતને ભોગવવાથી સ્વદારા–સંતોષીને અને માલિક વિનાની સ્ત્રીને ભોગવવાથી પરદારા ત્યાગીને અતિચાર લાગે. તેમાં એ હેતુ છે કે સ્વદારાસંતોષી રખાતને પોતાની સમજી ભોગવે છતાં તત્ત્વથી તે પોતાની નથી માટે ભંગાભંગરૂપ અતિચાર લાગે અને વિધવા, પ્રોષિત ભર્તૃકા તથા જીવતાપણ પતિને તજી દેનારી, વગેરે વર્તમાનમાં પતિ વિનાની, છતાં તે પર સ્ત્રીઓ પણ છે જ, માટે તેને ભોગવવાથી ભંગાભંગરૂપ અતિચાર ગણાય.

૪. **અનંગક્રીડા અતિચાર**– તેમાં અનંગ એટલે કામ અથવા ઇચ્છા. સ્ત્રી પુરુષ અને નપુંસક, ત્રણેને ત્રણેના ભોગની અનુચિત ઇચ્છા તે અનંગ અને તેની ચેષ્ટા–પ્રવૃત્તિ તે અનંગક્રિડા. તથા હસ્તકર્મ વગેરે કુચેષ્ટા, કે પોતાની સ્ત્રી વગેરે ભોગની સામગ્રી છતાં

અસંતોષથી કૃત્રિમ સાધનો દ્વારા કુચેષ્ટા કરવી તે પણ અનંગક્રીડા. વળી ગુહ્યપ્રદેશ સિવાયનાં અંગો તે અનંગ કહેવાય, તેથી સ્તન, મુખ વગેરેની કુચેષ્ટા તે પણ અનંગક્રીડા, એમ તીવ્ર વેદોદયથી વિવિધ કુચેષ્ટા કરવી તે સર્વ અનંગક્રીડા અતિચાર જાણવો.

૫. તીવ્રરાગ અતિચાર– ભોગના અતિરાગથી ચકલાની જેમ વારવાર મૈથુન સેવવું, શક્તિ સંચય માટે વાજીકરણ કરવું, વિવિધ ઔષધો–રસાયણો ખાવાં, વગેરે અતિચાર છે. તત્વથી તેવી પ્રવૃત્તિ મૈથુનરૂપ છતાં સ્પષ્ટ મૈથુન નથી, તેથી ભંગાભંગરૂપ અતિચાર. એમ સ્વદારા સંતોષીને પાંચ અને પરસ્ત્રી ત્યાગી ને ત્રણ અતિચારો ઘટે, છતાં અન્ય આચાર્યો પરદારા–ત્યાગીને પાંચ અને સ્વદારાસંતોષીને ત્રણ, સ્ત્રીને પણ અપેક્ષાએ ત્રણ અથવા પાંચ અતિચારો લાગે, એમ કહે છે. (તે મોટા ભાષાન્તર વગેરેથી જાણવું.)

હવે પાંચમા વ્રતના અતિચારો કહે છે કે–

मूल–धनधान्यं क्षेत्रवास्तु, रुप्य – स्वर्णं च पञ्चमे ।
गोमानुष्यादि कुप्यं चेत्येषां सङ्ख्या व्यतिक्रमाः ॥४७॥

અર્થાત્ ધન–ધાન્ય, ક્ષેત્ર–મકાન, રૂપું–સોનું, પશુ–મનુષ્ય, વગેરે અને કુપ્ય (શેષ રાચ–રચિલું) એ પાંચેની વ્રતમાં ધારેલી સંખ્યાનું ઉલ્લંઘન કરવું તે પાંચમાં વ્રતનાં પાંચ અતિચારો છે.

અહીં પાંચ અતિચારો કહેવાના હોવાથી નવવિધ પરિગ્રહના પાંચ ભાગ જણાવ્યાં છે. જેમકે

૧. જાયફળ, ફોફળ વગેરે ગણીને લેવાય–દેવાય તે ગણિમ, તોલીને દેવાય તે કંકુ, ગોળ, વગેરે ધરિમ, માપીને અપાય તે અનાજ વગેરે મેય, અને પરીક્ષા કરીને લેવાય દેવાય તે પારિચ્છેદ્ય, એમ ચાર પ્રકારનું ધન તથા શાસ્ત્રોક્ત ચોવીશ કે સત્તર પ્રકારનું ઘઉં, ચોખા, અડદ વગેરે ધાન્ય, તે બેનો એક પરિગ્રહ.

૨. જ્યાં કૂવા, વાવ, વગેરેના પાણીથી પાક થાય તે સેતુ, વરસાદથી પાક થાય તે કેતુ અને ઉભયથી પાક પાકે તે સેતુ–કેતુ, એમ ત્રણ પ્રકારનાં ક્ષેત્રો તથા ઘર–હાટ વગેરે મકાનો તે વાસ્તુ, તેમાં જમીનમાં ભોંયરું તે ખાત, જમીન ઉપરનું મકાન તે ઉચ્છ્રિત અને ભોંયરા યુક્ત મકાન તે ખાતોચ્છ્રિત કહેવાય. રાજાને પણ ગામ–નગર વગેરે વાસ્તુ, એમ ક્ષેત્ર અને વાસ્તુનો એક પરિગ્રહ.

૩. ઘડેલું કે અણઘડ રૂપું–સોનું, તે બન્નેનો એક પરિગ્રહ.

૪. પુત્ર, સ્ત્રી, નોકર, દાસ, દાસી, પોપટ, વગેરે સર્વ બે પગવાળાં તથા ગાય, ભેંસ, ઘોડો, ઊંટ વગેરે સર્વ ચાર પગવાળાં, તે બેનો એક પરિગ્રહ.

૫. સોના રૂપા સિવાયની સર્વ ધાતુઓ, તેનાં વાસણ, કાષ્ટ વગેરેના પલંગ, ખુરશી, હીંચકા વગેરે સર્વ પ્રકારની વસ્ત્રપાત્રાદિ વિવિધ ઘરવખરી તે પાંચમો કુપ્ય નામનો પરિગ્રહ જાણવો.

આ સર્વનો નિયમ ઉપરાંત સંગ્રહ કરવો તે તત્વથી વ્રતભંગ છતાં અતિચાર કેવી રીતે થાય તે માટે કહે છે કે–

मूल–बन्धनाद्योजनाद्दानाद् गर्भतो भावतस्तथा ।
कृतेच्छापरिमाणस्य न्याय्याः पञ्चापि न ह्यमी ॥४८॥

ઉપર જણાવેલા પાંચ પ્રકારના પરિગ્રહપ્રમાણ કરનારને ક્રમશઃ બંધનથી, જોડવાથી, દાનથી, ગર્ભથી અને ભાવથી અમ પાંચેય અતિચારો સેવવા તે યોગ્ય નથી. જેમ કે–

૧. ધનધાન્યના પરિમાણથી અધિક કોઈ ભેટથી, લેણાથી આવે, કે વેચાણ લેવાનો પ્રસંગ આવે, તો વ્રતભંગના ભયે સામાને કહે કે હાલ તમારે ત્યાં મારા થકું રાખો, મારા નિયમની મુદત પછી, અગર થોડું વેચાયા પછી કે અમુક સમય પછી લઇશ, અગર અમુક મુદતનું સાટું (સોદો) કરી તેને ત્યાં રખાવે, અથવા લઇને ગાંઠ વગેરેથી બાંધીને અલગ મૂકી રાખે, અને પરાયું માને તો વ્રતરક્ષાના પરિણામ છતાં તત્ત્વથી વ્રત ભંગ થાય, માટે ભંગાભગ રૂપ અતિચાર જાણવો.

૨. ક્ષેત્ર કે મકાન ધારેલી સંખ્યાથી વધી જાય ત્યારે બાજુનું ખરીદ કરી પોતાના મૂળ ખેતર કે ઘરની સાથે જોડી દે, વાડ કે ભીંત તોડી બેનાં એક બનાવી દે, તેથી સંખ્યા સચવાય પણ તત્ત્વથી પ્રમાણ ઉપરાંત રાખ્યું માટે અતિયાર લાગે.

૩. રૂપું કે સોનું પ્રમાણથી વધી જવાનો પ્રસંગ આવે, ત્યારે પણ લોભથી થોડો વખત બીજાને સોંપે અગર સ્ત્રી–પુત્રાદિના નામે ચઢાવીને માલિકી પોતાની રાખે, તેથી અતિચાર લાગે.

૪. દ્વિપદ અને ચતુષ્પદમાં પણ પ્રમાણથી સંખ્યા વધી જવાના ભયે ગર્ભમાં હોય તેને ન ગણે, અગર વ્રતભંગના ભયથી ગર્ભ કેટલાક સમય પછી ધારણ કરાવે, એમ અતિચાર લાગે અને

૫. કુપ્યમાં પ્રમાણથી અધિક રાખવાની ઇચ્છા થાય કે વારસામાં લેણામાં કે બક્ષીસ વગેરેથી આવે, ત્યારે વાસણ વગેરેને ભાગીને (ભેગા કરીને) મોટાં કે વધારે વજનવાળાં કરાવે, એમ સંખ્યાનું પ્રમાણ સાચવવા છતાં અતિચાર લાગે.

આ પાંચે અતિચારોમાં વ્રતરક્ષાના પરિણામ હોવાથી દેશથી વ્રતપાલન છતાં દેશથી ભંગ હોવાથી ભંગાભંગરૂપ અતિચારો જાણવા.

હવે છઠ્ઠા વ્રતના અતિચારો કહે છે.

मूल – मानस्य निश्चितस्यो – र्ध्वाऽधस्तिर्यक्षु व्यतिक्रमाः ।
क्षेत्रवृद्धिः स्मृतिभ्रंशः स्मृता आद्य – गुणव्रते ॥४९॥

અર્થાત્ જવા આવવા વગેરે માટે નિશ્ચિત કરેલી ભૂમિના પ્રમાણથી ઉર્ધ્વ – અધો અને તિર્છી દિશામાં અધિક જવા – આવવાથી ત્રણ, અને ક્ષેત્રવૃદ્ધિ કરવાથી તથા પ્રમાણનું વિસ્મરણ થવાથી બે, એમ પાંચ અતિચારો પહેલા ગુણવ્રતમાં કહ્યા છે. જેમ કે

૧. **ઉંચે** – પર્વતના શીખર વગેરે.

૨. **નીચે** – ભોંયરું, સુરંગ, સમુદ્રતળ વગેરે અને

૩. **તિર્છું** – આઠ દિશા, એમ દશ દિશામાં પ્રત્યેકમાં અમુક ગાઉ કે યોજન ઉપરાંત ગમનાગમન નહિ કરવાનું ધાર્યું હોય, તેમાં અનુપયોગથી કે વગર વિચાર્યે અધિક જવાથી કે જવાની ઇચ્છા વગેરે અતિક્રમ, વ્યતિક્રમ વગેરે કરવાથી તે તે દિશાનો અતિચાર લાગે અને જાણીને જાય તો નિયમ ભાંગે. અહીં વૃદ્ધ પરંપરા એવી છે કે વિસ્મૃતિ કે અનુપયોગથી અધિક ભૂમિ જતાં ખ્યાલ આવે કે હું દૂર આવી ગયો, તો ત્યાંથી પણ પાછા ફરવું, બીજાને પણ આગળ મોકલવો નહિ, ત્યાંથી વસ્તુ પોતે લાવવી નહિ, મંગાવવી નહિ અને મંગવ્યા વિના પણ કોઈ લાવે તો પોતે વાપરવી નહિ, લેવા કે વાપરવાથી વ્રતનો ભંગ થાય. તીર્થયાત્રાદિ ધર્મકાર્યો માટે તો નિયમ ઉપરાંત દૂર પણ જવાય. વિશેષમાં 'હું જાઉં નહિ, કે બીજાને મોકલું નહિ' એવું વ્રત હોય તો પોતે અધિક ભૂમિમાં જાય કે બીજાને મોકલે તો પણ વ્રત ભાંગે, પણ માત્ર 'મારે જવું નહિ' એટલું જ વ્રત હોય તો બીજાને મોકલી શકાય.

૪. **ક્ષેત્રવૃદ્ધિ** – આ અતિચારમાં અમુક દિશામાં ધારેલું પ્રમાણ ઘટાડીને તેટલું બીજી દિશામાં વધારીને નિયમ ઉપરાંત દૂર જાય, છતાં એમ માને કે મેં બે દિશાનું કુલ પ્રમાણ ધાર્યું હતું તે પ્રમાણે સરવાળે સરખું જ પાળ્યું, માટે મારું વ્રત અખંડ છે, એમ નિયમ ભાગવા છતાં પાલનની બુદ્ધિ હોવાથી ભંગાભંગ રૂપ અતિચાર કહ્યો છે.

૫. **સ્મૃતિભ્રંશ** અતિચાર – તેમાં ધારેલા પ્રમાણનું વિસ્મરણ થવાથી જતી વેળા સંદેહ થાય કે મેં પચાસ યોજન ધાર્યું હતું કે સો યોજન ? એમ સો યોજન પ્રમાણ ધાર્યું હોય તો પણ સંદેહ છતાં પચાસ ઉપરાંત જાય તો અતિચાર અને સો ઉપરાંત જાય તો વ્રતભંગ થાય: આ કારણે જ વ્રતધારકે પોતાના વ્રત – નિયમોનું વાર વાર સ્મરણ કરવું જોઇએ. સઘળી ક્રિયાઓમાં ઉપયોગ એ જ ધર્મ છે.

હવે સાતમા વ્રતના અતિચારો કહે છે.

मूल–सचितस्तत्प्रतिबद्धः, संमिश्रोऽभिषवस्तथा ।
दुष्पक्वाहार इत्येते, दैतीयिके गुणव्रते ॥५०॥

અર્થાત્ સજીવ, સજીવ સાથે વળગેલું અજીવ, અંશે સજીવ અને અંશે નિર્જીવ તે મિશ્ર, આસવો તથા કાચું-પાકું, એ પાંચ પ્રકારની વસ્તુ વાપરવાથી બીજા ગુણવ્રતમાં (ભોજન અંગે) પાંચ અતિચારો જાણવા. તેમાં

૧. **સજીવ** એટલે જીવસહિત, જેવા કે– કંદ, મૂળ, ફળ, અનાજ, કાચું લૂણ, પાણી, સર્વ કાચી વનસ્પતિ વગેરે. તેમાં જેણે સચિતનો સર્વથા ત્યાગ કર્યો હોય તે અનુપયોગથી તથા વગર વિચાર્યે સહસાત્ વાપરે, કે ઇચ્છારૂપ અતિક્રમ, વ્યતિક્રમ વગેરે કરે અને જેણે અમુક સચિત્ત વસ્તુ કે અમુક પ્રમાણથી અધિક સચિત્તનો ત્યાગ કર્યો હોય, તે અનુપયોગાદિથી નિયમ ઉપરાંત વાપરે કે અતિક્રમાદિ સેવે તો અતિચાર અને જાણીને વાપરે તો વ્રતભંગ થાય.

૨. **સચિત્ત પ્રતિબદ્ધ**– એટલે સચિત્ત સાથે વળગેલું અચિત્ત, જેવાં કે વૃક્ષ ઉપર નીતરેલો ગુંદર, અચિત્ત પણ વૃક્ષ સાથે લાગેલાં ફળો, અંદર ગોટલી, બીજ, વગેરે હોય તેવાં કેરી, ખજૂર, વગેરે પાકાં ફળો, ઇત્યાદિ સર્વ સચિત્ત પ્રતિબદ્ધ કહેવાય. સચિત્તના ત્યાગીને તે અનાભોગ, સહસાત્કારે આવાથી કે અતિક્રમ વગેરે કરવાથી, અને વ્રતરક્ષા માટે સચિત્ત બીજ વગેરે કાઢીને પણ તુર્ત આવાથી અતિચાર લાગે. જાણીને કે બીજ સહિત ખાય તો વ્રતભંગ થાય.

૩. **મિશ્ર**– એટલે પૂર્ણ ત્રણ ઉકાળા વિનાનું પાણી, દાડિમ, બીજોરું, ચીભડાં, વગેરે સચિત્ત વસ્તુવાળા પૂરણ, સચિત્ત તલથી યુક્ત અચિત્ત જળ, તુર્ત દળેલો અણચાળેલો લોટ, વગેરે સચિત્ત સહિત (મિશ્ર) છતાં અચિત્ત સમજીને કે અનાભોગ વગેરેથી ખાય તો સચિત્તના ત્યાગીને સચિત્તસંમિશ્ર નામે અતિચાર લાગે.

૪. **અભિષવ આહાર**– એટલે ઘણી વસ્તુ એકઠી કહોવરાવીને કાઢેલા રસો–આસવો, દરેક જાતનું માંસ, દારૂ, તાડી વગેરે, જેમાંથી માદક રસ ઝરે તેવાં મહુડાં, વગેરે કામની વૃદ્ધિ કરનારા પદાર્થો અજાણતાં કે સહસા ખવાઇ જાય ત્યારે સચિત્ત ત્યાગીને અતિચાર લાગે.

૫. **દુષ્પક્વાહાર**– અર્ધ સેકેલા પોંખ, પાપડી, તાંદળજો વિગેરે તથા પૂર્ણ નહિ પકવેલાં અનાજ, કોરડુ મગ વગેરે, પકવવા છતાં કાગાં રહેલાં કઠોળ, ફળો વગેરે, તથા પૂર્ણ પાકચા–સેકચા–રાંધ્યા વિનાની વસ્તુઓ, તે આ ભવમાં રોગ વગેરેનું તથા પરલોકમાં દુર્ગતિનું કારણ છે, છતાં આ ચીજોને અચિત્ત માનીને ખાય તો અતિચાર લાગે.

કેટલાક અપક્વાહારને જુદો અતિચાર માને છે પણ તે સચિત્ત આહારમાં ગણાય, અને કોઇ તુચ્છ ઔષધિને પણ સ્વતંત્ર અતિચાર કહે છે તે પણ અપક્વ હોય તો સચિત્તમાં

ગણાય. અને પકાવેલી અચિત્ત હોય તો દોષ કેમ ગણાય? માટે ભિન્ન અતિચાર નહિ. એ રીતે રાત્રી ભોજન, દારુપાન વગેરે જે જે અભક્ષ્ય વગેરેનો ત્યાગ કરવા છતાં અજાણતાં કે સહસા ખવાઈ જાય તો અતિચાર સમજવા. આ વર્ણન શ્રી તત્ત્વાર્થની ટીકાને આધારે કર્યું, આગમમાં તો અપક્વાહાર અને તુચ્છૌષધિ-ભક્ષણ એ ત્રણને ક્રમશઃ ત્રીજો, ચોથો અને પાંચમો અતિચાર કહ્યો છે. વંદિત્તા સૂત્રમાં પણ એ રીતે "**अप्पोलदुप्पोलियं च आहारे, तुच्छोसहि भक्खणया**" પાઠ છે, તેનું સમાધાન પંચાશકમાં કહ્યું છે કે- પહેલા બે અતિચારો સચિત્ત કંદ-મૂળ-ફળ વગેરેને અંગે અને અપક્વાહાર વગેરે બે શાલી વગેરે ધાન્યોને અંગે છે, એમ વિષયભેદે જુદા કહ્યા છે. તુચ્છૌષધિ પણ અપક્વ હોય તે અપક્વાહારમાં ગણાય અને અચિત્ત હોય તો દોષ નથી, છતાં કોમળ શીંગો વગેરે તુચ્છ હોવાથી ક્ષુધા શમે નહિ અને હિંસા ઘણી થાય, માટે અન્ય ઔષધિ કરતાં તેને ભિન્ન ગણી ભિન્ન અતિચાર કહ્યો છે.

એમ ભોજન અંગે પાંચ અતિચારો કહીને પુનઃ સાતમા વ્રતનું બીજું લક્ષણ અને તેના પણ પંદર અતિચારો કહે છે કે-

मूल-अमी भोजनमाश्रित्य, त्यक्तव्याः कर्मतः पुनः ।
खरकर्मत्रिघनपञ्च - कर्मादानानि तन्मलाः ॥५१॥

અર્થાત્ આ કહ્યા તે ભોજનના અતિચારોને તજવા, ઉપરાંત કર્મથી કઠોર કર્મ હોવાથી પંદર કર્માદાનો રૂપ પંદર અતિચારો પણ તજવા. તેમાં ભોગોપભોગની સામગ્રીને મેળવવાના ઉપાયો રૂપ વ્યાપારાદિ ક્રિયાઓને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી ભોગોપભોગ કહેવાય. તેના કઠોર કર્મ (વ્યાપારાદિ) રૂપ પંદર અતિચારો કહ્યા છે કે-

मूल-"वृत्तयोऽङ्गार - विपिनोऽनो - भाटी - स्फोटककर्मभिः ।
वाणिज्याका दन्त - लाक्षा - रस केश - विषाश्रिताः ॥५२॥

यन्त्रपीडनकं निर्लाञ्छनं दानं दवस्य च ।
सरः शोषोऽसतीपोषञ्चेति पञ्चदश त्यजेत् ॥५३॥

અર્થાત્ અંગાર-વન-અનસૂ (ગાડાં)-ભાટક અને સ્ફોટક, એ પાંચ કર્મો દ્વારા, દાંત, લાખ, રસ, કેશ અને વિષ એ પાંચના વ્યાપાર દ્વારા અને યંત્ર (મશીન કારખાનાં વગેરે) ચલાવવાં, અંગોપાંગ છેદવાં, દાવાનલ દેવો, જળાશય શોષવાં અને અસદાચારીને પોષવા એ પાંચ સામાન્ય ઉપાયો દ્વારા આજીવિકા મેળવવી તે પંદર અતિચારોને તજવા જોઇએ.

૧. અંગાર કર્મ જીવિકા- અગ્નિના આરંભથી આજીવિકા મેળવવી. જેમ કે કોલસા બનાવવા, વેચવા, વેચાવવા, તેમાં છકાય જીવોની ઘણી હિંસા થાય. તે રીતે ભાડભુંજા, સોની, લુહાર, કુંભાર-કંસારા વગેરેનો ધંધો કરવો, ઇંટો પકાવવી અને ઉપલક્ષણથી

કોલસાનો વેપાર કે કોન્ટ્રાકટ, ખોચલરોમાં કોલસા પૂરવાની નોકરી, ગ્યાસતેલ, ઇલેકિટ્રકનાં સાધનો, છાણાં, ઈન્ધણાં, પેટ્રોમિક્ષ, દીવાસળી, વગેરે સર્વ વ્યાપાર અંગારકર્મ જાણવો.

૨. **વનકર્મ જીવિકા**– કાપેલાં–નહિ કાપેલાં જંગલો, તેનાં વૃક્ષ, લાકડાં, પાંદડાં, પુષ્પો, ફળો, કંદ, મૂળીયાં, ઘાસ, વાંસડા વગેરે કપાવવાં કે વેચવાં, અનાજ દળવાં, દળાવવાં, ખાંડવા, ખંડાવવાં, જંગલોને પાણી પાવું, ઉછેરવાં, વગોરે તથા યોગશાસ્ત્રમાં તો બગીચા, વાડીઓ, શાકભાજી, દાતણ વગેરે વાવવાં, ઉછેરવાં, વેચવાં, કઠોળની દાળો બનાવવી, ડાંગર ખાંડવી કે તેની ફેકટરીઓ ચલાવવી, વગેરે વનસ્પતિકાયની મોટી વિરાધનાનાં સર્વ કાર્યોને વનકર્મજીવિકા કહી છે.

૩. **અનઃકર્મજીવિકા**– અનસ એટલે ગાડું, તેનાં અંગો ધૂંસરી, પૈડાં વગેરે અને ઉપલક્ષણથી સીગ્રામ, ટ્રામ, મોટર, રીક્ષા, સાઇકલ, સ્કૂટર, વિમાન તથા રેલ્વેનાં સાધનો, વગેરેનો વ્યાપાર કરવો અગર ઘડવાં–ઘડાવવાં, ફેરવવા વગેરે વ્યાપારથી બળદ, ઘોડા, ઊંટ વગેરે નિરૂપયોગી બનતાં કતલખાને જાય અને જેમાં છકાયની મોટી હિંસા થાય તેવી જીવિકા.

૪. **ભાટીકર્મજીવિકા**– ગાડાં, બળદ, ઊંટ, પાડા, ખચ્ચર, ગધેડાં વગેરે કે મોટરો વગેરે સર્વ યાંત્રિક સાધનોથી ભાડાં ઉપજાવી આજીવિકા મેળવવી.

૫. **સ્ફોટકકર્મજીવિકા**– પૃથ્વી–પર્વતો વગેરે તોડવા, જેમ કે–કૂવા–વાવ ખોદવાં–ખોદાવવાં, જમીન ખેડવી–ખેડાવવી, ખીણોમાંથી પત્થર વગેરે કાઢવા–કઢાવવા અને ઉપલક્ષણથી ધાતુઓની, પત્થરોની, માટીની વગેરે ખાણો ખોદવી–ખોદાવવી, કેરોસીન, પેટ્રોલ વગેરેના કૂવા તથા બોરિંગો–પંપો વગેરે માટે ખોદવું–ખોદાવવું, વગેરે સર્વ સ્ફોટકકર્મ કહ્યું છે.

એ પાંચ ખરકર્મો કહ્યાં. હવે પાંચ પાપવ્યાપારો કહે છે–

૧. **દાંતનો વ્યાપાર**– હાથીદાંત, હાડકાં તથા ઉપલક્ષણથી ઘૂવડ વગેરેના નખ, હંસ વગેરેનાં રૂવાટાં, ચિત્તા વગેરેનાં ચામડાં, ચમરી ગાયના પૂછ–ચામર તથા શિંગડાં, જળાશયોના શંખ, છીપો, કોડા–કસ્તૂરી વગેરે સર્વ ત્રસજીવોના અવયવોથી બનતી વસ્તુ ત્યાં જઈ ખરીદવી કે તે હિંસક ભિલ્લાદિ સાથે સાદું કરવું, વગેરેમાં સીધી હિંસાની પ્રેરણા હોવાથી મહાપાપ કહ્યું છે, ગોરોચન, અંબર, શાબરશિંગ, હરણસિંગ વગેરે તેની ઉત્પત્તિ સ્થાનેથી ખરીદવાં તે પણ દન્તવાણિજ્યમાં ગણાયઃ (અન્ય સ્થળેથી તૈયાર વસ્તુ લેવા વેચવામાં કર્માદાન ગણાતું નથી.)

૨. **લાખનો વ્યાપાર**– અહીં લાખ અને ઉપલક્ષણથી જેમાં ઘણી હિંસા થાય તે દારુ બનાવવા માટેનાં ઘાતકી વૃક્ષની છાલ–ફૂલ વગેરે, ગળી, મનશીલ, વજ્રલેપ, ફટકડી, પડોપાંદડી, સાબૂ–ટંકણખાર વગેરે સઘળા ખારો, તથા હડતાલ, અત્તરો, ભાંગ, ગાંજો, ચડસ,

ચા, તમાકુ, બીડી, સીગારેટ, કૉફી, દારૂખાનું, પોટાશ, બૉમ્બગોળા, વગેરે ઘણા ત્રસાદિ જીવોની હિંસાનું કારણ હોવાથી તેવો વેપાર તજવો જોઈએ.

૩. **રસનો વ્યાપાર**– તેમાં રસ એટલે માંસ, મધ, દારુ, માખણ, ચરબી, મજ્જા, તથા દૂધ–દહી–ઘી–તેલ–ગોળ વગેરે સઘળી રસદાર વસ્તુઓ, તેમાં માંસ વગેરે તો અસંખ્ય ત્રસજીવમય હોય છે અને દૂધ–દહી વગેરેમાં ઊડતા કે ચઢેલા જીવોની મોટી હિંસા થાય છે, માટે (દરેક આસવો, સ્પીરીટ, તેજાબ, મુરબ્બા, અથાણાં, ફીનાઈન તથા વિવિધ હિંસાથી થતી દવાઓનો) વ્યાપાર પણ રસવાણિજ્ય જાણવું.

૪. **કેશનો વ્યાપાર**– અહીં કેશ અને ઉપલક્ષણથી જીવો દાસ–દાસી, ગાય, ઘોડાં, ઘેટાં, બકરાં, ઊંટ વગેરેનો વ્યાપાર (અન્યત્ર વાળ, ઊન, ચામર, પીંછાં વગેરેનો વ્યાપાર તથા કન્યાવિક્રય કે સાટાં–પેટાં કરાવી કમાવું) તે સર્વ કેશ વાણિજ્ય જાણવું.

૫. **વિષનો વ્યાપાર**– દરેક જાતના ઝેર અને ઉપલક્ષણથી તલવાર, બંદૂક, ભાલો, શૂળી, કોશ, કુહાડા, પાવડા, ત્રિકમ, કોદાળી અને હળ વગેરેનો વ્યાપાર તે વિષવાણિજ્ય જાણવું, **અજૈનો** પણ કહે છે કે કન્યાવિક્રય, વરવિક્રય, રસવિક્રય અને વિષવિક્રય કરનારા નરકગતિમાં જાય છે. યોગશાસ્ત્રની ટીકામાં રેંટને વિષવેપાર કહ્યો છે, પણ વંદિત્તાની ટીકામાં કહ્યા પ્રમાણે અહીં તે યંત્રપિલ્લણમાં કહેવાશે. એ પ્રમાણે પાંચ પાપવ્યાપારો જાણવા.

હવે પાંચ સામાન્ય કર્મો કહે છે.

૧. **યંત્રપિલ્લણ કર્મ**– વસ્તુને વાટવાનાં નિશા–વાટો, ખાંડણીઓ, સાંબેલું, ઘરંટી, પાણીના રેંટ, કાંચકી–કાંચકા, લીખીયા, વગેરેનો વેપાર તથા ઘાણી–કોલ, ફેકટરી વગેરેથી શેરડી–તલ–અનાજ વગેરે પીલવાં, તલ–બીયાં વગેરેનો દલિદો કરવો, પાણીના પંપ–બોરિંગ વગેરે ચલાવવાં ઇત્યાદિ તથા વરાળ, પેટ્રોલ કે વિજળીથી ચાલતી ફેકટરીઓ, મીલો, જીન–પ્રેસો ચલાવવાં કે ખેતીનાં કે ઘાસ વગેરે કપાવવાનાં સાધનોથી આજીવિકાને મેળવવી તે સર્વ યંત્રપિલ્લણકર્મ જાણવું. (વ્યાપારમાં યંત્રાદિના વેપારથી અને અહીં તેને ચલાવવાથી કમાણી કરવી એમ ભેદ છે.)

૨. **નિર્લાંછનકર્મ**– ગાય વગેરેનાં કાન, ગળકંબળ, શીંગડાં, પૂંછડાં વગેરે કાપવાં, નાક વિંધવા, ઘોડાઓને આંકવા, સાંઢને ખસી કરી બળદ કરવા–ડામ દેવા, ઊંટની પીઠ ગાળવી, વગેરે (માંદા કે રીબાતાંને ઝેર વગેરેથી મારી નાખવાં, વાંદરાઓના અંડકોષ, રીંછ–ભૂંડના વાળ, દેડકાનાં કાળજાં, વાછરડાંના લોહી, માછલાંના તેલ વગેરેથી દવાઓ બનાવવી, ગર્ભ ગળાવવા–પડાવવા, નસબંધી કે ગર્ભાશયનાં ઑપરેશન કરવાં, ખાંપણનો વેપાર કરવો, ડી. ડી. ટી. વગેરેથી પ્રાણીઓને મારી નાખવા, ઊંદરો, વાંદરા, રોઝ, કૂતરાં, તીડ વગેરેનો નાશ કરવો, કૂટણખાનાં ચલાવવાં, શૂળી–ફાંસી વગેરે દેવી, એમ વિવિધ હિંસા કરી આજીવિકા

મેળવવી તે નિર્લાંછન કર્મ છે. પહેલા વ્રતમાં જીવવા કે સુખ ભોગવવા માટે હિંસા અને અહીં આજીવિકા માટે હિંસા એમ ભેદ જાણવો.)

૩. **દવાગ્નિદાન**– ગામ, નગર વગેરે સળગાવવાથી લોકો તેમાં રોકાઇ જાય તેથી ચોરી લૂંટ સરળતાથી કરી શકાય એવા ઇરાદાથી, કે જુનું ઘાસ કે ખેતરમાં કાટા વગેરે બાળી નાખવાથી નવો પાક સારો થાય એવા આશયથી, દવ સળગાવવા, કુતૂહલથી જ્યાં ત્યાં અગ્નિ સળગાવવો, મરનારને પુણ્ય માટે અમુક દાવાનળ કરવાનું કહેવું, પુણ્ય બુદ્ધિથી જંગલો સળગાવવાં, વગેરે દવદાન કર્મ જાણવું. અંગારકર્મમાં ધન કમાવા માટે અને અહીં વૈરભાવથી, પુણ્યાર્થે કે કુતૂહલથી એમ ભેદ જાણવો.

૪. **સરઃશોષણ કર્મ**– જળાશયોને શોષવાં, સૂકવી દેવાં, ખાલી કરવાં (જેમ કે ખેતી માટે કે માછલાંને પકડવા પાણી સૂકવવું, મીઠાના અગર સૂકવવા, માછલાંને સૂકવીને વેચવા વગેરે) આવા કાર્યોમાં અપકાય વગેરે સ્થાવર અને પોરા, માછલાં, દેડકાં, જળો વગેરે ત્રસ, એમ છકાય જીવોની ઘોર હિંસા થાય.

૫. **અસતીપોષણ**– દુરાચારીણી સ્ત્રીનું તથા પોપટ, સૂડા, કૂતરાં, બીલાડાં, વગેરેનું પોષણ કરવું–પાળવાં, ભાડું કમાવા માટે (ગોલ્લ દેશના રીવાજ પ્રમાણે) કુલટા દાસી વગેરેને રાખી વ્યભિચાર પોષવો વગેરે સર્વ મહાપાપો છે.

એમ પંદર ય પ્રકારો આકરાં કર્મનો બંધ કરાવનારા હોવાથી તેને કર્માદાનો કહ્યાં છે. સામાન્ય શ્રાવકે પણ તેને તજવાં જોઇએ. આ ઉપરાંત પણ બીજાં પાપકર્મો ઘણાં છે, આ પંદર તો દિશા સૂચન પૂરતાં જ છે, માટે સર્વ મહાપાપોને તજવાં.

એ રીતે દરેક વ્રતના પાંચ પાંચ અતિચારો કહ્યા તે પણ દિશાસૂચન રૂપ જાણવા. પ્રત્યેક વ્રતમાં નિયમના ખ્યાલ વિના સહસા, અતિક્રમ, વ્યતિક્રમ કે અતિચારથી, વિસ્મરણથી કે બુદ્ધિની મંદતાથી, વ્રતરક્ષાની ભાવના છતાં ભંગ થાય તે સર્વ અતિચારો જાણવા, એમ ઉપાસકદશાંગની ટીકામાં પણ કહ્યું છે. વલી આ કર્માદાનો સ્વયં મહાપાપરૂપ છે, તો પણ તેને અતિચારો કહ્યા, તેનું કારણ એ છે કે ખરકર્મના ત્યાગીને અજાણતાં, વિસ્મરણ કે સહસા થઇ જાય ત્યારે તે અતિચાર ગણાય, ઇરાદાપૂર્વક કરે ત્યારે તો વ્રતભંગ થાય, વગેરે યોગશાસ્ત્ર ટીકા આદિમાં કહ્યું છે. એમ ભોજન અંગે પાંચ અને ખરકર્મોના પંદર મળી વીશ અતિચારો સાતમા વ્રતના કહ્યા,

હવે આઠમા વ્રતના અતિચારો કહે છે.

मूल–प्रोक्तास्तृतीये कन्दर्पः, कौत्कुच्यं भोगभूरिता ।
संयुक्ताधिकरणत्वं, मौखर्यं च गुणव्रते ॥५४॥

અર્થાત્ ત્રીજા ગુણવ્રતમાં કન્દર્પ, કૌત્કુચ્ય, ભોગભૂરિતા, સંયુક્તાધિકરણપણું અને મુખરતા, એ પાંચ અતિચારો કહ્યા છે. તેમાં–

૧. **કન્દર્પ**– રાગથી મોહજનક વિષયની વાતો કરવી, તે પહેલો અતિચાર: વાસ્તવમાં શ્રાવકે મોહજનક વાતો કરવી કે છૂટા મુખે હસવું વગેરે ઉચિત નથી. હાસ્ય ન રોકાય તો પણ સ્વલ્પ–મુખનો ચહેરો બદલાય તેથી અધિક હસવું ન જોઈએ.

૨. **કૌત્કુચ્ય**– ભાંડ, ભવૈયા, ફાતડા વગેરેની જેમ હાથ, મુખ, સ્તન, નેત્રો, વગેરેથી વિકારી ચેષ્ટા–ચાળા કરવા. આને કૌકુચ્ય પણ કહેલું છે. શ્રાવકે બીજા હસે તેવી અને શાસનની કે પોતાની લઘુતા થાય તેવી ચેષ્ટાઓ કરવી ઉચિત નથી, છતાં પ્રમાદથી થઈ જાય તો અતિચાર છે. આ બન્ને અતિચારો પ્રમાદાચરણ નામના ચોથા અનર્થદંડના છે.

૩. **ભોગભૂરિતા**– સ્નાન, પાન, ભોજન, વગેરે ભોગની તથા વસ્ત્ર, અલંકાર, વગેરે ઉપભોગની વિવિધ સામગ્રીનો સંગ્રહ અધિક રાખવાથી અધિક વપરાય, બીજા માંગે ત્યારે આપવી પડે, ઘરના માણસોને પણ અધિકાધિક વાપરવાની કુટેવ વધે, તેથી હિંસા વધી જાય. શાસ્ત્રમાં જણાવ્યું છે કે શ્રાવકે કારણે સ્નાન ઘેર કરવું જોઈએ, જળાશયોમાં મહાહિંસા થાય, છતાં જળાશયે જવું પડે તો પણ તેલ, આમળાં, સાબૂ વગેરેનો ઉપયોગ ત્યાં નહિ કરવો, સ્નાન પણ થોડું પાણી પાત્રમાં લઇ સૂકાઈ જાય તેમ દૂર બેસીને કરવું, કારણ કે સ્નાનનું મેલું પાણી જળાશયમાં જવાથી ઘણા સંમૂર્છિમ મનુષ્યોની ઉત્પત્તિ થાય. વાપરવાનાં પુષ્પો વગેરે પણ પરિમિત રાખવા, વગેરે શ્રાવકના આચારથી ધર્મની રક્ષા થાય.

૪. **સંયુક્તાધિકરણતા**– ઘરંટી, સાંબેલું, ખાંડણીઓ વગેરે (જેનાથી હિંસાના કારણે જીવ દુર્ગતિનો અધિકારી બને તે સર્વ) અધિકરણો કહેવાય. માટે કામ પૂર્ણ થતાં તેને છૂટાં કરી અલગ સ્થાને મૂકવાં, કે જેથી બીજા માગે નહિ માગે તો પણ નિષેધ કરી શકાય. ગાડા સાથે ધૂંસરી, ખાંડણીના સાથે સાંબેલું, હળ સાથે કોશ, ફાળ, ઘંટી સાથે ખીલડો–માંકડી ઉપરનું પડ વગેરે જોડી રાખવાથી ત્રીજા હિંસ્રપ્રધાન અનર્થદંડમાં અતિચાર લાગે.

૫. **મુખરતા**– વિના કારણ વગર વિચાર્યે કે ધીઠ્ઠાઇથી અસભ્ય સંબંધ વિનાનું બોલવાથી નિરર્થક કર્મ બંધ થાય, વૈર–વિરોધ થાય, કે સાવદ્ય બોલવાથી હિંસા થાય, એમ મુખરતાથી પાપોપદેશ નામનો અનર્થદંડ પોષાય, માટે અતિચાર. પહેલા અપધ્યાન અનર્થદંડમાં તો અજાણતાં ખ્યાલ વિના મુહૂર્ત ઉપરાંત દુર્ધ્યાન થવાથી અતિચાર લાગે. કંદર્પ વગેરે પણ જાણી સમજીને કરે તો વ્રતભંગ થાય, એમ ધર્મબિંદુની ટીકામાં કહ્યું છે.

હવે સામાયિક વ્રતના અતિચારો કહે છે.

मूल–योगदुष्प्रणिधानानि, स्मृतेरनवधारणम् ।
अनादरश्चेति जिनैः, प्रोक्ताः सामायिकव्रते ॥૬૬॥

અર્થાત્ શ્રી જિનેશ્વરોએ મન–વચન–કાયા ત્રણ યોગોની પાપપ્રવૃત્તિ તે ત્રણ તથા સામાયિકનું વિસ્મરણ અને અનાદર, એમ પાંચ અતિચારો સામાયિકવ્રતમાં કહ્યા છે. તેમાં–

૧. **મન : દુષ્પ્રણીધાન**– મનથી ક્રોધ–લોભ–દ્રોહ, ઇર્ષ્યા કે અભિમાનવશ દુષ્ટ ચિંતવવું તે.

૨. **વચન દુષ્પ્રણિધાન**– અસભ્ય, સાવદ્ય, દ્વિઅર્થી, ચીપીચીપીને, નિરર્થક કે વિના સમજે બોલવું તે.

૩. **કાયદુષ્પ્રણિધાન**– વારંવાર ઉઠવું, બેસવું, હાથ પગ લાંબા ટુંકા કરવા, આળસ મરડવી, વગેરે કાયાની અસભ્ય પ્રવૃત્તિ તે.[૨૪] પંચાશક ૧–૨૬ની ટીકામાં દુષ્પ્રણિધાનથી સામાયિકને નિરર્થક કહ્યું છે, તે દુષ્પ્રણિધાન કે પ્રમાદ કરનારને અંગે જાણવું. અનુપયોગથી કે સહસા થઇ જાય તો અતિચાર સમજવા. વલી સામાયિક વ્રત (દુવિહં તિવિહેણં) દ્વિવિધ–ત્રિવિધ ભાંગે થાય છે. તેથી મન–વચન–કાયાથી સાવદ્ય વ્યાપાર કરવા કરાવવાનો ત્યાગ કરવા છતાં પ્રમાદથી કોઇ એક બે યોગથી પચ્ચક્ખાણ ભાગે તો પણ શેષ ભાંગાથી પાલન થાય, માટે ભંગાભંગરૂપ અતિચાર જ લાગે. સર્વથા ભંગ ન થાય એમ સમજવું.[૨૫]

૪. **વિસ્મરણ**– પ્રત્યેક ક્રિયાનું મૂળ ઉપયોગ છે, છતાં મેં સામાયિક કર્યું કે નહિ? કયારે કર્યું? કયારે પૂર્ણ થશે? વગેરે ભૂલી જાય તો અતિચાર જાણવો.

૫. **અનાદર**– છતી સામગ્રીએ સમય છતાં સામાયિક ન કરે, જેમ તેમ અનાદરથી કરે, જ્યારે ત્યારે કરે, વહેલું પારે, વગેરે અતિચાર જાણવો.

એ પ્રમાણે સામાયિકના પાંચ અતિચારો કહી હવે દેશાવગાસિકના કહે છે.

मूल–प्रेषणानयने शब्द – रुपयोरनुपातने ।
पुद्गलप्रेरणं चेति, मता देशावकाशिके ॥૬૭॥

અર્થાત્ નિયમિત પ્રદેશથી દૂર મોકલવું, મંગાવવું, અવાજ કરવો, રૂપ બતાવવું, કે કાંકરો વગેરે નાખીને બીજાને પોતાનું અસ્તિત્વ જણાવવું, એ પાંચ અતિચારો દેશાવગાશિક વ્રતમાં કહ્યા છે. તેમાં–

---

૨૪. માટે મનના દશ, વચનના દશ, અને કાયાના બાર એમ બત્રીશ દોષોને તજવા.

૨૫. દરેક કાર્ય પ્રારંભમાં દોષિત છતાં અભ્યાસથી શુદ્ધ બને. માટે વિધિ સાચવવાની ભાવનાથી કરવા છતાં અવિધિ થઇ જાય તો પણ તે કાર્ય અકરણીય નથી વગેરે વર્ણન મોટા ભાષાન્તરમાં કરેલી ટીપ્પણીથી જોવું.

૧. **પ્રેષણ અતિચાર** – નિયમિત પ્રદેશથી બહાર (દૂર) જવાથી વ્રત ભાગે એવી સમજથી પ્રયોજન પડે ત્યારે બીજાને મોકલે કે બીજા દ્વારા કોઈ વસ્તુ મોકલે તે.

૨. **આનયન અતિચાર** – નિયમિત પ્રદેશ બહારથી બીજા દ્વારા કાંઇક મંગાવે તે. (આ બન્નેમાં પોતે જાય તો ઈર્યાસમિતિનું પાલન થાય, વ્રતભંગના ભયે બીજાને મોકલવાથી અધિક વિરાધના સંભવિત છે, છતાં વ્રત પાલનની અપેક્ષા હોવાથી અતિચાર જાણવા.)

૩. **શબ્દાનુપાતન** – નિયમિત પ્રદેશ બહારથી કોઇને પાસે બોલવવા કે સ્વયં છતા થવા ઉધરસ છીંક ખોંખારો વગેરે અવાજ કરે તે.

૪. **રૂપાનુપાતન** – પોતે છતા થવા સામો દેખે તે રીતે સામો જઈ ઉભો રહે કે આંટા મારે તે.

૫. **પુદ્ગલ પ્રેરણા** – પ્રગટ થવા ઈંટ, કાંકરો કે પત્થર વગેરે કોઈ ચીજ તેના તરફ ફેંકે તે.

આ પાંચે અતિચારોમાં પ્રથમના બે મંદબુદ્ધિથી અને છેલ્લા ત્રણ માયાથી થાય છે. છતાં વ્રતરક્ષાનું લક્ષ્ય હોવાથી અતિચારો કહ્યા છે. પૂર્વાચાર્યો આ વ્રતમાં આઠે વ્રતોનો સંક્ષેપ કહે છે, તથાપિ અહિં દિશિપરિમાણ વ્રતના સંક્ષેપરૂપ દેશાવગાશિકમાં (દિશિપરિમાણ વ્રતના અતિચારો ઉપરાંત) આ અતિચારો જુદા સમજવા અને શેષ વ્રતોમાં વધ-બંધન વગેરે અતિચારો તો ત્યાં કહ્યા તે દરેક વ્રતોના દેશાવગાશિકમાં પણ તેજ જાણવા.

હવે પૌષધવ્રતના અતિચારો જણાવે છે કે-

मूल-संस्तारादानहानान्यप्रत्युप्रेक्ष्याऽप्रमृज्य च ।
अनादरोऽस्मृतिश्चेत्य-तिचाराः पौषधव्रते ॥८७॥

અર્થાત્ ૧. સંસ્તારકાપ્રત્યુપ્રેક્ષ્યાપ્રમૃજ્ય – સંસ્તારક એટલે અઢી હાથનો **સંથારો**, ઉપલક્ષણથી સાડા ત્રણ હાથની **શય્યા** તથા પૌષધશાળા વગેરે **વસતિ** એ ત્રણેને અપ્રત્યુપ્રેક્ષ્ય એટલે દૃષ્ટિથી સર્વથા જોયા વિના, અપ્રમૃજ્ય એટલે ચરવળા વગેરેથી સર્વથા પ્રમાર્જ્યા વિના, કે ઉપલક્ષણથી જેમ તેમ જોઇને પ્રમાર્જીને વાપરવાં તે પ્રથમ અતિચાર.

૨. **અપ્રત્યુપ્રેક્ષ્ય-અપ્રમૃજ્યાદાન** – પાત્રાં, પુસ્તક, વગેરે કોઇપણ ચીજ જોયા કે પ્રમાર્જ્યા વિનાં અથવા જેમ તેમ જોઈ પ્રમાર્જીને આદાન એટલે લેવાથી અને (ઉપલક્ષણથી) મૂકવાથી

૩. **અપ્રત્યુપેક્ષ્યાપ્રમૃજ્યહાન** – સ્થંડિલ, માત્રુ, શ્લેષ્મ, થૂંક, કફ, કે સંયમમાં નિરૂપયોગી બનેલી કોઈ પણ વસ્તુને જોયા-પ્રમાર્જ્યા વિના કે જેમ તેમ જોઈ-પ્રમાર્જીને **હાન** – સર્વથા તજવાથી (પરઠવવાથી).

૪. **અનાદર**– પૌષધ કે તેની ક્રિયા અનાદરથી ઉત્સાહ વિના, અરૂચિથી કે નહિ કરવાની જેમ કરવાથી લાગે.

૫. **વિસ્મૃતિ**– (સામાયિકની જેમ) પૌષધને કે તેની ક્રિયાને ભૂલી જવાથી.

એ પૌષધના પાંચ અતિચારો કહ્યા, હવે અતિથિસંવિભાગના કહે છે.

मूल–सचित्ते स्थापनं तेन, स्थगनं मत्सरस्तथा ।
काललङ्घोऽन्यापदेश, इति पञ्चान्तिमे व्रते ॥५८॥

અર્થાત્ અતિથિને દેવા યોગ્ય વસ્તુને સચિત્તવસ્તુ ઉપર મૂકવી, સચિત્તથી ઢાંકવી, મત્સરથી આપવું, નહિ આપવાની બુદ્ધિથી કાળ વ્યતીત થયા પછી વિનંતિ કરવી, કે વસ્તુ પારકી છે વગેરે કહેવું, એમ પાંચ અતિચાર બારમાં વ્રતમાં કહ્યા છે. તેમાં –

૧. **સચિત્તો સ્થાપન**– દેવાની વસ્તુને નહિ દેવાની બુદ્ધિથી સચિત્ત પદાર્થો મીઠું, પાણી, છૂટી સળગતી ચૂલી, સગડી કે અનાજ અથવા લીલી વનસ્પતિ ઉપર મૂકે તે.

૨. **અચિત્ત સ્થગનં**– એ રીતે દેવાની વસ્તુ ઉપર કોઇ સચિત્ત વસ્તુ મૂકે (ઢાંકે) તે

૩. **માત્સર્ય**– કોઈ સામાન્ય સંપત્તિવાળાને દાન દેતો જાણીને તેના ઉત્કર્ષને સહન નહિ કરવાથી તેના પ્રત્યે મત્સરથી તેની મહત્તા તોડવા દાન આપે, કે અતિથિ ઉપર મત્સર કરીને આપે તે.

૪. **કાળલંઘન અતિચાર**– દેવાની બુદ્ધિ નહિ છતાં માયાથી દેખાવ કરવા ભિક્ષાનો સમય વિત્યા પછી વિનંતિ કરે, તેથી અતિથિ આવે નહિ અને પોતે દાતાર ગણાય.

૫. **અન્યાપદેશ**– દેવાની વસ્તુ પોતાની છતાં અતિથિ સાંભળે તેમ ઘરના માણસોને કહે કે આ વસ્તુ તો પરાયી છે, માટે દાનમાં આપશો નહિ, અગર કહે કે "આ દાનથી મારી માતા વગેરેને પુણ્ય હોજો!" એમ નિષેધ કરવાથી કે પુણ્યનિમિત્તે કરાતું દાન સાધુઓને અકલ્પ્ય હોવાથી તેઓ સ્વીકારે નહિ અને પોતે કૃપણ ગણાય નહિ.

ઉપાશકદશાની ટીકામાં કહેવા પ્રમાણે અહીં આ અતિચારો જણાવ્યા. તેમાં બાહ્યવૃત્તિથી દાનની પ્રવૃત્તિ અને અંતરંગવૃત્તિથી ભાવનાનો અભાવ હોવાથી ભંગાભંગરૂપ અતિચાર જાણવા. (અન્યત્ર દેવાની ભાવનાથી પરાયી વસ્તુ છતાં પોતાની કહીને આપે તો પણ અતિચાર કહ્યો છે. જે દાનાન્તરાયના ઉદયથી આપે નહિ, આપવા દે નહિ કે બીજા આપે તે જોઇને ખેદ કરે વગેરેથી તો વ્રતભંગ થાય. ધર્મબિંદુની ટીકા વગેરેમાં તો અનાભોગાદિથી કે અતિક્રમાદિથી ભૂલ કરે તો જ અતિચાર અને માયાથી ભૂલ કરે તો વ્રતભંગ કહ્યો છે, નિશ્ચય તો કેવલી ગમ્ય જાણવો.

એમ સમ્યક્ત્વ સહિત શ્રાવકનાં બારવ્રતો અને તેના અતિચારો જણાવ્યા. તેના ઉપલક્ષણથી તે ગુણોની પ્રાપ્તિના ઉપાયો, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન અને તેના દરેકના વિષયો પણ જાણવા જોઇએ તે પંચાશકમાં આ પ્રમાણે કહ્યા છે.

૧. **ઉપાયો**– ગુર્વાદિ પ્રત્યે અંતરંગ બહુમાન અને બાહ્ય અભ્યુત્થાન વગેરે વિનય કરવાથી, ગુણપ્રાપ્તિ માટે પરાક્રમ ફોરવવાથી, ગુણીની સેવાથી તથા જાતિસ્મરણાદિ જ્ઞાનથી, જિનવચન પ્રત્યેની શ્રદ્ધાથી અને વારવાર તેનો સદ્ગુરુ દ્વારા ઉપદેશ સાંભળવાથી, તે તે સમ્યક્ત્વ, વ્રતો વગેરે ગુણો આત્મામાં પ્રગટે છે. અથવા (નૈસર્ગિક રીતે) પહેલા બીજા કષાયોનો ઉદય ટળવાથી પણ પ્રગટે છે માટે તે તે ઉપાયો કરવા.

૨. **રક્ષણ**– જ્યાં ધર્મમય વાતાવરણ હોય, ધર્મી આત્માઓનો સંપર્ક થાય, તેવા સ્થાનનો પરિચય કરવાથી, નિષ્કારણ પરાયા ઘેર નહિ જવાથી, રમત–ગમત, કુતૂહલ વગેરે તજવાથી અને મધુર–હિતકર–ધાર્મિક વચન બોલવાથી, પ્રાપ્ત ગુણોનું રક્ષણ થાય છે, માટે એ રીતે રક્ષણ કરવું. અન્ય આચાર્યો "ઉપાયપૂર્વક રક્ષણ કરવું" એમ બેને એકજ ગણે છે.

૩. **ગ્રહણ**– સમ્યક્ત્વ કે વ્રતો લેવા પૂર્વે તેના ત્રિવિધ–ત્રિવિધ વગેરે ભાંગાઓને વિવેકપૂર્વક સમજીને જે ભાંગે પાળી શકાય તે ભાંગે વ્રતને સ્વીકારવું, કે જેથી પાછળથી અતિચારનો કે ભાંગવાનો પ્રસંગ ન બને. આણંદજી, કામદેવજી વગેરે મહાશ્રાવકોની આ વિશિષ્ટતા હતી કે લીધેલા વ્રતાદિમાં મરણાન્ત ઉપસર્ગો છતાં નાનો પણ અતિચાર સેવ્યો નહિ, એથી જ પ્રભુએ સ્વમુખે તેઓને પ્રશંસ્યા. માટે પહેલાં ભાંગા વગેરે સમજીને સુવિહિત ગુરુ પાસે આદર અને વિધિપૂર્વક વ્રતોને પળાય તેટલાં ગ્રહણ કરવા.

૪. **પ્રયત્ન**– સ્વીકારેલાં વ્રતો વગેરેને વારંવાર સંભારવાં અને તજવા યોગ્ય છતાં ન તજ્યું હોય તેને તજવાનો પ્રયત્ન કરવો, પૂર્વે સમકિતમાં જે અન્ય દેવગુર્વાદિને વંદનાદિ નહિ કરવાનું તથા પહેલા વ્રતમાં અળગણ પાણી નહિ વાપરવું, વગેરે વિવિધ જયણાનું વર્ણન કર્યું છે, તેને પાળવા પ્રયત્ન કરવો. એમ શેષ વ્રતો માટે પણ સમજવું (રક્ષણમાં દોષથી બચવાનો ઉદ્યમ અને પાલનમાં પાળવાનો ઉદ્યમ એ ભેદ છે.)

૫. **વિષય**– જે જે વ્રતાદિમાં જે જે વિષયનું વિધાન કે નિષેધ કરવાનું હોય તે તે તેના વિષયોને સમજવા. જેમ કે સમકિતમાં જીવાદિ તત્ત્વોને યથાર્થરૂપે માનવાં એ વિષય, પહેલા વ્રતમાં ત્રસ જીવોને સંકલ્પાદિ પૂર્વક ન મારવા એ વિષય, એમ પ્રત્યેક વ્રત તેના વિષયને સમજીને લેવાં.

એમ અહીં કહ્યા તે અતિચારોને તજવા તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે, તે માટે કહે છે કે–

मूल–एतैर्विना व्रताचारो, गृहिधर्मो विशेषतः ।
सप्तक्षेत्र्यां तथा वित्त–वापो दीनानुकम्पनम् ॥५९॥

अर्थात् આ કહ્યા તે અતિચારો સેવ્યા વિના વ્રતોનું પાલન કરવું, સાતક્ષેત્રોમાં ધન વાવવું અને દીનદુઃખીની અનુકંપા કરવી, તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. તેમાં જિનબિમ્બ, જિનમંદિર, જૈનાગમ, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા, એ શ્રાવકને ધનનું વાવેતર કરીને ધર્મ મેળવવા માટેનાં સાત ક્ષેત્રો છે. તેમાં–

૧. **જિનબિંબ**– લક્ષણયુક્ત, દર્શનીય, શાસ્ત્રોક્તપ્રમાણ યુક્ત અંગોપાંગવાળી, મણી, રત્નો, સુવર્ણ, ચાંદી વગેરે ધાતુઓની કે ઉત્તમ પાષાણની અથવા પવિત્ર માટીની કે ચંદનાદિ કાષ્ટની, વગેરે પોતાની સંપત્તિ પ્રમાણે જિનમૂર્તિ સુંદર બનાવવી, તેની અંજનપ્રતિષ્ઠા કે સ્થાપના કરાવવી, પૂજા, યાત્રા, મહોત્સવો કરવા, અલંકારોથી ભૂષિત કરવી, વસ્ત્રાદિ પહેરામણી કરવી તથા ઉત્તમ ચૂણોં, પુષ્પો, અક્ષત, ધૂપ–દીપ નૈવેદ્ય, ફળ અને જળપાત્ર, એ અષ્ટવિધ કે સત્તર, એકવીશ, વગેરે વિવિધ પ્રકારે પૂજા કરવી ઇત્યાદિ જિનબિંબ ક્ષેત્રોમાં ધનનું વાવેતર કહ્યું છે.

ચિંતામણી વગેરે જડ પદાર્થોની પૂજાથી–સેવાથી જેમ લાભ થાય છે, તેમ વીતરાગ છતાં પ્રભુની સેવાથી પણ લાભ થાય જ છે. જેમ મંત્રજાપથી કે અગ્નિ સેવનથી મંત્ર કે અગ્નિને લાભ થતો નથી, પણ સેવકને લાભ થાય છે, તેમ પ્રભુ વીતરાગ હોવાથી તેમને લાભ ન થાય તો પણ રાગી–ભક્તને પોતાની ભક્તિ અનુસારે લાભ મળે જ છે.[૨૬]

જિનબિંબનાં ત્રણ પ્રકારો કહ્યાં છે તેમાં–

૧. **ભક્તિ ચૈત્ય,**– પોતે અગર બીજાએ ભક્તિ માટે બનાવેલું તે.

૨. **મંગળ ચૈત્ય**– ઘર વિગેરેના દ્વારમાં ઉત્તરંગમાં બનાવેલું હોય અને

૩. **શાશ્વત ચૈત્ય**–જે કોઇએ નહિ કરાવેલુ પણ ત્રણે લોકનાં શાશ્વત મંદિરોમાં બિરાજમાન.

(આગળ જિનબિંબનાં પાંચ પ્રકારો પણ કહેવાશે)

૨. **જિનમંદિર**– શુદ્ધ ભૂમિ–જયાં નીચે હાડકાં, કોલસા વગેરે અમંગળ શલ્ય

૨૬. જગતમાં બધા જડ પદાર્થોનો ઉપયોગ જેમ બાહ્ય જીવન માટે સફળ બને છે, તેમ જડ છતાં વીતરાગની મૂર્તિની સેવા અભ્યંતર (આત્મ) જીવનમાં લાભ કરે છે. જડ શરીરને જડ પદાર્થો લાભ કરે તો ચેતનાવંત આત્માને ચૈતન્યવંતની મૂર્તિ લાભ કેમ ન કરે? એક ચિત્ર કે ફોટો પણ જોઇને પ્રસન્નતા પ્રગટે છે, તેમ વિતરાગની નિર્મળ–નિર્વિકાર આકૃતિનું પૂજય ભાવથી દર્શન–પૂજન કરનારને ચિત્ત પ્રસન્નતા, પુણ્યબંધ વગેરે આધ્યાત્મિક લાભો થાય જ છે. રાગીને વીતરાગ બનવા માટે વિતરાગનુ આલંબન અનિવાર્ય છે. મૂર્તિ પુજા અનાદિ છે અને પ્રાયઃ સર્વ આસ્તિક દર્શનો આજે પણ માને છે. પુણ્યથી મળેલાં નેત્રોનું સાચું ફળ જિનદર્શનથી અને સંપત્તિનું સાચું ફળ પુજન વગેરેથી મળે છે.

ન હોય ત્યાં, સ્વભાવે નીપજેલ પાષાણ, ઉત્તમ કાષ્ટ વગેરે સામગ્રી વિધિ પૂર્વક લાવીને, કારીગરો પ્રસન્ન થાય તે રીતે તેઓને દબાણ કે ઠગાઇ કર્યા વિના અને છકાય જીવોની જયણાપૂર્વક, પોતાની સંપત્તિ પ્રમાણે ભરતચક્રીની જેમ સર્વોત્તિમ કે મધ્યમ અથવા છેવટે ઘાસની ઝુંપડી જેવું પણ જિનમંદિર બંધાવવું. શ્રીમંત શ્રાવકે તો દર્શન માટે માણસો આકર્ષાય તેવું રમણીય અને દેવો પણ પ્રભાવિત બનીને ભક્તિ કરવા આવે તેવું પ્રભાવક જિનમંદિર પર્વત ઉપર કે પ્રભુની કલ્યાણક ભૂમિઓમાં બંધાવવું, અગર સંપ્રતિ રાજાની જેમ નગરે નગરે, ગામે ગામે, સર્વત્ર બનાવવાં. રાજાએ તો મંદિર બંધાવીને તેના નિભાવ માટે સંઘને ઘણું ધન, ગામ, નગર, કે અમુક પ્રદેશની પણ ભેટ કરવી. ઉપરાંત જીર્ણ થયેલાં કે અન્ય લોકોએ કબજે કરેલાં મંદિરોનો ઉદ્ધાર કરવો, કારણકે તે નૂતન મંદિર કરતાં પણ તે અધિક પુણ્યનું કારણ છે.[૨૭]

જો કે જિનમંદિર વગેરે કરાવવામાં છકાય જીવોની હિંસા થાય છે, તો પણ શરીરાદિ અનિત્ય પદાર્થો માટે જેઓ છકાય જીવોની વિરાધના કરે છે, તેઓને જિનમંદિર વગેરે બંધાવવામાં થતી હિંસા ઉપકારક છે. આ હિંસા માત્ર સ્વરૂપ હિંસા છે, ભાવથી અહિંસા છે. તેથી તે કુતૂહલવૃત્તિથી નિરર્થક થતી અનુબંધ હિંસાના તથા શરીરાદિ માટે સપ્રયોજન કરાતી હેતુ હિંસાના પાપનો નાશ કરી આત્માને અહિંસક બનાવે છે. જેમ લોખંડનું શસ્ત્ર લોખંડ છે, તેમ દુષ્ટ હિંસાનો નાશ શુભહિંસાથી થાય છે, હા, જેઓ સ્વશરીરાદિ માટે પણ હિંસા કરતા નથી તે પ્રતિમા વહન કરનાર શ્રાવક કે સર્વ સાવદ્યના ત્યાગી મુનિઓને મંદિર વગેરે બંધાવવું યોગ્ય નથી.

સાવદ્ય પ્રવૃત્તિ કરનાર ગૃહસ્થને જ ધર્મ માટે આરંભ કરવો યોગ્ય છે, એટલું જ નહિ પણ અષ્ટકમાં કહ્યું છે કે સાવદ્યના ત્યાગીને ધર્મ માટે પણ ધન કમાવું યોગ્ય નથી, કારણ કે કાદવથી ખરડાઇને પ્રક્ષાલન કરવું તે કરતાં કાદવથી દૂર રહેવું તે જ શ્રેષ્ટ છે. વળી એમ માનવું કે શરીરાદિ માટેનો આરંભ તો અનિવાર્ય છે, તેથી તે કરવો પડે, પણ મંદિરાદિ બાંધવાનો બીજો આરંભ શા માટે કરવો ? તે પણ અજ્ઞાન છે. પંચાશકમાં કહ્યું છે કે શરીરાદિ માટે અન્ય આરંભ કરનારે ધર્મ કાર્યોમાં થતા આરંભને આરંભ માનવો તે અજ્ઞાન છે, લોકનિંદાનું કારણ છે અને તેથી દુર્લભ-બોધિ થાય તેવું મિથ્યાત્વ બંધાય છે.[૨૮]

---

૨૭. પોતે શ્રીમંત છતાં જિનમંદિર ન બાંધે, અગર બીજાની સંપત્તિથી કે દેવદ્રવ્યથી બંધાવે તે તેની ભક્તિની ખામી છે, માટે શ્રાવકે જિનમંદિર પોતાની સંપત્તિ પ્રમાણે સ્વદ્રવ્યથી બનાવવું હિતકર છે.

૨૮. પોતાને માટે રસોઇ કરનાર કુટુંબ, પરિવાર કે મહેમાન માટે રસોઇ કરવામાં પાપ માને તો વ્યવહારમાં મૂર્ખ બને. દેવું કાપવા માટે દેવું કરે તે દેવું મનાતું નથી, પણ વ્યાપાર મનાય છે, તેમ અહીં પણ અનુબંધ અને હેતુહિંસાનાં પાપની શુદ્ધિ માટે કરાતી ધર્મહિંસા જીવને સંપુર્ણ અહિંસક બનાવીને સ્વયં છૂટી જાય છે.

વળી કૂપખનન ન્યાયે જિનમંદિર બંધવવામાં અશુભ કર્મબંધ થતો નથી, પણ પુણ્યબંધ જ થાય છે. કારણ કે ત્યાં સંઘ ભેગો થાય, ધર્મકરણી કરે, વગેરે અત્મકલ્યાણનું કારણ બને છે.[૨૯]

કરૂણાભાવે છકાય જીવોના રક્ષણની (ધર્મની) ભાવનાથી જિનમંદિર વગેરે બંધાવનારને વિરાધના થતી નથી. ઓઘનિર્યુક્તિમાં કહ્યું છે કે "ધર્મભાવનાવાળો શાસ્ત્રવિધિ મુજબ જયણાથી સાવદ્ય પ્રવૃત્તિ કરે છતાં નિશ્ચયનયથી તેને કર્મનિર્જરા થાય છે. એમ આગમના જ્ઞાતા પરમર્ષિઓનું મંતવ્ય છે."

૩. **જિનાગમ**– આગમશાસ્ત્રો અનાદિ મોહની વાસનાનો નાશ કરનાર, ધર્મ–અધર્મ, કર્તવ્ય–અકર્તવ્ય, ભક્ષ્ય–અભક્ષ્ય, પેય–અપેય, જ્ઞેય–અજ્ઞેય, સાર–અસાર, વગેરેનો વિવેક કરાવનાર, ઘોર અંધકારમાં દીપક, સંસાર સમુદ્રમાં દ્વીપ, મરુભૂમિમાં કલ્પવૃક્ષ તુલ્ય અને તારક તત્ત્વો જે દેવ–ગુર્વાદિ તેને ઓળખાવનાર છે. શ્રી હેમચંદ્રાચાર્યભગવંત કહે છે કે "હે પ્રભો ! જેની શ્રદ્ધાથી આપનું પરમાત્મપણું ઓળખાયું, તે કુવાસનારૂપ મેલનો નાશ કરનારા તમારા શાસનને (આગમને) નમસ્કાર થાઓ."

તત્ત્વથી તો **જેને જિનાગમ પ્રત્યે બહુમાન હોય તેનું જ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યેનું બહુમાન સાચું છે.** એટલું જ નહિ, કેવળજ્ઞાન કરતાં પણ શ્રુતજ્ઞાનની પ્રમાણિકતા અધિક છે, તેથી કેવળીભગવંત પણ છદ્મસ્થ શ્રુત જ્ઞાનીનો ઉપયોગ પૂર્વક લાવેલો આહાર અશુદ્ધ હોય તો પણ વાપરે છે. વધારે શું ? શ્રુતજ્ઞાનનું એક વચન પણ ભવ્યજીવોને પાર ઊતારવા સમર્થ છે. એક માત્ર સામાયિક પદથી પણ અનંતા આત્માઓ સિદ્ધ થયા છે. રોગીને પથ્ય ન રૂચે તેમ મિથ્યાત્વરોગવાળાને ન રૂચે તો પણ જિનાગમ વિના સાચા સુખનો ઉપાય બતાવનાર કોઈ જ નથી, માટે કલ્યાણની ભાવનાવાળાએ આદરપૂર્વક જિનવચનની શ્રદ્ધા કરવી જોઇએ. લઘુકર્મી જીવો જ આગમનો આદર કરી શકે છે. બીજાઓને તો સાંભળતાં પણ કાનમાં શૂળની જેમ દુઃખ થાય છે, તેથી અમૃતરૂપ છતાં તેઓને ઝેરરૂપ બને છે. ખરેખર આ જિનવચન ન હોત તો અનાથ જગતની શી દશા હોત ? આશ્ચર્ય તો એ છે કે આગમને નહિ માનનારા પણ છદ્મસ્થ એવા રાગી–દ્વેષી, સ્વાર્થી વગેરેનું કહ્યું માની લે છે, 'વિરેચન માટે હરડે ખાવી' એ વચનથી હરડે લેતાં રેચ લાગે છે, તેટલા માત્રથી સમગ્ર વૈદ્યકને સાચું માનનાર પણ જેમાં કહેલાં આત્મિક શાંતિ તથા અધ્યાત્મિક વિકાસનાં ઉપાયો આજે પણ અનુભવ સિદ્ધ છે, તે જિનવચનને સાચું માની શકતો નથી.

દુઃષમકાળના પ્રભાવે ઉત્તરોત્તર બુદ્ધિની મંદતા વગેરે વિચારીને શ્રી સ્કંદિલાચાર્ય, શ્રી નાગાર્જુન વગેરે પૂર્વાચાર્યોએ આગમને પુસ્તકારૂઢ કરી આપણા સુધી પહોંચાડયું છે. તે આગમને લખાવવું, વસ્ત્ર, સુવર્ણ, મોતી, રત્નો વગેરેથી પૂજી તેનું ગૌરવ વધારવું.

૨૯. દયાથી ઓપરેશન કરનાર ડોકટર વગેરે ક્રૂર નહિ પણ ઉપકારી મનાય છે, તેમ.

ઇત્યાદિ આગમની ભક્તિસેવા કરવી જોઇએ. કહ્યું છે કે જે મનુષ્યો આગમને લખાવે છે તે દુર્ગતિને, મૂંગાપણાને, જડતાને. અંધાપાને કે મંદબુદ્ધિપણાને પામતા નથી. વળી આગમને જે ભણે છે, ભણાવે છે અને ભણનારની વસ્ત્ર, ભોજન, પુસ્તક વગેરેથી ભક્તિ કરે છે. તે પરંપરાએ સર્વજ્ઞ બને છે. માટે પુસ્તક લખાવવાં ગીતાર્થ સંવેગી ગુરુને વ્યાખ્યાન માટે આપવાં, સાંભળવાં અને સાંભળતાં હંમેશાં સોના-રૂપા-મોતી રત્નો વગેરેથી પૂજન કરવું, એ સર્વ આગમ-ક્ષેત્રમાં ધનનું વાવેતર કરીને ધર્મ કમાવવાનો ઉપાય છે.

૪. **સાધુ**– જિનાજ્ઞા પ્રમાણે જે ચારિત્રનું યથાશક્ય પણ ઉત્તમ પાલન કરે છે તે સંસારથી સ્વયં તરે છે અને બીજાને તારે છે, તે શ્રી તીર્થંકરો, ગણધરો, વગેરેથી માંડીને આજે દીક્ષિત થયેલ માત્ર સામાયિક ચારિત્રવાળા પણ સાધુને સંયમોપયોગી આહાર, વસ્ત્ર, પાત્ર, વસતિ, ઔષધ વગેરે આપવું. તેમાં પણ જે કાળે જ્યાં જે દુર્લભ હોય તેનું દાન કરવું અને પોતાનાં યોગ્ય સંતાનોને પણ વહોરાવવાં. સર્વ રીતે તેઓને સંયમ આરાધનાની સગવડ સામગ્રી આપવી અને જિનાગમના દ્વેષી તથા સાધુઓના નિંદકને અટકાવવા વગેરે સાધુ ક્ષેત્રમાં ધન વાવેતરના ઉપાયો છે.

૫. **સાધ્વી**– સાધુની જેમ જ્ઞાનાદિગુણ યુક્ત સધ્વીની પણ સર્વ પ્રકારે ભક્તિ કરવી, વિશેષમાં દુરાચારીઓ નાસ્તિકો વગેરેથી તેઓનું રક્ષણ કરવું. શક્ય હોય ત્યાં સુધી ઉપાશ્રય પણ પોતાના ઘર પાસે, મહોલ્લામાં સુરક્ષિત, પરિમિત દ્વારવાળો આપવો, પોતાની સ્ત્રીઓ દ્વારા સેવા કરાવવી, પુત્રીઓને તેમની પાસે રાખવી અને દીક્ષા લેવા ઇચ્છે તો દીક્ષા પણ આપાવવી કોઇ સાધ્વી શિથિલ હોય કે ઉન્માર્ગે જવાનો સંભવ જણાય તો હિત બુદ્ધિથી વારંવાર સમજાવીને સ્થીર કરવી. જરૂર જણાય તો (પૂજ્ય ભાવે) કઠોર વચનોથી સમજાવવી, વગેરે સંયમને ઉચિત તેમની સેવા સવિશેષ કરવી. એમ નહિ માનવું કે નિઃસત્વતા, દુઃશીલતાં વગેરે હોવાથી સ્ત્રીની મુક્તિ થાય નહિ, તો તેઓને સાધુની તુલ્ય કેમ મનાય? કારણકે વસ્તુતઃ સ્ત્રીઓ પણ એકાન્તે સર્વ નિઃસત્વ કે દુઃશીલ હોતી નથી. ગૃહવાસ છોડીને સંયમને અખંડ પાળનારાં આર્યા બાહ્મી, સુંદરી, વગેરે મહાસાત્વિક હતાં, એમ રાજીમતી, ચંદનબાળા, મૃગાવતી, વગેરે શીલ અને સત્વથી પ્રભાવક બની મોક્ષને પામ્યાં છે, તથા સીતાજી વગેરે અનેક સતીઓનો શીયળનો મહિમા, તેનું રક્ષણ, રાજવૈભવ સહિત પતિ-પુત્રાદિનો ત્યાગ, દીક્ષાનો સ્વીકાર, વગેરે શાસ્ત્ર અને લોકમાં પસિદ્ધ છે. અલબત્ત, સ્ત્રીવેદનો બંધ મિથ્યાત્વના ઉદયે થાય છે, કિન્તુ પુરુષની જેમ સ્ત્રીને પણ મિથ્યાત્વનો ક્ષયોપશમ વગેરે થવાથી તે સમકિતને પામે છે અને ઉત્તરોત્તર તે તે કર્મના હ્રાસથી તેને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ અને અંતે મોક્ષ પણ થાય છે. પ્રત્યેક તીર્થંકરોનાં હજારો સાધ્વીઓ મુક્તિને પામ્યા છે. હા, સ્ત્રીઓને મિથ્યાત્વ વગેરે પાપકર્મોનો ઉદય કાયમ રહેતો હોય તો તેની મુક્તિ ન થાય, પણ તેમ નથી. સ્ત્રીઓ પણ જિનવચનને જાણે છે, સદ્દહે છે અને નિરતિચાર પાળે પણ છે,

વગેરે શાસ્ત્રવચનોથી તથા બનેલા પ્રસંગોથી પણ સિદ્ધ થાય છે, તો મિથ્યા વિરોધ કેમ કરાય? માટે સાધુની જેમ સાધ્વી ક્ષેત્રમાં પણ શ્રાવકે ધનને ખર્ચવું-વાવવું તે ઉચિત જ છે.

૬. **શ્રાવક**- સાધર્મિકના સમાગમથી પણ વિશિષ્ટ પુણ્ય બંધાય છે. તો તેઓની સેવાનું તો કહેવું જ શું? માટે સાધર્મિક ભક્તિ કરવાના ઉદ્દેશથી પોતાના પુત્રાદિના જન્મદિવસે કે લગ્નપ્રસંગે સાધર્મિકોને નિમંત્રણ કરીને ઉત્તમ ભોજન, ફળ, તંબોળ તથા વસ્ત્રાદિની પહેરામણી આપવી, સંકટમાં ફસેલાને સંકટ દૂર કરીને, નિર્ધન બનેલાને ધન આપીને, ધર્મશ્રદ્ધામાં શિથિલ બનેલાને પુનઃ ધર્મમાં સ્થિર કરીને અને પ્રમાદીને વારંવાર ધર્મની પ્રેરણા કરીને, એમ વિવિધ રીતે ભક્તિ કરીને તથા વિશેષધર્મ આરાધન માટે પૌષધશાલાદિ બનાવી આપીને, એમ વિવિધ પ્રકારે શ્રાવકની સેવામાં ધનનું વાવેતર કરવું.

૭. **શ્રાવિકા**- તેઓની પણ શ્રાવકની જેમ ન્યૂનતા વિના વિવિધ ભક્તિ કરવી. શીલ-સંતોષવાળી, જ્ઞાન-દર્શન-ચારિત્રવાળી, જિનશાસનમાં અનુરાગવાળી, સધવા કે વિધવા, કુમારી કે વૃદ્ધા, સર્વની ભક્તિ સાધર્મિકતાના સંબંધથી કરવી. લૌકિક અને લોકોત્તર શાસ્ત્રોમાં સ્ત્રીઓને ઘણા દોષની ખાણ કહી છે, તથાપિ સર્વસ્ત્રીઓ દોષથી ભરેલી હોતી નથી. પુરુષોમાં પણ નાસ્તિક, ક્રૂર, ઘાતકી, ધર્મના દ્રોહી, દેવ-ગુર્વાદિના નિંદક, વગેરે ઘણા દોષવાળા હોય છે, તેથી સર્વ પુરુષો શ્રેષ્ઠ હોતા નથી, તેમ સ્ત્રીઓમાં પણ સર્વસ્ત્રીઓ દુષ્ટ હોતી નથી. કેટલીક પુણ્યવંતી સ્ત્રીઓ તો ત્રણ જગતમાં પૂજ્ય શ્રીતીર્થંકરો, ગણધરો જેવાં નરરત્નોને જન્મ આપનારી પૂજ્ય છે અને શિયળના પ્રભાવે અગ્નિને શીતલ, સર્પને પુષ્પમાળ, જળને સ્થાને સ્થળ અને વિષને પણ અમૃતે બનાવનારી કેટલીય સતીઓનાં પ્રાતઃસ્મરણીય નામ પ્રસિદ્ધ છે. સુલસા વગેરે શ્રાવિકાઓના ગુણ તીર્થંકર દેવોએ, ગણધરોએ અને સ્વર્ગમાં દેવોએ પણ ગાયાં છે. તેમના દ્રઢશીલની પરીક્ષા દેવોએ પણ કરી છે અને તેથી કેટલાય મિથ્યાત્વ તજી સમકિતી પણ બન્યા છે માટે વય પ્રમાણે માતા, બહેન, કે પુત્રીની જેમ સ્ત્રીઓનું પણ વાત્સલ્ય કરવું જોઈએ. એમ શ્રાવિકા ક્ષેત્રમાં ધનનું વાવેતર કરવું.

વળી સાતક્ષેત્રોની જેમ દીન-દુઃખીઆઓની પણ કરૂણા કરી અનકંપા બુદ્ધિથી તેઓને પણ ધન-ભોજન-વસ્ત્ર-ઔષધ વગેરેનું દાન કરવું તે શ્રાવકનો વિશેષ ધર્મ છે. સાત ક્ષેત્રોમાં પૂજ્ય ભાવથી, ભક્તિથી અને દીનાદિને તો કેવળ કરૂણાથી પાત્રાપાત્રનો કે કલ્પ્ય અકલ્પ્યનો વિવેક પણ કર્યા વિના દાન કરવું. શ્રી તીર્થંકરદેવો પણ કરૂણાથી પાત્રાપાત્રની અપેક્ષા વિના જ વાર્ષિક દાન આપે છે તે શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

"ધર્મનું શ્રવણ કરે તે શ્રાવક અથવા શ્રદ્ધા-વિવેક અને ક્રિયા કરે તે શ્રાવક" એવી સામાન્ય કરણીવાળા ને પણ શાસ્ત્રોમાં શ્રાવક કહ્યો છે. તો આ સમકિતપૂર્વક બારે વ્રતોનું

નિરતિચાર પાલન કરનારો, સાતે ક્ષેત્રોમાં ધનનું વાવેતર અને દીનાદિનો ઉદ્ધાર કરનાર શ્રાવક તો શાસનપ્રભાવક હોવાથી તેને શાસ્ત્રમાં મહાશ્રાવક કહ્યો છે. અહીં સુધી મહાશ્રાવકનું સ્વરૂપ તેના ધર્મદ્વારા જણાવ્યું હવે આગળના પ્રકરણોમાં તેની દિનચર્યા વગેરે કહીશું.

એ રીતિએ પરમ ગુરૂભટ્ટારક શ્રી વિજયાનન્દસૂરિશિષ્ય, પંડિત શ્રી શાન્તિવિજય ગણિ ચરણસેવી, મહોપાધ્યાય શ્રી માનવિજય ગણિ વિરચિત સ્વોપજ્ઞ ધર્મસંગ્રહની ટીકામાં સામાન્ય ગૃહસ્થધર્મના વર્ણનરૂપ પહેલા અધિકારનો 'તપગચ્છાધિપ, સંઘસ્થવિર, પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયસિદ્ધિસૂરિપટ્ટાલંકાર સ્વર્ગત શમદમાદિ ગુણભૂષિત પૂ૦ આચાર્ય શ્રી વિજયમેઘસૂરિ પટ્ટધર ગાંભિર્યાદિ ગુણોપેત પૂ૦ આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિ શિષ્યરત્ન શ્રી વિજયભદ્રંકરસૂરિકૃત ગુજરાતી ભાષાંતરનાં સારોદ્ધારમાં ત્રીજુ પ્રકરણ પૂર્ણ થયું.



શ્રી ધર્મસંગ્રહ ગુજરાતી ભાષાંતરનો સારોદ્ધાર

પ્રકરણ ચોથું – મહાશ્રાવકની દિનચર્યા

પૂર્વે શ્રાવકનું સ્વરૂપ, તેના અપુનર્બંધક, સમ્યક્ત્વ, તથા બારવ્રતો રૂપ ગુણો પ્રગટાવવા તથા પ્રગટેલા ગુણોની શુદ્ધિ – વૃદ્ધિ અને રક્ષણ માટે શ્રાવકે શું કરવું જોઇએ? તે દિનકૃત્ય વગેરેના વિભાગથી કહેવાનું છે, તેમાં પહેલું દિનકૃત્ય કહ્યું છે કે –

મૂલ – નમસ્કારેણાવબોધઃ સ્વદ્રવ્યાદ્યુપયોજનમ્ ।
સામાયિકાદિકરણં વિધિના ચૈત્યપૂજનમ્ ॥૬૦॥

અર્થાત્ વિધિપૂર્વક નમસ્કાર મહામંત્રના સ્મરણ સાથે જાગવું. પોતાના દ્રવ્ય – ક્ષેત્ર – કાળ – ભાવનો ઉપયોગ (ખ્યાલ) કરવો. સામાયિક વગેરે કરવું અને જિનપૂજા કરવી તે મહાશ્રાવકની દિનચર્યા છે. તેમાં –

સંપૂર્ણ કલ્યાણરૂપ મોક્ષનગર, તેના રાજાતુલ્ય **શ્રી** પંચપરમેષ્ઠિ ભગવંતોથી અધિષ્ઠિત એવાં નવપદોથી અલંકૃત, મહામંગળરૂપ, નમસ્કાર મહામંત્રનું સ્મરણ નિદ્રામાંથી જાગતાંજ કરવું જોઇએ. મુખ્યતયા શ્રાવક અલ્પનિદ્રાવાળો હોવાથી પાછલી રાત્રે સ્વયં જાગે, કારણ કે **અલ્પનિદ્રાથી** આલોક – પરલોકમાં કાર્યોની સિદ્ધિ વગેરે ઘણા લાભો થાય છે. છતાં વહેલો ન જાગી શકે તો બ્રાહ્મમુહૂર્તે (સૂર્યોદયને ચાર ઘડી બાકી હોય ત્યારે) તો અવશ્ય જાગે અને તુર્ત મહામંત્ર નમસ્કારનું સ્મરણ કરે, પછી સ્વ – દ્રવ્યાદિનો વિચાર કરે, છતાં નિદ્રા ન છૂટે તો નાસિકા બંધ કરી શ્વાસને રોકે અને સ્વસ્થ બની લઘુશંકા ટાળે, ખાંસી વગેરે આવે તો પણ અવાજ સાંભળી બીજા જાગે અને આરંભાદિ કરે, તેમાં નિમિત્ત બનવાથી કર્મબંધ થાય માટે મોટો અવાજ ન કરે. વળી તે વખતે જે નાસિકાથી શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય તે બાજુનો પગ પ્રથમ નીચે મૂકે, એમ નીતિશાસ્ત્રમાં કહ્યું છે.

પંચાશકવૃત્તિમાં કહ્યું છે કે જાગતાં નમસ્કારનું સ્મરણ ઉચ્ચાર વિના મનમાં જ કરવું. **અન્ય** આચાર્યોના મતે તો કોઇપણ અવસ્થામાં નમસ્કાર સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક બોલાય, પણ શ્રાદ્ધ દિનકૃત્યની ૯ મી ગાથામાં કહ્યું છે કે – ભાવબંધુ અને ત્રણ જગતમાં યોગ ક્ષેમ કરનાર જગતના નાથ એવા મહામંત્ર **શ્રી** નમસ્કારને શય્યા, પલંગ છોડીને ભૂમિ ઉપર ઊભા ઊભા (કે બેઠાં બેઠાં) ગણે. **યતિદિનચર્યાનાં** પણ સાધુઓને અંગે કહ્યું છે કે રાત્રીના છેલ્લા પ્રહરે જાગેલા બાલ, વૃદ્ધ વગેરે સર્વ સાધુઓ સાત કે આઠવાર પરમેષ્ઠિ મંત્રને ગણે. **યોગશાસ્ત્ર અષ્ટમ પ્રકાશમાં** ૩૩ – ૩૫ શ્લોકથી કહ્યું છે કે "આઠ પાંખડીવાળાં શ્વેતકમળની કલ્પના કરીને તેની મધ્યકર્ણિકામાં "નમો અરિહંતાણં"નું, પૂર્વાદિ ચાર પાંખડીઓમાં ક્રમશઃ પછીના ચાર પદોનું અને અગ્નિ આદિ વિદિશામાં ક્રમશઃ

છેલ્લા ચાર પદોનું ધ્યાન કરવું. આ રીતે મન–વચન–કાયાની શુદ્ધિ પૂર્વક એકસો આઠ નમસ્કારનું સ્મરણ કરતો સાધુ ભોજન લેવા છતાં એક ઉપવાસના ફળને પામે છે" આ પણ નમસ્કારના જાપની પ્રેરણા માટે કહેલું સામાન્ય ફળ છે, પરમાર્થથી તો એક નમસ્કારના જાપનું ફળ સ્વર્ગ કે મોક્ષ પણ મળે છે.

કમળની કલ્પના પૂર્વક ન ગણી શકે તે નંદાવર્ત, શંખાવર્ત વગેરે આવર્તોથી અંગુલીના વેઢા ઉપર પણ ૧૦૮ વાર ગણે, તો દુષ્ટ પિશાચ વગેરે તેને નડતા નથી, એમ **નમસ્કાર નિર્યુક્તિમાં** કહ્યું છે. બંધન કે અગ્નિ વગેરેના ઉપદ્રવ પ્રસંગે પણ (णं–ता–हं–रि–अ–मो–ण–એમ) અક્ષરોને ઉલટાવીને કે (पढमं हवइ मंगलं, मंगलाणं च सव्वेसिं,) એમ પદોને ઉલટાવીને લાખ કે તેથી અધિક જાપ કરે તો ઉપદ્રવ તત્કાલ નાશ પામે છે.

તત્ત્વથી તો મહામંત્ર વગેરેનો જાપ કેવળ કર્મનિર્જરા માટે જ કરવો ઉચિત છે. તો પણ કોઇ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવના પ્રસંગે લૌકિક હિત માટે પણ ગણવાથી લાભ થાય. માટે શાસ્ત્રમાં તેવો ઉપદેશ કરેલો જણાય છે. **યોગશાસ્ત્રના આઠમાં** પ્રકાશમાં કહ્યું છે કે–બીજાને સ્તંભન માટે પીળા રંગની, વશીકરણ માટે રાતા રંગની, ક્ષોભ પમાડવા લીલા રંગની, દ્વેષ કરાવવા કાળા રંગની અને કર્મોના નાશ માટે શ્વેત રંગની માળાથી જાપ કરવો.

અંગુલીથી પણ જાપ ન કરી શકે તો રત્નની કે રુદ્રાક્ષ વગેરેની માળાને હૃદય સન્મુખ રાખી, પગ કે વસ્ત્રાદિનો માળાને સ્પર્શ ન થાય તે રીતે મેરુનું ઉલ્લંઘન કર્યા વિના જાપ કરવો. આંગળીના છેડાથી મેરુનું ઉલ્લંઘન કરવાથી કે વ્યગ્ર (ચંચળ) ચિત્તથી ગણે તો તેનું અલ્પમાત્ર ફળ મળે છે. (અહીં આંગળીના છેડાથી એટલે અંગુઠા ઉપર માળા રાખીને તર્જની અંગુલીના છેડાથી નહિ ગણતાં અંગુલી ઉપર માળા રાખીને અંગુઠાથી ગણવું એમ કેટલાક માને છે તે યોગ્ય જણાય છે) વળી જાપ સમુહને બદલે એકાન્તમાં શ્રેષ્ઠ, તેનાથી પણ મૌનથી અધિક શ્રેષ્ઠ અને તેથી પણ ધ્યાનથી કરવો તે અધિક શ્રેષ્ઠ છે. પાદલિપ્તસૂરિકૃત **પ્રતિષ્ઠા પદ્ધતિમાં** પણ માનસ, ઉપાંશુ અને ભાષ્ય એમ જાપના ત્રણ પ્રકારો કહ્યા છે, તેમાં જે જાપમાં અંતર્જલ્પ પણ ન હોય, કેવળ મનથી પોતે જ જાણે તે માનસ જાપ, જેમાં અંતર્જલ્પ હોય છતાં બીજા ન સાંભળી શકે તે ઉપાંશુ અને જેને બીજા સાંભળી શકે તે ભાષ્ય જાપ જાણવો. તેમાં કષ્ટસાધ્ય છતાં શાન્તિકાર્યો માટે કરાય તે માનસજાપ ઉત્તમ છે. ઉપાંશુ સામાન્ય કષ્ટ વાળો અને પૈષ્ટિક કાર્યો માટે કરાતો હોવાથી મધ્યમ છે, ભાષ્ય તો સુકર તથા વશીકરણાદિ દુષ્ટ ઉદ્દેશથી કરતો હોવાથી અધમ છે.

શ્રી નમસ્કારમંત્ર ચિત્તની સ્થિરતા માટે પાંચ પદની કે નવપદની અનાનુપૂર્વીથી ગણવો અધિક શ્રેષ્ઠ છે. અનાનુપૂર્વી એક એક અક્ષર કે પદ વગેરેથી પણ ગણી શકાય. અનાનુપૂર્વીનો વિધિ **યોગશાસ્ત્ર આઠમા** પ્રકાશમાં કહ્યો છે, વળી નમસ્કારમંત્રનો જાપ આલોકના ફળ માટે ૐ

પૂર્વક અને મોક્ષપ્રાપ્તિ માટે ૐ વિના ગણવો. કહ્યું છે કે ક્રોડવાર પૂજા જેટલું એક સ્તુતિનું, ક્રોડ સ્તુતિઓ જેટલું એક જાપનું, ક્રોડ જાપ જેટલું એક ધ્યાનનું અને ક્રોડવાર ધ્યાન જેટલું એક લયનું ફળ મળે છે."

ધ્યાનની સિદ્ધિ માટે શ્રી જિનેશ્વરોની કલ્યાણક ભૂમિ, અન્ય તીર્થો, અથવા જ્યાં એકાગ્રતા સાધી શકાય તે સ્થળ ઉત્તમ છે. સામાન્યતઃ મુનિઓની વસતિ સ્ત્રી-પશુ-પંડકાદિ વિનાની હોય, તો પણ ધ્યાન માટે નિર્જન-એકાન્ત સ્થળ વધારે હિતકર છે. યોગસિદ્ધ આત્માઓ માટે તો સમુહમાં કે એકાન્તમાં કોઈ ભેદ નથી. તેથી જ્યાં મન-વચન-કાયાની એકાગ્રતા-સ્થૈર્ય થઈ શકે તેવું ત્રસ-સ્થાવર જીવોથી રહિત સ્થળ ધ્યાન માટે ઉત્તમ છે, તેમ કાળ પણ સામાન્ય સાધક માટે જે જે કાળે યોગોનું સમાધાન થઈ શકે તે ધ્યાન માટે યોગ્ય જાણવો. યોગીને તો દિવસ રાત્રી કે અમુક કાળનું નિયમન નથી.

મહાનિશિથમાં કહ્યું છે કે શ્રી નમસ્કાર મંત્રનું ભાવથી ચિંતન કરવાથી ચોર, વાઘ-સિંહ વગેરે શ્વાપદોના, સાપ, સમુદ્રાદિ જળ, અગ્નિ, જેલનું બંધન, રાક્ષસ વગેરે દુષ્ટ દેવો, યુદ્ધ અને રાજભયના વગેરે સર્વ ઉપદ્રવો ટળી જાય છે, **નમસ્કાર પચ્ચીશીમાં** પણ કહ્યું છે કે જન્મતાં કે પછી પણ નમસ્કારમંત્ર ગણવાથી ઋદ્ધિ મળે, મરતાં ગણવાથી દુર્ગતિ ટળે, આપત્તિમાં ગણનારને આપત્તિ ટળે અને ઋદ્ધિ વખતે ગણતાં ઋદ્ધિ વધે. વળી નવકારના એક અક્ષરના જાપથી સાત સાગરોપમનાં, પદના જાપથી પચાસ સાગરોપમોનાં અને સંપૂર્ણ ગણવાથી પાંચસો સાગરોપમોનાં પાપો તૂટે છે. મહામંત્રના એક પદને પૂજવાથી અને એક લાખ વાર જપવાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. તથા આઠ ક્રોડ, આઠ લાખ, આઠસોને આઠ વાર જપ કરવાથી ત્રીજા ભવે મોક્ષ થાય છે. એમ નમસ્કારમંત્રના જાપથી અનંતા લાભો થાય છે. માટે નિદ્રામાંથી જાગતાં તેનું સ્મરણ કરવું એ મહામંગળ છે.

નમસ્કારનું સ્મરણ કર્યા પછી તુર્ત દ્રવ્યાદિનું સ્મરણ એટલે **ધર્મ જાગરિકા** કરવી. તેમાં મારાં કર્તવ્યો પૈકી મેં શું શું કર્યું? અને શું શું કરવાનું બાકી છે? તેમાં પણ શક્ય છતાં હું શું નથી કરતો? બીજાઓને મારામાં કયા દોષો દેખાય છે? મારું કર્તવ્ય શું છે? અથવા જાણવા છતાં કયા દોષોને હું છોડતો નથી? વગેરે આત્મચિંતન કરવું અને શક્ય ધર્મકાર્યો કરવાનો તથા દોષોને છોડવાનો નિર્ણય કરવો.[૧]

તે પછી (શૌચ વગેરે કરીને) સામાયિક વગેરે છ આવશ્યકરૂપ રાત્રીપ્રતિક્રમણ કરવું, તેમાં તપચિંતનના કાઉસગ્ગમાં આજે કયી પર્વતિથિ કે કલ્યાણક છે? વગેરે વિચારીને તે પર્વ વગેરેને ઉચિત તપનું પચ્ચક્ખાણ સ્વયં આત્મસાક્ષીએ કરવું, (ધારવું.) પ્રતિક્રમણ

૧. વસ્તુતઃ જીવ આ ચિંતા કરતો નથી માટે જ દોષો વધતા જાય છે અને સામગ્રી-શક્તિ છતાં હિત થતું નથી, માટે જાગતાં જ ઉગતો દિવસ સફળ કરવા આવું ચિંતન કરી તે પ્રમાણે વર્તવું જોઇએ.

(કરનાર અને) ન કરનારે પણ નિદ્રામાં આવેલા રાગ વગેરે રૂપ કુ:સ્વપ્નના દ્વેષાદિરૂપ દુ:સ્વપ્નનાં પ્રાયશ્ચિત માટે કુસુમિણ-દુ:સુમિણનો કાયોત્સર્ગ કરવો, તેમાં સ્વયં સ્ત્રીસેવન રૂપ સ્વપ્નનો ૧૦૮ શ્વાસોચ્છવાસનો (ચાર લોગસ્સ સાગરવર-ગંભીરા સુધીનો) અને તે સિવાયનાં સ્વપ્નોનો એકસો શ્વાસોચ્છવાસનો (ચંદેસુ નિમ્મલયરા સુધી ચાર લોગસ્સનો) કાયોત્સર્ગ કરવો. **પંચાશકની** ટીકામાં સ્વયંસ્ત્રીસેવનનું સ્વપ્ન આવ્યા પછી જાગીને તુર્ત આ કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું છે અને **શ્રાદ્ધવિધિ** ટીકામાં સ્ત્રીસેવનનું સ્વપ્ન આવે તો તુર્ત આ કાઉસ્સગ્ગ કરવો અને પછી પ્રમાદ થાય તો રાઇપ્રતિક્રમણ પૂર્વે બીજીવાર પણ કરવો એમ કહ્યું છે. કોઈવાર દિવસે પણ કુસ્વપ્ન-દુ:સ્વપ્ન આવે તો આ કાઉસ્સગ્ગ કરવાનું સમજાય છે. પણ તુર્ત કે દૈવસિક પ્રતિક્રમણ કરતાં કરવો તે સ્પષ્ટ જણાતું નથી, માટે બહુશ્રુત ગુરુના આદેશ પ્રમાણે કરવો.[૨]

શ્રાદ્ધવિધિ, પંચાશક, શ્રાદ્ધદિનકૃત્ય, વગેરે ગ્રન્થોની ટીકાને આધારે એમ જણાય છે કે પ્રતિક્રમણ કરનાર કે નહિ કરનાર પણ શ્રાવકે પ્રથમ નિરર્થક કર્મબંધથી બચવા માટે સ્વશક્તિ ગોપવ્યા વિના પૂર્વે જણાવ્યા તે 'સચિત્ત-દ્રવ્ય-વિગઈ' વગેરે ચૌદ નિયમો ધારીને ગંઠિસહી વગેરે સંકેત પચ્ચ. સાથે 'નમુક્કારસહી' વગેરે કાળ પચ્ચક્ખાણ સૂર્યોદય પહેલાં જ ઘરમંદિરમાં દેવ સમક્ષ, કે સ્થાપનાચાર્ય સામે ગુરુપ્રત્યક્ષ કરવું અથવા આત્મસાક્ષીએ ધારવું જોઇએ.

કાળ પચ્ચક્ખાણોમાં 'ઉગ્ગએ સૂરે' પાઠ હોવાથી તે સૂર્યોદયથી શરુ થાય છે, તેથી સૂર્યોદય પહેલાં કર્યું હોય તો જ સફળ થાય. પોરિસિ-સાર્દ્ધપોરિસિ વગેરે પણ સૂર્યોદય પૂર્વે કરાય, અથવા સૂર્યોદય પહેલાં કરેલા નમુક્કારસહિ પચ્ચ.નો કાળ પૂર્ણ થયા પહેલાં જ તેની સાથે જોડી (વધારી) શકાય, અર્થાત્ કાળપચ્ચ. સૂર્યોદય પછી કરાય નહિ. "અઇઅં નિંદામિ, પડુપ્પન્નં સંવરેમિ અને અણાગયં પચ્ચક્ખાણુમિ" એ પાઠથી પચ્ચક્ખાણ ભવિષ્યકાળનું કહ્યું છે તેથી સૂર્યોદયથી શરુ થતું પચ્ચ. સૂર્યોદય પૂર્વે કરવાથી જ સફળ થાય. એકાસણું-બેસણું, વિગઈનું કે આયંબિલનું વગેરે દરેક પચ્ચક્ખાણો પણ કાળ પચ્ચ. સાથે જ કરી શકાય, એમ યોગ્યકાળે કરેલું પચ્ચક્ખાણ સ્પૃષ્ટ કહેવાય. આ રીતે સ્વયં કરેલું કે ધારેલું પચ્ચ. પુનઃ ગુરુસાક્ષીએ પણ કરવું જોઇએ.

અહીં સુધી મૂળ ૬૦ ગાથામાં કહેલા ત્રણ પાદનું વર્ણન કરીને હવે ચોથા પાદમાં કહેલા ચૈત્યવંદનનું વર્ણન કહીએ છીએ તેમાં-

---

૨. પ્રતિક્રમણ નહિ કરનાર શ્રાવક પણ આ કાયોત્સર્ગ કરી સામાયિક કરે, તેમાં જગચિંતામણીનું જયવીયરાય સુધીનું ચૈત્યવંદન, ખમાસમણપૂર્વક 'ભગવાન્હ' વગેરે ચારને વંદન તથા સજ્ઝાયના બે આદેશો માગી 'ભરહેસર બાહુબલી' સજ્ઝાય દ્વારા સંતો અને સતીઓના સ્મરણ રૂપ પ્રાભાતિક મંગળ કરવાથી દિવસ પાપથી રહિત બનીને પુણ્યક્રિયાઓ દ્વારા સફળ થાય. સામાયિક ન કરે તો પણ આ મંગળ કરવું હિતકર છે.

પ્રથમ દ્રવ્યપૂજા માટે પુષ્પો વગેરે સામગ્રી વિધિપૂર્વક મેળવવી અને ભાવપૂજા માટે મુદ્રા કરવી વગેરે વિધિ પછી જણાવીશું. તે પહેલાં ચૈત્ય એટલે જિનમૂર્તિના પ્રકારો જાણવા જોઇએ, તે પાંચ પ્રકારે છે.

૧. **ભક્તિ ચૈત્ય**- નિત્યપૂજા માટે ઘરમાં પધરાવેલી પ્રતિમા.

૨. **મંગળ ચૈત્ય**- ધારણાના ઉત્તરાસંગમાં કોતરેલી.

૩. **નિશ્રાકૃત ચૈત્ય**- કોઇ એક ગચ્છની હોય તે.

૪. **અનિશ્રાકૃત ચૈત્ય**- સઘળા ગચ્છોનું સાધારણ (તીર્થ વગેરેની પ્રતિમા) તે અને

૫. **શાશ્વત ચૈત્ય**- કોઇએ નહિ કરાવેલી ત્રણે લોકમાં રહેલી શાશ્વત પ્રતિમાઓ તે.

અહીં જે વિધિ કહેવાનો છે તે ઘરમંદિરના ભક્તિ ચૈત્ય માટે સમજવો. જો કે પૂર્વે આ ગ્રન્થમાં અને યોગશાસ્ત્રમાં પણ આને મંગળ-ચૈત્ય કહ્યું છે, પણ તે ચૈત્યના ત્રણ પ્રકારોની અપેક્ષાએ કહ્યું છે. પાંચ પ્રકારની અપેક્ષાએ ઘરમંદિરના ચૈત્યને ભક્તિચત્ય કહ્યું છે. તેનું પૂજન વિધિપૂર્વક કરવાથી સફળ થાય છે. સંસારના કાર્યો પણ વિધિથી સફળ થાય છે. તો આત્મકલ્યાણના કાર્યો માટે અવિધિ કેમ ચાલે?[૩]

માટે હવે પુજાનો વિધિ જણાવે છે કે-

મૂલ-"**सम्यक्स्नात्वोचिते, काले, संस्नाप्य च जिनान् क्रमात् ।**
पुष्पाहारस्तुतिभिश्च पूजयेदिति तिद्विधिः" ॥૬૧॥

અર્થાત્ સમ્યગ્ એટલે વિધિ-જયણાપૂર્વક પૂજાના સમયે સ્નાન કરીને જિનપ્રતિમાનું સ્નાન-સ્નાત્ર પ્રક્ષાલ કરીને, પુષ્પો-આહાર અને સ્તુતિદ્વારા પ્રતિમાને પૂજે એ જિનપૂજાનો વિધિ છે. તેમાં-

પુષ્પોના ઉપલક્ષણથી દરેક પ્રકારની અંગપૂજા, આહાર શબ્દથી વિવિધ અગ્રપૂજા અને સ્તુતિ શબ્દથી ચૈત્યવંદનાદિ ભાવપૂજા સમજવી. તેમાં ઉત્સર્ગથી પૂજા ત્રણ સંધ્યાએ-ત્રિકાળ કરવી. અપવાદે આજ્ઞાવિકાદિ કારણે અનુકૂળ સમયે ત્રણ-બે અથવા એક વખત પણ કરાય, સર્વને માટે ત્રિકાળનો એકાંત નથી.[૪]

૩. અજ્ઞાનથી અવિધિ થઈ જાય તો પણ વિધિનું લક્ષ્ય હોવાથી લાભ થાય. જાણવા છતાં પ્રમાદથી અવિધિ કરવાથી તો કર્મબંધ એટલે સંસાર વધે,

૪. તેમાં અપવાદનું કારણ પ્રબળ જોઇએ, સામાન્ય કારણે ગમે ત્યારે કરવાથી અનાદર નામની આશાતના થાય. રાત્રીએ સ્નાન-પૂજા કરવી તે અમંગળ અને આશાતનારૂપ છે. નીતિશાસ્ત્રમાં પણ રાત્રીસ્નાનને અમંગળ કહ્યું છે અને અજૈન શાસ્ત્રોમાં પણ રાત્રીએ સ્નાન, શ્રાધ્ધ-દાન-દેવપૂજનનો નિષેધ છે, ભોજનને તો વિશેષતયા નહિ કરવાનું કહ્યું છે. વર્તમાનમાં વહેલી સવારે પૂજા અને મોડી રાત સુધી ભાવના વગેરે થાય છે તે ઘણી રીતે અનર્થકારક છે.

તેમાં શ્રાવક સર્વ કાર્યો જયણાથી કરે તો જ ધર્મરક્ષા થાય, માટે સ્નાન જ્યાં કીડીઓ, કુંથુઆ, લીલકુંગ કે બીજા પણ ત્રસજીવો ન હોય, પાણી ભરાઈ ન રહે તથા જ્યાં ખાડા–ટેકરા અને પોલાણ ન હોય અને પાણી શીઘ્ર સૂકાઈ જાય તેવી સરખી ભૂમિમાં કરાય, પાણી[૫] પણ અચિત્ત અને સચિત્ત હોય તો સારી રીતે ગાળેલું પરિમિત વાપરવું અને તેમાં પણ ઉડતા જીવો પડીને મરે નહિ તે ખ્યાલ રાખવો. વગેરે **શ્રાદ્ધદિનકૃત્યમાં** તથા **પૂજા પંચાશકમાં** પણ કહ્યું છે. લૌકિક શાસ્ત્રોમાં તો કહ્યું છે કે નગ્ન થઇને, રોગી દશામાં, પ્રવાસમાંથી આવીને તુર્ત, ભોજન પછી, આભૂષણો સહિત, સ્વજનાદિને વળાવ્યા પછી, કે કોઈ મંગળ કાર્ય કર્યા પછી સ્નાન કરવું નહિ."

સ્નાનના દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારો છે, દ્રવ્યસ્નાનના પણ દેશસ્નાન અને સર્વ–સ્નાન એમ બે પ્રકારો છે, તેમાં મળ–મૂત્રનું, દાંત–મુખનું કે હાથ–પગ વગેરેનું શૌચ તથા કોગળા કરવા વગેરે દેશસ્નાન અને સંપૂર્ણ શરીરનું સ્નાન તે સર્વસ્નાન કહેવાય. તેમાં–

મળ–મૂત્રનું વિસર્જન મૌનપૂર્વક, નિર્જીવ ભૂમિમાં શકય હોય તો કોઈ ન દેખે ત્યાં, કોઇને અણગમો કે અપકીર્તિ ન થાય તે રીતે, ઓછામાં ઓછું પણ એક વસ્ત્ર પહેરીને, દિવસે અને બે સંધ્યાએ ઉત્તર સન્મુખ અને રાત્રે દક્ષિણ સન્મુખ બેસીને કરવું, એમ વિવેક વિલાસમાં કહ્યું છે. દાતણ પણ સીધું, ગાંઠા વિનાનું, સારો કૂચો થાય તેવું, છેડે પાતળું, દશ અંગુલ લાંબુ, છેલ્લી અંગુલી જેટલું જાડું, સારી જમીનમાં ઉગેલા જાતિવંત વૃક્ષનું, છેલ્લી બે આંગળી વચ્ચે રાખીને અંગુઠા અને તર્જનીથી પકડીને જમણી–ડાબી દાઢ નીચે પેઢામાં, તે પણ મનને એકાગ્ર કરીને પૂર્વ કે ઉત્તર સન્મુખ સ્વસ્થ બેસીને દાંત–માંસને ઈજા ન થાય તેમ ઘસવું, વગેરે નીતિશાસ્ત્રમાં કહ્યું છે. દાતણના અભાવે બાર કોગળાથી મુખશુદ્ધિ કરવી, ઉલ તો દરરોજ ઉતારવી.

જળસ્નાનથી શરીર શુદ્ધિ અને સુખનો અનુભવ થવાથી દ્રવ્યસ્નાન એ ભાવશુદ્ધિનું કારણ છે. **સ્નાનાષ્ટકમાં** કહ્યું છે કે જળથી દ્રવ્યસ્નાન કરનારને કોઢ વગેરે રોગ ન હોય તો પણ માત્ર શરીરના બાહ્ય અંશની અલ્પકાળ પુરતી શુદ્ધિ, તે પણ જળ સિવાયના અન્ય જીવોની જયણા કરવાથી થાય છે, તો પણ ગૃહસ્થને બીજા આરંભોથી થતાં પાપની શુદ્ધિ માટે વિધિપુર્વક દ્રવ્યસ્નાન કરીને દેવ અને અતિથિનું પુજન કરવું તે હિતકર છે. કારણ અનુભવથી સિદ્ધ છે

૫. નિત્ય એક જ સ્થળે પાણી પડે ત્યાં લીલકુંગ થાય, બાથરૂમમાં કે મોરી–ચોકડીમાં સ્નાન કરવાથી તો ઘોર હિંસા થાય. જયણા એ જ આજ્ઞાપાલનરૂપ પ્રભુપૂજા છે, તેના બદલે અજયણા–હિંસા કરીને પૂજા કરવી તે કોઇ રીતે ઉચિત નથી. વર્તમાનની શહેરોની જીવન પદ્ધતિ ધર્મઘાતક છે, તેમાં શકય તેટલી જયણા પાળવાની બુદ્ધિ હોય તો જ ધર્મ થઇ શકે. જેને હિંસાનો કે અવિધિનો ભય નથી તેની ધર્મકરણી હિતકર બનતી નથી, ધર્મક્રિયાનો પ્રાણ ભાવ છે, શુભ ભાવ વિનાની ક્રિયા કેવળ કાયકલેશ કહી છે.

કે જળસ્નાનથી અપેક્ષાએ દોષો થવા છતાં તે ભાવશુદ્ધિનું કારણ હોવાથી સમ્યગ્ દર્શન વગેરે બીજા ગુણો પ્રગટે છે.

અન્યત્ર પણ કહ્યું છે કે પુજામાં સ્થાવર જીવોની હિંસા થવાથી તેટલા અંશમાં દોષ છતાં સમ્યક્ત્વની શુદ્ધિનું કારણ હોવાથી જિનપુજા નિર્દોષ જાણવી. **પંચાશકમાં** તો કહ્યું છે કે કૂવો ખોદવાથી શ્રમ, તૃષા લાગે અને વસ્ત્રો મલિન થાય, તો પણ કૂવામાં પાણી પ્રગટવાથી તે બધા દોષો દૂર કરી શકાય અને એ પાણીથી બીજા જીવોને ઉપકાર પણ થાય. તે રીતે દ્રવ્યપૂજામાં અમુક દોષ હોવા છતાં સમ્યક્ત્વ વગેરે મોટા ગુણો પ્રગટવાથી તે દોષો ટળી જાય અને એ પૂજાને જોઇને બીજા પણ પૂજા કરતા થાય એ મોટો લાભ થાય.[૬] એમ દ્રવ્યસ્નાનનું સ્વરૂપ કહ્યું,

હવે એ જ અષ્ટકમાં ભાવસ્નાન માટે કહ્યું છે કે "ધ્યાન રૂપી પાણી વડે કર્મમેલનો નાશ કરવારૂપ આત્મશુદ્ધિ કરવી તે ભાવસ્નાન છે." અહીં એટલું વિશેષ સમજવું કે ગડ-ગુમડ વગેરે રોગના કારણે જળસ્નાન કરવા છતાં રસી-પરૂ વગેરે અશુચિ ઝરતી રહે તો જળ-ચંદન પુષ્પ વગેરેથી અંગપુજા સ્વયં ન કરતાં એ દ્રવ્યો બીજાને આપી તેની પાસે કરાવવી. અગ્રપૂજા અને ભાવપૂજા સ્વયં કરી શકાય. કહ્યું છે કે શરીરાદિ શૌચ વિના, કે ભૂમિ ઉપર પડેલાં પુષ્પોથી જે દેવપૂજા કરે છે તેના પરિણામ નિઃશૂક હોવાથી અન્ય ભવે તે ચંડાળ થાય છે.

સ્નાન પછી ઉત્તમ શુદ્ધ વસ્ત્રથી શરીર લૂંછવું અને બીજા પવિત્ર કોરા વસ્ત્રથી સ્નાન કરેલું વસ્ત્ર બદલી, ભીના પગે ભૂમિનો સ્પર્શ ન થાય તે રીતે પવિત્ર સ્થાને જઈ ઉત્તર દિશા સન્મુખ ઉભા રહી પૂજાનાં વસ્ત્રો પહેરવાં. પૂજાના વસ્ત્રો સફેદ, કોમળ, અખંડ, સાંધ્યા વિનાનાં, ઉત્તમ જાતિનાં, અન્ય કાર્યમાં નહિ વાપરેલાં જોઇએ, તે પણ પુરૂષને અધોવસ્ત્ર અને ઉત્તરીય બે અને સ્ત્રીઓને કંચુક સહિત ત્રણ જોઇએ. લૌકિક શાસ્ત્રમાં પણ કહ્યું છે કે દેવપૂજા વગેરેમાં સાંધેલું, બળેલું કે ફાટેલું વસ્ત્ર નહિ પહેરવું. તથા કાપોટીયું, અડધી ચડ્ડી, લંગોટ જેવું ટુંકું કે જેનાથી મળ-મૂત્રનું વિસર્જન કે મૈથુન સેવ્યું હોય તેવા વસ્ત્રથી, કે પુરૂષે માત્ર એક વસ્ત્રથી કે સ્ત્રીઓએ કંચૂક વિના દેવપૂજન નહિ કરવું. વળી પૂજાનાં વસ્ત્રો વપરાશ પ્રમાણે પરસેવા વગેરેથી મેલાં થાય તો ધોતા રહેવું, ધૂપથી પવિત્ર બનાવવાં, તેનાથી પરસેવો કે શ્લેષ્મ વગેરે લૂંછવું નહિ, હવે પૂજના પ્રકાર વગેરે કહે છે.

૧. અંગપૂજા-પ્રતિમાનો પ્રક્ષાલ- પૂજાની સઘળી સામગ્રી-પુષ્પો વગેરે મેળવ્યા

૬. જે જે ક્રિયામાં થોડી હાની અને ઘણો લાભ, અગર પ્રારંભમાં હાનિ પણ પરિણામે લાભ થાય, તે દરેક ક્રિયાઓ ઉપાદેય છે. લૌકિક લોકોત્તર સઘળા વ્યવહારો પ્રાયઃ એ જ પ્રમાણે ચાલે છે, માટે જિનપૂજા થોડા દોષવાળી હોવા છતાં પરિણામે ઘણા લાભનું કારણ હોવાથી તે ગૃહસ્થને અવશ્ય કરણીય છે.

પછી પ્રક્ષાલ કરાય, તેમાં પુષ્પો ઉત્તમ બગીચામાંથી, તેના રક્ષક માળી વગેરેને સંતોષકારક મૂલ્ય આપીને, સ્વયં જાતે અગર પોતાના વિશ્વાસુ માણસ દ્વારા મંગાવવાં. તે પણ ઉત્તમ કરંડીયામાં કે ધાતુના પવિત્ર વાસણમાં પવિત્ર વસ્ત્રથી ઢાંકીને બહુમાન પૂર્વક હૃદય સામે રહે તેમ બે હાથથી ઉપાડીને લાવવાં, પાણી પણ પવિત્ર ઉત્તમ સ્થાનેથી બહુમાનપૂર્વક લાવવું કે મંગાવવું. પછી ઉત્તરાસંગના છેડાથી આઠ પડ કરીને નાક–મુખ ઢંકાય તેમ મુખકોશ બાંધવો. તેમાં આટલું વિશેષ છે કે કોઇ અતિ સુકોમળ કાયાવાળો કે રોગી વગેરે નાક ન બાંધી શકે, અસમાધિ થાય તો, એકલું મુખ બાંધવું. આજીવિકા માટે રાજા વગેરેની સેવા (મુંડન) પણ હજામ મુખ બાંધીને કરે છે, તો ત્રણલોકના નાથ અરિહંતદેવની સેવામાં તો મુખકોશ અવશ્ય બાંધવોજ જોઇએ. એથી વિનય થાય અને આશાતનાથી બચી જવાય.

તે પછી પ્રમાર્જેલા પવિત્ર ઓરસીયા ઉપર કેસર–ચંદન વાટવું અને પૂજા માટે તથા તિલકમાટે, એમ ભિન્ન બે પાત્રમાં ઉતારવું. ઉપરાંત ત્રસજીવો રહિત ધૂપ, સુગંધી ઉત્તમ ઘીનો દીપક, અખંડ નિર્મળ અક્ષત, સોપારી, શ્રીફળ, વગેરે ફળો, તાજું અબોટ નૈવેદ્ય, અને નિર્મળ પાણીનાં જળપાત્રો (કળશ) વગેરે સર્વ દ્રવ્ય સામગ્રી મેળવવી. ભાવશુદ્ધિ માટે તો રાગ, દ્વેષ, કષાય, ઇર્ષ્યા, અહંકાર, આલોક–પરલોકનાં બાહ્ય સુખની ઇચ્છા, કે કુતૂહલ–વ્યાક્ષેપ વિગેરે તજીને નિર્મળ–શાન્ત ચિતની એકાગ્રતા કરવી. કહ્યું છે કે મન, વચન, કાયા, વસ્ત્ર, ભૂમિ તથા પૂજાનાં ઉપકરણોની શુદ્ધિ અને મનની એકાગ્રતા, એ સાત શુદ્ધિ પૂર્વક પૂજા કરવી.[૭]

એમ દ્રવ્ય–ભાવની શુદ્ધિપૂર્વક ઘરમંદિરમાં પ્રવેશ કરવો, તેમાં પુરુષ દ્વારની જમણી શાખા અને સ્ત્રી ડાબી શાખા તરફથી જયણાપૂર્વક પ્રથમ જમણો પગ અંદર મૂકીને પ્રવેશ કરે–અને ઉત્તર કે પૂર્વ સન્મુખ રહી ડાબી નાસિકા ચાલે ત્યારે મૌન પૂર્વક પૂજન કરે. પ્રવેશ કરતાં ત્રણ નિસીહિ, ત્રણ પ્રદક્ષિણા વગેરે દશત્રિકનું પાલન કરે, પછી પ્રથમ મંદિર ને પ્રમાર્જીને પાટલા ઉપર પદ્માસને બેસીને તિલક માટેના જુદા રાખેલા કેસરથી કે પૂજાના કેસરમાંથી થોડું અલગ કરીને લલાટે, ગળે, હૃદયે અને પેટ ઉપર તિલક કરે, તથા હાથે કર્ણિકા, બાજુબંધ, કંકણ વગેરે આભૂષણો ચીતરે,

પછી બન્ને હાથ ધૂપીને મોરપીંછીથી નિર્માલ્ય ઉતારે. ચૈત્યવંદન બૃહદ્ ભાષ્યમાં જે દ્રવ્ય વિનષ્ટ–પુનઃ ઉપયોગી ન બને તેને નિર્માલ્ય કહ્યું છે અને સંધાચાર ભાષ્યમાં નિસ્તેજ શોભારહિત તથા ગંધથી વિગંધી બનવાથી જે દર્શન કરનારને પ્રમોદ પ્રગટાવી ન શકે, તેને નિર્માલ્ય કહ્યું છે. તેથી સામે મૂકેલા ચોખા વગેરેને નિર્માલ્ય ન માનવું એ ઘટિત અને

૭. સંબોધ પ્રકરણમાં મનની એકાગ્રતાને બદલે ધનશુધ્ધિ અને અન્યત્ર મન–વચનને બદલે ન્યાયદ્રવ્ય અને વિધિશુધ્ધિ કહી છે.

યુક્તિ સંગત છે. નિર્માલ્યને ઉતાર્યા પછી તેમાં કુંથુઆ વગેરે જીવોત્પત્તિ સંભવિત હોવાથી પગ નીચે ન આવે તેવા પવિત્ર સ્થાને છૂટું છૂટું નાખવું, જેથી હિંસા અને આશાતના પણ ન થાય, પ્રક્ષાલના પાણી માટે પણ એ રીતે સમજવું.

પછી કાળજી પૂર્વક પ્રતિમાને પ્રમાર્જન કરીને પવિત્ર થાળ વગેરેમાં નાભિથી ઉંચા સ્થાને પધરાવવાં. પછી કેસર, બરાસ, ઉત્તમ ઔષધિઓ તથા ચંદનથી મિશ્ર કરેલા પવિત્ર જળથી ભરેલા કળશથી બે હાથે અભિષેક કરવો. પ્રક્ષાલ વખતે "હે પ્રભો! જન્મ સમયે મેરુશિખરે દેવ-દાનવ અને ઇન્દ્રોએ સુવર્ણ, રત્ન, વગેરેના કળશોથી આપનું જ્યારે સ્નાત્ર કર્યું, તે વખતે આપનું દર્શન કરનારા આત્માઓ ધન્ય ધન્ય છે." એવી ભાવના ભાવવી. શક્ય બને ત્યાં સુધી પ્રક્ષાલ, પૂજા વગેરે મૌનથી કરવું, બોલવું પડે તો પણ પાપવચનો તો નહિ જ બોલવાં, અન્યથા કહેલી નિસીહિ નિરર્થક બને. **શ્રાદ્ધદિનકૃત્યમાં** કહ્યું છે કે- જિન-પૂજાદિ કરતાં શરીરે ખણવું, થૂંક-બળખો-શ્લેષ્મ વગેર કાઢવું, કે સ્તુતિ સ્તોત્રાદિ પ્રગટ બોલવાં નહિ.

પછી જરૂર જણાય તો પણ વાળાકુંચી કોમળ છતાં ધીમેથી વાપરવી. પ્રક્ષાલ પછી એક અંગલૂછણાથી સઘળું પાણી લૂછી પ્રતિમાને કોરાં કરવાં અને બીજું પવિત્ર બારીક ધૂપેલું અંગલૂછણું કરવું.[૮]

પંચતીર્થી પ્રતિમા, ચોવીશીના પટ્ટ કે સિદ્ધચક્રની પાટલી, વગેરેમાં પરસ્પર એકનું પાણી કે અંગલૂછણાં બીજાને લાગે તો પણ દોષ નથી, શાસ્ત્રમાં ત્રણ પ્રકારની પ્રતિમા આ પ્રમાણે પણ કહી છે.

૧. **વ્યક્ત પ્રતિમા**- તીર્થંકર (કે જેનું શાસન) જે કાળે વિદ્યમાન હોય તેની પ્રતિમા ભરાવવી તે.

૨. **ક્ષેત્ર પ્રતિમા**- અમુક ચોવીશીના ચોવીશે તીર્થંકરોનો પટ્ટ (પાટલો) કે ચોવીશી ભરાવવી તે અને

૩. **મહા પ્રતિમા**- ઉત્કૃષ્ટ એકસો સીત્તેર પ્રતિમા (કે સહસ્રકુટ વગેરે) ભરાવવા તે.

---

૮. જેથી પૂર્ણ શુધ્ધિ ન થાય તો અંગલૂછણું ત્રણ વાર કરવું. અંગલૂછણાં પવિત્ર, કોમળ, મેલ વગરનાં વિધિપૂર્વક ધોએલાં રાખવાં. તેમાં પણ પોતાનાં કપડાં ધોવાની જગ્યાએ અંગલૂંછણા ધોવાથી આશાતના થાય, પ્રતિમાની સંખ્યા પ્રમાણે અધિક રાખવાં. અહીં ઘરમંદિરમાં પ્રતિમાજી થોડા હોય માટે બે કહ્યાં સંભવે છે. તાત્પર્ય તો એ છે કે પ્રતિમાજીમાં કોઈ સ્થળે લેશ પણ પાણી ન રહે તેમ કરવું. પ્રક્ષાલ પછી અંગલૂછણાં તુર્ત કરવાં, નહિ તો પાણી સૂકાવાથી પ્રતિમા શ્યામ થતી જાય, વગેરે કાળજી કરવી એ જ આરાધના છે અને બેદરકારી આશાતના છે.

આ પ્રતિમાના પ્રક્ષાલમાં જેમ એક બીજાના પાણીનો પરસ્પર સ્પર્શ થવા છતાં દોષ નથી, તેમ સિદ્ધચક્રમાં, પરિકરમાં માલાધારી દેવના પાણી વગેરેનો કે પુસ્તકમાં પાનાનાં સ્પર્શનો પરસ્પર દોષ લાગતો નથી. કહ્યું છે કે તીર્થંકરની આઠ પ્રાતિહાર્ય વગેરે રિદ્ધિના દર્શન માટે કોઈ પરિકર સહિત એક પ્રતિમા ભરાવે, કોઈ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના માટે ભેગી ત્રણ ભરાવે, કોઈ પંચપરમેષ્ઠિ મહામંત્રની આરાધના કરી ઉદ્યાપન માટે પંચતીર્થી ભરાવે, કોઈ ચોવીશે ભગવંતોનાં કલ્યાણકનો તપ કરી ઉદ્યાપનમાં ચોવીશી ભેગી કરાવે અને કોઇ મહાશ્રાવક સર્વ તીર્થંકરોની અરાધના માટે એક સાથે એકસોસીત્તોર (નો પટ્ટ) પણ ભરાવે, આ વિધિ કહેલો હોવાથી પરસ્પર પાણી વગેરેનો સ્પર્શ થવાથી દોષ નથી એમ સમજવું. બહુમાન સાચવવા માટે પ્રભુનાં અંગલૂછણાં, પ્રક્ષાલ માટેનું પાણી, કે કેસર ચંદન વગેરે જુદા પાત્રમાં રાખવું, તેનો ઉપયોગ પોતાના હાથ ધોવામાં, લુછવામાં કે તિલક કરવામાં કરવાથી અવિનય થાય. એમ પૂજનાં વસ્ત્રો પણ અન્ય કોઈ કામમાં વપરાય નહિ.

ચંદન પૂજા – બે ચરણો, બે જાનુ, બે કાંડાં, બે ખભા અને મસ્તક એ નવ અંગે ક્રમશઃ કરવી, અર્થાત્ આ અધિકાર મોટા મંદિરની પૂજાના વિધિમાં આગળ કહેવાશે, તે પ્રમાણે નવ અંગે સૃષ્ટિ ક્રમે કેસર–બરાસથી મિશ્રિત ગોશીર્ષચંદન વગેરેથી પૂજા કરવી. કોઇ પ્રથમ લલાટે પછી નવ અંગે કરવાનું કહે છે. જિનપ્રભસૂરિકૃત **પૂજાવિધિમાં** તો કહ્યું છે કે "તાજા સુગંધી ચંદન વડે જમણો ઢીંચણ અને ખભો, પછી લલાટ, પછી ડાબો ખભો અને ઢીંચણ એ પાંચ અંગે અથવા હૃદય સહિત છ અંગે પૂજા કરી તાજાં પુષ્પો અને સુગંધીવાસથી પ્રભુપૂજન કરવું."[૯]

પુષ્પપૂજા – પુષ્પો સુદર વર્ણવાળાં, સુગંધી, તાજાં, ભૂમિ ઉપર નહિ પડેલાં, પૂર્ણ ખીલેલાં, અખંડ અને તાજાં એવાં ઉત્તમ વિવિધ જાતિનાં છૂટાં અથવા (હાર–ટોડર–કલગી વગેરે) ગૂંથેલાં પુષ્પોથી પૂજા કરવી. કહ્યું છે કે સૂકાં, ભોંય પડેલાં, ખંડિત, અશુચિથી સ્પર્શિત, પૂર્ણ નહિ ખીલેલાં, સડેલાં, કે ખવાયેલાં, ચવાયેલાં, ચીમળાયેલાં, શોભા રહિત, ગંધરહિત, કે ખાટા ગંધવાળાં, તથા મળ–મૂત્રાદિશૌચ કરતાં સાથે રાખેલાં ઉચ્છિષ્ટ, વગેરે પુષ્પોથી દેવને પૂજવા નહિ. વિશેષમાં સંપત્તિવાળાએ રત્ન, સુવર્ણ, કે મોતીના હાર, મુગટ, વગેરે આભરણોથી સોના–રૂપાનાં પુષ્પોથી અને વિવિધ જાતિના ચંદ્રુઆ વગેરેથી જિનમૂર્તિને પૂજવી–અલંકૃત કરવી. એથી સ્વપર વિવિધ લાભ થાય છે. કહ્યું છે કે–શ્રેષ્ઠ સામગ્રીથી લાભ પણ શ્રેષ્ઠ મળે છે અને સજ્જનોને પોતાની સંપત્તિનો આથી બીજો શ્રેષ્ઠ સદુપયોગ પણ કોઈ નથી. ચંદન અને પુષ્પપૂજા પ્રભુનાં નેત્રો–મુખ વગેરે ઢંકાઈ ન જાય તે રીતે કરવી.

૯. વર્તમાનમાં તપગચ્છનો વિધિ જમણા–ડાબા બે ચરણો, બે ઢીંચણો, બે હાથ અને બે ખભાનાં એક એક અંગ, એમ ચાર તથા શિખા, લલાટ, કંઠ, હૃદય અને નાભિ, એ પાંચ મળી નવ, એ રીતે પૂજા કરવાનો વિધિ પ્રચલિત છે.

પુષ્પ વગેરેની આંગી પણ જોનારને ભાવોલ્લાસ વધે તેવી સુંદર કળાત્મક રીતે કરવી. આ સિવાય કુસુમાંજલી ચડાવવી, શુદ્ધ જળધારા દેવી, અંગરચના કરવી, લલાટે કસ્તૂરી વગેરેથી પત્રભંગી (આડ) રચવી, વગેરે વિવિધ અંગપૂજાના પ્રકારો સંઘના મંદિરની પૂજાના અધિકારમાં કહેવાશે. પ્રતિમાની હથેલીમાં સુવર્ણનું બીજોરું, શ્રીફળ, સોપારી, સોના-રૂપાનું નાણું, સીક્કો, નાગરવેલનું પાન, વગેરે મૂકવું, અને દશાંગાદિ ધૂપ ઉખેવવો તે સર્વ અંગપૂજા ગણાય છે. તેમાં ધૂપ પ્રભુની ડાબી બાજુએથી ઉખેવવો વગેરે અંગપૂજાનું સ્વરૂપ જાણવું.

૨. **અગ્રપૂજા**– તાજા સુગંધી ઘીના દીપકો ધરવા, સોના-ચાંદીથી બનાવેલા કે ડાંગરના ઉત્તમ અખંડ ચોખા વડે દર્પણ, ભદ્રાસન, વર્ધમાન, શ્રીવત્સ, મત્સ્યયુગલ, સ્વસ્તિક, કુંભ અને નંદાવર્ત, એ અષ્ટમંગળની રચના કરવી, જ્ઞાન-દર્શન-ચારિત્રના પ્રતિક રૂપે ત્રણ ઢગલી કરી ઉપર પાન-સોપારી વગેરે ફળો મૂકવાં, બીજોરું, શ્રીફળ, વગેરે તાજાં નવાં ફળોની તથા વિવિધ ઉત્તમ નૈવેદ્યની ભેટ કરવી, મંગળ સ્વરૂપ ભરેલાં જળપાત્રો પ્રભુ સન્મુખ સ્થાપવાં, તેમાં પણ નૈવેદ્યમાં રાંધેલી રસોઇનું ફળ વિશેષ છે અને તે સરળ પણ છે. આવશ્યક નિર્યુક્તિ, નિશીથ, મહાનિશીથ વગેરેમાં રાંધેલા બલીનું વિધાન છે, સાકર વગેરેનાં શ્રેષ્ઠ પાણી, ફળો, વગેરે બાદિમ અને સૂકાંપાન વગેરે સ્વાદિમ, એ ચારે આહારથી નૈવેદ્ય પૂજા કરવી. તથા ગોશીર્ષચંદનથી માંડલું બનાવવું કે થાપા દેવા, ગીત, નાચ કરવાં, વાજિંત્રો વગાડવાં. લૂણ કે આરતિ-દીપક ઉતારવા, તે સર્વ અગ્રપૂજા કહી છે.

૩. **ભાવપૂજા**– અંગ-અગ્ર પૂજાની પ્રવૃત્તિના ત્યાગરૂપે ત્રીજીવાર નિસીહિ કહીને ચૈત્યવંદન માટે જઘન્યથી જિનપ્રતિમાથી નવ હાથ અને સગવડ ન હોય તો ઓછામાં ઓછા એક હાથ દૂર તથા ઉત્કૃષ્ટથી સાઇઠ હાથ દૂર, તેમાં પણ પુરુષે પ્રભુની જમણી બાજુ અને સ્ત્રીઓએ ડાબી બાજુ ભૂમિની પ્રમાર્જનાપૂર્વક બેસીને વિશિષ્ટ સ્તુતિસ્તવનાદિથી ચૈત્યવંદન કરવું તેને ભાવપૂજા કહી છે. તેના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણ પ્રકારો છે. તેમાં–

માત્ર મસ્તકથી પ્રણામ, કે 'નમો અરિહંતાણં' વગેરે એક નવકાર, અથવા જેમાં નમસ્કાર થતો હોય તેવા એક કે અનેક શ્લોકો, કાવ્યો બોલીને કરાય, તે સર્વ જેમાં વર્ણન અને ક્રિયા અલ્પ હોય તે જઘન્ય ચૈત્યવંદના કહી છે, તેમાં પણ પ્રણામ પાંચ પ્રકારે થાય છે. માત્ર એક મસ્તક નમાવવાથી એક અંગવાળો, બે હાથે અંજલી જોડવાથી બે અંગવાળો, મસ્તક સાથે અંજલીથી ત્રણ અંગવાળો, બે હાથે અંજલી અને બે ઢીંચણથી ચાર અંગવાળો અને સાથે મસ્તક નમાવવાથી પાંચ અંગવાળો (પંચાંગ) પ્રણામ કહ્યો છે. જેમાં અરિહંત ચેઇઆણું, અન્નત્થ, એક નવકારનો કાઉસગ્ગ અને પારીને એક સ્તુતિ બોલાય તે એક દંડક અને એક સ્તુતિવાળી મધ્યમ ચૈત્યવંદના, એમ **બૃહત્કલ્પભાષ્ય**ની "**निस्सकडमनिस्सकडं वावि**" એ ગાથાના આધારે જણાય છે. અને જેમાં (નમુત્થુણં, અરિહંતચેઈ, લોગસ્સ, પુક્ખરવરદી. અને સિદ્ધાણં, એ) પાંચ દંડકસૂત્રો સાથે ચાર સ્તુતિઓનો એક જોડો તથા

જયવીયરાય બોલાય તે (અર્થાત્ સ્તુતિના એક જોડાવાળી) ચૈત્યવંદના ઉત્કૃષ્ટ જાણવી. આ ઉત્કૃષ્ટ ચૈત્યવંદનાનો વિધિ વ્યવહાર ભાષ્યની "**तण्णि वा कड्ढई जाव.**" ગાથાથી કહેલો છે. ચૈત્યવંદનભાષ્ય, આવશ્યકચૂર્ણિ, વગેરેમાં પણ આ પ્રમાણે કહેલું છે.

અન્ય આચાર્યો વળી કહે છે કે એક શકસ્તવવાળી ચૈત્યવંદના જઘન્ય, બે અથવા ત્રણ શકસ્તવવાળી મધ્યમ અને ચાર અથવા પાંચ શકસ્તવવાળી ઉત્કૃષ્ટ જાણવી. અર્થાત્ વર્તમાનમાં ચૈત્યવંદન કરાય છે તે એક નમુ. વાળી જઘન્ય. મોટું દેવવંદન કરાય છે તે પાંચ નમુ. વાળી અથવા છેલ્લું ચૈત્યવંદન ન કરે તો ચાર નમુ. વાળી ઉત્કૃષ્ટ અને એમાં એક થોયના જોડાવાળી (ચોમાસી દેવવંદનમાં શ્રી ઋષભદેવનું ચૈત્યવંદન કરીએ છીએ તે) બે નમુ. વાળી અથવા છેલ્લા એક ચૈત્યવંદન સહિત ત્રણ નમુ. વાળી મધ્યમ જાણવી.

અથવા ભાવની અપેક્ષાએ પણ ત્રણ પ્રકારો કહ્યાં છે, જેમકે ગુણસ્થાનકોના ભેદથી જીવોમાં ભાવની પણ તરતમતા હોય છે. તેથી પહેલા ગુણસ્થાનકે અપુનર્બંધકને જઘન્ય ભાવ હોવાથી તેની ઉપર કહી તે દરેક વન્દના જઘન્ય. ચોથા ગુણસ્થાનકે ભાવ મધ્યમ હોવાથી અવિરતિ સમકિતદૃષ્ટિની દરેક વંદના મધ્યમ અને પાંચમા ગુણસ્થાનક વગેરે વિરતિવાળાના ભાવ ઉત્કૃષ્ટ હોવાથી તેની દરેક વંદના ઉત્કૃષ્ટ જાણવી. અથવા એક જ ગુણસ્થાનકવાળા પણ સર્વના ભાવ (ઉત્સાહ) ન્યૂનાધિક હોય માટે એક અપુનર્બંધકમાં પણ જઘન્ય હર્ષોત્સાહવાળાની જઘન્ય, મધ્યમવાળાની મધ્યમ અને ઉત્કૃષ્ટ હર્ષોત્સાહવાળાની ઉત્કૃષ્ટ સમજવી. એ રીતે ચોથા ગુણસ્થાનકે અને પાંચમાં વગેરે ઉપરના ગુણસ્થાનકે પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ભાવની અપેક્ષાએ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વન્દના જાણવી. અપુનર્બંધકભાવથી નીચેની અવસ્થાઓમાં ભાવવંદના હોય જ નહિ. કેવળ દ્રવ્યવંદના અને તે પણ અવિશુદ્ધ હોય, કારણકે દ્રવ્ય વંદના પણ જે ભાવનું કારણ બને તે વિશુદ્ધ કહી છે. સકૃદ્બંધક વગેરેને ભાવવંદના હોય જ નહિ માટે તેઓને અવિશુધ્ધ દ્રવ્યવન્દના હોવાથી ભાવવંદનમાં તે ઘટે નહિ.

આ વિષયમાં કોઈ એમ માને છે કે–ગણધર–ભગવંતે માત્ર "નમુત્થુણં" રચેલું છે અને જીવાભિગમ વગેરેમાં વિજયદેવ વગેરેએ માત્ર નમુત્થુણંથી વન્દના કહી છે, માટે શ્રાવકને નમુત્થુણંથી અધિક બોલવું ઘટિત નથી, તેનું સમાધાન એ છે કે વ્યવહાર ભાષ્ય વગેરેમાં સાધુને અધિક બોલવાનું વિધાન છે, અને દર્શનશુધ્ધિ તો શ્રાવકને પણ કરણીય છે, માટે અધિક બોલવામાં શ્રાવકને કોઈ દોષ નથી. વિજયદેવ વગેરે અવિરતિ અને પ્રમાદી હોવાથી તેમની પ્રવૃત્તિ આચરણારૂપ ન મનાય, એને આચરણા માનીએ તો ન કરવા યોગ્ય ઘણું કરવું પડે અને કરવા યોગ્ય ઘણું છોડવું પડે વગેરે મોટા ભાષાન્તરમાં વિસ્તારથી કહેલું છે, ત્યાંથી જોઈ લેવું.

ચૈત્યવંદન ભાષ્યમાં સાધુને દરરોજ સાતવાર અને ઉભય પ્રતિક્રમણ કરનાર ગૃહસ્થને

પણ ઉત્કૃષ્ટથી સાતવાર ચૈત્યવંદના કરવાની કહી છે. ૧. રાઈ પ્રતિક્રમણમાં છેલ્લું દેવવંદન, ૨. જિનમંદિરમાં, ૩. પચ્ચક્ખાણ પારતાં, ૪. આહાર વાપર્યા પછીનુ, ૫. સાંજે પ્રતિક્રમણના પ્રારંભમાં દેવવંદન, ૬. સંથારા પોરિસિનું અને સાતમું પ્રાતઃ જાગ્યા પછી જગચિંતામણીનુ. ગૃહસ્થને પણ બે પ્રતિક્રમણની, સંથારા પોરિસીની, જાગ્યા પછીની અને ત્રિકાલ જિનપૂજની એમ સાત, એક પ્રતિક્રમણ કરનારને છ, સંથારાપોરિસિ ન ભણાવે તો પાંચ, બે પ્રતિક્રમણ ન કરે તો ચાર, એમ વિવિધતા સમજવી. આ સાત પણ સામાન્ય કહી, મંદિરો ઘણાં હોય તો ઘણી પણ થાય, શ્રાવક સકારણ પૂજા ન કરી શકે તો પણ ત્રણવેળા દેવવંદન તો અવશ્ય કરવું જોઇએ. કહ્યું છે કે શ્રાવકને સવારે દેવવંદન અને ગુરુવંદન વિના પાણી, મધ્યાહ્નની પૂજા વિના ભોજન અને સાંજની પૂજા વિના શયન પણ કલ્પે નહિ.

ગીત, નાચ વગેરે પૂર્વે અગ્રપૂજામાં કહ્યું છે, તો પણ મતાન્તરે તેને **ભાવપૂજા** કહી છે. પ્રભુ સામે ગીત-નૃત્ય વગેરે કરવાનું ફળ ઘણું મોટું કહ્યું છે, માટે મંદોદરી કે પ્રભાવતી રાણીની જેમ શ્રાવક-શ્રાવિકાએ ગીત-નૃત્ય વગેરે સ્વયં કરવું તે ભાવપૂજા કહી છે.

પૂજા કરતાં પ્રભુની છદ્મસ્થ, કેવળી અને સિદ્ધ એ ત્રણ અવસ્થાઓનું ધ્યાન ધરવું, તે પણ ભાવપૂજા છે. તેમાં પરિકરમાં કોતરેલા હાથી ઉપર બેઠેલા કળશ દ્વારા અભિષેક કરતા દેવોને જોઇને પ્રભુની જન્માવસ્થા, હાથમાં પુષ્પોવાળા માળાધારી દેવોને જોઈને રાજ્યાવસ્થા અને કેશ રહિત મુખ-મસ્તક જોઇને શ્રમણપણું, એમ ત્રણ પ્રકારે છદ્મસ્થ અવસ્થાનું ધ્યાન કરવું. પરિકરમાં કોતરેલી પાંદડાની પંક્તિથી અશોકવૃક્ષ, માલાધારી દેવોથી પુષ્પવૃષ્ટિ, બે બાજુ વીણા-વાંસળીવાળા દેવોથી દિવ્ય ધ્વનિ તથા ભામંડલ, આસન, ચામરધારી દેવોથી ચામર ઉપર કોતરેલું છત્ર, વગેરે પ્રાતિહાર્યોથી કેવળી અવસ્થા અને પ્રભુની પદ્માસન કે કાઉસગ્ગમુદ્રાથી સિદ્ધાવસ્થાનું ધ્યાન ધરવું.

વિવિધ પ્રકારે પૂજા- ચૈત્યવંદન મહાભાષ્ય વગેરેમાં પુષ્પ, અક્ષત, ગંધ, ધૂપ અને દીપ એમ **પંચપ્રકારી,** ફળ, નૈવેદ્ય અને જળ સહિત **અષ્ટપ્રકારી** તથા સ્નાત્ર, અર્ચન, વસ્ત્ર, આભૂષણ, નાટક, ગીત, આરતિ, વગેરેથી **સર્વપ્રકારી,** એમ પણ પુજાના ત્રણ પ્રકારો કહ્યા છે. **સંબોધપ્રકર** વગેરેમાં પુજાની સામગ્રી વગેરે સ્વયં લાવવી, પ્રક્ષાલાદિ સ્વયં કરવું, તેને **કાયિકીપુજા,** બીજા દ્વારા મંગાવવું કે કરાવવું, તેને **વાચિકીપુજા,** તથા મનથી અર્પણ કરવારૂપ **માનસિકીપુજા-** એમ ત્રણ પ્રકારો કહ્યા છે. વળી પુષ્પ વગેરેથી **અંગપુજા,** નૈવેદ્ય વગેરેથી **અગ્રપુજા,** સ્તુતિસ્તવનાદિથી **ભાવપુજા** અને જિનાજ્ઞાના સંપૂર્ણ પાલનથી **પ્રતિપત્તિ પુજા** એમ ચાર પ્રકારો પણ કહ્યા છે. આ ચારે પૂજાઓ ઉત્તરોત્તર અધિકાધિક ફળદાયક છે.

વળી કોઇપણ વસ્તુ દ્રવ્ય, કે સ્તુતિ, સંગીત, નૃત્ય, વગેરે સર્વ પૂજા તે **દ્રવ્યપૂજા** અને જિનાજ્ઞાનું પાલન કરવું તે **ભાવપૂજા** એમ સર્વપૂજાઓ બે પૂજામાં અંતર્ભૂત કરતાં

બે પ્રકારની પણ કહી છે. વળી સત્તર પ્રકારની, એકવીશ પ્રકારની પણ પૂજા કહી છે. તત્ત્વથી તો આ બધા પ્રકારો અંગ, અગ્ર અને ભાવપૂજામાં અંતર્ગત થાય છે. તેમાં અંગપૂજાથી વિઘ્નશાંતિ અગ્રપૂજાથી અભ્યુદય અને ભાવપૂજાથી મોક્ષ થાય છે.

વિચારામૃતસારસંગ્રહમાં તો સાત્ત્વિકી, રાજસી અને તામસી એમ ત્રણ પ્રકારો કહ્યા છે. તેમાં જિનેશ્વરના ઉપકારો અને ગુણોનો જ્ઞાતા પૂજક કોઇ બદલાની સ્પૃહા વિના માત્ર કૃતજ્ઞભાવે ગમે તેવા ઉપસર્ગમાં પણ ભક્તિનો ભાવ છોડે નહિ, પોતાનું સર્વસ્વ અર્પણ કરવા સમર્થ હોય, તેની આલોક પરલોકમાં મહાફળદાયી **સાત્ત્વિકી ભક્તિ,** જેને આલોકના સુખ વગેરે મેળવવા કે લોકરંજન માટે કરે તેની **રાજસીભક્તિ** અને શત્રુના પ્રતિકાર માટે કે મત્સર વગેરેથી કરે તેની **તામસી ભક્તિ** કહેવાય. આ ત્રણ અનુક્રમે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ છે, માટે ઉત્તમ આત્માઓ તામસી ભક્તિ કરે નહિ.

ઉપરાંત શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક જિનમંદિર બંધાવવા, બિંબો ભરાવવાં, પ્રતિષ્ઠા કરવી, યાત્રાઓ કરવી, પૂજા કરવી વગેરે પણ ભાવપૂજાનું કારણ હોવાથી દ્રવ્યપૂજા જાણવી. જો કે શાસ્ત્રકથિત સર્વ ક્રિયા સંપૂર્ણ વિધિથી દરરોજ શક્ય ન બને તો પણ શક્તિ ગોપવ્યા વિના ઓછામાં ઓછી દીપક માટે ઘી, અક્ષતનો સ્વસ્તિક, વગેરે પૂજા તો કરવી જ જોઇએ. જેમ સમુદ્રમાં ભળેલું જળબિંદુ અક્ષય બની જાય તેમ જિનપૂજામાં કરેલો તન–મન–ધનનો વ્યય અક્ષય બની જાય છે, ધર્મબીજનું વાવેતર થાય છે અને પરિણામે ગહન પણ સંસારમાં દુર્ગતિ વિના પુણ્યવૈભવને વૈરાગ્યથી ભોગવતો જીવ પરમપદને પણ પામે છે. જિનપૂજાથી ચિત્તશાન્તિ, તેથી ઉત્તમ ધ્યાન અને ધ્યાનથી મુક્તિ થાય છે. પૂજ્ય ઉમાસ્વાતિવાચક–કૃત પૂજાપ્રકરણમાં આ વિધિ વિસ્તૃત કહ્યો છે, તે મોટા ભાષાન્તરથી જાણી લેવો.

આ ઉપરાન્ત પણ પ્રતિમાને નિર્મળ (ઉજ્જવળ) બનાવવા, મંદિરની પ્રમાર્જના (શુદ્ધિ) કરવી, ધોળાવવું, રંગાવવું, પંચકલ્યાણકોનાં અથવા જિનેશ્વરોના ભવો વગેરેનાં ચિત્રો કરાવવાં, પૂજાના ઉપકરણો (વાજિંત્રો, પુસ્તકો, સાવરણી, પાટલા, ત્રિગડું વગેરે) આપવાં, વસ્ત્ર–ચંદ્રુઆ વગેરેની પહેરામણી કરવી, તોરણ બાંધવાં, વગેરે પણ જિનભક્તિના ઉદ્દેશથી કરવાથી યથાયોગ્ય અંગ–અગ્ર વગેરે પૂજા ગણાય.

પોતાનાં પૂજાનાં વસ્ત્રો પણ ઘરમાં ઘરમંદિર ઉપર ન મૂકવાં, ઘરમંદિરમાં પણ મોટા મંદિરની જેમ ચોરાશી આશાતનાઓ તજવી. દેવપૂજા માટેનાં ચંગેરી, ધૂપદાની, દીવી, કળશ વગેરે કોઇ વસ્તુ ઘરકામ માટે વાપરવી નહિ. ચોખા, ફળ, નૈવેદ્ય વગેરે વેચવાથી ઉપજેલું પણ દ્રવ્ય (સંઘના મંદિરે) પોતાના નામે નહિ આપવું પણ "પૂજામાં આવેલી વસ્તુઓની ઉપજ છે" એમ સ્પષ્ટ કરીને આપવું. ઘરમંદિરમાં **નૈવેદ્ય વગેરે જે નિર્માલ્ય ઉતરે તે ફુલ આપનાર માળીને ભેટ રૂપે આપવું અને ફુલની કિંમત પૂરી આપવી. તેટલી સંપત્તિ પહોંચે તેમ**

ન હોય તો ફુલ લીધા પહેલાં માળી સાથે પુષ્પોના મૂલ્ય તરીકે, અગર માસિક પગાર તરીકે આપવાનો કરાર કરી આપવું.

એ રીતે ઘરમંદિરમાં પૂજા કરી પ્રભુની સન્મુખ 'નમુક્કાર સહી' વગેરે કાળ પચ્ચકખાણ અને મુઠ્ઠિસહી વગેરે સંકેત પચ્ચ૦ કરવું. પછી વિધિપૂર્વક સંઘના મંદિરે જઈ ત્યાં પુષ્પાદિથી અંગપૂજા, નૈવેદ્યાદિથી અગ્રપૂજા અને સ્તુતિસ્તવનાદિથી ગુણગાનરૂપ ભાવપૂજા કરવી. તેમાં સ્વશક્તિ અને સમય પ્રમાણે પૂર્વે કહી તે જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરવી.

સંઘના મંદિરે શાસનની પ્રભાવના થાય તેમ જવું. તેથી પોતે રાજા કે મંત્રી હોય તો સુંદર આભરણાદિ સજીને ઘણું દાન દેતો, છત્ર-ચામરાદિ આડંબર પૂર્વક, ચતુરંગી સૈન્ય સાથે, વિવિધ વાજિંત્રો વગડાવતો, મહાજન વગેરે મોટા માણસો સાથે જાય. અને સામાન્ય શ્રાવક કુળ-ધર્મને શોભે તેવાં વસ્ત્રાદિથી સજ્જ બનીને જાય. લોકનિંદા થાય તેવો તુચ્છ કે અતિ ઉદ્ભટ વેશ નહિ કરવો.

એ રીતે મંદિરે જઇને ત્યાં પાંચ અભિગમરૂપ વિનય કરવો, તેમાં શરીરશોભા કે સુખાકારી માટે પહેરેલા સચિત્ત પુષ્પો, હાર, કલગી, વગેરે સર્વ **સચિત્તનો ત્યાગ** કરવો. મુગટ સિવાયના આભરણ અલંકાર વગેરે **અચિત્તનો ત્યાગ નહિ કરવો.** પહોળા ઉત્તમ **એક વસ્ત્રનું ઉત્તરાસણ** કરવું. જિનપ્રતિમાનું દર્શન થતાં જ "નમો જિણાણં" બોલવા સાથે મસ્તકે બે હાથ જોડીને **અંજલી કરવી.** અને દર્શન વગેરેમાં **મનની એકાગ્રતા કરવી.**

સ્ત્રીઓએ ઉત્તરાસંગ અને મસ્તકે અંજલી બે નહિ કરવું. કારણકે સ્ત્રીઓએ પોતાના શરીરને અને હૃદયને પૂર્ણ ઢાંકી રાખવું, એ જ તેઓને અભિગમ છે. શાસ્ત્રમાં સ્ત્રીને 'વિનયથી નમ્ર શરીરવાળી' એવું વિશેષણ કહ્યું છે, દ્રૌપદીના અધિકારમાં "બે હાથે અંજલી જોડીને" એવો પાઠ છે, પણ તે મસ્તકે અંજલીરૂપ નહિ, સામાન્ય ન્યૂંછણા કરવારૂપ સમજવો. સૂત્રો તો માત્ર સૂચક હોય છે માટે તેનો અર્થ જ્યાં જે રીતે ઘટે તેવો સમુચિત કરવો તે વિવેક છે. વિનય પણ વિવેક પૂર્વકનો ઉચિત ગણાય. આ પાંચ અભિગમો સામાન્ય શ્રાવક માટે કહ્યા છે, રાજાને તો છત્ર, ચામર, ખડ્ગ વગેરે શસ્ત્ર, પગરખાં અને મુગટ, એ પાંચ રાજચિન્હોનો ત્યાગ કરવો તે પાંચ અભિગમ જાણવા.

પછી મંદિરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરતાં ગૃહસ્થાશ્રમ સંબંધી સઘળાં સાવદ્ય કાર્યોનો મન-વચન-કાયાથી ત્યાગ કરવાના પચ્ચક્ખાણરૂપ ત્રણ વાર નિસીહિ શબ્દ બોલે, તો પણ તેમાં એક ગૃહસ્થાશ્રમ અંગેના પાપોનો જ ત્યાગ થવાથી એક નિસીહિ જાણવી. જિનમંદિરમાં મૈથુનકથા વગેરે વિકથાઓને તજવાથી આ નિસીહિ સફળ થાય અન્યથા કર્મબંધ થાય.

પછી મૂળનાયક ને પ્રણામ કરીને "સર્વ શુભ કાર્યો પ્રાયઃ જમણી બાજુથી કરવાં" એવી નીતિ હોવાથી પ્રભુપ્રતિમા પોતાની જમણી બાજુ રહે તેમ પોતાની ડાબી બાજુથી

જ્ઞાન–દર્શન–ચારિત્રની આરાધના માટે ભક્તિપૂર્ણ હૃદયથી 'નમોજિણાણું' કહીને અડધું અંગ નમાવવા રૂપ અર્ધ પ્રણામ કે પૂર્ણ ખમાસમણ રૂપ પંચાંગ પ્રણામ કરીને પૂજની સામગ્રી હાથમાં લઇ પુત્રાદિ પરિવાર સાથે ગંભીર, મધુર સ્વરે જિનગુણથી ગૂંથેલાં મંગલ સ્તોત્રાદિ બોલતો બે હાથની અંજલીરૂપ યોગમુદ્રા કરીને, પગલે પગલે જીવદયાના ઉપયોગપૂર્વક એકાગ્રચિત્તે ત્રણ પ્રદક્ષિણા કરે. ઘરમંદિરમાં કે બીજે પણ જ્યાં પ્રદક્ષિણા માટે શક્યતા ન હોય ત્યાં પણ પ્રદક્ષિણાની ભાવના તજે નહિ. પ્રદક્ષિણા કરતાં ચારે દિશામાં પ્રતિમારૂપ સમવસરણની કલ્પના કરે. આ હેતુથી જ અનેક મંદિરોમાં ગભારાને સમવસરણ માનીને તેની બહારની ત્રણ દિશાઓમાં મૂળનાયકના નામના ત્રણ બિંબ સ્થપાય છે. તેથી "**वर्जयेदर्हतः पृष्ठम्**" **અર્થાત્** 'અરિહંતની પુંઠ વર્જીને વસવું' એ નિયમ સચવાય છે.

પછી મંદિરની પ્રમાર્જના કરવી. દેવદ્રવ્યની પુરાંત (હિસાબ) તપાસવા, વગેરે મંદિરના કાર્યો કરવાં. અને પૂજનની સામગ્રી તૈયાર કરવી. એમ જિનમંદિરનાં કાર્યો પૂર્ણ કરીને તેના ત્યાગ માટે મુખમંડપ કે ગભારાના દ્વાર વગેરેમાં પ્રવેશતાં યોગ્ય સ્થળે બીજીવાર ત્રણ નિસીહિ કહે અને પ્રભુની સામે પૂર્ણ (પંચાંગ) ખમાસમણથી ત્રણ વાર પ્રણામ કરે. પછી ઉલ્લાસપૂર્વક મુખકોશ દ્વારા મુખ–નાસિકાને બાંધીને મોરપીંછીથી પ્રતિમા ઉપરનું નિર્માલ્ય–પુષ્પાદિ ઉતારે. પછી ગભારાનું મંદિરનું સ્વયં પ્રમાર્જન કરે કે બીજા દ્વારા કરાવે અને પછી વિધિપૂર્વક પ્રભુપૂજન શરૂ કરે. તેમાં–

પ્રક્ષાલ– સુગંધયુક્ત શુદ્ધપાણીથી **વિલેપન**– કેસર મિશ્રિત ગોશીર્ષચંદનાદિથી, **અંગરચના** - યથાશક્ય ઉત્તમ સામગ્રીથી અને લલાટે પત્ર (આડ) કસ્તૂરી વગેરેથી કરે. વિવિધ વર્ણનાં સુગંધી તાજાં જાતિવંત પુષ્પો–માળાઓથી તથા ચીનાઇ રેશમી વસ્ત્રોથી પહેરામણી કરે, કૃષ્ણાગરુ મિશ્રિત સુગંધી ધૂપ, તાજા પવિત્ર ઘીનો દીપક, સ્વચ્છ અને અખંડ ઉત્તમ ચોખાથી સ્વસ્તિક કે અષ્ટમંગળની રચના, સુંદર પુષ્પઘર (મંડપ) અને વિશિષ્ટ તાજાં ફળો, નૈવેદ્ય, વગેરેથી વિશેષ પ્રકારે ભક્તિ કરે, તેમાં પહેલાં કોઇએ જે ઉત્તમ પુષ્પોથી આંગી વગેરે પૂજા કરેલી હોય તેથી અધિક શોભા કરવાની સામગ્રી પોતાની પાસે ન હોય તો તે પૂર્વની પૂજામાં જ પોતાની સામગ્રીથી શોભા વધારે. એમ કરતાં પૂર્વે ચઢાવેલાં પુષ્પાદિને ઉતારીને પુનઃ ચઢાવે તો પણ દોષ નથી, કારણકે તે નિર્માલ્ય ગણાતું નથી. નિર્માલ્ય તો જે તેજ વગરનું કે નિરૂપયોગી બની ગયું હોય તે કહેવાય. એથી જ એક જ આભરણો, વસ્ત્રો, અલંકારો, વગેરે વારંવાર ચઢાવાય છે, એક અંગલૂછણું અનેકને અનેકવાર કરાય છે.

મૂળનાયકની પૂજા પછી સૃષ્ટિ ક્રમે (જમણી બાજુથી) બીજાં શેષ પ્રતિમાઓને પૂજે અને ગભારામાંથી બહાર નીકળતાં મંગળચૈત્ય તથા ત્રણ સમવસરણ ચૈત્યને પૂજે, વગેરે ક્રમ જીવાભિગમમાં કહ્યો છે.

દર્શન કરનારની દૃષ્ટિ અને મન પ્રથમ મૂળનાયક ઉપર પડતા હોવાથી તેની પૂજા સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ કરવી જોઇએ.

પ્રશ્ન– બધા જિનેશ્વરો સમાન છતાં એકની પૂજા પહેલી, બીજાઓના પછી, એકની વિશિષ્ટ, બીજાઓની સામાન્ય, એમ ભેદ કરવાથી સ્વામી–સેવકભાવ વગેરે આશાતના કેમ ન થાય?

ઉત્તર– આઠ પ્રાતિહાર્યાદિ સર્વનો પરિવાર સમાન જોવાથી જ્ઞાનીને મન સ્વામી–સેવકભાવ ન લાગે, કારણ કે વ્યવહારથી જેને પ્રથમ પ્રતિષ્ઠિત કર્યા તે મૂળનાયક ગણાય, તેથી બીજાઓનું નાયકપણું મટી ન જાય. એક મૂળનાયકને વિશેષ વંદન–પૂજન કે નૈવેદ્યાદિની ભેટ કરે તેમાં આશાતના નથી પણ ઔચિત્ય છે. જેમ માટી વગેરેની પ્રતિમાને કેવળ પુષ્પાદિ પૂજા કરે અને સુવર્ણ–પાષાણ વગેરેની પ્રતિમાને સ્નાન–વિલેપનાદિ કરે, જેનું કલ્યાણક હોય તેની તે દિવસે વિશેષ પૂજા કરે અને બીજાની સામાન્ય કરે તે ઔચિત્ય છે, તેમ મૂળનાયકની સવિશેષ પૂજાદિ કરવી તે પણ ઔચિત્ય છે, બીજાની અવજ્ઞા નથી.

તત્વથી પૂજા પરમાત્માને માટે નથી પણ પૂજકને શુભભાવ પ્રગટાવવા અને બીજા બુદ્ધિમંતોને બોધ–સન્માન–સદ્ભાવ પ્રગટાવવા માટે છે. કોઈ ભવ્યાત્મા મંદિરની સુંદરતાથી કોઇ મૂર્તિની ભવ્યતાથી, કોઈ આંગીના આડંબરથી તો કોઇ ઉપદેશ શ્રવણથી બોધ પામે છે, માટે મૂળનાયકની પૂજા વિશિષ્ટ કરવી તે યોગ્ય જ છે, વગેરે સંબોધપ્રકરમાં જણાવેલું છે.

વિસ્તાર પૂર્વક (મોટી) પૂજા ભણાવે ત્યારે દરેક પૂજા પ્રસંગે અને પર્વ દિવસોમાં તો અવશ્ય સ્નાત્ર મહોત્સવ કરવો, તેમાં ત્રણ, પાંચ, કે સાત કુસુમાંજલીની ભેટ કરવી. આપ્રકારની સ્નાત્રવિધિ યોગશાસ્ત્ર–શ્રાદ્ધવિધિ આદિગ્રંથોમાં કહ્યો છે કે–સવારે પહેલું નિર્માલ્ય ઉતારી પ્રક્ષાલ કરી સંક્ષિપ્ત પૂજા કરે, આરતિ–મંગળદીપક ઉતારે,

પુનઃ સ્નાત્રપૂજા પૂર્વક મોટી પૂજા ભણાવતાં પ્રભુની સન્મુખ કુંકુમ સહિત કેસરમિશ્રિત જળનો કળશ સ્થાપે, પછી સ્નાત્રવિધિમાં જણાવ્યા પ્રમાણે આભરણ–અલંકાર ઉતારીને પ્રતિમાને સ્નાત્ર પીઠ ઉપર પધરાવીને તેમની સામે ધૂપેલા અને સુગંધી સ્નાત્રજળ ભરેલા કળશો શ્રેણિબદ્ધ સ્થાપે. પછી કુસુમાંજલીનાં કાવ્યો બોલવા પૂર્વક પ્રભુને ચરણે કુસુમાંજલિ ચઢાવે–અર્પણ કરે, ત્યારે દરેક વખતે તિલક કરવું, પુષ્પ–પત્રો ચઢાવવાં, ધૂપ ઉખેવવો, વગેરે પણ કરવું સ્નાત્રનો પાઠ મધુર સ્વરથી બોલવો, પ્રાન્તે ઘી, શેરડીરસ, દૂધ, દહિં અને સુગંધિજળ એ પંચામૃતથી સર્વ સ્નાત્રકારોએ અભિષેક કરવો, અભિષેક મસ્તક ઉપર ચઢાવેલા પુષ્પ ઉપર કરવો. વાદિવેતાલ શ્રીશાન્તિસૂરિનાં કથન મુજબ સ્નાત્ર પૂર્ણ થતાં સુધી પ્રભુના મસ્તકે પુષ્પો રાખવાં અને તેના આંતરે મસ્તકે અભિષેક કરવો. અભિષેક કરતાં ચામર, સંગીત, વાજિંત્રો વગેરે યથાશક્ય આડંબર કરવો. અને છેલ્લે પંચામૃતની શુદ્ધિ માટે નિર્મળ જળની ધારા

દેવી, ત્યારે એવી ભાવના કરવી કે આ અભિષેકની ધારા ધ્યાનની જેમ મારા સંસારનો (કર્મોનો) નાશ કરો.

પછી નિર્મળ અંગલૂછણાંથી પ્રતિમાને કોરાં કરી વિલેપન, પૂજન વગેરેથી પહેલાં ઉતારેલી પૂજાથી પણ સુંદર સુશોભિત પૂજા કરવી. પછી જ્ઞાનાદિ ત્રણ રત્નોવાળા ત્રણ લોકના નાથની સન્મુખ સર્વ જાતિનાં ઉત્તમ ધાન્ય, પકવાન્ન, શાક, વિગઇ, ફળો. વગેરેથી ત્રણ ઢગલા કરવારૂપ બળિનું (નૈવેદ્ય–ફળનું) પ્રદાન કરવું.

જિનજન્મ વખતે મેરુપર્વત ઉપર જન્માભિષેક કરતાં જેમ પ્રથમ અચ્યુતેન્દ્ર સપરિવાર અભિષેક કરે છે, પછી અનુક્રમે શેષ ઇન્દ્રાદિ સ્વ-સ્વ પરિવાર સહિત અભિષેક કરે છે, તેમ સ્નાત્રકારોએ પણ મોટા–નાનાનો વિવેક સાચવવો અને શ્રાવિકાઓએ પણ તેમ કરવું. શેષની જેમ પ્રભુનું સ્નાત્રજળ પણ મસ્તક વગેરેમાં લગાડી શકાય. ત્રિષષ્ઠિના દશમા પર્વના ૨–૬૮ શ્લોકમાં તથા પદ્મચરિત્રમાં પણ સ્નાત્રજળ અંગ ઉપર લગાડી શકાય તેમ કહ્યું છે. સમવસરણમાં રાજા વગેરે જે બળી (બાકુળા) આકાશમાં ઉછાળે છે તેમાંથી જમીન ઉપર પડતાં પહેલાં જ અડધા દેવો, ચોથા ભાગના રાજા અને શેષ ચોથા ભાગના અન્ય મનુષ્યો ગ્રહણ કરે છે, તેનો એક દાણો પણ મસ્તકે ચઢાવવાથી દરેક વ્યાધિઓ નાશ પામે અને છ માસ સુધી નવા રોગો થતા નથી, એમ આગમમાં કહેલું હોવાથી ન્હવણજળ પણ શરીરે લગાડવું અનુચિત નથી. (માત્ર બહુમાનની ખાતર નાભિથી નીચેના ભાગમાં ન લગાડવું ઉચિત છે.)

પછી સુગુરુ દ્વારા મંત્રથી પ્રતિષ્ઠિત કરેલો રેશમી વસ્ત્ર વગેરેનો મહાધ્વજ વાજતે ગાજતે લાવી ત્રણ પ્રદક્ષિણા પૂર્વક પ્રભુને અર્પણ કરવો. દરેકે પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્રાદિની પહેરામણી કરવી, પછી આરતિ–મંગળ દીપક પ્રગટાવીને તેની પાસે લૂણ–પાણી નાખવા એક અગ્નિપાત્ર મૂકવું. પછી "સમવસરણમાં દેવોએ કરેલી પુષ્પવૃષ્ટિ કે જે પ્રભુના મુખની લવણિમાથી ભૂષિત હતી. તેની જેમ આ પુષ્પવૃષ્ટિ મંગળને કરો" એવી ભાવનાપૂર્વક પુષ્પવૃષ્ટિ કરવી. અને લૂણ ઉતારવાનું કાવ્ય બોલવાપૂર્વક આરતિ–મંગળદીપની ચારે બાજુ સૃષ્ટિક્રમે ભમાવીને ત્રણવાર પુષ્પો સહિત લૂણ ઉતારવું. પછી આરતિની પુજા કરી આરતિનું કાવ્ય બોલવા પૂર્વક આરતિ ત્રણવાર ઉતારવી. આરતિ ઉતારતાં બન્ને બાજુ ધૂપ ઉખેવવો, અખંડ જળધારા કરવી, ચારે દિશામાં પુષ્પો ઉછાળવાં, વગેરે કરવું.

ત્રિષષ્ઠિ પ્રથમ પર્વ સર્ગ–૧ શ્લોક ૫૬૮ થી ૬૦૦ માં કહ્યું છે કે જન્માભિષેકથી કૃતકૃત્ય હોય તેમ ઇન્દ્રે પ્રભુની સન્મુખ આવીને આરતિ ઉપાડી, તે વખતે ઔષધિથી ચળકતા શિખરથી મેરૂ પર્વત શોભે તેમ તે શોભાને પામ્યા. પછી શ્રદ્ધાથી ભરેલા દેવોએ ઘણાં પુષ્પો ઉછાળ્યાં અને ઇન્દ્રે આરતિ ઉતારી. પછી મંગળદીપક પણ કાવ્ય બોલવા પૂર્વક આરતિની જેમ આડંબરથી ઉતારવો. મંગળદીવો જાગતો જ પ્રભુના ચરણ સન્મુખ મૂકવો. આરતિ બુઝવવામાં

દોષ નથી. મુખ્યતયા તો આરતિ-મંગળદીવો, ગોળ, કર્પૂર વગેરેથી ઉતારવાથી વિશેષ ફળ મળે છે. લૌકિક શાસ્ત્રોમાં પણ "દેવની સન્મુખ કર્પૂરનો દીપક કરવાથી અશ્વમેધ યજ્ઞનું ફળ મળે અને કુળનો ઉદ્ધાર થાય" એમ કહ્યું છે.

સ્નાત્રાદિ ક્રિયાઓમાં સામાચારીના ભેદથી વિવિધતા જોવામાં આવે તો પણ રાગદ્વેષ કરવો નહિ, કારણ કે વિધિભેદ છતાં **જેનું સાધ્ય એક હોય તે ખંડન કરવા યોગ્ય નથી. પ્રાચીન શ્રીગણધરો આદિની સામાચારીમાં પણ ઘણા ભેદો છે, માટે જ અનુષ્ઠાન-ધર્મ આગમ કે પરંપરાને અનુસરતું હોય તે કોઇને પણ અસંગત ગણાતું નથી.**

(ત્રણ પ્રકારના જીવોમાં બાળ મધ્યમ અને બુધ જીવોને મંડનાત્મક ઉપદેશ હિતકર છે, પંડિત-બુદ્ધિવાળાને મંડન કરી શકાય તેવો ખંડનાત્મક ઉપદેશ પણ લાભ કરે. વર્તમાનમાં પરમત સહિષ્ણુતા ઘટતી જતી હોવાથી ખંડન પદ્ધતિ વધી રહી છે, તેથી શાસનસંઘને લાભ કરતાં હાનિ અધિક થઈ રહી છે. માટે ગ્રન્થકારનું સૂચન ખૂબ હિતકર છે)

લૂણ, આરત્તિ, મંગળદીપ, વગેરે પરંપરાથી સર્વગચ્છોમાં સૃષ્ટિક્રમે ઉતારવામાં આવે છે. વળી સ્નાત્રમહોત્સવમાં વિસ્તારથી પૂજા પ્રભાવનાદિ કરવાનું વિધાન છે, તેથી બીજા ભવોમાં તેનું ઘણું શ્રેષ્ઠ ફળ મળે, પ્રભુના જન્મ સમયે મેરૂ-પર્વત ઉપર સઘળા દેવોએ કરેલા જન્મ મહોત્સવના અનુકરણ રૂપ હોવાથી સ્નાત્ર એક મહાન, ઉત્તમ અને કલ્યાણકારી ક્રિયા છે.

જિનપ્રતિમાઓ અનેક પ્રકારની હોય છે. તેની પૂજન વિધિ અંગે સમ્યક્ત્વ-પ્રકરણમાં કહ્યું છે કે- કોઈ પોતાનાં માતા-પિતા-દાદા વગેરેની કરાવેલી પ્રતિમાનું, તો કોઈ પોતે વિધિથી કરાવેલી પ્રતિમાનું, તો કોઈ (પૂજામાં પ્રતિમા કરાવનારનું કોઈ મહત્વ નથી માટે મમત્વ છોડીને) સર્વ પ્રતિમાઓનું પૂજન એક સરખી રીતે કરવું એમ કહે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે કોઇએ અવિધિથી ભરાવેલી હોય તેનું પૂજન કરતાં અવિધિની અનુમતિરૂપ દોષ લાગે તેનું શું ? આ પ્રશ્ન અસ્થાને છે, આગમમાં તેવો દોષ જણાવ્યો નથી, ઉલટું બૃહત્કલ્પભાષ્યમાં તો ("**निस्सकडमनिस्सकडे**" ગાથામાં) બીજા ગચ્છની સામાચારીથી ભરાવેલી પ્રતિમાને પણ પૂજવી એવું સ્પષ્ટ વિધાન છે.

અહીં સુધી ધનિકને મંદિરે જવાનો, પૂજનો, સ્નાત્રનો વગેરે સર્વવિધિ કહ્યો, અઋદ્ધિમાન તો પોતાના ઘેર જ સામાયિક કરીને રસ્તે લેણદાર વગેરેથી વિઘ્ન થવા સંભવ ન હોય તો સાધુની જેમ ઇરિયાસમિતિ શોધતો મંદિરે જાય, ત્યાં પોતાની સંપત્તિના અભાવે દ્રવ્યપૂજા કરવાને અશક્ત હોય અને મંદિરનું 'પુષ્પો ગુંથવાં' વગેરે ભક્તિનું કાર્ય કરવા યોગ્ય હોય તો સામાયિક લીધા વિના જ જાય અને જાતમહેનતથી ભક્તિ કરે. જો કે ભાવસ્તવ હોવાથી

પૂજા કરતાં સામાયિકનું મહત્વ ઘણું છે, તો પણ તે સ્વાધીન હોવાથી અન્ય સમયે પણ શક્ય છે, પૂર્વાદિ કાર્યો સમુદાય સાથે થઈ શકે, માટે તે સર્વની સાથે કરવાં ઉચિત છે. વળી-

ભાવસ્તવની જેમ દ્રવ્યસ્તવનું પણ ફળ વિશિષ્ટ કહ્યું છે. પદ્મચરિત્રમાં કહ્યું છે કે જિનમંદિરે જવાની ઇચ્છા થતાં એક ઉપાવાસનું, ઉભા થતાં એનું, પગ ઉપાડતાં ત્રણનું, ચાલવા માંડતાં ચારનું, થોડું ચાલતાં પાંચનું, માર્ગે ચાલતાં પંદર ઉપવાસનું, મંદિરનું દર્શન થતાં ત્રીશ ઉપવાસનું, પ્રદક્ષિણા દેતાં સો વર્ષના ઉપવાસનું, પૂજા કરતાં હજારવર્ષના ઉપવાસનું અને સ્તુતિ કરવાથી અનંત પુણ્ય પ્રાપ્ત થાય છે. બીજે પણ કહ્યું છે કે જિનપ્રતિમાની પ્રમાર્જનાથી એકસો વર્ષના, વિલેપનથી હજાર વર્ષના અને માળા ચઢાવતાં એક લાખ વર્ષના તપ-ફળને પામે છે, અને ગીત વાજિંત્ર સહિત ભક્તિ કરતાં અનંત ફળ મળે છે. એમાં પણ ઉચિત સમયે પૂજા-ભક્તિ કરતાં વિશિષ્ટ લાભ થાય છે. આગમમાં કહ્યું છે કે જિનેશ્વરની વિધિપૂર્વક વિશિષ્ટ પૂજા કરવાથી સામાન્ય જીવોને બોધિલાભ અને સમકિતીને પૂજા પ્રત્યે સવિશેષ પ્રીતિ થાય છે, ઉપરાંત જિનાજ્ઞાનું પાલન, જિનભક્તિ અને શાસન પ્રભાવના થાય છે. માટે પૂજાના સમયે પૂજા કરવી તે શ્રેષ્ઠ છે.

હવે ચાલુ ૬૧મી ગાથામાં વિધિથી જિનપૂજા કરવાનું કહેલું છે, તે વિધિ દશત્રિક વગેરે ચોવીશ દ્વારોથી વિસ્તારથી કહેવાય છે. તેમાં દશત્રિક એટલે ૧- ત્રણ સ્થાને નિસીહિ, ૨- ત્રણ પ્રદક્ષિણા, ૩- ત્રણ પ્રણામ, ૪- ત્રણ પ્રકારે પૂજા, ૫- જિનેશ્વરની ત્રણ અવસ્થાઓ ચિંતવવી, ૬- જમણી-ડાબી તથા પાછળ એ ત્રણ બાજુ છોડીને પ્રભુની સન્મુખ જ દૃષ્ટિ રાખવી. ૭- ત્રણવાર ભૂમિ તથા પગને પ્રમાર્જવા. ૮- વર્ણાદિ ત્રણનું આલંબન, ૯- ત્રણ મુદ્રા કરવી અને ૧૦- ત્રણ પ્રકારે પણિધાન કરવું.

તેમાં પહેલી, બીજી, ત્રીજી, છઠ્ઠી અને સાતમી એ પાંચ ત્રિકોનું સ્વરૂપ સ્પષ્ટ છે. વિવિધ પૂજાનું સ્વરૂપ કહે છે. કે- પુષ્પો વગેરેથી અંગપૂજા, નૈવેદ્ય વગેરેથી અગ્રપૂજા અને સ્તુતિ-સ્તવનાદિથી ભાવપૂજા, એમ પૂજા ત્રણ પ્રકારે જાણવી. પૂજા કરતાં જિનેશ્વરની છદ્મસ્થતા, કેવલીપણું અને સિદ્ધપણું વિચારવું, એ ત્રણ અવસ્થાઓ જાણવી. ચૈત્યવંદનના સૂત્રનો પાઠ, તેના અર્થો અને તેની સાથે પ્રતિમાના સ્વરૂપનું ઘટન કરવું તે વર્ણાદિ ત્રણનું આલંબન કહેવાય. અને પૂજામાં મન-વચન-કાયાની એકાગ્રતા કરવી તે ત્રણને પ્રણિધાન કહેવાય. પ્રણામ તો પંચાંગ મુદ્રાથી થાય છે. સ્તવન બોલતાં યોગમુદ્રા, વંદન કરતાં જિનમુદ્રા અને જયવીયરાય વગેરે પ્રણિધાન સૂત્રો બોલતાં મુક્તાશુક્તિમુદ્રા એમ ત્રણ મુદ્રા કરવી. તેમાં બે ઢીંચણ, બે હાથ અને મસ્તક, એ પાંચે અંગો જમીનને સ્પર્શે તેમ નમવાથી પંચાંગી મુદ્રા થાય, વન્દન પંચાશકમાં આને ત્રણથી જુદી પંચાંગી મુદ્રા કહી છે અને તે 'નમોત્થુણં' સૂત્રના પ્રારંભમાં અને અંતે કરાય છે. **યોગમુદ્રામાં** બે હાથની દશ આંગળીઓને સામસામી

એક બીજાના આંતરે ભરાવી હથેળીનો આકાર કોશના ડોડા જેવો કરી બે હાથની કોણીઓ પેટ ઉપર રાખવાની હોય છે. **જિનમુદ્રામાં** બે પગનાં પાવલાંનું અંતર બે અંગુઠા વચ્ચે ચાર આંગળ અને પાછળ બે પાનીઓનું અંતર તેથી કંઈક ન્યુન રાખી સરખા ઉભા રહી બે હાથ લાંબા કરાય છે. **મુક્તાશુક્તિ મુદ્રામાં** બે હાથની અંગુલીઓ પરસ્પર સામે જોડીને બે હથેલીઓ વચ્ચે પોલી રાખીને લલાટે લગાડવાની કે અન્યમતે લલાટથી કંઈક દૂર રાખવાની હોય છે. એમ દશત્રિકનું સ્વરૂપ જાણવું.

વિધિપૂર્વકનું અનુષ્ઠાન પૂર્ણ ફળે, અવિધિથી ફળ અલ્પ મળે, એટલું જ નહિ, અવિધિરૂપ અતિચારથી અશુભ કર્મબંધનો પણ સંભવ છે. માટે તો મહાનિશીથના સાતમા અધ્યયનમાં કહ્યું છે કે અવિધિથી ચૈત્યોને વાંદે તેને પ્રાયશ્ચિત આપવું, કારણકે અવિધિ કરનારો બીજાને અશ્રદ્ધા પગટાવે છે. માટે જ જિનપૂજાદિ સર્વ પવિત્ર ક્રિયાઓને અંતે અવિધિ-આશાતનાનો મિચ્છામિ દુક્કડં દેવાનો વિધિ છે.

ઉત્કૃષ્ટ વન્દનાના પ્રારંભમાં ઇરિયાવહિ પ્રતિ૦ કરવું જ જોઇએ કારણ મહાનિશીથમાં કહ્યું છે કે ઇરિયાવહિ પ્રતિક્રમણાદિ કર્યા વિના ચૈત્યવંદન, સ્વાધ્યાય કે આવશ્યક, વગેરે કાંઇ પણ કરવું કલ્પે નહિ. બીજી પણ પ્રતિક્રમણાદિ ક્રિયાઓ ઇરિયાવહિ પૂર્વક કરવાથી જ શુદ્ધ થાય છે. વિવાહચૂલિકામાં સિંહ શ્રાવકના અધિકારમાં અને આવશ્યચૂર્ણિમાં ઢઢ્ઢરશ્રાવકના અધિકારમાં પણ ઇરિયાવહિ કરવાનું વર્ણન છે. ઉપરાત વ્યવહાર, આવશ્યક, મહાનિશીથ, ભગવતીજી, વિવાહચૂલિકા તથા પ્રતિક્રમણની ચૂર્ણિ વગેરેમાં પણ પ્રથમ ઇરિયાવહિ કરવાનું કહેલું છે. એમ શાસ્ત્ર પ્રમાણથી દરેક ક્રિયાઓના પ્રારંભમાં જે ઇરિયાવહિનું વિધાન છે, તે સૂત્ર અને એનો વિસ્તૃત અર્થ ધર્મસંગ્રહ ભાષા. ભા. ૧લાના પૃષ્ટ ૩૯૮થી જોઈ લેવો.

તેમાં 'મિચ્છામિ દુક્કડં' ના છ અક્ષરોનો ગંભીર અર્થ અને તેના કુલ ૧૮૨૪૧૨૦ ભેદો આ પ્રમાણે જણાવ્યા છે. એકેન્દ્રિય સુધીના જીવોના (નારકોના ૧૪, તિર્યંચોના, ૪૮ મનુષ્યોના ૩૦૩ અને દેવોના ૧૯૮, એમ કુલ) પાંચસો ત્રેસઠ ઉત્તરભેદો થાય છે, તેને અભિહયા, વત્તિયા વગેરે વિરાધનાના દશ પ્રકારોથી ગુણતાં ૫૬૩૦ થાય, તેને રાગદ્વેષથી ગુણતાં ૧૧૨૬૦, તેને મન-વચન-કાયાથી ગુણતાં ૩૩,૭૮૦, તેને કરણ-કરાવણ-અનુમોદનથી ગુણતાં ૧૦૧૩૪૦, તેને ત્રણ કાળે ગુણતા ૩,૦૪૦૨૦ અને અરિહંત, સિદ્ધ, સાધુ, દેવ, ગુરુ અને આત્મા એ છની સાક્ષીએ ગુણતાં મિથ્યાદુષ્કૃતના કુલ ભેદો ૧૮,૨૪,૧૨૦ થાય

ઇરિયાવહિ સૂત્રમાં આઠ સંપદાઓ (વિસામા), બત્રીસ પદો અને દોઢસો સ્વરો છે, તે સંપદાઓનાં આદિપદો ૧-ઇચ્છા૦, ૨-ગમ૦, ૩-પાણ૦, ૪-ઓસા૦, ૫-જે મે જીવા૦, ૬-એગિંદિયા૦, ૭-અભિહયા૦, અને ૮-તસ્સ૦ છે, (ચૈત્યવંદન ભાષ્યમાં જે ભેદ છે તે વિવક્ષાભેદ સમજવો) શાસ્ત્રોમાં કહેલા દશ પ્રાયશ્ચિતમાં પહેલું આલોચના અને બીજું

પ્રતિક્રમણ પ્રાયશ્ચિત છે, તે માટે ઇરિયાવહિપ્રતિ૦ કહીને જે શુદ્ધિ કરી તેમાં સવિશેષ શુદ્ધિ કરવા, તસ્સઉત્તરી સૂત્ર ઠામિકાઉસગ્ગ સુધી કહેવું. ઇરિ૦દ્વારા પ્રતિ૦કર્યા પછી આ સૂત્રથી વિશેષ શુદ્ધિ, તેને માટે પ્રાયશ્ચિત, પ્રાયશ્ચિત માટે વિશોધિ અને વિશોધિ માટે વિશલ્ય (શલ્યોના પરિહાર), એમ પરસ્પર હેતુ – હેતુમદ્ ભાવ જણાવ્યો છે. તે પછી જ્ઞાનાવરણીય વગેરે પાપકર્મોનો વિઘાત કરવા કાઉસ્સગ્ગ કરવાની પ્રતિજ્ઞા કરાય છે.

કાઉસ્સગ્ગમાં કાયાને સ્થિર નિશ્ચલ, વચનથી મૌન અને મનથી શુભધ્યાન કરાય છે, તેમાં કાયાની ન રોકી શકાય તેવી વાયુજન્ય વગેરે હાજતોની છૂટ માટે, અન્નત્થ સૂત્ર કહેવાય છે. આ સૂત્રથી શ્વાસ લેવો – મૂકવો, ખાંસી – છીંક – બગાસું – ઓડકાર આવે, અપાન વાયુ છૂટે, અકસ્માત્ ચક્કર આવે, પિત્તપ્રકોપથી મૂર્છા આવે, રોમરાજી વગેરે સૂક્ષ્મ શરીરનું કંપન થાય, સૂક્ષ્મ શ્લેષ્મ – થુંકનો સંચાર થાય કે પાંપણ હાલે, કે સૂક્ષ્મ દૃષ્ટિ સંચાર થાય, એ બાર ચેષ્ટાની છૂટ રાખી, શેષ સર્વ પ્રવૃત્તિનો ત્યાગ થાય છે. તેમાં ખાંસી, છીંક, બગાસું કે ઓડકાર પ્રસંગે જયણાં માટે મુખે – નાકે – હાથ કે મુહપત્તિ ધારણ કરવા છતાં અને ચક્કર કે મૂર્છાને પ્રસંગે પડી જવાથી વિરાધના ન થાય એ કારણે નીચે બેસી જવા છતાં, કાઉસ્સગ્ગ ભાગે નહિ. અપાનવાયુ પણ ધીમેથી કરવો, વગેરે જયણા સમજવી. એ ઉપરાંત 'એવમાઇ' શબ્દમાં કહેલા આદિ શબ્દથી ચાર છૂટ રખાય છે – આવશ્યકનિર્યુક્તિ ગા૦ ૧૬૧૩માં કહ્યું છે કે ૧ – અગ્નિની ઉજેહી (પ્રકાશ) સ્પર્શે તો કામળ વગેરે ઓઢવા છતાં કે મોટી આગ લાગતાં ત્યાંથી ખસવા છતાં, ૨ – બિલાડી, ઉંદર વગેરેની આડથી બચવા માટે ખસવા છતાં, ૩ – ચોર કે રાજા વગેરેના ઉપદ્રવ થાય તો અને ૪ – સ્વપર કોઈને સર્પાદિનો ઝેરી દંશ થવાના પ્રસંગે કાઉસ્સગ્ગ અધૂરો છોડવા છતાં ભાગે નહિ. પણ બાકીનો કાઉસ્સગ્ગ પછી પૂર્ણ કરે અગર પુનઃ કરે.

પ્રશ્ન – ઉપરના પ્રસંગે 'નમો અરિહંતાણં' કહીને પારે તો શું વાંધો? શા માટે આ છૂટ રાખવી જોઇએ?

ઉત્તર – કાઉસ્સગ્ગ પૂર્ણ કર્યા પછી જ 'નમો અરિહંતાણં' કહીને પરાય, અધૂરા કાઉસ્સગ્ગે 'નમો અરિહંતાણં' કહે તો પણ ભાગે, માટે આ આગારો (મર્યાદાઓ) જરૂરી છે.

કોઇપણ કાઉસ્સગ્ગ જેટલો કરવાનો હોય, તેટલો કર્યા પછી પણ 'નમો અરિહંતાણં' કહીને જ પરાય. કારણકે સૂત્રના 'જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ' એ પાઠથી એ નિયમ થાય છે. કાઉસ્સગનો વિધિ જણાવ્યો છે કે "તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ" અર્થાત્ ત્યાં સુધી મારી કાયાને સ્થાનથી સ્થિર નિશ્ચલ, વચનથી મૌન અને મનથી શુભધ્યાન, સિવાયની સર્વ પ્રવૃત્તિઓને તજું છું.

કાઉસ્સગનું પ્રમાણ – આઠ – પચીસ વગેરે અમુક શ્વાસોચ્છ્વાસ પ્રમાણ હોય છે. તેમાં 'પાય સમા ઊસાસા' અર્થાત્ એક એક પદનો એક એક શ્વાસોચ્છ્વાસ ગણવો, એવી

શાસ્ત્ર મર્યાદા હોવાથી એક ગાથાના ચાર પાદ ગણતાં પચીશ શ્વાસોચ્છ્વાસ માટે લોગસ્સની સવાછ ગાથા (ચંદેસુ નિમ્મલયરા સુધી) ચિંતવવી, નવકારના આઠ શ્વાસ સાગરવરગંભીરા સુધી લોગસ્સના સત્તાવીશ, ૩૦૦ શ્વાસોચ્છવાસમાં બાર અને ૫૦૦ શ્વાસમાં વીશ લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી તથા ૧૦૮ શ્વાસમાં ચાર લોગસ્સ સાગરવર ગંભીરા સુધી, એમ સર્વત્ર શ્વાસોચ્છ્વાસ પદની સંખ્યા પ્રમાણે સમજવા.

કાઉસ્સગ્ગમાં ઓગણીસ દોષ વર્જવાના કહ્યા છે. તેમાં (૧) ઘોટકદોષ– ઘોડાની જેમ એક પગ ખોડો રાખી ઉભારહેવું તે, (૨) લતા દોષ– વેલડીની જેમ શરીર કંપાવવું તે. (૩) સ્તંભકુડ્યદોષ–ભીંત કે થાંભાનો ટેકો લેવો તે. (૪) માલ–દોષ મસ્તકને ઉંચે માળ કે છત વગેરેને લગાડવું તે. (૫) શબરીદોષ– શબરી (ભિલ્લડી) ની જેમ બે હથેળી ગુહ્ય પ્રદેશ આગળ રાખવી તે. (૬) વધુદોષ– નવવધુની જેમ મસ્તક નીચું રાખે તે. (૭) નિગડ દોષ– બેડી પગમાં નાખી હોય તેમ બે પગ પહોળા કરી ઉભો રહે તે. (૮) લંબુત્તર દોષ– ચોલ પટ્ટાને ઢીંચણથી ચાર અંગુલ ઉંચો અને નાભિથી ચાર અંગુલ નીચો રાખવાને બદલે અધિક નીચો ઉંચો રાખે તે. (૯) સ્તન દોષ– મચ્છરાદિથી બચવા કે અજ્ઞાનથી સ્ત્રીની જેમ છાતી વસ્ત્રથી ઢાંકવી તે (૧૦) ઉદ્ધિદોષ– ગાડાની ઉધની જેમ બે પગને આગળથી કે પાછળથી જોગા કરી ઉભા રહેવું તે (૧૧) સંયતી દોષ– સાધ્વીની જેમ મસ્તક સિવાય બધું શરીર વસ્ત્રથી ઢાંકવું તે (૧૨) ખલિણ દોષ– ઘોડાની લગામની જેમ ઓઘાનો કે ચરવળાનો ગુચ્છો આગળ અને દાંડી પાછળ રાખવી તે (૧૩) વાયસ દોષ– કાગડાની જેમ ડોળા આમતેમ ફેરવવા તે (૧૪) કપિત્થ દોષ– કોઠાના ફળની જેમ અધો વસ્ત્રનો ગોટો વાળી બે સાથળો વચ્ચે દબાવી ઉભો રહે તે (૧૫) શિરકમ્પન દોષ– ભૂત વગેરેના પ્રવેશની જેમ માથું ધુણાવે તે (૧૬) મૂક દોષ– મુંગાની જેમ હું–હું બોલે તે (૧૭) ભમુહંગુલી દોષ– આલાવા અંગુલીથી ગણે કે ભ્રકુટિને જેમ તેમ ભમાવે તે (૧૮) વારુણી દોષ– દારૂને ઉકાળતાં થાય તેવો બૂડ–બૂડ અવાજ કરે તે.

આ અઢાર દોષો પુરુષને ઉદ્દેશીને જાણવા. સાધ્વીઓને તો વસ્ત્ર ઓઢી રાખવાનું હોવાથી લંબુત્તરદોષ, સ્તનદોષ અને સંયતી દોષ સિવાય પંદર અને સ્ત્રીઓને મસ્તકે પણ ઓઢવાનું હોવાથી સ્ત્રીદોષ સિવાયના ચૌદ દોષો જાણવા. ઇરિયાવહિ પ્રતિક્રમણમાં આ દોષો રહિત પચીસ શ્વાસોચ્છ્વાસનો (ચંદેસુ નિમ્મલયરા સુધીનો) કાઉસ્સગ્ગ પૂર્ણ કરી 'નમો અરિહંતાણં' કહીને પારીને ઉપર પ્રગટ લોગસ્સ સંપૂર્ણ કહે. એ પ્રમાણે ઇરિયાવહિ પ્રતિક્રમણનો વિધિ જાણવો.

ઉત્કૃષ્ટ ચૈત્યવંદના ગુરુ હોય તો તેમની સમક્ષ આદેશ માગીને અને ન હોય તો જિન પ્રતિમામાં ગુરૂની ધારણા કરીને ઇરિ૦ પ્રતિ૦ પૂર્વક શરુ કરે, પણ જિન પ્રતિમાની આગળ ગુરુની સ્થાપના અલગ સ્થપાય નહિ. કારણ કે તીર્થંકરદેવનાં અરિહંતાદિ સર્વપદો પ્રતિમામાં પણ ઘટિત છે, એમ વ્યવહાર ભાષ્યમાં જણાવ્યું છે. સંધાચાર ભાષ્યમાં પણ સ્કંદકની કથા

પ્રસંગે કહ્યું છે કે – એ રીતે શ્રીસ્કંદની આગળ શ્રી ગૌતમ પ્રભુએ કહેલી શ્રી વર્ધમાન-સ્વામિની સર્વ પદવીઓ સાંભળીને હે ભવ્ય પ્રાણિઓ ! તમે સમજો કે અરિહંતના બિંબમાં પણ આચાર્યપણું વિગેરે સર્વ પદવીઓ ઘટિત છે. (કારણ કે જિન પ્રતિમા જિનતુલ્ય છે.)

એમ સાક્ષાત્ ગુરુ, કે તેમના અભાવે જિન પ્રતિમાની સન્મુખ ગુરુની ધારણા કરીને ઇરિયાવહિ પ્રતિક્રમણ કરી શકાય અને ગુરૂ કે પ્રતિમા એક પણ ન હોય તો ગુરુની સ્થાપના સ્થાપીને કરાય. સ્થાપના વિના ઇરિયાવહિ પ્રતિક્રમણ આદિ કોઈ અનુષ્ઠાન કરી શકાય નહિ. સંઘાચાર ભાષ્યની વૃત્તિમાં ઇરિયાવહિની સંપદાઓના અધિકારમાં કહ્યું છે કે "ગુરૂ વિરહમાં ગુરૂનો આદેશ (આજ્ઞા) મેળવવા તેમની સ્થાપના કરવી" કોઈ પૂછે કે સ્થાપનાથી શું ફળ ? તો સમજવવું કે જેમ જિનના વિરહમાં સ્થાપના જિનની એટલે જિનમૂર્તિની સેવા, આમંત્રણ, સ્તુતિ, વગેરે સફળ થાય છે, તેમ ગુરૂના અભાવે સ્થાપનાગુરૂ સામે કરેલા પણ વિનયાદિ સફળ થાય છે, (સામે કોઇ ન હોય તો પ્રાર્થના, પ્રશ્ન, વિનંતિ વગેરે કોને કરવું ?) માટે ઇરિયાવહિ પ્રતિક્રમણ આદિમાં આદેશ મેળવવા ગુરૂની સ્થાપના અનિવાર્ય છે. (સ્થાપનાના ચાર ભેદો છે, ૧. સદ્ભૂત સ્થાપના – ગુરૂના આકારવાળી સ્થાપના. ૨ – અસદ્ભૂત સ્થાપના – આકાર રહિત માત્ર પુસ્તક, માળા, વરાટક, ચંદનક વગેરેની, આ બંન્નેના પણ બે બે ભેદ થાય છે, ૧. ઇત્વરિકી – અમુક કાળ સુધીની અને ૨. યાવત્ કથિકી – પ્રતિષ્ઠા કરેલી કાયમી એમ ૨ × ૨ = ૪ ભેદો થાય. **(અહીં ગુરુના વિરહમાં સ્થાપનાનું વિધાન છે, તેથી તેમની હાજરીમાં તેમની ઇચ્છા વિરુદ્ધ સ્થાપનાજી સન્મુખ અનુષ્ઠાન કરવાથી તેમનો અનાદર – આશાતના થાય તે પણ વિચારવું જોઇએ.)**

જઘન્ય કે મધ્યમ ચૈત્યવંદના ઇરિયાવહિ પ્રતિક્રમણ વિના પણ કરાય, ઉત્કૃષ્ટ ચૈત્યવંદના કરતાં સાધુ, શ્રાવક, અવિરતિ, સમકિતી, અપુનર્બંધક કે યથાભદ્રક, એ દરેકે ચૈત્યવંદનની ભૂમિને જોઇને અને પ્રમાર્જીને, એક પ્રભુ સામે જ દ્રષ્ટિ રાખીને, મનને પણ ચૈત્યવંદનમાં એકાગ્ર કરીને, સંવેગ અને વૈરાગ્યથી રોમરાજી વિકસ્વર થાય અને હર્ષના આંસુ છૂટે તેમ હર્ષિત થઈને "અહો અનંતકાળે પણ દુર્લભ એવો ભગવંતની સેવા – વંદનાદિનો યોગ મને મહા પુણ્યે પ્રાપ્ત થયો" એમ બહુમાનથી ભાવિત આત્મા ઉત્તમ અર્થવાળા, પ્રભુના ગુણોથી ગર્ભિત અને પુનરુક્તિ વગેરે દોષોથી રહિત, સુંદર કાવ્યોથી સ્તુતિરૂપ નમસ્કાર કરીને, પ્રથમ કહી તેમ હાથથી યોગમુદ્રા કરીને, શુદ્ધ ઉચ્ચારથી, નમોત્થુણં સૂત્રનો પાઠ અર્થના સ્મરણ પૂર્વક બોલે.

સંઘાચાર ભાષ્યની ટીકામાં એટલું વિશેષ છે કે સૂર્યાભદેવ અને વિજયદેવના વર્ણનમાં એક, બે, યાવત્ એકસો આઠ કાવ્યોથી પણ નમસ્કાર કરવા, અને જ્ઞાતાસૂત્રમાં દ્રૌપદીના વર્ણનમાં નમસ્કારનો પાઠ છોડીને શેષ વિધિનો અતિદેશ (ભલામણ) કરેલ છે, એથી અનુમાન થાય કે નમસ્કાર કરવાનું પુરૂષોને ઉદ્દેશીને કહ્યું હોય. સ્ત્રીઓ બે હાથ

મસ્તકે લગાડે તો સ્તનભાગ દેખાય તે ઉચિત પણ નથી, માટે સ્ત્રીઓ મસ્તકે હાથ જોડવાને બદલે હૃદય સામે રાખી ન્યૂંછણાની જેમ બે હાથ ભક્તિથી પ્રભુ સન્મુખ ભમાવે તો અનુચિત નથી. એમ આ વિષય વિચારણીય છે. આગમમાં પણ **"विणयोणयाए गायलट्ठिए चक्खुफासे अंजलिपग्गहणेण"** **અર્થાત્** "વિનયથી નમેલા શરીરવાળી સ્ત્રી, ચક્ષુથી પ્રભુનું દર્શન થતાં તુર્ત બે હાથે અંજલિ કરીને" વગેરે કહ્યું છે, માટે "નમોત્થુણં" અને તેની જેમ ત્રણ પ્રણિધાન સૂત્રો-(જાવંતિ ચેઇઆઇં, જાવંત-કેવિ-સાહૂ અને જય-વીયરાય) બોલતાં પણ સ્ત્રીઓને મસ્તકે હાથ જોડવા ઉચિત નથી. સ્ત્રી કે પુરૂષે સર્વ વિષયમાં સમાનતાનો આગ્રહ છોડીને પોતાને ન શોભે તેવું અનુચિત રીતે બેસવાનું, બોલવાનું, ઉભા રહેવાનું, વગેરે વર્જવું. સર્વત્ર વિવેક એ ધર્મનું ભૂષણ છે. **(આજનો સમાનતાનો પશ્ચિમનો વાયુ અનાર્ય સંસ્કૃતિ રૂપ છે, સંસાર જ અસમાનતા રૂપ છે. ત્યાં સમાનતા કેવી રીતે થાય? સમાનતા તો મુક્તિમાં છે, ત્યાં કોઇ ભેદ નથી, માટે જૈન શાસનમાં મુક્તિનો ઉપદેશ છે. સ્ત્રી સ્વાતંત્ર્ય, સમાનહક્ક, સહ શિક્ષણ, સમાન વેષભૂષા, વગેરે માનવતાનાં પણ ઘાતક છે, તો મુક્તિ તો થાય જ શી રીતે?** આ વિષયમાં વિશેષ જાણવા માટે દશાશ્રુત સ્કંધ ચૂર્ણિ વગેરે ગ્રન્થો જોવા.)

"નમોત્થુણં" સૂત્રનો વિસ્તૃત અર્થ અને વર્ણન ધર્મ સં૦ ભાષાં૦ ભા-૧ લો પૃષ્ટ ૪૦૬થી જોવો. અહીં ટુંકમાં કંઈક માત્ર જણાવીએ છીએ. આ સૂત્રનું શાસ્ત્રીય નામ પ્રણિપાત દંડક છે. અને શક્રેન્દ્રે પ્રભુની સ્તવના આ સૂત્રથી કરી છે, તેથી તેને શક્રસ્તવ પણ કહેવાય છે. એની આદિમાં નમોત્થુ અને અંતે પણ 'નમો' પદ હોવાથી દરેક મધ્ય પદોની સાથે પણ નમસ્કારનો સંબંધ છે. તેના (જે અ અઇઆ સિદ્ધા-એ ગાથા સાથે) કુલ સ્વરો બસો સત્તાણું છે. તેમાં પદો તેત્રીસ છે, અને સંપદાઓ (વિસામા) નવ છે. આ સૂત્રથી ભાવ-જિનને નમસ્કાર થાય છે. તેની સંપદાઓનાં નામ વગેરે જાણવાનું કોષ્ટક નીચે પ્રમાણે છે.

	સંપદાનું નામ	આદિપદ	કુલપદો
૧	સ્તોતવ્ય સંપદા....	અરિહંતાણં....	૨
૨	સ્તોતવ્ય હેતુ સંપદા....	આઇગરાણં....	૩
૩	વિશેષ હેતુ સંપદા....	પુરિસુત્તમાણં....	૪
૪	સામાન્ય ઉપયોગ સંપદા....	લોગુત્તમાણં....	૫
૫	ઉપયોગ હેતુ સંપદા અથવા તદ્ધેતુ સંપદા....	અભયદયાણં....	૫
૬	સવિશેષ ઉપયોગ સંપદા....	ધમ્મ દયાણં....	૫
૭	સ્વરૂપ (સકારણ) સંપદા....	અપ્પડિહય૦...	૨
૮	સ્વતુલ્ય ફલ દાતૃત્વ સંપદા....	જિણાણં.....	૪
૯	મોક્ષ (ફળ પ્રાપ્તિ) સંપદા....	સવ્વન્નૂણં....	૩

૧. **સ્તોતવ્ય સંપદા=** એટલે સ્તુત્યની યોગ્યતા જણાવનારી સંપદા, તેમાં બે પદો છે **અરિહંતાણં, ભગવંતાણં,** તેનો અર્થ અરિહંતો (અર્હન્તો અને અરુહંતો) ને નમોત્થુ એટલે નમસ્કાર થાઓ, તથા ભગ–શબ્દ વાચ્ય સર્વોત્કૃષ્ટ ઐશ્વર્ય, રૂપ, યશ, લક્ષ્મી, ધર્મ અને પ્રયત્ન, એ છ ભાવોને પામેલા માટે ભગવંતો, તેમને નમસ્કાર થાઓ, હવે પછીના પ્રત્યેક પદો સાથે 'નમસ્કાર થાઓ' એમ સમજી લેવું. અહીં બહુવચનનો પ્રયોગ અદ્વૈતવાદનું મિથ્યાપણું અને બધાને નમસ્કાર કરવાથી ઘણું ફળ મળે, એમ જણાવવા માટે છે.

૨. **સ્તોતવ્ય હેતુ સંપદા=** એટલે કયા હેતુથી અરિહંતો સ્તુતિને પાત્ર છે? તે હેતુઓને જણાવનારાં **આઇગરાણં, તિત્થયરાણં** અને **સયંસંબુદ્ધાણં,** એ ત્રણ પદો છે તેમાં

(૧) **આઇગરાણં–** સર્વપ્રકારની નીતિમાં કારણભૂત એવા શ્રુતધર્મની આદિ કરનારને. શ્રુતધર્મ અર્થથી એક અને શાશ્વત છે. પણ શબ્દથી દરેક તીર્થંકરોનો ભિન્ન અને સાદિ–સાન્ત હોય છે.

(૨) **તિત્થયરાણં–** સંસાર સમુદ્રથી તારે તે તીર્થ. ચતુર્વિધ શ્રીસંઘ, પ્રથમ ગણધર અને દ્વાદશાંગી, એ ત્રણે તીર્થો કહેવાય, દરેક તીર્થંકરો આ તીર્થના કરનારા હોય છે, માટે તીર્થનાં કરનારાને અને

(૩) **સયંસંબુદ્ધાણં–** છેલ્લા ભવમાં ત્રણ જ્ઞાન સહિત અવતરતા હોવાથી, તેમનાથી અધિક જ્ઞાની કોઇ હોય નહિ, તેથી ગુરુ વિના જ સ્વયં બોધને પામે તેથી સ્વયં સંબોધ પામેલાને એમ આ ત્રણ ગુણવાળા હોવાથી તેઓ સ્તુતિ કરવા યોગ્ય છે.

૩. **સ્તોતવ્ય વિશેષ હેતુ સંપદા=** અરિહંત ભગવંતની સ્તુતિ કરવામાં વિશિષ્ટ હેતુઓ. "**પુરિસુત્તમાણં, પુરિસસિંહાણં, પુરિસવરપુંડરિયાણં, પુરિસવરગંધહત્થીણં,**" એ ચાર કહ્યા છે, તેમાં–

(૧) **પુરિસુત્તમાણં–** અરિહંતોનો આત્મા તથાભવ્યત્વને કારણે અનાદિ કાળથી અન્ય જીવો કરતાં ઉત્તમ હોય છે, પોતાના બાહ્ય સુખને ગૌણ કરીને પણ પરોપકાર કરવામાં વ્યસની, ઔચિત્યના સ્વામી, દીનતા રહિત, સફળ પ્રવૃત્તિ કરનારા, કૃતજ્ઞતાના સ્વામી, સંક્લેશ રહિત, દેવ ગુરૂ પ્રત્યે બહુમાની, ગંભીરતાના સમુદ્ર, વગેરે ગુણો તેઓમાં સહજ હોવાથી પુરૂષોત્તમ છે. આ વિશેષણથી "સર્વ જીવો બુદ્ધ થઈ શકે છે" એ બૌદ્ધ–મતનું નિરાકરણ થાય છે, કારણ કે તીર્થંકરો તો અનાદિ તથાભવ્યત્વદ્વારા વિશિષ્ટ હોય તે જ થાય.

(૨)– **પુરિસસિંહાણં–** પુરૂષ છતાં શૌર્ય, વીર્ય, વગેરે ગુણોની પ્રધાનતાથી તેઓ ઉપમાથી પુરૂષોમાં સિંહ સમાન છે. આ વિશેષણથી જેઓ એમ માને છે કે ઉપમા તો હીન કે અધિક હોય, માટે કોઇને કોઇની ઉપમા ઘટે નહિ, તે મતનો નિરાસ થાય છે.

(૩) **पुरिसवरपुंडरियाणं**– પુરૂષોમાં પુંડરિક કમળ તુલ્ય. કમળ કાદવમાં ઉગે, જળથી વૃદ્ધિ પામે અને બન્નેને છોડીને ઊંચે રહે છે, તેમ અરિહંતો કર્મરુપી કાદવમાં જન્મે, લોગરૂપી પાણીથી વૃદ્ધિ પામે, છતાં બન્નેને છોડીને ઉંચે મુક્તિમાં જાય છે. ઉપરાંત કમળની જેમ જેઓ સાહજિક અતિશયોથી સુંદર, ગુણલક્ષ્મીનું નિવાસ સ્થાન, જીવોને આનંદ પમાડનારા, ભવ્ય જીવોની સેવાને પામેલા અને મુક્તિને પમાડનારા પણ છે. જેઓ એમ માને છે કે વિજાતિય ઉપમાથી ઉપમેયની વાસ્તવિકતા હણાય છે, તેમના મતનું આ વિશેષણથી ખંડન સમજવું.

(૪) **पुरिसवरगंधहत्थीणं**– પુરૂષોમાં ગંધહસ્તિ જેવા. ગંધહસ્તિના ગંધથી ક્ષુદ્ર હાથીઓ નાશી જાય, તેમ પ્રભુના અતિશયોથી તીડ, પોપટ, ઊંદર, વગેરે ધાન્યના શત્રુઓ (ઈતિ) અને રોગો, તથા કોલેરા, મરકી, પ્લેગ, વગેરે મારીઓ, પરરાજ્ય વગેરેના ઉપદ્રવો, દુષ્કાળ અને અતિવૃષ્ટિ, વગેરે સઘળું નાશ પામે છે.

૪. **स्तोतव्य सामान्य उपयोग संपदा** = અરિહંતો સામાન્યતયા **"लोगुत्तमाणं, लोगनाहाणं, लोगहियाणं, लोगपइवाणं, लोगपज्जोअगराणं"** એ પાંચ પ્રકારે લોકોપયોગી છે. તેમાં

(૧) **लोगुत्तमाणं**– પંચાસ્તિકાયમય ચૌદ રાજલોકમાં અરિહંતો અભવ્યથી તો **ઉત્તમ છે જ**, ઉપરાંત સર્વ ભવ્ય જીવો રૂપી સજ્જાતિયલોકમાં પણ ઉત્તમ હોવાથી લોકને વિષે ઉત્તમ છે.

(૨) **लोगनाहाणं**– અપ્રાપ્ત શુભ ભાવોને પ્રાપ્ત કરાવવા તે યોગ અને ઉપદ્રવોથી રક્ષણ કરવું તે ક્ષેમ, આ યોગ અને ક્ષેમને કરે તે નાથ કહેવાય, અરિહંતો જાતિભવ્ય–દુર્ભવ્ય સિવાયના ઉત્તમ ભવ્ય જીવોરૂપ લોકમાં ધર્મબીજનું વપન, ઉદ્ગમ, પોષણ, રક્ષણ, વગેરે યોગ અને રાગદ્વેષાદિ અંતરંગ શત્રુઓથી રક્ષણરૂપ ક્ષેમને કરનારા છે, માટે લોકના નાથ છે.

(૩) **लोगहियाणं**– વ્યવહારરાશીમાં વર્તતા એકેન્દ્રિયાદિ સર્વ જીવોનું હિત થાય તેવો (અથવા ચૌદ રાજલોકના સ્વરૂપને જણાવનારો) ઉપદેશ કરનાર, માટે લોકને હિત કરનાર છે.

(૪) **लोगपइवाणं**– વળી સંજ્ઞી પંચેન્દ્રિયરૂપ વિશિષ્ટ જીવલોકને ઉપદેશ દ્વારા દીપકની જેમ અજ્ઞાન અંધકારનો નાશ અને તત્ત્વોનો પ્રકાશ કરે છે. માટે લોકને માટે પ્રદીપ તુલ્ય છે.

(૫) **लोगपज्जोयगराणं**– ચૌદ પૂર્વધરરૂપી વિશિષ્ટ લોકને સૂર્યની જેમ જીવાજીવાદિ તત્ત્વોનો યથાર્થ પ્રકાશ કરનારા, માટે લોકમાં પ્રદ્યોતને કરનારા છે. એ રીતે અરિહંતો લોકને સામાન્યતયા ઉપયોગી છે, તે કહ્યું.

૫. ઉપયોગહેતુ સંપદા = અરિહંતો જે કારણે લોકોપયોગી છે તે કારણો કહે છે કે– **"અભયદયાણું, ચક્ખુદયાણું, મગ્ગદયાણું, સરણદયાણું અને બોહિદયાણું"**, તેમાં–

(૧) **અભયદયાણું**– સંસારી જીવો આલોકનો, પરલોકનો, આદાનનો, અકસ્માતનો, આજીવિકાનો, મરણનો અને અપયશનો, એમ સાત ભયોથી સતત ભયભીત છે. અરિહંતો આ ભયોથી રક્ષણ કરીને ધૈર્યને (ચિત્તસ્વસ્થતાને) પ્રગટ કરે છે, માટે અભયદાતા છે.

(૨) **ચક્ષુદયાણું**– આત્માનું સ્વરૂપ જાણવા, ઉપદેશ દ્વારા તત્ત્વજ્ઞાનરૂપી ચક્ષુઓ આપનારા છે,

(૩) **મગ્ગદયાણું**– સર્પના દરની જેમ સીધો – માયા – વક્રતા રહિત, ઉપર ઉપરના ગુણસ્થાનને પ્રાપ્ત કરાવનાર અને સ્વરસવાહી (અનુભવજ્ઞાન સ્વરૂપ) એવો ચિત્તની નિર્મળતારૂપ માર્ગ, કે જે જીવમાં તથાવિધ કર્મના ક્ષયોપશમથી પ્રગટે છે. શ્રીઅરિહંતો તેવા મોક્ષમાર્ગને દેનારા છે,

(૪) **સરણદયાણું**– સંસારરૂપ અટવીમાં રાગ – દ્વેષને વશ જીવો ચિત્તના સંક્લેશરૂપ મહાત્રાસ ભોગવે છે, એ સંક્લેશ તત્ત્વજ્ઞાનથી નાશ પામે, માટે તત્ત્વની જિજ્ઞાસા, શ્રવણ વગેરે બુદ્ધિના આઠ ગુણોને શરણ કહેવાય છે. અરિહંતો આ તત્વપ્રકાશરૂપ શરણને આપે છે, માટે શરણદાતા છે. તથા

(૫) **બોહિદયાણં**– બોધિ એટલે યથાપ્રવૃત્તિ વગેરે ત્રણ કારણો દ્વારા ગ્રંથીભેદથી પ્રગટ થનાર શમ – સંવેગ નિર્વેદાદિ લિંગોવાળું તત્ત્વાર્થ – શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ. આ સમ્યક્ત્વરૂપ બોધિને આપનારા. (તેઓને નમસ્કાર, એમ સર્વત્ર સમજવું.)

અહીં અભયનું ફળ ચક્ષુ, તેનું ફળ માર્ગ, માર્ગથી શરણ અને શરણનું ફળ બોધિ, આ બધો લાભ અપુનર્બંધકને થઈ શકે માટે અરિહંતો અપુનર્બંધકોને અભય વગેરેના દાતા છે. આ પાંચનું દાન કરે છે માટે જ તેઓ લોકોત્તમ, લોકનાથ વગેરે છે.

૬. સવિશેષ ઉપયોગ સંપદા = (ચોથી સંપદામાં સામાન્ય ઉપયોગ કહ્યા) અહીં સવિશેષ ઉપયોગરૂપે **ધમ્મદયાણું, ધમ્મદેસયાણું, ધમ્મનાયગાણું, ધમ્મસારહીણું ધમ્મવરચાઉરંતચક્કવટ્ટીણું**, એ પાંચ પદો છે. તેમાં–

(૧) **ધમ્મદયાણં**– સર્વવિરતિ અને દેશવિરતિ, એ બે પ્રકારના ચારિત્રધર્મના દાતા. ચારિત્ર પ્રાપ્તિમાં બીજા હેતુઓ હોવા છતાં શ્રી અરિહંતદેવ મુખ્ય હેતુ છે, માટે ધર્મના દાતા.

(૨) **ધમ્મદેસયાણું**– બન્ને પ્રકારના ચરિત્રધર્મની અગ્લાનપણે સતત સફળ દેશના દેનાર માટે ધર્મના ઉપદેશક.

(૩) **धम्मनायगाणं**– અરિહંતો ધર્મને વશ (આત્મસાત્) કરે છે. ઉત્કર્ષે પહોંચાડે છે. તેનું સર્વોત્કૃષ્ટ ફળ ભોગવે છે અને આ ધર્મનો વિરહ તેમને કદાપિ થતો નથી, માટે તેઓ સાચા ધર્મના નાયક છે.

(૪) **धम्मसारहीणं**– સ્વ-પરમાં ચારિત્રની સમ્યક પ્રવૃત્તિ-પાલન કરનાર-કરાવનાર તથા ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને દમન કરનાર-કરાવનાર માટે ધર્મરથના સારથી છે.

(૫) **धम्मवरचाउरंतचक्कवट्टीणं**– ચક્રવર્તીના ચક્રથી પણ અત્યન્ત હિતકર-શ્રેષ્ઠ એવા ધર્મરૂપ ઉત્તમ ચક્રવડે સ્વપરની ચારેગતિનો અંત કરનાર-કરાવનાર માટે ધર્મવર ચાતુરંગ ચક્રવર્તી છે. એ રીતે 'ધર્મદાતા' વગેરે હોવાથી ભગવંત સવિશેષ ઉપયોગી હોવાથી સ્તુતિને પાત્ર છે.

૭. **स्तोतव्य (कारणभूत) स्वरूप संपदा**= અરિહંતો જે કારણે સ્તુતિપાત્ર છે, તે કારણપૂર્વક તેઓનું સ્વરૂપ અહીં બે પદોથી જણાવ્યું છે તેમાં–

(૧) **अप्पडिहयवरनाणदंसणधराणं**– અરિહંતો કોઇથી નાશ કે વ્યાઘાત ન પામે તેવાં અને શ્રેષ્ઠ અથવા સંપૂર્ણ એવા જ્ઞાન અને દર્શનના ધારક હોવાથી અપ્રતિહત વરજ્ઞાનદર્શનધારક છે. આ વિશેષણથી બૌદ્ધો માને છે કે સર્વ ઇષ્ટ પદાર્થનું જ્ઞાન હોય તે સર્વજ્ઞ કહેવાય, એને અનિષ્ટ પદાર્થના જ્ઞાનની શી જરૂર છે? તે માન્યતા મિથ્યા છે. કારણ કે અનિષ્ટના જ્ઞાન વિના ઇષ્ટમાં ઉપાદેય બુદ્ધિ થતી નથી, માટે હેયાદિ સર્વ વિષયનું સંપૂર્ણજ્ઞાન જેને પ્રગટે તે જ સર્વજ્ઞ કહેવાય.

(૨) **विअट्टछउमाणं**– "પોતાના સ્થાપેલા ધર્મમાં વિઘ્ન થાય ત્યારે રક્ષા કરવા ઇશ્વર પુનઃ અવતાર લે છે" એ માન્યતા મિથ્યા છે, એમ જણાવવા કહે છે કે કર્મ અને સંસારરૂપ છદ્મ (અર્થાત્ જન્મ-મરણ) નાશ પામવાથી અરિહંતો વ્યવૃત્તછદ્મા=સંસારથી નિવૃત્ત છે. આ બે પદની સાતમી સંપદા કહી.

૮. **स्वतुल्यपरफलदातृत्वसंपदा**= અરિહંતો પોતાના તુલ્ય સુખ-સંપત્તિ ભક્તોને પણ આપનારા છે, તે જણાવવા **"जिणाणं जावयाणं, तिन्नाणं तारयाणं, बुद्धाणं बोहयाणं अने मुत्ताणं मोयगाणं"** એ ચાર પદો કહ્યાં છે. તેમાં–

(૧) **जिणाणं जावयाणं**– અરિહંતો સ્વયં રાગદ્વેષાદિ શત્રુઓને જીતનારા છે અને જિતાવનારા છે. સમ્યક્ જ્ઞાનાદિ ગુણોરૂપ વહાણદ્વારા સંસાર સમુદ્રથી સ્વયં તરેલા અને અન્ય જીવોને તારનારા છે.

(૨) **बुद्धाणं बोहयाणं**– અજ્ઞાન અંધકારમાં ડૂબેલા જગતમાં શ્રી અરિહંતો છેલ્લા ભવમાં કોઇના ઉપદેશ વિના જ પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાન દ્વારા, જીવાજીવાદિ તત્ત્વોને જાણનારા અને અન્યને જણાવનારા હોવાથી સ્વયં બુદ્ધ અને પરને બોધક છે, તથા–

(૪) **મુત્તાણં મોઅગાણં–** ચાર ગતિરૂપ સંસારમાં રખડાવનારાં કર્મોનાં બંધનોથી સ્વયં મુક્ત અને અન્યને મુક્ત કરાવનાર છે. એમ સ્વતુલ્ય ફળદાતા છે.

૯– **મોક્ષફળ પ્રાપ્તિ સંપદા=** અરિહંતો જે મુક્તિને પામ્યા છે, તે મુક્તિનું મોક્ષનું સ્વરૂપ જણાવે છે કે "**સવ્વન્નૂણં, સવ્વદરિસિણં, સિવમયલમરૂઅમણંતમક્ખય-મવ્વાબાહમપુણરાવિત્તિસિદ્ધિગઇનામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં,**" અર્થાત્ અરિહંતો **૧. સર્વજ્ઞ અને સર્વદર્શી છે, ૨. ઉપદ્રવરહિત, અચલ, રોગ રહિત, અનંત, અક્ષય, પીડારહિત, જ્યાંથીફરી પાછા આવવાનું નથી અને જેનું નામ સિદ્ધિગતિ છે, એવા સ્થાનને પામેલા છે.** તથા મોહનો ક્ષય થવાથી રાગ–દ્વેષાદિ સર્વ પ્રપંચોથી મુક્ત અને તેથી **૩. સર્વ ભયોથી રહિત** છે, એમ નવમી સંપદાના ત્રણપદો કહ્યાં.

આ 'નમોત્થુણં' સૂત્રના એક એક પદનો પણ અર્થ અતિગંભીર અને મહાન છે, તેના ઉપર લલિતવિસ્તરા નામની મહાઅર્થગંભીર ટીકા છે. અહીં તો માત્ર શબ્દાર્થ જણાવ્યો છે, વિસ્તૃત અર્થ મૂળ ભાષાન્તરમાં અને ગંભીર અર્થ તો લલિત વિસ્તરામાં છે. જો કે આ પદોમાં કેટલાંક પદો, અપેક્ષાએ સમાન અર્થવાળાં છે, છતાં સ્તુતિમાં પુનરુક્ત દોષ મનાતો નથી.

વળી સંઘાચાર ભષ્યમાં તો આ સૂત્રની આદિમાં પંચાંગ પ્રણામથી નમસ્કાર કરતાં, ત્રણવાર મસ્તકને જમીન સાથે સ્પર્શ કરી, બે ઢીંચણને જમીન ઉપર સ્થાપીને, બે હાથથી યોગમુદ્રા કરીને, સૂત્ર બોલીને, અંતે પણ એ જ રીતે ત્રણવાર જમીન સાથે મસ્તકનો સ્પર્શ કરીને, નમસ્કાર કરવાનું કહ્યું છે.

જો કે 'નમુત્થુણં' સૂત્ર ભાવજિનને નમસ્કાર રૂપ છે, તો પણ સ્થાપનાજિન (મૂર્તિમાં), ભાવજિનનો આરોપ કરીને બોલવામાં દોષ નથી. પાછળ કહેવાશે તે દેવવંદનના બાર અધિકારોમાં ભાવજિનને વંદનરૂપ આ પહેલો અધિકાર જાણવો. હવે–

"**જે અ અઇઆ સિદ્ધા, જે અ ભવિસ્સંતિ અણાગએ કાલે ।**
સંપઇ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥

ત્રણે કાળના દ્રવ્યજિનોના વંદનની આ ગાથા પ્રથમ જુદી હતી, વર્તમાનમાં તેને 'નમોત્થુણં' સાથે જોડી દીધી છે. તેનો અર્થ "અતિતકાળે જે સિદ્ધ થયા, (વર્તમાનમાં અન્ય ગતિમાં રહેલા) જે ભવિષ્યમાં જિન થશે અને વર્તમાનમાં જન્મેલા છતાં જે છદ્મસ્થપણે વિચરે છે, તે ત્રણે કાળના દ્રવ્ય જિનોને હું ત્રિવિધ યોગથી વંદન કરું છું."

જો કે કૃષ્ણજી વગેરે વર્તમાનમાં નરકમાં છે, તો પણ જેમ ભરતરાયે મરિચીને કર્યો

હતો તેમ, તેઓની ભાવિ ભાવજિનઅવસ્થાને નમસ્કાર કરી શકાય. દ્રવ્યજિનને વંદનરૂપ ઉષ્કૃષ્ટ દેવવંદનમાં આ બીજો અધિકાર જાણવો.

પછી ઉભા થઇ પગથી જિનમુદ્રા અને હાથથી યોગમુદ્રા કરીને, સ્થાપના જિનના વંદન માટે "અરિહંત ચેઇઆણું" સૂત્ર બોલવું. આ સૂત્રનું શાસ્ત્રીય નામ ચૈત્યસ્તવ છે. ઉપર કહ્યા તે ભાવજિનની મૂર્તિ-ચિત્રપટ-વગેરે આકારને સ્થાપનાજિન એટલે અરિહંતચૈત્યો જાણવાં. તેમાં અંતઃકરણ એટલે ચિત્ત, અને તેનો ભાવ કે કાર્ય તે ચૈત્ય. જિનપ્રતિમા પણ ચિત્તમાં સમાધિભાવને પ્રગટાવે છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરીને પ્રતિમાને પણ ચૈત્ય કહેવાય છે. તેની આરાધનાનો કાઉસ્સગ્ગ કરવા માટે **"અરિહંત ચેઇયાણું કરેમિ કાઉસ્સગ્ગં"** એટલે અરિહંતોની પ્રતિમાને ઉદ્દેશીને કાયોત્સર્ગ કરું છું. પછી **"વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ, બોહિલાભવત્તિયાએ અને નિરુવસગ્ગવત્તિયાએ"** એટલે વંદન, પૂજન, સત્કાર, સન્માન, બોધિલાભ અને નિરુપસર્ગ, એ છને (વત્તિયાએ એટલે) માટે કાઉ૦ કરું છું. તેમાં-

મન વચન કાયાની પ્રશસ્ત પ્રવૃત્તિ તે **વંદન**, ગંધ-વાસ, પુષ્પો વગેરેથી અર્ચા તે **પૂજન**, વસ્ત્રો આભરણો વગેરેની ભેટ તે **સત્કાર**, સ્તુતિ-સ્તવનાદિ કરવું કે માનસિકી પ્રીતિ કરવી તે **સન્માન**, અરિહંત કથિત ધર્મની પ્રાપ્તિ તે **બોધિલાભ**, અને મોક્ષરુપ સર્વથા ઉપસર્ગનો અભાવ તે **નિરૂપસર્ગ**, પ્રભુને વંદન, પૂજન, વગેરે કરવાથી થતો લાભ મને આ કાઉસ્સગ્ગથી થાઓ! એમ અર્થ જાણવો. તેમાં પણ બોધિલાભ માટે વન્દન-પૂજન -સત્કાર અને સન્માન તથા નિરૂપસર્ગ (મોક્ષ) માટે બોધિલાભ, એમ પરસ્પર હેતુ-હેતુ મત્ સંબંધ જાણવો. અહીં સાધુને વન્દન-પૂજનનો દ્રવ્યસ્તવરૂપે નિષેધ હોવાથી અને શ્રાવકને તો પ્રગટ રીતે વન્દન-પૂજન કરી શકાતાં હોવાથી કાયોત્સર્ગ શા માટે કરવો? વગેરે વિસ્તૃત ચર્ચા માટે મૂળ ભાષાન્તર પૃ૦ ૪૨૬-૨૭ જોવાં.

હવે કાઉસ્સગ્ગમાં હેતુઓ કહે છે કે **"સદ્ધાએ, મેહાએ, ધીઇએ, ધારણાએ, અણુપ્પેહાએ"** અર્થાત્ શ્રદ્ધાવડે, મેધા વડે, ધીરજ વડે, ધારણા વડે અને અનુપ્રેક્ષા વડે કાઉસ્સગ્ગ કરું છું. તેમાં-

ચિત્તને નિર્મળ કરનારી તત્ત્વરુચિ **શ્રદ્ધા**, શાસ્ત્રોને સમજવામાં કુશળ, પુણ્ય-પાપ વગેરેનો વિવેક જણાવનારી, જ્ઞાનાવરણીયાદિ કર્મોના ક્ષયોપક્ષમથી પ્રગટેલી બુદ્ધિ તે **મેધા**, રાગદ્વેષાદિની વ્યાકૂળતા રહિત ચિત્તસમાધિ તે **ધૃતિ**, અને શ્રીઅરિહંતાદિના ગુણોનું સ્મરણ તે **ધારણા**. આ ચારેનું વિશેષણ **વડ્ઢમાણીએ** એટલે વૃદ્ધિ પામતી, અર્થાત્ ઉત્તરોત્તર વધતી શ્રદ્ધા, મેધા, ધૃતિ અને ધારણા વડે **ઠામિ કાઉસ્સગ્ગં**, એટલે કાયોત્સર્ગમાં રહું છું-સ્થિર થાઉં છું.

શ્રદ્ધા વગેરેનો પરસ્પર (શ્રદ્ધાનું કાર્ય મેધા, મેધાનું કાર્ય ધૃતિ, અને ધૃતિનું કાર્ય ધારણા, એમ) કાર્ય–કારણભાવ સંબંધ છે. વૃદ્ધિમાં પણ પૂર્વ પૂર્વની વૃદ્ધિથી ઉત્તર ઉત્તરની વૃધ્ધિ થાય છે. આ સૂત્રની પછી અન્નત્થ સૂત્ર બોલાય છે, માટે બન્નેની મળીને સંપદાઓ આઠ છે, તેનાં આદિપદો ૧– અરિહંત, ૨–વંદણ, ૩– શ્રદ્ધા, ૪– અન્નત્થ, ૫– સુહુમ, ૬– એવ, ૭– જાવ અને ૮– તાવ છે. કુલ પદો તેતાલીસ અને વર્ણો (સ્વરો) બસોત્રીસ છે. (ભાષ્યોમાં વર્ણો ૨૨૯ કહ્યા છે અને ગણનાથી પણ ૮૯+૧૪૦=૨૨૯ થાય છે.)

સંપદાઓનાં નામ અનુક્રમે ૧– અભ્યુપગમ ૨– નિમિત્ત, ૩– હેતુ, ૪– એકવચનાન્ત આગારો, ૫– બહુવચનાન્ત આગારો, ૬– આગંતુક આગારો, ૭– કાયોત્સર્ગની અવધિ, અને ૮– કાયોત્સર્ગનું સ્વરૂપ. એ પ્રમાણે છે. ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં સ્થાપના જિનની સ્તવનારૂપ આ ત્રીજે અધિકાર જાણવો. અહીં કાઉસ્સગ્ગ આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કરવો.

ચૈત્યવંદન કરનાર એક જ હોય તો કાઉસ્સગ્ગ પારીને, ભગવાનની સામે ચૈત્યવંદન કરતો હોય તે ભગવાનની સ્તુતિ કહે અને ઘણા હોય તો એક જણ પ્રથમ પારીને સ્તુતિ કહે, બીજા કાઉસ્સગ્ગ મુદ્રાથી સાંભળે અને સ્તુતિ કહ્યા પછી બધા પારે.

પછી વર્તમાન અવસર્પિણીમાં અને આ ભરતક્ષેત્રમાં થયેલા હોવાથી કાળ અને ક્ષેત્રથી નિકટના ઉપકારી શ્રી ઋષભદેવાદિ ચોવીસ તીર્થંકરોની, નામ કીર્તનદ્વારા સ્તુતિરૂપ **નામસ્તવદંડક** અથવા **ચતુર્વિંશતિસ્તવ,** અપરનામ **લોગસ્સ** સૂત્ર કહે છે.

"**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
अरिहंते कित्तइस्सं, चउव्वीसं पि केवली ॥१॥"

અર્થ– अरिहंते कित्तइस्सं = અરિહંતોનું નામ ઉચ્ચારણ પૂર્વક કીર્તન કરીશ. તેમાં પણ ભાવતીર્થંકરોની સ્તુતિ કરવા, **केवली** = કેવળજ્ઞાનીઓ, તે પણ **चउव्वीसं** = સંખ્યાથી ચોવીસ અને **अपि** એટલે બીજા પણ તેમના અતિશયો કહે છે કે **लोकनो उद्योत करनारा** = પંચાસ્તિકાયમય લોકનો (અને ઉપલક્ષણથી અલોકનો) પોતાના કેવળજ્ઞાનરૂપ દીપક વડે ઉદ્યોત = પ્રકાશ કરનારા. આ વિશેષણથી તેઓનો **જ્ઞાનાતિશય** કહ્યો. વળી **धर्मप्रधान तीर्थना करनारा** = અન્ય દર્શનકારો નદીઓ વગેરેને તીર્થ માની, આત્માને નિર્મળકરવા તેમાં સ્નાનાદિ કરે છે તેનું અને શાકયો વગેરે જે અધર્મતીર્થોને સ્થાપ્યાં છે, તે સર્વનો પરિહાર કરવા આ વિશેષણ છે, તથા અરિહંતો સંસારસમુદ્રથી તારવા બાર પર્ષદાઓમાં સર્વ જીવો, સ્વ સ્વ ભાષામાં સમજે તેવી–પાંત્રીસ ગુણયુકત વાણીથી ઉપદેશ આપે છે અને ત્રણે લોકના દેવો સમવસરણની રચના કરે, અતિશયો પ્રગટાવે, વગેરે તેમની ભક્તિ કરે છે, એમ આ વિશેષણથી તેઓનો **વચનાતિશય** અને **પૂજાતિશય** જાણવો. હવે **અપાયાપગમાતિશય**

માટે જિણે એટલે રાગ-દ્વેષાદિ બાહ્ય અભ્યંતર સર્વશત્રુઓને જીતનારા, એવા તીર્થંકરોની હું સ્તુતિ કરીશ. એમ સંબંધ જોડવો. પછી

"उसभमजियं च वंदे, संभवमभिणंदणं च सुमइं च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुप्फदंतं, सीयल-सिज्जंस वासुपुज्जं च ।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥४॥

અર્થ- જિન એવા ઋષભને અને અજિતને વાંદું છું, તથા સંભવને, અભિનંદનને, સુમતિને, પદ્મપ્રભને, સુપાર્શ્વને, અને ચંદ્રપ્રભને, વાંદું છું (૨) પુષ્પદંત એવા બીજા નામવાળા શ્રીસુવિધિને તથા શીતળને, શ્રેયાંસને, વાસુપૂજ્યને, વિમળને, અનંતને, ધર્મજિનને તથા શાન્તિને વાંદું છું. (૩) કુંથુને, અરને, મલ્લિને, મુનિસુવ્રતને, નમિજિનને, વળી અરિષ્ઠનેમિને, પાર્શ્વને તથા વર્ધમાનને વાદું છું (૪)

આ પ્રત્યેક નામો ગુણવાચક હોવાથી, સર્વ જિનેશ્વરોને સામાન્યથી દરેક નામ ઘટે, જેમકે જિનેશ્વરો સર્વે ઋષભ પણ છે, અજિત પણ છે, અને યાવત્ વર્ધમાન પણ છે. તો પણ દરેકનાં આ વિશેષનામો છે અને તે પાડવામાં પ્રત્યેકનાં ભિન્ન ભિન્ન વિશિષ્ટ કારણો આવશ્યક નિર્યુક્તિ ગા. ૧૦૮૦થી જણાવેલાં છે. તેનું વર્ણન મૂળ ભાષાન્તરના પૃષ્ટ ૪૩૦થી જોઈ લેવું.

"एवं मए अभिथुआ, विहुयरयमला पहीण - जरमरणा ॥
चउवीसंपि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥"

અર્થ- એ પ્રમાણે નામોચ્ચારપૂર્વક મેં સ્તવેલા ચોવીસ અને અપિ એટલે બીજા પણ તીર્થંકરો, કે જેઓએ રજ અને મલરૂપ સર્વકર્મોનો નાશ કર્યો છે, તેથી જેઓનાં જન્મ-જરા-મરણ પણ નષ્ટ થયાં છે, જેઓ સામાન્ય કેવલીની અપેક્ષાએ વર=શ્રેષ્ઠ છે, અને સ્વ-સ્વ તીર્થના સ્થાપક છે, તેઓ મારા પ્રત્યે પ્રસન્ન થાઓ! એમાં રજ એટલે બંધાતું અને મલ એટલે બાંધેલું કર્મ, અથવા રજ=બંધનમાં આવેલું અને મલ= નિકાચિત કર્મ અથવા રજ=વીતરાગ દશામાં બંધાતું અને મલ=સરાગપણે બંધાતું કર્મ, એમ ભેદ જાણવો. અહીં 'પ્રસન્ન થાઓ' એમ કહ્યું, તે વીતરાગ હોવાથી અરિહંતો પ્રસન્ન કે અપ્રસન્ન થતા નથી, તો પણ ચિંતામણી રત્ન વગેરેની જેમ તેઓની સ્તુતિ કે નિંદા કરનાર તેનું શુભાશુભ ફળ પામે જ છે, માટે પ્રાર્થના સફળ છે. વળી ભક્તિના અતિશયથી બોલાતું વચન દોષરૂપ નથી, પણ વ્યવહાર ભાષારૂપે સત્ય છે.

"कित्तिय वंदिय महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ॥
आरुग्ग बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥६॥

અર્થ– નામોચ્ચારપૂર્વક કીર્તન કરેલા, સમ્યગ્ મન–વચન–કાયાથી વંદન એટલે સ્તુતિ કરેલા, અને પુષ્પાદિથી પૂજેલા (શ્રી અરિહંતો કે) જેઓ કર્મ રહિત હોવાથી સર્વજીવલોકમાં ઉત્તમ છે, અને સિદ્ધ એટલે સંપૂર્ણ કૃતકૃત્ય છે, તેઓ મને આરોગ્ય એટલે મોક્ષ, મોક્ષ માટે બોધિ–એટલે ધર્મનો લાભ અને ધર્મ માટે ચિત્તની સ્વસ્થતારૂપ શ્રેષ્ઠ સમાધિ આપો. સમાધિમાં પણ તરતમતા હોય છે, માટે ઉત્તમ=સર્વોત્કૃષ્ટ સમાધિ આપો! આ પ્રાર્થના વ્યવહારભાષારૂપે હિતકર છે.

"चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ॥
सागरवरगंभीरा, सिध्धा सिद्धिं मम दिसंतु ॥७॥

અર્થ– સકળકર્મમળ ક્ષય થવાથી હજારો ચંદ્રોથી પણ અતિનિર્મળ, કેવળજ્ઞાન રૂપી સૂર્ય વડે હજારો સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરનારા, અનુકૂળ કે પ્રતિકૂળ પરિષહ–ઉપસર્ગોમાં લેશ ક્ષોભ નહિ પામવાથી સાગરવર= છેલ્લા સ્વયંભૂરમણ સમુદ્ર તુલ્ય ગંભીર અને સિદ્ધા= સર્વ પ્રયોજનોથી કૃતકૃત્ય, એવા તે અરિહંતો મને સિદ્ધિને (મોક્ષ) આપો.

આ નામસ્તવ દંડકમાં પદ્મતુલ્ય અઠ્ઠાવીસ સંપદાઓ (વિસામા) અને અને બસો છપ્પન વર્ણો (સ્વરો) છે. ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં નામજિનની સ્તવનારૂપ આ ચોથો અધિકાર જાણવો.

પાંચમા અધિકારમાં સર્વલોકનાં ચૈત્યોને વન્દનાદિ કરવા માટે "**सव्वलोए अरिहंत चेइआणं करेमि काउस्सग्गं** વગેરે **પાઠ અપ્પાણં વોસિરામિ**" સુધી બોલવો. તેનો અર્થ ઉપર પ્રમાણે છે. માત્ર 'सव्वलोए' પદ અધિક છે, તેનો અર્થ "ઉર્ધ્વ, અધો અને તિર્છાલોકમાં રહેલાં સર્વ જિનચૈત્યોની" આરાધનાર્થે કાઉસ્સગ્ગ કરૂં છું. તેમાં અધોલોકમાં ભુવનપતિ નિકાયનાં, તિર્છાલોકમાં દ્વીપો–પર્વતો કે જ્યોતિષી–ચંદ્ર–સૂર્યનાં વિમાનોમાં રહેલાં, અને ઉર્ધ્વલોકમાં સૌધર્માદિ વૈમાનિક દેવોના વિમાનોમાં રહેલાં, એમ શાશ્વતા–અશાશ્વતા સર્વ ચૈત્યોની આરાધના માટે આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરી પારીને, પૂર્વની જેમ સર્વજિનની સ્તુતિ કહેવી. મંદિરમાં મૂળનાયક સમાધિનું કારણ હોવાથી પ્રથમ તેમની અને સર્વજિનો ગુણથી સમાન હોવાથી બીજી સ્તુતિ સર્વજિનની કરાય છે.

હવે છઠ્ઠા અધિકારમાં શ્રીઅરિહંતોનું અને તેઓએ કહેલા સર્વ ભાવોનું દીપકની જેમ જ્ઞાન કરાવનાર શ્રુતજ્ઞાનની સ્તવના માટે પહેલાં તેના ઉપદેશક શ્રી તીર્થંકરોની સ્તુતિ કહે છે કે

"पुक्खरवरदीवड्ढे, धायइसंडे अ जंबुदीवे अ ॥
भरहेरवयविदेहे, धम्माइगरे नमंसामि ॥१॥"

અર્થ– અડધો, પુષ્કરવરદ્વીપ અને આખા ધાતકીખંડ અને જંબૂદ્વીપ, એ રીતે અઢીદ્વીપમાં રહેલા પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહ, એ પંદર (કર્મભૂમિક્ષેત્રો)માં શ્રુતધર્મની (ઉપલક્ષણથી ચારિત્ર ધર્મની પણ) આદિ કરનારા શ્રી અરિહંત ભગવંતોને નમસ્કાર કરું છું. હવે શ્રુતધર્મની સ્તુતિરૂપે સાતમો અધિકાર કહે છે.

"तम तिमिर पडलविद्धं–सणस्स सुरगणनरिंद–महिअस्स ॥
सीमाधरस्स वंदे, पप्फोडिय – मोहजालस्स ॥२॥

અર્થ– અજ્ઞાનાદિ તમ–તિમિરના સમુહનો નાશ કરનારા, દેવોના સમુહ તથા ચક્રવર્તીઓથી પૂજાએલા, ધર્મ–અધર્મ, પુણ્ય–પાપ, હેય–ઉપાદેય, ભક્ષ્ય–અભક્ષ્ય, પેય–અપેય, વગેરેના વિભાગ–વિવેકરૂપ સીમા–મર્યાદા જેમાં કહેલી છે, તથા જેણે મોહની જાળને તોડી નાખી છે, તે શ્રુતને હું વાંદું છું. અહીં તમ = સ્પૃષ્ટ, બદ્ધ અને નિધત્ત તથા તિમિર = નિકાચિત કર્મ, અથવા તમ = અજ્ઞાન અને તિમિર = અંધારું, અથવા તો તમતિમિરરૂપ જ્ઞાનાવરણીય કર્મ, એમ સમજવું. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ થતાં મોહજન્ય રાગ–દ્વેષની જાળ ટકી શકતી નથી. પુનઃ સ્તુતિ કહે છે કે–

"जाईजरामरण सोगपणासणस्स, कल्लाण पुक्खल विसाल सुहावहस्स ॥
को देवदाणवनरिंदगणच्चियस्स, धम्मस्स सारमुवलब्भकरे पमायं ॥३॥

અર્થ– જે શ્રુતજ્ઞાન જન્મ–જરા–મરણ–રોગ–શોકાદિ ઉપદ્રવોનો સર્વથા નાશ કરનાર, કલ્યાણ એટલે મોક્ષરૂપ (પુષ્કર=) શાશ્વત અને શુદ્ધ સુખને પ્રાપ્ત કરાવનાર છે, દેવો, દાનવો અને રાજાઓ, અને ઇન્દ્રોથી પુજાયું છે, એવા ઉત્તમ શ્રુતજ્ઞાનને પામીને કોણ તેમાં પ્રમાદ કરે? તેની મર્યાદાને કોણ ન પાળે? પુનઃ પણ સ્તુતિ કરે છે કે–

"सिद्धे भो! पयओ णमो जिणमए नंदी सया संजमे,
देव – नाग – सुवन्न किन्नरगणसब्भूअभावच्चिअे ।

लोगो जत्थ पइट्ठिओ जगमिणं तेलुक्कमच्चासुरं,
धम्मो वड्ढउ सासओ विजयओ धम्मुत्तरं वड्ढउ ॥४॥"

અર્થ– હે ભવ્ય પ્રાણીઓ! (તમે જુઓ) સર્વ નયોમાં વ્યાપક અને ત્રિકોટિ શુદ્ધ હોવાથી સિદ્ધ એવા શ્રુતજ્ઞાનને પ્રયત્નપૂર્વક હું 'नमो' = નમસ્કાર કરું છું, કારણ કે દેવ, નાગેન્દ્ર, સુવર્ણકુમાર, ગરુડ અને કિન્નર=વ્યંતર તથા ઉપલક્ષણથી જ્યોતિષિદેવ, એમ

સર્વદેવોના સમુહે સદ્ભૂતભાવ=સાચા ભાવથી જે ચારિત્ર ધર્મને પૂજ્યો છે, તે ચારિત્ર ધર્મના પણ સદાય વૃધ્ધિ આ શ્રુતથી થાય છે, વળી જ્ઞેયરૂપે સર્વલોક જેમાં રહેલો છે અર્થાત્ જે સર્વલોકનો પ્રકાશક છે, વળી મનુષ્યો, અસુરો તથા ઉપલક્ષણથી સર્વ જીવો પણ જેમાં રહેલા છે તે ત્રણે જગત્ જેમાં (જ્ઞેયરૂપે) રહેલું છે, તેવો જૈનમતરૂપ આ શ્રુતધર્મ શાશ્વત્ (સદાય) વૃધ્ધિને પામો! અને એની વૃદ્ધિરૂપ વિજયથી (શ્રુતના ફળરૂપે) ધમ્મુત્તરં=ચારિત્રધર્મ પણ વૃદ્ધિને પામો! આ પ્રાર્થના મોક્ષના બીજરૂપ હોવાથી તુચ્છ નથી, પણ શ્રેષ્ઠ છે.

હવે આશ્રુતધર્મના જ વંદન, પૂજન, સત્કાર, સન્માન વગેરે માટે કાઉસ્સગ્ગ કરવા **"સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસ્સગ્ગં"** વગેરેથી માંડીને અન્નત્થ સૂત્ર પૂર્ણ બોલવું. તેનો અર્થ તો પાછળ કહી આવ્યા, માત્ર "સુઅસ્સ ભગવઓ" એમાં શ્રુત એટલે પહેલા સામાયિક અધ્યયનથી માંડીને દૃષ્ટિવાદના છેલ્લા બિંદુસાર અધ્યયન સુધી સંપૂર્ણ દ્વાદશાંગીરૂપ શ્રુત, તે 'ભગવઓ' એટલે યશ, મહિમા વગેરે ગુણયુકત હોવાથી ભગવંત, એવા શ્રુતભગવંતની આરાધના માટે કાઉસ્સગ્ગ કરું છું. અહીં પણ આઠ શ્વાસોચ્છ્વાસનો કાઉસ્સગ્ગ કરી, પારીને ત્રીજી સ્તુતિ શ્રુતજ્ઞાનની કહેવી. આ સૂત્રનું શાસ્ત્રીય નામ શ્રુતસ્તવ છે, તેની સંપદાઓ તેનાં પદો તુલ્ય સોળ છે અને સ્વરો બસોનવ છે. ('સુઅસ્સ ભગવઓ' સાથે બસોને સોળ છે.) હવે શ્રુતધર્મની આરાધનાનું પરંપર ફળ જે સિદ્ધિ, તેને પામેલા સિધ્ધોને નમસ્કારરૂપ આઠમો અધિકાર કહે છે.

"સિદ્ધાણં બુદ્ધાણં, પારગયાણં પરંપરગયાણં ।
લોઅગ્ગમુવગયાણં, ણમો સયા સવ્વસિદ્ધાણં ॥૨॥"

અર્થ– સિદ્ધ, બુદ્ધ, પારંગત, પરંપરાગત એવા લોકના અગ્રભાગને (અંતને) પામેલા સર્વ સિદ્ધોને સદા નમસ્કાર થાઓ! (શાસ્ત્રમાં કર્મસિદ્ધ, શિલ્પસિદ્ધ, વગેરે અગિયાર પ્રકારે કહેલા સિદ્ધો પૈકી અહીં છેલ્લા કર્મક્ષયસિદ્ધને આ નમસ્કાર જાણવો. તે પણ બુદ્ધ એટલે પરોપદેશ વિના સ્વયં બોધ પામેલાને, તે પણ પારંગત એટલે સર્વ પ્રયોજન સિધ્ધ થવારૂપ પારને, કે સંસારના પારને પામેલાને, અને તે પણ પરંપરગત એટલે ચૌદ ગુણસ્થાનકના ક્રમે, અથવા સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ ગુણ પ્રાપ્તિના ક્રમે સિદ્ધ થયેલાને, તે પણ બાણની જેમ પૂર્વપ્રયોગથી, એરંડાના બીજની જેમ બંધ છેદનથી, તુંબડાની જેમ કર્મરૂપી કાદવનો સંગ છૂટવાથી અને જીવના ઉર્ધ્વગામી સ્વભાવરૂપે ગતિપરિણામથી, એમ ચાર કારણે લોકના અગ્રભાગે રહેલા સિદ્ધને, તે પણ તીર્થસિદ્ધ, અતીર્થસિધ્ધ, વગેરે પંદર પ્રકારે સિદ્ધ થયેલા સર્વ સિદ્ધોને નમસ્કાર થાઓ.)

ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં આ આઠમો અધિકાર કહ્યો. હવે સામાન્યથી સર્વસિદ્ધોની સ્તુતિ

કરીને વર્તમાન શાસનના નાયક હોવાથી શ્રીવર્ધમાન સ્વામિની વિશેષ સ્તુતિરૂપ નવમો અધિકાર કહે છે–

"जो देवाण विदेवो, जं देवा पंजली नमंसंति ।
तं देवदेवमहिअं, सिरसा वंदे महावीरं ॥२॥"

અર્થ– જે દેવોના પણ દેવ છે, સર્વ દેવો જેઓને બે હાથથી અંજલી કરીને નમે છે, તે દેવોના દેવો=ઇન્દ્રોથી પણ પૂજાએલા, શ્રીમહાવીરસ્વામિને મસ્તક વડે વાંદું છું. પુનઃ તેઓની સ્તુતિનો અલૌકિક મહિમા વર્ણવીને બીજાઓને ઉપકાર કરવા અને પોતાના ભાવની વૃદ્ધિ કરવા કહે છે કે–

"इक्कोवि नमुक्कारो, जिणवरवसहस्स वद्धमाणस्स ।
संसार – सागराओ तारेइ, नरं व नारिं वा ॥३॥"

અર્થ– સામાન્ય જિનવરોમાં વૃષભ સરખા શ્રીવર્ધમાનસ્વામિને કરેલો (દ્રવ્ય–ભાવ સંકોચરૂપ) એકપણ નમસ્કાર પુરુષ કે સ્ત્રીને સંસાર સમુદ્રથી તારે છે.

અહીં 'સ્ત્રીને પણ મુક્તિ થાય' એવું દિગંબરોમાં પણ યાપનીયતંત્ર નામનો એક પક્ષ માને છે. તેઓ કહે છે કે સ્ત્રીઓ કંઇ અજીવ નથી, બધી અભવ્ય નથી, અનાર્ય નથી, યુગલિની–(અસંખ્યાત વર્ષના આયુષ્યવાળી પણ) નથી, બધી ક્રૂર નથી, તેમ સ્ત્રીને મોહનો ઉપશમ પણ થાય છે, વળી બધી અશુદ્ધ આચારવાળી નથી, સ્ત્રીને વજ્રઋષભનારાચસંઘયણ પણ હોય છે, તેમ સર્વ સ્ત્રીઓ ધર્મની પ્રવૃત્તિ રહિત નથી, ચૌદે ગુણસ્થાનકને પણ સ્ત્રી સ્પર્શી શકે છે. જ્ઞાનાદિ લબ્ધિઓ પણ સ્ત્રીને પ્રગટે છે, માટે બધી સ્ત્રીઓ એકાન્તે મોક્ષ માટે અયોગ્ય જ નથી, કોઇ મોક્ષને પણ સાધી (પામી) શકે છે.

'सिद्धाणं बुद्धाणं' સૂત્રની આ ત્રણ સ્તુતિઓ શ્રી ગણધરકૃત હોવાથી નિયમા બોલાય છે, તે ઉપરાંત બે ગાથાઓ આવશ્યક ચૂર્ણિમાં કાઉસ્સગ્ગ અધ્યયનમાં 'सेसा जहिच्छाए' એમ કહેલું હોવાથી બોલાય છે, તે ગાથાઓ નીચે પ્રમાણે છે–

"उज्जित–सेल–सिहरे, दिक्खा–नाणं निसीहिया जस्स ।
तं धम्म – चक्कवट्टिं, अरिट्ठनेमिं नमंसामि ॥४॥"

અર્થ– ઉજ્જયંત (ગિરિનાર) પર્વતના શિખરે જેઓની દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણ પણ થયું છે, તે ધર્મચક્રવર્તી શ્રીઅરિષ્ટનેમિ (નેમનાથ) ભગવાનને નમસ્કાર કરૂં છું. ઉત્કૃષ્ટ ચૈત્યવંદનામાં શ્રીનેમનાથ–પ્રભુને નમસ્કાર નામનો આ દશમો અધિકાર જાણવો.

"चत्तारि अट्ठ दस दोय, वंदिआ जिणवरा चउव्वीसं ।
परमट्ठनिट्ठिअट्ठा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥५॥

અર્થ– (અષ્ટાપદ પર્વત ઉપર શ્રીભરતચક્રીએ સિંહનિષદ્યા નામનો પ્રસાદ બનાવીને તેમાં દક્ષિણાદિ દિશાના ક્રમે પ્રતિષ્ઠિત કરેલા) ચાર, આઠ, દશ અને બે, એમ ચોવીસ જિનેશ્વરો, કે પરમાર્થથી જેઓનાં સર્વ અર્થ એટલે પ્રયોજનો નિષ્ઠિત=સમાપ્ત થવાથી સિદ્ધ છે, તેઓ મને સિદ્ધિને-મુક્તિને આપો! ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં અષ્ટાપદ તીર્થની વંદનારૂપ આ અગિયારમો અધિકાર કહ્યો, આ चत्तारि अट्ठ-દશ અને દો પદોનું વિવિધરીતે ગણિત કરવાથી વિવિધ પ્રકારે તીર્થાદિની સ્તવના થાય છે, (તે મૂળ ભાષાંતરના પૃષ્ટ ૪૪૯થી જોવું.)

આ સૂત્રનું શાસ્ત્રીય નામ 'સિદ્ધસ્તવ' છે, તેની સંપદાઓ પદો જેટલી વીસ છે અને વર્ણો એકસો છોત્તેર છે.

હવે ઔચિત્ય ધર્મનું ભૂષણ છે માટે અરિહંતાદિની સ્તવના પછી ઔચિત્યરૂપે તેમના શાસનની અને સંઘની સેવા તથા પ્રભાવના કરનારા દેવોની સ્તુતિ કરે છે

"वेयावच्चगराणं, संतिगराणं, सम्मद्दिट्ठि-
समाहिगराणं, करेमि काउस्सग्गं ॥"

અર્થ– શ્રીજૈનશાસનની સેવા કરનારા ગોમુખ વગેરે યક્ષો, ચક્રેશ્વરી વગેરે યક્ષિણીઓ અને અપ્રતિચક્રા વગેરે વિદ્યાદેવીઓ, કે જેઓ સર્વલોકમાં શાન્તિ કરનારા અને સમકિતદૃષ્ટિ જીવોને સમાધિ (માં સહાય) કરનારા છે માટે તેઓને ઉદ્દેશીને કાયોત્સર્ગ કરું છું. કહીને દેવો અવિરતિ હોવાથી તેમને વંદન પૂજન વગેરે થઇ શકે નહિ, માટે 'વંદણવત્તિયાએ' વગેરે પાઠ છોડી લાગલું જ 'અન્નત્થ' સૂત્ર કહેવું. પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને નમોર્હત્ કહેવા પૂર્વક વૈયાવચ્ચકર દેવ-દેવીની સ્તુતિ કહેવી. ઉત્કૃષ્ટ ચૈત્યવંદનમાં સમકિત-દ્રષ્ટિ દેવોના સ્મરણરૂપ આ બારમો અધિકાર જાણવો. તે પછી ચૈત્યવંદન (યોગ) મુદ્રાએ નીચે બેસીને પૂર્વવત્ 'નમોત્થુણં' સૂત્ર કહી છેલ્લે મુક્તા-શુક્તિ મુદ્રાથી મસ્તકે બે હાથ જોડીને 'જય વીયરાય' વગેરે પ્રાર્થના સૂત્ર નીચે પ્રમાણે કહેવું.

"जय वीयराय! जगगुरु! होउ ममं तुहप्पभावओ भयवं, ।
भव - निव्वेओ मग्गाणुसारिआ इट्ठफलसिद्धि ॥१॥"
लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ।
सुहगुरू - जोगो तव्वयण - सेवणा आभवमखंडा ॥२॥"

અર્થ– હે વીતરાગ! હે જગગુરુ! તમારો જય થાઓ! હે ભગવંત! તમારા પ્રભાવથી (મને) ભવનિર્વેદ, માર્ગાનુસારિતા, ઇષ્ટફળસિદ્ધિ, લોકવિરુદ્ધત્યાગ, ગુરુજનપૂજા અને પરાર્થકરણ,

(એટલાં લૌકિક હિતો, તથા તેના પ્રભાવે) શુભગુરૂનો યોગ, તથા તેમની આજ્ઞાનું પાલન, (એ લોકોત્તર હિતો) જ્યાં સુધી હું સંસારથી મુક્ત ન થાઊં ત્યાં સુધી અખંડ (સતત) પ્રાપ્ત થાઓ !

તેમાં ભગવંતને વીતરાગ અને જગદ્‌ગુરૂ જેવા મહામહિમાવંત રૂપે હૃદયમાં ધારવાથી તેમના પ્રત્યે પ્રગટેલા બહુમાનના પ્રભાવે મિથ્યાત્વાદિ દોષો મંદ પડવાથી પ્રાર્થના સફળ થાય છે. તેમાં સૌ પ્રથમ ભવનિર્વેદ માંગવાનું કારણ એ છે કે સંસારથી છૂટવાની તીવ્ર તાલાવેલી એ જ બધાં હિતનો કે મુક્તિનો પાયો છે, તેના વિના કોઇ ક્રિયા મોક્ષસાધક બનતી જ નથી. તે પછી માર્ગાનુસારિતારૂપી લૌકિક ગુણો કે જેના પ્રભાવે લોકોત્તર ગુણો પ્રગટે છે, પછી ઇષ્ટફળસિદ્ધિ એટલે બાહ્યજીવન માટે જરૂરી નિર્મળ (પુણ્યાનુબંધી) પુણ્યથી મળતી સામગ્રી માગી છે. ભવનિર્વેદ અને માર્ગાનુસરિતા બન્ને પવિત્ર પુણ્યાનુબંધી પુણ્યનાં કારણો છે, માટે એ પવિત્ર પુણ્યથી જેના યોગે ચિત્તમાં પ્રસન્નતા પ્રગટે, સંક્લેશ ન થાય, તેવી શરીર-સંપત્તિ-પુત્ર-પરિવાર વગેરે બાહ્ય સામગ્રી મળે કે જેના પ્રભાવે પ્રાયઃ આર્ત્તરૌદ્રધ્યાન થાય નહિ.

તે પછી આઠ લોક વિરૂધ્ધ કાર્યોનો ત્યાગ, તેમાં ૧. કોઇની પણ અને વિશેષતયા ગુણીજનની નિંદા કરવી, ૨- ભોળા અજ્ઞજીવોની ધર્મમાં થતી ભૂલોની હાંસી કરવી, ૩- લોકમાન્ય સજ્જન પુરૂષોની હલકાઈ કરવી, ૪- જેના વિરોધી ઘણા હોય તેવા સજ્જનનો પણ પ્રગટ સંગ કરવો, ૫- તે તે દેશ-કાળ અને કુળને ઉચિત આચારોનું પાલન ન કરવું, તે આચારોથી વિરુદ્ધ વર્તવું, ૬-પોતાનાં દેશ, કાળ, જાતિ, કુલ, સંપત્તિને ન છાજે તેવો અતિ ઉદ્ભટ કે તુચ્છ વેષ પહેરવો, ૭-દાન-તપ-પરોપકાર વગેરે સુકૃત્યો કરીને (પોતાની વડાઈ જણાવવા) તેને જાહેર કરવાં, ૮-સંત સાધુઓને સંકટ આવે ત્યારે પ્રસન્ન થવું, શક્તિ સામર્થ્ય છતાં તેનો પ્રતિકાર ન કરવો, વગેરે શિષ્ટલોકમાં વિરુદ્ધ ગણાતાં સર્વ લોક વિરુદ્ધ કાર્યોનો ત્યાગ. આ માર્ગણી શાસનની અપભ્રાજનાથી બચવા અને અન્ય જીવોની પ્રીતિ સંપાદન કરવા જરૂરી છે. અપભ્રાજનાનો ત્યાગ અને અન્ય જીવોની પ્રીતિ એ સામાન્ય ધર્મનું લક્ષણ છે.

તે પછી માતા, પિતા, કલાગુરુ તથા તેઓનાં સંબંધી (પિતરાઇઓ મોસાળીયા) અને મિત્રો વગેરે ગુરુજનોની પૂજા, અર્થાત્ વિનય, સત્કાર, સન્માન વગેરે કરવું, એ કૃતજ્ઞતા છે. આ કૃતજ્ઞતા પરોપકારનો પ્રાણ છે, માટે પછી પરાર્થકરણની પ્રાર્થના કરાય છે. વ્યવહારનયે પરોપકાર એ જ સ્વઉપકારનું મૂળ છે, સુખ બીજાને આપીને મેળવી શકાય છે. જગતના સર્વ વ્યવહારો એ રીતે આપવા-લેવારૂપ છે, માટે અનંત તીર્થંકરોએ પ્રથમ દાન ધર્મ ઉપદેશ્યો છે. આ લૌકિક ગુણોથી આત્મામાં લોકોત્તર દેવ-ગુરુ-ધર્મની આરાધના કરવાની યોગ્યતા પ્રગટે છે, માટે તે પછી 'શુભ ગુરુનો યોગ' એટલે ગીતાર્થ, પરોપકારી,

સમકિતવંત, સંવરની ક્રિયાવાળા, સંપ્રદાય (પરંપરા) રૂપ વ્યવહારને માનનારા, યોગાવંચક ક્રિયાવંચક અને ફળાવંચક એ ત્રણ અવંચક ગુણને પામેલા અને શ્રુતજ્ઞાનના સૂક્ષ્મ પર્યાલોચનથી પવિત્ર અનુભવજ્ઞાનને વરેલા, વગેરે ગુણોવાળા શુભગુરુનો યોગ અને પછી કૃતજ્ઞતાથી તેમની આજ્ઞાનું અખંડ પાલન કરી શકાય તેની પ્રાર્થના કરી છે.

આજ્ઞાપાલન એજ ધર્મ કે ધર્મનો પ્રાણ છે. આજ્ઞાપાલન માટે પોતાના આત્માની (ઉપાદાનની યોગ્યતા અને ગુરુનો પુણ્યપ્રભાવ વગેરે નિમિત્ત, બન્નેનું મહત્વ છે, માટે અહીં પ્રથમ શુભગુરુનો યોગ અને પછી તેઓની આજ્ઞાનું પાલન, એ ક્રમથી પ્રાર્થના કરી છે. આ પ્રાર્થના પ્રાયઃ ત્યાગધર્મની અભિલાષારૂપ હોવાથી નિયાણું નથી, અને તે પણ છઠ્ઠા ગુણસ્થાનક સુધી જ કરવાની છે, અપ્રમત્ત ભાવમાં તો બાહ્ય કોઈ અભિલાષા પ્રાયઃ રહેતી નથી, શુભાશુભ બાહ્ય સર્વભાવોમાં નિરપેક્ષતા હોય છે. વર્તમાનમાં આ પ્રાર્થના પછી બે ગાથાઓ બોલાય છે, તે પણ સર્વમાન્ય હોવાથી શુદ્ધપરંપરા રૂપે શાસ્ત્રતુલ્ય જાણવી.

(અહીં સુધી ઉત્કૃષ્ટ ચૈત્યવંદનનો વિધિ કહ્યો, તે ઉપરાંત પણ વર્તમાનમાં કરાતી ચાર અને પાંચ નમુત્થુણં અને બે સ્તુતિ જોડાવાળી પણ ચૈત્યવંદના પૂર્વે જણાવ્યા પ્રમાણે ઉત્કૃષ્ટ વંદના જાણવી)

હવે જિનમંદિર અંગે શ્રાવકનું શેષ કર્તવ્ય કહે છે –

मूल – "आशातनापरिहारः, स्वशक्त्यौचितर्चिंतनम् ।
प्रत्याख्यानक्रियाऽभ्यर्णे, गुरोर्विनयपूर्वकम् ॥"६२॥

અર્થ – આશાતનાનો ત્યાગ કરવો, શક્તિ અનુસારે મંદિર અંગે ઔચિત્ય આચરવું = સંભાળ કરવી અને વિનયપૂર્વક ગુરુની પાસે પચ્ચક્ખાણ કરવું. (તે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે.)

અહીં જિનમંદિરનો અધિકાર છતાં પ્રસંગાનુસાર જ્ઞાનની, દેવની અને ગુરુની, એમ ત્રણેની જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ આશાતનાઓ જણાવીએ છીએ.

આય એટલે જ્ઞાનાદિ ગુણોની પ્રાપ્તિ, તેની શાતના એટલે નાશ કરે તે આય + શાતના = આયશાતના, અને નિર્યુક્તિના ધોરણે યકારનો લોપ કરવાથી આશાતના શબ્દ બને. તેમાં –

જ્ઞાનની આશાતના –

(૧) **જઘન્ય આશાતના** – જ્ઞાનનાં સાધનો પુસ્તક, પાટી, સ્લેટ, કાગળ વગેરેને થૂંક લાગે, પાસે હોય ત્યારે અપાનવાયુ છૂટે, અક્ષર, કાનો, માત્રા વગેરે ન્યૂનાધિક બોલાય, વગેરે.

(૨) **મધ્યમ આશાતના** – અકાળે ભણે, કાળે ન ભણે, ઉપધાન વિના ભણે, ભ્રમથી અર્થ ખોટો કરે, પુસ્તકાદિને પગ લગાડે, નીચે પાડે વગેરે.

(૩) **ઉત્કૃષ્ટ આશાતના** – થૂંકથી અક્ષર ભૂંસે, પુસ્તકાદિ ઉપર બેસે-સૂવે, પુસ્તકાદિ પાસે છતાં ઝાડો-પેશાબ કરે, જ્ઞાન-જ્ઞાનીની નિંદા કરે, ભણવામાં અંતરાય કરે, વિદ્યાગુરુ પ્રત્યે દ્વેષ રાખે, તેમનો ઉપઘાત કરે, પુસ્તકાદિને બાળે, જાણીને ઉત્સૂત્ર બોલે, કાગળમાં ભોજન કરે, ઋતુવંતી પુસ્તકાદિને સ્પર્શ કરે, ઇત્યાદિ આશાતનાઓ જાણવી.

દેવની આશાતના –

(૧) **જઘન્ય આશાતના** – પ્રતિમાને વાળાકુંચી, કળશ વગેરે અથડાય, શ્વાસ લાગે, પોતાના વસ્ત્રનો છેડો વગેરે લાગે, ઇત્યાદિ.

(૨) **મધ્યમ આશાતના** – અશુદ્ધશરીર – વસ્ત્રાદિથી પૂજા કરે, પ્રતિમાને નીચે પાડે, વાળાકુંચી જોરથી ઘસે વગેરે.

(૩) **ઉત્કૃષ્ટ આશાતના** – પ્રતિમાને પગ, શ્લેષ્મ, થૂંક, પસીનો કે પસીનાવાળાં કપડાં લાગે, મૂર્તિ ભાંગે, મૂર્તિ કે તેની પૂજાના અવર્ણવાદ બોલે વગેરે ઉત્કૃષ્ટ આશાતના કહી છે.

અથવા સંખ્યાની અપેક્ષાએ દેવની આશાતનાઓ જઘન્યથી દશ, મધ્યમ ચાલીસ અને ઉત્કૃષ્ટ ચોરાસી કહી છે. તેમાં –

(૧) **જઘન્ય દશ આશાતના** – જિનમંદિરમાં તંબોલ ખાવું, પાણી પીવું, ભોજન કરવું, પગરખાં પહેરવાં, સ્ત્રી સેવન કરવું, સુવું, થૂંક શ્લેષ્મ ફેંકવું, પેશાબ કરવો, ઝાડો કરવો અને જુગાર ખેલવો, એ દશ મોટી આશાતનાઓ અવશ્ય તજવી.

(૨) **મધ્યમ ચાલીસ આશાતનાં** – ૧. પેશાબ, ૨. ઝાડો, કે ૩. સુરાપાન વગેરે કરવું, ૪. જળપાન, ૫. ભોજન, ૬. શયન, ૭. સ્ત્રી સેવન, કે ૮. તંબોળ ભક્ષણ કરવું, ૯, થૂંક – શ્લેષ્મ ફેંકવું, ૧૦, જુગાર ખેલવો, ૧૧. જૂ-માંકડ વગેરે મંદિરમાં વીણવા, ૧૨. વિકથા કરવી, ૧૩. સુખાસન માટે કહેડ બાંધીને કે પલાંઠી જમાવીને બેસવું, ૧૪. લાંબા પગે બેસવું, ૧૫. પરસ્પર વિવાદ (કલહ) કરવો, ૧૬. પરની હાંસી – મશ્કરી કરવી, ૧૭. મત્સર કરવો, ૧૮. મંદિરનાં પાટ – પાટલા, સિંહાસન વગેરે પોતાના નામે પૂજાદિ અંગત કાર્યમાં વાપરવા છતાં નકરો ન આપવો, ૧૯. કેશ સમારવા વગેરે શરીરની ભૂષા કરવી, ૨૦. માથે છત્ર ધરવું, ૨૧. હાથમાં શસ્ત્ર રાખવું, ૨૨. મુગટ પહેરવો, ૨૩. પોતાને ચામર વીંઝાવવા, ૨૪. મંદિરમાં દેણદારને પકડવો કે ત્યાં લાંઘવું, ૨૫. યુવતીઓ સાથે સવિકાર હાસ્યાદિ કરવું, ૨૬. ભાંડ તુલ્ય તુચ્છ રીતે વર્તવું, ૨૭. મુખકોષ બાંધ્યા

વિના કે ૨૮. મલિન શરીર કે વસ્ત્રથી પૂજા કરવી, ૨૯. પૂજામાં મનને ચંચળ કરવું, ૩૦. પુષ્પાદિ સચિત્ત વસ્તુ શરીરે ધારણ કરવી, ૩૧. પહેરેલાં અચિત્ત આભરણાદિ મંદિરે જતાં પહેલાં કે ત્યાં જઇને ઉતારી દેવાં, ૩૨. ઉત્તરાસંગ વિના કે ફાટેલાં વસ્ત્રોથી પૂજા કરવી, ૩૩. પ્રભુનું દર્શન થતાં બે હાથે અંજલી ન જોડવી, ૩૪. અનુકૂળતા છતાં પૂજા ન કરવી, માત્ર દર્શન કરે કે દર્શન પણ ન કરે, ૩૫. શક્તિ છતાં હલકાં પુષ્પ–ચંદન–કેસરાદિ વાપરે, અથવા બીજાનાં વાપરે, કે મુદલ ન વાપરે, ૩૬. પૂજાદિમાં અનાદર કરે, ૩૭. સામર્થ્ય છતાં શાસન વિરોધીને અટકાવે નહિ, ૩૮. દેવદ્રવ્યના નાશ કે દુર્વ્યય પ્રસંગે સામર્થ્ય છતાં રક્ષા ન કરે, ૩૯. મંદિરમાં (કપડાંના પણ) પગરખાં પહેરે અને ૪૦. દ્રવ્ય પૂજા કર્યા વિના જ પ્રથમ ભાવપૂજા કરે, એમ આ ચાલીસ આશાતનાઓ સંબોધ પ્રકરણમાં કહી છે.

(૩) ઉત્કૃષ્ટ ચોરાશી આશાતના– ૧. કફ–પ્રલેષ્મ વગેરે નાખે, ૨. જુગારાદિ ખેલે, ૩. કલહ કરે, ૪. ધનુષ્યબાણ વગેરે કળાઓ શીખે, ૫. કોગળો ફેંકે, ૬. તંબોલ ચાવે, ૭. તેનો ગાળ ફેંકે, ૮. ગાલી પ્રદાન કે અસભ્ય બોલે, ૯. ઝાડો–પેશાબ કરે, ૧૦. હાથ–પગ વગેરે ધોવે, ૧૧. કેશ તથા ૧૨. નખ સમારે, ૧૩. રુધિરનાં છાંટા પાડે, ૧૪. મંદિરમાં પોતાની કે મંદિરની મીઠાઈ ખાય, ૧૫. ત્યાં ગડ–ગુમડ વગેરેની અશુચિ નાખે, ૧૬. ઔષધાદિથી પિત્તને વમે, ૧૭. સામાન્ય વમન કરે, ૧૮. દાંત પરઠવે, ૧૯. શરીર સેવા કરાવે, ૨૦. ગાય, ભેંસ, ઘોડા વગેરેનું દમન કરે, ૨૧ થી ૨૮. દાંત, નેત્ર, નખ, ગંડસ્થલ, નાક, કાન, મસ્તક અને ચામડીના મેલ ઉતારે, ૨૯. લૌકિક મંત્રો સાધે અથવા ગુપ્ત મંત્રણા કરે, ૩૦. પંચ–જ્ઞાતિ કે સંસારનાં કામ માટે સભાઓ ભરે, ૩૧. સાંસારિક લેખો–દસ્તાવેજો કે નામું લખે, ૩૨. ત્યાં રાજ્ય કે લક્ષ્મી વગેરેના ભાગ વહેંચે, ૩૩. પોતાની સંપત્તિની રક્ષા માટે મંદિરમાં રાખે, ૩૪. અવિનયથી અસભ્ય રીતે બેસે, ૩૫–૩૯. છાણાં, વસ્ત્રો, અનાજ કે વડી–પાપડ (અને ઉપલક્ષણથી કોઇપણ પોતાની વસ્તુ) સૂકવે, ૪૦. બીજાના ભયથી ત્યાં સંતાઈ રહે, ૪૧. પુત્રાદિના શોકથી ત્યાં રડે, ૪૨. વિકથા કરે, ૪૩. બાણ વગેરે શસ્ત્રોને કે શેરડીના કોલ વગેરેને ઘડે, ૪૪. પોતાનાં પશુઓને ત્યાં બાંધે–રાખે, ૪૫. અગ્નિથી તાપે, ૪૬. રસોઈ કરે, ૪૭. પોતાનાં વસ્ત્રો–રત્ન–નાણાં વગેરેની ત્યાં પરીક્ષા કરાવે, ૪૮. ત્રણ નિસીહિ ન પાળે, ૪૯ થી ૫૨. રાજાદિ છત્ર, પગરખાં, શસ્ત્ર કે ચામર સહિત મંદિરમાં પ્રવેશ કરે, ૫૩. પૂજાદિમાં મનની એકાગ્રતા ન કરે, ૫૪. શરીરે માલીસ કરે–કરાવે, ૫૫. સચિત્ત પુષ્પો–માળા વગેરે ત્યાં પહેરી રાખે, ૫૬. મંદિરે જતાં પહેરેલાં અચિત્ત ઘરેણાં વગેરે ઉતારીને જાય, ૫૭. દર્શન થતાં જ અંજલી ન જોડે, ૫૮. ઉત્તરાસંગ ન રાખે, અગર ફાટેલું, સાંધેલું કે તુચ્છ રાખે, ૫૯–૬૦. મુગટ કે પુષ્પાદિનો પાઘ (ખુંપ) વગેરે મસ્તકે પહેરી રાખે, ૬૧. મસ્તકે પુષ્પોનો શેખર પહેરી રાખે, ૬૨. હોડ–શરતની રમત રમે, ૬૩. દંડા–ગેડી રમે, ૬૪. સંસારીઓને પરસ્પર

જુહાર કરે, ૬૫. બગલ, મુખ વગેરેથી ભાંડની જેમ અવાજ કે કુચેષ્ટા કરે, ૬૬. કોઇને તિરસ્કારે, ૬૭. મંદિરમાં દેણદારને પકડે કે લાંઘવા બેસે, ૬૮. મારામારી કરે, ૬૯. મસ્તકના કેશ ગૂંથે કે ઓળે, ૭૦. કહેડ બાંધીને ઠકુરાઇથી બેસે, ૭૧. પગે ચાખડી વગેરે પહેરે, ૭૨. અસભ્ય રીતે પગ પસારીને બેસે, ૭૩. મુખથી સીટી વગાડે, અગર પગે પુડપુડી દેવરાવે-ચંપી કરાવે, ૭૪. હાથ-પગ વગેરે ધોઇને ત્યાં અશુચિ કરે, ૭૫. પગની રજ ત્યાં ખંખેરે, ૭૬. સ્ત્રી સંભોગ કરે, ૭૭. માંકડ-જૂ વગેરેને ત્યાં ઉતારે, ૭૮. ભોજન કરે, ૭૯. લિંગને વિકારી કરે, અથવા દૃષ્ટિયુદ્ધ-વાગ્યુદ્ધ વગેરે યુદ્ધ કરે, ૮૦. ઔષધ કરે-કરાવે, ૮૧. ખરીદ-વેચાણ વગેરે વ્યાપાર કરે, ૮૨. શય્યામાં સૂવે, ૮૩. પીવાનું પાણી ત્યા રાખે, પીવે, કે મંદિરની પરનાળ વગેરેથી વરસાદનું પાણી ઝીલે અને ૮૪. ત્યાં સ્નાન કરે. આ આશાતનાઓ પ્રવચન સારોદ્ધારમાં કહી છે. (તત્ત્વથી દશ મોટી આશાતનાનો વિસ્તાર ચાલીસ અને ચોરાશીની સંખ્યા છે, તે નાની મોટી સર્વ આશાતનાઓ જિનમંદિરમાં તજવી જોઇએ.)

ચૈત્યવંદન બૃહદ્ભાષ્યમાં તો જિનમંદિરમાં ૧. અવજ્ઞા કરવી, ૨. પૂજાદિમાં અનાદર કરવો, ૩. તંબોલાદિ ભોગ કરવો, ૪. મનથી દુષ્પ્રણિધાન કરવું અને ૫. અનુચિત વર્તન કરવું, એ પાંચ જ આશાતનાઓ કહી છે, તો પણ તત્ત્વથી તે પાંચ સઘળી આશાતનાઓના સંક્ષેપરૂપ છે. વધારે શું કહેવું ? અતિ વિષયાસક્ત અને અવિરતિ દેવો પણ જિનમંદિરમાં અપ્સરાઓ સાથે ભક્તિ કરવા છતાં લેશ પણ હાસ્ય, ક્રીડા, કે અસભ્ય ભાષણ પણ કરતા નથી. આ આશાતનાઓ ગૃહસ્થે અને સંભવ હોય તે તે સાધુએ પણ તજવી જ જોઇએ. પ્રવચન સારોદ્ધારમાં તો કહ્યું છે કે- આશાતના ભવભ્રમણનું કારણ હોવાથી મુનિઓ મલમલિન ગાત્ર વસ્ત્રાદિના કારણે જિનમંદિરમાં ચૈત્યવંદનાદિ પૂર્ણ થતાં રોકાતાં નથી, તુર્ત નીકળી જાય છે.

ગુરુ તથા સ્થાપનાચાર્યની આશાતનાઓ-

તે પણ જઘન્યાદિ ભેદે ત્રણ પ્રકારની છે, તેમાં-

(૧) **જઘન્ય**- ગુરુને પગ વગેરેનો સ્પર્શ થવાથી.

(૨) **મધ્યમ**- થૂંક, શ્લેષ્મ, વગેરેનો અંશ પણ લાગવાથી અને

(૩) **ઉત્કૃષ્ટ**- આજ્ઞાનું અપાલન, ભંગ, વિપરીત વર્તન, કે કઠોર શબ્દોથી અપમાનાદિ કરવાથી આશાતના થાય છે. સંખ્યાથી તેત્રીસ કહી છે, તે ગુરુવંદન અધિકારમાં કહીશું.

ગુરુની જેમ સ્થાપનાચાર્યની પણ આશતના ત્રણ પ્રકારની છે. તેમાં-

(૧) **જઘન્ય**- સ્થાપનાજીને વાર વાર જ્યાં ત્યાં ફેરવવાથી કે મેલું વસ્ત્ર-પગ વગેરે લાગવાથી.

(૨) **મધ્યમ**– નીચે પડી જવાથી અને પધરાવવા બાંધવા વગેરેમાં અવજ્ઞા કરવાથી.

(૩) **ઉત્કૃષ્ટ**– ભાગવાથી કે કોઈ રીતે નાશ કરવાથી ઉત્કૃષ્ટ આશાતના થાય છે.

ઉપલક્ષણથી જ્ઞાનોપકરણની જેમ દર્શનના અને ચારિત્રનાં ઉપકરણોની પણ આશાતના તજવી, કારણ કે કોઇ પ્રસંગે ગુરુ કે સ્થાપનાચાર્યના અભાવે દર્શન, જ્ઞાન અને ચારિત્રનાં ઉપકરણોમાં ગુરુની સ્થાપના કરવાનું વિધાન છે, માટે ઓઘો, ચરવળો, દાંડો, દાંડી, વગેરે વસ્તુઓ તે તે આરાધનાના કાર્યમાં જ વાપરવી. અન્ય કાર્યમાં વાપરવાથી આશાતના થાય. મહાનિશીથમાં અધો વસ્ત્ર (ચોલ પટ્ટો) કપડા, કામળી, રજોહરણ, દંડો, વગેરેને અવિધિથી વાપરવાનું પ્રાયશ્ચિત્ત કહ્યું છે. માટે ગૃહસ્થોએ પણ ચરવળો, મુહપત્તિ, કે જ્ઞાન–દર્શનનાં (પૂજા વગેરેનાં) ઉપકરણોનો વિધિથી ઉપયોગ કરવો, જ્યાં ત્યાં, કે જેમ તેમ મૂકી નહિ દેતાં આદરપૂર્વક યથાસ્થાને મૂકવાં, કારણ કે ધર્મનાં સાધનોને પણ સાધ્યના ઉપચારથી ધર્મ કહેવાય છે. આ આશાતનાઓમાં **ઉત્સૂત્ર ભાષણ, દેવ કે ગુરુની અવજ્ઞા, અપમાન વગેરે અનંત સંસારનું કારણ હોવાથી તેનો પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો જોઇએ.**

ઉપદેશપદ ગાથા–૪૨૩ માં કહ્યું છે કે– ઉત્સૂત્રભાષીને બોધિનો નાશ તથા અનંત સંસાર ભ્રમણ થાય છે, માટે ધીર પુરુષો પ્રાણાન્તે પણ ઉત્સૂત્ર બોલતા નથી, વળી તીર્થંકરની, પ્રવચનની, આચાર્યની, ગણીની, અને મહર્દ્ધિકની આશાતના કરનાર પણ અનંત સંસારી થાય છે.

એ રીતે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, ગુરુદ્રવ્ય કે ગુરુનાં વસ્ત્ર–પાત્રાદિ ઉપકરણોનો નાશ કરવાથી તથા પોતે રક્ષા માટે જવાબદાર છતાં, છતા સામર્થ્યે ઉપેક્ષા કરવાથી મોટી આશાતના થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે– **દેવદ્રવ્યનો નાશ, મુનિઘાત, શાસનની અપભ્રાજના અને સાધ્વી સાથે વ્રતભંગ કરનારને ધર્મના મુળભૂત બોધમાં અંગારો મુકાય છે.** તેમાં દેવદ્રવ્યનું ભક્ષણ કરવું કે બીજી રીતે તેનો નાશ થતો જાણવા છતાં ઉપેક્ષા કરવી, તે પણ તેનો નાશ કરવા તુલ્ય છે, દર્શનશુદ્ધિ પ્રકરણાદિમાં કહ્યું છે કે– જે મૂઢમતિ દેવદ્રવ્ય કે સાધારણ (વગેરે ધાર્મિક) દ્રવ્યનું દોહન (એટલે તેનાથી કમાણી) કરે છે, કે તેનો દ્રોહ = નાશ કરે છે, તે ભાવિકાળે મૂઢમતિ=નિર્બુદ્ધિ થાય છે અને પૂર્વે આયુષ્ય ન બાંધ્યું હોય તો નરકમાં જાય છે, તેમાં દેવદ્રવ્ય તો પ્રસિદ્ધ છે.

સાધારણ દ્રવ્ય એટલે મંદિર, મૂર્તિ, પુસ્તકો, ઉપાશ્રયો, કે આપત્તિવાળા શ્રાવક–શ્રાવિકાઓના ઉદ્ધાર માટે શ્રીમંત શ્રાવકોએ એકઠું કરેલું દ્રવ્ય : (તે બીજા કામમાં વપરાય નહિ.) **સાધુની પણ જવાબદારી કહી છે કે**– બે પ્રકારનું દેવદ્રવ્ય, તેમાં એક સોનું, રૂપું, નાણું, વગેરે અને બીજું તે સિવાયનું, તે પણ બે પ્રકારનું છે, એક નવું ખરીદેલું અને બીજું જુનું ઉતરેલું–કાષ્ટ–પથ્થર–ઈંટો વગેરે, અથવા બીજી રીતે બે પ્રકારનું એટલે એક

થાંભા, કુંભીઓ, બારસાખ, વગેરે મૂળદ્રવ્ય અને બીજું છત વગેરે ઉત્તર દ્રવ્ય = એમ પણ બે પ્રકારના દેવદ્રવ્યના નાશમાં, અથવા 'બે પ્રકારે નાશ' એ અર્થમાં જૈનો તથા અજૈનોથી નાશ પામતા દેવદ્રવ્યમાં ઉપેક્ષા કરનાર શ્રાવક તો શું ? સર્વસાવદ્યનો ત્યાગી સાધુ પણ ઉપેક્ષા કરે, ઉપદેશાદિ દ્વારા તેનું રક્ષણ ન કરે, તો તે પણ અનંત સંસારી થાય.

પ્રશ્ન– સર્વ સાવદ્યનો ત્રિકરણ યોગથી ત્યાગ કરનાર સાધુને દેવદ્રવ્યની રક્ષા કરવી કેમ ઘટે ? **ઉત્તર– સાધુને રાજા કે શ્રીમંતાદિને આદેશ–આજ્ઞા કરીને ઘર–ગામ કે બીજું પણ નવું દ્રવ્ય મેળવવાનો અધિકાર નથી,** પણ કોઈ સરળ પરિણામી ધાર્મિક મનુષ્યોએ પહેલાં આપેલું હોય, કે બીજી રીતિએ ભેગું થયું હોય, તેની રક્ષા કરે તો સાધુને કોઈ દોષ નથી, ઉલટું જિનાજ્ઞા પાલનનું ફળ મળે. **પંચકલ્પભાષ્યમાં** કહ્યું છે કે– **જે સાધુ સ્વયં ધનની માગણી કરે તેને દોષ લાગે, પણ એકઠા થયેલા દેવદ્રવ્યનો નાશ થતાં તેની રક્ષામાં ઉપેક્ષા કરે તો તે તત્ત્વથી દેવની અભક્તિ છે,** માટે સાધુ કે શ્રાવક ઉભયે પોતાની મર્યાદા પ્રમાણે દેવદ્રવ્યનો નાશ કે દુર્વ્યય થતો અટકાવવા સર્વબળ અને ઉપાયો કરવા જોઈએ. વ્યવહારભાષ્યમાં કહ્યું છે કે– જો ગૃહસ્થ દેવદ્રવ્યનું સ્વયં ભક્ષણ કરે, કે સાધુઓને આપે, તો તે લેનાર–દેનાર બન્ને જિનાજ્ઞાના ભંજક બને, ઉપરાંત અનવસ્થા દોષ લાગે, શ્રાદ્ધદિનકૃત્ય ગા. ૧૪૨ થી કહ્યું છે કે– દેવદ્રવ્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોની પ્રભાવનાનું કારણ અને જિનપ્રવચન (શાસન)ની વૃદ્ધિ કરનાર છે, માટે તેનું ભક્ષણ કરનાર અનંત સંસારી થાય છે, રક્ષણ કરનાર અલ્પ સંસારી થાય છે અને વૃદ્ધિ કરનાર તીર્થંકરપણાને પામે છે.

દેવદ્રવ્ય એ પૂજનીય છે, ઉત્તમ છે, તો તેની વૃદ્ધિ પણ સત્ય વ્યવહારથી જ કરવી જોઈએ. કહ્યું છે કે– કેટલાક મોહમુઢ અજ્ઞાની જીવો જિનઆજ્ઞાથી વિપરીત રીતે (અન્યાય, અનીતિ, લોભ મુઢતાથી) દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારા સંસાર સમુદ્રમાં ડુબે છે.

કેટલાક ગ્રન્થકારો તો એમ પણ માને છે કે– **અન્ય ધર્મીઓને પણ દેવદ્રવ્ય ધીરીને કે બદલામાં અધિક કિંમતનું ઘરેણું લઇને પણ અધિક વ્યાજ લેવું તે પણ વ્યાજથી નથી.**

તથા (તીર્થમાળ વગેરે) માળા પહેરવા વગેરેમાં જે ઉછામણી બોલાય, તે દેવદ્રવ્ય હોવાથી તુર્ત આપી દેવું જોઈએ. વિલંબે આપે તો (વ્યાજનું) ભક્ષણ થવાથી ઉપર કહ્યા તે દોષો લાગે. તત્કાલ આપી શકાય તેમ ન હોય તો સંઘ સમક્ષ પખવાડીયું, વગેરે મુદત બાંધી મુદત પ્રમાણે આપવું જોઈએ, અન્યથા ઉપર કહ્યા તે દોષો લાગે.

વિશેષમાં દેવ માટેનાં વાજિંત્રો પણ સંઘ કે ગુરૂની આગળ વગાડાય નહિ, કેટલાકના મતે ખાસ વિશેષ કારણે સવિશેષ ભાડું આપીને વપરાય. કહ્યું છે કે– **જે મૂઢ વિના મુલ્યે જિનેશ્વરનાં ચામર, છત્ર, કળશ, વગેરે પોતાના નામે ધર્મકાર્યમા વાપરે તે પણ અવશ્ય દુઃખી થાય છે. નકરો ભાડુ આપીને વાપરતાં પણ કોઇ વસ્તુ ભાંગે તુટે તો પોતાના ખર્ચે સમરાવીને કે નવી કરાવીને આપવી જોઇએ. તથા પોતાનો દીપક માત્ર દેવદર્શન કરવા પૂરતો જ લાવ્યા હોય, તો મંદિરમાં લાવવા છતાં તે દેવદીપક ગણાય નહિ.** પૂજા કરવાના ઉદ્દેશથી દેવની આગળ ધર્યો કે મૂકયો હોય તે દેવદીપક ગણાય, કારણ કે સર્વત્ર પરિણામની પ્રધાનતા માની છે. (અર્પણ કરે તો દેવદ્રવ્ય કહેવાય.)

એ ન્યાય જ્ઞાન દ્રવ્ય માટે પણ સમજવો. માટે સાધુને આપેલા કાગળો, પાનાં, પેન વગેરે પણ ગૃહસ્થે પોતાના કામમાં વાપરવાં નહિ.

સાધુ–સાધ્વીના ઉપકરણો માટે પણ એ જ ન્યાય સમજવો. શ્રાદ્ધજિત કલ્પમાં કહ્યું છે કે– ગુરુનાં મુહપત્તિ, આસન, વગેરે વાપરવાથી ગૃહસ્થને ભિન્નમાસ પ્રાયશ્ચિત્ત લાગે, તેઓનું જળ વાપરવાથી ષડ્લઘુ, અન્ન વાપરતાં ચતુર્ગુરૂ, વસ્ત્રાદિક વાપરનારને ષડ્લઘુ અને વિક્રમાદિત્યની જેમ તેઓની નિશ્રાવાળું (સાધુને આપવા નક્કી કરેલું) સુવર્ણાદિ વાપરવાથી ષડ્ગુરુ પ્રાયશ્ચિત લાગે. (ચતુર્લઘુ વગેરે પ્રાયશ્ચિતનાં શાસ્ત્રીય માપો છે.)

ગુરૂદ્રવ્યના બે પ્રકારો છે– એક વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી વગેરે **ભોગ્યદ્રવ્ય** અને બીજું તેમની પૂજાદિ પ્રસંગે ગૃહસ્થે ભેટ આપવાથી એકઠું થયેલું સોનામહોર, હીરા, માણેક વગેરે, આ બન્ને પ્રકારનું ગુરૂદ્રવ્ય શ્રાવકથી વપરાય નહિ.

સાધારણદ્રવ્ય પણ શ્રીસંઘે વાપરવા આપ્યું હોય, તો જ શ્રાવક પોતાના કાર્યમાં વાપરી શકે, માટે શ્રાવકે પોતાનું ધન મુખ્યતયા સાધારણ ખાતે આપવામાં વિશેષ લાભ છે, કારણ કે તે જ્યાં જ્યાં જરૂર હોય તે તે સર્વ ક્ષેત્રોમાં ઉપયોગી બને.

શ્રાવકે ધર્મમાર્ગે ખર્ચવા નક્કી કરેલું પણ ધન જુદું રાખવું, તે ધનથી પોતે ભોજન, દાન, વગેરે કરી શકે નહિ, કરે તો સ્પષ્ટ રીતે ધાર્મિકદ્રવ્ય ભક્ષણનો દોષ લાગે. માટે જેઓ ધર્મમાર્ગે ખર્ચવા નક્કી કરેલા ધનને પોતાની તીર્થયાત્રામાં રેલભાડું, ભોજન વગેરેમાં વાપરે છે, તે મૂઢ આત્માઓની કયી ગતિ થાય ? અર્થાત્ દુર્ગતિ થાય. પોતાના કે પોતાના સ્વજન–સંબંધીઓ સિવાયના ધર્મસંબંધવાળા અન્ય સાધર્મિકને તીર્થયાત્રાદિ કરાવે, તેઓને ભોજન કરાવે, ભાડુ વગેરે આપી શકે.

પોતાના નામે આડંબરથી કરાતાં ઉજમણાં, ઓચ્છવો, વગેરેમાં વપરાતી દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, કે સાધારણદ્રવ્યથી બનેલી અનેક વસ્તુઓનું પૂર્ણ ભાડું (નકરો) ન આપે કે અલ્પ માત્ર આપે, તો તે તે ખાતાની તે વસ્તુઓથી લોકમાં પોતાની યશકીર્તિ ગવરાવવાનો દોષ લાગે જ. માટે પૂર્ણ નકરો આપવો અને (ઉદ્યાપનાદિમાં) પોતાની પ્રશંસાનું ધ્યેય ન રાખતાં શ્રી જૈન શાસનની પ્રભાવનાનું લક્ષ્ય રાખવું.

વર્તમાનમાં જે નામનાના મોહથી કીર્તિદાન વગેરે થઈ રહ્યું છે, તેમાંથી આત્માર્થીએ બચી જવું ખૂબ જ જરૂરી છે. આ ચેપ વધીને પૂજ્ય સાધુ-સાધ્વી વર્ગ સુધી પણ ફેલાતો જાય છે, તે સકળ સંઘ અને શાસનને ખૂબ હાનિકર્તા છે.

અન્ય શ્રાવકે ધર્મકાર્યોમાં ખર્ચવા આપેલું દ્રવ્ય પણ વહીવટદારોએ તે તે દાતાના નામની જાહેરાતપૂર્વક તે તે કાર્યમાં ખર્ચવું. સામુદાયિક ટીપ કે ખરડાથી ભેગું કરેલું દ્રવ્ય પણ તે રીતે તેને જાહેર કરીને ખર્ચવું, નહિ તો વહિવટકર્તાની કીર્તિ ગવાય, તેથી તે દેવાદાર બને, પુણ્યને બદલે ચોરીનો દોષ લાગે.

સ્વજનાદિના અંતકાળ સમયે તેમના નામે ધર્મમાર્ગે ખર્ચ કરવા કહેલું ધનપણ તેમની સ્વસ્થતામાં સંઘ સમક્ષ એ રીતે કહેવું કે અમુક રકમ અમુક મુદતમાં અમુક ધર્મકાર્યમાં તમારી વતી ખર્ચીશું. માટે તમે તેની અનુમોદના કરો. તેના અવસાન પછી કહેલી મુદત સુધીમાં મરનારના નામે જાહેરાત પૂર્વક તે ખર્ચી દેવું, પોતાનું કે બીજાનું નામ અપાય નહિ.

અમારી દ્રવ્ય (જીવદયા, ખોડાંઢોર, પક્ષીની ચણ, વગેરે માટેનું દ્રવ્ય) દેવના કે બીજા કોઇના ઉપયોગમાં વપરાય નહિ (તેમ કરતાં તે જીવોને ભાત-પાણીનો અંતરાય થવાથી, વાપરનારને ભોગાંતરાય વગેરે કર્મબંધ થાય અને મરતા જીવોને બચાવી ન શકવાથી હિંસા દોષ લાગે.)

(રસ્તે પડેલું, કોઈનું રહી ગયેલું, ખોવાયેલું, વગેરે ધન ધર્મબુદ્ધિથી પણ ભંડાર વગેરેમાં નંખાય નહિ. માલિકની અનુમતિ વિના અદત્તાદાન લાગે, અને અનુચિત રીતે વધારેલું તે ધાર્મિક દ્રવ્ય આખરે નાશ પામે, વગેરે સ્વબુદ્ધિથી વિવેક પૂર્વક વિચારવું.)

એમ સર્વ ધર્મકાર્યોમાં આશાતના ટાળવા વિવેકી બનવું. નિષ્પક્ષ-મધ્યસ્થ એવી નિર્મળબુદ્ધિ ધર્મનો પાયો છે. રાગ-દ્વેષ, કે મમતા, મૂર્છા, લોભ, અજ્ઞાન વગેરેથી કરાતી ધર્મ-પ્રવૃત્તિ પણ અધર્મરૂપ બને છે.

ચાલુ મુળ બાસઠમી ગાથામાં કહેલા 'આશાતના પરિહાર' પદનું વર્ણન કર્યું, હવે ઔચિત્ય અંગે કહ્યું છે કે-

દરેક ધર્મ કાર્યો–કરનારની શક્તિ; સંપત્તિ; યોગ્યતા અને સ્વજનાદિના સહકાર વિગેરેથી શોભે છે; માટે ચૈત્ય સંબંધી કાર્યો પણ પોતાની શક્તિ વગેરેને અનુસારે કરવાં. તેમાં ધનવાન શ્રાવક તો પોતાના ધનથી કે નોકરો દ્વારા પણ મંદિરનું પ્રવેશદ્વાર; આજુબાજુનો; ઉપર-નીચેનો વગેરે ભાગ; મંડપો; સ્તંભો; તોરણો; પુતલીઓ; કે ગોખ વગેરે વાર વાર જયણાથી સાફ (શુદ્ધ) કરે–કરાવે, પ્રતિમાઓને, તેનાં પરિકરો વગેરેને ઓપ–ઉટકણું કરે–કરાવે, સુંદર અંગરચના, દીવાની રોશની, કરે–કરાવે, અક્ષત, નૈવેદ્ય, વગેરેનું રક્ષણ તથા ચંદન, કેસર, ધૂપ માટે ઘી વગેરેનો સંગ્રહ કરે, તેને યોગ્ય સ્થળે જયણાથી સાચવે, દેવદ્રવ્યાદિની ઉઘરાણી કરવી, ધાર્મિક દ્રવ્ય સારી રીતે સાચવવું, તેની વિધિપૂર્વક વૃદ્ધિ કરવી, આવક–જાવક કે લેવડ–દેવડનો હિસાબ સ્પષ્ટ રાખવો, જ્યારે તેનો જ્યાં ઉપયોગ–અર્પ કરવાનો હોય ત્યારે તે વિવેકથી કરવો, પૂજારી, નોકરો વગેરે સારા સ્વભાવના ભક્તિવંત અને સારા કુળના રાખવા અને તે પણ બને તો પોતાના ખર્ચથી જ તેમને સંતોષ થાય તેટલા સારા પગારથી રાખવા, તેમ ન બને તો સંઘના સાધારણ ખાતાથી રાખવા. (દેવદ્રવ્ય આપવાથી શ્રાવક દેવદ્રવ્યનો ભક્ષક અને અંતે દરિદ્ર બને) માટે સર્વ કાર્યો ઉચિત રીતે કરવાં–કરાવવાં. ધનવાન અંગે આ રીત ઉચિત છે. સામાન્ય શ્રાવક તો સ્વયં, જાતથી કે પરિવાર દ્વારાથી જે જે શક્ય હોય તે વિના સંકોચે, કેવળ આત્મ કલ્યાણ માટે કરે, તેમાં પણ સ્વલ્પ સમયમાં થઈ શકે તેવાં કાર્યો તો બીજી નિસીહિ કહ્યા પૂર્વે જ કરે અને વધુ સમય લાગે તેવાં કાર્યો યથાસમય કરે–કહ્યું છે કે **"તે જ્ઞાન છે, તે વિજ્ઞાન છે, તે કળા–કૌશલ્ય છે, તે બુદ્ધિ છે અને તત્ત્વથી તે જ પ્રયત્ન છે કે જે દેવના કાર્યમાં વપરાય."**

જીર્ણ મંદિરનો ઉદ્ધાર– તો ઘણાજ પુણ્યનું કાર્ય છે. કહ્યું છે કે જિનમંદિરનો જીર્ણોદ્ધાર કરનારે વસ્તુતઃ તો પોતાનો, પોતાના વંશનો અને તેની અનુમોદના કરનારા પણ બીજા અનેક ભવ્ય પ્રાણીઓનો ઉદ્ધાર કર્યો છે. નીચ ગોત્રનો નાશ કરી ઉચ્ચ ગોત્ર બાંધ્યું છે અને દુર્ગતિનો નાશ કરી સદ્ગતિ પ્રાપ્ત કરી છે. જીર્ણોદ્ધારથી આ લોકમાં નિર્મળકીર્તિ વિસ્તરે છે, અને તે બીજા ભવ્ય જીવોને માર્ગદર્શક (પ્રેરક) બને છે. જીર્ણોદ્ધાર કરાવનાર કોઇ તે જ ભવમાં મુક્તિને પામે છે, તો કોઇ સ્વર્ગમાં ઇન્દ્ર કે સામાનિક (મહર્દ્ધિક) દેવ બની બીજા ભવે મનુષ્ય થઇ મુક્તિને પામે છે. સર્વત્ર પ્રભુભક્તિનું, શાસનભક્તિનું અને વૈરાગ્યનું લક્ષ્ય એ ધર્મના પ્રાણ છે.

એ રીતે ધર્મશાળા (ઉપાશ્રય–પૈષધશાળા) જ્ઞાનમંદિર, તથા ગુરુ અને જ્ઞાનનાં (તથા સંઘનાં) કાર્યોમાં પણ શક્તિ પ્રમાણે ઉદ્યમ કરવો. કારણ કે મંદિર, મૂર્તિ, જ્ઞાન, ગુરુ, અને સંઘ વગેરે સાતે ક્ષેત્રોની સંભાળ શ્રાવકને જ કરવાની છે.

એ રીતે ઔચિત્ય અંગે કહ્યું. હવે ઉત્તરાર્દ્ધમાં કહેલ વિનયપૂર્વક ગુરુ પાસે પચ્ચક્ખાણ કરવા અંગે કહે છે કે– જિનપૂજા કર્યા પછી જો સાધુ ભગવંત દેવદર્શન કે સ્નાત્ર મહોત્સવાદિ

નિમિત્તો જિનમંદિરે આવ્યા હોય અને ધર્મોપદેશ કરવા રોકાયા હોય તો ત્યાં, અન્યથા તેઓ જ્યાં હોય ત્યાં ઉદ્યાન, ઉપાશ્રયાદિ સ્થળે જઇને શ્રી જિનમંદિરની જેમ ત્યાં પણ ત્રણ નિસીહિ તથા પાંચ અભિગમને સાચવવા પૂર્વક પ્રવેશ કરીને તેઓની પાસે (સાડા ત્રણ હાથ અવગ્રહની બહાર) રહીને (ગુરૂવંદનમાં કહીશું તે) વિધિથી વંદન વગેરે વિનય કરીને દેશના સાંભળવા પૂર્વે કે પછી, દેવસાક્ષીએ કર્યું હોય તેથી અધિક કે તે જ પચ્ચક્ખાણ ગુરૂ મુખે કરે. પચ્ચક્ખાણ આત્માની, ગુરૂ અને દેવની સાક્ષીએ કરવાનું હોવાથી ગુરૂ સાક્ષીએ તે અવશ્ય કરવું. કારણ કે દરેક ધર્મક્રિયા ઔચિત્ય સચવાય તેમ ગુરૂ સાક્ષીએ કરવાની જિનાજ્ઞા છે. ગુરૂ સાક્ષીએ પચ્ચક્ખાણ કરવાથી ૧. પોતાના પરિણામો દ્રઢ થાય છે. ૨. જિન આજ્ઞાનું પાલન થાય છે, ૩- ગુરૂ મુખે વચન શ્રવણથી આશય નિર્મળ થતાં ક્ષયોપશમ વધી જાય છે અને ૪- ક્ષયોપશમ વધવાથી પચ્ચક્ખાણની (ધર્મની) વૃદ્ધિ થાય છે. માટે પચ્ચક્ખાણની જેમ બીજા પણ નિયમો ગુરૂનો યોગ હોય તો ગુરૂ સાક્ષીએ કરવા.

અહીં ચૈત્યવંદન અધિકાર પૂર્ણ થયો.



અથ દિનચર્યામાં ગુરુવંદન અધિકાર.

હવે ચાલુ ૬૨ મી ગાથાના ચોથા પાદમાં કહેલો ગુરૂવંદનનો અધિકાર વર્ણવે છે-

પચ્ચખ્ખાણ વિનયપૂર્વક કરવું, તે વિનય ગુરુવંદનથી થાય, માટે હવે ગુરૂવંદનનું સ્વરુપ કહે છે, ગુરૂવંદન ત્રણ પ્રકારે થાય છે.

૧. ફિટ્ટાવંદન— મસ્તક નમાવવા (પૂર્વક 'મત્થએણ વંદામિ' કહેવા) થી થાય, આ સર્વ જઘન્યગુરુવંદન ચતુર્વિધ સંઘમાં પરસ્પર કરવાનું છે, તેમાં સાધુએ સર્વ સાધુઓને, સાધ્વીએ સર્વ સાધુઓ તથા સર્વ સાધ્વીઓને શ્રાવકે સર્વ સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકાઓને, તથા શ્રાવિકાએ પણ એ ચારે પ્રકારના સંઘને કરવું.

૨. થોભ (છોભ) વંદન— પાંચે અંગોથી પૂર્ણ ખમાસમણ દેવાથી થાય. આ વંદન સાધુએ વડીલ સાધુઓને, સાધ્વીએ સર્વ સાધુઓને તથા વડીલ સાધ્વીઓને, શ્રાવકે સર્વ સાધુઓને અને શ્રાવિકાએ સર્વ સાધુઓ તથા સાધ્વીઓને કરવું. **(સાધ્વી ગુણાધિક છતાં વ્યવહારનયે ધર્મ પુરુષ પ્રધાન હોવાથી શ્રાવક સાધ્વીઓને થોભવંદન કરી શકે નહિ, એજ ન્યાયે વિદુષી પણ સાધ્વીનું વ્યાખ્યાન પુરૂષ સાંભળે તો જિનાજ્ઞાભંગ વગેરે વિરાધના થાય.)**

૩. દ્વાદશાવર્તવંદન— બે વાર વંદન (વાંદણાં) દેવા વગેરેથી થાય. આ વંદન સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુવિધિ સંઘે પણ માત્ર (પાંચ)પદસ્થોને કરવાનું છે. તેમાં વિશેષ એ છે કે અપદસ્થ સાધુએ સર્વ પદસ્થોને અને પદસ્થ સાધુએ વડીલ પદસ્થોને કરવું.

જેઓએ પ્રતિક્રમણ ગુરુ સાક્ષીએ ન કર્યું હોય, સ્થાપના ગુરુ સામે કર્યું હોય, તેઓ વિધિપૂર્વક દ્વાદશાવર્ત વંદન કરવુ,, તેનો વિધિ ગુરૂવંદન ભાષ્યમાં નીચે પ્રમાણે કહ્યો છે.

પ્રથમ ઇરિ૰ પ્રતિ૰ કરી દિનકૃત્યના પ્રારંભમાં કહ્યા પ્રમાણે કુસુમિણદુસુમિણનો કાયોત્સર્ગ કરે, પછી જગચિંતામણીથી જય વીયરાય સુધી ચૈત્યવંદન કરે. પછી આદેશ માંગી મુહપત્તિ પડિલેહણ કરીને બે વાંદણા આપે પછી "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ રાઇયં આલોઉં?" એમ આદેશ માગી "ઇચ્છં, આલોએમિ જો મે રાઇઓ અઇયારો૰" પૂર્ણ કહી 'સવસ્સવિ' વગેરે કહી રાત્રિની આલોચના કરે (આ આલોચના લઘુપ્રતિક્રમણ રૂપ છે.) પછી બે વાંદણાં આપી, રાઇ અબ્ભુટ્ઠિઓથી ગુરુને ખમાવી પુનઃ બે વાંદણાં આપે. પછી પચ્ચક્ખાણનો આદેશ માગી દિવસનું પચ્ચક્ખાણ કરે અને ચાર ખમાસમણ પૂર્વક 'ભગવાન્ હં' વગેરે ચારને થોભવંદન કરે. છેવટે સજ્ઝાયના બે આદેશો માંગી (સજ્ઝાય સ્વાધ્યાય અધ્યયન) કરે. આ દ્વાદશાવર્તવંદનરૂપ લઘુ રાઇપ્રતિ૰ જાણવું.

એ રીતે સાંજે પણ ઈરિ૦પ્રતિક્રમણ કરી, ખમા૦દઈ, ચૈત્યવંદન કરી, ખમા૦પૂર્વક આદેશ માગી, દેવસિ મુહપત્તિ પડિલેહવી. પછી બે વાંદણા આપી દિવસચરિમં વગેરે સાંજનું પચ્ચક્ખાણ કરવું. પુનઃ બે વાંદણાં દઈ, ઇચ્છા૦ સદ્દિ૦ ભગ૦ દેવસિયં આલોઉં ? વગેરે કહી "જો મે દેવસિઓ૦" વગેરે સવ્વસ્સવિ૦ સુધી કહી દૈવસિક આલોચનારૂપ લઘુ પ્રતિક્રમણ કરવું. પછી બે વાંદણાં દઇને દેવસિઅ-અબ્ભુટ્ઠિઓ કહી ગુરૂને ખમાવી ચાર ખમા૦પૂર્વક 'ભગવાન્ હં' વગેરેથી ચારને થોભવંદન કરવું. પછી આદેશ માગવાપૂર્વક દૈવસિક પ્રાયશ્ચિત્તનો એકસો શ્વાસોચ્છ્વાસનો કા૦ઉ૦ કરી છેલ્લે સજ્ઝાયના બે આદેશ માગી સજ્ઝાય કહેવી. સાંજનું પ્રતિ૦ પણ સકારણ માંડલીમાં નહિ કરનારને આ વિધિ પ્રતિ૦ કર્યા પહેલાં ગુરૂની પાસે કરવો. (બન્ને વિધિમાં પ્રત્યેક આદેશ પૂર્વે ખમાસમણ દેવું અને પછી 'ઇચ્છ' કહી સ્વીકાર કરવો.)

આ દ્વાદશાવર્ત્ત વંદનમાં કરવાનાં ૧૯૮ સ્થાનો કહીએ છીએ (ભાષ્યમાં ૪૯૨ સ્થાનો છે, પણ કેટલાંક દ્વારો અધિક કહેલાં હોવાથી તે પણ બરાબર છે.) ૧- પચીસ મુહપત્તિનાં સ્થાન, ૨- પચીસ શરીરનાં સ્થાન, ૩- પચીસ આવશ્યકો, ૪- શિષ્યના છ પ્રશ્નો, ૫- ગુરૂના છ ઉત્તરો. ૬- ગુરૂવંદનના છ ગુણો, ૭- પાંચ વંદનીય, ૮- પાંચ અવંદનીય, ૯- પાંચ ઉદાહરણો, ૧૦- એક અવગ્રહ, ૧૧- પાંચ નામો, ૧૨- પાંચ નિષેધો, ૧૩- ગુરૂની તેત્રીસ આશાતનાઓ, ૧૪- ગુરુ વંદનના બત્રીસ દોષો, ૧૫- આઠ કારણો અને ૧૬- છ દોષો, એમ કુલ સોળ દ્વારોથી એકસો અઠાણું સ્થાનો અહીં કહીશું તેમાં પ્રથમ-

૧. મુહપત્તિનાં પચીસ સ્થાનો= એક દૃષ્ટિપડિલેહણ, છ પ્રસ્ફોટક, નવ અક્ખોડા અને નવ પક્ખોડા, તેમાં બે ઢીંચણો ઉભા રાખી તેની વચ્ચે બે કોણી રાખી ઉભડક આસને બેસી મુહપત્તિ પડિલેહવી, તેમાં પ્રથમ મુહપત્તિને કીનારીવાળા ભાગથી બે હાથની તર્જની અને અંગુઠા વડે પહોળી સન્મુખ પકડીને દૃષ્ટિથી જોવી, પછી જમણા હાથનો છેડો ડાબા હાથે અને ડાબા હાથનો છેડો જમણા હાથે પકડાય તેમ પાસું બદલી પુનઃ બીજું પાસું જોવું, એમ આ દ્રષ્ટિ પડિલેહણા કરતાં 'સૂત્ર અર્થ તત્ત્વ કરી સદ્દહું' એમ ચિંતવવું. પછી દ્રષ્ટિ પડિલેહણા કરતાં સન્મુખ પકડેલી મુહપત્તિનો ડાબા હાથે પકડેલો ભાગ ત્રણ વાર નચાવવો - ખંખેરવો - ઊંચો - નીચો કરવો, તેને ત્રણ પ્રસ્ફોટક (અથવા પુરિમો) કહેવાય છે, તે કરતી વખતે "સમકિતમોહનીય, મિશ્રમોહનીય, મિથ્યાત્વમોહનીય પરિહરું" એમ ચિંતવવું. પછી જમણા હાથે પકડેલો ભાગ ત્રણ વાર નચાવવો. આ બીજાં ત્રણ પ્રસ્ફોટકો કરતાં "કામ રાગ, સ્નેહરાગ, દ્રષ્ટિરાગ પરિહરું" એમ ચિંતવવું.

પછી મુહપત્તિને ડાબા કાંડા ઉપર વિસ્તારી તેનાં બે પડ થાય તેમ વચ્ચેથી કીનારીવાળો ભાગ જમણા હાથે અને તેની સામેનો ભાગ ડાબા હાથે પકડી સન્મુખ રાખી ગડીવાળો

ભાગ અંગુઠા વડે જમણી ચાર આંગળીઓના ત્રણ આંતરામાં ત્રણ ભાગે ભરાવી શેષ ભાગ નીચે લટકતો રહે તેમ પકડવી. આને ત્રણ વધૂટક કહેવાય છે, પછી ડાબો હાથ બે ઢીંચણો વચ્ચે કોણીથી સવળો લાંબો રાખો, જમણા હાથે પકડેલી વધૂટકવાળી મુહપત્તિ ડાબા સવળા હાથને સ્પર્શે નહિ તેમ અધ્ધરથી તેને ત્રણ વાર નચાવતાં હથેલીથી કોણી સન્મુખ લાવવી, **આ પહેલા ત્રણ અક્ખોડા (આસ્ફોટક)** જાણવા, તે કરતી વેળા "સુદેવ, સુગુરુ, સુધર્મ આદરું" એમ ચિંતવવું. પછી એ વધૂટક સહિત મુહપત્તિ ડાબા હાથને સ્પર્શે તેમ ત્રણવાર પ્રમાર્જતાં કોણીથી હથેલી તરફ બહાર લઈ જવી તે **પહેલા ત્રણ પક્ખોડા** જાણવા, તે કરતાં "કુદેવ, કુગુરુ, કુધર્મ પરિહરું" ચિંતવવું, પછી પૂર્વે કર્યા તેમ **બીજી વાર ત્રણ અક્ખોડા** કરતાં વધૂટકથી હાથને સ્પર્શ કર્યા વિના મુહપત્તિને કોણી તરફ અંદર લઈ જતાં "જ્ઞાન, દર્શન, ચારિત્ર આદરું" એમ ચિંતવવું. પછી પુનઃ ત્રણવાર પ્રમાર્જતાં હથેલી તરફ લઈ જવી અને આ **બીજા ત્રણ પક્ખોડા** કરતાં "જ્ઞાનવિરાધના, દર્શનવિરાધના, ચારિત્ર વિરાધના પરિહરું" ચિંતવવું. પુનઃ પૂર્વની જેમ **ત્રીજા ત્રણ અક્ખોડા** કરતાં "મનગુપ્તિ, વચનગુપ્તિ, કાયગુપ્તિ આદરું" ચિંતવવું અને છેલ્લી પૂર્વની જેમ **ત્રીજા ત્રણ પક્ખોડા કરતાં** "મનદંડ, વચનદંડ, કાયદંડ, પરિહરું" ચિંતવવું. એમ નવ અક્ખોડાના આંતરે નવ પક્ખોડા કરવાથી (૧+૬+૯+૯) પચીસ સ્થાન થાય. તેમાં પ્રારંભ અક્ખોડાથી અને સમાપ્તિ પક્ખોડાથી થાય. અક્ખોડામાં વધૂટકો હાથને સ્પર્શે નહિ તેમ કોણી તરફ અંદર લઇ જવાનાં હોવાથી 'આદરું' ચિંતવવું અને પક્ખોડામાં વધૂટકથી હાથને પ્રમાર્જવા પૂર્વક હથેલી તરફ બહાર લઈ જવાનાં હોવાથી "પરિહરું" ચિંતવવું. મુહપત્તિની મુખ્યતા માનીને આને મુહપત્તિનાં પચીસ સ્થાન કહ્યાં છે.

૨. દેહનાં પચીસ સ્થાનો– પ્રદક્ષિણાના ક્રમે બે ભુજાઓ, મસ્તક, મુખ અને હૃદય, એ પાંચ સ્થાનોમાં ત્રણ ત્રણ, પીઠમાં ચાર અને પગોમાં છ, એમ પુરુષને દેહ પડિલેહણાનાં પચીસ સ્થાનો છે. સ્ત્રીનું શરીર વસ્ત્રાવૃત્ત હોવાથી મસ્તક, હૃદય અને બે ભુજાના, દશ છોડીને શેષ પંદર કહ્યાં છે.

ઉપર કહેલા છેલ્લા ત્રણ પક્ખોડા પછી પ્રથમ ડાબી હથેલી ઉંધી કરી તેનો મધ્ય, જમણો અને ડાબો, એ ત્રણ ભાગની જમણા હાથે વધૂટક કરેલી મુહપત્તિથી ત્રણ પ્રમાર્જના કરવી અને "**હાસ્ય, રતિ, અરતિ પરિહરું**" એમ વિચારવું. એજ રીતે જમણા હાથની જેમ મુહપત્તિને ડાબા હાથે પકડી જમણી હથેલી ઉંધી કરી તેના મધ્ય, જમણા, ડાબા ભાગમાં વધૂટકથી પ્રમાર્જના કરતાં "**ભય, શોક દુર્ગંછા પરિહરું**" ચિંતવવું. આ ડાબી જમણી બે ભુજાઓની છ પ્રમાર્જના જાણવી. તે પછી વધૂટક છોડી દઇને ડાબલ પડવાળી તે મુહપત્તિને બે હાથે પકડીને તેનાથી મસ્તક(લલાટ) ના મધ્ય જમણા ડાબા ભાગને પ્રમાર્જતાં "**કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, પરિહરું**" એમ ભાવવું, તે ત્રણ મસ્તકની

પ્રમાર્જના અને પછી એ જ પ્રમાણે બે હાથે પકડેલી મુહપત્તિથી મુખના મધ્ય-જમણા-ડાબા ભાગને પ્રમાર્જતાં **"રસગારવ, ઋદ્ધિગારવ, શાતાગારવ પરિહરું"** ચિંતવવું, તે ત્રણ મુખની પ્રમાર્જના જાણવી. પછી એજ પ્રમાણે પકડેલી મુહપત્તિથી હૃદયના મધ્ય, જમણા અને ડાબા ભાગને પ્રમાર્જતાં **"માયાશલ્ય, નિયાણશલ્ય, મિથ્યાત્વશલ્ય પરિહરું"** એમ ભાવવું, તે ત્રણ હૃદયની પ્રમાર્જના, પછી પુર્વની જેમ જમણા હાથમાં વધૂટકથી પકડેલી મુહપત્તિ વડે વાંસાની પાછળના ભાગ સહિત જમણા ખભાની, અને એ જ રીતે ડાબા હાથે પકડીને વાંસાની પાછળના ભાગ સહિત ડાબા ખભાની અને જમણી કક્ષાની, પછી જમણા હાથથી વધૂટક કરી ચોથી ડાબી કક્ષાની પ્રમાર્જના કરવી. આ ચાર પીઠની પ્રમાર્જના જાણવી. તેમાં અનુક્રમે **"ક્રોધપરિહરું, માનપરિહરું, માયાપરિહરું અને લોભપરિહરું"** વિચારવું. પછી ઢીંચણથી પગના પાવલા સુધી જમણા પગનો મધ્ય, જમણો અને ડાબો ભાગ પ્રમાર્જતાં **"પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાયની રક્ષા કરું"** ચિંતવવું અને એ જ રીતે ડાબા ઢીંચણથી નીચે સુધી ત્રણ પ્રમાર્જના કરતાં **"વાયુકાય, વનસ્પતિકાય અને ત્રસકાયની જયણા કરું"** એમ ચિંતવવું. અહીં દેહની મુખ્યતા માની આ પચીશ અંગપડિલેહણના બોલ કહ્યા, (આ વિધિ ગુરુગમથી સમજી તે રીતે પડિલેહણમાં ઉદ્યમ કરવો. એમાં ચિંતવવાના પચાસ બોલ કહ્યા તે શાસનનું પરમ તત્ત્વ છે, ઉપયોગ પૂર્વક તેનું ચિંતન કરતાં વિશિષ્ટ આત્મશુદ્ધિ થાય છે, શાસ્ત્રમાં કહ્યું છે કે- **જો કે પડિલેહણામાં સામાન્ય હેતુ જીવરક્ષા અને જિનાજ્ઞાનું પાલન છે, તો પણ મનરૂપી માંકડાને વશ કરવા માટેનો આ પરમ ઉપાય છે, એમ શ્રી જિનેશ્વર દેવોએ કહ્યું છે.** માટે જ રાત્રે પણ મુહપત્તિનું પડિલેહણ સફળ છે.

૩. **પચીસ આવશ્યકો**- બે અવનમન, એક યથાજાત, બાર આવર્તો, ચાર શિર્ષ, ત્રણ ગુપ્ત, બે પ્રવેશ અને એક નિષ્ક્રમણ, એમ કુલ પચીસને ગુરુવંદનમાં અવશ્યકરણીય હોવાથી આવશ્યકો કહ્યાં છે. તેમાં અવનત=પ્રારંભમાં "ઇચ્છામિ ખમાસણો" વગેરે બોલીને વંદનની ઇચ્છા પ્રગટ કરતો શિષ્ય કટીથી મસ્તક સુધી કંઇક નમે, તે અવનત અથવા અવનમન. બે વંદનનાં મળી બે જાણવાં. યથાજાત = જન્મની જેમ વર્તન. મનુષ્યનો જન્મ એક માતાની કુખેથી અને બીજો દીક્ષા લેતાં સંસારના પ્રપંચરુપ માયાની કુખેથી એમ સાધુને બે થાય, તેમાં જેમ પહેલા જન્મ વખતે બે હાથ મસ્તકે જોડેલા હોય છે, અને દીક્ષા વખતે માત્ર અધોવસ્ત્ર, રજોહરણ અને મુહપત્તિ પાસે હોય છે. તેમ વંદન વખતે પણ અધોવસ્ત્ર, રજોહરણ અને મુહપત્તિ ત્રણ જ રખાય છે અને બે હાથ લલાટે લગાડાય છે, એ રીતે યથાજાત જાણવું. તે બે વંદનનું મળી એક કહ્યું છે, આ કારણે ચોલપટ્ટો, મુહપત્તિ અને ઓઘો તથા ઓઘાનાં અંદર બહારનાં બે નિષદ્યા, એ પાંચ ઉપકરણોને પણ યથાજાત કહેલાં છે. કારણ કે સાધુને તે અવશ્ય પાસે રાખવાનાં હોય છે.

બાર આવર્તો = અહો, કાયં, કાય એ ત્રણના બે બે અક્ષરો **જત્તા ભે, જવણિ** અને **જજં ચ ભે,** એ ત્રણના ત્રણ ત્રણ અક્ષરો બોલતાં, હાથથી ગુરુ ચરણે અને લલાટે સ્પર્શ કરતાં એક વંદનમાં છ થાય અને બે નાં મળી આવર્તો બાર થાય. તેમાં "અ" બોલતાં ગુરુચરણના સંકલ્પથી ઓઘા કે ચરવળાને તથા "હો" બોલતાં લલાટે બે હાથની દશે આંગળીથી સ્પર્શ કરવો, તે એક આવર્ત, એ જ પ્રમાણે 'કાય" અને 'કાય' ના પણ બે બે અક્ષરો બોલતાં દશ અંગુલીથી સ્પર્શ કરવો તે બે આવર્તો, એમ કુલ ત્રણ આવર્તો થાય. પછી "જ ત્તા ભે" પૈકી 'જ' અને 'ભે' બોલતાં 'અહો' ની જેમ ગુરુ ચરણે અને લલાટે સ્પર્શ કરવો. વચ્ચેનો 'ત્તા' બોલતાં અંજલી સવળી કરી વચ્ચે જ હૃદયની સન્મુખ અટકાવવી. અર્થાત્ પહેલો અક્ષર બોલતાં અવળી અંજલીથી ઓઘાને અને છેલ્લો અક્ષર બોલતાં અંજલી સવળી કરી લલાટને સ્પર્શ કરવો, માત્ર ત્રણ ત્રણ અક્ષરવાળા આવર્તોનો વચ્ચેનો અક્ષર બોલતાં અંજલી સવળી કરી ઉંચે લઈ જતાં વચ્ચે જ સ્હેજ અટકવું. એ રીતે એક વંદનમાં છ અને બે વંદનમાં બાર આવર્તો જાણવાં. વિશેષમાં 'સંફાસં' અને "ખામેમિ ખમાસમણો દેવસિયં વઇક્કમં" એ બે બોલતાં મસ્તકથી ગુરૂચરણે (રજોહરણને) સ્પર્શ કરવો.

ચારશિર્ષ– એટલે ચાર વાર મસ્તકથી નમવું. તેમાં ઉપર કહ્યું તેમ શિષ્ય બે વાર ગુરૂ ચરણે મસ્તકથી નમે તે બે વંદનનાં ચાર શિર્ષ, એમ અન્ય આચાર્યોનો મત છે. ધર્મસંગ્રહકારના મતે તો "ખામેમિ ખમાસમણો" બોલતાં શિષ્યનું એક અને તેના ઉત્તરમાં ગુરૂ પણ 'અહમવિ ખામેમિ તુમ્હે' બોલતાં શિષ્ય તરફ કંઇક મસ્તક નમાવે તે ગુરૂનું એક, એમ શિષ્ય–ગુરૂનાં મળી બે વંદનમાં ચાર શિર્ષ થાયઃ

ત્રણ ગુપ્ત– મન–વચન–કાયાને અન્ય વ્યાપારથી રોકીને ગુરૂવંદનમાં એકાગ્ર કરવાં તે બે વંદનનાં મળીને પણ ત્રણ જ જાણવાં.

બે વાર પ્રવેશ– ગુરૂના આસનથી ચારે દિશામાં સાડા ત્રણ હાથ પ્રમાણ ભૂમિને ગુરૂનો અવગ્રહ કહેવાય છે, શિષ્યે ખાસ કારણે જ અનુમતિ માગીને તેમાં પ્રવેશ કરી શકાય, વંદન કરતાં ચરણસ્પર્શ કરવા શિષ્ય, 'અણુજાણહ મે મિઉગ્ગહં' પાઠથી આદેશ મેળવી 'નિસીહિ' કહી અવગ્રહમાં પ્રવેશ કરે, તે પ્રવેશ બે વંદનના બે જાણવાઃ

એક નિષ્ક્રમણ– પ્રવેશ કરેલ શિષ્ય આવર્તો પૂરા થતાં 'આવસહિઆએ' કહી અવગ્રહની બહાર નીકળે, તે પ્રથમ વંદનમાં એક નિષ્ક્રમણ જાણવું. બીજા વંદનમાં નિષ્ક્રમણ નથી, માટે 'આવસહિઆએ' શબ્દ બોલવાનો નથી. જો કે બીજું વંદન સંપૂર્ણ થયા પછી નીકળવાનું તો હોય છે, પણ તે વન્દનને કારણે નીકળતો નથી, તેથી નિષ્ક્રમણ એક જ કહ્યું છે. એમ (૨+૧+૧૨+૪+૩+૨+૧=) પચીસ આવશ્યક જાણવાં.

૪- શિષ્યના છ પ્રશ્નો= ગુરૂ વંદન કરતાં શિષ્ય ૧- ઇચ્છા જણાવે, ૨- અવગ્રહમાં પ્રવેશની અનુજ્ઞા માગે, ૩- આવ્યાબાધા (શાતા) પૂછે, ૪- સંયમયાત્રાની કુશળતા પૂછે, ૫- ચિત્તની સમાધિ પૂછે, અને ૬- અપરાધ ખમાવે, એ છ શિષ્યના પ્રશ્નો જાણવા.

૫- ગુરૂના છ ઉત્તરો= શિષ્યના ઉપર કહ્યા તે તે પ્રશ્ન પછી ગુરૂ ૧- (છંદેણ) જેવી ઇચ્છા, ૨- અનુજ્ઞા આપું છું, ૩- તું પુછે છે તેમ જ છે, ૪- તને પણ કુશળતા વર્ત્તે છે? ૫-એવં-એમ જ છે, અને ૬- હું પણ ખમાવું છું, એમ છ જવાબ આપે. (આ પ્રશ્નોત્તરો કેવા સુંદર વિનય અને વાત્સલ્યરૂપ છે તે વંદનસૂત્રના અર્થને જાણવાથી સમજાય.)

૬- ગુરૂવંદનથી છ ગુણો= ૧- ગુરુનો વિનય, ૨- પોતાના માનનો ત્યાગ, ૩- ગુરૂની પૂજા, ૪- જિનાજ્ઞા પાલન, ૫- શ્રુત આરાધના અને ૬- અંતે મોક્ષ, એમ છ લાભ થાય, તેમાં વિનય કરવો અને તેઓને માન આપવું તે તેમની તાત્ત્વિક પૂજા છે, ગુણીની પૂજાથી ગુણની પૂજા થાય, માટે વંદનથી શ્રુતની આરાધના થાય અને ગુરૂતત્ત્વની આરાધનાથી શ્રીગૌતમસ્વામિની જેમ પરિણામે મોક્ષ પણ થાય, બાકીના વિનય, માનત્યાગ અને જિનાજ્ઞાપાલન એ ત્રણ પ્રગટ છે.

૭- પાંચ વંદનીય= ૧- આચાર્ય, ૨- ઉપાધ્યાય, ૩- પ્રવર્તક, ૪- સ્થવિર, અને ૫-રત્નાધિક, એ પાંચ વંદનનાં પાત્રો છે. તેમાં પંચાચાર પાળે, પળાવે, વગેરે સૂરિના છત્રીસ ગુણોના ધારક તે આચાર્ય, શિષ્યોને શાસ્ત્રો ભણાવે તે ઉપાધ્યાય, તે તે સાધુને યોગ્યતા પ્રમાણે તે તે આરાધનામાં પ્રવર્તાવે-જોડે તે પ્રવર્તક, સંયમમાં સીદાતાને સ્થિર કરે તે સ્થવિર અને ચારિત્ર પર્યાયથી મોટા તે રત્નાધિક જાણવા. આવ૦નિર્યુક્તિમાં તો ગણાવચ્છેદકને પણ વંદનીય કહ્યા છે. સાધુગણને સંયમમાં જરૂરી વસ્ત્ર, પાત્ર, આહાર, પાણી, ઔષધ, વગેરે નિર્દોષ સામગ્રી અગ્લાન પણે લાવી આપે, તે ગણાવચ્છેદક જાણવા. અન્ય આચાર્યોના મતે તો પર્યાયથી નાના પણ જ્ઞાનાદિ ગુણોથી વિશિષ્ટ હોય તે રત્નાધિકને પણ વંદન કરવું જોઇએ.

૮- પાંચ અવંદનીય= પાસત્થો, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ, એ પાંચને અવંદનીય કહ્યા છે. તેમાં-

(૧) પાસત્થો- એટલે જ્ઞાનાદિ ગુણોની પાસે રહે, અથવા કર્મબંધનાં કારણોરુપ પાશમાં રમે. તેના સર્વપાસત્થો, અને દેશપાસત્થો, એમ બે પ્રકારો છે. તેમાં જે જ્ઞાન, દર્શન, ચારિત્ર ગુણોની પાસે રહે. માત્ર વેશ ધારે, પણ ગુણો ન હોય, તે સર્વપાસત્થો, અને નિષ્કારણ-નિઃશૂકતાથી શય્યાતરપિંડ, અભ્યાહૃતપિંડ, રાજપિંડ, નિત્યપિંડ અને અગ્રપિંડ વગેરે વાપરે, અમુક ઘરોનો કે સુખી શ્રીમંતોનો જ પિંડ વાપરે, જમણવાર શોધતો રહે, ભક્તોની પ્રશંસાથી પૂર્વ-પશ્ચાત્ સંસ્તવપિંડ મેળવે, વગેરે ઉત્તરગુણદૂષિત તે દેશપાસત્થો જાણવો.

(૨) **ઓસન્નો**– સંયમયોગોમાં પ્રમાદથી થાકેલો – નિરુત્સાહી. તેના પણ સર્વઓસન્નો, અને દેશઓસન્નો એમ બે પ્રકારો છે. તેમાં ચોમાસામાં પાટ–પાટલાદિ ન વાપરે તો, ન પ્રમાર્જે, ન પડિલેહે, અગર શેષ કાળે પાટ–પાટલાદિ વાપરે, વાર વાર સૂવે, સંથારો–શયન પાથરેલાં જ રાખે, કે સંથારા વિના જ સૂવે, વળી સ્થાપનાપિંડ, પ્રાભૃતિકાપિંડ વગેરે દોષો સેવે, તે સર્વઓસન્નો અને પ્રતિક્રમણ, સ્વાધ્યાય, પડિલેહણ, ધ્યાન, ભિક્ષા, ભોજન તથા માંડલીનાં કર્તવ્યો, કે આવવું, જવું, બેસવું, ઉભા રહેવું, સૂઈ રહેવું, વગેરે સંયમ આરાધનાનાં કાર્યો કરે નહિ, જેમ તેમ અગર મોડાં–વહેલાં કરે, સારણા–વારણા આદિને ન માને, ઉલટા ગુરૂને કઠોર શબ્દો કહે, વગેરે સામાચારીમાં દરિદ્રને દેશઓસન્નો જાણવો.

(૩) **કુશીલ** – જ્ઞાન, દર્શન, ચારિત્રનો વિરાધક, તેના જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્રકુશીલ એમ ત્રણભેદો થાય. તેમાં કાલ, વિનય, બહુમાન, વગેરે આઠ જ્ઞાનાચારનો વિરાધક તે જ્ઞાનકુશીલ, અને નિઃશંકતા, નિષ્કાંક્ષિતા વગેરે આઠ દર્શનાચારનો વિરાધક તે દર્શન કુશીલ જાણવો. લોકોને પુત્ર પ્રાપ્તિ વગેરે કરાવવા પાણી મંત્રી આપે, સ્નાન કરાવે, ગર્ભાધાનાદિ માટે મૂળીયાં બંધાવે, મંત્ર તંત્રથી જીવે, રક્ષા મંત્રીને આપવા રુપ ભૂતિકર્મ કરે, ભૂત–ભાવિ ભાવો જણાવવારુપ પ્રશ્નાપ્રશ્ન કરે, નિમિત્તો કહે, આજીવકપિંડ વગેરે દોષોથી દૂષિત આહાર વાપરે, ઈત્યાદિ ચારિત્રનો વિરાધક હોય તે ચારિત્રકુશીલ જાણવો.

(૪) **સંસક્ત**– પાસત્થાદિ કે સંવેગી જેની સાથે રહે તેવું આચરણ કરે તો તે પ્રિયધર્મી કે અપ્રિયધર્મી થાય તે સંસકત. તેના સંકિલષ્ટ અને અસંકિલષ્ટ એમ બે ભેદો છે, તેમાં હિંસા, જૂઠ વગેરે પાંચ આશ્રવને તથા ત્રણ ગારવને સેવે, સ્ત્રીપ્રતિસેવી હોય, ગૃહસ્થનાં ઢોર–ધાન્યાદિની રક્ષા–સંભાળ કરે, તેને સંકિલષ્ટ અને જે જે સારા–નબળાની સાથે ભળે તેના જેવો થઇ જાય તેને અસંકિલષ્ટ જાણવો.

(૫) **યથાછંદ**– ગુરૂઆજ્ઞા કે આગમને ન માનતાં પોતાની ઇચ્છા પ્રમાણે જેમ ફાવે તેમ વર્તે તે યથાછંદ કહેવાય. તે ગૃહસ્થોનાં સાવદ્ય કાર્યોને કરે, કરાવે અને અનુમોદે, સાધુના સ્વલ્પ અપરાધથી પણ ગુસ્સો કરે, પોતે માનેલાં બ્હાનાં નીચે એશ–આરામ કરે, વિગઇઓનો લોલુપી અને ત્રણ ગારવ યુકત હોય, તે યથાચ્છંદ જાણવો.

આ પાસત્થાદિને વાંદવાથી કીર્તિ વધે નહિ, નિર્જરા થાય નહિ, માત્ર કાયકષ્ટ અને અશુભકર્મોનો બંધ થાય, વધારે શું? તેઓનો સંગ કરનારો સારો–સુવિહિત સાધુ પણ વાંદવા યોગ્ય નથી. આવશ્યકનિ૦માં કહ્યું છે કે– જેમ અશુચિમાં પડેલી ચંપાની માળા પણ ત્યાજ્ય છે, તેમ પાસત્થાદિનો સોબતી સારો સાધુ પણ પૂજવા યોગ્ય નથી. ચંડાલાદિની સોબતથી ચૌદવિદ્યાનો પારગામી પણ નિંદાપાત્ર બને, તેમ પાસત્થાદિનો સોબતી પણ નિંદાપાત્ર બને.

(અપવાદ–પાસત્થાદિ અવંદનીય છતાં શાસનનાં કોઈ કાર્યો તેમની સહાય વિના થાય તેમ ન હોય ત્યારે તેવાં કાર્યો માટે, અગર કોઇ રાજાદિ તેમનો ભક્ત હોય તો તે રાજાદિ પાસે ધર્મનાં કાર્યો કરાવવાં માટે, એમ વિશેષ કારણે દ્રવ્યવંદન કરવાનો પણ નિષેધ નથી. તેને સુસાધુ માનીને ભાવથી વંદન ન કરાય, પણ તેઓનું પ્રાધાન્ય હોય ત્યાં વંદન ન કરવાથી શાસનને હાનિ થવા સંભવ હોય, તેવા પ્રસંગે દ્રવ્યવંદનનો નિષેધ નથી, ઉલટું ન કરે તો વિરાધક થવા પણ સંભવ છે, માટે ગુરુલાઘવતાને વિચારી વર્તવું. સ્યાદ્વાદ દર્શનમાં બ્રહ્મચર્ય સિવાય કોઈ એકાન્ત નથી. માટે જ પૂ. ઉપા૦ શ્રીયશોવિજયજી ગણી જેવા શાસ્ત્રોના મર્મજ્ઞ ગીતાર્થ કહે છે કે –

"વિધિનિષેધ નાવ ઉપદિશે–સુણો સંતાજી,

એકાન્તે ભગવંત ગુણવંતાજી.

કારણે નિષ્કપટી હોવું સુણો સંતાજી,

એ આણા છે તંત–ભગવંતાજી."

૯– **પાંચ ઉદાહરણો** = ૧– **સત્કારવંદન**– ગુરુગુણસ્તુતિ તે. ૨– **ચિતિવંદન**– દ્રવ્યથી રજોહરણાદિ અને ભાવથી જ્ઞાનાદિ ગુણોનો સંચય કરવો તે. ૩– **આવર્તવંદન**– વંદનનાં આવર્તો વગેરે વિધિને યથા યોગ્ય સાચવીને વંદન કરવું તે. ૪– **નમસ્કારવંદન**– મસ્તકથી નમવું તે. અને ૫– **વિનયવંદન**– ગુરુનો વિનય કરવો તે.

ભાષ્યમાં અને આવશ્યક નિર્યુક્તિમાં એનાં નામો ક્રમશઃ ૧– વંદન, ૨– ચિતિ, ૩– કૃતિ, ૪– પૂજન અને ૫– વિનય કર્મ કહેલાં છે. આ પાંચે વંદનનું દ્રવ્ય–ભાવરૂપ સ્વરૂપ સમજવા ક્રમશઃ ૧– શીતલાચાર્ય ૨– ક્ષુલ્લકાચાર્ય ૩– કૃષ્ણ અને વીરા સાલવી ૪– બે રાજ સેવકો અને ૫– શામ્બ–પાલક, એમ પાંચ દ્રષ્ટાન્તો કહ્યાં છે (તે મૂળ ભાષાન્તર પૃષ્ટ ૪૮૨ માં જોઇ લેવાં.)

૧૦– **ગુરુઅવગ્રહ** = ગુરુના આસનથી ચાર દિશામાં સાડા ત્રણ હાથ ભૂમિને ગુરુ અવગ્રહ કહેવાય છે, તે આગળ કહીશું.

૧૧– **ગુરુવંદનનાં પાંચ નામો** = નવમા અધિકારમાં કહ્યાં તે વન્દનકર્મ, ચીતિકર્મ વગેરે.

૧૨– **પાંચ નિષેધ સ્થાનો** = ૧– ગુરુ વ્યાખ્યાન, વાચનાદિ કરતા હોય, કે કોઈ શાસનના કાર્યમાં વ્યગ્ર હોય ત્યારે, ૨– અવળા મુખે બેઠા હોય ત્યારે, ૩– ક્રોધ કે

નિદ્રારુપ પ્રમાદ વશ હોય ત્યારે, ૪– આહાર કરતાં કે આહાર માટે તૈયાર થતા હોય ત્યારે, અને ૫– સ્થંડિલ માત્રુ વગેરે નિહાર કરતા કે કરવાની ઈચ્છાવાળા હોય ત્યારે, એમ પાંચ પ્રસંગે વંદન કરવું નહિ.

૧૩– ગુરૂની તેત્રીસ આશાતનાઓ= વંદન સૂત્રના અર્થ સાથે કહીશું.

૧૪– ગુરુ વંદનના બત્રીસ દોષો=

(૧) **અનાદૃત દોષ**– સંભ્રમ કે ઉત્સૂકચિત્તે વંદન કરે તે.

(૨) **સ્તબ્ધ દોષ**– મદાન્ધતાથી કરે તેના (૧) મનથી અને કાયાથી સ્તબ્ધ, (૨) મનથી સ્તબ્ધ કાયાથી નમ્ર, (૩) મનથી નમ્ર કાયાથી સ્તબ્ધ અને (૪) મન કાયા બન્નેથી નમ્ર, એ ચારમાં ત્રીજો અને ચોથો ભાંગો શુદ્ધ છે.

(૩) **પરિદ્ધ દોષ**– મજુરની જેમ વંદન અધૂરું મૂકી દે તે.

(૪) **પરિપિંડિત દોષ**– ઘણા સાધુને ભેગું વંદન કરે, હાથ–પગને અવિધિથી ભેગા રાખી કરે, કે અક્ષરો, પદો, સંપદાઓ, વગેરેને યથાર્થ રીતે ન બોલતાં ભેગા બોલે.

(૫) **ટોલગતિ દોષ**– તીડની જેમ ઉંચો–નીચો ઉછળીને કરે તે.

(૬) **અંકુશ દોષ**– સૂતેલા, ઉભેલા કે કોઈ કાર્ય કરતા ગુરૂનો કપડો વગેરે ખેંચીને આસને બેસાડી વાંદે, પોતાના ઓઘા, ચરવળાને અંકુશની જેમ પકડી વાંદે, અથવા અંકુશથી પીડાતા હાથીની જેમ મસ્તકને ધૂણાવતો વાંદે.

(૭) **કચ્છપરિંગિત દોષ**– વંદન કરતાં વિના કારણે કાચબાની જેમ આગળ–પાછળ ખસવું.

(૮) **મત્સ્યોદ્વર્તન દોષ**– માછલું પાણીમાં આવળું–સવળું, ઉંચુ–નીચું, ફરી જાય તેમ વંદનમાં ઉછળીને ઉભો થાય, પડતું મૂકી બેસે, કે અન્યાન્ય સાધુને વંદન કરવા તેઓની સન્મુખ ગયા વિના ત્યાંજ પાસું બદલી વાંદે, ઈત્યાદિ.

(૯) **મનઃપ્રદુષ્ટ દોષ**– ગુરૂ પોતાને કે પોતાના કોઈ સંબંધીને ઠપકો આપે, તેથી મનમાં દ્વેષ રાખીને વાંદે કે વડિલ છતાં ગુણથી ન્યૂન સાધુને વાંદતાં અસૂયા કરે, ઈત્યાદિ.

(૧૦) **વેદિકાબદ્ધ દોષ**– આવતો કરતાં બે હાથ બે ઢીંચણ વચ્ચે ન રાખતાં ઉપર રાખે, ઢીંચણ નીચે રાખે, જમણા કે ડાબા કોઈ એક ઢીંચણની આજુબાજુ રાખે, વગેરે વિવિધ પ્રકારે.

(૧૧) **ભય દોષ**– વંદન ન કરવાથી ગુરૂ મને સમુદાય, ગામ, કે સંઘમાંથી કાઢી મૂકશે, વગેરે ભયથી વાંદે.

(૧૨) **ભજંત દોષ**– ગુરૂ મને સાચવે છે, અગર સાચવશે એવા ભાવથી વાંદે.

(૧૩) **મૈત્રી દોષ**– મૈત્રી હોવાથી કે મૈત્રી કરવા વાંદે.

(૧૪) **ગૌરવ દોષ**– પોતાનું ગૌરવ વધારવા વિધિ સાચવે અને હું જ વિધિપૂર્વક વંદન કરનાર છું, ઇત્યાદિ અહંભાવથી વાંદે.

(૧૫) **કરણ દોષ**– વસ્ત્ર પાત્રાદિ જડ વસ્તુ મેળવવા, લોકોમાં પૂજાવા, જ્ઞાન મેળવવા કે ગુરુને વશ કરવા વાંદે.

(૧૬) **સ્તેન દોષ**– બીજામાં હું નહાનો ન દેખાઉં વગેરે ભાવનાથી ચોરની જેમ બીજા સાધુઓની આડમાં કોઈ ન દેખે તેમ વાંદે.

(૧૭) **પ્રત્યનિકદોષ**– ઉપર પાંચ નિષેધ સ્થાન કહ્યાં તેવા પ્રસંગે નિષેધ છતાં વાંદે.

(૧૮) **દુષ્ટ દોષ**– કોઇ કારણે ગુરુને કે પોતાને ક્રોધ થયો હોય ત્યારે ક્રોધ યુક્ત વાંદે. (ક્રોધની મુખ્યતાથી આ દોષ સત્તરમાંથી જુદો જાણવો.)

(૧૯) **તર્જના દોષ**– અપમાનજનક શબ્દોથી તર્જના કરતો કે તર્જની અંગુલિથી તિરસ્કાર કરતો વાંદે.

(૨૦) **શઠ દોષ**– પોતે ગુરૂભક્ત છે, એવું ગુરૂને કે લોકને જણાવવા માયાથી વાંદે, અથવા કપટથી માથું દુઃખે છે વગેરે માંદગીનું બહાનું કાઢી જેમ તેમ વાદે.

(૨૧) **હિલિત દોષ**– અરે ગુરૂજી ? ઓ વાચકજી ? તમને વાંદવાથી શું ફળ છે ? એમ અવહેલના કરતો વાંદે.

(૨૨) **વિપરિકુંચિત દોષ**– અર્ધું વંદન કરી વચ્ચે વિકથા કરવી.

(૨૩) **દ્રષ્ટાદ્રષ્ટ દોષ**– ઘણાની સાથે વંદન કરતાં બીજાની આડથી કે અંધારાથી ગુરૂ ન દેખે ત્યારે બેસી જાય અને દેખે ત્યારે વાંદે. (સ્તેન દોષમાં લોકોની ચોરી અને અહીં ગુરૂની ચોરી, એમ ભેદ સમજવો.)

(૨૪) **શૃંગ દોષ**– આવર્તો કરતાં બે હાથની દશે આંગળીઓથી લલાટના મધ્યે ન સ્પર્શે, કે જમણા ડાબા લમણે સ્પર્શે.

(૨૫) **કર દોષ** – રાજા ના કરની જેમ ગુરૂનો કર સમજીને તે ચૂકવવા વાંદે.

(૨૬) **કરમોચન દોષ** – દીક્ષાથી લૌકિક કર છૂટ્યો, હવે આ વંદનના કરથી ક્યારે છૂટાશે? વગેરે દુર્ભાવથી વાંદે.

(૨૭) **આશ્લિષ્ટાનાશ્લિષ્ટ દોષ** – બાર આવર્તો કરતાં દશ અંગલીથી નીચે રજોહરણને અને ઉપર લલાટને સ્પર્શવું જોઇએ, તેની ચતુર્ભંગી થાય, તેમાં બન્નેને સ્પર્શે તે ભાંગો શુદ્ધ છે, શેષ ત્રણ ભાંગાથી વાંદે.

(૨૮) **ન્યુન દોષ** – વંદનસૂત્રના ઉચ્ચાર કે પચીસ આવશ્યકો પૂરાં ન કરે.

(૨૯) **ઉત્તરચૂડા દોષ** – વંદન પૂર્ણ કરીને શીખા ચઢાવવાની જેમ છેલ્લે મોટા અવાજથી "મત્થએણ વંદામિ" બોલે.

(૩૦) **મૂક દોષ** – મુંગાની જેમ વન્દન સૂત્રનો પાઠ મનમાં જ અથવા અવ્યકત બોલે.

(૩૧) **ઢઢ્ઢર દોષ** – સૂત્રોચ્ચાર મોટા અવાજથી અસહ્યરીતે કરે અને

(૩૨) **ચૂડલિ દોષ** – બાલક ઉંબાડીયાને ભમાવે તેમ ઓઘાને ભમાવતો વંદન કરે, કે હાથ લાંબા કરી "હું વાંદુ છું, વાંદુ છું" એમ બોલતો વાંદે, કે બધા સાધુઓની સન્મુખ બે હાથ ભમાવીને "હું સર્વને વાંદુ છું" એમ બોલતો વાંદે.

આ બત્રીસે દોષને ટાળીને શુધ્ધ વંદન કરવું. કહ્યું છે કે – વંદન કરવા છતાં જે એક પણ દોષથી વિરાધે છે તે ગરૂતત્ત્વની આરાધનાથી થનારી કર્મ નિર્જરાને પામતો નથી. અને જે બત્રીસે દોષથી રહિત શુદ્ધ વંદન કરે છે તે અલ્પકાળમાં મુકિતને કે વૈમાનિક દેવગતિને પામે છે. આ ગરૂવંદનનું ૧૪ મું દ્વાર કહ્યું.

૧૫ – આઠ કારણો= પ્રતિક્રમણ, સ્વાધ્યાય અને કાયોત્સર્ગ કરતાં, અપરાધ ખમાવતાં, પ્રાઘૂર્ણક આવે ત્યારે, આલોચના આપતાં, સંવરણ કરતાં અને છેલ્લે અનશન કરતાં, એમ આઠ કારણે ગુરૂવંદન કરવું.

(૧) **પ્રતિક્રમણ** – સવાર–સાંજ પ્રતિક્રમણમાં ચાર વાર બે બે વંદન દેવાય છે, તે બધાં વંદનો – પ્રતિક્રમણ માટે જાણવાં.

(૨) **સ્વાધ્યાય** – સાધુને યોગોદ્વહનની ક્રિયામાં એક સજ્ઝાય પઠવતાં બીજું પ્રવેદન કરતાં અને ત્રીજું કાળ પડિલેહણ કરતાં, વંદન દેવાય છે (ઉદ્દેશ – સમુદ્દેશનાં વંદન પણ પ્રવેદનમાં જ ગણાય છે) એ ત્રણ સ્વાધ્યાય માટે દેવાય છે, તેથી બીજું કારણ સ્વાધ્યાય.

પ્રતિક્રમણમાં ચાર અને સ્વાધ્યાયના ત્રણ, એ સાતે વંદન ઉપવાસીને પણ સવાર-સાંજ નિત્ય કરવાનાં હોવાથી તે ચૌદ ધ્રુવ વંદન કહેવાય છે. ભોજન કરનારને તદુપરાંત અધિક હોય છે, તે આગળ કહીશું.

(૩) **કાયોત્સર્ગ**– સાધુને કારણે યોગોદ્વહનમાં પાલી પાલટીને આયંબિલને બદલે નિવિ કરવી હોય ત્યારે વન્દન દઈને કાઉસ્સગ્ગ કરાય, તેથી વંદનનું ત્રીજું કારણ કાઉસ્સગ્ગ જાણવું.

(૪) **અપરાધ ખામણુ**– ગુરૂ-આજ્ઞાની વિરાધના વિગેરે અપરાધ થયો હોય, તો તે ખમાવવા પૂર્વે વંદન કરવું જોઈએ. તેથી ચોથું કારણ 'અપરાધ ખામણાં' કહ્યું છે. પક્ખી ખામણાં પૂર્વે કરાતું વંદન અપરાધ ખામણાંમાં અંતર્ભૂત સમજાય છે.

(૫) **પ્રાધુર્ણક**– વળી કોઈ વિહાર કરીને આવેલા સાધુ મોટા હોય તો તેઓને વંદન કરે તેમાં એવો વિધિ છે કે- તે જો સાંભોગિક હોય તો પોતાના વડીલને પૂછીને વંદન કરે, અને આવનાર ભિન્ન સામાચારીવાળા હોય તો પ્રથમ પોતાના આચાર્યને વંદન કરીને પૂછે, પછી જો તે સંમતિ આપે તો વંદન કરે, અન્યથા ન કરે. વંદનનું આ પાંચમું કારણ પ્રાધૂર્ણક જાણવું.

(૬) **આલોચનાં**– સંયમમાં અતિક્રમાદિ કોઈ દોષ સેવ્યો હોય તેની આલોચના કરતાં વન્દન કરીને પછી આલોચના કરે તે છઠ્ઠું કારણ આલોચના જાણવું. સાધુ વિહાર કરીને આવે ત્યારે વડિલને વંદન કરીને વિહારની આલોચના કરે; તે આમાં અંતર્ભૂત જાણવું.

(૭) **સંવર**– સાધુ ભોજન કર્યા પછી આગારોના સંકોચ માટે દિવસચરિમં ચૌવિહાર કે તિવિહાર વગેરે વિશેષ પચ્ચક્ખાણ કરે; અથવા એકાસણાદિનું પચ્ચક્ખાણ કર્યું હોય તે આયંબિલ વગેરે મોટું કરે; ત્યારે વન્દન કરવું જોઈએ, તે સાતમું કારણ સંવર જાણવું અને

(૮) **અણુશણુ**– કોઈ સાધુ અંતસમયે વિશેષ આરાધના માટે વંદન કરીને અનશન સ્વીકારે તે વન્દનનું આઠમું કારણ અનશન જાણવું.

એમ ગુરૂવંદનનાં આઠ કારણોનું પંદરમું દ્વાર કહ્યું.

૧૬– ગુરૂ વંદન નહિં કરવાથી થતાં દોષો= ૧- અભિમાન, ૨- અવિનય, ૩- શાસનની અપભ્રાજના, ૪- નીચગોત્રનો બંધ, ૫- બોધિની દુર્લભતા, અને ૬- સંસારની વૃદ્ધિ, એ છ દોષો થાય છે, એમ ગુરૂ વંદનનાં કુલ એકસો અઠ્ઠાણું સ્થાનો જાણવાં.

હવે વંદન સૂત્રનો અર્થ કહે છે કે '**ઇચ્છામિ ખમાસમણો વંદિઉં જાવણિજ્જાએ નિસિહિયાએ**' = ઇચ્છું છું, હે ક્ષમાશ્રમણ! વંદન કરવાને, શક્તિસહિત-પાપરહિત કાયાવડે= અર્થાત્ બલાત્કારે નહિ પણ મારી ઇચ્છાથી વંદન કરવા ઇચ્છું છું, કોને? ક્ષમાદિ ગુણો સહિત શ્રમ કે તપને કરનારા ગુરૂને, તાત્પર્ય કે એવા ગુણયુકત ગુરુ વંદનીય છે.

હવે વંદન કોના વડે કરવું? તે કહે છે કે– સશકત અને પાપરહિત (જયણાવાળી) કાયાવડે, અહીં પહેલી સંપદા પૂર્ણ થઇ અને પૂર્વે કહ્યા તે શિષ્યના પ્રશ્નોમાં પહેલો 'ઇચ્છા' પ્રશ્ન કહ્યો. અશકત કાયાવાળાને વન્દન કરાવવાથી આર્તધ્યાન અને જયણા રહિત વંદન કરે તો કર્મબંધ થાય; માટે સશકત અને જયણા યુકત કાયાથી વંદન કરવા શિષ્ય ઇચ્છા જણાવે; ત્યારે ગુરૂ અન્ય કાર્યમાં રોકાયા હોય તો '**પ્રતીક્ષસ્વ**' અર્થાત્ 'હમણાં નહિ; થોડી વાર પછી' એમ કહે અથવા 'ત્રિવિધેન' એટલે ત્રણે યોગથી નિષેધ કરું છું; એમ કહે ત્યારે શિષ્ય માત્ર ફિટ્ટાવંદન કરે. પણ જો ગુરૂ વંદનની અનુજ્ઞા આપવી હોય તો '**છંદેણ**' અર્થાત્ ઇચ્છાને અનુસરો, મારી સંમતિ છે; એમ કહે. પૂર્વ જણાવેલા ગુરૂના છ ઉત્તરો પૈકી આ પહેલો ઉત્તર જણાવો.

અનુમતિ મલવાથી શિષ્ય ત્યાંજ ઉભો '**અણુજાણહ મે મિઉગ્ગહં**' અર્થાત્ મને 'મીત અવગ્રહમાં પ્રવેશ માટે અનુજ્ઞા આપો' કહે, ત્યારે ગુરૂ 'અણુજાણામિ' અર્થાત્ 'અનુજ્ઞા આપુ છું' એમ કહે, આ શિષ્યેનો બીજો પ્રશ્ન અને ગુરૂનો બીજો ઉત્તર સમજવો.

પછી 'નિસીહિ અર્થાત્ ગુરૂવંદન સિવાય અન્ય સર્વ વ્યાપારનો નિષેધ (ત્યાગ) કરું છું', કહી શિષ્ય સાડાત્રણ હાથ ભૂમિ પ્રમાણ ગુરૂના અવગ્રહમાં પ્રવેશ કરે. પછી ગુરૂની પાસે સન્મુખ સંડાસાની પ્રમાર્જના પૂર્વક ઉભડક બેસીને ઓઘામાં ગુરૂચરણનો સંકલ્પ કરીને પૂર્વે જણાવ્યા પ્રમાણે '**અહો, કાયં, કાય,**' બોલતો બે હાથની હથેલી સહિત દશ આંગુલીથી ઓઘાને તથા લલાટને સ્પર્શતો ત્રણ આવર્ત કરે. અને '**સંફાસં**' બોલતાં બે હાથ તથા મસ્તકથી ઓઘાને સ્પર્શે; પછી બે હાથે અંજલી કરીને '**ખમણિજ્જો હે કિલામો અપ્પકિલંતાણં બહુ સુભેણ હે દિવસો વઇક્કંતો?**' પાઠ બોલે. અર્થાત્ આપની અધો કાયાને (ચરણોને) મારી કાય (મસ્તક) વડે સ્પર્શ (કરું છું.) તેમાં હે ભગવંત! આપને જે કંઈ 'કિલામો' એટલે (બધા–પીડા) કલેશ થયો હોય તેને આપે ખમવા યોગ્ય છે, અર્થાત્ મને ક્ષમા કરશો. વળી હે ભગવંત! અલ્પ કલેશવાળા આપનો દિવસ બહુ (શુભેન=) સુખ પૂર્વક વ્યતિક્રાન્ત થયો? શિષ્યનો આ ત્રીજો પ્રશ્ન જાણવો. તેના ઉત્તરમાં ગુરુ 'તહત્તિ' અર્થાત્ 'તેમજ છે' તે ત્રીજો ઉત્તર જાણવો. આ ગુરુના શરીર સંબંધી સુખશાતાનો પ્રશ્ન–ઉત્તર કહ્યો,

હવે તપ–નિયમ અંગે પૂછે છે. '**જત્તા હે**' અર્થાત્ હે ભગવંત! આપની ક્ષાયોપશમિકાદિભાવજન્ય તપ–સંયમ–નિયમરૂપ યાત્રા વૃદ્ધિ પામે છે? આ શિષ્યનો ચોથો પ્રશ્ન અને '**તુબ્ભંપિ વટ્ટએ**' અર્થાત્ તને પણ એ રીતે યાત્રા વર્તે છે? એમ ગુરૂ કહે. તે ચોથો ઉત્તર જાણવો. (આ ત્રણ ત્રણ અક્ષરોના પદોમાં પહેલો અક્ષર જઘન્ય = અનુદાત્ત બીજો ઉત્કૃષ્ટ = ઉદાત્ત, અને ત્રીજો મધ્યમ = સ્વરિત ઉચ્ચારથી બોલવો.) પછી મન–ઇન્દ્રિઓ અંગે પૂછે કે–

'जवणिज्जं च भे' અર્થાત્ હે ભગવંત ! (આપને) યાપનીય અર્થાત્ અંકુશમાં રાખવા યોગ્ય મન અને ઇન્દ્રિયો ઉપશમના પ્રભાવે પીડા રહિત છે ? અને 'भे'= હે ભગવંત ! 'च'= વળી આપનું શરીર પણ બાધા રહિત છે ? આ શિષ્યનો પાંચમો પ્રશ્ન અબાધા પૂછવા રૂપ વિનય પ્રશ્ન છે. તેના જવાબમાં ગુરુ 'एवं' એટલે તું પૂછે છે તેમજ છે, એમ કહે, તે ગુરુનો પાંચમો ઉત્તર જાણવો.

પછી શિષ્ય ગુરુ ચરણે (ઓઘા ઉપર) બે હાથ અને મસ્તક લગાડતાં અપરાધોને ખમાવવા **'खामेमि खमासमणो, देवसियं वइक्कमं'** અર્થાત્ હે ક્ષમા શ્રમણ ! દિવસ સંબંધી (થયેલા સઘળા) વ્યતિક્રમને (અપરાધોને) ખમાવું છું, એમ કહે. આ શિષ્યનો અપરાધખામણાં રૂપ છઠ્ઠો પ્રશ્ન અને ગુરુ જવાબ રૂપે 'अहमवि खामेमि' અર્થાત્ 'હું પણ તને ખમાવું છું' કહે તે ગુરુનો છઠ્ઠો ઉત્તર જાણવો.

એમ પ્રણામ પૂર્વક અપરાધ ખમાવીને **'आवस्सियाए'** બોલતો અવગ્રહની બહાર નિકળે, પછી **"पडिक्कमामि खमासमणाणं देवसियाए आसायणाए तित्तिसन्नयराए, जं किंचि मिच्छाए, मणदुक्कडाए वयदुक्कडाए कायदुक्कडाए कोहाए माणाए मायाए लोभाए सव्वकालियाए सव्वमिच्छोवयाराए सव्वधम्माइक्कमणाए आसायणाए जो मे अइआरो कओ"** સુધી પાઠ બોલે, તેનો અર્થ આ પ્રમાણે-સમગ્ર દિવસમાં સાધુ સામાચારી રૂપ સર્વ આવશ્યક પ્રવૃત્તિ કરતાં જે કંઈ અયોગ્ય થયું હોય તેનું પ્રતિક્રમણ કરું છું, એમ ઓઘે કહીને વિશેષ રૂપે જણાવે કે-સમગ્ર દિવસ સંબંધી આપના પ્રત્યે (હવે પછી કહેવાશે તે) તેત્રીસ પૈકી કોઇ એક-બે-ત્રણ વગેરે આશાતનાઓ થઈ હોય, તેનું પ્રતિક્રમણ કરું છું. આ 'પ્રતિક્રમણ કરું છું' એ અર્થ આગળના પદોમાં પણ સર્વત્ર સમજવો.

આ આશાતનાઓને વિશેષ સ્પષ્ટ કરવા કહે છે કે-જે કંઈ મિથ્યા નિમિત્તો પામીને અસદ્ભાવ કરવારૂપ આશાતનાથી, તે પણ પ્રદ્વેષાદિ દુષ્ટ મન દ્વારા, અસભ્ય કઠોર વગેરે વચનદ્વારા, અને નજીક બેસવું, અસભ્ય બેસવું-ચાલવું, વગેરે કાયાદ્વારા થયેલી આશાતનાઓથી, તેમાં પણ ક્રોધ, માન, માયા અને લોભ રૂપ કષાયોને વશ બની કરેલી આશાતનાઓથી, એમ દિવસ સંબંધી આશાતનાઓ કહીને (ભૂત-ભવિષ્ય-વર્તમાન રૂપ) સર્વ કાળની આશાતનાઓથી, તેમાં પણ સર્વ મિથ્યા ઉપચારથી એટલે દંભ, માયા, કપટ વૃત્તિથી કરેલી આશાતનાઓથી, તેમાં પણ સર્વ ધર્મનો અતિક્રમ એટલે અષ્ટ પ્રવચન માતાદિ સર્વ ધર્મ અનુષ્ઠાનોનો અતિક્રમ કરવા રૂપ આશાતનાથી, મેં જે કોઈ અતિચાર કર્યો હોય- **"तस्स पडिक्कमामि निंदामि गरिहामि अप्पाणं वोसिरामि"** અર્થાત્ તેનું પ્રતિક્રમણ કરું છું, એટલે પુનઃ નહિ કરવાનો નિશ્ચય કરવા રૂપે તેનાથી પાછો ફરું છું, તથા આત્મસાક્ષીએ નિંદા એટલે તે આશાતનાની ક્રિયારૂપ મારા અયોગ્ય પર્યાયની વર્તમાન વિશુદ્ધ પર્યાય દ્વારા

નિંદા કરૂં છું, આપની સાક્ષીએ તે પાપી પર્યાયની ગર્હા કરું છું અને તે મારા આત્માને (પાપી પર્યાયને) અનુમોદનાના ત્યાગ દ્વારા વોસિરાવું છું.

એ રીતે ગુરુવંદન કરીને બીજું વંદન કરવા પુનઃ 'ઇચ્છામિ ખમાસમણો' થી 'વોસિરામિ' સુધી સંપૂર્ણ પાઠ બોલે, માત્ર બીજા વંદનમાં 'આવસિઆએ' પાઠ વિના શેષ બધો સૂત્રપાઠ અવગ્રહમાં રહીને જ બોલે, હવે પૂર્વ સૂચિત ગુરુની તેત્રીસ આશાતનાઓ આ પ્રમાણે છે.

૧– માર્ગ દેખાડવો કે વૃદ્ધ અંધ વગેરેને સહાય કરવી, વગેરે કારણ વિના ગુરુની આગળ ચાલે. ૨– ગુરુની બરાબર ડાબા કે જમણા પડખે ચાલે. ૩– છીંક કે શ્વાસોચ્છવાસ લાગે તેમ ગુરૂની પાછળ પણ બહુ નજીક ચાલે. એજ પ્રમાણે ૪ થી ૬ ગુરૂની આગળ, ડાબા–જમણા પડખે કે પાછળ ઉભો રહે. ૭ થી ૯ એ પ્રમાણે આગળ, ડાબા–જમણા પડખે, કે પાછળ પણ બહુ નજીક બેસે, એમ ચાલવાથી, ઉભા રહેવાથી અને બેસવાથી ત્રણ ત્રણ મળીને નવ થાય. ૧૦– સાથે સ્થંડિલ ગએલો શિષ્ય ગુરૂની પહેલાં શુદ્ધિ કરે. ૧૧– કોઈ ગૃહસ્થાદિની સાથે ગુરૂને વાત કરવાની હોય, તેની પહેલાં જ પોતે વાત કરે તે પૂર્વાલાપ. ૧૨– ગુરૂની સાથે બહાર ગયેલો કે પાછો આવેલો શિષ્ય ગુરૂની પહેલાં ગમનાગમન આલોચે તે. ૧૩– ભિક્ષાની આલોચના કોઈ અન્યની પાસે કરીને પછી ગુરૂની સન્મુખ આલોચે તે અન્યાલોચનથી. ૧૪– એજ રીતે ગુરૂની પહેલાં ગોચરી બીજાને દેખાડે તે અન્યને દેખાડવાથી. ૧૫– ગુરૂને પૂછ્યા વિના જ અન્ય નાના વગેરે સાધુને તે જે માગે તે આહારાદિ આપવાથી. ૧૬– આહારાદિની નિમંત્રણા અન્ય સાધુને કર્યા પછી ગુરૂને નિમંત્રણાથી. ૧૭– ભિક્ષામાંથી થોડું ગુરૂને આપીને શેષ ઉત્તમ દ્રવ્યો પોતે વાપરવાથી. ૧૮– રાત્રે જાગતો છતાં ગુરૂ 'કોણ જાગે છે?' એમ પૂછે છતાં જવાબ નહિ આપવાથી. ૧૯– એમ કોઈ પણ સમયે ગુરૂ પૂછે છતાં જવાબ ન આપવાથી. ૨૦– ગુરૂ પૂછે, કે કંઇ કહે, ત્યારે સન્મુખ જઈ વિનયથી જવાબ આપવાને બદલે આસને બેઠાં કે સૂતાં જવાબ આપવાથી. ૨૧– ગુરૂ બોલાવે ત્યારે અવિનયથી શું કહો છો? એમ અનાદર પુર્વક બોલવાથી. ૨૨– ગુરૂને તું તારું વગેરે તુંકારથી બોલવાથી. ૨૩– ગુરૂ કોઈ ગ્લાનાદિની સેવા કરવા કહે ત્યારે તમે કેમ કરતા નથી? મને કેમ કહો છો? અથવા ગુરૂ આળસુ કહે ત્યારે સામે તમે આળસુ છો, વગેરે બોલે, તે તર્જાતવચનથી. ૨૪– ગુરૂની સામે ઘણા કરડા, કે અતિ મોટા અવાજે બોલવાથી. ૨૫– વ્યાખ્યાન કરતાં ગુરૂને 'આમ છે' વગેરે કહેવાથી. ૨૬– વ્યાખ્યાન કરતાં ગુરૂની ભૂલ કાઢે, 'તમે ભૂલી ગયા છો' વગેરે કહેવાથી. ૨૭– ગુરૂના વ્યાખ્યાનની પ્રશંસા–અનુમોદના નહિ કરતાં ચિત્તમાં અપ્રસન્ન થવાથી. ૨૮– વ્યાખ્યાન કરતાં ગુરુની સામે "હવે સમય થઇ ગયો છે, ભિક્ષાનું કે ભણવાનું મોડું થાય છે" વગેરે કહીને સભાને તોડાવાથી. ૨૯– ગુરુની વ્યાખ્યાન સભાના શ્રોતાઓને 'આ વાત હું પછી સારી રીતે

સમજાવીશ' કહી વ્યાખ્યાનને તોડવાથી. ૩૦- વ્યાખ્યાન સમાપ્ત થતાં જ ગુરૂથી પોતાની વિશેષતા જણાવવા વિશેષ કથા કરવાથી. ૩૧- ગુરૂની પ્રત્યક્ષ ઊંચા કે સમાન આસને બેસવાથી. ૩૨- ગુરૂની શય્યા, સંથારો, કપડાં, વગેરેને પગ લગાડવાથી, રજા વિના હાથ લગાડવાથી, કે તેની ક્ષમા નહિ માંગવાથી. ૩૩- તેમનાં શય્યા, સંથારો, આસનાદિ ઉપર બેસવાથી, ઉભા રહેવાથી, કે શયન કરવાથી. એમ તેત્રીસ આશાતનાઓ જાણવી.

આ દ્વાદશાવર્ત વંદન સાધુઓની જેમ શ્રાવકે પણ કરવું જોઇએ. કારણ કેટલીય ક્રિયાઓ સાધુની જેમ શ્રાવકને પણ કરવાની કહી છે. સંભળાય છે કે કૃષ્ણજીએ અઢાર હજાર સાધુઓને દ્વાદશાવર્ત વંદન કર્યું હતું.

એમ વન્દન કરી અવગ્રહમાં રહીને જ દૈવસિક વગેરે અતિચારોની આલોચના માટે શરીરથી આગળ નમીને **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોએમિ'** અર્થાત્ "હે ભગવંત ! (બલાત્કારથી નહિ પણ) આપની ઇચ્છાથી મને આદેશ આપો, હું દૈવસિક અતિચારોને આલોચવા ઇચ્છું છું." (ઉપલક્ષણથી તે તે પ્રતિક્રમણમાં રાત્રીના, પક્ષના, ચોમાસીના કે સંવત્સરના પણ અતિચારોને સમજી લેવા) અહીં આલોચનાની કાળ મર્યાદા આ પ્રમાણે છે. દિવસના મધ્યથી મધ્ય રાત્રિ સુધી દૈવસિક અને રાત્રિના મધ્યથી દિવસના મધ્ય સુધી રાત્રિક આલોચના થાય. પકખી વગેરે આલોચના તો પક્ષના, ચાર માસના અને સંવત્સરના અંતે થાય.

જ્યારે ગુરૂ 'આલોએહ= અલોચના કરો' કહે ત્યારે શિષ્ય તેનો સ્વીકાર કરતો 'ઇચ્છં' કહી **'આલોએમિ'** કહે. પછી પ્રગટ ઉચ્ચાર કરતો સૂત્ર બોલે **"જો મે દેવસિઓ અઇઆરો કઓ, કાઇઓ વાઇઓ માણસિઓ, ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો દુજ્ઝાઓ દુચ્ચિંતિઓ અણાયારો અણિચ્છિઅવ્વો અસાવગપાઉગ્ગો, નાણે દંસણે ચરિત્તાચરિત્તો, સુએ, સામાઇએ, તિણ્હં ગુત્તીણં, ચઉણ્હં કસાયાણં, પંચણ્હ-માણુવ્વયાણં, તિણ્હં ગુણવ્વયાણં, ચઉણ્હં સિક્ખાવયાણં, બારસવિહસ્સ સા-વગધમ્મસ્સ જં ખંડિયં જં વિરાહિયં તસ્સ મિચ્છામિ દુક્કડં"**

અર્થ- મેં દિવસ પ્રતિ જે કોઈ અતિચાર કર્યો હોય, (તે મારું પાપ મિથ્યા થાઓ' એમ છેલ્લા 'મિચ્છામિ દુક્કડં' પદ સાથે સંબંધ જાણવો) કેવો અતિચાર? કાયા સંબંધી, વચન સંબંધી અને મન સંબંધી, તેમાં કાયા અને વચન સંબંધી કેવો? ઉત્સૂત્ર પ્રરૂપણાથી, ઉન્માર્ગ આચરવા વગેરેથી, અકલ્પ્ય સેવનથી અને અકરણીય કરવાથી, મન સંબંધી કેવી રીતે? દુર્ધ્યાનથી અને દુશ્ચિંતનથી, તેમાં સ્થિર અધ્યવસાય તે ધ્યાન અને ચલ અધ્યવસાય તે ચિત્ત, એમ ભેદ સમજવો. હવે મન-વચન-કાયા ત્રણે યોગથી કરેલા અતિચારો કહે છે કે- સમકિત સહિત વ્રતધારી અને ગુરુ પાસે ધર્મને નિત્ય સાંભળે તે શ્રાવકને અનાચરણીય,

અનિચ્છનીય, તથા અઘટિત, વળી કયા વિષયમાં? તે કહે છે કે- જ્ઞાન વિષયમાં, દર્શન= સમકિત વિષયમાં તથા ચરિત્રાચરિત્ર= દેશ વિરતિરૂપ વ્રતોમાં, તેમાં પણ વિશેષતા જણાવે છે કે- શ્રુતજ્ઞાનમાં, સામાયિકમાં= સમ્યક્ત્વ સામાયિકમાં અને દેશવિરતિ સામાયિકમાં, ત્રણ ગુપ્તિના પાલનમાં, ચાર અપ્રશસ્ત કષાયોના વિષયમાં પાંચ અણુવ્રતોમાં, ત્રણ ગુણવ્રતોમાં અને ચાર શિક્ષાવ્રતોમાં, એમ બાર પ્રકારના શ્રાવક ધર્મમાં જે ખંડના (દેશ વિરાધના) અને જે (મોટી) વિરાધના કરી હોય, તે સર્વ અતિચારોરૂપ મારું સર્વ પાપ મિથ્યા થાઓ! એ રીતે હું પાપનું પ્રતિક્રમણ કરું છું, પાછો ફરું છું, અર્થાત્ તે દુષ્કર્તવ્ય છે, અકરણીય છે. એમ ભાવથી સ્વીકારું છું.

પછી પણ અર્ધું શરીર નમાવીને, સંવેગ પૂર્વક, માયામદ છોડીને, સર્વ અતિચારોની વિશેષ શુદ્ધિ માટે ઓઘથી પ્રતિક્રમણ કરતો કહે કે- **"સવ્વસ્સ વિ દેવસિય દુચ્ચિંતિય દુબ્ભાસિય દુચ્ચિટ્ઠિય ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્"** અર્થાત્ હે ભગવંત! દિવસ સંબંધિ સર્વ પણ દુષ્ટ ચિંતનનું દુર્ભાષણનું અને દુશ્ચેષ્ટાઓનું (પ્રાયશ્ચિત) આપની ઇચ્છાનુસાર આપો, શિષ્ય એમ કહે ત્યારે કરુણાનિધિ ગુરૂ 'પડિક્કમહ' અર્થાત્ 'પ્રતિક્રમણ કરો' કહે, ત્યારે શિષ્ય **'ઇચ્છં કહી તસ્સ મિચ્છામિ દુક્કડં'** અર્થાત્ આપની આજ્ઞાને હું સ્વીકારું છું, મારૂં તે પાપ મિથ્યા થાઓ! એમ કહી એજ પાપોના સવિશેષ પ્રતિક્રમણ માટે 'વંદિત્ત' સૂત્ર કહી પ્રતિક્રમણ કરે. (આ વંદિત્તુ સૂત્ર અને અર્થ ષડાવશ્યકની કર્તવ્યતા જણાવ્યા પછી કહીશું.)

એ રીતે પ્રતિક્રમણ કર્યા પછી ગુરૂને ખમાવવા માટે બે વાંદણાં કહે. તેમાં બીજા વંદન પછી અવગ્રહમાં જ ઊભો રહીને શિષ્ય અડધું અંગ નમાવવા પૂર્વક અપરાધોને ખમાવતો કહે કે **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓહં અભિંતર દેવસિઅં ખામેમિ?** અર્થાત્ હે ભગવન્ આપની ઇચ્છાનુસાર મને આદેશ આપો! હું (સર્વ વ્યાપાર તજીને) આપના પ્રતિ દિવસમાં થએલા સમગ્ર અપરાધોને ખમાવવા તત્પર થયો છું. અન્ય આચાર્યો અહીં પાઠાંતર માને છે કે **'ઇચ્છામિ ખમાસમણો અબ્ભુટ્ઠિઓમિ અભિંતર દેવસિયં ખામેઉં'** અર્થાત્ હે ક્ષમા શ્રમણ! હું ઇચ્છું છું, એટલું જ નહિ, દિવસના અતિચારોને ખમાવવા પણ તત્પર છું. એમ કહી ગુરૂની અનુમતિ માગે, ત્યારે ગુરૂ કહે 'ખામેહ' અર્થાત્ ખમાવો! ત્યારે શિષ્ય **'ઇચ્છ'** કહી સ્વીકાર કરે અને **'ખામેમિ દેવસિય'** અર્થાત્ દિવસના સંભવિત અપરાધોને ખમાવું છું, કહીને બે ઢીંચણ બે હાથ સહિત મસ્તકને જમીને લગાડીને મુખે મુખવસ્ત્રિકા પૂર્વક ખમાવતો આ પાઠ બોલે.

"જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં, ભત્તે પાણે વિણએ વેયાવચ્ચે આલાવે સંલાવે, ઉચ્ચાસણે સમાસણે, અંતર ભાસાએ ઉવરી ભાસાએ, જંકિંચિ મજ્ઝ

વિણયપરિહીણું, સુહુમં વા બાયરં વા, તુબ્ભે જાણહ અહં ન યાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં''

અર્થ – જે કંઇ (નહાનું મોટું), અલ્પ અપ્રીતિરૂપ કે વિરોધ અપ્રીતિરૂપ, અથવા બીજાના નિમિત્તો કે મારા નિમિત્તો, મારાથી આપનો અપરાધ થયો હોય કે આપનાથી મારો અપરાધ મેં અજ્ઞાનથી માન્યો હોય, તે પાપ મિથ્યા થાઓ ! એમ છેલ્લા વાકય સાથે સંબંધ સમજવો. હવે તેનો વિષય કહે છે કે– ભોજનમાં, પાણીમાં, વિનયમાં કે વૈયાવચ્ચમાં, વળી એકવાર બોલવારૂપ આલાપમાં, કે વારંવાર બોલવારૂપ સંલાપમાં, આપનાથી ઊંચા, કે સમાન આસનનો ઉપયોગ કરવામાં, વળી આપની ચાલુ વાતમાં વચ્ચે બોલવામાં, કે વિશેષ વિવેચન કરવામાં, એમ તે તે વિષયમાં મારાથી સૂક્ષ્મ કે બાદર (નાનું કે મોટું, અલ્પ કે ઘણું) જે કંઈ વિનય-વિરૂદ્ધ થયું હોય, તેમાં પણ આપ જેને જાણતા હો અને હું અજાણ હોઉં, (અથવા આપ ન જાણતા હો અને હું જાણતો હોઉં, અથવા આપણે બન્ને જાણતા હોઇએ અગર આપ કે હું પણ ન જાણતો હોઉં, એમ ચારે ભાંગે થયેલું) તે મારું પાપ મિથ્યા થાઓ ! અથવા બીજી રીતે 'તસ્સ મિચ્છામિ દુક્કડં''નો અર્થ અપ્રીતિ આદિ રૂપ કે અવિનયાદિ રૂપ તે મારા અપરાધો મે=મને મિથ્યા=મોક્ષ સાધનામાં વિઘ્નરૂપ અને દુક્કડં= પાપ રૂપ છે. એમ પાપની કબૂલાતરૂપ પ્રતિક્રમણ એટલે ક્ષમાપના જાણવી.

એમ અપરાધો ખમાવીને બીજીવાર બે વંદન આપે. પૂર્વે કહેલાં વંદનનાં આઠ કારણો પૈકી આલોચના અને ક્ષમાપના માટે વંદન કરવાનું હોવાથી અહીં વંદન પછી આલોચના માટે 'દેવસિયં આલોઉં' અને ક્ષમાપના માટે 'અબ્ભુટ્ઠિઓ' એ બે સૂત્રોની વ્યાખ્યા કરી.

ગુરુવંદનનું શાસ્ત્રમાં કર્મ નિર્જરા રૂપ ઘણું મોટું ફળ કહ્યું છે. વિધિ પૂર્વક પચીસ આવશ્યકો સાચવીને વંદન કરવાથી આઠે કર્મો-કઠીન બંધનથી બાંધેલાં શિથિલ બંધવાળાં, લાંબી સ્થિતિને બદલે ટુંકી સ્થિતિવાળાં, તીવ્રરસને બદલે મંદ રસવાળાં અને ઘણા પ્રદેશને બદલે અલ્પપ્રદેશવાળાં બની જાય છે. તેથી અનાદિ અનંત સંસારમાં જીવ લાંબો કાળ ભમતો નથી. એમ શ્રી ગૌતમસ્વામિને પ્રભુ મહાવીરે સ્વમુખે કહ્યું છે. ઉપરાંત ગુરુવંદનથી નીચ ગોત્રને તોડીને જીવ ઉચ્ચ ગોત્રનો બંધ કરે છે અને કોઈ આણા ન લોપે તેવું વિશિષ્ટ સૌભાગ્ય, આદેય, યશ વગેરે શુભ નામકર્મનો બંધ કરે છે.

અહીં ગુરુવંદન અધિકાર પૂર્ણ થયો.

પચ્ચક્ખાણ અધિકાર

મૂળ બાસઠમી ગાથામાં વિધિ પૂર્વક ગુરૂવંદન કરીને પચ્ચક્ખાણ કરે, એમ કહ્યું છે. તેમાં ગુરૂવંદનનો વિધિ કહ્યો, હવે પચ્ચક્ખાણનું સ્વરૂપ જણાવવા ૧– પચ્ચક્ખાણોના પ્રકારો, ૨– ભાંગા, ૩– આગારો, ૪– સૂત્રપાઠો, ૫– તેના અર્થો, ૬– છ શુદ્ધિઓ અને ૭– ફળ, એમ સાત દ્વારોથી ટુંકું સ્વરૂપ કહીશું. તેમાં 'પચ્ચક્ખાણ' શબ્દનો સંસ્કૃત પર્યાય 'પ્રત્યાખ્યાન' છે. માં 'પ્રતિ+આ+ખ્યાન' એમ ત્રણ અંશો છે. તેનો અર્થ પ્રતિ=પ્રતિકૂળ–વિપરીત, આ=અમુક મર્યાદાથી અને ખ્યાન=કહેવું, અર્થાત્ અમુક મર્યાદા પૂર્વક, અવિરતિ રૂપ પાપથી વિપરીત, પ્રતિજ્ઞા કરવી, તે પ્રત્યાખ્યાન કે પચ્ચક્ખાણ કહેવાય. તેમાં પ્રથમ તેના પ્રકારો કહે છે–

૧– પચ્ચક્ખાણના પ્રકારો= એક મૂળગુણ રૂપ અને બીજુ ઉત્તરગુણ રૂપ, એમ પચ્ચક્ખાણ બે પ્રકારનું છે, તે બેના પણ દેશથી અને સર્વથી એમ બે બે ભેદો છે, તેમાં સાધુનાં પાંચ મહાવ્રતો તે સર્વથી મૂળગુણ પચ્ચક્ખાણ અને શ્રાવકનાં પાંચ અણુવ્રતો, તે દેશથી મૂળગુણ પચ્ચખ્ખાણ છે. ઉત્તરગુણ પચ્ચક્ખાણ સાધુને સર્વથી હોય છે. અને તેના પિંડવિશુદ્ધિ, સમિતિ, ભાવના, પ્રતિમાપાલન, વગેરે વિવિધ પ્રકારો છે. શ્રાવકને દેશથી તે ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો, એમ સાતવ્રતો રૂપ હોય છે.

ગૃહસ્થ તથા સાધુ જેને જે શકય હોય તે તેઓને ઉપકારક બને, એવાં સર્વથી ઉત્તરગુણ પચ્ચક્ખાણો 'અનાગત' વિગેરે દશ પ્રકારનાં કહ્યાં છે. તેમાં

(૧) અનાગત પચ્ચક્ખાણ– તે તે પર્વોમાં કરવાનો તપ વિશેષ આરાધનાને કારણે તે તે પર્વોમાં ન કરી શકાય, તેથી પહેલાં કરવો તે.

(૨) અતિક્રાંત પચ્ચક્ખાણ– વિશેષ કારણે તે તે પર્વમાં ન કરી શકે તે તપ પાછળથી કરે તે.

(૩) કોટી સહિત પચ્ચક્ખાણ– એક પચ્ચક્ખાણ પૂર્ણ થતાં પાર્યા વિના જ તેની સાથે બીજું પચ્ચક્ખાણ કરવું, બેના છેડા જોડવા, તેમાં છઠ્ઠ ઉપર છઠ્ઠ, ઉપવાસ ઉપર ઉપવાસ, વગેરે સમ પચ્ચકખાણ જોડે, તે 'સમકોટિ' અને ઉપવાસ ઉપર આંબિલ કે આંબિલ ઉપર ઉપવાસ જોડે, તે 'વિષમકોટિ' જાણવી.

(૪) નિયંત્રિત પચ્ચક્ખાણ– અમુક માસ–દિવસ–તિથિ વગેરેમાં અમુક પચ્ચક્ખાણ અવશ્ય કરવું જ, એવો નિરપવાદ નિર્ણય તે (આ પચ્ચકખાણ પૂર્વધરો વગેરેના કાળમાં જ હોય વર્તમાનમાં તેનો વિચ્છેદ થયેલો છે.)

(૫) સાગાર પચ્ચક્ખાણ– 'મહત્તરાગાર' વગેરે આગારો (અપવાદો) સહિત હોય તે.

(૬) **નિરાગાર પચ્ચક્ખાણ**– જેમાં (અનાભોગ અને સહસાગાર બે આગારો છદ્મસ્થને આવશ્યક હોવાથી તે સિવાયના) આગારો ન હોય તે.

(૭) **પરિણામકૃત પચ્ચક્ખાણ**– જેમાં દત્તી, કવળ, ઘર કે દ્રવ્યો વગેરેની સંખ્યાનું પ્રમાણ કરાય તે.

(૮) **નિરવશેષ પચ્ચક્ખાણ**– જેમાં ચારેય પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરાય તે પ્રાયઃ મરણ સમયે સંલેખનાદિ માટે કરાતું.

(૯) **સંકેત પચ્ચક્ખાણ**– અંગુઠો, મુઠ્ઠી, ગ્રંથી, વગેરે છોડવાના સંકેતવાળું તે. આ પચ્ચક્ખાણ અંગુઠો, મુષ્ટિ, ગ્રન્થી, ઘર, સ્વેદબિંદુ, શ્વાસોચ્છ્વાસ, જળબિંદુ અને જ્યોતિ= પ્રકાશ, એમ આઠ સંકેતવાળું કહ્યું છે. અને

(૧૦) **અદ્ધા પચ્ચક્ખાણ**– સમયની જેમાં મર્યાદા કરાય તે તેના આ દશ પ્રકારો છે ૧– નમુક્કાર સહિત, ૨– પૌરુષી, ૩– પુરિમાર્દ્ધ, ૪– એકાસન, ૫– એકલઠાણું, ૬– આયંબિલ, ૭– ઉપવાસ, ૮– દિવસચરિમં, કે ભવચરિમં, ૯– અભિગ્રહ અને ૧૦– વિકૃતિનું. એમાં જો કે એકાસણ–એકલઠાણું, આયંબિલ, વગેરે પરિમાણ કૃત છે. તો પણ કાળ પચ્ચક્ખણ સહિત કરાતાં હોવાથી તેને કાળ પચ્ચક્ખાણમાં ગણ્યાં છે, સર્વથી ઉત્તર ગુણનાં પચ્ચક્ખાણ આ દશ જાણવાં. એમાં સંકેત અને અદ્ધા બે દરરોજ અને શેષ યથાસમય કરી શકાય છે.

૨– **પચ્ચક્ખાણના ભાંગા=** મન, વચન, અને કાયા, એ ત્રણ યોગો અને કરણ, કરાવણ, અનુમોદન, એ ત્રણ કરણો, એના યોગથી એક સંયોગી વગેરે ભાંગા ત્રણ કાળને આશ્રીને ૧૪૭ થાય. જેમકે હિંસા મનથી કરે નહિ, વચનથી કરે નહિ, કાયાથી કરે નહિ, એ એક સંયોગી ત્રણ ભાંગા, હિંસા મન–વચનથી કરે નહિ, મન–કાયાથી કરે નહિ, વચન કાયાથી કરે નહિ, એમ દ્વિસંયોગી ત્રણ ભાંગા અને હિંસા મન–વચન–કાયાથી કરે નહિ એ ત્રિકસંયોગી એક, મળી સાત ભાંગા રૂપ એક માત્ર હિંસા નહિ કરવાની આ સપ્તભંગી થઇ. તે પ્રમાણે ૨– કરાવણની, ૩– અનુમોદનની, ૪– કરણ–કરાવણની, ૫– કરણ–અનુમોદનની ૬– કરાવણ–અનુમોદનની અને ૭– કરણ–કરાવણ–અનુમોદનની, એમ કુલ સાત સપ્ત ભંગીના ૭×૭=૪૯ ભાંગા, થાય તે ત્રણે કાળના ગણતાં ૧૪૭ થાય. આ ભાંગાની સમજ પૂર્વક કરેલું પચ્ચક્ખાણ શુદ્ધ કહ્યું છે.

બીજી રીતે ૧– પચ્ચક્ખાણ કરનાર જાણ–જાણ ગુરુ પાસે કરે, ૨– જાણ અજાણની પાસે, કરે ૩– અજાણ જાણની પાસે કરે અને ૪– અજાણ અજાણની પાસે પચ્ચક્ખાણ કરે; તે ચતુર્ભંગીમાં ત્રણ ભાંગા શુદ્ધ છે; ચોથો ભાંગો કરનાર કરાવનાર બન્ને અજ્ઞ હોવાથી

અશુદ્ધ છે. એમ ચાર ભાંગા પણ જાણવા' તેમાં પચ્ચક્ખાણનું સ્વરૂપ, તેના પાઠનાં ઉચ્ચાર સ્થાનો, ભાંગા, અગારો, પચ્ચક્ખાણની શુદ્ધિ તેનો સૂત્ર પાઠ, અર્થ, તેનું ફળ, અને તે તે પચ્ચક્ખાણમાં કલ્પ્યાકલ્પ્યનું વગેરે જ્ઞાન જેને હોય તે જાણકાર ગણાય.

આ પચ્ચક્ખાણના ઉચ્ચાર સ્થાનો પાંચ છે. તેમાં પહેલા સ્થાનમાં નમુક્કારસહી આદિ પાંચ કાળપચ્ચક્ખાણો અને અંગુઠ્ઠસહિ વગેરે આઠ સંકેતપચ્ચક્ખાણ આવે છે, પહેલા ઉચ્ચારસ્થાનમાં આ પચ્ચક્ખાણો પ્રાયઃ ચારે અહારના ત્યાગથી કરાય છે. બીજા ઉચ્ચારસ્થાનમાં વિગઇ, નિવિગઈ અને આયંબિલનાં પચ્ચક્ખાણો આવે છે, તેમાં વિગઈનું પચ્ચક્ખાણ આગળ કહીશું તે છ ભક્ષ્ય વિગઇઓ પૈકી એકેયનો ત્યાગ ન કરે તો પણ પ્રાયઃ ચાર મહાવિગઇઓના ત્યાગથી પણ થાય છે. ત્રીજા ઉચ્ચારસ્થાનમાં એકાસણું, બેઆસણું તથા એકલઠાણું, વગેરે આવે છે. આ પચ્ચક્ખાણો આહાર વાપર્યા પછી તિવિહાર, કે ચઉવિહારના ત્યાગથી પણ થઈ શકે છે. ચોથા ઉચ્ચારસ્થાનમાં 'પાણસ્સ' વગેરે પાઠથી સચિત્ત પાણીના ત્યાગરૂપ પચ્ચક્ખાણ આવે છે અને પાંચમા ઉચ્ચારસ્થાનમાં સચિત્તાદિના સંક્ષેપ રૂપ દેસાવગાસિકવ્રત વગેરે પચ્ચક્ખાણ આવે છે. ભોજન કરવાનું હોય તેવા એકાસણ વગેરેમાં આ પાંચ ઉચ્ચારસ્થાન આવે, ઉપવાસ, છઠ્ઠ, વગેરેમાં તો ત્રીજા સ્થાન સિવાય ચાર જ સ્થાન આવે. (બીજાસ્થાનમાં ઉપવાસ આવે.)

તેમાં ઉપવાસ, આયંબિલ, નિવ્વિગઈ, વગેરે પચ્ચક્ખાણો ભોજન કર્યા પછી ત્રિવિધ આહારના કે ચતુર્વિધ આહારના ત્યાગથી કરાય છે. અપવાદે કોઈ ગાઢ કારણે નિવ્વિગઇ વગેરે અને પોરુષી વગેરે દુવિહારત્યાગથી પણ થાય છે. નમુક્કારસહિત પચ્ચક્ખાણ તો ચારે આહારના ત્યાગથી જ કરી શકાય, એવી વૃદ્ધપરંપરા છે.

શ્રાદ્ધવિધિની ટીકામાં સાધુને રાત્રીનું અને નમુક્કારસહિત પચ્ચક્ખાણ ચોવિહારથી, ભવચરિમ, ઉપવાસ, તથા આંબિલનાં પચ્ચક્ખાણ તિવિહાર કે ચોવિહારથી અને શેષ પચ્ચક્ખાણો દુવિહાર તિવિહાર કે ચોવિહારથી પણ થઇ શકે એમ કહ્યું છે, પણ યતિદિનચર્યામાં સર્વ સંકેતપચ્ચક્ખાણો ચોવિહારથી જ કરવાનું કહ્યું છે. એમ છતાં વર્તમાનમાં સાધુ-સાધ્વીને રાત્રીનું અને શ્રો ચતુર્વિધ સંઘને નમુક્કારસહિત વગેરે પાંચેય કાલ પચ્ચક્ખાણો તથા સંકેત પચ્ચક્ખાણો ચોવિહારથી જ કરાવાય છે.

નિવિ, આયંબિલ, એકાસણ, વગેરેમાં કલ્પ્ય, અકલ્પ્ય, વસ્તુનો વિવેક સ્વ-સ્વ સામાચારીથી જાણવો. અહીં સુધી પચ્ચક્ખાણના ભેદ અને ભાંગાનું વર્ણન કર્યું હવે આગારો કહે છે.

૩- પચ્ચક્ખાણમાં આગારો= વર્તમાનમાં આયુષ્ય, સંઘયણબળ અને જ્ઞાનની અલ્પતાને કારણે પચ્ચક્ખાણમાં અમુક છૂટ રાખવામાં આવે છે, તેને આગારો કહેવાય છે,

આગારોના અભાવે ભંગ થાય તો દોષ લાગે. કહ્યું છે કે– વ્રતભંગથી દોષ મોટો લાગે છે અને થોડા (નાના) પણ પચ્ચક્ખાણનું અખંડ પાલન વિશેષ ગુણ કરે છે. આ લાભ–હાનિને સમજીને આગારો રાખવાનું નિધાન છે,

તે તે પચ્ચક્ખાણમાં આગારની સંખ્યા કહી છે કે "નમુક્કારસહિતમાં બે, પૌરૂષીમાં છ, પુરિમાર્દ્ધમાં સાત, એકાસણામાં આઠ, એકલઠાણામાં સાત, આયંબિલમાં આઠ, ઉપવાસમાં પાંચ, પાણસ્સમાં છ, દિવસચરિમ–ભવચરિમમાં ચાર, અભિગ્રહમાં ચાર અથવા પાંચ અને નિવિમાં આઠ અથવા નવ આગારો કહ્યા છે. તેમાં અપ્રાવરણ સંબંધી અભિગ્રહમાં 'ચોલપટ્ટાગાર' સહિત પાંચ પાંચ અને શેષ અભિગ્રહોમાં ચાર સમજવા. નિવિમાં જેની ખરડ બીજાને ન લાગે તેવી કડીન વિગઇના ત્યાગમાં 'ઉક્ખિત્ત વિવેગ' સહિત નવ અને બાકીની દ્રવ વિગઇઓના ત્યાગમાં આઠ હોય છે. તેનું સ્વરૂપ પચ્ચક્ખાણના અર્થમાં કહીશું.

૪–૫– પચ્ચક્ખાણના સૂત્રો તથા અર્થ= ઉગ્ગએ સૂરે નમુક્કારસહિઅં પચ્ચક્ખાઇ,ચ ઉવ્વિહંપિ આહારં, અસણું–પાણું–ખાઇમં–સાઇમં, અન્નત્થણા–ભોગેણું સહસાગારેણું વોસિરઇ. (એની સાથે મુઠ્ઠિસહિનું સંકેત પચ્ચક્ખાણ કરે તો **'મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં'** એ બે વધવાથી ચાર થાય છે.) અર્થાત્ ગુરુ, સૂર્યોદયથી આ પચ્ચક્ખાણ કરાય છે, એમ કહે, તેની સામે પચ્ચક્ખાણ કરનાર, 'પચ્ચક્ખામિ' અર્થાત્ હું પચ્ચક્ખાણ કરું છું, એમ સ્વીકાર કરે, એ રીતે ગુરુ 'વોસિરઇ' કહે ત્યારે પચ્ચક્ખાણ કરનાર 'વોસિરામિ' કહી 'હું વોસિરાવું છું' એમ સ્વીકાર કરે.

હવે શાનું પચ્ચક્ખાણ ? ચતુર્વિધ આહારનું, કયા ચાર આહારનું ? અશન, પાન, ખાદિમ અને સ્વાદિમનું. આ પચ્ચક્ખાણ રાત્રીના ચોવિહારના પચ્ચક્ખાણને તરવા રૂપ છે, માટે રાત્રી પૂર્ણ થતાં જ આ પચ્ચક્ખાણનો પ્રારંભ થાય છે. અને સૂર્યોદયથી એક મુહૂર્ત પછી નવકારમંત્ર ગણીને આ પચ્ચક્ખાણ પૂર્ણ કરાય છે, તેમાં જો કે મુહૂર્તનો સમય જણાવનાર કાળવાચક શબ્દ નથી, છતાં કાળ પચ્ચક્ખાણમાં કહેલું હોવાથી એક મુહૂર્તનું કાળમાન ઉપલક્ષણથી સમજવું. વળી કાળવાચક શબ્દ ન હોવાથી બે ત્રણ મુહૂર્ત પણ માની શકાય, પણ તેમાં માત્ર બે જ આગારો કહ્યા છે. તે ઓછામાં ઓછા કાળના સૂચક છે તેથી એક જ મુહૂર્ત સમજવું. તાત્પર્ય કે સૂર્યોદય પછી એક મુહૂર્ત પૂર્ણ થાય ત્યારે નવકારમંત્ર ગણીને પારી શકાય, મુહૂર્ત પૂર્ણ થવા છતાં નવકાર ન ગણે, કે નવકાર ગણવા છતાં મુહૂર્ત પૂર્ણ ન થયું હોય, તો પચ્ચક્ખાણ પૂર્ણ થયું ન ગણાય.

હવે તેમાં ત્યાગ કરાતા અશન વગેરેનું સ્વરૂપ કહે છે કે– ખાવાથી ભૂખ ભાગે તેવી વસ્તુઓને **અશન** કહેવાય. તૃષા ટાળવા જે પીવાય તે **પાન** કહેવાય. ખાવા છતાં ભૂખ ન ભાગે તેવી વસ્તુઓને **ખાદિમ** કહેવાય અને સ્વાદ માટે વપરાતી વસ્તુઓને **સ્વાદિમ** કહેવાય. તેમાં–

(૧) **અશન**– દરેક જાતની ડાંગર (ચોખા), સેકેલા કે કાચા અનાજનોલોટ, રાબડી વગેરે પ્રવાહી, લાડુ વગેરે મિષ્ટાન્ન, ખીર–દુધ કે દુધપાક, સૂરણ વગેરે વનસ્પતિઓ, દરેક જાતિનાં શાક, માંડા, રોટલા, રોટલી, પૂરી, પૂડા, ભાખરી, વડાં તથા દુધ, દહીં, ગોળ, વગેરે સર્વ વિગઇઓ અને ઘઉં વગેરે સર્વ ખાદ્ય અનાજ, સર્વ કઠોળ, છાશ, વગેરે સર્વ **અશન** કહેવાય.

(૨) **પાન**– કાંજી, જવ વગેરેનાં ધોવણ, દારુ, ભાંગ, કુવાના કે વરસાદનાં વગેરે સર્વ પાણી, શ્રીફળ, ચીભડાં, વગેરે ફળોની અંદરનાં પાણી, દરેક આસવો, શેરડીનોરસ, વગેરે સર્વને **પાન** કહેવાય.

(૩) **ખાદિમ**– સેકેલાં ધાન્ય, ગોળપાપડી, ખજૂર, **શ્રીફળ**, દ્રાક્ષ, મોસંબી, દાડિમ, કાકડી, કેરી, પનસ, કેળાં, કગેરે સઘળાં ફળો તથા ગુંદર, ચારોળી, ખાંડ, શેરડી, સાકર, અખોડ, બદામ, વિગેરે સર્વ જાતિનો સૂકો મેવો, વગેરે **ખાદિમ** કહેવાય.

(૪) **સ્વાદિમ**– દાતણ, તમ્બોલ, નાગરવેલ વગેરેનાં પાન, સોપારી, જાઈફળ, ચિત્રક, તુલસીનાં પાન, પિંડાળું, જીરું, હરડે, મધુપીપળી, સૂંઠ, ગોળ, મરચાં, અજમો, બોડાં, આમળાં, આમલી, કડુ, કાળાંધોળાં મરી, જાવંત્રી, કસેલો, કાથો, બેરસાર, જેઠીમધ, તમાલપત્ર, એલચી, લવિંગ, કોઠી, વાવડિંગ, બીડલવણ, કાકડાશિંગ, પીપરીમૂળ, ચીણકબાવા, મોથ, કંટાસેલીઓ, કર્પૂર,–બરાસ, સંચળ, કુમટીઆ, બાવળ–ધાવડી–બેર, બીજડાનીછાલ તથા પાંદડાં, હિંગાષ્ટક હિંગત્રેવીસું, પંચકૂળ (પીપરસૂંઠ આદિપાંચનું ચૂર્ણ) જવાસાનુંમૂળ, બાવચી, તુલસી, અને દારુહળદીની છાલ–કંદ વગેરે સર્વ **સ્વાદિમ** જાણવાં. (તેમાં જીરું અને અજમાને કોઈ ખાદિમ માને છે.)

દરેક સ્વાદિમો તથા એલચી વગેરેનું પાણી, દુવિહારમાં કલ્પે છે, પણ વેસણ (?) વરીઆલી, સવા, કોઠવડી, આમળાનીગાંઠ, કેરીની ગોટલી, કઉચલી, અને ચૂઈપત્ર એ ખાદિમ હોવાથી દુવિહારમાં લેવાય નહિ અને તિવિહારમાં તો પાણીજ લેવાય. જોકે મધ, ગોળ, સાકર, ખાંડ, વગેરેને કોઇ ગ્રન્થમાં સ્વાદિમ કહ્યાં છે, તો પણ તે દુવિહારમાં લેવાતાં નથી અને દ્રાક્ષા–સાકર વિગેરેનાં પાણી તથા છાશને પાનમાં ગણેલાં છે, તો પણ તે તિવિહારમાં લેવાતાં નથી.

અહીં પ્રસંગાનુસાર અણાહારી વસ્તુઓ કહીએ છીએ–લીમડાનાં પાંચે અંગો, ગળો, કડુ, કરીઆતું અતિવિષનીકળી, ચીડ, સુખડ, રાખ, (દરેક ભસ્મો), હળદર, રોહિણી (સંરોહણી), વજ, ઉપલેટ, ત્રિફળાં, બાવળનીછાલ, ધમાસો, નાહી, આસન, રિંગણી, એળીઓ, ગુગળ, હરડેદળ, વઉણી (?), તથા બોરડી કંથેર અને કેરડાનાં મૂળ, પુંઆડ, મજીઠ, બોળ (હીરાબોળ), બીઓ કુંઆર, ચિત્રકનાં મૂળ અને કુંદરુ વગેરે વસ્તુઓ તથા જેનો સ્વાદ અનિષ્ટ હોય તેવી

સર્વ વસ્તુઓ ચોવિહારના પચ્ચક્ખાણમાં પણ રોગાદિ આપત્તિના કારણે વપરાય છે. (સ્વાદ કે વ્યસનથી વાપરે તો અણાહારી પણ આહારી ગણાય છે.)

અણાહારી વસ્તુ પણ પાણી સાથે અથવા તેનો સ્વાદ મુખમાં હોય ત્યાં સુધી પાણી વાપરે તો આહારી બને છે. અન્ય ગ્રન્થોમાં નો અગર, અફીણ, આકડાંનું પંચાંગ, અંબર, ઈન્દ્રવરણાનું મૂળ, કરેણનીજડ, કસ્તુરી, કાથો, ખેરસાર, ખેરનું મૂળ તથા છાલ, ગોમુત્ર, ચીમેડ, ચુનો, જરદો, જવખાર, ઝેરીગોટલી, ટંકણખાર, ડાભનું મૂળ, તગર, તમાકુ, થોરનાં મૂળ, દાડિમની છાલ, નિર્મળી, પાનની જડ, ફટકડી, બુચકણ, બેડાની અને બોરડીની છાલ, મલયાગરુ, મરેઠી, વખમો, વડગુંદાં, સુરોખાર, સાજીખાર, હીમજ, હરડાંની છાલ, હીરાબોળ વગેરેને પણ અણાહારી કહ્યાં છે. (કેટલાક કેસર, ખારો, ચોપચીની, ઝેરી ટોપરૂં, વગેરેને અણાહારી માને છે પણ તે અણાહારી તરીકે વાપરવા યોગ્ય નથી.)

એમ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ, ચારે ય આહારનું સ્વરૂપ કહ્યું. હવે **'અન્નત્થ-ણાભોગેણં, સહસાગારેણં'** નો અર્થ કહે છે- તેમાં 'અન્નત્થ' એટલે વિના-સિવાય, એનો સંબંધ દરેક આગારો સાથે છે. જેમકે અનાભોગ વિના, સહાસાત્કાર વિના, વગેરે સર્વ આગારો સાથે અન્નત્થ પદ જોડવું. તેમાં અનાભોગ=વિસ્મૃતિ, પચ્ચક્ખાણ કે ત્યાગ કરેલ વસ્તુનું અતિ વિસ્મરણ થઈ જાય-તે વિના અને સહસાકાર=અણધાર્યું કે અણચિંત્યું (વલોણું કરતાં છાસનો છાંટો કે વરસાદનો છાંટો મુખમાં પડે) વગેરે સહસા થઇ જાય-તે વિના હું આ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) કરું છું. તેમાં એટલું વિશેષ છે કે વિસ્મૃતિથી પચ્ચક્ખાણ વહેલું પારે, કે ત્યાગ કરેલી વસ્તુ ભૂલથી મુખમાં નાંખે, તે પછી ખ્યાલ આવે તો તે વસ્તુ મુખમાંથી કાઢી નાખવી. જાણ્યા પછી ગળે તો પચ્ચક્ખાણ ભાગે, કાઢી નાખે તો ન ભાગે, તો પણ પરિણામ નિર્ધ્વંસ ન થાય, માટે ભૂલનું પ્રાયશ્ચિત લેવું.

હવે પૌરુષીનો અર્થ કહે છે-

"પોરિસીં પચ્ચક્ખાઇ, ઉગ્ગએ સૂરે, ચઉવ્વિહંપિ આહારં, અસણું-પાણું-ખાઇમં-સાઇમં, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, પચ્છન્નકાલેણં, દિસામોહેણં, સાહુવયણેણં, સવ્વસમાહિવત્તિઆગારેણં, વોસિરઇ"

પોરિસી= પુરુષની ઉંચાઇ જેટલી સૂર્યની છાયા પોતાના શરીરની જ્યારે પડે, તે કાળને અને તે છાયાને પૌરુષી કહે છે. પૂર્વકાળે ઘડીઆળ ન હતું, ત્યારે આ રીતે છાયાના માપથી પચ્ચક્ખાણનો સમય મપાતો હતો, તેમાં સૂર્યની ગતિના તારતમ્યથી દિનમાન ન્યૂનાધિક થાય ત્યારે તે છાયાનું માપ પણ ન્યૂનાધિક થાય, તેનું ગણિત શાસ્ત્રમાં વિસ્તારથી આપ્યું છે, પણ વર્તમાનમાં ઘડીઆળોનું સાધન હોવાથી ઘડીઆળના આધારે પચ્ચક્ખાણનો સમય આ રીતે નક્કી કરાય છે. કોઇ પણ માસમાં દિનમાન એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત વચ્ચેનો

કાળ જેટલો હોય, તેનો ચોથો ભાગ એક પ્રહર કહેવાય, આ એક પ્રહરકાળ સૂર્યોદય પછી પસાર થાય, ત્યારે પોરુસીનું પચ્ચક્ખાણ પૂર્ણ થાય, અહીં "પૌરુષી પચ્ચક્ખાઇ" નો અર્થ એક પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ કરું છું.

એ રીતે **પાદોન પોરૂસી** એટલે એક પ્રહરમાં પાદ=ચોથો ભાગ ન્યુન, અર્થાત્ સૂર્યોદયથી પોણો પ્રહર ગયા પછી પાદોનપોરસીનો સમય પૂર્ણ થાય. આ પાદોન પૌરુસી પૂર્ણ થતાં સાધુ-સાધ્વીને પાત્રાદિનું પ્રતિલેખન કરવાનું છે, એ રીતે સાર્દ્ધ પૌરુષી=દોઢ પૌરુષી, અર્થાત્ દોઢ પ્રહર સમય સૂર્યોદય પછી પૂર્ણ થાય ત્યારે સાર્દ્ધ પોરુસીનું પચ્ચક્ખાણ પૂર્ણ થાય અને પુરિમાર્દ્ધ અથવા પુરિમઢ્ઢ એટલે દિવસનો અડધો ભાગ=બે પ્રહર પૂર્ણ થાય ત્યારે પુરિમાર્દ્ધ પચ્ચક્ખાણ પૂર્ણ થાય. ઉદાહરણ તરીકે દિનમાન જે દિવસે બરાબર બાર કલાકનું હોય, ત્યારે એક પ્રહર ત્રણ કલાકે થાય, એ દિવસે સૂર્યોદય પછી ત્રણ કલાક પૂર્ણ થતાં પોરુસી પચ્ચક્ખાણ પુર્ણ થાય, સવા બે કલાક પુર્ણ થતાં પાદોનપોરુસી, સાડા ચાર કલાક પુર્ણ થતાં સાર્દ્ધ પોરુસી, અને સૂર્યોદય પછી છ કલાક પુર્ણ થતાં પુરિમાર્દ્ધ પચ્ચક્ખાણ પૂર્ણ થાય, એમ દિનમાન જ્યારે બાર કલાકથી ન્યૂન કે અધિક હોય ત્યારે પચ્ચક્ખાણો પણ ન્યૂન કે અધિક સમય પસાર થતાં પુર્ણ થાય. 'સાર્ધ પૌરુસી પચ્ચક્ખાઈ' એટલે સૂર્યોદયથી દોઢપ્રહર પુર્ણ ન થાય ત્યાં સુધી અને 'પુરિમઢ્ઢ પચ્ચક્ખાઈ' એટલે સૂર્યોદયથી બે પ્રહર દિવસનો અડધો ભાગ પુર્ણ ન થાય ત્યાં સુધી ચારે આહારને તજું છું.

હવે એના આગારો પૈકી બેનો અર્થ પૂર્વે કહ્યો, શેષ આગારોમાં-

'પચ્છન્નકાલેણં'— એટલે વાદળ-રજ કે પર્વત વગેરે આડે આવવાથી સૂર્યોદય ન દેખાય, ત્યારે પડછાયો માપી ન શકાય, છતાં અનુમાનથી સમય પૂર્ણ થયો માનીને અધૂરા કાળે પચ્ચક્ખાણ પારે (કે ઘડીયાળ વહેલું હોવાથી પચ્ચક્ખાણ વહેલું પારે) તો આ આગારથી પચ્ચક્ખાણ ન ભાગે, પણ ભોજન શરૂ કર્યા પછી કોઇ રીતે જાણે કે સમય પૂર્ણ નથી થયો, તો ભોજન બંધ કરી બેસી રહેવું અને શેષ ભોજન સમય પૂર્ણ થયા પછી કરવું. આ વિધિ દરેક આગારોમાં સમજવો.

'દિસામોહાત્'— એટલે ભ્રમથી પૂર્વને પશ્ચિમ કે પશ્ચિમને પૂર્વ માનીને પડછાયો માપી પચ્ચક્ખાણ પારે, તો તત્ત્વથી ખોટા સમયે પચ્ચક્ખાણ પારવા છતાં આ આગારથી ન ભાગે,

'સાધુવચનાત્'— એટલે સાધુ સામાચારી પ્રમાણે પોણો પ્રહર ગયા પછી અન્ય સાધુઓને પાદોનપોરુસીનો સમય જણાવવા વડીલ સાધુ 'બહુપડિપુન્ના પોરુસી' એમ પ્રગટ બોલે, તે સાંળળીને કોઈ પોરુસી પૂર્ણ થઈ એમ સમજી પચ્ચક્ખાણ પારે, તો વહેલું પારવા છતાં આ આગારથી ન ભાગે,

'सव्वसमाहिवत्तिआगारेणं'— એટલે કોઇને પોરુસી પચ્ચક્ખાણ કર્યા પછી શૂળ વગેરે તીવ્ર પીડાકારક આતંક (રોગ) પ્રગટે, ત્યારે તેને અસમાધિ=આર્ત-રૌદ્ર ધ્યાન થાય, પચ્ચક્ખાણ પ્રત્યે તિરસ્કાર પ્રગટે, તો તેથી મિથ્યાત્વનો બંધ થાય, આવા પ્રસંગે સમાધિની રક્ષા માટે અપૂર્ણ સમયે પણ ઔષધાદિ વાપરે, અથવા તો કોઈ વૈદ્યે પોરુસી પચ્ચક્ખાણ કર્યું હોય અને કોઈ રોગીની સમાધિ માટે ત્યાં જવું પડે, ત્યારે ભોજન કર્યા વિના જઈ શકે તેમ ન હોય, તો રોગીની સમાધિ માટે અપૂર્ણ સમયે ભોજન કરે તો પણ આ આગારથી પચ્ચક્ખાણ ન ભાગે, એટલું વિશેષ કે ભોજન કરતાં રોગીને આરામ થવાના કે મરણના સમાચાર મળે તો ભોજન બંધ કરી બેસી રહે શેષ ભોજન સમય પૂર્ણ થાય ત્યારે કરે,

સાર્દ્ધ પોરૂસી= તેનો પાઠ અને આગારો પોરુસી તુલ્ય હોવાથી પોરુસી તુલ્ય સમજવો. માત્ર પોરુસીને બદલે 'साड्ढपोरिसी पच्चक्खाई' વગેરે બોલવું.

पुरिमड्ढ= નો પાઠ **"सूरे उग्गए पुरिमड्ढं पच्चक्खाई, चउव्विहंपि आहारं, असणं पाणं खाइमं साइमं, अन्नत्थणाभोगेणं सहसागारेणं, पच्छन्नकालेणं, दिसामोहेणं, साहुवयणेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ"** આનો અર્થ પૂર્વે કહી આવ્યા. માત્ર 'महत्तरागारेणं' આગારમાં 'महत्तर' એટલે ઘણું મોટું અર્થાત્ કરેલા પચ્ચક્ખાણના લાભથી પણ ઘણો મોટો લાભ થાય તેવા પ્રસંગે, જેમકે કોઈ સાધુની બીમારી કે સંકટ અથવા ચૈત્યમંદિર-તીર્થ, કે સંઘ, વગેરેનું કોઈ મોટું કાર્ય આવી પડે, અને તે બીજાથી થાય તેમ ન હોય તો તેવા પ્રસંગે પચ્ચક્ખાણ વહેલું પારે તો પણ ન ભાગે.

એગાસણું= ના આઠ આગારો છે, તેનો પાઠ **"एगासणं पच्चक्खाई, चउव्विहंपि आहारं, असणं-पाणं-खाइमं-साइमं, अन्नत्थणाभोगेणं, सहसागारेणं, सागारियागारेणं, आउंटणपसारेणं, गुरुअब्भुट्ठाणेणं, पारिठावणियागारेणं, महत्तरागारेणं, सव्वसमाहिवत्तियागारेणं वोसिरइ"**

અર્થ— એગાસણ= એક + અશન એટલે એકવાર અને એક + આસન એટલે એક આસને, એમ એક આસને એકવાર ભોજન કરવું તે એકાસણ કહેવાય, એના આઠ આગારોમાં પહેલા છેલ્લા બે એના અર્થ કહી આવ્યા, શેષ ચારનો અર્થ આ પ્રમાણે-

'सागारीयागारेणं' સાગારિક એટલે ઘરવાળો-ગૃહસ્થ, તેનો આગાર=મર્યાદા, અર્થાત્ સાધુને ગૃહસ્થના દેખતાં ભોજન કરાય નહિ, તેથી ભોજન કરતાં કોઇ ગૃહસ્થ આવે અને તે થોડા ટાઇમમાં જવાનો હોય તો તેટલો સમય બેસી રહે, ગયા પછી ભોજન કરે, પણ વધુ વખત રોકાવાનો હોય તો તેટલો વખત સ્વાધ્યાયાદિનો વ્યાઘાત ન થાય તે કારણે ત્યાંથી

બીજે બેસી ભોજન પૂર્ણ કરે તો પણ સાધુને પચ્ચક્ખાણ ન ભાગે, ગૃહસ્થને પણ કોઈ તુચ્છનજર વાળો આવી જાય તો ઉઠીને બીજે બેસવા છતાં પચ્ચક્ખાણ ન ભાગે.

'આઉંટણ પસારેણ' ટુંકું-લાંબું કરવું, કોઈ અસહિષ્ણુ નબળા સંઘયણવાળો એકાસણ કરતાં પલાંઠી સ્થિર ન રાખી શકે, પગ થોડા ટુંકા-લાંબા કરે, તેમ કરતાં આસનથી થોડું ખસી જાય, તો પણ આ આગરથી પચ્ચક્ખાણ ન ભાગે. (અહીં સમજવું કે આગારો અપવાદરૂપ હોય છે, માટે ન છૂટકે જ તેનો અમલ કરાય, વાર વાર કે વિના કારણે તેમ કરે તો પચ્ચક્ખાણ ભાગે.)

'ગુરુઅબ્ભુઠ્ઠાણેણ' ગુરુના કારણે ઉભા થવાથી, અર્થાત્ એકાસણ કરતાં વિનય કરવા યોગ્ય આચાર્ય ભગવંત કે કોઈ નવા સાધુ વિહાર કરી આવે ત્યારે તેમનો વિનય કરવા ઉભા થવા છતાં પચ્ચક્ખાણ ન ભાગે, કારણ કે વિનય અવશ્ય કરણીય છે.

'પારિઠ્ઠાવણિયાગારેણ' પરઠવવાના આકારથી, આ આગાર સાધુ-સાધ્વીને જ છે. એમાં સર્વથા ત્યાગ કરવો તે પરિસ્થાપન કહેવાય, સાધુને કોઈ વાર આહાર વધી જાય, (કે તેને કલ્પે તેવો ન હોય). તો પરઠવવાનો પ્રસંગ આવે, ત્યારે જે સાધુને ઉપવાસાદિ પચ્ચક્ખાણ કરેલું હોય, તે સાધુ પણ ગુરુની અનુમતિથી તે વધેલા આહારને વાપરે, તો પણ તેનું પચ્ચક્ખાણ અખંડ રહે. આહારને પરઠવવામાં મોટી હિંસા છે, અને અનાસક્ત ભાવે શાસ્ત્રોક્ત વિધિ પૂર્વક વાપરવામાં નિર્જરા છે, ગૃહસ્થને વધેલું બીજાને પણ આપી શકાય છે, માટે આ આગાર તેને ઉપયોગી નથી, છતાં સૂત્રપાઠ અખંડ રાખવા આ આગાર બોલાય છે.

'એકસ્થાનક' = ચાલુ ભાષામાં એને એકલઠાણું કહેવાય છે. તે એકાસણા તુલ્ય છે, પણ દૃઢ સ્થિર આસને બેસવાનું હોવાથી તેમાં 'આઉંટણ પસારેણ' સિવાય સાત આગારો કહ્યા છે. આ એકલઠાણામાં માત્ર એક હાથ અને મુખ સિવાય કોઈ અંગ હલાવાય નહિ, એ એકાસણા કરતાં તેની વિશેષતા છે. માત્ર 'એગાસણં પચ્ચક્ખાઇ'ને બદલે 'એગઠ્ઠાણું પચ્ચક્ખાઇ' બોલવું.

'આયામામ્લ' = ભાષામાં જેને આયંબિલ કહે છે, તેમાં આઠ આગારો છે. **"આયંબિલ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણં, ગિહત્થસંસટ્ઠેણં, ઉક્ખિત્તવિવેગેણં, પારિઠ્ઠાવણિયાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં, વોસિરઇ"**

"આયંબિલં પચ્ચક્ખાઇ" તેમાં આચામ= રસકસ વિનાનું ઓસામણ વગેરે અને અમ્લ=સ્વાદાદિ રહિત ખાટું એવું ભોજન ભાત, અડદ, સાથવો, વગેરે સ્વાદ, વિકાર કે પુષ્ટિ ન કરે તેવું લુખું-સુકું જેમાં લેવાનું હોય તેને ચાલુ ભાષામાં આયંબિલ કહે છે, તેની પ્રતિજ્ઞા કરું છું. એના આઠ આગારો પૈકી પૂર્વે નહિ કહેલા.

'લેવાલેવેણું'— આયંબિલમાં ન કલ્પે તેવી વિગઇ, શાક વગેરેથી ખરડાયેલું ભાજન તે લેપ, અને તે ભાજનને માત્ર હાથથી જેમ તેમ સાફ કરવું તે અલેપ, આવા ખરડાયેલા અને સામાન્ય સાફ કરેલા ભાજનથી વહોરતાં કે વાપરતાં અજાણપણે વિગઈ આદિનો અંશ વપરાય, તો પણ આ આગારથી પચ્ચક્ખાણ ભાગે નહિ.

'ગિહત્થસંસટ્ઠેણં'— આહાર વહોરાવનાર ગૃહસ્થ વિગઈ વગેરે અકલ્પ્ય વસ્તુથી ખરડાયેલી કડછી વાટકી વગેરેથી વહોરાવે, ત્યારે તે અકલ્પ્ય પદાર્થના અંશથી મિશ્ર આહાર વાપરવા છતાં (અકલ્પ્ય વસ્તુનો સ્વાદ પ્રગટ ન લાગે તો) આ આગારથી પચ્ચક્ખાણ ન ભાગે.

'ઉક્ખિત્તવિવેગેણં'— આયંબિલમાં કલ્પ્ય રોટલા, રોટલી, ભાત, વગેરે ઉપર કઠીન ગોળ, પકવાન્ન, પુરી, વડાં, વગેરે કઠીન વસ્તુઓ મૂકેલી હોય, તેને ત્યાંથી ઉક્ખિત એટલે ઉપાડીને, વિવેગ એટલે જુદી કરીને, વહોરાવે ત્યારે તેનો કોઈ અંશ તે આયંબિલના આહારમાં રહી જાય છતાં આ આગારથી પચ્ચક્ખાણ ન ભાગે.

અભક્તાર્થ= ઉપવાસ' તેમાં પાંચ આગારો છે, સૂત્ર પાઠ આ પ્રમાણે છે—

"સૂરે ઉગ્ગએ અભત્તટ્ઠં પચ્ચક્ખાઇ, ચઉવ્વિહંપિ આહારં, અસણં પાણં ખાઇમં સાઇમં, અન્નત્થણાભોગેણં સહસાગારેણું, પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું, વોસિરઇ"

અર્થ— સૂર્ય ઉગતાં અર્થાત્ સૂર્યોદયથી આરંભીને, અભક્તાર્થ=અશનાદિ ચારેયના ત્યાગનું પચ્ચક્ખાઈ=પચ્ચક્ખાણ=પ્રતિજ્ઞા કરું છું, એથી એ નક્કી થયું કે સૂર્યોદય પછી અમુક ભોજન કરીને દિવસના શેષ ભાગનો ઉપવાસ ન થઇ શકે. બધા આગારોનો અર્થ પુર્વે કહ્યો છે, માત્ર 'પારિટ્ઠાવણિયા' માં એટલું વિશેષ છે કે તિવિહાર ઉપવાસ કર્યો હોય, તો ગુરુની આજ્ઞાથી બીજા સાધુનો વધેલો આહાર વાપરીને ઉપર પાણી પીવાય, પણ ચોવિહાર કર્યો હોય તો પાણી—આહાર બન્ને વધ્યાં હોય તોજ વાપરી શકે, માત્ર આહાર વધ્યો હોય તો વપરાય નહિ.

પાનકમ્= પાણીના પચ્ચક્ખાણમાં છ આગારો આ પ્રમાણે કહ્યાં છે, **'પાણસ્સ લેવાડેણ વા, અલેવાડેણ વા, અચ્છેણ વા, બહલેણ વા, સસિત્થેણ વા, અસિત્થેણ વા, વોસિરઇ'** અહીં પોરુસી, પુરિમઢ્ઢ, એકાસણુ, એકલઠાણું, આયંબિલ તથા ઉપવાસનાં પચ્ચક્ખાણો ઉત્સર્ગ માર્ગે તો ભોજન પૂર્વે અને પછી પણ ચોવિહાર ત્યાગથી કરવાં જોઇએ, છતાં ભોજન પછી પાણી છૂટું રાખે, તિવિહાર કરે, તેને માટે આ આગારો છે. આ પાઠમાં 'અન્નત્થ' પદ નથી તો પણ પોરુષી વગેરેમાં કહેલો તે અહીં પણ સમજી લેવો.

'લેવાડેણ વા'— એટલે ઓસામણ ખર્જુરાદિનાં પાણી, કે જેનાથી ભાજન લેપાય, તેવાં પાણી, સિવાયનાં પાણીનો ત્યાગ કરું છું, એમ આગળ પણ વાક્ય સમજવું.

'અલેવાડેણ વા'— જેનાથી ભાજન ન ખરડાય, તેવાં નીતરેલાં સોવીર, છાશની આશ. વગેરે, તથા

'અચ્છેણ વા'— ત્રણ ઉકાળાથી ઉકળેલું શુદ્ધ-નિર્મળ પાણી,

'બહલેણ વા'— તલ, ચાવલ, વગેરેનાં ધોવણને બહલ = ગડુલજળ કહેવાય, તેવું પાણી.

'સસિત્થેણ વા'— સિક્થ એટલે દાણો-કણીયો, તેવા કોઈ કણીયા-દાણાવાળું પાણી, અને-

'અસિત્થેણ વા'— જે ઓસામણ કે ધોવણનું પાણી બહુ નીતરેલું હોય, કપડાંથી ગાળેલું હોય, તેથી જેમાં દાણો કણીયો ન હોય તેવું પણ તેના રજકણોવાળું પાણી, એમ છ પ્રકારનાં પાણી સિવાયનાં પાણીનો **વોસિરામિ** = ત્યાગ કરું છું.

ચરમ (ચરિમ)= આ પચ્ચક્ખાણના દિવસચરિમ અને ભવચરિમ એમ બે પ્રકારો છે, તેમાં ભવચરિમ પચ્ચક્ખાણ યાવજ્જીવ = સુધી અને દિવસચરિમ પચ્ચક્ખાણ દિવસના અંતિમ અંશ સહિત સમગ્ર રાત્રી સુધીનું કરાય છે. તે બન્નેના ચાર ચાર આગારો આ પ્રમાણે છે. **"દિવસચરિમં (અથવા) ભવચરિમં પચ્ચક્ખાઇ ચઉવ્વિહંપિ આહારં, અસણું-પાણું-ખાઇમં-સાઇમં, અન્નત્થણાભોગેણું, સહસાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિઆગારેણું વોસિરઇ'** એના અર્થ પૂર્વે કહ્યા પ્રમાણે છે.

જો કે ગૃહસ્થોને એકાસણ વગેરે બીજા સૂર્યોદય સુધીનાં હોય છે, તો પણ તેમાં વધારાના આગારોનો સંક્ષેપ કરવા માટે, અને સાધુઓને રાત્રિભોજન ત્યાગનું પચ્ચક્ખાણ જાવજ્જીવનું હોય છે, તો પણ તેનું નિત્ય સ્મરણ કરવા માટે દિવસચરિમ પચ્ચક્ખાણ સફળ છે.

ભવચરિમમાં જ્યારે મહત્તર અને સર્વસમાધિપ્રત્યય, એ બે આગારોની જરૂર ન જણાય, ત્યારે અનાભોગ અને સહસાકાર એ આગારો રાખવા છતાં પૂર્વે કહ્યું તેમ તે નિરાકાર પચ્ચક્ખાણ કહેવાય છે.

અભિગ્રહ= આ પચ્ચક્ખાણ દંડ પ્રમાર્જન કરવું, વગેરે વિવિધ સંકેતથી કરી શકાય છે, તેમાં આગારો ચાર છે, **"અભિગ્રહં પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણું, સહસાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં વોસિરઇ"** તેમાં કોઈ સાધુ અધિક નિર્જરા માટે નગ્નતાનો અભિગ્રહ કરી નિર્જન સ્થાને નગ્ન બેસે, ત્યારે કોઈ ગૃહસ્થ આવી ચઢે તો ચોળપટ્ટો પહેરવાની જરૂર રહે, તેથી એના અભિગ્રહમાં **'ચોલપટ્ટાગારેણં'** એમ પાંચમો આગાર રખાય છે.

'વિગઇના' પચ્ચક્ખાણમાં આ પ્રમાણે આઠ કે નવ આગારો છે. **"વિગઇઓ પચ્ચક્ખાઇ, અન્નત્થણાભોગેણં, સહસાગારેણં, લેવાલેવેણું, ગિહત્થસંસૃણું,**

ઉક્ખિત્તવિવેગેણું, પડુચ્ચમક્ખિએણું, પારિટ્ઠાવણિયાગારેણું, મહત્તરાગારેણું, સવ્વસમાહિવત્તિયાગારેણું, વોસિરઈ.

વિગઇઓ કુલ દશ છે, તેમાં દારુ, માંસ, મધ અને માખણ એ મહાવિગઇઓ અતિ અનર્થકારક હોવાથી સર્વથા અભક્ષ્ય કહી છે. શેષ-દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને પકવાન્ન એ છ ભક્ષ્ય છે, તેમાં એક-બે વગેરે અમુકનો ત્યાગ કરવો તેને વિગઈ પચ્ચક્ખાણ કહે છે, અને સર્વનો ત્યાગ કરવા રૂપ નિવિગઈ પચ્ચક્ખાણને પણ વિગઇપચ્ચક્ખાણ ભેગું ગણેલું છે. તે છ વિગઇઓનું સ્વરૂપ ટુંકમાં આ પ્રમાણે છે.

(૧) **દૂધ**= ગાય, ભેંસ, ઉંટડી, બકરી અને ઘેટીનું, એમ પાંચ પ્રકારે છે, (ઊંટડીના દૂધને પિંડનિર્યુક્તિમાં અન્યોક્તિથી અપેક્ષાએ અભક્ષ્ય કહ્યું છે.)

(૨-૩) **દહીં અને ઘી**= ઉંટડીના દુધનું દહીં થાય નહિ, માટે આ બે વિગઇઓના (ઉંટડી સિવાય) ચાર-ચાર પ્રકારો છે.

(૪) **તેલ**= તલ, અલસી, લટ્ટ (કસુંબીનું ઘાસ) તથા સર્ષવનું, એમ તેલ વિગઈના ચાર પ્રકારો છે (શેષ દીવેલ, ડોળીયું, કોપરેલ, શિંગતેલ, કપાસનું તેલ, વગેરે તેલો લેપકૃત ગણાય છે, છતાં વર્તમાનમાં તલ-સર્ષવનાં તેલને સ્થાને શિંગતેલ વપરાય છે, તેથી તેને તેલ વિગઈ ગણવી તે ઉચિત છે.)

(૫) **ગોળ**= શેરડીના રસને ઊકાળીને બનાવાતા ગોળના દ્રવ (નરમ) અને કઠણ, એમ બે પ્રકારો છે.

(૬) **પકવાન્ન**= પકાવેલું ઘી-તેલ, કે તેની બનેલી વસ્તુઓ, જેમકે તાવડીમાં ઘી કે તેલ ભરીને તેમાં ચલાચલ એટલે તળવાની વસ્તુઓ ખાજાં પૂરીઓ વગેરે આમ-તેમ ખસેડી શકાય તે રીતે વચ્ચે નવું તેલ કે ઘી વધાર્યા (પૂર્યા) વિના જ તળે તો પહેલા, બીજા, ત્રીજા ઘાણ સુધી તે તળેલી વસ્તુ કે ઘી-તેલ પકવાન્ન કહેવાય, ચોથા ઘાણથી તે નિવિઆતું ગણાય. બીજી રીતે તાવડીનું તેલ કે ઘી પૂર્ણ ઢંકાઈ જાય તેટલો મોટો પુડલો નાંખીને તળે, ત્યારે પહેલાં ઘાણનું તે તળેલું ઘી કે તેલ પકવાન્ન કહેવાય, બીજા ઘાણથી તે નિવિઆતું ગણાય. એ પ્રમાણે પકવાન્ન વિગઈ અને તેનાં નિવિઆતાં જાણવાં-દૂધ વગેરેનાં નિવિઆતાં આ પ્રમાણે કહ્યાં છે.

(૧) **દૂધનાં પાંચ નિવિઆતાં**= ૧-થોડા ચોખા નાંખીને ઊકાળેલું દૂધ (દૂધપાક) ૨-ઘણા ચોખા નાંખીને ઊકાળેલું દૂધ (ખીર), ૩-ખટાઈ નાંખીને ઊકાળેલું દૂધ (દુગ્ધારી, એને બહલિકા પણ કહે છે), ૪-ચોખાના લોટ સાથે ઊકાળેલું દૂધ (અવલેહિકા=વર્તમાનમાં ઉપધાનાદિમાં દૂધને નિવિઆતું બનાવવા ચોખાનો લોટ નાંખીને ઉકાળે છે તે, પણ તેમાં

દૂધના પ્રમાણમાં સ્વાદ બદલાય તેટલો લોટ નાખ્યો હોય તો જ નિવિયાતું ગણાય), ૫-દ્રાક્ષા નાંખીને ઉકાળેલું દૂધ (પયઃશાટી) (આ રીતે ઉકાળવાથી તેનો વિકારક સ્વભાવ નષ્ટ થવાથી તેને નિવિયતાં કહે છે, એમ પ્રત્યેક વિગઇમાં અને તેનાં નિવિઆતામાં આ ભેદ સમજવો.)

(૨) દહીંનાં પાંચ નિવિઆતાં= ૧-વસ્ત્રથી ગાળેલા દહીંમાં નાખેલાં વડાં (દહીંવડાં અથવા દહીંનો ઘોળ નાંખીને બનાવેલાં વડાં=ઘોલવડાં) ૨-દહીનો માત્ર વસ્ત્રથી ગાળેલો ઘોળ, ૩-પાણી નીચોવ્યા પછીનું કપડામાં સાકર સાથે ગાળેલું દહીં (શ્રીખંડ), ૪-રાંધેલો ભાત વગેરે દહીંમાં નાખીને બનાવેલો કરંબો, ૫-હાથથી ભાગેલા દહીંમાં નિમક વગેરે મસાલા નાખીને બનાવેલી રાજિકાખાટ (રાયતું).

(૩) ઘી વિગઇનાં પાંચ નિવિઆતાં= ૧- આમળાં વગેરે ઔષધિઓ નાખીને ઉકાળેલું પાકું ઘી, ૨- ઘીને ઊકાળતાં ઉપર તરી આવેલો મેલ ઘીની કીટ્ટી, ૩- ઔષધીઓથી પકાવેલા ઘી ઉપર જામેલી ઘીની તર, ૪- પક્વાન્નાદિ તળતાં વધેલું-બળેલું ઘી, અને ૫- દહીંની તરમાં લોટ નાખીને બનાવેલી કુલેર.

(૪) તેલ વિગઇનાં પાંચ નિવિઆતાં= ૧- તેલના પાત્રમાં નીચે જામેલો મેલ તેલની મળી, ૨- ગોળનો રસ (પાયો) બનાવીને કરેલી તિલવટી (તલસાંકળી), ૩- બીજી વસ્તુ તળ્યા બાદ વધેલું બળેલું તેલ, ૪- ઔષધિ નાખીને ઉકાળેલા તેલ ઉપર જામેલી તેલની તર, ૫- લાખ વગેરે નાખીને પકાવેલું (લક્ષપાક) વગેરે તેલ,

(૫) ગોળ વિગઇનાં પાંચ નિવિઆતાં= ૧- અડધો ઉકાળેલો શેરડીનો રસ, આટાપુડલા વગેરેની સાથે ખાવા તૈયાર કરાતું ગોળનું પાણી (ગળમાણું), ૩- દરેક જાતની સાકર, ૪- દરેક જાતની ખાંડ, ૫- ખાજાં-પૂરીઓ વગેરેની ઉપર ચઢાવાતી ગોળની ચાસણી ગોળનો ઉકાળેલો રસ.

(૬) પકવાન્ન વિગઇનાં પાંચ નિવિઆતાં=૧-૨ પક્વાન્ન વિગઇના વર્ણનમાં કહેલાં ચોથા ઘાણના અને બીજા ઘાણનાં તેલ ઘી કે તેમાં તળેલું, ૩-ગોળનો રસ નાખીને બનાવેલી ગોલધાણી કે તેવા લાડુ, ૪-પક્વાન્નાદિ તળ્યા પછી ઘી-તેલથી ખરડાયેલા તે વાસણમાં પાણી તથા લોટ નાંખીને બનાવાતી લેપનશ્રી (લાવસી) ૫-તવી કે તાવડીમાં ઘી કે તેલનું પોતું દઈને બનાવાતાં પોતકૃત=પોતિકાં વગેરે.

આના આગારો પૂર્વે કહ્યા તે પ્રમાણે છે, માત્ર-

'गिहत्थसंसट्ठेणं'—એટલે ગૃહસ્થે દૂધ સાથે ભાત ભેળવ્યો હોય, તેમાં ભાત ઉપર દૂધ ચાર આંગળ તરે ત્યાં સુધી દૂધ વિગઈ નહિ પણ સંસૃષ્ટ દ્રવ્ય કહેવાય, અને ચાર આંગળથી અધિક તરે તો દૂધ વિગઈ જાણવી. દહીં પણ એ જ રીતે ચાર આંગળ તરે ત્યાં સુધી સંસૃષ્ટ દ્રવ્ય અને તેથી અધિક તરે તો વિગઈ. પ્રવાહી ગોળ અને ઘી તેલમાં ભેળવેલી

વસ્તુને ડૂબાડીને તે વિગઈ ઉપર એક આંગળ તરે તો સંસૃષ્ટ દ્રવ્ય અને અધિક તરે તો વિગઇ ગણાય. ચૂરો કરેલો કઠીન ગોળ કોઇ વસ્તુમાં ભેળવ્યો હોય, તેની પેસીઓ (કણીઓ) સંખ્યામાં ઘણી છતાં પીલુના ઝાડના મહોર જેવડી નાની નાની હોય તો સંસૃષ્ટ દ્રવ્ય, તેથી મોટી હોય તો વિગઈ ગણાય. આ આગારથી એવાં સંસૃષ્ટ દ્રવ્યો વાપરવા છતાં પચ્ચક્ખાણ ન ભાગે.

'उक्खित्तविवेगेणं'— આગારનું વર્ણન આયંબિલમાં કહ્યું તે પ્રમાણે છે, માત્ર આ આગાર વિગઇના પચ્ચક્ખાણમાં કઠીન વિગઇના ત્યાગમાં સમજવો.

'पडुच्चमक्खिएणं'— સર્વથા લુખા-સૂકા પદાર્થને કોમળ રાખવા સ્વાદ ન આવે તેટલું લગાડેલું તેલ-ઘી વગેરેથી વસ્તુ યુકત હોય છતાં વાપરવાથી તે વિગઇનો ત્યાગ કરેલો હોય તો પણ પચ્ચક્ખાણ ભાગે નહિ. એમાં એવી મર્યાદા છે. કે ઘી-તેલ વગેરે માત્ર આંગળીથી લગાડયું (ટેપ્યું) હોય તો આ આગારથી કલ્પે, ધારા બદ્ધ થોડું પણ નાખ્યું હોય તો તે ન કલ્પે-પચ્ચક્ખાણ ભાગે.

દશ કાળપચ્ચક્ખાણમાં નહિ કહેલાં છતાં સમાન હોવાથી એકાસણાંની જેમ બેસણાનું, પોરુષીની જેમ સાર્દ્ધપોરુષીનું અને પુરિમાર્દ્ધની જેમ અપાર્દ્ધનું પચ્ચક્ખાણ પણ સમજી લેવું. તેના આગારો અને સૂત્ર પાઠ કે અર્થમાં કોઈ ભેદ નથી, અન્ય આચાર્યોના મતે એ રીતે બેસણા વગેરેને જુદાં ગણવાથી શાસ્ત્રોકત દશની સંખ્યા મિથ્યા ઠરે, માટે એકાસણું વગેરે ન કરી શકે તેણે બેસણા વગેરેના જુદાં પચ્ચક્ખાણો નહિ માનતાં અભિગ્રહ રૂપે સ્વીકારવું, અને અધિક લાભ મેળવવા તેની સાથે **'गंठिसहित'** વગેરે પચ્ચક્ખાણ કરવું. **'गंठिसहित'** વગેરે અપ્રમાદ સાધક હોવાથી શાસ્ત્રોમાં તેનું ફળ ઘણું કહ્યું છે, જે રોજ ગંઠિસહિત પચ્ચક્ખાણ કરે છે. તે મુકિતનું સુખ ગાંઠે બાંધે છે, ગાંઠ છોડીને પચ્ચક્ખાણ પારે તે કર્મની ગાંઠને તોડે છે અથવા ગંઠિસહિતનો અભ્યાસ કરનાર મુકિતપુરીનો અભ્યાસી છે. ગણિતના નિયમ પ્રમાણેનો દરરોજ બે ઘડીનો ચોવિહાર કરનાર એક મહિને એક ઉપવાસનું, ચાર ઘડીનો ચોવિહાર કરનાર મહિને બે ઉપવાસનું, છ ઘડીનો ચોવિહાર કરનાર મહિને ત્રણ ઉપવાસનું ફળ પામે છે એમ એક એક મુહુર્તે એક એક ઉપવાસનું ફળ અધિક અધિક પામે છે.

એ રીતે દરરોજ નિરીહતાથી ચોવિહાર એકાસણું કરનાર બે ઘડી માત્ર ભોજન કરી શેષ પટ ઘડી ભોજનનો ત્યાગ કરે ત્યારે એક મહિને ઓગણત્રીસ ઉપવાસનું, ચોવિહાર બેસણું કરે ત્યારે અઠ્ઠાવીસ ઉપવાસનું, અને રાત્રે ચોવિહાર કરે તો મહિને પંદર ઉપવાસનું ફળ પામે છે. સર્વત્ર ત્યાગ વૃત્તિથી ફળ મળે છે, માટે શકિત અનુસાર અધિકાધિક ત્યાગ વૃત્તિ કેળવવી જોઇએ. તત્ત્વથી ત્યાગવૃત્તિ=ઇચ્છારોધ એજ તપ છે, એમ અહીં સુધી સૂત્ર પાઠ અને તેના અર્થનું ચોથું તથા પાંચમું દ્વાર કહ્યું.

૬. **પચ્ચક્ખાણની શુદ્ધિ** = ૧– સદ્દહણા, ૨– જાણપણું, ૩– વિનય, ૪– અનુભાષણ, ૫– અનુપાલણ અને ૬– ભાવશુદ્ધિ, એ છ શુદ્ધિ કહી છે.

(૧) **સદ્દહણા શુદ્ધિ**– જે પચ્ચક્ખાણ જ્યારે, જે રીતે, જે વિષયમાં, કરવાનું સર્વજ્ઞોએ કહ્યું છે, તેને ત્યારે, તે રીતે, તે વિષયમાં કરવાની શ્રદ્ધા.

(૨) **જાણગ શુદ્ધિ**– મૂળ કે ઉત્તરગુણમાં જે જે પચ્ચક્ખાણ કરણીય હોય તેનું તેનું જ્ઞાન તે.

(૩) **વિનય શુદ્ધિ**– ત્રણ ગુપ્તિથી ગુપ્ત આત્મા પચ્ચક્ખાણ કરતાં ગુરુવંદન વગેરે પૂર્ણ વિનયને કરે તે.

(૪) **અનુભાષણ શુદ્ધિ**– બે હાથ જોડીને ગુરુ મુખે પચ્ચક્ખાણ કરતાં ગુરુની સાથે સાથે મંદ ઉચ્ચારથી પચ્ચક્ખાણનો પાઠ પોતે પણ બોલે તે.

(૫) **અનુપાલન શુદ્ધિ**– પચ્ચક્ખાણ કર્યા પછી પૂર્ણ થાય ત્યાં સુધી વાર વાર સ્મરણ કરે, અથવા અટવી, દુષ્કાળ કે તેવા અન્ય પ્રસંગે આહાર ન મળે, કે અણધાર્યો રોગ વિગેરેનો મરણાન્ત ઉપસર્ગ આવે તો પણ પચ્ચક્ખાણને અખંડ પાળે, અને–

(૬) **ભાવશુદ્ધિ**– રાગ કે દ્વેષને વશ થઈ પચ્ચક્ખાણનો સમય, વસ્તુ, વગેરેમાં ન્યૂનાધિકતા કે ફેરફાર ન કરે તે.

અથવા ફાસિત, પાલિત, શોધિત, તીરિત, કીર્તિત અને આરાધિત, એમ પણ શુદ્ધિના છ પ્રકારો છે, તેમાં–

(૧) **ફાસિત**– પચ્ચક્ખાણ કરવાના સમયે વિધિ પૂર્વક પચ્ચક્ખાણ સ્વીકારવું તે (સ્પર્શિત).

(૨) **પાલિત**– કરેલા પચ્ચક્ખાણને વાર વાર યાદ કરવું તે.

(૩) **શોધિત**– પોતે લાવેલા આહારમાંથી ગુરુ આદિને ભક્તિ નિમિત્તો આપીને શેષ વધેલાથી નિર્વાહ કરવો તે.

(૪) **તીરિત**– પચ્ચક્ખાણનો સમય પૂર્ણ થયા પછી પણ અમુક કાળ પછી પારવું તે.

(૫) **કીર્તિત**– ભોજન કરતાં ભૂલ ન થાય એ કારણે કરેલા પચ્ચક્ખાણનું સ્મરણ કરીને પછી જમવું તે. અને–

(૬) **આરાધિત**– એ પાંચે શુદ્ધિ સાચવવી તે આરાધિત કહેવાય. આ રીતે શુદ્ધિ સાચવવાથી પચ્ચક્ખાણનું ફળ વિશિષ્ટ મળે છે.

૭. **પચ્ચક્ખાણનું ફળ=** અનંતર અને પરંપર એમ પચ્ચક્ખાણનાં બે ફળ છે, તેમાં પચ્ચક્ખાણથી ૧. **આશ્રવ અટકે,** તેથી તૃષ્ણાનો છેદ થાય, તૃષ્ણા છેદથી ૨. **અતુલ ઉપશમ** અને તેથી **પચ્ચક્ખાણ શુદ્ધિ** થાય. શુદ્ધ પચ્ચક્ખાણથી નિશ્ચે ૩. **ચારિત્ર ગુણ પ્રગટે** અને તેનાથી **જુનાં કર્મોની નિર્જરા થાય,** નિર્જરાથી ૪. **અપૂર્વકરણ ગુણ (સ્થાન)** પ્રગટે અને કેવળજ્ઞાન થાય. એ કેવળજ્ઞાનાદિથી શાશ્વત સુખના ધામ રૂપ ૫. **મોક્ષની પ્રાપ્તિ થાય.** એ પચ્ચક્ખાણનાં ક્રમિક ફળો જાણવાં.

ગુરુવંદન અને પચ્ચક્ખાણનું વર્ણન પૂર્ણ થયું. પચ્ચક્ખાણની જેમ બીજા પણ નાના મોટા નિયમો ગુરુને વંદનાદિ વિનય કરીને લેવા અને તે દરેકમાં અનાભોગ, સહસાકાર, વગેરે ચાર આગારો રાખવા, એથી વિસ્મૃતિ વગેરેથી પચ્ચક્ખાણ ભાગે તો પણ આલોચનાથી શુદ્ધિ થઈ શકે. આગારો રાખવા છતાં તજેલી વસ્તુનો અંશ પણ ખ્યાલ પૂર્વક વાપરે, તો પચ્ચક્ખાણ અવશ્ય ભાગે, છતાં તીવ્ર મોહાદિના ઉદયે પચ્ચક્ખાણ ભાગી જાય તો પણ આગળ ચાલુ રાખવું એ કલ્યાણનો માર્ગ છે. છોડી દેવાથી આત્માનું અધઃપતન થાય છે. વળી પંચમી, ચતુર્દશી વગેરે કોઈ તિથિએ તપ કરવાનો નિયમ હોય અને તિથિ ભૂલી જાય, અને ખાતાં ખ્યાલ આવે તો મુખમાંથી ચીજ કાઢી નાખીને શુદ્ધ પાણીથી મુખશુદ્ધિ કરવી, તે વસ્તુ ગળવાથી નિયમ ભાગે, બાકીનો સમય તપ રૂપે ગાળવો. તે દિવસે પૂર્ણ ભોજન લીધા પછી તિથિનો ખ્યાલ આવે તો બીજે દિવસે જ તે તપ દંડ તરીકે કરવો અને તે પૂર્ણ થતાં બીજો તપ તેટલો વધારે કરવો. વળી તિથિનો કે કલ્પ્ય-અકલ્પ્ય વસ્તુનો સંશય છતાં વાપરે તો પણ નિયમ ભાગે. કોઈ આગાઢ માંદગી, ભૂતાદિનો વળગાડ, સર્પ દંશ, કે એવા કોઈ કારણે પરવશપણાથી બેભાન દશામાં તપ કરવાના દિવસે તપ ન થાય તો પણ **'सव्वसमाहिवत्तियागार'** થી નિયમ ભાગે નહિ, ચાલુ તપ પણ જાય નહિ, વગેરે વિધિ શ્રાદ્ધ-વિધિ ગ્રન્થના આધારે જાણવો. અહીં મૂળ ૬૨મી ગાથા પૂર્ણ થઈ.

પચ્ચક્ખાણ અધિકાર સંપૂર્ણ.



પચ્ચક્ખાણ કર્યા પછીનું શ્રાવકનું કર્તવ્ય

મૂલ. "धर्मोपदेश श्रवण - मशनादिनिमन्त्रणम् ।
गत्वा यथोचिते स्थाने धर्म्यमर्थार्जनं तथा ॥६३॥"

અર્થ- તે પછી ધર્મોપદેશ સાંભળવો, ગુરુને આહારાદિ આપવા નિમંત્રણ કરવું અને પછી કુલોચિત યોગ્ય સ્થાને જઈ ધર્મ સચવાય તેમ ધન મેળવવું.

વિશેષાર્થ= ધર્મસાંભળવો, વ્રતાદિ સ્વીકારવાં, તેની જેમ ગુરુને આહારાદિ માટે નિમંત્રણ કરવું તે પણ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. તેમાં 'શ્રવણ કરે તે શ્રાવક' એ વ્યુત્પત્તિ ધર્મ સાંભળવાથી જ સાર્થક બને, માટે વિધિ પૂર્વક ધર્મ નિત્ય સાંભળવો જોઇએ.

તે વિધિ શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યો છે કે-

ધર્મ સાંભળતાં ગુરુથી અતિ નજીક, અતિ દૂર, ઉંચા આસને, સમ આસને, તેમની પાછળ, સાથળ ઉપર પોતાનો પગ રાખીને, પલાંઠી વાળીને, પગ ઉપર પગ ચઢાવીને, બે પગ ભુજાઓથી બાંધીને કે પહોળા કરીને બેસવાથી અવિનયાદિ અશાતના થાય, માટે તે સર્વ દોષો ટાળીને ગુરુની સન્મુખ નીચે બેસીને, બે હાથ જોડીને, નિદ્રા વિકથા વર્જીને, ભક્તિ-બહુમાન પૂર્વક બે કાન સાંભળવામાં જોડીને ધર્મ સાંભળવો.

ધર્મ શ્રવણથી અજ્ઞાનનો નાશ, તત્ત્વોનો સમ્યગ્ બોધ, એથી સંશયનો ત્યાગ, ધર્મમાં દૃઢતા, જુગાર વગેરે અધર્મનો ત્યાગ, ધર્મ રૂપી સન્માર્ગની પ્રાપ્તિ, કષાયોનો ઉપશમ, વિનયાદિની સિદ્ધિ, કુસંગનો ત્યાગ, સુસંગની પ્રાપ્તિ, સંસાર પ્રત્યે નિર્વેદ, દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ અને તેની નિરતિચાર આરાધના વગેરે અનેક પ્રગટ લાભો થાય છે. માટે શ્રાવકે સંયોગ મળે ત્યારે નિત્ય ધર્મશ્રવણ કરવું.

પછી ગુરુને આહાર-પાણીનું લાભ કરવા વિનંતિ કરવી- કે હે ભગવન્! મારા પ્રત્યે કૃપા કરીને આપને સંયમમાં કલ્પે તેવાં નિર્દોષ આહાર-પાણી, વસ્ત્ર, પાત્ર કે ઔષધાદિ, તથા પાટ-પાટલા વગેરે ગ્રહણ કરવા કૃપા કરો! એમ સર્વ વસ્તુઓનાં નામ નિર્દેશ પૂર્વક વિનંતિ કરીને તેઓને ઉપયોગી વસ્તુઓનું ભક્તિભાવથી દાન કરવું, એટલું જ નહિ, ચારિત્ર પાલન, શરીર સ્વસ્થતા, વગેરે પણ પૂછે, બીજી કોઈ અગવડ હોય કે ઔષધાદિની, કોઈ પથ્થની, બીજી પણ જરૂર હોય તે સઘળું પૂછે. આ પ્રમાણે પૃછવાથી કર્મોની ઘણી નિર્જરા થાય છે. ઉપદેશમાલા ગા. ૧૬૬ માં કહ્યું છે કે- ગુરુની સામે જવાથી, વન્દન-નમન કરવાથી, સુખશાતા કે જરૂરીઆત વગેરે પૂછવાથી દીર્ઘકાળનાં બાંધેલાં પણ કર્મો ક્ષણમાં અલ્પ બની જાય છે. (વર્તમાનમાં આ વિધિ લુપ્ત થતો જાય છે તે ખુબ ખ્યાલ કરવા યોગ્ય છે.)

પછી વિધિપુર્વક જેને જે યોગ્ય હોય તે ફેટાવંદન વગેરેથી સાધુ-સાધ્વી અને શ્રાવક શ્રાવિકાને પણ વાંદે, તેમાં ઓસન્ના, પાસત્થા, વગેરે ને પણ થોભવંદન, નમસ્કાર વગેરે કરીને શ્રાવક શ્રાવિકાને પણ 'હું વાંદું છું' કહે. ઓસન્ના વગેરે ને ઉત્સર્ગથી વંદન થાય નહિ, પણ પૂર્વે જણાવ્યાં તેવાં નિશ્રાકૃત વગેરે મંદિરો અમુકનાં પરિગ્રહિત હોય તેવા શ્રાવકને ત્યાં દર્શનાદિ માટે આવ્યા હોય તો ઓસન્ના વિગેરેને પણ વંદનનો પ્રસંગ આવે.

સાધુને પણ કારણે ઓસન્ના વિગેરેને નમસ્કારાદિ કરવા અંગે આવશ્યક-નિર્યુક્તિ ગા. ૧૧૨૪-૨૫ માં કહ્યું છે કે- જો દ્રવ્યવેશ પ્રમાણ ન માનીએ તો કોને વંદન કરવું કે ન કરવું ? એ નિર્ણય ન થાય. કારણ કે માત્ર વેશધારી પણ ઈષ્ટ પ્રાપ્તિ માટે બહારથી સુસાધુની જેમ વર્તતા હોય છે અને ઉત્તમ સાધુ પણ કુવૃષ્ટિ ન્યાયે કારણ પડે તો અસંયમી જેવું વર્તન કરતા હોય છે, તેથી કોણ ભાવથી સાધુ છે કે નથી ? તેનો નિર્ણય થાય નહિ. ત્યારે શું કરવું ? તે અંગે બૃહત્કલ્પ ભાષ્યમાં જણાવ્યું છે કે- પૂર્વે નહિ જોયેલા અજાણ્યા સાધુ પધારે ત્યારે ઉભા થવું, તેમનો દાંડો લેવો, વગેરે ઔચિત્ય કરવું, અન્યથા કોઇ ઉત્તમ આચાર્યાદિ કંઈ ઉપકાર કરવા પધાર્યા હોય, તેમનું અનૌચિત્ય થવાથી અવિવેકી-અહંકારી વગેરે માનીને તેઓ આપણી ઉપેક્ષા કરે, અપૂર્વ વિદ્યા-મંત્રાદિ આપવા આવ્યા હોય તો પણ ન આપે, માટે અપરિચિતનું ઔચિત્ય કરવું.

પરિચિત બે પ્રકારના હોય, ઉગ્ર વિહારી અને શિથિલાચારી, તેમાં પરિચિત હોવાથી ઉગ્રવિહારીને તો તેમની યોગ્યતા પ્રમાણે અભ્યુત્થાન, વંદન વગેરે કરવું અને પરિચિત શિથિલાચારી હોય તેને ઉત્સર્ગ માર્ગે તો અભ્યુત્થાનાદિ કંઈ ન કરવું. કારણે શું કરવું ? તે માટે કહ્યું છે કે - જે શાસનની અપભ્રાજનાનો ભય છોડીને પ્રગટ પણે ઉત્તરગુણોનો વિરાધક હોય, વિરાધનાનો પશ્ચાત્તાપ પણ જેને ન હોય તેને વંદન ન કરવું પણ જે ભવિષ્યના લાભ માટે વર્તમાનમાં વિરાધના કરે, તેવા ઉત્તર ગુણદોષિતને તો વંદન વગેરે પણ કરવું, એટલું જ નહિ, સકારણ દોષ સેવનાર મૂલગુણદોષિતને પણ વંદન કરવું. કહ્યું છે કે વિશિષ્ટ ઉપદેશલબ્ધિવાળા વ્યાખ્યાતાના કે ગચ્છના હિત માટે ગીતાર્થ ગુરુ આવશ્યક કારણે બાહ્ય આચારોમાં શિથિલતા સેવે તો પણ તે વધુ લાભના ઉદ્દેશથી અપવાદ સેવતા હોવાથી પ્રથમપંક્તિના ઉત્તમસાધુની જેમ તેઓને પૂજ્ય સમજવા.

કહ્યું છે કે -

પુલાક, નિર્ગ્રંથ, શાસન રક્ષાદિ કારણે ચક્રવર્તીના સૈન્યનો ચૂરો કરે તો પણ કૃતકૃત્ય તે મહાત્મા લેશ પણ દોષને પાત્ર થતા નથી, હા, દોષ સેવવામાં કારણ પ્રબળ જોઇએ. જેમ કોઈ માણસ ખાડો ઓળંગતાં નિર્બળ આલંબનને પકડે તો પણ તે આલંબન તેને બચાવે નહિ, તેમ દોષ સેવવામાં પણ સંઘ કે શાસન રક્ષાદિ પ્રબળ કારણ હોય તો જ બચે, નહિ તો સંસારરૂપી ખાડામાં પડે, આથી જ કહ્યું છે કે પાસત્થાદિમાં પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર,

તપ, વિનય વગેરે ગુણો જેટલા હોય તેટલા પ્રમાણમાં તેઓને (તેમના ગુણોને) પુજવા,

હવે મૂળ-ઉત્તર ગુણથી દોષિતને કારણે વન્દનાદિ કરવું પડે તો કેવી રીતે કરવું ? તે અંગે બૃહત્કલ્પ ભાષ્ય ગા. ૪૫૪૫ માં કહ્યું છે કે- તે સ્થંડિલ ભૂમિ આદિ રસ્તે જતાં આવતાં મળે તો 'આપને કેમ છે ? વંદન કરું છું' વગેરે વચન વ્યવહાર કરવો. અને તેઓ ઊગ્ર-પ્રકૃતિવાળા હોય તો બે હાથે અંજલી પણ કરવી, પ્રભાવશાળી હોય તો મસ્તક પણ નમાવવું અને સંઘમાં પ્રતિષ્ઠાવાળા હોય તો પ્રસંગ પ્રમાણે બહારથી ભક્તિભાવ પણ દેખાડવો, સુખશાતા પુછવી, થોડો વખત પાસે ઉભા પણ રહેવું, વળી વિશેષ કારણે તો તેઓના સ્થાને પણ જવું અને પુર્ણ ઔચિત્ય કરવા પુર્વક થોભવંદન કે જરૂર જણાય તો સંપુર્ણ વંદન પણ કરવું.

કેવા કારણે એમ કરવું ?

તે માટે બૃહત્કલ્પ ભાષ્યની ગા૦ ૪૫૫૦ માં કહ્યું છે કે- તેમનો બ્રહ્મચર્યાદિ ચારિત્ર પર્યાય દીર્ઘ હોય, શિષ્યાદિ પરિવાર ઘણો હોય, વિનયવંત ગુણવાળા સાધુઓનો સમુહ તેમનો આજ્ઞાવર્તી હોય, સંઘમાં વ્યક્તિત્વ ધરાવતા હોય, તેથી કુલ-ગણ-સંઘ વગેરેનાં કાર્યો તેમના વિના દુઃશક્ય હોય, વળી સાધુઓને વિચરવાનાં ક્ષેત્રો તેઓને આધીન હોય, પોતે શિથિલ છતાં દુષ્કાળાદિ પ્રસંગે બીજાઓને સંભાળવાનો ગુણ હોય, 'સૂત્ર અર્થ અને તદુભય રૂપ' આગમ રહસ્યના જ્ઞાતા હોય, બીજે એ જ્ઞાન દુર્લભ હોય, વગેરે કારણે અભ્યુત્થાનાદિ વિનય, વંદન, વગેરે જેને જેટલું કરવા યોગ્ય હોય તેને તેટલું કરવું, જે કારણે પણ આ વિનયાદિ ન કરે તે આરાધક હોય તો પણ તત્ત્વથી શાસનનો ભક્ત નહિ, પણ જિનાજ્ઞા પ્રત્યે અનાદરવાળો અને સ્વાર્થ હાનિ કરનારો છે, તેને ચતુર્લઘુ પ્રાયશ્ચિત્ત લાગે છે.

આ વિધિ નિશ્રાકૃત જિનમંદિરે આવેલા ગુરુને વન્દન માટે કહ્યો, પણ કારણ વશ મંદિરે ન આવ્યા હોય તો સ્વશક્તિ-સંપત્તિ પ્રમાણે સારા આડંબર પુર્વક તેઓના ઉપાશ્રયે જઈને પણ વન્દનાદિ સર્વ વિનય કરે.

પછી મૂળ ગાથાના ઉત્તરાર્દ્ધમાં જણાવ્યા પ્રમાણે રાજા રાજસભામાં, મંત્રી ન્યાયમંદિરમાં અને વ્યાપારી બજાર વગેરે પોતાને યોગ્ય સ્થાને જઈને સ્વીકારેલા વ્રત-નિયમાદિને બાધા ન પહોંચે તેમ ન્યાય-નીતિ અને વ્યવહાર શુદ્ધિને સાચવીને ધન ઉપાર્જન કરે.

જિનમંદિરમાં નિષ્કારણ અધિક રોકાવાથી દોષ લાગે. એ વિષયમાં સાધુને અંગે વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે-સાધુનું શરીર અને વસ્ત્રો મલમલિન હોય, સ્નાન કર્યું ન હોય, નિઃશ્વાસ અને અપાનવાયુ પણ ચાલુ હોય વગેરે કારણે સાધુઓ મંદિરમાં અધિક રોકાય નહિ. જો સાધુને પણ આ રીતે વંદન પૂર્ણ થયા પછી અધિક રહેવાનો નિષેધ છે, તો શ્રાવકે પણ ભક્તિ સિવાય મંદિરમાં અધિક રહેવું જોઈએ નહિ.

હવે 'ધન મેળવવું' એ તો સહુ કોઈ કરે છે, તેથી તેના ઉપદેશની જરૂર નથી. માત્ર ધર્મને બાધા કયી રીતે ન પહોંચે તે જણાવે છે કે- રાજા હોય તો તેણે શ્રીમંત કે દરિદ્રી, પ્રતિષ્ઠાવંત કે સામાન્ય, ઉત્તમ કે અધમ, વગેરે સર્વ મનુષ્યોને પક્ષપાત વિના ન્યાય તોળવો, રાજ કર્મચારી હોય તો શ્રીઅભયકુમારમંત્રી વગેરેની જેમ રાજા અને પ્રજા બન્નેનું હિત થાય તેમ વર્તવું અને વ્યાપારીએ રાજ્યવિરુદ્ધ, દેશવિરુદ્ધ, કાર્યોને તજીને વ્યવહારશુદ્ધિ સચવાય તેમ આજીવિકા મેળવવી.

આજીવિકા ૧- વ્યાપારી વ્યાપારથી, ૨- વૈદ્યો કે વિદ્યાવાળા વિદ્યાથી, ૩- ખેડુતો ખેતીથી, ૪- ભરવાડ વગેરે પશુ પાલનથી, ૫- સુતાર-લુહાર-દરજી-ચિતારા-સલાટ વિગેરે કલાકારો પોતપોતાની કળાથી, ૬- સેવકવર્ગ સેવાથી અને ૭- ભિક્ષુઓ ભિક્ષાવૃત્તિથી, એમ સાત પ્રકારે મેળવાય, તેમાં વ્યાપારીને તો વ્યાપાર જ હિતકર છે. કહ્યું છે કે- લક્ષ્મી વાસુદેવ પાસે પણ નથી રહેતી, અને સમુદ્રમાં પણ નથી રહેતી, તે તો ઉદ્યમીના ઉદ્યમમાં રહે છે.

વ્યાપારમાં મિત્રાદિનું પીઠ બળ, મૂળ મૂડીનું રોકાણ (નીવિ) અને પ્રારબ્ધ, એ ત્રણનો સાથ જોઈએ, નહિ તો મૂળ મૂડીનો પણ નાશ થવા સંભવ રહે, વળી વ્યાપારમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ, એ ચતુર્વિધ શુદ્ધિ સાચવવી જોઇએ. તેમાં-

૧- દ્રવ્યશુદ્ધિ= પંદર કર્માદાનો વગેરે મોટાં પાપ કરવાં પડે તેવી ચીજોનો વેપાર તજવો, અલ્પારંભવાળો વ્યાપાર કરવો, જીવન નિર્વાહના અભાવે મોટાં આરંભ કરવા પડે, તો પણ અનિચ્છાએ, પાપની નિંદા કરતો રહે, પણ નિર્ઘૃંસ પરિણામથી ન કરે, અને આરંભના ત્યાગી મહામુનીઓના જીવનની સ્તુતિ કરે કે 'તે મહામુનિઓને ધન્ય છે કે જેઓ મનથી પણ બીજાને પીડા થાય તેવું ચિંતવતા પણ નથી, અને આહારાદિ સંયમોપયોગી વસ્તુઓ પણ સર્વથા નિર્દોષ મળે, તેનાથી જ નિર્વાહ કરે છે' ઇત્યાદિ. અલ્પારંભવાળી વસ્તુઓ પણ નેત્રોથી જોઇને, પરીક્ષા કરીને ખરીદે, ઘણા માલિકવાળા કે જેના માલિક વિષે શંકા હોય તેવી વસ્તુ એકલાએ ન ખરીદતાં ઘણાની સાથે (ભેગી) ખરીદે, ઇત્યાદિ દ્રવ્ય શુદ્ધિ સાચવવી.

૨- ક્ષેત્રશુદ્ધિ= જ્યાં સ્વ-પર રાજ્યનો ભય ન હોય, મારી મરકી વગેરે સામુદાયિક રોગો કે બીજા સંકટાદિ ઉપદ્રવો ન હોય, દેવ ગુરુનો અને સાધર્મિકનો યોગ હોવાથી જ્યાં ધર્મ આરાધના સુલભ હોય ત્યાં વ્યાપાર કરવો. એ સિવાય અન્ય સ્થળે ઘણો લાભ થતો હોય તો પણ ત્યાં વ્યાપાર કરવો નહિ, કારણ કે ત્યાં કોઈ વાર ધર્મનો, પ્રાણનો, કે સર્વ ધનનો પણ નાશ થાય.

૩- કાળશુદ્ધિ= પર્યુષણાની અને ચૈત્ર-આસોની, એ ત્રણ અઠ્ઠાઇઓ તથા ધર્મનાં પર્વોમાં વ્યાપાર બંધ કરી ધર્મનો વ્યાપાર કરવો, વર્ષા વગેરે તે તે ઋતુઓમાં નિષિદ્ધ વસ્તુઓનો વ્યાપાર નહિ કરવો.

૪– ભાવશુદ્ધિ= ક્ષત્રિઓ વગેરે ઘાતક શસ્ત્રાદિ રાખનાર ક્રૂર મનુષ્યો સાથે થોડી પણ લેવડ–દેવડ કરવી નહિ, નટ વિટ વગેરે હલકા પુરુષોને ઉધાર આપવું નહિ, તેઓને નાણાંની ધીરધાર પણ અંગઉધાર કરવી નહિ, કારણ કે નાણાં વસુલ કરતાં વૈર–વિરોધ થાય, નિર્વાહ ન થાય અને ઉધારનો ધંધો કરવો પડે તો પણ સત્યવાદી–શાહુકારો સાથે કરવો, વ્યાજ પણ દેશ–કાળને અનુસારે ઉચિત લેવું કે જેથી સજ્જનોમાં નિંદા ન થાય, બીજાનું દેવું પણ મુદત પ્રમાણે આપી દેવું, કર્મ સંયોગે ન અપાય તો પણ લેણદારને અસંતોષ ન થાય તેવો મીઠો વ્યવહાર રાખવો અને થોડું થોડું પણ આપતા રહેવું. વિશ્વાસ ભંગ થવાથી વ્યવહાર તૂટી જાય તેમ નહિ કરવું.

નીતિ શાસ્ત્ર કહે છે કે–

ધર્મ કરવામાં, દેવું આપવામાં, કન્યાને પરણાવવામાં, આવતું ધન લેવામાં, શત્રુતાનો (વૈરનો) નાશ કરવામાં, દાવાનલાદિ ઉપદ્રવો અને રોગાદિ દૂર કરવામાં વિલંબ કરવો નહિ. **આ જન્મનું બાકી રહેલું દેવું ભવાન્તરમાં લેણદારના ચાકર કે ઊંટ પાડા બળદ ગધેડા વિગેરેના અવતાર લઇને પણ પૂર્ણ કરવાનાં દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં સંભળાય છે, માટે છેવટે દેણદારની નોકરી–ચાકરી કરીને પણ દેવું પૂર્ણ કરવું જોઇએ.**

જેમ દેવાદારની આ ફરજ છે, તેમ લેણદારે પણ ઔદાર્ય કેળવી દેવાદાર નિર્બળ હોય તો તેને 'ધીમે ધીમે મળે ત્યારે આપજે' વગેરે કહી આર્તધ્યાનમાંથી બચાવવો જોઇએ, છેવટે 'મારું લેણું હું ધર્મ રૂપે તને અર્પણ કરું છું' કહીને છોડી દેવું જોઇએ, પણ લેણદાર તરીકેનો સંબંધ લાંબો કાળ રાખવો નહિ, કારણ કે અકસ્માત્ મરણ વગેરે થાય તો ભવાન્તરમાં એ સંસ્કારો વૈર વગેરેનું કારણ બને. એ પ્રમાણે વેપારથી ધીરેલું પણ પાછું આવવું દુષ્કર જણાય તો ધર્માદા કરીને છોડી દેવું જોઇએ. આ કારણે બને ત્યાં સુધી સાધર્મિકો સાથે વ્યાપાર કરવો, કે જેથી લેણું વસુલ ન થાય તો પણ તે ધર્મ માર્ગે ઉપયોગી થાય. અન્ય ધનિક પ્રત્યે મત્સર ન કરવો. પ્રારબ્ધાધીન વસ્તુમાં મત્સર કરવો નિષ્ફળ છે,

વળી અનાજ, કરિયાણાં વગેરેના વેપારીએ 'દુષ્કાળ, રોગચાળો, વગેરે થાય તો વસ્તુ મોંઘી થતાં મને ઘણી કમાણી થાય' એવી ઇચ્છા કદાપિ કરવી નહિ, કદાચ દૈવયોગે દુષ્કાળ વગેરે થાય અને વસ્તુઓ દુર્લભ–મોંઘી થાય તો પણ તેવી અછતવાળી વસ્તુઓના વેપારની ઇચ્છા પણ કરવી નહિ. અને 'મોંઘવારીથી, મને લાભ સારો થશે.' વગેરે ક્રૂર વિચારો કરવા નહિ. હંમેશા સંતોષી, ન્યાયી અને દયાળુ બનવું. ગ્રાહકોના હિતની ચિંતા કરવી, દેશ–કાળને ઉચિત નફો લેવો, પઠાણી વ્યાજ, વટાવ, વગેરે ક્રૂરતાથી મેળવેલી આજીવિકા જીવને ક્રૂર બનાવીને ધર્મથી ભ્રષ્ટ કરે છે. ધર્મનું મૂળ દયા છે, દયાના પરિણામથી ન્યાય–નીતિની રક્ષા

થાય છે. તેનાથી પુણ્યાનુબંધી પુણ્યનો બંધ થતાં અલ્પ પ્રયત્ને ઘણી લક્ષ્મી મળે છે, જીવન અલ્પજરૂરીઆતવાળું બનવાથી આજીવિકાનું કષ્ટ ટળી જાય છે અને એથી ધર્મમાં ચિત્તની સ્થિરતા વગેરે વિવિધ લાભો થાય છે, **કોઇની ખોવાયેલી વસ્તુ પણ 'અમુકની છે' એમ જાણવા છતાં લેવી નહિ.**

તોલાં-માપાં ખોટાં રાખવાં નહિ, ન્યૂનાધિક તોળવું નહિ, સારી-નરસી વસ્તુ ભેળ-સંભેળ કરવી નહિ, અનુચિત વ્યાજ લેવું, લાંચ રૂશ્વત આપવી કે લેવી, ખોટો કર લેવો, ખોટાં કે થસાએલાં નાણાં કપટથી સારા તરીકે ખપાવવાં, કરેલું સાટું ના કબૂલ કરવું, બીજાના ગ્રાહકોને ભરમાવવા, કાપડ, ઝવેરાત, વગેરેની અંધકારમાં દીપક વગેરેથી પરખ કરાવી વેચાણ કરવું, સારો નમુનો બતાવીને વસ્તુ હલકી આપવી, અક્ષરો-શાહી-લેખ-વગેરે બદલવા, ઇત્યાદિ ઠગાઈ વ્યાપારમાં કરવી નહિ. કહ્યું છે કે-**જેઓ વિવિધ કપટથી બીજાઓને ઠગે છે તેઓ બરેબર પોતાના આત્માને ઠગે છે.** વળી સ્વામી, મિત્ર, વિશ્વસ્ત, દેવ, ગુરૂ, વૃદ્ધ, બાળ, વગેરેનો દ્રોહ કે કોઈની થાપણ ઓળવવી વિગેરે પાપો તો હત્યા કરવા તુલ્ય હોવાથી સર્વથા તજવાં.

ગુપ્ત અને પ્રગટ, એમ પાપના બે પ્રકારો છે, ગુપ્ત પણ નહાનું અને મોટું એમ બે પ્રકારે છે, તેમાં ખોટાં તોલ-માપાં વગેરે રાખવાં તે ગુપ્ત નહાનું અને વિશ્વાસઘાત વગેરે ગુપ્ત મોટું પાપ છે. પ્રગટના પણ કુલાચાર રૂપે અને નિર્લજ્જપણે કરેલું એમ બે પ્રકારો છે, તેમાં ગૃહસ્થો આરંભાદિ કરે કે મ્લેચ્છો હિંસાદિ કરે, તે પ્રગટ કુલાચાર રૂપ છે અને સાધુ વગેરે દોષો સેવે તે પ્રગટ નિર્લજ્જતારૂપ છે. આ નિર્લજ્જતાથી કરેલાં પાપો શાસનની અપભ્રાજનાદિ કરાવીને સંસારમાં અનંત કાળ પણ પરિભ્રમણ કરાવે છે. કુલાચારનાં પ્રગટ પાપોથી કર્મબંધ થાય, પણ અલ્પ થાય છે, અને ગુપ્ત પાપ તો અસત્યરૂપ હોવાથી તેનાથી કર્મબંધ અતિઆકરો થાય છે, કારણ કે અસત્યરૂપ પાપને યોગશાસ્ત્ર ટીકામાં સર્વ પાપોના સમૂહ કરતાં પણ અધિક કહ્યું છે.

વળી જેની સાથે પ્રીતિ હોય તે સંબંધીઓ, મિત્રો, વગેરેની સાથે લેણા-દેણાનો વ્યવહાર કદાપિ નહિ કરવો, થાપણ પણ સાક્ષી વિના તેમને ત્યાં નહિ મૂકવી અને તેઓની મારફત બીજાને ધન મોકલવું પણ નહિ, કારણ કે ધન રળવામાં અને સાચવવામાં બીજાનો વિશ્વાસ કરવો ઉચિત નથી.

'જેમ તેમ સોગન ખાવા' વગેરે પણ ઉચિત નથી, તેમાં પણ દેવ ગુરુ કે ધર્મના સોગન તો કદી નહિ ખાવા, બને ત્યાં સુધી કોઈની લેવડ-દેવડમાં સાક્ષી પણ નહિ થવું, કારણ કે ધનનો સંબંધ વૈર-વિરોધનું મૂળ છે. વળી સામુદાયિક ખરીદ-વેચાણ કરતાં, કે વ્યાપારમાં વિઘ્ન ટળે અને ઇચ્છિત લાભ મળે વગેરે ઉદ્દેશથી પ્રારંભમાં મહામંત્રનું સ્મરણ,

શ્રી ગૌતમસ્વામિજીના નામનો જાપ, વગેરે કરવું અને નફામાંથી કોઈ વસ્તુ કે અમુક રકમ દેવ–ગુરુની સેવામાં કે સાત ક્ષેત્રોમાં વાપરવાના મનોરથો કે પ્રતિજ્ઞા કરવી, કારણ કે લૌકિક લોકોત્તર સર્વ કાર્યોની સિદ્ધિ મુખ્યતયા ધર્મથી થાય છે, કહ્યું છે કે– **વ્યાપારનું ફળ વૈભવ અને વૈભવનું ફળ સુપાત્ર દાન છે, દાન વિનાનો વ્યાપાર અને વૈભવ બન્ને નિષ્ફળ છે.**

એ રીતે વ્યવહાર શુદ્ધિથી મેળવેલી રિદ્ધિ ધર્મરિદ્ધિ બને છે, અન્યથા ભોગરિદ્ધિ અને પાપ રિદ્ધિ બને છે. કહ્યું છે કે– ધર્મમાં વપરાય તે ધર્મઋદ્ધિ, શરીર કે ભોગમાં ખર્ચાય તે ભોગ ઋદ્ધિ અને જેનાથી દાન કે ભોગ એકેય ન થાય તે કૃપણની પાપ ઋદ્ધિ જાણવી.

માટે દેવપૂજા, દાન, વગેરે નિત્યકર્મ અને સંઘ પૂજા, સાધર્મિકભક્તિ, તીર્થયાત્રાદિ વાર્ષિક કર્મમાં ખર્ચીને ઋદ્ધિને ધર્મ ઋદ્ધિ બનાવવી. જે દરરોજ પુણ્યકાર્યો કરતો હોય તેનાં જ પ્રસંગપ્રાપ્ત વિશેષ પુણ્યકાર્યો શોભે છે; નિત્યકાર્યો ન કરે તો વિશિષ્ટ ધર્મકાર્યો કરવા છતાં તે શોભતાં નથી.

કમાણીની ઇચ્છા પણ ભાગ્યાનુસાર કરવી, નહિ તો આર્તધ્યાનાદિથી અશુભકર્મોનો બંધ થાય, ખર્ચ પણ આવકને અનુસારે કરવો, કહ્યું છે કે મધ્યમ આવકવાળાએ કમાણીનો ચોથા–ભાગ સંગ્રહ કરવો, ચોથો ભાગ વ્યાપારમાં રોકવો, ચોથો ભાગ ધર્મ અને ઘરખર્ચમાં વાપરવો અને ચોથોભાગ પોતાના આશ્રિતોને આપવો. અધિક આવક હોય તો અડધી કમાણી ધર્મમાં અને અડધીથી આ લોકનાં સર્વ કાર્યો કરકસરથી કરવાં.

ધન ન્યાયોપાર્જિત અને વ્યય સુપાત્રમાં એ પહેલો ભાંગો શ્રી શાલિભદ્ર વગેરેની જેમ પુણ્યાનુબંધી પુણ્યનું અને ન્યાયોપાર્જિત ધન અને જે તે પાત્રમાં વ્યય એ બીજો ભાંગો પાપાનુબંધી પુણ્યનું કારણ બને છે. અન્યાયોપાર્જિત ધનનો સુપાત્રમાં વ્યય, એ ત્રીજો ભાંગો મોટા આરંભ કરનારા કે રાજા વગેરેમાં ઘટે (પરિણામાનુસાર ફલ આપે.) અને અન્યાયોપાર્જિત ધનનો કુપાત્રમાં વ્યય, આ ભાંગો તો વિવેકીએ તજવા યોગ્ય છે, માટે અર્થોપાર્જનમાં ન્યાયનું પાલન કરવું તે આ ભવ–પરભવમાં હિતકારી છે,

શ્રાદ્ધદિનકૃત્યમાં તો વ્યવહાર શુદ્ધિને જીવનના પાયા તુલ્ય કહી છે. વ્યવહાર શુદ્ધિથી ધનશુદ્ધિ, ધનશુદ્ધિથી આહાર શુદ્ધિ, આહાર શુદ્ધિથી દેહ શુદ્ધિ, દેહશુદ્ધિથી ધર્મની યોગ્યતા અને યોગ્યતાથી કરેલાં સર્વ કાર્યો સફળ થાય છે. એથી વિરુધ્ધ અનીતિથી ધર્મની નિંદા થાય, નિંદા કરનાર–સાંભળનાર બન્નેને બોધિ દુર્લભ થાય. અને બોધિ દુર્લભતા તો ધર્મને અધર્મ મનાવી સંસારમાં રખડાવે. એવું આગમવચન હોવાથી વિચક્ષણ પુરુષે વ્યવહારશુદ્ધિ અવશ્ય સાચવવી જોઇએ.

વળી વ્યાપારમાં દેશ-કાળ વગેરેથી વિરુધ્ધ કાર્યો તજવાં, એમ હિતોપદેશમાળામાં કહ્યું છે તેમાં-

૧- **દેશવિરુદ્ધ=** શિષ્ટ (સજ્જન) પુરુષો જે જે દેશમાં જે જે કાર્યોને અકરણીય માને તેને દેશવિરુધ્ધ માની તજવાં, જેમ કે સૌવિર દેશમાં ખેતી વગેરે ન કરવા અથવા જાતિ-કૂળ વગેરેની અપેક્ષાએ જે અનુચિત હોય, તે ન કરવા જેમકે- બ્રાહ્મણે દારુ પીવો, ઇત્યાદિ પણ દેશવિરુધ્ધ સમજી અવશ્ય તજવાં.

૨- **કાળવિરુદ્ધ=** શિયાળામાં હિમાલય તરફ, ઉન્હાળામાં મારવાડ તરફ, વર્ષાઋતુમાં દક્ષિણમાં સમુદ્ર નજીક, કે રાત્રીએ જંગલમાં જવું. ફાગણ માસ પછી તલ પીલવા, પીલાવવા કે વર્ષાઋતુમાં ભાજી શાક વગેરે ખરીદ કરવાં-કરાવવાં, વગેરે કાળ વિરુધ્ધ હોવાથી તજવાં.

૩- **રાજવિરૂધ્ધ=** રાજાના માનીતાનો અનાદર કરવો અને વિરોધીનો આદર અથવા સોબત કરવી, લોભથી વૈરી રાજાના રાજ્યમાં જવું, કે ત્યાંથી આવેલાની સાથે વ્યાપારાદિ કરવાં, કમાણીમાંથી રાજાનો ભાગ કે દાણ વગેરે નહિ આપવું, ઇત્યાદિ કાર્યોથી રાજા ગુસ્સે થાય, દંડ કરે, ધર્મની અપભ્રાજના થાય, માટે રાજવિરુધ્ધનો ત્યાગ કરવો.

૪- **લોકવિરૂદ્ધ=** કોઈની પણ નિંદા, અને ધર્મગુર્વાદિની નિંદા તો મોટું પાપ છે, આત્મ-શ્લાઘા, સરળ ભદ્રિક જનોની હાંસી,ગુણીજનો પ્રતિ મત્સર, ઉપકારી પ્રત્યે કૃતઘ્નતા, બહુજન વિરુદ્ધનો સંગ, લોકમાન્યની અવજ્ઞા, ધર્મી કે સંબંધીના સંકટ પ્રસંગે તુષ્ટ થવું, છતી શક્તિયે તેને સંકટમાંથી ન બચાવવો, સ્વદેશ-ગામ કે કુળ વગેરેના આચારો ન પાળવા, તેથી વિપરીત વર્તવું, સંપત્તિ વય કે અવસ્થાને ન છાજે તેવા અતિઉદ્ભટ વેષ પહેરવા કે આહારદિ કરવાં, કૃપણતાથી અતિમલિન વેષ, કે દરિદ્ર જેવાં તુચ્છ આહારાદિ કરવાં, ઇત્યાદિ લોકવિરુદ્ધ કાર્યો છે.

કહ્યું છે કે-

લોક જ સર્વ સદાચારી અને ધર્મીજીવોનો આધાર હોવાથી લોક વિરુધ્ધ અને ધર્મ વિરુધ્ધ કાર્યો કરવાં નહિ. **લોક વિરૂધ્ધ પ્રવૃત્તિ તજવાથી લોકોની પ્રીતિ વધે છે અને જનપ્રીતિ એ સમ્યકત્વ પ્રાપ્તિનું બીજ છે,** પરનિંદા કે આત્મશ્લાઘાથી નીચ ગોત્રનો બંધ થાય, પરિણામે ઉત્તમકુળના અભાવે ધર્મથી દીર્ઘકાળ વંચિત રહેવું પડે, માટે લોકાચાર એ ધર્માચારનો પાયો છે, એમ સમજી લોકવિરુદ્ધ કાર્યોને તજવાં.

૫- **ધર્મવિરૂદ્ધ=** ધર્મથી ઉલટી મિથ્યાત્વપોષક પ્રવૃત્તિ કરવી, ગાય-ભેંસ-બળદ વગેરે મુંગાં પ્રાણીઓને નિર્દય પણે મારવાં, સખ્ત બાંધવાં, જૂ-માંકડ-કીડી-મકોડા વિગેરેની જયણા દયા ન કરતાં તડકે કે જ્યાં ત્યાં નિરાધાર મૂકી દેવાં, ઉન્હાળામાં ત્રણવાર શેષ કાળમાં

બે વાર જાડા ગરણાથી સંખારો સચવાય તેમ જળ ન ગાળવું, અનાજ, ઇંધણાં, શાક–પાન–ફળ–ફુલ વગેરેમાં ઉપજેલા જીવોની જયણા ન કરવી, બારેક સોપારી વાલોળ કે ફળો વગેરે જોયા વિના મુખમાં નાખવાં, જળ પીતાં પ્યાલા વિગેરેનો ઉપયોગ ન કરતાં નાળચાથી પીવું, રાંધતાં, બાંડતાં, દળતાં કે ઘસતાં તે તે પદાર્થોને જીવદયાની દૃષ્ટિએ જોવાનો અનાદર કરવો, મળમૂત્રાદિ કે શ્લેષ્મ, વમન, વગેરે તજવામાં કે પાનનો ગાળ ફેંકવામાં ભૂમિ વગેરેને સમ્યગ્ પૂંજવા–પ્રમાર્જવા રૂપ જયણા ન કરવી, ધર્મનાં કાર્યોમાં અનાદર અને દેવ, ગુરૂ, સંઘ કે સાધર્મિક પ્રતિ દ્વેષ કરવો, વગેરે કાર્યો ધર્મવિરુદ્ધ જાણવાં.

વળી દેવ, ગુરુ, જ્ઞાન, કે સાધારણ દ્રવ્યનો સ્વાર્થે ઉપયોગ કરવો, ધર્મ રહિત–અધર્મીની સોબત કે ધર્મી જનોની હાંસી કરવી, કષાયોને ઉદીરવા, ઘણા અરંભવાળી વસ્તુઓનો કે પંદર કર્માદાનોનો ધંધો કરવો, કોટવાળની, પોલિસની કે એવી ક્રૂર નોકરી કરવી, વગેરે વિવિધ કાર્યો (અધર્મ રૂપ હોવાથી) ધર્મવિરુદ્ધ સમજીને તેનો ત્યાગ કરવો. એ પાંચેય વિરૂદ્ધ કાર્યોને અવશ્ય તજવાં, એ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે.

તેમ ઉચિત આચરણ પણ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. તેનાથી સ્નેહવૃદ્ધિ, યશઃકીર્તિ, વગેરે મોટા લાભો થાય છે, હિતોપદેશમાળામાં નવવિધ ઔચિત્ય આ પ્રમાણે કહ્યું છે –

૧– **પિતાનું ઔચિત્ય –** પિતાના શરીરની સેવા સ્વયં ચાકરની જેમ વિનયપૂર્વક કરવી અને તેમનો પડતો બોલ ઝીલવો, તેમાં તેમનું શરીર–મસ્તક–પગ દબાવવા, ઉઠાડવા, બેસાડવા વગેરે અને તે તે ઋતુમાં પથ્ય આહાર વસ્ત્ર ભોજન વિલેપન આદિ ભક્તિપૂર્વક આપવાં, તે કાયઔચિત્ય જાણવું.

કહ્યું છે કે –

પિતાની સામે બે હાથ જોડીને નમેલા મસ્તકે ઉભો રહેલો પુત્ર જે શોભાને પામે છે, તેનાથી સોમા ભાગની પણ શોભા ઊંચા રાજ્યાસને બેઠેલો પુત્ર પામતો નથી.

વળી પિતાની આજ્ઞાને આદર પુર્વક તુર્ત 'તહત્તિ' કહીને સ્વીકારવી અને શક્ય તેટલી વહેલી તેને સફળ કરવી, તે વચનઔચિત્ય છે. તથા મનથી પિતાની ઇચ્છાને અનુસરે, બુદ્ધિના આઠ ગુણોનો આશ્રય કરે, હૃદયના ભાવો નિખાલસ ભાવે જણાવે, તેમની સલાહને ઇચ્છે 'અમુક કાર્ય અમુક રીતે કરવું' એમ સ્વયં સમજવા છતાં પિતાની સલાહ મુજબ કરે, દરેક કામમાં તેમની હિતશિક્ષા અને આશીર્વાદને ઇચ્છે. ઠપકો આપે તો પણ ઉપકારી માને અને પિતાના ધાર્મિક મનોરથોને શક્ય હોય ત્યાં સુધી પુરા કરે, વગેરે પિતા અંગે મનનું ઔચિત્ય જાણવું. માતા અંગે પણ એજ વર્તન કરવું.

ઠાણાંગસૂત્રમાં કહ્યું છે કે – ૧– **માતાપિતા,** ૨– **સ્વામી** અને ૩– **ધર્માચાર્ય,** એ ત્રણેના ઉપકારોનો બદલો વાળવો દુષ્કર છે, બાહ્ય સેવા વગેરે ગમે તેટલું કરો તો પણ

તે દુષ્પ્રતિકાર્ય છે, માત્ર વીતરાગના ધર્મથી તેઓ ખસી જાય ત્યારે પુનઃ તેમને ધર્મમાં સ્થિર કરવાથી (જોડવાથી) જ તેમના ઉપકારોનું ઋણ વળે છે.

૨- **માતા અંગે ઔચિત્ય**- માતા પ્રત્યે પિતા કરતાં પણ અધિક સદ્ભાવથી વર્તવું, કારણ કે સ્ત્રીસ્વભાવે જ તે પરાભવ સહી શકતી નથી, કહ્યું પણ છે કે- ઉપાધ્યાય કરતાં આચાર્યનું દશ ગુણું, તેનાથી પિતાનું સોગુણું અને પિતાથી માતાનું હજારગુણું ગૌરવ (મહત્ત્વ) છે.

૩- **ભાઇઓનું ઔચિત્ય**- સર્વ ભાઈઓને પોતાની તુલ્ય અને મોટાભાઇને પિતા-તુલ્ય જાણવો. નાના ભાઈઓનું પણ દરેક કાર્યોમાં બહુમાન કરવું, તેમનાથી હૃદય છૂપાવવું નહિ, અંતરની વાતો કહેવી અને પુછવી, તથા સારા વેપાર-વ્યવહારમાં જોડવા, કોઈવાર સંકટમાં નિભાવ કરવા તેમનાથી ધન છૂપાવવું પડે, તો પણ દ્રોહ બુદ્ધિથી છૂપાવવું નહિ, કુસંગતથી બચાવવા માટે, સદ્ભાવથી ધીમે ધીમે સમજાવવા, ન માને તો મિત્રો દ્વારા ગુપ્ત ઠપકો અપાવવો, સ્વજન સંબંધીઓ દ્વારા હિતશિક્ષા અપાવવી અને જાતે પણ હાર્દિક સ્નેહ અખંડ રાખીને બહારથી ગુસ્સો બતાવવો, એમ કરતાં સન્માર્ગે આવે તો નિશ્ચલ સ્નેહથી બોલાવવા સંભાળવા, અને કુસંગ ન છોડે તો પણ તેની તેવી પ્રકૃતિ માની ઉપેક્ષા કરવી, કારણ કે સખ્તાઈ કરવાથો શત્રુ થઈ જવાનો સંભવ રહે, વળી વિનીત કે અવિનીત પણ ભાઇનાં સ્ત્રી-પુત્રાદિ પ્રત્યે તો વસ્તુ દેવા લેવામાં ભેદ રાખવો નહિ, પોતાના પરિવાર તુલ્ય વ્યવહાર કરવો, અને સાવકી માતાના પુત્ર પ્રત્યે તો સગાભાઈથી પણ અધિક ઔચિત્ય કરવું, કારણ કે તેની સાથે રાખેલું અંતર જાહેર થતાં જ ચિત્ત તૂટે, અપ્રીતિ થાય અને લોકમાં પણ અપકીર્તિ થાય, વિગેરે ભાઈઓ અંગે ઔચિત્ય જાણવું.

બીજા પણ માતાતુલ્ય પિતાતુલ્ય કે ભાઈતુલ્ય મનાતાં સ્ત્રી-પુરુષો સાથે એ જ પ્રમાણે યથાયોગ્ય ઔચિત્ય કરવું, કહ્યું છે કે- પિતા, વિશિષ્ટ ઉપકારી, વિદ્યાદાતા ગુરુ, અન્નદાતા સ્વામી, અને પ્રાણ દાતા, એ પાંચ પિતા છે, રાજપત્ની, ગુરુપત્ની, સાસુ, જનેતા અને સાવકીમાતા, એ પાંચ માતાઓ છે, અને સગી માતાનો પુત્ર, સહાધ્યાયી, મિત્ર, રોગમાં સહાયક અને માર્ગે જતાં વાતનો વિસામો આપનાર, એ પાંચેને ભાઈ સમજવા.

તાત્પર્ય કે તેઓની સાથે પણ સગી માતા-પિતા અને ભાઈ તુલ્ય વર્તવું. ભાઇઓનું પરસ્પર મુખ્ય કર્તવ્ય તો ધર્મથી સીદાતાને ધર્મમાં જોડવો, અધર્મથી રોકવો, વગેરે છે. કારણ કે પ્રમાદરૂપ અગ્નિથી બળતા સંસાર રૂપી ઘરમાં મોહ નિદ્રામાં ઊંઘેલાને જગાડે એ જ પરમબંધુ છે, મિત્રોની સાથે પણ સગા ભાઇની જેમ વર્તવું.

૪- **પત્ની પ્રત્યે ઔચિત્ય**- પત્નીને પ્રેમથી બોલાવવી, ઉચિત બહુમાન કરવું, વગેરે તેનો સદ્ભાવ વધે તેમ વર્તવું. વડિલ વગેરેની સેવામાં જોડવી, વસ્ત્રાલંકારાદિ ઉચિત

હોય તેટલું જ આપવું, ઘણા પુરુષો જ્યાં મળતા હોય ત્યાં અને નાટક–પ્રેક્ષણ વગેરે જાહેર સ્થાને અને રાત્રે તો ઘર બહાર જતાં રોકવી, કુશીલ કે પાખંડીઓની સોબત કરવા નહિ દેવી, ઘરનાં કાર્યોમાં સવિશેષ જોડવી, પોતાનાથી જુદી નહિ રાખવી, કારણ કે પ્રીતિ પ્રાયઃ મીલનથી ટકે છે. કહ્યું છે કે– મળવાથી, બોલવાથી, પ્રશંસાથી, ઉચિત વસ્તુ વગેરે આપવાથી, અને સામાની ઇચ્છાને અનુસરવાથી, પ્રેમ નિશ્ચલ બને છે, તેથી ઉલટું ન મળવાથી, વાર વાર મળવાથી, અબોલાથી, મોટાઈ દેખાડવાથી કે અપમાન કરવાથી અને વિયોગથી પ્રેમ તૂટે છે.

વળી પોતાનું અપમાન સ્ત્રીને કદાપિ જણાવવું નહિ, તે ભૂલ કરે તો તેને એકાન્તમાં શિક્ષા કરવી, એમ કરતાં ગુસ્સો કરે તો તુર્ત મનાવી લેવી, વેપાર વગેરેમાં થયેલી લાભ–હાનિ, કે ઘરની કોઈ ગુપ્ત વાત સ્ત્રીને કહેવી નહિ, કારણ કે તુચ્છ પ્રકૃતિને કારણે તેવી વાતો બીજાને જાહેર કરે અને નિરંકુશ બની જાય, માટે તેની યોગ્યતાને વિચારી જરૂર પૂરતું જ તેને મહત્ત્વ આપવું, બધી બાબતોમાં સ્ત્રીને મુખ્યતા ન આપવી, વળી તેને કુલીન, પરિણત–વયવાળી પૌઢ, સુશીલ સમાન ધર્મવાળી અને નિર્દંભ, એવી સ્વજનની સ્ત્રીઓ સાથે પ્રીતિ કરાવવી, તેમની સાથે ધર્મ કરવા મંદિર ઉપાશ્રયે મોકલવી, રોગ કે આપત્તિ પ્રસંગે ઉપેક્ષા ન કરતાં ઔષધાદિ કાળજીથી કરવું અને ધર્મ કાર્યોમાં સારી રીતે સહાયક થવું, ઇત્યાદિ પત્ની પ્રત્યે ઔચિત્ય કરવું.

૫–પુત્ર પ્રત્યે પિતાનું ઔચિત્ય– બાલવયમાં લાલન–પાલન કરવું અને બુદ્ધિના ગુણો જેમ જેમ ખીલે તેમ તેમ વિવિધ કલાઓનો ક્રમશઃ અભ્યાસ કરાવવો, દેવ, ગુરુ, ધર્મમિત્રો અને સ્વજનોનો પરિચય કરાવવો, શિષ્ટ મિત્રોની મૈત્રી કરાવવી, યૌવન પામતાં વય, કુળ, શીલ, રૂપ, વગેરેથી સમાન કન્યા સાથે પરણાવવો. પછી ક્રમશઃ ઘર–વ્યવહારનો ભાર સોંપી નિવૃત્ત થવું અને યોગ્યતા પ્રગટતાં પુત્રને ઘરનો અધિપતિ બનાવવો. પુત્રના ગુણોની પ્રશંસા કદી નહિ કરવી, કોઈ કારણે કરવી પડે તો પણ તેની સમક્ષ તો ન જ કરવી, કારણ કે તેથી તેનો ગુણ વિકાસ અટકી જાય અને અવિનય–અભિમાન વગેરે દોષો પ્રગટે.

કહ્યું પણ છે કે **"ગુરુજનોની સ્તુતિ તેઓની સમક્ષ કરવી, મિત્રો અને સ્વજનોની પરોક્ષમાં કરવી, નોકર–ચાકરની કામ પૂર્ણ કર્યા પછી કરવી, સ્ત્રીની પ્રશંસા મરણ પછી કરવી અને પુત્રની કદાપિ નહિ કરવી."** વળી પુત્રોની સમક્ષ ચોરી, જુગાર, વગેરે વ્યસનોનાં કટુ ફળો તથા તેના દૃષ્ટાન્તો કહી તેવાં મહા પાપોથી (વ્યસનોથી) બચાવવા, આવક–જાવકનો હિસાબ પૂર્ણ માગવો, એમ કરતાં પિતાનું ગૌરવ જળવાઈ રહે અને પુત્ર સ્વચ્છંદી ન બને, રાજસભાનો પણ પરિચય કરાવવો, અને અન્ય દેશોના આચાર–વિચાર–વેપાર વગેરેનું સ્વરૂપ સમજાવવું. ઇત્યાદિ પુત્ર પ્રત્યે ઔચિત્ય જાણવું.

૬ – **સ્વજનો પ્રત્યે ઔચિત્ય** – પિતરાઇઓ, મોસાળીયા અને સાસરીયાં, વગેરે સ્વજનો કહેવાય છે, પોતાને ઘેર પુત્રજન્મ કે લગ્ન વગેરે શુભ પ્રસંગે તેમને બોલાવવા, સત્કાર–સન્માન કરવું અને સંકટ વગેરે હાનિના પ્રસંગે પણ તેઓને સાથે રાખવા, પોતે પણ તેમના સારા–નરસા પ્રસંગે હાજર રહેવું, સહાય કરવી. સંકટ પ્રસંગે તેમનો ઉદ્ધાર કરવો, તેમના વિરોધી સાથે મૈત્રી આદિ સંબંધ ન કરવો અને તેમના મિત્રાદિ સાથે સંબંધ કરવો, પીઠ પાછળ નિંદા ન કરવી, હાસ્ય–વિનોદથી પણ વાક્ કલહ ન કરવો, ગેરહાજરીમાં તેમના ઘેર ન જવું, લેણા–દેવાનો સંબંધ કરવો જ નહિ, અને ધર્મ આરાધનાનાં કાર્યો તેમની સાથે એકમતથી કરવાં, વગેરે સ્વજનોનું ઔચિત્ય જાણવું.

૭ – **ધર્માચાર્ય પ્રત્યે ઔચિત્ય** – ત્રણે કાળ ભક્તિ–બહુમાન પૂર્વક વન્દન કરવું, તેમના ઉપદેશાનુસાર આવશ્યકાદિ કર્તવ્યો કરવાં, શ્રદ્ધાપૂર્વક તેમના મુખે જિનવાણી સાંભળવી, તેઓની આજ્ઞા પ્રેમપૂર્વક માનવી, અવજ્ઞા ન કરવી, તેમના અવર્ણવાદ અટકાવવા, ગુણોની પ્રગટ પ્રશંસા કરવી, છિદ્રો જોવાં નહિ, સુખ–દુઃખમાં મિત્ર તુલ્ય વર્તવું, તેમના પ્રતિ થતા વિરોધીઓના ઉપસર્ગોને અટકાવવા, કોઈ વિષયમાં ઠપકો આપે તો તહત્તિ કહી કૃતજ્ઞભાવે સ્વીકારવો, તેમની પણ કોઈ પ્રમાદ–ભૂલ થાય તો વિનય સાચવીને એકાન્તમાં તેને ખ્યાલ કરાવી સુધરાવવી, ગામમાં આવે ત્યારે સન્મુખ જવું, ઘેર આવે ત્યારે ઉભા થવું, આસન આપવું, પગ દાબવા અને શુદ્ધ આહાર–વસ્ત્ર–પાત્ર–પાણી, વગેરે સંયમોપયોગી વસ્તુનું દાન કરવું, વગેરે સમયોચિત વિનયોપચાર કરવો, વળી તેમના ગુણો પ્રત્યે ગાઢ અનુરાગ કરવો, અન્ય દેશમાં વિચરતા હોય ત્યારે પણ વાર વાર તેમણે આપેલાં સમ્યક્ત્વ, વ્રતો, વગેરેનું પાલન તથા ઉપકારોનું સ્મરણ કરવું, વગેરે ધર્માચાર્યનું ઔચિત્ય જાણવું.

૮ – **નાગરિકો પ્રત્યે ઔચિત્ય** – પોતાના ગામ–નગરમાં રહેનારા સમાન આજીવિકાવાળા નાગરિકો કહેવાય, તેમની સાથે સંપીને રહેવું, સુખ–દુઃખમાં, સંકટ–હર્ષમાં કે લાભ–હાનિમાં સર્વત્ર સમ સુખ–દુઃખવાળા થવું, રાજદરબારમાં જતાં તેમને સાથે રાખવા, એકલા કદી નહી જવું, કોઇએ વિશ્વાસથી કહેલી વાત બીજાને કહેવી નહિ, કોઇની ચાડી કરવી નહિ, પરસ્પર વિવાદનો પ્રસંગ આવે તો ત્રાજવાની જેમ મધ્યસ્થ રહેવું, સ્વજન–સંબંધી કે જ્ઞાતિજનની દાક્ષિણ્યતા કે લાંચ રૂશ્વતને વશ થઈ ન્યાય છોડવો નહિ, પોતાના ધન, સત્તા, કે પીઠબળના પ્રભાવે નિર્બળને અન્યાય કરવો નહિ, સામાન્ય અપરાધથી કોઇની ફરીયાદ સરકારમાં કરવી નહિ, કારણ કે અધિક દાણ–કર, કે રાજદંડથી પરાભવ પામેલા પ્રાયઃ વિરોધ કરીને સંપ તોડી નાંખે છે, માટે સંપ કોઈ રીતે તોડવો નહિ, સંપથી જ સર્વનું કલ્યાણ છે, વળી કલ્યાણના અર્થીએ રાજકર્મચારીઓ સાથે લેવડ–દેવડ કરવી નહિ, રાજાની સાથે તો કદી કરવી નહિ, ઇત્યાદિ નાગરિકોનું પારસ્પરિક ઔચિત્ય જાણવું.

૯– અન્યધર્મિઓ પ્રત્યે ઔચિત્ય– અન્ય ધર્મીઓના ગુરુ આપણા ઘેર આવે તો તેમને યથાયોગ્ય દાન દેવું, ઔચિત્ય કરવું અને તે રાજમાન્ય હોય તો સવિશેષ ઔચિત્ય કરવું. ઘેર આવેલાનું ઔચિત્ય કરવું, સંકટમાં પડેલાને સહાય કરવી, દુઃખીઓની દયા કરવી, એ ગૃહસ્થનો આચાર છે, સમકિતવંતને પણ આ ઔચિત્ય કરવાથી અતિચાર લાગે નહિ, માટે ડાહ્યા માણસે ઘેર આવનારને સન્માનથી બોલાવવા, આસન આપવું, આવવાનું પ્રયોજન પૂછવું અને શક્ય હોય તો તેનું કામ કરી આપવું, કહ્યું છે કે– સર્વનું યથાયોગ્ય ઔચિત્ય કરવું, ગુણાનુરાગ કરવો, જિનવચનમાં પ્રીતિ કરવી અને અવગુણીની ઉપેક્ષા કરવી, એ (વ્યવહાર) સમકિતનાં લક્ષણો છે.

સમુદ્રો મર્યાદા મૂકે નહિ, પર્વતો ચલિત થાય નહિ, તેમ સજ્જનો કદાપિ ઔચિત્યને ચૂકતા નથી. વધારે શું કહેવું ? ત્રિલોકનાથ તીર્થંકરદેવો પણ ગૃહસ્થપણામાં માતા–પિતા વગેરેનું પૂર્ણ ઔચિત્ય કરે છે.

એમ વ્યવહાર શુદ્ધિમાં નવ પ્રકારનું ઔચિત્ય જણાવ્યું. હવે તે પછીનાં મધ્યાહ્નાદિનાં કર્તવ્યો જણાવે છે.

मूलं– "मध्याह्नेऽर्चा च सत्पात्रदानपूर्वं तु भोजनम् ।
संवरणकृतिस्तज्ज्ञैः सार्द्धं शास्त्रार्थचिन्तनम् ॥६४॥

અર્થ– ગૃહસ્થે મધ્યાહ્ને જિનપૂજા, પછી સુપાત્રદાન પૂર્વક ભોજન, પુનઃ ભોજન પછીનું પચ્ચક્ખાણ અને શાસ્ત્રના જ્ઞાતાઓની સાથે શાસ્ત્રાર્થનું ચિંતન કરવું. તેમાં પૂર્વે કહેલા વિધિ પ્રમાણે મધ્યાહ્ને તો સવિશેષ શાલી–દાલ વગેરે રસોઈનું નૈવેદ્ય ભેટ કરવા પૂર્વક બીજી વાર પૂજા કરવી, તથા સાધુ–સાધ્વી વગેરે સત્પાત્રને દાન દઈ ભોજન કરવું, અર્થાત્ શ્રાવકનું ભોજન દાનપૂર્વક જ હોય.

મધ્યાહ્નની પૂજા અને ભોજન મધ્યાહ્ને જ કરવું, એવો નિયમ નથી. વહેલી ભૂખ લાગે તો "ભૂખ લાગે તે ભોજનકાળ" એ લોક રૂઢિને અનુસરી મધ્યાહ્ન પહેલાં પણ પૂજા કરીને પચ્ચક્ખાણ પૂર્ણ થાય ત્યારે ભોજન કરી શકાય. દાનનો વિધિ કહે છે કે–

સુપાત્રદાનનો વિધિ= ભોજન સમયે શ્રાવક નિમંત્રણ પૂર્વક સાધુ ભગવંતને ઘેર લાવે, અગર સ્વયં આવતા હોય તો સન્મુખ જાય, કારણ કે વિનયથી દાનનું ફળ સુંદર મળે છે, માટે દાન દેતાં પ્રતિપત્તિ (સેવા) વિનય કરવાનો ગૃહસ્થનો આચાર છે.

યોગશાસ્ત્ર (પ્ર. ૩ ગાથા ૧૨૫–૧૨૬)માં કહ્યું છે કે– ગુરુને જોતાં જ ઉભા થવું, સામે જવું, બે હાથ મસ્તકે જોડવા, આસન આપીને બેસવા વિનંતિ કરવી, બેઠા પછી બેસવું, વંદન કરવું, શરીર સેવા કરવી અને જતાં વળાવવા જવું, વગેરે ગુરુનો પ્રતિપત્તિ વિનય કરવો.

વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો વિચાર કરે કે સાધુને કેવી વસ્તુ સંયમોપયોગી છે? તે વસ્તુ આ ક્ષેત્રમાં બીજેથી મળે તેમ છે કે નહિ? વળી ઋતુ કયી છે? આ ઋતુમાં ઉપયોગી પદાર્થ કયા છે? વળી દુષ્કાળ છે કે સુકાળ? અને સંયમોપયોગી વસ્તુનું દાન કરનાર અન્ય ગૃહસ્થો કેવા સંપત્તિમાન કે અસંપત્તિમાન છે? વગેરે વિચારીને આચાર્ય, ઉપાધ્યાય, ગીતાર્થ, જ્ઞાની, બાળ, વૃદ્ધ, ગ્લાન, તપસ્વી, શૈક્ષ અને ક્ષુધાળુ, વગેરે સર્વ સાધુઓનો યથાયોગ્ય વિચાર કરી તેઓને જરૂરી વસ્તુઓનું દાન કરે. શ્રાવક સંપત્તિ પ્રમાણે સર્વ ઉત્તમ વસ્તુઓનું સર્વ સાધુઓને દાન કરવાની ભાવના રાખે, તેમાં પણ આચાર્ય વગેરેને યોગ્ય તે તે વસ્તુ આપવાની ભાવના તો સવિશેષ રાખે.

દાનનાં દૂષણો — બીજાની સ્પર્ધાથી, મોટાઈ મેળવવા, મત્સરથી, સ્નેહરાગથી, લોક-ભયથી, સજ્જાદિના ભયથી, દાક્ષિણ્યતાથી, બીજાના અનુકરણ માટે, બદલાની ઈચ્છાથી, કપટથી, દાનના સમયે વિલંબ કરવાથી, અનાદરથી, કડવા શબ્દો સંભળાવવાથી, પાછળથી પ્રશ્ચાત્તાપ કરવાથી અને દીનતાપૂર્વક દેવાથી, દેવા છતાં દાન દૂષિત બને છે, અને પાપાનુબંધી પુણ્યનો બંધ થવાથી પરિણામે સંસારમાં રખડવું પડે છે, માટે એ સર્વ દોષ રહિત કેવળ આત્માકલ્યાણની બુદ્ધિથી કૃતજ્ઞભાવે દાન દેવું.

તે પણ સાધુના બેતાલીસ દોષ વગેરેથી રહિત, પોતાને માટે વસાવેલું, કે તૈયાર કરેલું, એવું અન્ન-પાણી-વસ્ત્ર-પાત્રાદિ સ્વયં, અથવા પાસે ઉભા રહીને સ્ત્રી-પુત્રાદિના હાથે અપાવવું, તેમાં પણ પ્રથમ ઉત્તમ અને દુર્લભ વસ્તુની, પછી સામાન્ય વસ્તુની, એમ ક્રમશઃ વિનંતી કરવી.

શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યું છે કે- સાધુને દાન દેતાં ઉત્તમ શ્રાવક દેશનો એટલે ક્યાં કયી વસ્તુ સુલભ કે દુર્લભ છે તેનો, લોકો સાધુઓના પરિચિત અને દાન રુચિવાળા છે કે નહિ તેનો, સુકાળ-દુષ્કાળનો અને પુરુષનો એટલે આચાર્ય, ઉપાધ્યાય, જ્ઞાની, ગીતાર્થ, બાળ, વૃદ્ધ, માંદા, કોમળ સંઘયણવાળા, વગેરેનો વિચાર કરીને સાધુને (વૈદ્ય જેમ દેશ-કાળ-દર્દીની શક્તિ-સંપત્તિ, વગેરેને વિચારીને હિતકર ઔષધ આપે તેમ શ્રાવક પણ) સંયમોપકારી, શરીરને અનુકૂળ તથા જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય તે રીતે દાન આપે.

તેમાં પણ આમવા યોગ્ય સર્વ વસ્તુઓની નામ પૂર્વક વિનંતી કરે, એમ કરવાથી સાધુ જરૂર ન હોવાથી ન સ્વીકારે, તો પણ દાતાને ફળ મળે, એથી ઉલટું નામ પૂર્વક વિનંતિ નહિ કરવાથી સાધુને જરૂર હોવા છતાં માગે નહિ, વહોરે નહિ, તો દાનથી વંચિત રહેવું પડે.

એમ વિધિથી ગુરુને પડિલાભીને વંદન કરીને બારણા સુધી કે પોતાની અનુકૂળતા મુજબ આગળ સુધી વળાવવા જાય, ગામમાં સાધુ ન હોય તો પણ ભોજન સમયે દિશાઓમાં

જોતો રહે અને ભાવના ભાવે કે કોઈ મહારાજ આવી જાય તો વહોરાવીને ભોજન કરું, ઉત્તમ શ્રાવક જે વસ્તુ સાધુને કામની ન હોય તેને વાપરે નહિ, માટે જ ભોજન વખતે સાધુની રાહ જોતો રહે.

સુપાત્ર દાનમાં ઉત્સર્ગ-અપવાદો = સાધુને દોષિત વસ્તુ વિના, સંયમ નિર્વાહ શક્ય હોય, છતાં દોષિત દેવાથી લેનાર-દેનાર બન્નેનું અહિત થાય, એમાં વૈદ્ય-રોગીનું દૃષ્ટાન્ત સમજવું. જેમ કે અપથ્ય સેવવાથી રોગીનો રોગ વધે, તેમ વિના કારણે દોષિત વસ્તુ વાપરનાર સાધુને સંસાર વધે અને અપથ્ય આપનાર વૈદ્યની આજીવિકા તૂટે, તેમ નિષ્કારણ દોષિત આહારાદિનું દાન કરનાર આગામી ભવનું આયુષ્ય અલ્પ (ટુંકું) બાંધે, ઓઘનિર્યુક્તિ ગાથા ૪૪૬ માં કહ્યું છે કે- "સાધુતાથી રહિત જે લાલચુ સાધુ જ્યાંથી જે મળે તે સદોષ-નિર્દોષ વહોરે, તે જ્ઞાની હોય તો પણ દીર્ઘ સંસારી થાય."

દાતાને અંગે પણ શ્રી ભગવતી-સૂત્ર ૨૦૩ માં કહ્યું છે કે- જીવ હિંસા કરનારો, અસત્ય ભાષી, એવો જે ગૃહસ્થ તેવા શ્રમણ-માહણને સચિત્ત કે દોષવાળાં આહાર-પાણી ખાદિમ કે સ્વાદિમ આપે છે, તે નિશ્ચે અલ્પ આયુષ્ય બાંધે છે, એમ ઉત્સર્ગથી તો દોષિત વસ્તુનું દાન બન્નેનું અહિત કરે છે, કિન્તુ કોઈ રોગ એવો પણ હોય છે કે જેમાં કુપથ્ય હિતકર અને પથ્ય અહિતકર બને, તે રીતે સાધુને પણ દુષ્કાળ, અટવી, માંદગી વગેરે કોઇ એવી અવસ્થા હોય કે જેમાં દોષિત પણ સંયમને ઉપકારી બને, ત્યારે અપવાદથી દોષિત લેનાર-દેનાર બન્નેને લાભ પણ થાય.

ઓઘનિર્યુક્તિ ગાથા-૪૭માં કહ્યું છે કે- "સર્વ પ્રવૃત્તિમાં સંયમ રક્ષા કરવી અને તેમ કરતાં કોઇવાર પ્રાણો (શરીર)નો નાશ થાય તેમ હોય તો અપવાદ સેવીને પણ પ્રાણોની રક્ષા કરવી, કારણ કે એ રીતે પણ સંકટ ટળ્યા પછી પુનઃ પ્રાયશ્ચિતદ્વારા શુદ્ધિ કરી શકાય છે, અને પરિણામ સંયમ રક્ષાના હોવાથી અવિરતિનો દોષ લાગતો નથી" એમ આગમના મર્મને જાણનારા ગીતાર્થો જ્ઞાનાદિ વિશેષ ગુણોની પ્રાપ્તિ વગેરે વિશિષ્ટ કારણે દોષિત આહાર વહોરે ત્યારે લેનાર-દેનાર બન્નેનું અહિત થતું નથી.

વ્યવહાર ભાષ્યમાં કહ્યું છે કે- થોડી હાની ભોગવીને પણ વિશેષ લાભથી ઈચ્છા કરવી તે પંડિતનું લક્ષણ છે, એથી અપવાદ સેવનાર ગીતાર્થ એમ વિચારે કે- અપવાદ સેવીને મોક્ષ માર્ગની રક્ષા કરીશ, અથવા શાસ્ત્રાભ્યાસ કરીશ, તપ-ઉપધાનમાં સવિશેષ ઉદ્યમ કરીશ, અથવા જિનાજ્ઞાને પાળતો ગણ=ગચ્છને સંભાળીશ, વગેરે શુદ્ધ આલંબનથી અપવાદને સેવનારો પણ મોક્ષને પામે છે. દાતારને પણ કારણે દોષિત આપવાથી ગુણ થાય છે.

શ્રી ભગવતીમાં સૂત્ર ૨૬૩માં કહ્યું છે કે (સંકટમાં પડેલા સાધુને) શ્રાવક દોષિત (અકલ્પ્ય) વસ્તુનું દાન કરે તો પણ ઘણી નિર્જરા અને અલ્પ બંધ થાય છે. શ્રાદ્ધદિન-

કૃત્યમાં પણ કહ્યું છે કે અટવી વિગેરેમાં લાંબા વિહારથી થાકેલા, બીમાર, ન્યાયતર્ક આદિ કઠિન શાસ્ત્રોને ભણનારા, લોચ કરેલા, કે વિશેષ તપસ્વી, એવા સાધુને કરેલું દાન ઘણું ફળ આપે છે.

અહીં સુધી કહેલો સઘળો દાનનો વિધિ ધનિકને અંગે જાણવો. કારણ કે તે સર્વ સાધુઓને સર્વ વસ્તુનું દાન કરી શકે, સામાન્ય શ્રાવક તો અન્ય સાધુઓને દાનરૂચિવાળા બીજા શ્રીમંતશ્રાવકોનાં ઘેર લઇ જાય, કે ઘર બતાવે અને પોતાના નિકટના ઉપકારી કે તેઓના પરિવારને પોતે આપે. આ કારણે જ શાસ્ત્રમાં કહ્યું છે કે "શ્રાવક સારા વૈભવવાળો હોય તો સર્વ સાધુઓને વસ્ત્રાદિ સર્વ વસ્તુ સમાન રીતે આપે, ગુણવંતમાં ભેદ રાખે નહિ પણ તુચ્છ વૈભવવાળાએ દિશા પ્રમાણે આપવું."

તે દિશા (દૂર નિકટના ઉપકારી) નું સ્વરૂપ આ પ્રમાણે છે.

સાધુઓમાં કેટલાક વસ્ત્રાદિની જરૂર વિનાના તો કેટલાક જરૂરવાળા હોય, જરૂરવાળામાં પણ કેટલાક સ્વયં લબ્ધિવંત (વસ્તુ મેળવી શકે તેવા) તો કેટલાક લબ્ધિ રહિત હોય, લબ્ધિરહિતમાં પણ કેટલાક સપક્ષ (અન્ય સાધુઓની) સહાયવાળા તો કેટલાક તેવી સહાય વિનાના પણ હોય, એમ પરસ્પર અસમાન હોય, જ્યારે બીજી બાજુ ભિક્ષાર્થે આવેલા બધા જરૂર વિનાના કે જરૂરવાળા, બધા લબ્ધિવંત કે લબ્ધિરહિત, બધા સપક્ષ સહાયવાળા કે સહાયવિનાના, એમ સમાન પણ હોય, તો તુચ્છ વૈભવવાળો શ્રાવક જે દિશાથી નિકટ એટલે નિકટના ઉપકારી હોય, જેના ઉપદેશથી ધર્મ પામ્યો હોય, તેને દાન આપે. આ દિશાની મર્યાદા ઉલ્લંઘીને દાન કરે તો જિનાજ્ઞાનો ભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના, એ દોષો લાગે. આગમમાં **"આભવત્ વ્યવહાર"** ની અપેક્ષાએ આ દિશાનો સંબંધ જે દીક્ષાની ઇચ્છાવાળો હોય અથવા દીક્ષા છોડી દીધી હોય તેને માટે જ કહ્યો છે. સર્વ શ્રાવકોને માટે નથી કહ્યો.

કલ્પવ્યવહારમાં દિગ્ વ્યવસ્થા કહી છે કે– મુમુક્ષુ શ્રાવક સામાયિકાદિ અભ્યાસ કરતો પોતે જેનાથી પ્રતિબોધ પામ્યો હોય તે આચાર્યનો જ તે ત્રણ વર્ષ સુધી ગણાય, ત્રણ વર્ષ પછી નિયમ નથી. પણ જે દીક્ષા છોડ્યા પછી મિથ્યાત્વી કે અન્યધર્મી બની જાય, તે પુનઃ દીક્ષા લેવા ઇચ્છે તો પોતાની ઇચ્છા પ્રમાણે પૂર્વગુરુ કે બીજાની પાસે પણ લઈ શકે (કારણ કે પૂર્વગુરુનો આપેલો ધર્મ તેણે ગુમાવી દીધો હોવાથી પૂર્વગુરુનો અધિકાર રહેતો નથી.) પણ દીક્ષા છોડવા છતાં જેણે સમકિત છોડ્યું નથી તે શ્રાવક દીક્ષા છોડે ત્યારથી ત્રણ વર્ષ સુધી પૂર્વગુરુનો જ ગણાય, બીજા પાસે દીક્ષા લઈ શકે નહિ.

તેમાં વળી દીક્ષા છોડવા છતાં સમકિત વમ્યું નથી તેવા ઉત્પ્રવ્રજિતના બે પ્રકારો છે, એક સારૂપી એટલે રજોહરણ સિવાય બધો સાધુવેષ ધારી રાખનારો અને બીજો સંપૂર્ણ સાધુવેશ છોડી દેનારો ગૃહસ્થ. તેમાં સારૂપી તો જીવે ત્યાં સુધી પોતે અને તેણે મુંડેલા

શિષ્યો પણ તેના પૂર્વગુરુના જ ગણાય. પણ સારૂપીએ જેને મુંડ્યા ન હોય, માત્ર ધર્મ પમાડયો હોય, તેને તેની ઇચ્છા હોય ત્યાં સારૂપી સોંપી શકે. અને તે તે આચાર્યના જ ગણાય. આ સારૂપી અંગે મર્યાદા કહી.

સઘળો વેષ છોડી દઈ ગૃહસ્થ થનાર પણ બે પ્રકારના હોય, એક મસ્તકથી મુંડ અને બીજો શિખા (ચોટી) રાખનાર, તે બન્ને પૂર્વગુરુના જ ગણાય, ઉપરાંત વેશ છોડ્યા પછી પણ ત્રણ વર્ષ સુધીમાં તે જેને જેને બોધ પમાડીને મુંડે, તે પણ પૂર્વાચાર્યના જ ગણાય. એ દિશાનું એટલે જેનો જેના ઉપર જે પ્રમાણે અધિકાર લાગે તેનું સ્વરૂપ જણાવ્યું. એ મર્યાદા પ્રમાણે તુચ્છ ગૈભવવાળા શ્રાવકે જ્યારે બન્ને સરખી અવસ્થાવાળા સાધુને દાન દેવાનો પ્રસંગ આવે ત્યારે દિશાથી નજીક હોય તેને દાન આપવું, એમ સુપાત્ર દાનમાં ઉત્સર્ગઅપવાદનું સ્વરૂપ કહ્યું. સાધુને નિમંત્રણ કરવું, ભિક્ષા આપવી, વગેરે વિશેષ વર્ણન તો પૂર્વે અતિથિ-સંવિભાગ વ્રતમાં કહ્યું છે. એમ વિધિ પૂર્વક સુપાત્રદાન કરનારને સ્વર્ગનાં અને મનુષ્યભવનાં ઉત્તમ સુખો અને ઉત્તરોત્તર મોક્ષની પણ પ્રાપ્તિ થાય છે, કહ્યું છે કે અભય, સુપાત્ર, અનુકંપા, ઉચિત અને કીર્તિ, એ પાંચે દાનમાં પહેલાં બેથી મોક્ષ પ્રાપ્તિ અને શેષ ત્રણ દાનથી શ્રેષ્ઠ ભોગો મળે છે.

સુપાત્રનું પણ સ્વરૂપ કહ્યું છે કે સાધુ ઉત્તમ, વ્રતધારી શ્રાવક મધ્યમ અને અવિરતિ સમકિતદૃષ્ટિ એ જઘન્ય પાત્ર છે. કહ્યું છે કે હજાર મિથ્યાત્વી કરતાં એક વ્રતધારી શ્રાવક, હજાર શ્રાવકો કરતાં એક મહાવ્રતધારી સાધુ. અને હજાર સાધુ કરતાં એક તત્ત્વપરિણતિવાળો ગીતાર્થ શ્રેષ્ઠ છે, એવા ગીતાર્થનો યોગ દુર્લભ છે, કોઇ પુણ્યના બળે જ મળે.

એમ સાધુ-સાધ્વીનો યોગ હોય તો વિવેકી શ્રાવકે અવશ્ય સુપાત્રદાન કરવું, ઉપરાન્ત ભોજન સમયે ઘેર આવેલા સાધર્મિકોને પણ શક્તિ અનુસારે સાથે જમાડવા, કારણ કે તેઓમાં પણ સુપાત્રતા છે. શ્રી તીર્થંકરદેવે સ્વમુખે કહ્યું છે કે- શાસન પ્રભાવના થાય તેમ સાધર્મિક વાત્સલ્ય પૂર્ણ ભક્તિથી કરવું, તે મહાફળદાયી છે. એનો વિશેષ વિધિ વાર્ષિક કર્તવ્યોમાં કહેવાશે.

વળી દ્રમક-ભીખારી વગેરેને પણ ઔચિત્ય દાન આપવું, નિરાશ કરવાથી તેઓને જિનધર્મ પ્રતિ અણગમો થવાથી કર્મબંધ કરે, દાતારનું હૃદય પણ કઠોર-નિર્દય થાય અને કઠોરહૃદયમાં ધર્મવૃક્ષ ઊગે નહિ. તેથી જ ધર્મનું મૂળ દયા કહી છે. દયાળુ શ્રાવકનાં દ્વાર ભોજન સમયે અભંગ હોય, કારણ શ્રી જિનેશ્વરોએ અનુકંપનો કયાંય નિષેધ કર્યો નથી.

ધર્મસંગ્રહણી ગા૦ ૮૧૧માં તો કહ્યું છે કે- ભયંકર ભવ સમુદ્રમાં દુઃખથી રીબાતા જીવોને જોઇને શ્રાવક સ્વસંપત્તિ અનુસાર ભેદ ભાવ વિના આહારાદિનું દાન કરી તેઓની દ્રવ્ય દયા કરે અને ધર્મમાં જોડવા રૂપ ભાવદયા પણ કરે.

શ્રી ભગવતી સૂત્રમાં પણ શ્રાવકને અભંગ દ્વારવાળા કહ્યા છે. ખૂદ તીર્થંકરો પણ વાર્ષિકદાનથી લોકનો ઉદ્ધાર કરે છે, એટલું જ નહિ, શ્રી જિનેશ્વરોએ અનુકંપાદાનનો નિષેધ ક્યાંય પણ કર્યો નથી. ઉલટું શ્રી કેશીગણધરે પ્રદેશીને ધર્મ પમાડ્યા પછી કહ્યું હતું કે– હે પ્રદેશી! તું પહેલાં દયાળુ–પરોપકારી વિગેરે વિશેષણોને પામેલો હવે દયા–પરોપકાર વગેરેને છોડીને નિંદાપાત્ર બનીશ નહિ.

એમ દાન દીધા પછી પણ શ્રાવક ભોજન પૂર્વે માતા, પિતા, ભાઇ, બહેન, પુત્ર, પુત્રી પુત્રવધુ, ગર્ભિણી હોય તો સ્ત્રી તથા બીમારની અને ગાય ભેંસ વગેરે પશુઓની પણ આહાર–પાણી–ઔષધ–ઘાસ–ચારો વગેરેથી યથોચિત સંભાળ કરીને, પરમેષ્ઠિ મહામંત્ર શ્રીનવકારનું સ્મરણ કરીને પોતે કરેલા પચ્ચક્ખાણ તથા નિયમો વગેરેને સંભારીને, પથ્ય એટલે ધાતુઓ સમ થાય તેવું અભક્ષ્ય અનંતકાયાદિ તજીને લોલુપતા વિના જમે, એનું વર્ણન પ્રારંભમાં માર્ગાનુસારિતા ગુણોમાં કહી આવ્યા છીએ.

નીતિશાસ્ત્રમાં તો ભોજન અંગે કહ્યું છે કે– ગૃહસ્થ હાથ–પગ અને મુખ ધોયા વિના, નગ્ન કે મલિન વસ્ત્રો પહેરીને, ડાબા હાથથી કે થાળ પકડ્યા વિના ભોજન ન કરે. એક જ વસ્ત્ર વીંટીને કે અડધા વસ્ત્રથી મસ્તક ઢાંકીને, અપવિત્ર શરીરે કે લોકનિંદા થાય તેમ ન જમે. પગરખાં પહેરીને, વ્યગ્રચિત્તે, આસન વિના, પલંગ (કે ખુરસી, ટેબલ) ઉપર બેસીને, દક્ષિણ કે વિદિશા સન્મુખ બેસીને, સાંકડા મુખે, ઉભા પગે બેસીને, કુતરાં ચંડાળ કે તુચ્છ લોકના દેખતાં, ભાગેલા મલીન કે સાંકડા મુખના ભાજનમાં ન જમે. અશુચિમાં પાકેલું, બાલહત્યાદિ પાપો કરનારાની દૃષ્ટિએ પડેલું, રજસ્વલા સ્ત્રીએ અડકેલું, પશુઓ કુતરાં કે પક્ષીઓએ સુંઘેલું, અજાણ્યા દેશ–ઘેરથી આવેલું, અજાણ્યું અને પુનઃ ગરમ કરેલું ભોજન ન જમે. જમતાં મુખ બહુ પહોળું કે ચબચબ અવાજ ન કરે.

એમ અવિધિ કહીને હવે વિધિ કહે છે કે– પ્રીતિ પૂર્વક ભોજનનું આમંત્રણ મળ્યું હોય ત્યાં, ઈષ્ટદેવના સ્મરણ પૂર્વક, સ્થિર–પહોળા અને મધ્યમ ઊંચા આસને બેસીને જમે સ્નાનાદિથી પવિત્ર થયેલાં માસી–માતા–બહેન કે પત્નીએ સદ્ભાવથી રાંધેલું, પીરસવાનો ક્રમ અને જમાડવાની યુક્તિનાં જાણ માતા વગેરેએ પીરસેલું, યાચક વગેરેની દૃષ્ટિ ન પડે તેમ બેસીને, મૌન પૂર્વક શરીરને વાંકું કર્યા વિના, જમણી નાસિકા ચાલતી હોય ત્યારે, દૃષ્ટિ–દોષના વિકારને ટાળવા પ્રત્યેક વસ્તુને નાકથી સુંઘીને જમે.

તે ભોજન અતિ ખાટું–ખારું, અતિગરમ, ઠંડું, અતિ ગલ્યું કે ઘણા શાક વાળું નહિ, પણ મુખને ગમે–રૂચે તેવું જમે, જમ્યા પછી તુર્ત અંગમર્દન, ઝાડો, પેશાબ, ભાર ઉપાડવો, બેસી રહેવું, કે સ્નાન વગેરે ન કરે. બેસી રહેવાથી ફાંદપેટું વધે, ચત્તા સુવાથી બળ અને ડાબે પડખે સુવાથી આયુષ્ય વધે, દોડનારનું મરણ જલદી આવે છે, માટે જમ્યા પછી બે ઘડી જાગતા સૂર્ય રહેવું, કે સો ડગલાં ચાલવું.

આહાર એ પ્રાણનો અને પ્રાણ એ ધર્મનો આધાર છે, માટે આહાર વિધિ પૂર્વક કરવો, એ શરીર અને આત્માના આરોગ્ય માટે જરૂરી છે. આહાર સમતા પૂર્વક કરવાથી સમતા, ક્રોધ કે દ્વેષ પુર્વક કરવાથી ક્રોધ અને અહંકારથી ખાતાં મદ વગેરે થાય છે, માટે સામ્ય પથ્ય ભોજન વૈરાગ્યથી જમવું.

જમ્યા પછી મૂળ ગાથામાં કહ્યા પ્રમાણે ગુરુનો યોગ હોય તો તેમને વંદન કરીને અને ગુરુ ન હોય તો સ્વયં દિવસચરિમં કે ગંઠિસહિતં વગેરે સંવરણ=પચ્ચક્ખાણ કરવું, પછી ગીતાર્થ સાધુઓ કે સિદ્ધાન્તના જાણ શ્રાવકપુત્રો વગેરેની સાથે શાસ્ત્રોક્ત તત્ત્વોને વિચારવાં. જેમ કે- "આ આમ કહેવામાં શું હેતુ છે? અથવા આ આમ જ છે, આમ નથી જ" વગેરે શાસ્ત્રાર્થનો નિશ્ચય કરવો. કારણ કે ગુરુ મુખે અર્થ સાંભળ્યા પછી પણ વાર વાર તેનાં રહસ્યોને વિચારવાથી જ તે ચિત્તમાં સ્થિર થાય છે.

હવે સંધ્યાકાળનું કર્તવ્ય કહે છે-

મૂલં-"**सायं पुनर्जिनाभ्यर्चा, प्रतिक्रमणकारिता ।**
गुरोर्विश्रामणा चैव, स्वाध्यायकरणं तथा" ॥६५॥

અર્થ- સાંજે પુનઃ જિનપૂજા, પ્રતિક્રમણ, ગુરુની વિશ્રામણા અને સ્વાધ્યાય કરવો. તેમાં-

સાંજે સંધ્યાથી અંતર્મુહૂર્ત પહેલાં પુનઃ ત્રીજી વાર જિનપૂજા કરવી, તેમાં વિશેષ એ છે કે મુખ્ય માર્ગે શ્રાવકે એક જ વાર જમવું, શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યું છે કે- ઉત્તમ શ્રાવક સચિત્તનો ત્યાગી, એકાશન ભોજી અને બ્રહ્મચારી હોય, જે એકાશન ન કરી શકે તે પણ છેલ્લી ચાર ઘડી શેષ રહે ત્યારે તો ભોજન કરી લે, કારણ કે રાત્રીની નજીકમાં સૂર્યાસ્ત પહેલાં જમવાથી પણ રાત્રી ભોજનનો દોષ લાગે છે. માટે ચાર ઘડી પહેલાં જમી બે ઘડી બાકી રહે ત્યારે સમાપ્ત કરે અને તે પછીનું રાત્રીનું 'દિવસ ચરિમ' પચ્ચક્ખાણ મુખ્યતયા સૂર્યાસ્ત પહેલાં જ કરે, અને તેમ ન બને તો અપવાદથી રાત્રે પણ કરે જ.

પછી સૂર્ય અડધો અસ્ત થયેલો દેખાય તે પહેલાં ત્રીજી વાર દીપકપૂજા, ધૂપપૂજાથી જિનપૂજા કરે. અને પછી સાધુની પાસે કે પૌષધશાળામાં સામાયિકાદિ છ આવશ્યક રૂપ પ્રતિક્રમણ કરે, જો કે તત્ત્વથી ચોથું આવશ્યક પ્રતિક્રમણ છે, છતાં રૂઢિથી છ એ આવશ્યકની ક્રિયાને પ્રતિક્રમણ કહેવાય છે. તેમાં-

૧- સામાયિક= આર્ત-રૌદ્ર ધ્યાનના ત્યાગ પૂર્વક ધર્મધ્યાન દ્વારા શત્રુ-મિત્ર, કંચન-માટી કે સુખ-દુઃખ વગેરેમાં સમાનભાવ. તેનું સ્વરૂપ પૂર્વે સામાયિક વ્રતમાં કહ્યું છે.

૨- **ચતુર્વિંશતિસ્તવ=** નામ કીર્તન પૂર્વક ચોવીશે ભગવાનના ગુણોની કાઉસ્સગ્ગ દ્વારા ચિંતનથી, કે પ્રગટ ઉચ્ચારથી, સ્તુતિ કરાય, તે લોગસ્સ સૂત્રનું સ્વરૂપ પૂર્વે કહ્યું છે.

૩- **વંદન=** વંદનીય ધર્માચાર્યને પચીસ આવશ્યકથી વિશુદ્ધ, બત્રીસ દોષ રહિત, વિધિથી વંદન કરવું, તે પણ પૂર્વે કહ્યું છે.

૪- **પ્રતિક્રમણ=** પાછા ફરવું, અર્થાત્ શુભમાંથી અશુભવ્યાપારમાં ગયેલા આત્માનું પુનઃ શુભમાં, અથવા ક્ષાયોપશમિક ભાવમાંથી ઔદયિકભાવને વશ થયેલા આત્માનું પુનઃ ક્ષાયોપશમિક ભાવમાં પાછા ફરવું તે પ્રતિક્રમણ, અથવા 'પ્રતિ પ્રતિ ક્રમણ' એટલે વાર વાર શુભયોગો તરફ જવું તે પ્રતિક્રમણ. આ પ્રતિક્રમણ ત્રણે કાળનાં પાપોનું જાણવું, જો કે શાસ્ત્રમાં પ્રતિક્રમણ ભૂતકાળનાં પાપોનું કહ્યું છે, વર્તમાન પાપોનો સંવર અને ભવિષ્યનાં પાપોનું તો પચ્ચક્ખાણ કહ્યું છે, તો પણ અહીં સામાન્યથી "અશુભયોગોથી નિવૃત્તિ તે પ્રતિક્રમણ" એવો અર્થ કરવાથી ત્રણે કાળનાં પાપોનું પ્રતિક્રમણ જાણવું. આવશ્યક નિર્યુક્તિમાં તો મિથ્યાત્વનું, અવિરતિનું, કષાયોનું અને યોગોનું પ્રતિક્રમણ, એમ કર્મબંધના ચારે હેતુઓનું પ્રતિક્રમણ કહ્યું છે. તેથી ત્રણે કાળના પાપોનું તે થઈ શકે.

પ્રતિક્રમણનો આ અર્થ વ્યુત્પત્તિ રૂપે કહ્યો, રૂઢિથી તો કોઇક સ્થળે ચોથું આવશ્યક અને કોઇક સ્થળે છએ આવશ્યકને પ્રતિક્રમણ કહેલું છે. અહીં જે અર્થ કહેવાનો છે તે છ આવશ્યકરૂપ પ્રતિક્રમણનો સમજવો.

આ પ્રતિક્રમણના દૈવસિક, રાત્રિક, પાક્ષિક, ચાતુર્માસિક અને વાર્ષિક એમ પાંચ પ્રકારો છે, તેમાં દિવસને અંતે કરાય તે 'દવસિક' તેનો સમય ઉત્સર્ગ માર્ગે તો યતિદિનચર્યામાં અડધો સૂર્ય બૂડેલો દેખાય તે અસ્ત સમયે પ્રતિક્રમણ સૂત્ર બોલાય, એ રીતે શરૂ કરવાનો કાળ સમજવો, એમ કહ્યું છે. તથા રાત્રિને અંતે કરાય તે રાત્રિક, તેનો સમય પણ પ્રતિક્રમણ પૂર્ણ કરીને સાધુઓ દશ વસ્તુનું પડિલેહણ કરે, ત્યારે સૂર્યોદય થાય એ પ્રમાણે રાત્રિક પ્રતિક્રમણ શરૂ કરવું, એમ કહ્યું છે. બન્નેનો આ કાળ ઉત્સર્ગથી જાણવો. અપવાદે તો મધ્યાહ્નથી મધ્યરાત્રી સુધી દૈવસિક અને મધ્યરાત્રિથી બીજા દિવસના મધ્યાહ્ન સુધી રાત્રિક પ્રતિક્રમણ કરવાનું યોગશાસ્ત્રની ટીકામાં કહ્યું છે. આવશ્યકની ચૂલિકાના અભિપ્રાયે તો રાઇ પ્રતિક્રમણ સૂર્યોદય પછી પોણા પ્રહર સુધી કરી શકાય અને વ્યવહાર સૂત્રના અભિપ્રાયે મધ્યાહ્ન સુધી કરી શકાય.

પાક્ષિકાદિ ત્રણ ક્રમશઃ પખવાડીયાને અંતે, ચાર માસને અંતે અને વર્ષને અંતે કરવાનાં છે, તેમાં પણ **પાક્ષિક તો ચતુર્દશીયે જ કરવાનું છે.** જો પુર્ણિમાએ કરવાનું માનીયે તો શાસ્ત્રમાં 'ચતુર્દશી અને પાક્ષિક' એમ બેના નામે ઉપવાસ કરવાનું કહેલું હોવાથી છઠ્ઠ

કરવાનો પ્રસંગ આવે. તો ઉપદેશ માલા ગા૦ ૬૭૦ માં પાક્ષિકમાં એક ઉપવાસની આલોચના કહેલી છે, તેની સાથે વિરોધ આવે. વળી આગમ પાઠોમાં જ્યાં ચતુર્દશી શબ્દ છે, ત્યાં પાક્ષિક એવો જુદો પાઠ નથી.

પાક્ષિક ચૂર્ણિ, આવશ્યક ચૂર્ણિ અને મહાનિશિથના પાઠોમાં કેવળ 'ચતુર્દશી' શબ્દ છે અને વ્યવહાર ભાષ્ય, ચૂર્ણિ અને ટીકામાં 'પાક્ષિક' શબ્દ છે, એમ સર્વ પાઠો જોતાં ચતુર્દશી અને પાક્ષિક બેનો એક જ અર્થ થાય છે, જો બે ભિન્ન હોત તો કોઈ પાઠમાં પણ પાક્ષિક અને ચતુર્દશી બે શબ્દો કહ્યા હોત, એથી નિશ્ચિત થાય છે કે પાક્ષિક પ્રતિક્રમણ ચતુર્દશીયે કરવું જોઇએ.

પૂર્વે સંવત્સરી પંચમીની હતી ત્યારે ચોમાસી પ્રતિક્રમણ પૂર્ણિમાએ કરાતું, પણ પૂ. શ્રીકાલિકાચાર્યજીની આચરણાથી તે ચતુર્દશીયે અને સંવત્સરી ચતુર્થીએ કરાય છે. એ પ્રમાણે સર્વ સંઘને સંમત હોવાથી પ્રમાણભૂત છે. બૃહત્કલ્પ ભાષ્ય ગા૦ ૪૪૯૯ માં કહ્યું છે કે– અસઠ – ગીતાર્થ ગુરુએ કોઈ કારણે અસાવદ્ય (હિતકર અને શાસ્ત્રથી અનિષિદ્ધ) આચર્યું હોય, બીજાએ તેને નિષેધ્યું ન હોય, અને જે બહુજન સંમત હોય, તે આચરિત (ગણધર ભગવંતના વચન તુલ્ય) માનવું.

પ્રતિક્રમણોનાં 'ધ્રુવ – અધ્રુવ' બે ભેદ છે. તેમાં ભરત અને ઐરવત ક્ષેત્રોમાં પહેલા – છેલ્લા તીર્થંકરોના શાસનમાં અપરાધ હોય કે ન હોય, પણ ઉભયકાળ પ્રતિક્રમણ અવશ્ય કરવાનું હોવાથી, તે ધ્રુવ છે, અને એ ક્ષેત્રોમાં બાવીશ તીર્થંકરોના શાસનમાં તથા મહાવિદેહમાં કારણે જ કરવાનું હોવાથી અધ્રુવ કહેવાય છે. પાક્ષિકાદિ ત્રણ તો બાવીશ તીર્થંકરોના શાસનમાં અને મહાવિદેહમાં છે જ નહિ.

પ્રતિક્રમણનો વિધિ 'પ્રતિક્રમણ હેતુ ગર્ભ' વગેરેમાં કહ્યો છે કે– સાધુ અને શ્રાવકે પણ પ્રતિક્રમણ કરતાં રજોહરણ, મુહપત્તિ આદિ રાખવાં જ જોઇએ, એમ અનુયોગ દ્વારના 'તદપ્પિયકરણે' પાઠથી સિદ્ધ થાય છે. વળી વ્યવહાર સૂત્ર, વ્યવહાર ચૂલિકા અને તેની ચૂર્ણિમાં પણ મુખવસ્ત્રિકા પડિલેહ્યા વિના વંદન આપે તેને પ્રાયશ્ચિત કહ્યું છે, તેથી પણ શ્રાવકને મુખવસ્ત્રિકા રાખવી એ સિદ્ધ થાય છે, પ્રતિક્રમણ વિધિ પૂર્વક પ્રમાર્જેલી ભૂમિમાં કરવું, કોઈ પ્રસંગે એવી જગ્યાના અભાવે અન્યત્ર પણ કરી શકાય.

સાક્ષી પૂર્વક કરેલું કાર્ય પ્રમાણભૂત ગણાય, માટે પ્રતિક્રમણ ગુરુસાક્ષીએ કરવું, ગુરુના અભાવે સ્થાપના સ્થાપીને કરવું. અહીં પ્રશ્ન થાય કે સ્થાપનાનું વિધાન વિશેષાવશ્યકમાં સાધુના સામાયિક સૂત્રમાં કહેલું હોવાથી સાધુને માટે છે, શ્રાવકને માટે નહિ, તેનો ઉત્તર જણાવે છે કે શ્રાવકને પણ સામાયિક સૂત્રમાં 'ભંતે!' પદ છે, તો સાક્ષાત્ ગુરુ વિના એ આમંત્રણ કોને ઘટે? વળી ગુરુવંદન અધિકારમાં જણાવેલાં ચાર શિર્ષ, ત્રણ ગુપ્ત, ગુરુનો અવગ્રહ, તેમાં બે પ્રવેશ,

એક નિષ્ક્રમણ, વગેરે સાક્ષાત્ ગુરુ કે સ્થાપના વિના કેમ ઘટે ? ગામ વિના સીમા નહિ, તેમ ગુરુ વિના ગુરુનો અવગ્રહ પણ નહિ, અવગ્રહ વિના પ્રવેશ નિષ્ક્રમણ પણ નહિ, અને ચાર શીર્ષ, ત્રણ ગુપ્ત તો ગુરુ વિના બને જ શી રીતે ? માટે ગુરુ કે તેઓના વિરહમાં સ્થાપના સન્મુખ જ પ્રતિક્રમણ કરવું જોઇએ.

સ્થાપના અક્ષની, વરાટકની, કાષ્ટની, પુસ્તની, કે ચિત્રની પણ કરી શકાય. તેમાં પણ ગુરુના આકારવાળી તે સદ્ભાવ અને આકાર વિનાની અસદ્ભાવ સ્થાપના કહેવાય. તે પણ અમુક કાળ પૂરતી તે ઇત્વરિકી અને જ્યાં સુધી તે વસ્તુ વિદ્યમાન રહે ત્યાં સુધીની સ્થાપના તે યાવત્કથિકી કહેવાય. એમ શાસ્ત્રવચનોથી કોઈ પણ પ્રકારની સ્થાપના કરી શકાય.

જૈન શાસન પંચાચાર મય હોવાથી પ્રતિક્રમણ પંચાચારની વિશુદ્ધિ માટે છે. તેમાં ૧– સામાયિકથી ચારિત્રાચારની, ૨– ચતુર્વિંશતિસ્તવથી દર્શનાચારની, ૩– વંદનથી જ્ઞાનાદિ આચારોની, ૪– પ્રતિક્રમણથી પાંચે આચારોમાં લાગેલા અતિચારોને ટાળવાથી તે તે આચારોની, ૫– કાઉસ્સગ્ગથી પણ પ્રતિક્રમણ કરવા છતાં રહી ગયેલી અશુદ્ધિને ટાળવાથી તે તે આચારોની, ૬– પચ્ચક્ખાણથી તપાચારની અને છ એ આવશ્યકોથી વિર્યાચારની વિશુદ્ધિ કરાય છે. એમ ચઉસરણ પયન્નાની ગા. ૬–૭ માં કહેલું છે.

દૈવસિક પ્રતિક્રમણનો વિધિ– પૂર્વે ચૈત્યવંદનના વિધિમાં જણાવ્યા પ્રમાણે પ્રારંભમાં ઇરિયાવહી પ્રતિક્રમણ કરવું, ચૈત્યવંદન બૃહદ્ ભાષ્યમાં કહ્યું છે કે– ઇરિયાવહિ પ્રતિ૦ દ્વારા ગમનાગમનાદિની આલોચના કરે, 'હા ! મેં ખોટું કર્યું' એમ નિંદા કરે તથા ગુરુ સન્મુખ ગર્હા કરે, પછી 'તસ્સઉત્તરી' વગેરેથી કાયોત્સર્ગ નામનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થયેલો આત્મા ઉપયોગ પૂર્વક આત્મહિતકારક ચૈત્યવંદનાદિ અનુષ્ઠાનોને કરે.

જેમ દ્રવ્યપુજામાં સ્નાનાદિથી શરીર શુદ્ધિ જરૂરી છે, તેમ ભાવ પુજારૂપ અનુષ્ઠાનોમાં ઇરિયાવહિ પ્રતિ૦દ્વારા આત્મસ્નાન જરૂરી છે. માટે ઉભા રહેવાની ભૂમિને ઉપયોગ પુર્વક ત્રણ વાર પ્રમાર્જીને સાધુ કે સામાયિકવાળો શ્રાવક પ્રથમ દેવવંદન કરે, કારણ કે જેમ પાણી વિના ધાન્ય પાકે નહિ, તેમ વિનય રહિત વિદ્યા પણ ફળે નહિ, તેમાં પણ પૂર્વસંચિત કર્મો જિનભક્તિથી ખપે છે અને વિદ્યા–મંત્રો ગુરુભક્તિથી સિદ્ધ થાય છે. માટે પ્રથમ દેવગુરુને વંદન કરવું.

તેમાં– દેવવંદનમાં બાર અધિકારો આ પ્રમાણે છે– **પહેલા** અધિકારમાં– 'નમોત્થુણં'થી જિઅભયાણં' સુધીના પાઠથી ભાવજિનને, **બીજામાં**– 'જેઅ અઇઆ' સંપૂર્ણ ગાથાથી દ્રવ્યજિનોને, ત્રીજામાં–'અરિહંત ચેઇયાણં'થી પહેલી સ્તુતિ સુધી એક અમુક ચૈત્યના સ્થાપના જિનને, ચોથામાં– 'લોગસ્સ' સૂત્રથી નામજિનને, પાંચમામાં– 'સવ્વલોએ' પદથી આરંભી બીજી સ્તુતિ સુધી ત્રણે લોકના સ્થાપનાજિનને, છઠ્ઠામાં 'પુક્ખરવરદીવડ્ઢે' ગાથાથી વિહરમાન

જિનેશ્વરોને, સાતમામાં – 'તમ તિમિર પડલ' થી માંડીને ત્રીજી સ્તુતિ સુધી શ્રુતજ્ઞાનને, **આઠમામાં** – 'સિદ્ધાણું બુદ્ધાણું' ગાથાથી સર્વ સિદ્ધોને, **નવમામાં** – 'જો દેવાણ વિ દેવો તથા ઇક્કોવિ નમુક્કારો.' એ ગાથાથી તીર્થનાયક શ્રી વર્ધમાન સ્વામિને, **દશમામાં** – 'ઉજ્જિંતસેલ સિહરે.' ગાથાથી શ્રી નેમનાથ ભગવંતને, **અગિઆરમામાં** – 'ચત્તારિ અઠ્ઠ' ગાથાથી અષ્ટાપદ વગેરે વિવિધ તીર્થોના જિનોને વંદના અને **બારમામાં** – 'વેયાવચ્ચ-ગરાણું'થી ચોથી સ્તુતિ સુધી સમકિતદૃષ્ટિ દેવોનું સ્મરણ થાય છે.

એ પ્રમાણે બાર અધિકારોદ્વારા પૂર્વે કહેલા વિધિ પ્રમાણે દેવવંદન કરીને પ્રત્યેક પદે ખમાસમણ દેવા પૂર્વક 'ભગવાન્ હં' વગેરે પદોથી દેવ-ગુરુવંદન કરવું. લૌકિક રાજા અને પ્રધાનને નમવાથી લૌકિક કાર્યો સિદ્ધ થાય છે, તેમ લોકોત્તર રાજા જિનેશ્વરો અને પ્રધાનના સ્થાને રહેલા ગુરુઓને વંદન કરવાથી લોકોત્તર કાર્યો સિદ્ધ થાય છે. એમ દેવ-ગુરુ વંદન કરીને શ્રાવકે તો "સમસ્ત શ્રાવકોને વાંદું છું" એમ પણ કહેવું.

પછી જાણે પંચાચારમાં સેવેલા અતિચારોથી દબાઈ ગયો હોય તેમ શરીરથી પૂર્ણ નમીને અને મસ્તકને ભૂમિ સાથે લગાડીને સર્વ અતિચારોના બીજરૂપ 'સવ્વસ્સવિ દેવસિય' સૂત્ર બોલીને મન વચન કાયાથી સેવેલા સર્વ અતિચારોનો 'મિચ્છામિ દુક્કડં' આપે.

પછી પંચાચારમાં ચારિત્ર એ મુક્તિનું અનંતર કારણ હોવાથી, તેના અભાવે જ્ઞાન-દર્શન નિષ્ફળ હોવાથી, અગર વ્યવહારથી ચારિત્રના અભાવમાં જ્ઞાન-દર્શનની ભજના અને નિશ્ચયથી અભાવ માનેલો હોવાથી, કેવળજ્ઞાની છતાં ચારિત્રના વેષ વિના વંદનીય બનતો નથી, એમ વિવિધ રીતે ચારિત્રનું મહત્ત્વ હોવાથી પ્રથમ ચારિત્રાચારની શુદ્ધિ માટે 'કરેમિભંતે' આદિ ત્રણ સૂત્રો કહીને દ્રવ્યથી શરીરદ્વારા ઉભો થઈને અને ભાવથી અધ્યવસાય શુદ્ધ કરીને કાઉસ્સગ્ગ કરે,

તેમાં સવારના પડિલેહણની ક્રિયાથી આરંભીને આ કાયોત્સર્ગ સુધીમાં લાગેલા અતિચારોનું ચિંતન કરવા સાધુ 'સયણાસણન્ન પાણે' ગાથાના આધારે અને શ્રાવકે 'નાણંમિ દંસણંમિ અ' વગેરે અતિચારો શોધવાની આઠ ગાથાઓના આધારે સમગ્ર દિવસમાં લાગેલા અતિચારોનું સ્મરણ કરીને ગુરુની સમક્ષ તેની આલોચના કરવા (જેમ રાજાને વિનતિ માટે પ્રથમ વિચારીને કાગળમાં લખીને વિનંતિ કરાય છે તેમ) તે અતિચારોને મનમાં સંકલિત કરે. પછી 'નમો અરિહંતાણં' કહીને, કાઉસ્સગ્ગ પારીને, ઉપર પ્રગટ લોગસ્સ કહે. પછી સંડાસા પ્રમાર્જીને નીચે બેસી પૂર્વે જણાવ્યા પ્રમાણે મુહપત્તિ પડિલેહીને બે વાર ગુરુવંદન (વાંદણાં) કહે. પૂર્વે જણાવેલાં ગુરુવંદનનાં આઠ કારણો પૈકી આ વંદન આલોચના માટે વિનયરૂપ જાણવું. અને મુહપત્તિનું પડિલેહણ વંદન માટે જાણવું.

પછી આલોચના માટે "ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ દેવસિઅં આલોઉં"? કહીને ગુરૂની અનુમતિ માગીને 'ઇચ્છં, આલોએમિ જો મે દેવસિઓ અઇઆરો' વગેરે સૂત્રથી ઓઘ આલોચના કરી શ્રાવક 'સાત લાખ અને અઢાર પાપસ્થાનક' વગેરે બોલીને, અને સાધુ-સાધ્વી 'ઠાણે કમણે ચંકમણે' પાઠ બોલીને આલોચના કરે. એમ દૈવસિક આલોચના કરીને પ્રાયશ્ચિત્તની માગણી માટે "સવ્વસ્સ વિ દેવસિઅ' વગેરે દુચ્ચિટ્ઠિઅ'" સુધી બોલીને 'ઇચ્છકારેણ સંદિસહ ભગવન્' એટલે 'આપ ઇચ્છાનુસાર પ્રાયશ્ચિત્ત ફરમાવો!' એમ વિનંતિ કરે, તેના જવાબમાં ગુરૂ 'પડિક્કમહ' અર્થાત્ 'પ્રતિક્રમણ કરો' એમ કહે, ત્યારે પોતે 'ઇચ્છં, તસ્સ મિચ્છામિ દુક્કડં' અર્થાત્ આપની આજ્ઞા સ્વીકારૂં છું, 'તે મારું પાપ મિથ્યા થાઓ' કહી પ્રતિક્રમણ પ્રાયશ્ચિત્ત કરે. પ્રાયશ્ચિત્તના દશ પ્રકારોમાં આ બીજું પ્રાયશ્ચિત્ત જાણવું. પહેલું આલોચના પ્રાયશ્ચિત્ત તો "દેવસિઅં આલોઅ" વગેરે બોલીને કરાય છે.

પછી સંડાસા પ્રમાર્જીને બધા વિધિ પૂર્વક નીચે બેસે, તેમાં જે એક શ્રાવક 'વંદિતુસૂત્ર' કહે તે સમતામાં સ્થિર થાય, સૂત્રપાઠમાં મનની સતત એકાગ્રતા કરે, અને થોડી પણ ભૂલ થશે તો બીજાઓ શીખશે' વગેરે ભૂલનો ભય રાખે. વળી પ્રત્યેક પદે સંવેગની વૃદ્ધિ થાય તે રીતે ડાંસ, મચ્છરાદિના ઉપદ્રવની પણ ઉપેક્ષા કરીને સ્પષ્ટ ઉચ્ચારથી સૂત્ર બોલે, તેમા દરેક કાર્યો મંગળ પૂર્વક કરવાં જોઇએ, માટે પ્રથમ નમસ્કાર મહામંત્ર બોલે, પછી પૂર્વોક્ત સમતાની સાધના માટે કરેમિભંતે બોલે અને પ્રથમ ઓઘથી ટુંકમાં આલોચના માટે "ઇચ્છામિ પડિક્કમિઉં જો મે દેવસિઓ અઇઆરો" વગેરે સૂત્ર પૂર્ણ બોલે, પછી વંદિત્તુ શરૂ કરે અને 'તસ્સ ધમ્મસ્સ' બોલે ત્યાં સુધી ઉત્કટિક આસને બેસે.

સાધુ તો નવકાર અને કરેમિભંતે કહ્યા પછી મંગળ માટે 'ચત્તારિ મંગલ" વગેરે બોલે, પછી ઓઘ આલોચના રૂપે 'ઇચ્છામિ પડિક્કમિઉં જો મે' સૂત્ર બોલીને વિભાગથી આલોચના માટે 'ઇરિયાવહિ' સૂત્ર બોલે, તે પછી સર્વ અતિચારોની આલોચના માટે 'પગામ સિજ્જાએ.' સૂત્ર બોલે, સાધુ અને શ્રાવકને આ વિધિનો ભેદ પરંપરાદિ કારણે જાણવો.

પ્રતિક્રમણસૂત્ર એ રીતે બોલવું કે બોલનાર-સાંભળનાર સર્વને સંવેગની વૃદ્ધિ થવાથી રોમરાજી વિકસ્વર થાય, એમ 'તસ્સ ધમ્મસ્સ કેવલિ - પન્નત્તસ્સ' સુધી બોલી સઘળા અતિચારોનો ભાર ઉતરી જવાથી હલકો થયો હોય તેમ, દ્રવ્યથી શરીરદ્વારા અને ભાવથી ઉત્સાહ દ્વારા તુર્ત ઉભો થઈને શેષ સુત્ર પૂર્ણ કરે.

એમ અતિચારોનું પ્રતિક્રમણ કરીને સમગ્ર દિવસમાં ગુરૂ પ્રત્યે થયેલા અપરાધોને ખમાવવા બે વાંદણાં આપે. પ્રતિક્રમણમાં બે બે વાંદણાં ચાર વખત આવે છે, તેમાં પહેલું અતિચારની આલોચના માટે, બીજું ગુરુને અપરાધ ખમાવવા માટે, ત્રીજું આચાર્ય આદિ સર્વ સંઘને ખમાવવા પૂર્વક તેઓનો આશ્રય મેળવવા માટે, અને ચોથું પચ્ચક્ખાણ કરવા માટે સમજવું.

વંદન પછી પૂર્વે જણાવ્યા પ્રમાણે 'અબ્ભુટ્ઠિઓ' સૂત્ર બોલી ગુરુને ખમાવે, તેમાં પાંચ સાધુની માંડલી હોય તો (વર્તમાનમાં ચાર હોય તો) એક સાધુ જ્યેષ્ઠને ખમાવે તેની સાથે બધા પણ ખમાવે, એવી પરંપરા છે. તત્ત્વથી તો ગુરુથી માંડીને ક્રમશઃ સર્વને ખમાવવા જોઇએ. છતાં પરંપરા એવી છે કે પાંચ વગેરે સાધુ હોય તો ત્રણ વડિલો સુધી ખમાવે, પછી બે વાંદણાં દે. આ વંદનને અલ્લિયાવંદન અર્થાત્ આશ્રય માટેનું વંદન કહેવાય છે, મતાન્તરે કાયોત્સર્ગ માટેનું પણ જણાવેલું છે.

પછી કષાયોથી પાછો ખસતો હોય તેમ અવગ્રહમાંથી પાછા પગે બહાર નિકળીને 'આયરિય ઉવજ્ઝાએ' સૂત્ર બોલે. એ સૂત્ર અને અર્થ 'વંદિત્તુ' સૂત્ર પછી કહીશું. તેની પછીના કાઉસ્સગ્ગોમાં પ્રથમ કાઉસ્સગ્ગ ચારિત્રની શુદ્ધિ માટે છે. ચારિત્રની શુદ્ધિ કષાયના ત્યાગથી થાય છે, કારણ કે ચારિત્ર પાલન કરવા છતાં કષાયો તીવ્ર હોય તેનું ચારિત્ર શેરડીનાં પુષ્પની જેમ નિષ્ફળ કહ્યું છે, માટે પ્રથમ કષાયોને ટાળવા 'આયરિય ઉવજ્ઝાએ' સૂત્ર દ્વારા આચાર્ય, ઉપાધ્યાય, શિષ્ય, સાધર્મિક, કુલ, ગણ પછી સકળ શ્રમણ સંઘ અને છેલ્લે સર્વ જીવોને ખમાવાય છે.

પછી 'કરેમિભંતે' વગેરે ત્રણ સુત્રો બોલીને કાઉસ્સગ્ગ કરે. અહીં ત્રણ વાર 'કરેમિ ભંતે' કહેવાનું કારણ એ છે કે સર્વ અનુષ્ઠાનો સમતાથી સફળ થાય, માટે પ્રતિક્રમણની આદિમાં મધ્યમાં અને અંતે, એમ ત્રણ વાર પુનઃ પુનઃ સમતાની સ્મૃતિ અને સિદ્ધિ માટે કરેમિભંતે કહે છે. આ કાઉસ્સગ્ગમાં ચારિત્રની શુદ્ધિ માટે 'ચંદેસુ નિમ્મલયરા' સુધી બે લોગસ્સ ચિંતવી, પારીને દર્શનાચારની શુદ્ધિ માટે પ્રગટ લોગસ્સ કહે. સમ્યગ્ દર્શન જ્ઞાનને સમ્યગ્ બનાવે છે, માટે જ્ઞાન કરતાં દર્શનની મહત્તા છે, તેથી દર્શનની શુદ્ધિ માટે આ ભરતમાં થયેલા વર્તમાન ચોવિશીના ચોવિશે તીર્થંકરોની સ્તુતિરૂપ લોગસ્સ કહે છે. પછી પણ દર્શનાચારની શુદ્ધિ માટે 'સવ્વલોએ અરિહંત ચેઇઆણું' વગેરે કહીને કાઉસ્સગ્ગ કરે, તેમાં 'ચંદેસુ નિમ્મલયરા' સુધી એક લોગસ્સનું ચિંતન કરે, પછી કાઉસ્સગ્ગ પારીને ચૌદપૂર્વ સુધીના સર્વ શ્રુતજ્ઞાનરૂપ જ્ઞાનાચારની વિશુદ્ધિ માટે 'પુક્ખરવરદીવડ્ઢે' વગેરે કહીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ ચંદેસુ નિમ્મલયરા સુધી કરે. પુનઃ પારીને જ્ઞાન, દર્શન, ચારિત્રની નિર્મળ આરાધનાના ફળ રૂપે સિદ્ધ થયેલા સિદ્ધોની સ્તુતિ 'સિદ્ધાણં બુદ્ધાણં' ગાથાથી કરે, (પછીની ગાથાઓનો અર્થ વગેરે પૂર્વે કહેલું છે.)

ઉપર કહેલા ત્રણ કાઉસ્સગ્ગોમાં પહેલો બે લોગસ્સનો ચારિત્રાચારની શુદ્ધિનો આ બીજો કાઉ૦ જાણવો અને પછી એક એક લોગસ્સનો બીજો તથા ત્રીજો ક્રમશઃ દર્શનાચારની અને જ્ઞાનાચારની શુદ્ધિ માટે જાણવા. તેમાં દર્શન અને જ્ઞાન કરતાં પૂર્વે જણાવી તેમ ચારિત્રની મહત્તા જ હેતુ સંભવે છે.

હવે સર્વ ધર્મ અનુષ્ઠાનોનો આધાર શ્રુતજ્ઞાન છે, માટે તેની સમૃદ્ધિ માટે 'સુઅદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગ' કહી શ્રુતદેવીનો એક નવકારનો કાઉસ્સગ્ગ કરે, શ્રુતદેવીનું સ્મરણ બહુમાન કરવાથી શ્રુતજ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થાય, માટે આ કાયોત્સર્ગ સફળ છે. વળી દેવ-દેવી વગેરેની આરાધના અલ્પ પ્રયત્નથી થઈ શકે, માટે માત્ર આઠ શ્વાસોચ્છ્વાસ=એક નવકારનો જ કાઉસ્સગ્ગ સંભવે છે. પારીને 'સુઅદેવયા ભગવઈ'. સ્તુતિ કહે પછી બધા પારે. એજ પ્રમાણે ક્ષેત્રની અધિષ્ઠાત્રી દેવીના કાઉસ્સગ્ગમાં પણ 'ખિત્તદેવયાએ કરેમિ કાઉસ્સગ્ગ' કહી અન્નત્થ કહી એક નવકાર ચિંતવી પૂર્વની જેમ 'જીસે ખિત્તે સાહુ૦' સ્તુતિ કહેવી. દરરોજ ક્ષેત્રદેવતાની સ્તુતિ કરવાથી ત્રીજા વ્રતની 'વારવાર અવગ્રહ યાચના' નામની ત્રીજી ભાવના સિધ્ધ થાય છે.

પછી પ્રગટ નવકાર કહીને સંડાસા પ્રમાર્જીને નીચે બેસી વિધિ પૂર્વક મુહપત્તિ પડિલેહવી. પછી ગુરુને બે વાંદણાં દઇને 'ઇચ્છામો અણુસટ્ઠિ૦' વગેરે કહી બે ઢીંચણે બેસીને બે હાથે અંજલિ કરી 'નમોર્હત૦' કહી 'નમોસ્તુ વર્ધમાનાય' વગેરે ત્રણ સ્તુતિઓ કહેવી. અહીં પ્રતિક્રમણ પૂર્ણ થાય છે.

અહીં છ આવશ્યકોનું સ્મરણ કરીને "ઇચ્છામો અણુસટ્ઠિં, નમો ખમાસમણાણું" કહેવાય છે, તેમાં 'હે ક્ષમાશ્રમણ! આપને નમસ્કાર થાઓ' (આપની હિતશિક્ષાથી મારે છ આવશ્યકરૂપ પ્રતિક્રમણ નિર્વિઘ્ને પૂર્ણ થયું.) હું 'અણુસટ્ઠિં'= હિતશિક્ષાને 'ઇચ્છમો'= (વારંવાર) ઈચ્છું છું, એમ કહી પ્રતિક્રમણ પૂર્ણ થવાથી હર્ષિત થયેલો પોતે વધતા હર્ષ સાથે 'નમોર્હત્૦' કહીને વધતા સ્વર અને ઉચ્ચરવાળી વર્ધમાન એવી ત્રણ સ્તુતિઓ 'નમોસ્તુ વર્ધમાનાય' વગેરે બોલે, તેમાં એવો વિધિ છે કે દૈવસિક (રાત્રિક) પ્રતિક્રમણમાં પહેલી સ્તુતિ વડિલ બોલે, પછી બધા ત્રણેય સ્તુતિઓ સાથે બોલે. અને પક્ખી વગેરેમાં તો ગુરુનું અને પર્વનું બહુમાન કરવા માટે વડિલે ત્રણે સ્તુતિઓ પૂર્ણ બોલ્યા પછી જ બીજા સર્વે ત્રણે સ્તુતિઓ સાથે બોલે.

તેમાં પણ સાધ્વીઓ અને સ્ત્રીઓને સંસ્કૃત બોલવાનો અધિકાર ન હોવાથી તેઓ 'સંસાર દાવાનલ૦' વગેરે ત્રણ સ્તુતિઓ બોલે. અન્ય આચાર્યો માને છે કે 'નમોસ્તુ વર્ધમાનાય' વગેરે પૂર્વમાંથી ઉદ્ધરેલાં છે અને સ્ત્રીઓને પૂર્વ ભણવાનો અધિકાર નથી માટે તે ન બોલે.

એ ત્રણ સ્તુતિ કહ્યા પછી 'નમુત્થુણં' સૂત્ર કહીને એક જણ મધુર અને ઉંચા સ્વરે ભાવવાહી સ્તવન બોલે, બીજા સાંભળે, પછી સર્વે એકસો સીત્તેર જિનની સ્તુતિરૂપ 'વરકનક શંખ વિદ્રુમ૦' ગાથા બોલે અને પૂર્વની જેમ ચાર ખમાસમણ પૂર્વક 'ભગવાન્ હં૦' વગેરેથી ગુરુવંદન કરે. અહીં 'નમોર્હત્' થી માંડીને 'વરકનક' સુધી દેવવંદન અને 'ભગવાન્ હં'

વગેરેથી ગુરુવંદન જાણવું. શ્રાવક તો તે પછી 'અબ્ભુઇઅજ્જેસુ૦' બોલે તે પણ ગુરુવંદન જાણવું. એમ પ્રતિક્રમણના પ્રારંભે અને અંતે પણ દેવ–ગુરુ વંદન કરવાથી શાસ્ત્રના ન્યાયે મધ્યમાં પણ દેવ–ગુરુ વંદન થતું હોવાથી સર્વ પ્રતિક્રમણ દેવ–ગુરુ વંદનરૂપ જાણવું.

પછી પુનઃ ચારિત્રાચારની શુદ્ધિ માટે ત્રીજીવાર મહાવ્રતો વગેરેમાં લાગેલા દૈવસિક અતિચારોની શુદ્ધિ માટે 'ચાર લોગસ્સ – ચંદેસુ નિમ્મલયરા' સુધીનો કાયોત્સર્ગ કરે. આ કાઉસ્સગ્ગ સામાચારીના ભેદે કોઈ પ્રતિક્રમણ પહેલાં પણ કરે છે. પછી અંતિમ મંગળ માટે પ્રગટ લોગસ્સ કહી બે ખમાસમણથી સ્વાધ્યાયનો આદેશ માગીને માંડલીમાં બેઠા બેઠા જ પોરિસી પૂર્ણ થતાં સુધી સ્વાધ્યાય કરવો. (વર્તમાનમાં પૂર્વાચાર્યકૃત સજ્ઝાય બોલી, ખમાસમણપૂર્વક 'દુક્ખક્ખય–કમ્મક્ખય' નિમિત્તે પૂર્ણ ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, એક જણ પારીને શ્રી માનદેવસૂરિકૃત 'લઘુશાન્તિ' સ્તોત્ર બોલે છે, બીજા કાઉસ્સગ્ગ–મુદ્રાએ જ સાંભળે છે અને પછી પારીને ઉપર પ્રગટ લોગસ્સ કહી પ્રતિક્રમણ પૂર્ણ કરે છે.

આ પ્રતિક્રમણમાં જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચારની શુદ્ધિ તે તે પ્રસંગે જણાવી, તપાચારની શુદ્ધિ પણ સવાર–સાંજ પ્રતિક્રમણમાં તે તે તપના પચ્ચક્ખાણથી થાય, અને વીર્યાચારની શુદ્ધિ તો એ ચારે આચારોની શુદ્ધિમાં વીર્ય ફોરવવારૂપ સર્વ આચારોથી થાય છે. એમ પ્રતિક્રમણથી પંચાચારની શુદ્ધિ જાણવી.

પ્રતિક્રમણમાં અવિધિનું પ્રાયશ્ચિત વ્યવહારસૂત્રમાં કહ્યું છે કે– પ્રતિક્રમણ યથોક્ત સમયે ન કરવાથી ચતુર્લઘુ, માંડલીમાં ન કરવાથી કે કુશીલ સાધુઓ સાથે કરવાથી ચતુર્લઘુ, નિદ્રાદિના કારણે એક કાઉસ્સગ્ગમાં પાછળ રહી જાય તો ભિન્નમાસ, બેમાં લઘુમાસ અને ત્રણમાં ગુરુમાસ, વળી ગુરુની પહેલા એક કાઉસ્સગ્ગ પારવાથી ગુરુમાસ અને સર્વ કાઉસ્સગ્ગ પહેલાં પારવાથી ચતુર્લઘુ પ્રાયશ્ચિત જાણવું. એ પ્રમાણે ગુરુવંદનમાં પણ એ પ્રાયશ્ચિત સમજવું. ('ચતુર્લઘુ' વગેરે પ્રાયશ્ચિતના સાંકેતિક શબ્દો છે.)

પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી પણ માંડલીમાં બેસી સ્વાધ્યાય કરવો, તેથી કોઈવાર ગુરુ–મહારાજ કોઈ અપૂર્વ અર્થો કે વિશેષ સામાચારીનું સ્વરૂપ સંભળાવે, તો એ લાભ મળે. (ઇત્યાદિ ઓઘનિર્યુક્તિની ટીકામાં કહેલું છે.)

રાઇપ્રતિક્રમણનો વિધિ– શ્રાવક રાત્રીના છેલ્લા પ્રહરે પૌષધશાળામાં કે પોતાના ઘેર સ્થાપના સ્થાપીને ઇરિ૦ પ્રતિક્રમણ પૂર્વક સામાયિક ઉચ્ચરીને ખમાસમણ દઈ "ઇચ્છા૦ સદિ૦ ભગ૦ કુસુમિણ દુસુમિણ ઉહડાવણિઅં રાઇઅપાયચ્છિત્તવિસોહણત્થં કાઉસ્સગ્ગં કરેમિ" અન્નત્થ૦ વગેરે કહી ચાર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, તેમાં સ્વયં સ્ત્રીસેવન કરવા સંબંધી સ્વપ્ન આવ્યું હોય તો લોગસ્સ સાગરવરગંભીરા સુધી અને અન્ય કોઈ સ્વપ્ન આવ્યું હોય તો 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ચિંતવે. અહીં રાગજન્ય સ્વપ્નને કુસ્વપ્ન અને દ્વેષાદિજન્યને

દુઃસ્વપ્ન કહેવાય છે, વગેરે દિનકૃત્યના વર્ણનમાં પ્રારંભમાં પૂર્વે જણાવ્યું છે. પછી સર્વ કાર્યો દેવ-ગુરુને વંદન કરવાથી સફળ થાય માટે પ્રગટ લોગસ્સ કહી જગચિંતામણીનું ચૈત્યવંદન પૂર્ણ 'જયવીયરાય.' સુધી કરે અને બે ખમાસમણપૂર્વક સજ્ઝાયના આદેશ માગીને રાઈ-પ્રતિક્રમણનો સમય થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરે. (વર્તમાનમાં ચૈત્યવંદન પછી ચાર ખમાસમણ પૂર્વક 'ભગવાન્ હું' વગેરેથી ગુરુવંદન કરીને પછી ઉપર કહ્યું તેમ સજ્ઝાયના આદેશ માગી સંતોનાં તથા સતીઓનાં નામસ્મરણરૂપ 'ભરહેસર બાહુબલી' સૂત્ર કહીને મંગળ સ્વાધ્યાય કરાય છે અને પ્રતિક્રમણ સમયે ઇરિ૦ પ્રતિક્રમીને 'ઇચ્છકાર૦'થી ગુરુને શાતા પૂછી) પછી ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ રાઇઅ પડિક્કમણે ઠાઉં ? કહી મસ્તકને જમીન સુધી નમાવીને રાત્રીના સર્વ અતિચારોના બીજરૂપ 'સવ્વસ્સ વિ૦' કહીને 'નમોત્થુણં' કહે છે.

તેમાં સજ્ઝાય સુધીનો સર્વવિધિ પ્રભાત મંગળ માટે દેવ-ગુરુને વંદનરૂપ સમજવો, તેનો સંબંધ પ્રતિક્રમણ સાથે નથી, પ્રતિક્રમણ તો 'સવ્વસ્સ વિ રાઇઅ' સૂત્રથી શરૂ થાય છે અને પ્રતિક્રમણના પ્રારંભે માત્ર 'નમોત્થુણં' કહી મંગળ માટે ટૂંકમાં દેવવંદન કરાય છે.

પછી દૈવસિકમાં કહ્યું તેમ દ્રવ્ય-ભાવથી ઊભા થઇને 'કરેમિભંતે' વગેરે સૂત્રો બોલીને અનુક્રમે ચારિત્રાચાર, દર્શનાચાર અને જ્ઞાનાચારની વિશુદ્ધિ માટે ત્રણ કાઉસ્સગ્ગ કરે. તેમાં પહેલા બીજામાં એક એક લોગસ્સ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી ચિંતવે અને ત્રીજામાં તો સાંજના પ્રતિક્રમણમાં 'નમોસ્તુ વર્ધમાનાય' વગેરે ત્રણ સ્તુતિ કહ્યા પછીથી માંડીને સમગ્ર રાત્રી અને રાઈ પ્રતિક્રમણમાં આ ત્રીજે કાઉસ્સગ્ગ કરે ત્યાં સુધીના અતિચારોનું ચિંતન કરે, એમ યતિદિનચર્યામાં કહ્યું છે.

દૈવસિક પ્રતિક્રમણના વિધિમાં જણાવ્યા પ્રમાણે ચારિત્રાચારનું મહત્ત્વ અધિક છતાં અહીં તેનો એક જ લોગસ્સનો કાઉસ્સગ્ગ કહ્યો, તેમાં રાત્રીએ પ્રાયઃ ઓછા અતિચારનો સંભવ હોય, એ હેતુ જાણવો. વળી પહેલો કાઉસ્સગ્ગ ચારિત્રાચારની વિશુદ્ધિનો છતાં દોષોનું ચિંતન તેમાં ન કરતાં ત્રીજા જ્ઞાનાચારની શુદ્ધિના કાઉસ્સગ્ગમાં કરવાનું કહ્યું, તેમાં એ હેતુ ઘટે છે કે પહેલા કાઉ૦ વખતે કંઈક નિદ્રાનો પ્રમાદ હોય તેથી દોષોનું સ્પષ્ટ સ્મરણ ન થાય, ત્રીજા કાઉસ્સગ્ગમાં તે સ્મરણ બરાબર થઈ શકે.

ત્રીજો કાઉસ્સગ્ગ પારીને 'સિદ્ધાણં બુદ્ધાણં' કહીને સંડાસા પ્રમાર્જીને નીચે બેસી મુખવસ્ત્રિકા પડિલેહે ત્યાંથી માંડીને 'વંદિત્તુ' કહ્યા પછી તપચિંતનના કાઉસ્સગ્ગ સુધીનો વિધિ અને હેતુઓ દૈવસિકમાં કહ્યા પ્રમાણે જાણવા. જ્ઞાનાદિ ત્રણે આચારોની શુદ્ધિ માટે પૂર્વે ત્રણ કાયોત્સર્ગ કરવા છતાં તપચિંતનનો કાઉસ્સગ્ગ કરવાનું કહ્યું તે પ્રતિક્રમણ કરવા છતાં રહી ગયેલા તે તે અતિચારોની શુદ્ધિ માટે સંભવે છે.

આ કાઉસ્સગમાં તપચિંતન એ રીતે કરે કે- હે જીવ ! વીર પરમાત્માએ ઉત્કૃષ્ટ તપ છ માસી કર્યો હતો, તું પણ કર ! ત્યારે જવાબમાં મનથી જ સ્વયં શક્તિ નથી-પરિણામ

નથી, એમ કહે. પછી એક, બે, ત્રણ, ચાર, પાંચ દિન ન્યૂન છ માસી પૂછે અને જવાબમાં મનથી-શક્તિ નથી. પરિણામ નથી એમ કહે. પુનઃ છ, સાત, આઠ ,નવ, દશ દિન ન્યૂન છ માસી પૂછે અને જવાબમાં મનથી-શક્તિ નથી પરિણામ નથી એમ કહે. એમ પાંચ પાંચ દિન ઘટાડતાં છેલ્લે પાંચમાસી ચિંતવે, તેમાંથી પણ ક્રમશઃ પાંચ પાંચ દિન ઘટાડતાં છેલ્લે ચારમાસી ચિંતવે, તેમાંથી પુનઃ ક્રમશઃ પાંચ પાંચ દિન ઘટાડતાં ત્રણમાસી ચિંતવે, પુનઃ પાંચ પાંચ દિન ઘટાડતાં બેમાસી અને તેમાંથી પણ પાંચ પાંચ દિન ઘટાડતાં માસખમણ ચિંતવે. પછી તેમાંથી પણ એક એક દિન ઘટાડતાં ૨૯-૨૮-૨૭ યાવત્ ૧૭ ઉપવાસ સુધી ચિંતવે અને તેમાંથી બે બે ભક્ત (એટલે એક ઉપવાસ) ઘટાડતાં ચોત્રીસભક્ત, બત્રીશભક્ત, ત્રીશભક્ત, અઠ્ઠાવીશભક્ત વગેરે ચિંતવતાં ક્રમશઃ ચોથભક્ત સુધી ચિંતવે, તેટલી પણ ભાવના ન હોય તો આયંબિલ, એકાસણું, પુરિમઢ્ઢ વગેરે ચિંતવી ઊતરતાં ઊતરતાં છેલ્લે નવકારશી સુધી ચિંતવે. તેમાં એટલું વિશેષ કે પૂર્વે જેટલો તપ કર્યો હોય તેટલો ચિંતવવાના પ્રસંગે "શક્તિ છે, ભાવના છે પણ પરિણામ નથી" એમ ચિંતવે અને છેલ્લા જે તપ કરવાના પરિણામ હોય ત્યાં "શક્તિ છે. ભાવના છે અને પરિણામ પણ છે," એમ કહી એ તપનો નિશ્ચય કરી કાઉસ્સગ્ગ પારે. ઉપર પ્રગટ લોગસ્સ કહી મુખવસ્ત્રિકા પડિલેહીને બે વાંદણા આપે. (પછી વર્તમાનમાં તીર્થવંદન રૂપ સકલતીર્થ ચૈત્યવંદન બોલાય છે.) પછી મનમાં નિશ્ચિત કરેલા તપનું પચ્ચક્ખાણ સ્વયં કે ગુરુમુખે કરે.

પછી દૈવસિક પ્રતિક્રમણમાં કહ્યું તેમ (છ આવશ્યક સંભારીને) ઇચ્છામો અણુસટ્ઠિ, નમો ખમાસમણાણં, નમોઽર્હત્ કહીને 'વિશાલ લોચનદલં૦' વગેરે ત્રણ વર્ધમાન સ્તુતિઓ પ્રગટ રીતે બોલે. તેના હેતુઓ દૈવસિક પ્રતિક્રમણની જેમ જાણવા. અંતે 'નમોત્થુણં૦', 'અરિહંત ચેઇઆણં૦' વગેરે કહીને 'કલ્લાણ કંદં૦' વગેરે ચાર સ્તુતિથી દેવવંદન કરે.

રાઈપ્રતિક્રમણ અન્ય પાપી જીવો જાગીને પાપ ન કરે તે માટે મંદ સ્વરે કરવું, પછી સાધુને અને પૌષધવાળા શ્રાવકને બે ખમાસમણ પૂર્વક ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ બહુવેલ સંદિસાહું ? વગેરે બે આદેશો માગી ચાર ખમાસમણથી પૂર્વની જેમ 'ભગવાન્ હં૦' વગેરે કહી ગુરુવંદન કરે અને શ્રાવક તો 'અઢ્ઢાઇજ્જેસુ' સુત્ર પણ બોલે. અહીં બહુવેલ એટલે બહુવાર થતી શ્વાસ, ઉચ્છવાસ વગેરે ન રોકી શકાય તેવી શરીરની ક્રિયાઓ કે જેની અનુમતિ વારવાર માગી શકાય નહિ, તેવી ક્રિયાઓની અનુમતિ આ બે આદેશથી મેળવાય છે. એથી સમજવું કે તે સિવાયની બેસવું, ઊઠવું વગેરે નાની મોટી સર્વ ક્રિયાઓ ગુરુની આજ્ઞા મેળવીને જ કરાય. અહીં રાઈપ્રતિક્રમણનો વિધિ પૂર્ણ થયો.

(વર્તમાનમાં તે પછી દિવસના પ્રારંભિક મંગળ માટે એક શ્રી સીમંધરસ્વામિ વગેરે કોઈ એક વિહરમાન જિનનું અને બીજું તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનું ચૈત્યવંદન કરાય છે.)

પાક્ષિક વગેરે પ્રતિક્રમણોનો વિધિ– ઘરને નિત્ય સાફ કરવા છતાં પર્વ દિવસે વિશેષ સાફ કરીએ તેમ નિત્ય દૈવસિક-રાત્રિક પ્રતિક્રમણો કરવા છતાં 'પક્ષને અંતે પક્ખી' વગેરે ત્રણ પ્રતિક્રમણો આત્માની (પંચાચારની) વિશેષ શુદ્ધિ માટે કરવાનું વિધાન છે. તેમાં પ્રથમ 'વંદિત્તુ' સૂત્ર કહેવા સુધી દૈવસિક પ્રતિક્રમણ કરવું. પછી ખમા૦ દઈ 'દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખી મુહપત્તિ પડિલેહું?' કહી મુખવસ્ત્રિકા અને શરીરનું પૂર્વે કહ્યા પ્રમાણે પચીસ પચીસ બોલથી પડિલેહણ કરી બે વાંદણાં દેવાં, પછી સર્વ અનુષ્ઠાનો ક્ષમાથી સફળ થાય છે માટે જ્ઞાનના ભંડાર તુલ્ય ગુરુને ખમાવવા માટે ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ અબ્ભુટ્ઠિઓમિ સંબુદ્ધાખામણેણં અબ્ભિંતર પક્ખિઅં ખામેઉં? એમ આદેશ મેળવી 'ઇચ્છં' કહી 'ખામેમિ પક્ખિઅં પન્નરસણ્હં દિવસાણં પન્નરસણ્હં રાઇઆણં જંકિંચિ અપત્તિઅં પરપત્તિઅં૦' વગેરે સૂત્ર બોલીને પહેલાં આચાર્ય (વડીલ) સ્થાપનાચાર્ય સન્મુખ ક્ષમાપના કરે, પછી બીજા સાધુઓ અને શ્રાવકો બધા સાથે જો માંડલીમાં છેલ્લે બે બાકી રહે તેટલા સાધુ હોય તો ગુર્વાદિ ત્રણને અથવા પાંચને ખમાવે. પછી 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખિઅં આલોએમિ?' 'ઇચ્છં, આલોએમિ જો મે પક્ખિઓ૦' વગેરે કહીને સંક્ષિપ્ત કે વિસ્તૃત અતિચાર બોલી પક્ખી આલોચના કરે. પછી દૈવસિકમાં કહ્યા પ્રમાણે 'સવ્વસ્સ વિ૦' વગેરે કહીને પ્રાયશ્ચિત્ત માગે. ગુરુ 'પડિક્કમહ' કહે ત્યારે શિષ્ય 'ઇચ્છં (તસ્સ મિચ્છામિ દુક્કડં)' કહે અને પક્ખી તપની યાચના કરે ત્યારે ગુરુ 'ચઉત્થેણં એક ઉપવાસ' વગેરે બોલતા એક ઉપવાસનું પ્રાયશ્ચિત્ત આપે. (ત્યારે તપ કર્યો હોય તે 'પઇટ્ઠિઓ' કહે, પછી કરવાનો હોય તે 'તહત્તિ' કહી સ્વીકાર કરે. આ પ્રાયશ્ચિત્ત શક્તિ પ્રમાણે તપથી અને તપ ન થાય તો છેવટે બે હજાર સ્વાધ્યાયથી પણ વાળવું જ જોઈએ. અન્યથા જિનાજ્ઞાનો ભંગ થાય.)

પછી બે વાંદણા આપે અને પ્રત્યેકને ખમાવવા માટે પ્રથમ ગુરુ (વડીલ) ઉભા ઉભા 'દેવસિઅં આલોઇઅ પડિક્કંતા, ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ અબ્ભુટ્ઠિઓહં અબ્ભિંતરપક્ખિઅં (પત્તેયં) ખામેઉં? 'ઇચ્છ' કહી ઇચ્છકારી હે અમુક તપોધન (મુનિ)? વગેરે કહીને શેષ મુનિઓને સંબોધે, ત્યારે તે અન્ય મુનિ પણ ખમા૦ દઈ 'મત્થએણ વંદામિ' કહે ત્યારે ગુરુ કહે 'અબ્ભુટ્ઠિઓમિ પત્તેયખામણેણં અબ્ભિંતરપક્ખિઅં ખામેઉં?' ત્યારે તે મુનિ પણ 'અહમવિ ખામેમિ તુબ્ભે' કહીને નીચા નમી મસ્તકથી જમીનને સ્પર્શીને 'ઇચ્છં, ખામેમિ પક્ખિઅં, પન્નરસણ્હં દિવસાણં' વગેરે પૂર્ણ 'અબ્ભુટ્ઠિઓ સૂત્ર' બોલીને ગુરુને ખમાવે ત્યારે ગુરુ પણ તેમને 'પન્નરસણ્હં દિવસાણં' વગેરે કહી પૂર્ણ 'અબ્ભુટ્ઠિઓ' સૂત્ર બોલીને ખમાવે, તેમાં 'ઉચ્ચાસણે સમાસણે' બે પદ ગુરુ ન બોલે. એમ સર્વસાધુઓ પ્રત્યેકને ખમાવે. તેમાં લઘુવાચનાચાર્ય સાથે પ્રતિ૦ કરવાનું હોય તો પ્રથમ પર્યાય વડિલ સાધુ સ્થાપનાચાર્યને ખમાવે અને પછી શેષ સાધુઓ અનુક્રમે પર્યાય વડિલને ખમાવે. અને પ્રતિક્રમણમાં ગુરુ

સાથે ન હોય ત્યારે સામાન્ય સાધુઓ બધા પહેલાં સ્થાપનાચાર્યને અને પછી પર્યાયક્રમે અન્ય મુનિઓને ત્યાં સુધી ખમાવે કે છેલ્લે બે સાધુ શેષ રહે. શ્રાવકો પણ એ રીતે ખમાવે, પણ સાધુના અભાવે વડિલ શ્રાવક બીજા સર્વને સંબોધીને 'અમુક વગેરે સમસ્ત શ્રાવકોને વાંદુ છું' કહીને જ્યારે 'અબ્ભુટ્ઠિઓમિ પ્રત્યેક ખામણેણં અબ્ભિતરપક્ખિઅં ખામેઉં' કહે ત્યારે બીજા પણ 'અહમવિ ખામેમિ તુબ્ભે' કહી વડિલ સહિત બધા સાથે 'પન્નરસણ્હં દિવસાણં, પન્નરસણ્હં રાઇણં, ભણ્યાં ભાસ્યાં મિચ્છામિ દુક્કડં' કહે. (વર્તમાનમાં 'સકળ સંઘને મિચ્છામિ દુક્કડં' કહી ખમાવે છે.)

એમ પ્રત્યેક ખામણાં કરી બે વાંદણા દે પછી 'દેવસિઅં આલોઇઅ પડિક્કંતા ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખિઅં પડિક્કમાવેહ!' કહે ત્યારે ગુરુ સમ્મં પડિક્કમહ' કહે, ત્યારે શિષ્ય ઇચ્છં કહી. કરેમિભંતે, ઇચ્છામિ પડિક્કમિઉં, જો મે પકિણઓ૦ સૂત્ર કહી ખમા૦ પૂર્વક 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખિઅસુત્તં કહેમિ' કહી પછી ગુરુ કે તેઓ જેને આજ્ઞા કરે તે સાધુ ત્રણ નવકાર કહીને સ્પષ્ટ ઉચ્ચારથી પક્ખી સૂત્ર કહે. બીજા સર્વ સાધુઓ અને શ્રાવકો પણ ખમા૦ પૂર્વક 'ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ પક્ખિઅસુત્તં સંભલેમિ' કહી સ્વશક્તિ અનુસારે કાઉસ્સગ્ગમુદ્રા વગેરે મુદ્રાથી સાંભળે. (શ્રાવકે પણ પક્ખીસૂત્ર અવશ્ય સાંભળવું જોઇએ અને ગુરુના અભાવે ત્રણ નવકારપૂર્વક 'વંદિત્તુ' સૂત્ર ઊભા ઊભા બોલવું – સાંભળવું જોઇએ. પક્ખિસૂત્ર વિના પક્ખી પ્રતિક્રમણ કેમ થાય?)

પક્ખીસૂત્ર પૂર્ણ થયા પછી બધા સાથે 'સુઅદેવયા ભગવઈ૦' સ્તુતિ બોલે પછી નીચે બેસીને દૈવસિક વિધિની જેમ પાક્ષિકપ્રતિક્રમણ સૂત્ર (વંદિત્તુ) બોલે અને 'અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ' બોલતાં ઊભા થઈ શેષ પ્રતિ૦ પૂર્ણ કરે. (પ્રતિક્રમણના સૂત્રોમાં જ્યાં જ્યાં 'દેવસિઅ' વગેરે પાઠ છે ત્યાં પક્ખી વગેરે પ્રતિક્રમણો કરતાં યથાસ્થાને પક્ખિઅ, ચઉમાસિઅ અને સંવત્સરિઅ' વગેરે બોલે.)

પછી 'કરેમિભંતે, ઇચ્છામિ ઠામિ૦' વગેરે કહીને પ્રતિક્રમણ (પ્રાયશ્ચિત્ત) કરવા છતાં રહેલી અશુદ્ધિને દૂર કરવા બાર લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો (ત્રણસો શ્વાસોચ્છ્વાસનો) કાઉસ્સગ્ગ કરે. પારીને પ્રગટ લોગસ્સ કહી, મુહપત્તિ પડિલેહણ કરી, બે વાંદણા દઈ ખમાસમણ પૂર્વક ઇચ્છા૦ સંદિ૦ ભગ૦ અબ્ભુટ્ઠિઓમિ સમત્ત-ખામણેણં અબ્ભિતરપક્ખિઅં ખામેઉં? કહી પૂર્ણ અબ્ભુટ્ઠિઓ સૂત્ર કહી ગુરુને ખમાવે, તેમાં પહેલાં સંબુદ્ધાખામણાંથી સામાન્યપણે અને પ્રત્યેકખામણાંથી વિશેષપણે અપરાધ ખમાવવા છતાં કાઉસ્સગ્ગ કરતાં કંઇ વિશેષ સ્મરણ થાય તો તેને આ સમત્ત ખામણાંથી ખમાવે. (અન્ય મતે સંબુદ્ધાખામણાં વિશેષ જ્ઞાની – પર્યાય જ્યેષ્ઠ વગેરે વડિલોને ખમાવવા, પ્રત્યેક ખામણાં પ્રત્યેક જીવોને ખમાવવા અને સમત્ત ખામણાં પ્રતિક્રમણની સમાપ્તિ જે ગુરુના આલંબનથી નિર્વિઘ્ને થઈ તે ગુરુને કૃતજ્ઞતાથી ખમાવવા માટે છે.)

પછી (ખમાસમણ દઈ) ઊભા થઈ 'ઇચ્છા૦ સદ્ધિ૦ ભગ૦ પકખીખામણાં ખામું ? ઇચ્છ' કહી ખમા૦ પૂર્વક ગુરુ પ્રત્યે બહુમાન અને કૃતજ્ઞતા પ્રગટ કરવા રૂપ ચાર ખામણાં ખામે. તેમાં–

પ્રથમ ખામણે 'પિયં ચ મે જં ભે૦' વગેરે પાઠથી સાધુ દ્રવ્ય–ભાવથી નમ્ર બનીને ખમાવતો ગુરુનું બહુમાન કરે.

બીજા ખામણે 'પુવ્વિ ચેઇયાઇ૦' વગેરે પાઠથી વિહારમાં વાંદેલા ચૈત્યોનું તથા સાધુ–સાધ્વીઓ વગેરે સંઘે કહેલી વન્દનાનું નિવેદન કરે.

ત્રીજા ખામણે 'અબ્ભુટ્ઠિઓહં તુબ્ભણ્હં સંતિઅં૦' વગેરે પાઠથી ગુરુએ વસ્ત્ર–પાત્ર વગેરે આપ્યું તથા શ્રુતજ્ઞાન ભણાવ્યું તેની કૃતજ્ઞતા જણાવે. અને

ચોથા ખામણે 'અહમવિ અપુવ્વાઇ૦' વગેરે પાઠથી પોતે અવિનીત છતાં કરૂણાવંત ગુરુએ વિવિધ ઉપકારો કરીને યોગ્ય બનાવ્યો, તે ઉપકારોનું બહુમાન કરે.

ત્યારે ગુરુ પણ તેના જવાબમાં અનુક્રમે ૧– "તુબ્ભેહિં સમં, ૨– અહમવિ વંદામિ ચેઇઆઇં, ૩– આયરિયસંતિઅં અને ૪– નિત્થારપારગા હોહ !" કહે ત્યારે શિષ્ય પણ 'ઇચ્છં' કહે અને છેલ્લે 'ઇચ્છામો અણુસટ્ઠિ' કહે. ગુરુના અભાવે શ્રાવકો આ ચાર ખામણાંને સ્થાને ચારવાર એક એક નવકાર કહે. એ રીતે પાક્ષિક પ્રતિક્રમણ પૂર્ણ કરી અધુરું રહેલું દૈવસિક પ્રતિ૦ પૂર્ણ કરે. તેમાં પકખીસૂત્ર પછી શ્રુતદેવીની સ્તુતિ પૂર્વે કરેલી હોવાથી તેને સ્થાને ભવનદેવીનો કા૦ઉ૦ અને સ્તુતિ કહે. જો કે ક્ષેત્રમાં ભવન અંતર્ભૂત હોવાથી ક્ષેત્રદેવીના સ્મરણમાં ભવનદેવીનું સ્મરણ થઈ જાય. તો પણ પર્વદિને ભવનદેવીનું બહુમાન કરવું અનુચિત નથી. વિશેષમાં પાક્ષિકમાં સ્તવનને સ્થાને 'અજિતશાંતિસ્તવ' કહેવું.

પાક્ષિકમાં ગુરુવંદનથી તથા સંબુદ્ધાખામણાંથી જ્ઞાનીગુરુની પ્રતિપત્તિ થતી હોવાથી **જ્ઞાનાચારની,** કા૦ઉસ્સગ્ગ પછી પ્રગટ બોલાતા 'લોગસ્સ' સૂત્રથી **દર્શનાચારની,** અતિચારની આલોચના, પ્રત્યેક ખામણાં, પકખીસૂત્ર તથા પ્રતિક્રમણ સૂત્ર, સમાપ્તિ ખામણાં અને છેલ્લાં ચાર ખામણાં એ સર્વથી **ચારિત્રાચારની,** ચોથભક્ત તપથી **બાહ્યતપની,** બાર લોગસ્સના કા૦ઉ૦થી **અભ્યંતર તપની** અને સર્વઆચારોની વિશુદ્ધિથી **વીર્યાચારની,** એમ પાંચે આચારોની શુદ્ધિ કરાય છે.

ચોમાસી તથા સાંવત્સરિક પ્રતિક્રમણોનો વિધિહેતુ વગેરે પાક્ષિક પ્રમાણે જ છે, માત્ર પાક્ષિકને બદલે 'ચોમાસી' અને 'સંવત્સરી' શબ્દો બોલવા.

કા૦ઉસ્સગ્ગ ચોમાસીમાં ચંદેસુ નિમ્મલયરા સુધી વીશ લોગસ્સનો અને સાંવત્સરીમાં ચાલીસ લોગસ્સ ઉપર એક નવકારનો કરવો. ખામણાં કરતાં ચોમાસીમાં 'ચઉહ્હં માસાણું',

અટ્ઠણ્હં પક્ખાણું, ઈગિસય વીસ રાઈ-દિઆણું' અને સંવત્સરીમાં 'બારસણ્હં માસાણું, ચઉવ્વીસણ્હં પકખાણું, તીસયસટ્ઠિણ્હં રાઈ-દિઆણું' બોલવું. પક્ખી તથા ચોમાસીમાં છેલ્લે બે બાકી રહે તેટલું મંડળ હોય તો પક્ખીમાં પાંચને (મતાન્તરે ત્રણને અને ચોમાસીમાં પાંચને તથા સંવત્સરીમાં ગુર્વાદિ સાતને ખમાવવા. એ પ્રમાણે પાક્ષિકાદિ ત્રણનો વિધિ જણાવ્યો. આ પ્રતિક્રમણના વિધિને કહેનારી પૂર્વાચાર્યકૃત ૩૩ ગાથાઓ યોગશાસ્ત્રપ્રકાશ ત્રીજાની ૧૩૦મી ગાથાની ટીકામાં જણાવી છે, તે વિસ્તૃત અર્થ સાથે ધર્મસંગ્રહ મૂળ ભાષાન્તરથી કે યોગશાસ્ત્રથી જોઈ લેવી.

એ પ્રમાણે છ આવશ્યકરૂપ પ્રતિક્રમણમાં આ ચોથું આવશ્યક કહ્યું.

૫– કાઉસ્સગ્ગ આવશ્યક= તેમાં કાઉસ્સગ્ગ એટલે કાયાનો ઉત્સર્ગ, અર્થાત્ કાયાની સાર સંભાળનો ત્યાગ. તે કાયાથી ઠાણેણું= જિનમુદ્રાથી જ્યાં ઊભા રહ્યા ત્યાંથી અન્નત્થ૦ સૂત્રમાં રાખેલા આગારો સિવાય ખસવું કે સ્વલ્પ પણ હલન–ચલન કરવું નહિ, વચનથી મોણેણું= સર્વથા મૌન કરવું, મનથી ઝાણેણું= દુર્ધ્યાનનો ત્યાગ કરી શુભધ્યાનમાં સ્થિર થવું અને અમુક જેટલા શ્વાસોચ્છ્વાસનું પ્રમાણ હોય તે પૂર્ણ થયા પછી 'નમો અરિહંતાણું' કહીને પારવો, તે કાયોત્સર્ગ કહેવાય.

કાયોત્સર્ગ તે તે શુભ પ્રવૃત્તિ નિમિત્તો અને પરાભવ પ્રસંગે એમ બે કારણે કરાય છે. તેમાં પરાભવ પ્રસંગે અંતર્મુહૂર્તથી માંડીને શ્રી બાહુબલીજીની જેમ એક વર્ષ સુધીનો પણ હોય અને પ્રવૃત્તિનો જઘન્ય આઠથી માંડીને ૨૫, ૨૭, ૧૦૦, ૧૦૮, ૩૦૦, ૫૦૦ કે ૧૦૦૮ શ્વાસોચ્છ્વાસનો પણ હોય છે. તેમાં પાંચે પ્રતિક્રમણમાં કરાતા કાયોત્સર્ગો નિયત અને શેષ અનિયત હોય છે. નિયત કાઉસ્સગ્ગ સામાન્યતયા દૈવસિક પ્રતિક્રમણમાં એકસો, રાઈમાં પચાસ, પક્ખીમાં ત્રણસો, ચોમાસીમાં પાંચસો અને સંવત્સરીમાં એક હજાર આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કરવાનો કહ્યો છે. એ માટે દૈવસિકમાં (૬૦ × ૪ =) પચીસ શ્લોક, રાઈમાં સાડાબાર, પક્ખીમાં પંચોતેર, ચોમાસીમાં સવાસો અને સંવત્સરીમાં બસો બાવન શ્લોક ગણાય છે.

અહીં ચાર પદનો એક શ્લોક એમ એક લોગસ્સ ચંદેસુ નિમ્મલયરા સુધી ગણતાં સવા છ શ્લોકનાં પચીસ પદો (શ્વાસોચ્છ્વાસ) થાય. કહ્યું છે કે 'પાયસમા ઉસાસા' અર્થાત્ એક પાદનો એક શ્વાસોચ્છ્વાસ સમજવો.

અનિયત કાઉસ્સગ્ગનું સ્વરૂપ અને પ્રમાણ કહ્યું છે કે– ભિક્ષાદિ માટે ઉપાશ્રયથી બહાર જવું તે **ગમન,** અન્ય ગામ કે સ્થળથી આવવું તે **આગમન,** અર્થાત્ આહાર–પાણી–શયન–આસન–જિનમંદિર–વસતિ કે સ્થંડિલ–માત્રુ વગેરે માટે બહાર જવા–આવવાથી ગમનાગમન થાય. તેમાં ઈરિ૦ પડિક્કમીને પચીસ શ્વાસોચ્છ્વાસનો (ચંદેસુ૦ સુધી)

કાઉસ્સગ્ગ કરવો, તેમાં પણ સ્થંડિલ–માત્રુ વગેરે જાતે પરઠવ્યું હોય તો નજીક પરઠવવા છતાં કાઉ૦ કરવો, બીજા સાધુ પરઠવે તો પરઠવનાર સાધુએ કરવો અને બીજા પરઠવે પણ પોતે વસતિથી સો ડગલાં દૂર ગયા હોય તો પોતે અને પરઠવનાર બંન્નેએ કરવો. એમ ગમનાગમનનો અને ભણવા વગેરે માટે અન્ય સ્થળે જવું તે વિહાર, તેનો પણ પચીશ શ્વાસો૦ કાઉ૦ કરવો.

'સૂત્ર' એટલે સૂત્રના ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાનો વિધિ તેમાં સત્તાવીશ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉ૦ કરવો. 'પ્રસ્થાપન' એટલે કોઈ કાર્ય માટે સાધુને અન્યત્ર મોકલવો અને યોગની વિધિમાં સાધુ કાળનું પ્રતિક્રમણ કરે તે પ્રતિક્રમણ, એ બે માં આઠ શ્વાસોચ્છ્વાસ (એક નવકાર) નો કરવો. પ્રસ્થાપનમાં એટલું વિશેષ છે કે સાધુને જતાં કોઈ સ્ખલના થાય તો કાઉસ્સગ્ગ કરીને જાય, બીજીવાર સ્ખલના થાય તો બીજીવાર કાઉસ્સગ્ગ કરીને જાય, ત્રીજીવાર સ્ખલના થાય તો પોતે જાય નહિ, બીજા સાધુને મોકલે, એમ છતાં તેને જ જવું પડે તો દેવ–વંદન કરીને બીજા સાધુને મુખ્ય કરીને તેની નિશ્રામાં જાય.

એ સિવાય પણ કાળ ગ્રહણ કરતાં, કાળ પરઠવતાં, ગોચરી જતાં પૂર્વે કરાતી ઉપયોગની ક્રિયામાં અને શ્રુતસ્કંધના પરાવર્તનમાં એ દરેકમાં આઠ શ્વાસોચ્છ્વાસ પ્રમાણ કાઉ૦ કરવો. કેટલાક શ્રુત પરાવર્તનમાં પચીસ શ્વાસો૦ પણ કહે છે. રાત્રે આવેલાં સ્વપ્નના દોષને ટાળવા પૂર્વ જાગરણ વિધિમાં કહ્યું તેમ એકસો અથવા એકસો આઠ શ્વાસો૦ પ્રમાણ કરવો અને નાવડી વગેરેથી કે પગથી નદી ઉતર્યા પછી પચીસ શ્વાસો૦ પ્રમાણ કરવો.

કાયોત્સર્ગનો વિધિ એવો છે કે પહેલાં ગુરુ કાઉ૦ કરે (પછી બીજા સર્વ કરે) અને ગુરુએ પાર્યા પછી બીજા પારે. તેમાં પણ વિવિધ કાર્યોમાં પ્રવર્તેલા સાધુઓને પ્રવૃત્તિ વિશેષ થતી હોવાથી તેઓ ગુરુ કરતાં અધિક સમય સુધી કાઉ૦માં રહે. કાઉસ્સગ્ગ જિનમુદ્રાથી એટલે બે પગના અંગુઠાઓ વચ્ચે ચાર આંગળ (અને પાછળ પાનીઓ વચ્ચે તેથી ન્યૂન) અંતર રાખી ઊભા રહી બન્ને હાથ લાંબા પ્રસારીને જમણા હાથે મુહપત્તિ અને ડાબા હાથે રજોહરણ પકડવો, તથા ડાંસ, મચ્છરાદિ કે ઠંડી–ગરમી વગેરે પરિષહો સમભાવે સહન કરવા.

કાઉસ્સગ્ગના ઉચ્છ્રિત, નિષણ્ણ અને શયિત એમ ત્રણ ભેદો અને તે ત્રણેના પણ ચાર ચાર ભેદો થાય છે. જેમ કે ૧–ઉચ્છ્રિતોચ્છ્રિત દ્રવ્યથી ઊભા રહીને અને ભાવથી શુભધ્યાનમાં રહીને કરે તે. ૨– ઉચ્છ્રિતાનુચ્છ્રિત– દ્રવ્યથી ઊભા રહીને અને ભાવથી કૃષ્ણાદિ અશુભ લેશ્યામાં રહીને કરે તે. ૩– અનુચ્છ્રિતોચ્છ્રિત– દ્રવ્યથી નીચે બેસીને અને ભાવથી શુભધ્યાનમાં રહીને કરે તે. અને ૪– અનુચ્છ્રિતાનુચ્છ્રિત– દ્રવ્યથી નીચે બેસીને અને ભાવથી અશુભલેશ્યામાં રહીને કરે તે. એ પ્રમાણે નિષણ્ણ અને શયિતના પણ ચાર ચાર ભેદો સ્વયં સમજવા.

કાઉસ્સગ્ગના ૧૯ દોષો પૂર્વે કહ્યા પ્રમાણે જાણવા. હવે ફળ કહે છે કે 'કાઉસ્સગ્ગમાં શરીરના અવયવો જેમ જેમ દુઃખે તેમ તેમ સુવિહિત આત્માઓને કર્મોની નિર્જરા અધિકાધિક થાય છે.'

૬ – પચ્ચક્ખાણ આવશ્યક = એનું સ્વરૂપ-ભેદો વગેરે પૂર્વે પચ્ચક્ખાણ અધિકારમાં કહેવાયું છે. એ રીતે છ આવશ્યકરૂપી પ્રતિક્રમણનો વિધિ જાણવો.

પ્રતિક્રમણ વ્રતધારી અને પહેલા ગુણસ્થાનવર્તી યથાભદ્રિક શ્રાવકે પણ ઉભયકાળ કરવું જોઇએ. જો કે અતિચાર વ્રતધારીને લાગે, વ્રતરહિતને વ્રત વિના અતિચાર ન હોય અને પ્રતિક્રમણ અતિચારોની શુદ્ધિ માટે છે માટે તેને પ્રતિક્રમણ કરવું મિથ્યા છે, એમ પ્રશ્ન થાય તો સમજવું કે તે તે ગુણસ્થાનવાળાને તે તે અનુષ્ઠાન કરણીય છે, તેમ ગુણરહિતને પણ તે તે ગુણની પ્રાપ્તિ માટે અભ્યાસરૂપે પણ કરણીય છે, માટે તો વંદિત્તુ૦ સૂત્રની ૪૮ મી ગાથામાં પ્રતિષેધમાં પ્રવૃત્તિ કરવાથી, વિહિત નહિ કરવાથી, જિનવચન પ્રત્યે અશ્રદ્ધા કરવાથી તથા જિનાજ્ઞાવિપરીત પ્રરૂપણા કરવાથી એમ ચાર કારણે પ્રતિક્રમણ કરવાનું કહ્યું છે. તેમાં વ્રત નહિ સ્વીકારવાં એ પણ વિહિત છતાં નહિ કરવાથી દોષ છે, તે ટાળવા પણ પ્રતિક્રમણ કરવું જોઇએ. માટે તો પ્રતિક્રમણ કરતાં નહિ સ્વીકારેલી પણ શ્રાવકની અને સાધુની પ્રતિમાનું (તે તે અભિગ્રહોનું) પ્રતિક્રમણ સાધુ પણ 'ઇગારસહિં ઉવાસગપડિમાહિં, બારસહિં ભિક્ખુ પડિમાહિં' પાઠ બોલીને કરે છે. કોઈ પૂછે કે જો વ્રત વિના પણ પ્રતિક્રમણ કરવામાં વિરોધ નથી, તો સાધુ બન્યા વિના પણ શ્રાવક સાધુનું પ્રતિક્રમણ સૂત્ર બોલી શકે? હા, બોલી શકે, કોણ કઇ રીતે નિષેધ કરે છે? કોઈ નિષેધ નથી કરતું. માત્ર વંદિત્તુસૂત્રમાં ગૃહસ્થનાં વ્રતો અને અતિચારો વગેરેનું વિસ્તૃત વર્ણન હોવાથી તેઓને તે બોલવું વિશેષ હિતકર છે. વગેરે પંચાશકની ગા૦ ૪૪ની ટીકામાં જણાવેલું છે.

વળી પ્રશ્ન થાય કે શ્રાવકને આ છ આવશ્યકો નહિ પણ અવશ્ય કરણીય ચૈત્યવંદનાદિ આવશ્યકો કરણીય છે, તે પણ બરોબર નથી. કારણ આવશ્યકમૂળ ગા૦ ૩ માં શ્રાવક તથા સાધુને અવશ્ય કરણીય હોવાથી તેનું આવશ્યક એવું નામ કહ્યું છે, વળી જે આવશ્યકો 'અંતો અહોનિસિસ્સ' પાઠથી સવાર સાંજ કરવાનાં છે, તે તો આ છ આવશ્યકો જ છે, ચૈત્યવંદનાદિ તો ત્રિકાળ કરવાનાં છે અને તેનું નામ પણ આવશ્યક નથી, વળી અનુયોગ દ્વારમા પણ લોકોત્તર ભાવઆવશ્યકનું સ્વરૂપ જણાવતાં 'સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા તચ્ચિત્તવાળા, તન્મય, તે લેશ્યાવાળા વગેરે થઇને બે કાળ આવશ્યક કરે તે લોકોત્તર ભાવ-આવશ્યક જાણવું' એમ કહ્યું છે, તે પણ પ્રતિક્રમણ અંગે ઘટે છે. માટે શ્રાવકે અવશ્ય ઉભયકાળ છ આવશ્યકરૂપ આ પ્રતિક્રમણ કરવું જોઇએ. એ માટે પ્રશ્ન અને ઉત્તરોથી મૂળ ગ્રન્થમાં અને તેના મોટા ભાષાન્તરમાં શ્રાવકને પ્રતિક્રમણ કરણીય છે એમ એક એક આવશ્યકને અંગે સિદ્ધ કર્યું છે, તે ત્યાંથી જોઈ લેવું વિસ્તારના ભયથી અહીં લખ્યું નથી.

હવે બાકી રહેલા 'વંદિત્તુ' વગેરે સૂત્રો અને અર્થ કહીએ છીએ. તેમાં શ્રાવકે પ્રથમ કરેમિ ભંતે પૂર્વક પ્રતિક્રમણ કરવું જોઈએ. 'વંદિત્તુ' સૂત્ર અતિચારોની શુદ્ધિ કરનાર હોવાથી વિશિષ્ટ કલ્યાણ સ્વરૂપ છે. માટે પ્રારંભમાં મંગળ વગેરે કરે છે કે–

"वंदित्तु सव्व-सिद्धे, धम्मायरिये अ सव्वसाहू अ ।
इच्छामि पडिक्कमिउं, सावगधम्माईयारस्स ॥१॥"

અર્થ– सव्व=(सार्व) સર્વજ્ઞ એવા અરિહંતોને, સર્વ સિદ્ધોને, જ્ઞાન અને ક્રિયારૂપ ધર્મને પાળનારા, પ્રચારનારા સર્વ ધર્માચાર્યોને, 'च' શબ્દથી ઉપાધ્યાયોને અને સર્વ એટલે જિનકલ્પી, સ્થવિરકલ્પી, પડિમાધારી વગેરે સર્વ સાધુઓને વાંદીને હું શ્રાવકધર્મમાં લાગેલા અતિચારોનું પ્રતિક્રમણ કરવા ઇચ્છું છું. અર્થાત્ પંચાચારને અંગે જણાવેલા શ્રાવકના એકસો ચોવીશ અતિચારોથી મુક્ત થવા ઇચ્છું છું. (૧) હવે તે સર્વનું એક સાથે પ્રતિક્રમણ કરવા કહે છે કે–

"जो मे वयाइयारो, नाणे तह दंसणे चरित्ते अ ।
सुहुमो य बायरो वा, तं निंदे तं च गरिहामि ॥२॥"

અર્થ– બાર વ્રતો સંબંધી કુલ પંચોતેર, જ્ઞાનાચારના આઠ, દર્શનાચારના આઠ અને સમકિતના પાંચ મળી તેર, ચારિત્રાચારના આઠ અને 'च' શબ્દથી શેષ તપાચારના બાર, વીર્યાચારના ત્રણ અને સંલેખનાના પાંચ એમ કુલ એકસો ચોવીશ પૈકી સૂક્ષ્મ કે બાદર જે કોઈ અતિચાર મને લાગ્યો હોય, તેની મનથી આત્મસાખે નિંદા અને તે સર્વની ગુરુસાક્ષીએ (મેં અયોગ્ય કર્યું છે એમ) ગર્હા કરું છું. હવે પ્રાયઃ અતિચારો પરિગ્રહથી લાગે માટે પરિગ્રહના પ્રતિક્રમણ માટે કહે છે–

"दुविहे परिग्गहम्मि, सावज्जे बहुविहे अ आरंभे ।
कारावणे अ करणे, पडिक्कमे देसिअं सव्वं ॥३॥"

અર્થ– સચિત્ત અને અચિત્ત બન્ને પ્રકારના કોઈ પદાર્થોનો પરિગ્રહ એટલે મૂર્છા કરવાથી તથા પાપરૂપ અનેકવિધ આરંભોને બીજા દ્વારા કરાવવાથી, સ્વયં કરવાથી અને (च–શબ્દથી) અનુમોદના કરવાથી પણ (જે કોઈ અતિચારો લાગ્યા હોય) તે દિવસ સંબંધી સર્વ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું, મુક્ત થાઉં છું. 'देसिअं' શબ્દ આર્ષ-પ્રયોગથી સિદ્ધ થાય છે, તેનું સંસ્કૃત 'दैवसिकं'=દિવસ સંબંધી થાય છે. તે પ્રમાણે પાક્ષિક વગેરેમાં પણ ક્રમશઃ 'पक्खिअं, चउमासिअं અને संवत्सरिअं' બોલવું અને અર્થ તેને અનુસારે પક્ષસંબંધી વગેરે કરવો. હવે જ્ઞાનના અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે–

"जं बद्धमिंदिएहिं, चउहिं कसाएहिं अप्पसत्थेहिं ।
रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि ॥४॥"

અર્થ– ઇન્દ્રિઓ અને કષાયોથી કર્મ બંધાય તેમાં મુખ્ય હેતુ અજ્ઞાન છે, અને અજ્ઞાનથી જ્ઞાનમાં અતિચાર લાગે છે, માટે કહે છે કે રાગ અથવા દ્વેષને વશ થયેલી અપ્રશસ્ત ઇન્દ્રિયોથી અને અપ્રશસ્ત કષાયોથી, એમ અજ્ઞાનથી મેં જે કર્મ બાંધ્યું હોય તેને નિંદું છું અને ગર્હા કરું છું એ અર્થ બીજી ગાથા પ્રમાણે સર્વત્ર જાણવો. હવે સમ્યગ્ દર્શન તથા ચક્ષુદર્શનના અતિચારો વિષે કહે છે કે–

"आगमणे निगमणे, ठाणे चंकमणे अणाभोगे ।
अभिओगे अ निओगे, पडिक्कमे देसिअं सव्वं ॥५॥"

અર્થ– મિથ્યાદૃષ્ટિઓના વરઘોડા વગેરે જોવાના કુતૂહલથી ત્યાં આ + ગમન = સર્વ રીતે જવું, ત્યાંથી પાછા ફરવું, તેઓની દહેરીઓ વગેરે હોય ત્યાં ઉભા રહેવું, ત્યાં આમતેમ ફરવું, તે બધું અનુપયોગથી, અજ્ઞાનથી, રાજા કે જનતાના બલાત્કારથી અથવા નગરશેઠ વગેરે પદવીને કારણે ઔચિત્યરૂપે કરવામાં મેં જે કર્મ બાંધ્યું હોય તે દિવસ સંબંધી સર્વપાપનું પ્રતિક્રમણ કરું છું. એ અર્થ ત્રીજી ગાથા પ્રમાણે સર્વત્ર જાણવો. હવે સમકિતના અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે–

"संका-कंख-विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु ।
समत्तस्सइयारे, पडिक्कमे देसिअं सव्वं ॥६॥"

અર્થ– જિનકથિત જીવાજીવાદિ તત્ત્વોમાં તે સત્ય હશે કે નહિ ?' એવી શંકા, અન્ય ધર્મીઓના દયા-દાન, ક્ષમાદિ લેશ ગુણો જાણીને તે ધર્મની અભિલાષા કરવી તે કાંક્ષા, દાનાદિ ધર્મક્રિયાઓનું ફળ મળશે કે નહિ ? એવો સંદેહ કરવો, અથવા સાધુ-સાધ્વીના મલમલિન ગાત્ર-વસ્ત્રાદિ પ્રતિ અણગમો કરવો તે વિગચ્છા અથવા પાઠાંતર વિદુંછા, અન્ય ધર્મીઓની પ્રગટ પ્રશંસા અને તેઓના સાધુ વગેરે સાથે પરિચય. એ સમ્યક્ત્વના પાંચ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું, વગેરે પૂર્વ કહ્યું તેમ. હવે સર્વ સામાન્ય ચારિત્રાચારની શુદ્ધિ માટે કહે છે કે–

"छक्कायसमारंभे, पयणे य पयावणे य जे दोसा ।
अत्तट्ठा य परट्ठा, उभयट्ठा चेव तं निंदे ॥७॥"

અર્થ– પોતાને માટે, પર (પ્રાધૂર્ણકાદિ)ને માટે અને 'ચ' શબ્દથી સ્વ-પર ઉભય માટે, સ્વયં પાક (રસોઈ) કરવાથી, કરાવવાથી અને 'ચ' શબ્દથી અનુમોદવાથી, પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિ અને ત્રસ એ છકાય જીવોને સમારંભ એટલે પીડા કરવાથી તથા તુલાઘટીન્યાયે સંરંભ અને આરંભ પણ લેવા, તેમાં સંરંભ એટલે તેવો સંકલ્પ કરવાથી અને આરંભ એટલે ઉપદ્રવ (પ્રાણનાશ) કરવાથી, જે દોષ લાગ્યો હોય તેને હું નિંદું છું. બીજી રીતે 'હું સાધુઓ માટે ભોજનાદિ તૈયાર કરીશ તો મને પુણ્ય થશે' એવી મુગ્ધ

બુદ્ધિથી પોતાના, પરના કે ઉભયના પુણ્ય માટે સંરંભ વગેરે કર્યા હોય, અથવા ત્રીજો અર્થ છકાય જીવોનો સમારંભ વગેરે થાય તે રીતે અયતનાથી પાણી ગાળવું વગેરે જે જે દોષો સેવ્યા હોય, તેની હું નિંદા કરું છું. અહીં અતિચારને બદલે દોષો કહ્યા, તેનું કારણ એ છે કે અતિચાર વ્રતધારીને લાગે, વ્રત વિના અતિચાર ન ઘટે, માટે અહીં દોષ એટલે સામાન્યતયા પાપ સમજવું. હવે ઓઘથી ચારિત્રાચારોનું પ્રતિક્રમણ કરવા કહે છે કે–

"पंचण्हमणुव्वयाणं, गुणव्वयाणं च तिण्हमईआरे ।
सिक्खाणं च चउण्हं, पडिक्कमे देसिअं सव्वं ॥८॥"

અર્થ– પાંચ અણુવ્રતોના, ત્રણ ગુણવ્રતોના અને ચાર શિક્ષાવ્રતોના અતિચારોથી દિવસ સંબંધી સર્વ પાપનું પ્રતિક્રમણ કરું છું. તેમાં મહાવ્રતોની અપેક્ષાએ નાનાં માટે અણુવ્રતો અને સમકિતની પછી પ્રાપ્ત થનારાં માટે અનુવ્રતો. આ શ્રાવકના મૂળગુણો છે અને તેને ગુણ કરનારાં માટે દિશિપરિમાણ વગેરે ત્રણ ગુણવ્રતો છે. આ આઠ વ્રતો યાવજ્જીવ માટે યાવત્કથિક (પણ) હોય છે, તદુપરાંત વિદ્યાર્થીને અભ્યાસની જેમ આત્માને સમતાદિ ગુણોના અભ્યાસ માટે વારવાર કરાતાં સામાયિકાદિ ચાર શિક્ષાવ્રતો કહેવાય છે. તે અમુક સમય કે અમુક દિસસ પૂરતાં હોવાથી ઈત્વરિક કહેવાય છે, હવે પ્રત્યેક વ્રતોની ભિન્ન ભિન્ન શુદ્ધિ માટે કહે છે કે–

"पढमे अणुव्वयंमि, थूलगपाणाइवायविरइओ ।
आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥९॥"

અર્થ– અહિંસા–વ્રત સર્વ વ્રતોનો સાર છે, સર્વ વ્રતોનું સાધ્ય અહિંસા છે. માટે સર્વમાં પહેલા એ અણુવ્રતમાં 'થૂલગ' એટલે મોટો અથવા મોટા જીવોનો 'પાણાઇવાય'= પ્રાણનો અતિપાત (નાશ), તેની વિરતિ એટલે નહિ કરવાની પ્રતિજ્ઞા, તેનાથી 'અપસત્થે' ક્રોધાદિ અપ્રશસ્ત ભાવને વશ થઈ 'ઇત્થ' એટલે આ વ્રતમાં 'પમાયપ્પસંગેણં' પ્રમાદને વશ થવાથી 'આયરિયં' જે કાંઈ અતિક્રમાદિ વિપરીત આચરણ કર્યું હોય, (તેનું પ્રતિક્રમણ કરું છું એ વાક્યસંબંધ બધા વ્રતોમાં પછીની ગાથામાંથી જોડવો.) અહીં પ્રમાદના ઉપલક્ષણથી સુરાપાન વગેરે પાંચ પ્રકારનો પ્રમાદ અને આકુટ્ટી (બેદરકારી), અહંકાર વગેરે પણ કારણો સમજવાં. એવા કોઈ હેતુથી મોટા=ત્રસ જીવો પ્રત્યે મોટા વધબંધન, વગેરે અતિચારો સેવ્યા હોય, (એમ દરેક વ્રતોમાં સમજવું.) હવે તે વધ–બંધન વગેરે કહે છે.

"वह बंधछविच्छेए, अइभारे भत्तपाण–वोच्छेए ।
पढमवयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१०॥"

અર્થ– પ્રથમ વ્રતના પાંચ અતિચારો – વધ, બંધન, છવિચ્છેદ, અતિભાર અને ભાતપાણીનો પ્રતિબંધ, (દરેક વ્રતનું સ્વરૂપ વ્રતાધિકારમાં અને અતિચારોનું સ્વરૂપ

વ્રતાતિચાર-અધિકારમાં પૂર્વે જણાવ્યું છે તે પ્રમાણે સમજવું.) એ અતિચારો ક્રોધાદિને વશ નિર્દયતાથી સેવ્યા હોય કે અનુપયોગથી અતિક્રમાદિ જે કંઈ કર્મ બાંધ્યું હોય તે દિવસ સંબંધી સર્વ પાપનું પ્રતિક્રમણ કરું છું. હવે બીજાવ્રત માટે કહે છે–

"बीए अणुव्वयंमि, परिथूलमवलियवयणविरइओ ।
आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥११॥"

અર્થ– બીજા અણુવ્રતમાં પ્રમાદને વશ અપ્રશસ્ત ભાવથી સ્થૂલમૃષાવાદની વિરતિથી વિરૂદ્ધ જે કંઈ આચર્યું હોય (તે સર્વ દિવસ સંબંધી પાપને પ્રતિક્રમું છું)

"सहसा रहस्स दारे, मोसुवएसे च कूडलेहे अ ।
बीयवयस्सइयारे, पडिक्कमे देसियं सव्वं ॥१३॥

અર્થ– સહસાભ્યાખ્યાન, રહસ અભ્યાખ્યાન, સ્વદારા મંત્રભેદ, મૃષોપદેશ અને કૂટલેખ, એ બીજા વ્રતના પાંચ અતિચારોરૂપ દિવસમાં જે કાંઈ વિરૂદ્ધ વર્તન કર્યું હોય તે સર્વનું પ્રતિક્રમણ કરું છું. હવે ત્રીજા વ્રતના પ્રતિક્રમણ માટે કહે છે.

"तईय अणुव्वयंमि, थूलगपरदव्वहरणविरइओ ।
आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥१३॥"

"तेनाहडप्पओगे, तप्पडिरुवे विरूद्धगमणे य ।
कूडतुल-कूडमाणे, पडिक्कमे देसिअं सव्वं ॥१४॥"

અર્થ– ત્રીજા અણુવ્રતમાં પ્રમાદને વશ થઈને અપ્રશસ્તભાવે જે કાંઈ સ્થૂલ અદત્તાદાનની વિરતિ (પ્રતિજ્ઞા)થી વિરૂદ્ધ આચર્યું હોય, તે સ્તેનાપહૃત, તસ્કરપ્રયોગ, તત્પ્રતિરૂપ, રાજ્ય-વિરૂદ્ધ ગમન અને ખોટાં તોલ-માપ, એ દિવસ સંબંધી પાંચ અતિચારોનું હું પ્રતિક્રમણ કરું છું. હવે ચોથા વ્રતના પ્રતિક્રમણ માટે કહે છે–

"चउत्थे अणुव्वयंमि, निच्चं परदारगमण विरइओ ।
आयरियमप्पसत्थे, इत्थ पमायप्पसंगेणं ॥१५॥"

"अपरिग्गहिया इत्तर, अणंग-विवाह-तिव्वअणुरागे ।
चउत्थवयस्सइआरे, पडिक्कमे देसिअं सव्वं ॥१६॥"

અર્થ– ચોથા અણુવ્રતમાં પ્રમાદને વશ અપ્રશસ્ત ભાવથી નિત્ય પરદારા સેવનની પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ જે કાંઈ આચર્યું હોય તે અપરિગૃહિતાગમન, ઈત્વરપરિગૃહિતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને કામભોગ–તીવ્ર અનુરાગરૂપ, દિવસ સંબંધી સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું.

"इत्तो अणुव्वए पंचमंमि, आयरियमप्पसत्थंमि ।
परिमाण - परिच्छेए, इत्थ पमायप्पसंगेणं ॥१७॥"

"धण धन्न खित्तवत्थु-रूप्पसुवण्णे य कुविय परिमाणे ।
दुपये चउप्पयंमी, पडिक्कमे देसिअं सव्वं ॥१८॥"

અર્થ- ઇત્તઃ એટલે ચોથા વ્રત પછી પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતમાં પ્રમાદને વશ અપ્રશસ્તભાવથી જે કંઈ (વિરૂદ્ધ) આચર્યું હોય, તે ધનધાન્ય, ક્ષેત્રવાસ્તુ, રૂપું, સોનું, કુપ્ય અને દ્વિપદ-ચતુષ્પદ એ નવવિધ પરિગ્રહના પરિમાણનો છેદ કરવારૂપ પાંચ અતિચારોનું પ્રતિક્રમણ કરું છું. એ પ્રમાણે અણુવ્રતોનું પ્રતિક્રમણ કરીને હવે પહેલા ગુણ-વ્રતના પ્રતિક્રમણ માટે કહે છે-

"गमणस्स उ परिमाणे, दिसासु उड्ढं अहे अ तिरिअं च ।
वुड्ढिसइअंतरद्धा, पढमंमि गुणव्वए निंदे ॥१९॥"

અર્થ- પહેલા ગુણવ્રતમાં ઉર્ધ્વ, અધો અને તિર્છી દિશાઓમાં જવાના પરિમાણરૂપ જે નિયમ કર્યો હોય, તેથી અધિક ગમન કરવારૂપ ઉર્ધ્વદિશાઅતિક્રમ, અધોદિશાઅતિક્રમ, તિર્યગ્દિશાઅતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિભ્રંશ, એ અતિચારોને નિંદું છું. હવે બીજા ગુણવ્રતમાં ઉપભોગ અને પરિભોગ અંગે કહે છે કે-

"मज्जंमि य मंसंमि य, पुप्फे य फले य, गंधमल्ले य ।
उवभोगे परिभोगे, बीयंमि गुणव्वए निंदे ॥२०॥"

અર્થ- બીજા ગુણવ્રતમાં સુરા વગેરે મદ્ય, માંસ અને 'ચ' શબ્દથી પૂર્વે સાતમા વ્રતના વર્ણનમાં કહી તે બાવીશ અભક્ષ્ય અને બત્રીસ અનંતકાયિક વસ્તુઓ તથા કેરડાનાં, મહુડાનાં વગેરે કુલો (મહોર), 'ચ' શબ્દથી ત્રસજીવો યુક્ત પત્રભાજી વગેરે અને જાંબૂ-બીલાં વગેરે ફળો (એમ ઉપભોગની વસ્તુઓ તેમાં મદ્ય-માંસ વગેરે વસ્તુઓ રાજકાર્યની પરાધીનતા વિગેરે કારણે ખરીદવી-ખરીદાવવી વગેરે કર્યું હોય), તથા સુગંધી પદાર્થો શરીરે ચોળવા વગેરે, ગંધો અને કુલોની માળા, કલગી, છડી, પુષ્પો, વગેરે (પરિભોગ વસ્તુઓ એના ઉપલક્ષણથી સર્વ ઉપભોગની અને પરિભોગની વસ્તુઓ સમજી લેવી.) તે વસ્તુઓના પરિમાણનું જે કંઈ અજાણપણાદિથી અતિક્રમણ-ઉલ્લંઘન કર્યું હોય તેને નિંદું છું, હવે તેના અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે-

"सच्चित्ते पडिबद्धे, अप्पोलदुप्पोलिअं च आहारे ।
तुच्छोसहि भक्खणया, पडिक्कमे देसियं सव्वं ॥२१॥"

અર્થ- સચિત્ત આહાર, સચિત્તપડિબદ્ધ આહાર, અપકવ આહાર, દુષ્પકવાહાર અને

તુચ્છૌષધિભક્ષણ નામનો અતિચાર બીજા ગુણવ્રતમાં સેવ્યો હોય તે સર્વ દિવસ સંબંધી દોષનું પ્રતિક્રમણ કરું છું. હવે પંદર કર્માદાનના પ્રતિક્રમણ માટે કહે છે કે –

"इंगाली वण साडी, भाडी फोडीसु वज्जए कम्मं ।
वाणिज्जं चेव दंत-लक्ख-रस-केस-विस-विसयं ॥२२॥"

"एवं खु जंतपीलणकम्मं निल्लंछणं च दवदाणं ।
सर-दह-तलायसोसं, असईपोसं च वज्जिज्जा ॥२३॥"

અર્થ – અહીં 'કમ્મ' સર્વત્ર જોડવાથી અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ અને સ્ફોટકકર્મ, એ પાંચ મહાપાપકર્મો તથા વાણિજ્ય શબ્દ સર્વત્ર જોડવાથી દાંતનો વેપાર, લાખનો વેપાર, રસવ્યાપાર, કેશવ્યાપાર અને વિષનો વ્યાપાર, એ પાંચ મહાપાપ વ્યાપારો તથા યંત્રપીડનકર્મ, નિર્લાંછનકર્મ, દવદાન, સરોવરો – દ્રહો તલાવ વગેરેનું શોષણ અને અસતીપોષણ, એ પાંચ સામાન્ય, તથા બીજાં પણ કોટવાલ – પોલિસ – ફોજદારની ક્રૂર નોકરી વગેરે (મહાપાપકર્મો તજવાં જોઈએ છતાં એ કર્માદાનો) આચર્યાં હોય તેનું પ્રતિક્રમણ કરું છું, એમ અધ્યાહારે સમજવું. બીજા ગુણવ્રતમાં આ પંદર કર્માદાનોનું પ્રતિક્રમણ જણાવ્યું. હવે ત્રીજા ગુણવ્રત અંગે કહે છે કે –

સ્વજન, શરીર વગેરેને કારણે જે પાપ સેવાય તે સપ્રયોજન હોવાથી અર્થદંડ અને એ સિવાય મોહમૂઢતાથી કરાય તે અનર્થદંડ કહેવાય. એના અપધ્યાનાચરિત વગેરે ચાર પ્રકારો છે, તેમાં અપધ્યાનાચરિત અને પાપોપદેશ એનું સ્વરૂપ પૂર્વે વ્રતાધિકારમાં કહ્યું છે, શેષ બે મોટાં પાપના કારણ હોવાથી અહીં કહેવાય છે.

"सत्थग्गिमुसलजंतग – तण कट्ठे मंतमूल भेसज्जे ।
दिन्ने दवावि वा, पडिक्कमे देसिअं सव्वं ॥२४॥"

"ण्हाणुव्वट्टण वण्णग – विलेवणे सद्दरुवरस गंधे ।
वत्थासण-आभरणे, पडिक्कमे देसिअं सव्वं ॥२५॥"

અર્થ – શસ્ત્રો, અગ્નિ, સાંબેલું, ગાડું, ગાડી, સાઇકલ વગેરે યંત્રો, તૃણ, ઘાસ, લાકડાં કે તેના બનેલા રેંટ – લાકડી વગેરે શસ્ત્રો ઝેર ઉતારવાના કે વશીકરણ વગેરેના મંત્રો, નામદમની કે તાવ ઉતારવાના વનસ્પતિનાં મૂળીયાં, અથવા ગર્ભ પાડવો વગેરે મૂળકર્મ અને વિવિધ (જીવઘાતક) ઔષધો, આ બધાં હિંસક સાધનો દાક્ષિણ્યતાદિ કારણ વિના પણ બીજાને આપ્યાં કે અપાવ્યાં હોય તે દિવસ સંબંધી સર્વ હિંસાપ્રદાનપાપનું પ્રતિક્રમણ કરું છું. વળી –

અજયણાથી પાણી ગળ્યા વિના-હિંસા થાય તે રીતે સ્નાન કર્યું, જીવસંસક્ત કે સચિત્ત વસ્તુઓ અજયણાથી શરીરે ચોળી-ચોળાવી અને ઉદ્વર્તન કરી અજયણાથી તેને જ્યાં ત્યાં નાખી, કસ્તૂરી આદિથી શરીરે વર્ણની શોભા કરી, ચંદન-બરાસ વગેરેનું વિલેપન કર્યું, કુતૂહલથી વીણા, વાંસળી, વગેરેના શબ્દો સાંભળ્યા કે પાપપ્રવૃત્તિ વધે તેવા શબ્દો બોલ્યા, રાગને વશ થઈ નાટક કે નટ-નટડી વગેરનાં રૂપો જોયાં, સાંભળનારને રાગ પ્રગટે તે રીતે રસોની ગંધોની પ્રશંસા કરી, વસ્ત્રો, આસનો, આભરણો વગેરેનું પણ સરાગભાવે આસક્તિ વધે તેવું વર્ણન કર્યું, એમ પાંચે ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો અને તેના ઉપલક્ષણથી સુરાપાન, વિષય-સેવન, કષાય, વિકથા અને નિદ્રા એ પાંચે પ્રમાદો પણ સમજવા. ઉપરાંત આળસ-પ્રમાદથી તેલ વગેરેનાં ભાજન ખૂલ્લાં રાખવાં, વગેરે જે જે દિવસ સંબંધી પ્રમાદાચરિત સેવ્યું. તે સર્વનું પ્રતિક્રમણ કરૂં છું. હવે તેના અતિચારો કહે છે-

"कंदप्पे कुक्कुइए, मोहरीअहिगरणभोगअइरित्ते ।
दंडम्मि अणट्ठाए, तइअंमि गुणव्वए निंदे ॥२६॥"

અર્થ- (જેનું વર્ણન વ્રતાતિચારમાં કહ્યું છે તે) કન્દર્પ, કૌત્કુચ્ય, મૌખર્ય, સંયુક્ત-અધિકરણતા અને ભોગાતિરિક્તતા, એ ત્રીજા અનર્થદંડ ગુણવ્રતમાં જે અતિચાર સેવ્યા હોય, તેને નિંદુ છું. ત્રણ ગુણવ્રતો કહીને હવે પહેલા સામાયિક શિક્ષાવ્રત અંગે કહે છે કે-

"तिविहे दुप्पणिहाणे, अणवट्ठाणे तहा सइविड्ढणे ।
सामाइअ - वितहकए, पढमे सिक्खावए निंदे ॥२७॥"

અર્થ- સામાયિકમાં મન-વચન-કાયાને દુષ્ટ રીતે પ્રવર્તાવવાં, તે ત્રણના દુષ્પ્રણિધાનનાં ત્રણ, અધુરા સમયે સામાયિક પારવું, કે અનાદરથી કરવું, તે ચોથો અનવસ્થાન અને વિસ્મૃતિ થવી, શૂન્યચિત્તે કરવું, વગેરે સ્મૃતિવિહિનતા, એ પાંચ અતિચારોથી પહેલા શિક્ષાવ્રતરૂપ સામાયિક વ્રતમાં વિપરીત કર્યું હોય તેને નિંદુ છું.

હવે છઠ્ઠા દિશિપરિમાણ વ્રતમાં અને શેષ વ્રતોમાં પણ રાખેલી વિશેષ પાપની છૂટને દેશથી ટૂંકી કરવી, તેને દેશાવગાસિક વ્રત કહેવાય છે. તેના પ્રતિક્રમણ માટે કહે છે કે-

"आणवणे पेसवणे, सद्दे रुवे अ पुग्गलक्खेवे ।
देसावगासियम्मि, बीए सिक्खावए निंदे ॥२८॥"

અર્થ- પૂર્વે વ્રતાતિચારોમાં કહ્યા તે આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દાનુપાત, રૂપાનુપાત અને પુદ્ગલપ્રક્ષેપ, એ બીજા શિક્ષાવ્રત-દેશાવગાશિકમાં સેવેલા અતિચારોને હું નિંદુ છું.

"संथारुच्चारविहि, पमाय तह चेव भोयणाभोगे ।
पोसहविहि विवरीए, तइए सिक्खावए निंदे ॥२९॥"

અર્થ– (પૂર્વે જણાવ્યા છે તે) સંથારાને નહિ પ્રમાર્જવાથી, દુષ્ટ રીતે જેમ તેમ પ્રમાર્જવાથી, તથા સ્થંડિલમાત્રુને પરઠવવાની ભૂમિને નહિ પ્રમાર્જવાથી તથા જેમ તેમ પ્રમાર્જવાથી, એ ચાર અતિચારો અનાભોગથી પણ થાય, તથા પૌષધની વિધિ વિપરીત કરવાથી પાંચમો અતિચાર. એમ ત્રીજા શિક્ષાવ્રત–પૌષધમાં જે અતિચારો સેવ્યા હોય તેને નિંદું છું. હવે અતિથિસંવિભાગવ્રતના અતિચારોનું પ્રતિક્રમણ કરવા કહે છે કે–

"सच्चित्ते निक्खिवणे, पिहिणे ववएस मच्छरे चेव ।
कालाइक्कमदाणे, चउत्थे सिक्खावए निंदे ॥३७॥"

અર્થ– (પૂર્વે અતિચારોના અધિકારમાં જણાવ્યા તે પ્રમાણે) સચિત્ત નિક્ષેપણતા, સચિત્તપિધાનતા, પરવ્યપદેશ, મત્સરભાવ અને કાલાતિક્રમ, એ અતિથિસંવિભાગ નામના ચોથા વ્રતમાં સેવેલા અતિચારોને નિંદું છું. હવે રાગ–દ્વેષ વગેરે દુર્ભાવથી દીધેલા દાનનું પ્રતિક્રમણ કરતાં કહે છે કે–

"सुहिएसु य दुहिएसु य, जा मे असंजयेसु अणुकंपा ।
रागेण व दोसेण व, तं निंदे तं च गरिहामि ॥३१॥"

અર્થ– અતિથિસંવિભાગની વિશેષ શુદ્ધિ માટે કહે છે, તેમાં **એક અર્થ**– 'સુહિતેષુ' એટલે જ્ઞાનાદિ આરાધના કરનાર સુવિહિતો અને 'દુહિતેષુ' એટલે રોગાદિથી કે ઉપધિ આદિ અલ્પ હોવાથી દુઃખને ભોગવતા એવા જે 'અસ્વંયતેષુ' એટલે અસ્વેચ્છાચારી એવા પૂજ્યોની મેં (ગુણાનુરાગને બદલે) સ્વજનાદિ સંબંધના રાગથી અથવા અજ્ઞાનતાથી અને 'દ્વેષેણ' એટલે 'પૂર્વે દાન નહિ કરવાથી જે દરિદ્ર બન્યા છે, મલમલિન ગાત્રવાળા છે, જ્ઞાતિજનોની જવાબદારી છોડીને ભીખથી જીવે છે, એમ લાચાર–અશરણ–અસહાય છે, વગેરે તેઓ પ્રત્યે દ્વેષ (દુર્ગંછા) કરીને' જે મેં 'અનુકંપા' = ભક્તિ કરી–દાનાદિ દીધું, તે નિંદું છું અને તેને ગર્હું છું. અહીં અનુકમ્પા શબ્દ ભક્તિવાચક છે. અહીં પૂજ્યો પ્રતિ ગુણાનુરાગને બદલે સ્નેહરાગથી કે દ્વેષથી દાન આપવું કે તેમને ગરીબ, બિચારા માનવા તે આશાતના છે. અને તેથી લાંબોકાળ નીચગતિમાં રખડવું પડે છે, તેથી તેની નિંદા ગર્હા કરણીય છે. **બીજો અર્થ**– 'સુહિએસુ' એટલે બાહ્ય સુખને ભોગવતાં સુખી અથવા દુઃખી એવા પાર્શ્વસ્થ વગેરે અસંયતોની ભક્તિ ગુણાનુરાગથી કે પહેલાં કહ્યું તેમ સ્નેહરાગથી કે દ્વેષથી કરી હોય તેની નિંદા અને ગર્હા કરું છું. **ત્રીજો અર્થ**– અહીં અસંયત એટલે છકાયના વિરાધક, સુખી કે દુઃખી અન્યદર્શની સંન્યાસીઓ વગેરે સમજવા. શેષ અર્થ ઉપર પ્રમાણે. એટલું વિશેષ કે તે પાસસ્થાદિ કે અન્ય કુલિંગવાળા પણ ભિક્ષાર્થે ઘરે આવે ત્યારે ઔચિત્યથી દાન આપવું અયોગ્ય નથી, કારણ કે સર્વનું ઔચિત્ય કરવું તે સમકિતનું લિંગ છે. શ્રી તીર્થંકર દેવ પણ અનુકંપાથી વાર્ષિક દાન આપે છે. વળી એ વ્રતની વિશેષ શુદ્ધિ માટે કહે છે કે–

"साहुसु संविभागो, न कओ तव-चरण-करणजुत्तेसु ।
संते फासुयदाणे, तं निंदे तं च गरिहामि ॥३२॥"

અર્થ– તપ, ચરણસિત્તરી અને કરણસિત્તરીથી યુક્ત એવા ઉત્તમ સાધુઓનો સંવિભાગ, દેવા યોગ્ય પ્રાસુક (કલ્પ્ય) વસ્તુ હોવા છતાં ન કર્યો (દાન ન દીધું), તેની નિંદા તથા ગર્હા કરું છું. હવે સંલેખનાના પ્રતિક્રમણ માટે કહે છે કે–

"इहलोए परलोए, जीविअ मरणे य आसंसपओगे ।
पंचविहो अइआरो, मा मज्झ हुज्ज मरणंते ॥३३॥"

અર્થ– (પૂર્વે કહેલા છે તે) ઇહલોક આશંસાપ્રયોગ, પરલોક આશંસાપ્રયોગ, જીવિતાશંસાપ્રયોગ, મરણાશંસાપ્રયોગ અને આશંસ એટલે કામભોગ આશંસાપ્રયોગ, એ (સંલેખના વ્રતના) પાંચ અતિચારો મને મરણ પ્રસંગે પણ ન થાઓ. હવે ત્રણ યોગથી પ્રતિક્રમણ કરતાં કહે છે કે–

"काएण काइयस्सा, पडिक्कमे वाइयस्स वायाए ।
मणसा माणसियस्सा, सव्वस्स वयाइयारस्स ॥३४॥"

અર્થ– જીવહિંસાદિ પાપી કાયા દ્વારા કરેલા કાયિક પાપોનું તપ કાઉસ્સગ્ગ વગેરે કરનારી શુભકાયા વડે, ચાડી, અભ્યાખ્યાન, નિંદા, અસત્ય વગેરે પાપી વચનનું 'મિચ્છામિ દુક્કડં' વગેરે શુભવચન વડે અને શંકા, કાંક્ષા, દ્વેષ, ઈર્ષ્યા વગેરેથી પાપી મનનું આત્મનિંદા, પશ્ચાતાપ વગેરે શુભ મન દ્વારા, એમ સર્વવ્રતોમાં ત્રણ અશુભ યોગોથી સેવેલા અતિચારોનું પ્રતિક્રમણ ત્રણ શુભ યોગો દ્વારા કરું છું. અહીં કાઇયસ્સા અને માણસિયસ્સામાં 'સ્સા' દીર્ઘ છે તે આર્ષપ્રયોગથી સમજવો. હવે ભિન્ન ભિન્ન અતિચારોના પ્રતિક્રમણ માટે કહે છે કે–

"वंदणवय-सिक्खगारवेसु, सन्ना कसायदंडेसु ।
गुत्तिसु अ समिइसु य, जो अइयारो य तं निंदे ॥३५॥"

અર્થ– દેવવંદન, ગુરુવંદન, બારવ્રતો અને બીજા અભિગ્રહાદિ નિયમો, જ્ઞાન અને ક્રિયારૂપ ગ્રહણ અને આસેવન શિક્ષા, ત્રણ ગારવો, આહારાદિ ચાર, કે શાસ્ત્રોકત દશ, પંદર કે સોળ વગેરે સંજ્ઞાઓ, ચાર કષાયો અને નવ નોકષાયો રૂપ કષાયો, અશુભ મન-વચન-કાયારૂપ ત્રણ દંડો, ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ, એ સર્વમાં કરવા યોગ્ય ન કરવાથી, નહિ કરવાનું કરવાથી, અશ્રદ્ધા કે વિપરીત પ્રરૂપણા કરવાથી વગેરે પ્રમાદથી જે અતિચાર સેવ્યો હોય તેને નિંદું છું. હવે સમ્યગ્દર્શનનો મહિમા વર્ણવે છે કે–

"सम्मदिट्ठी जीवो, जई वि हु पावं समायरे किंचि ।
अप्पो सि होई बंधो, जेण न निद्धंधसं कुणई ॥३६॥"

અર્થ– સમ્યગ્દર્શન પામેલો જીવ જો કે (નિર્વાહ ન થવાથી ન છૂટકે કંઈક પાપ) કરે, તો પણ તેને કર્મબંધ અલ્પ થાય છે, કારણ કે તે (મિથ્યાદૃષ્ટિવાળાની જેમ) નિર્ધ્વંસપણે કરતો નથી. હવે સમકિતીનાં પ્રતિક્રમણનો મહિમા વર્ણવે છે કે–

"तंपि हु सपडिक्कमणं, सप्परियावं सउत्तरगुणं च ।
खिप्पं उवसामेइ, वाहिव्व सुसिक्खिओ विज्जो ॥३७॥"

અર્થ– જેમ સુશિક્ષિત અનુભવી વૈદ્ય વ્યાધિનો નાશ શીઘ્ર કરે, તેમ સમકિતી જીવ એ રીતે થોડું પણ પાપ કરે તો તેનું પ્રતિક્રમણ કરીને, તેનો પરિતાપ (પશ્ચાત્તાપ) કરીને અને ઉત્તરગુણ એટલે ગુરુ પાસે આલોચના કરીને પ્રાયશ્ચિત્ત દ્વારા શીઘ્ર ઉપશાંત કરે છે. બીજું દૃષ્ટાંત કહે છે કે–

"जहा विसं कुट्ठ - गयं, मंत-मूल-विसारया ।
विज्जा हणंति मंतेहिं, तो तं हवई निव्विसं ॥३८॥"

"एवं अट्ठविहं कम्मं, राग-दोससमज्जिअं ।
आलोयंतो य निंदंतो, खिप्पं हणई सुसावओ ॥३९॥"

અર્થ– જેમ મંત્ર, મૂળીયાં વગેરે ઉપાયો કરવામાં કુશળ (બુદ્ધિશાળી) વૈદ્યો મંત્રો વડે કોઠામાં (શરીરમાં) વ્યાપેલા ઝેરનો નાશ કરે છે, તેથી તે મનુષ્ય ઝેરમુક્ત થાય છે, તેમ રાગદ્વેષથી બાંધેલા આઠ પ્રકારનાં કર્મોની આલોચના અને નિંદા કરતો ઉત્તમશ્રાવક તે કર્મને શીઘ્ર ખપાવી દે છે, અહીં એ ભાવ છે કે રોગી અર્થને જાણતો નથી છતાં માત્ર મંત્રાક્ષરોના શ્રવણના પ્રભાવે જ તેને સાપ વગેરેનાં ઝેર ઉતરે છે, તેમ શ્રી ગણધરભગવંતો વગેરેના રચેલાં મંત્રભૂત સૂત્રોના શ્રવણમાત્રથી પણ કર્મ ખપે છે. હા, તેના અર્થનું જ્ઞાન હોય તો અલ્પકાળમાં ઘણાં કર્મો ખપાવી શકાય, અર્થાત્ કેવળ સૂત્રપાઠ પણ મંત્રતુલ્ય છે. એ જ વાતને સ્પષ્ટ કરવા કહે છે કે–

"कयपावो वि मणुस्सो, आलोइय निंदिअ गुरु-सगासे ।
होइ अइरेग लहुओ, ओहरिय-भरुव्व भारवहो ॥४०॥"

અર્થ– જેમ ભાર ઉપાડનાર મજૂર ભાર ઉતારવાથી હલકો થાય તેમ પાપ કરનાર પણ મનુષ્ય ગીતાર્થ ગુરુની પાસે આલોચના કરીને પોતાનાં પાપોની નિંદા કરતો અતિશય હલકો થાય છે. વળી પણ પ્રતિક્રમણનો મહિમા જણાવે છે કે–

"आवस्सएण एएण, सावओ जइवि बहु-रओ होइ ।
दुक्खाणमंतकिरिअं, काही अचिरेण कालेण ॥४१॥"

અર્થ– જો શ્રાવક બહુ રજ (કર્મ) વાળો હોય, અથવા પાપકાર્યોમાં બહુ રત = આસક્ત હોય, તો પણ આ આવશ્યકપ્રતિક્રમણથી અચિર (અલ્પ) કાળમાં દુઃખોની અંતક્રિયા

(નાશ) કરશે. હવે વિસ્મૃતદોષના પ્રતિક્રમણ માટે કહે છે કે-

"आलोयणा बहुविहा, न य संभरिया पडिक्कमण काले ।
मूलगुण उत्तरगुणे, तं निंदे तं च गरिहामि ॥४२॥"

અર્થ- મૂલગુણ અને ઉત્તરગુણમાં થયેલી ઘણા પ્રકારની પ્રમાદક્રિયા જે પ્રતિક્રમણ કાળે યાદ ન આવી તેની નિંદા અને ગર્હા કરું છું, એ રીતે દુષ્કૃતનિંદા વગેરે કરીને હલકો થયેલો શ્રાવક **'तस्स धम्मस्स केवली पन्नत्तस्स'** પાઠ બોલતો વિનય માટે ઉભો થઈને આ મંગળ ગાથા બોલે-

"अब्भुट्ठिओमि आराहणाइ (ए) विरओमि विराहणाए ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥४३॥"

અર્થ- (ગુરુ પાસે સ્વીકારેલા તે કેવલી ભાષિત ધર્મની) વિશિષ્ટ આરાધના માટે ઉજમાળ થયો છું અને તેની વિરાધનાથી અટક્યો છું, એમ મન-વચન-કાયાથી ત્રણ પ્રકારે પ્રતિક્રાન્ત એટલે પ્રતિક્રમણ કરીને ચોવીસે જિનોશ્વરોને વાંદું છું. એમ ભાવ જિનને વાંદીને હવે ત્રણે લોકના સર્વ સ્થાપના જિનને વાંદે છે કે-

"जावंति चेइआइं, उड्ढे य अहे अ तिरिय लोए अ ।
सव्वाइं ताइं वंदे, इह संतो तत्थ संताइं ॥४४॥"

અર્થ- ઉર્ધ્વ, અધો અને તિર્છા લોકમાં જેટલાં જિનબિંબો છે, ત્યાં રહેલા તે સર્વને અહીં રહેલો હું વાંદું છું. હવે ગુરુવંદન કરે છે કે-

"जावंत के वि साहू, भरहेरवय - महाविदेहे अ ।
सव्वेसिं तेसिं पणओ, तिविहेण तिदंड विरयाणं ॥४५॥"

અર્થ- (જિનકલ્પ સ્થવિરકલ્પ વિગેરે ભિન્ન ભિન્ન કલ્પવાળા) જે કોઈ પણ સાધુઓ પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહમાં વિચરતા અને 'च' શબ્દથી અકર્મભૂમિ વગેરેમાં સંહરણ કરાયેલા એવા ત્રણ દંડથી વિરામ પામેલા તે સર્વને હું મન-વચન-કાયાથી પ્રણુત = પ્રણામ કરું છું. હવે જિનવાણી પ્રત્યે આદરભાવ પ્રગટાવતો કહે છે કે-

"चिर-संचिय पावपणासणीई, भवसयसहस्समहणीए ।
चउवीसजिण विणिग्गयकहाई, वोलंतु मे दिअहा ॥४६॥"

અર્થ- ચિરકાલથી સંચિત પાપોનો નાશ કરનારી અને લાખ્ખો ભવોને તોડનારી એવી ચોવીશ જિનના મુખમાંથી નીકળેલી કથાનું (વાણીનું) શ્રવણ-પાલન વગેરે કરવામાં અથવા તેઓની કથા એટલે નામજાપ, ગુણગાન, સ્તુતિ, સ્તવનાદિ કરવામાં મારા ભવિષ્યના દિવસો (પૂરા) પસાર થાઓ ! હવે અંતિમ મંગળ પૂર્વક અન્યભવોમાં સમાધિ-બોધિની પ્રાર્થના કરે છે.

"मम मंगलमरिहंता, सिद्धा साहू सुअं च धम्मो अ ।
सम्मद्दिट्ठी देवा, दिंतु समाहिं च बोहिं च ॥४७॥

અર્થ– મારે અરિહંતો, સિદ્ધો, સર્વ સાધુઓ, દ્વાદશાંગીરૂપ શ્રુતધર્મ અને ચારિત્રધર્મ, એ પાંચ મંગળ છે. (જ્યાં ચાર મંગળ કહ્યાં છે ત્યાં પણ ધર્મશબ્દથી શ્રુત–ચારિત્ર બંને ધર્મો ભેગા કહ્યા છે, એમ સમજવું. એમ મંગળ કરીને હવે પ્રાર્થના કરે છે કે) હે સમ્યગ્દૃષ્ટિ દેવો ! મને તમે ચિત્તસ્વસ્થતારૂપ સમાધિને અને ધર્મપ્રાપ્તિરૂપ બોધિને આપો ! (અહીં જો કે કોઇપણ ભાવની પ્રાપ્તિમાં જીવની યોગ્યતા મુખ્ય છે, તો પણ તેની સાથે કાળ, પ્રયત્ન, કર્મ અને ભવિતવ્યતારૂપ સામગ્રીનો યોગ અનિવાર્ય છે.) એ રીતે સમકિત–દૃષ્ટિ દેવો મેતાર્ય મુનિની જેમ તે તે વિઘ્નોનો નાશ કરવા દ્વારા સમાધિને અને બોધિને આપી શકે છે, માટે પ્રાર્થના નિષ્ફળ નથી. હવે પ્રતિક્રમણ કરવામાં ચાર કારણો જણાવે છે.

"पडिसिद्धाणं करणे, किच्चाणमकरणे अ पडिक्कमणं ।
असद्दहणे अ तहा, विवरीअ परुवणाए य ॥४८॥"

અર્થ– નિષિદ્ધ કાર્યોને કરવાથી, કરણીય (વિહિત)ને નહિ કરવાથી, જિનવચનમાં શંકાદિ અશ્રદ્ધા કરવાથી અને વિપરીત પ્રરૂપણા કરવાથી, એમ ચાર કારણે પ્રતિક્રમણ કરવાનું છે. (તેથી વ્રત નહિ લેનારને પણ પ્રતિક્રમણ કરવું જોઇએ. અહીં વિપરીત પ્રરૂપણા કહી તેમાં મુખ્યતયા ધર્મદેશનાનો અધિકારી ગીતાર્થ સાધુ છે, તો પણ ગીતાર્થ મુખે ધર્મ સાંભળીને તે પ્રમાણે પ્રરૂપણા કરી શકે તેવો શ્રાવક પણ ધર્મદેશના કરી શકે છે.) હવે પ્રતિક્રમણના સારભૂત ક્ષમાની સાધના માટે કહે છે–

"खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे ।
मित्ती मे सव्व-भूएसु, वेरं मज्झ न केणइ ॥४९॥"

અર્થ– ભૂતકાળમાં અજ્ઞ અને મૂઢ એવા મેં સર્વજીવોને જે પીડા કરી હોય તેને અજ્ઞાન–મોહ રહિત થઇને ખમાવું છું. સર્વ જીવો પણ મને ક્ષમા કરો ! કારણ કે મારે સર્વજીવોની સાથે મૈત્રી છે. વૈર ભાવ કોઈની સાથે નથી. મને વિઘ્ન કરનારનું પણ હું કલ્યાણ ઇચ્છું છું. હવે અંતિમ મંગળ પૂર્વક ઉપસંહાર કરે છે કે –

"एवमहं आलोइअ, निंदिय गरहिअ – दुगंच्छिअं सम्मं ।
तिविहेण पडिक्कंतो, वंदामि जिणे चउव्वीसं ॥५०॥"

અર્થ– એમ સમ્યગ્ આલોચના કરીને, આત્મસાક્ષે નિંદા કરીને, ગુરુ સમક્ષ ગર્હા (કબૂલ) કરીને અને 'મેં બહુ ખોટું કર્યું છે' એમ તે તે પાપોની દુર્ગંછા કરીને ત્રિવિધ પ્રતિક્રમણ કરતો હું ચોવીશ જિનેશ્વરોને વાંદું છું.

આ રીતે અહીં સામાન્ય અર્થ જણાવ્યો છે, વિશેષ બોધ માટે તો બૃહદ્ ભાષાન્તર, અથવા પ્રતિક્રમણ સૂત્રોની મોટી ટીકા અને આવશ્યકચૂર્ણિ વગેરે ગ્રંથો જોવાં, હવે પ્રસંગાનુસાર બાકી રહેલાં સૂત્રોના પણ અર્થ અહીં કહીએ છીએ.

"आयरिय उवज्झाए, सीसे साहम्मिए कुल-गणे अ ।
जे मे केइ कसाया, सव्वे तिविहेण खामेमि ॥१॥"

અર્થ– આચાર્ય, ઉપાધ્યાય, શિષ્યો, સાધર્મિકો, કુલ અને ગણ, તેઓના પ્રતિ મેં જે કોઈ કષાયો કર્યા હોય, તે સર્વને ત્રિવિધે ખમાવું છું.

"सव्वस्स समण-संघस्स, भगवओ अंजलिं करिअ सीसे ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ॥२॥"

અર્થ– ભગવાન્ એવા સર્વ શ્રીશ્રમણ સંઘને બે હાથે મસ્તકે અંજલિ જોડીને સર્વને ખમાવીને હું પણ સર્વને ક્ષમા કરું છું.

"सव्वस्स जीवरासिस्स, भावओ धम्मनिहिअनियचित्तो ।
सव्वं खमावइत्ता, खमामि सव्वस्स अहयं पि ॥३॥"

અર્થ– સર્વ જીવસમુહને (ત્રણે લોકમાં રહેલા એકેન્દ્રિયાદિ સર્વ જીવોને) ભાવપૂર્વક ધર્મમાં સ્થાપ્યું છે ચિત્ત જેણે એવો હું (ધર્મભાવનાથી–રાગદ્વેષાદિ તજીને) સર્વને ખમાવીને તે સર્વને હું પણ ક્ષમા આપું છું.

"सुअदेवया भगवइ, नाणावरणीयकम्मसंघायं ।
तेसिं खवेउ सययं, जेसिं सुअसायरे भत्ती ॥१॥"

અર્થ– હે ભગવતિ શ્રુતદેવી ! તમે તેઓના જ્ઞાનાવરણીય કર્મના સમુહનો સતત નાશ કરો. કે જેઓના (ચિત્તમાં) શ્રુતસમુદ્ર પ્રતિ સતત ભક્તિ છે.

"जीसे खित्ते साहू, दंसणनाणेहिं चरणसहिएहिं ।
साहंति मुक्ख-मग्गं, सा देवी हरउ दुरिआइं ॥१॥"

અર્થ– "જેના ક્ષેત્રમાં રહીને સાધુઓ દર્શન, જ્ઞાન અને ચારિત્રદ્વારા મોક્ષમાર્ગને સાધે છે તે ક્ષેત્રદેવી તેઓના પાપનો નાશ કરો." હવે ત્રણ વર્ધમાન સ્તુતિઓમાં પહેલી સ્તુતિથી શ્રી વર્ધમાન સ્વામિને નમસ્કાર કરવા કહે છે કે–

"नमोऽस्तु वर्धमानाय, स्पर्द्धमानाय कर्मणा ।
तज्जयाऽवाप्तमोक्षाय, परोक्षाय कुतीर्थिनाम् ॥१॥"

અર્થ– કર્મોની સાથે સ્પર્ધા (યુદ્ધ) કરતા, તેમાં જય મેળવીને મોક્ષને પામેલા અને

કુતીર્થીઓથી જેઓ પ્રરોક્ષ = ન ઓળખાય તેવો છે (કુતીર્થીઓ જેઓને ઓળખી શકતા નથી) તે શ્રી વર્ધમાન સ્વામિને નમસ્કાર થાઓ ! હવે બીજી સ્તુતિથી સર્વ જિનેશ્વરોને સ્તવે છે કે –

"येषां विकचारविन्दराज्या, ज्यायःक्रम – कमलावलिं दधत्या ।
सदृशैरिति संगतं प्रशस्यं, कथितं सन्तु शिवाय ते जिनेन्द्राः ॥२॥"

અર્થ – જેઓનાં શ્રેષ્ઠ ચરણકમલની શ્રેણીને ધારણ કરતી એવી (દેવરચિત) વિકસિત સુવર્ણ કમળની શ્રેણીનું પ્રભુના ચરણો સાથે જે મિલન, (સોનેરી એવા) તે સરખે સરખાની સાથે મીલન પ્રશસ્ત છે, એમ જે આ મીલનને પંડિતોએ પ્રશંસ્યું છે. તે શ્રી જિનેશ્વરો કલ્યાણકારી થાઓ ! હવે ત્રીજી સ્તુતિથી જિનવચનની સ્તુતિ કરે છે કે –

"कषायतापार्दितजन्तुनिर्वृतिं, करोति यो जैनमुखाम्बुदोद्गतः ।
स शुक्रमासोद्भववृष्टिसन्निभो, दधातु तुष्टिं मयि विस्तरो गिराम् ॥३॥

અર્થ – જિનેશ્વરના મુખમાંથી પ્રગટેલો જેઠ માસની વૃષ્ટિ સરખો જે વાણીનો વિસ્તાર કષાયના તાપથી પીડાતા જીવોને શાન્તિ કરે છે તે (વાણીનો વિસ્તાર) મને પ્રસન્ન (શાન્તિ) કરો ! હવે 'વિશાલ લોચન' રૂપ ત્રણ સ્તુતિઓમાં પ્રથમ વીરપ્રભુની સ્તુતિ કરે છે કે –

"विशाललोचन – दलं, प्रोद्यद्दतांशुकेसरम् ।
प्रातर्वीरजिनेन्द्रस्य, मुखपद्मं पुनातु वः ॥१॥"

અર્થ – વિશાલ નેત્રોરૂપી પત્રોવાળું અને ઉજ્જવળ એવા દાંતના કિરણોરૂપી કેસરાવાળું, શ્રી વીર પ્રભુનું મુખરૂપી કમળ પ્રાતઃ સમયે તમને પાવન કરો ! હવે સર્વ જિનોની સ્તુતિ કરે છે કે –

"येषामभिषेक कर्म कृत्वा मत्ता हर्षभरात् सुखं सुरेन्द्राः ।
तृणमपि गणयन्ति नैव नाकं, प्रातः सन्तु शिवाय ते जिनेंद्राः ॥२॥"

અર્થ – (મેરૂ પર્વત ઉપર) જે જિનેશ્વરોનો જન્માભિષેક કરીને હર્ષના સમુહથી મત્ત (તૃપ્ત) બનેલા ઇન્દ્રો સ્વર્ગના સુખને તૃણ તુલ્ય પણ ગણતા નથી, તે જિનેશ્વરો પ્રાતઃકાલે કલ્યાણ માટે થાઓ ! હવે જિનમતની સ્તુતિ કરે છે કે –

"कलंक निर्मुक्तममुक्तपूर्णतं, कुतर्कराहु-ग्रसनं सदोदयम् ।
अपूर्वचंद्रं जिनचंद्रभाषितं, दिनागमे नौमि बुधैर्नमस्कृतं ॥३॥

અર્થ – (અહીં જિનવચનને અપૂર્વ ચન્દ્રની ઉપમાથી સ્તવે છે કે) જે સદા કલંક રહિત છે, કદી પૂર્ણતાને છોડતું નથી (સદા પૂર્ણ રહે છે), કુતર્કોરૂપી રાહુનું જે ગ્રસન કરે છે અને જે સદા ઉદયવંતુ છે (અસ્ત થતો જ નથી) તેથી જ જે આકાશચંદ્રથી વિશિષ્ટ અપૂર્વ ચંદ્રતુલ્ય

છે. એવું શ્રી જિનેશ્વરદ્વારા બોલાયેલું જિનવચન કે જેને પંડિતોએ નમસ્કાર કર્યો છે તેને દિવસના પ્રારંભમાં (પ્રાતઃકાળમાં) હું નમું છું. હવે એકસો સીત્તેર જિનની સ્તુતિ કરે છે કે–

"वरकनक-शंख-विद्रुम-मरकत-घनसन्निभं विगतमोहं ।
सप्ततिशतं जिनानां, सर्वामरपूजितं वंदे ॥१॥"

અર્થ– શ્રેષ્ઠ સુવર્ણ (પીળો વર્ણ), શંખ (સફેદ વર્ણ), વિદ્રુમ (પરવાળાં–રાતો વર્ણ), મરકત (નીલમ–લીલો વર્ણ), અને ઘન (કાળો મેઘ), એ પાંચેના વર્ણવાળા, સર્વ દેવોથી પૂજાયેલા (પંચવર્ણી) એકસો સીત્તેર જિનેશ્વરોને હું વાંદુ છું.

અહીં પ્રતિક્રમણનો અધિકાર પૂર્ણ થયો હવે મૂળ ગાથામાં કહેલી ગુરુની વિશ્રામણા માટે કહે છે કે– પ્રતિક્રમણ પછી અવશ્ય ગુરૂની વિશ્રામણા કરવી જોઇએ. એમાં ગુરૂ એટલે ધર્માચાર્ય અને તેમની વિશ્રામણા એટલે શ્રમ દૂર કરવા કે ભક્તિભાવથી તેમના અંગ–પગ–શરીર વગેરે દબાવવું, તથા તેના **ઉપલક્ષણથી** સુખશાતા પૂછવી, તેમનું સંયમ અંગેનું કોઈ કામ કરવું, વગેરે સ્વયં સમજવું. જો કે સાધુને ઉત્સર્ગ માર્ગે શરીર સેવા કરાવાય નહિ, દશવૈકાલિકમાં 'સંબાહણા દંત પહોયણા ય' એ પાઠથી નિષેધ કર્યો છે, તો પણ અપવાદથી જરૂર જણાય તો સાધુઓ દ્વારા અને તેના અભાવે ભક્તિવંત શ્રદ્ધાળુ શ્રાવકદ્વારા પણ સેવા કરાવી શકાય તથા શ્રમ દૂર કરવો–કરાવવો વગેરે પણ કરી શકાય છે. શુદ્ધ પરિણામથી સેવા કરનારને પણ કર્મોની નિર્જરા અને વિનય થાય છે.

ગુરુ વિશ્રામણા પછી સ્વીકારેલાં વ્રતોનું, તેના પાલન કરવાના વિધિનું, વગેરે સ્મરણ કરવું. મહામંત્રનો જાપ કરવો. વાચના–પૃચ્છનાદિ પાંચ પ્રકાર પૈકી કોઈપણ સ્વાધ્યાય કરવો, વળી પોતે રાજા, મંત્રી કે કોઈ મહા વ્યવસાયી સંપત્તિમાન હોવાથી ઉપાશ્રયે ન જઈ શકે તો પોતાના સ્થાને પણ પ્રતિક્રમણ, સ્વાધ્યાય વગેરે કરે. કારણ સ્વાધ્યાયનું મોટું ફળ જણાવતાં દશ૦ વૈ૦ નિર્યુક્તિમાં કહ્યું છે કે વિતરાગકથિત બાર પ્રકારના તપમાં એવો કોઈ બીજો તપ નથી કે જે સ્વાધ્યાયની તુલના કરી શકે. ઉપદેશમાલા ગા૦ ૩૩૮ માં પણ કહ્યું છે કે સ્વાધ્યાયથી શુભ ધ્યાન, સત્ય તત્વોનું પારમાર્થિક જ્ઞાન અને ક્ષણ ક્ષણ વૈરાગ્યની વૃદ્ધિ થાય છે. એમ શ્રાવકનું દિનકૃત્ય જણાવ્યું હવે રાત્રીકૃત્ય કહે છે કે–

मूलं "गत्वा गृहेऽथ कालेऽर्हद्गुरूस्मृतिपुरस्सरम् ।
अल्पनिद्रोपासनं च, प्रायेणाऽब्रह्मवर्जनम् ॥६६॥"

અર્થ– પછી ઘરે જઇને નિદ્રાકાળે અરિહંત દેવ અને ગુરુના (તથા મહામંત્રના) સ્મરણ પૂર્વક અલ્પનિદ્રા કરે અને પ્રાયઃ મૈથુન તજે. તાત્પર્ય કે ગુરુના ઉપાશ્રયે સ્વાધ્યાય કરીને ઘેર જઈને રાત્રીના પ્રથમ પ્રહર પછી અથવા શરીર–સ્વસ્થતા સારી હોય તો મધ્યરાત્રી પછી નિદ્રા કરે, તે પહેલાં પરિવારને ધર્મ સંભળાવે, એમ શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યું છે.

દેવ–ગુરુના સ્મરણના ઉપલક્ષણથી ચાર શરણાં, અઢાર પાપસ્થાનકનો ત્યાગ, સર્વ ભાવોની અનિત્યતાનું ચિંતન, સંયોગમૂલક દુઃખ પરંપરા, દુષ્કૃતનિંદા, સુકૃત અનુમોદના, સર્વ જીવોને ખામણાં, સાકારપચ્ચક્ખાણ વગેરે સંથારાપોરિસિમાં કહેલો સર્વ વિધિ સમજવો.

ગુરુની પણ 'જ્યાં તે વિચરતા હોય તે ગામ નગર દેશને ધન્ય છે' વગેરે અનુમોદના કરવી. પંચસૂત્ર પૈકી 'પાપ પ્રતિઘાત ગુણબીજાધાન' નામનું પહેલું સૂત્ર અર્થસહિત ચિંતવવું. અર્થાત્ એ રીતે ચાર મંગળપૂર્વક ચાર શરણ, દુષ્કૃતનિંદા, સુકૃત અનુમોદના, વગેરે કરીને નિદ્રા કરે. ચાર શરણના મહત્વ અંગે કહ્યું છે કે–"દ્વાનાદ્વિ ચાર પ્રકારનો ધર્મ ન કર્યો કે અરિહંતાદ્વિ ચારનું શરણ ન કર્યું તો સમજવું કે ચારગતિરૂપ સંસારનો છેદ તો ન કર્યો, કિંતુ મિથ્યાજન્મ હારી ગયો" દુષ્કૃતનિંદા અને સુકૃતાનુમોદના કરવી કે–"મન–વચન–કાયાથી કોઈ પાપ કર્યું હોય, કરાવ્યું કે અનુમોદ્યું હોય, તે સર્વની હું ગર્હા કરું છું." અને "ત્રણે કાળમાં ત્રિકરણયોગે શ્રી જિનાજ્ઞાનું જે કાંઈ પાલન થયું હોય, તે સર્વની અનુમોદના કરું છું." વળી "હું સર્વ જીવોને ખમાવું છું, સર્વજીવો મને ક્ષમા કરો, મારે સર્વજીવો સાથે મૈત્રી છે, કોઇની સાથે વૈરભાવ નથી" એમ ખામણાં કરે.

સાગારપચ્ચક્ખાણ પણ ગ્રન્થીસહિત પચ્ચ૦ સાથે કરી ચારે આહારનો ત્યાગ કરે અને સર્વ સાતે વ્રતોના સંક્ષેપરૂપ 'દેશાવગાશિક' પચ્ચ૦ કરે. શ્રાદ્ધદિનકૃત્યમાં કહ્યુ છે કે– મચ્છર, જૂ, સિવાયના જીવોની હિંસા, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન અને તે દિવસે કરેલી કમાણી સહિત સર્વ પરિગ્રહ, તથા અનર્થદંડ, નિદ્રામાં જરૂરી વસ્ત્રો કે શયનાદ્વિ સિવાયનો સર્વભોગોપભોગ અને ઘરના અમુક ભાગ સિવાય સર્વ દિશાઓમાં ગમનાગમન એ સર્વને મનથી તજવાં અશક્ય હોવાથી) વચન–કાયાથી કરવાનો–કરાવવાનો ત્યાગ ગ્રંથીસહિત પચ્ચ૦પૂર્વક કરે, અર્થાત્ 'ગાંઠ ન છોડું ત્યાં સુધી' એમ ત્યાગ કરે. વળી જો આ રાત્રીમાં મારું આયુષ્ય પૂર્ણ થાય તો સર્વ આહાર, સર્વ ઉપધિ અને શરીરનો પણ ત્યાગ કરું છું. એમ નિર્ણય કરી નવકાર ગણવા પૂર્વક સાકાર પચ્ચક્ખાણ કરવું. પછી પાંચવાર મહામંત્ર નમસ્કારનું સ્મરણ કરવું અને અલગ શય્યામાં સુવું.

એમ સર્વ રીતે મોહને ઉપશાવીને ધર્મ–વૈરાગ્ય વગેરેના શુભભાવોથી ભાવિત થઇને નિદ્રા કરે. વળી મૂળગાથામાં પ્રાયઃ કહેલ છે, તેથી સર્વથા મૈથુનને ન તજી શકે તો પણ શકય તજે, જાવજ્જીવ સર્વથા ત્યાગ અશકય હોય તો પણ પર્વતિથિએ તજે, એમ જેટલો બને તેટલો અધિક ત્યાગ કરે. હવે નિદ્રામાં જાગી જાય ત્યારે શું કરવું તે કહે છે કે–

मूलं–"निद्राक्षयेऽङ्गनाङ्गाना – मशौचादेर्विचिन्तनम् ।
इत्याहोरात्रिकी चर्या श्रावकाणामुदीरिता ॥६७॥"

અર્થ– નિદ્રામાંથી જાગી જાય ત્યારે સ્ત્રી (પુરુષો) ના અંગોની અશુચિતાનું ચિંતન કરવું. એ રીતે શ્રાવકોની અહોરાત્રીની સમાચારી જણાવી.

રાત્રીનો કાળ સામાન્યતયા જીવોને પાપમાં પ્રેરક હોવાથી અને અનાદિ વિષય સેવનના સંસ્કાર દૃઢ હોવાથી નિદ્રામાંથી જાગી જાય ત્યારે વિકારને વશ ન થતાં સ્ત્રીના (પુરુષના) શરીરની અપવિત્રતાનું સવિશેષ ચિંતન કરવું અને શ્રીજમ્બૂસ્વામિજી, શ્રીસ્થૂલભદ્રજી, શ્રીવિજય શેઠ, વિજયા શેઠાણી, ચંદનબાળા, વગેરે સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓનાં, સતીઓનાં તથા સત્પુરુષોનાં ચરિત્રોનું ચિંતન કરી આત્મસત્ત્વ પ્રગટાવવું, કષાયોને જીતવાના ઉપાયો વિચારવા, સંસારની અસારતાનું અને ધર્મના ઉપકારોનું ચિંતન કરવું. તેમાં સ્ત્રી શરીર માંસ અને મળમૂત્રની કોથળી છે, શ્લેષ્મ, કફ, થૂંક વગેરેનું ઝરણું છે, કૃમિઆ વગેરે જીવોનું અને રોગોનું ઘર છે. તથા કૃત્રિમ–ક્ષણવિનશ્વર એવું તેનું રૂપ તો પુરુષોને ફસાવવાની ફાંસી છે વગેરે ચિંતવવું.

કષાયોને જીતવાના ઉપાયો વિચારવા કે – ક્ષમા, નિરભિમાનતા, સરળતા અને સંતોષથી ક્રમશઃ ક્રોધ – માન – માયા – લોભને, વૈરાગ્યથી રાગને, મૈત્રીથી દ્વેષને, વિવેકથી મૂઢતાને, રૂપની કૃત્રિમતા વિચારીને કામને, ગુણાનુરાગથી મત્સરને, ઇન્દ્રિયોના અને મનના સંયમથી વિષયોને, ત્રણ ગુપ્તિથી ત્રણ દંડને, અપ્રમાદથી પ્રમાદને અને વિરતિથી અવિરતિને, એમ મોહને જીતવા માટે શુભચિંતન કરવું. સંસારની અસારતા અંગે પણ વિચારવું કે – નરકોમાં નારકીઓ જે દુઃખ ભોગવે છે તેનું વર્ણન કરવું કોઈ રીતે શક્ય નથી. ત્યાં તેઓ રાત્રી–દિવસ દુઃખની આગમાં સળગી રહ્યા હોય છે અને 'ત્રાહિ ત્રાહિ' પોકારે તેમ તેમ પરમાધામીદેવો તેઓને અધિકાધિક પીડે છે. આંખના પલકારા જેટલું પણ સુખ ત્યાં નથી. નિગોદમાં તો તેથી પણ અનંતગુણ દુઃખ હોય છે.

મનુષ્યપણામાં અગ્નિમાં તપાવેલી સોયો એક સાથે સમગ્ર શરીરમાં ભોંકવાથી જે દુઃખ થાય તેથી આઠગણું દુઃખ જન્મતાં, જન્મ્યા પછી પણ જેલ, શસ્ત્રપ્રહાર, બંધન, રોગો, ધનનાશ, કુટુંબવિયોગ, વૃદ્ધાવસ્થા અને મરણ વગેરેનાં અસહ્ય દુઃખો, ઉપરાંત સંતાપ–અપકીર્તિ – અપભ્રાજના વગેરે માનસિક દુઃખો તો એવા હોય છે કે તેને ભોગવતાં કેટલાક આપઘાતને પણ કરે છે.

દેવભવમાં પણ ઈર્ષ્યા, વિષાદ મદ, ક્રોધ, માયા, લોભથી પીડાતા દેવો ચ્યવનકાળે ભાવિ ગર્ભાવાસ વગેરે જાણીને અતિદુઃખી થાય છે અને તિર્યંચગતિનાં દુઃખો તો પ્રત્યક્ષ છે. એમ સંસારને દુઃખોની ખાણ તુલ્ય સમજીને તેના પ્રત્યે વૈરાગ્ય કેળવવો અને ધર્મના મનોરથો કરવા કે અન્યભવમાં મિથ્યાત્વયુક્ત ચક્રવર્તી ન બનતાં દરિદ્ર પણ શ્રાવક બનીશ, ત્યાં પણ સ્વજનાદિના સંબંધો તોડીને ગીતાર્થગુરુની નિશ્રામાં દીક્ષાને સ્વીકારીશ. દીક્ષામાં પણ તપથી શરીરને સૂકવીને ભય–ભૈરવના પ્રસંગે પણ નિર્ભયપણે સ્મશાનાદિમાં કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહી ઉત્તમ ચારિત્રને પાળતો હું સ્વપર કલ્યાણ સાધીશ, વગેરે શુભધ્યાનમાં રાત્રી પૂર્ણ કરવી. એમ અહીં સુધી શ્રાવકનાં દિન–રાત્રીનાં કૃત્યો કહ્યાં.

॥ ॐ नमः श्री जिनप्रवचनाय ॥

ધર્મસંગ્રહ ગુજરાતી ભાષાન્તર સારોદ્ધાર

ભાગ-૧, વિભાગ-૨ જો.

પ્રકરણ-૪, શ્રાવકના પર્વાદિ કર્તવ્યો.

મૂલ-"एवं पर्वसु सर्वेषु, चतुर्मास्यां च हायने ।
जन्मन्यपि यथाशक्ति, स्वस्व सत्कर्मणां कृतिः ॥६८॥"

અર્થ- પૂર્વે કહ્યું તે દિનકૃત્યની જેમ સર્વ પર્વોમાં, ત્રણે ચોમાસીમાં, વર્ષમાં અને સમગ્ર જન્મમાં પણ તે તે કરણીય કાર્યો યથાશક્તિ અવશ્ય કરવાં. તેમાં અમુક જ નહિ પણ સર્વપર્વોમાં તે તે પર્વની આરાધના કરવી, એ ગૃહસ્થનો ધર્મ છે.

પર્વો આગમમાં બે આઠમ, બે ચૌદશ અને પૂર્ણિમા તથા અમાવાસી. એમ એક મહિનામાં છ અને એક પખવાડીયામાં ત્રણ ત્રણ કહ્યાં છે. મહાનિશિથમાં તો જ્ઞાનપંચમી પણ કહી છે, ત્યાં કહ્યું છે કે- અષ્ટમી, ચતુર્દશી અને જ્ઞાનપંચમીમાં ઉપવાસ ન કરે તો પ્રાયશ્ચિત લાગે. શ્રાદ્ધવિધિ વગેરે અન્ય ગ્રન્થોમાં તો બીજ, પાંચમ, આઠમ, એકાદશી અને ચતુર્દશી, એ પાંચને શ્રુતતિથિઓ કહી છે, તેમાં બીજ બે પ્રકારના ધર્મ માટે, પંચમી પાંચ જ્ઞાનની આરાધના માટે, અષ્ટમી આઠ કર્મના ક્ષય માટે, એકાદશી અગ્યાર અંગની અને ચતુર્દશી ચૌદપૂર્વની આરાધના માટે કહી છે. એ પાંચમાં પૂર્ણિમા અને અમાવાસી મેળવતાં દરેક પક્ષમાં છ છ પર્વો પણ આવે.

પ્રત્યેક પર્વદિનમાં અને શક્ય ન હોય તો અષ્ટમી - ચતુર્દશીએ તો અવશ્ય પૌષધ કરવો, એ પણ ન કરી શકે તેણે તે તે પર્વમાં ઉભયવેળા પ્રતિક્રમણ અને તેટલાં અધિક સામાયિકો અને ઘણા પાપના સંક્ષેપવાળું દેશાવગાશિક કરવું જોઇએ, ઉપરાંત પર્વદિવસે સ્નાન, માથું શોધવું કે ગૂંથવું, વસ્ત્ર ધોવાં-રંગવાં, ગાડાં-હળ, વગેરે ચલાવવાં, અનાજના મુંડા બાંધવા, ઘંટી-ઘાણી-રેંટ ચલાવવા, ખાડવું, દળવું, વાટવું, પુષ્પો, પત્રો કે ફળો વગેરે ચૂંટવાં, ખેતરમાં અનાજ લણવાં, કાપવાં, લીંપવું, માટી ખોદવી, કાંતવું, સુથાર-કડીઆનાં કામ કરાવવાં અને સચિત્ત ભક્ષણ કરવું, ઇત્યાદિ સર્વ પાપકાર્યો તજવાં.

દરરોજ કરતાં પર્વ દિવસે તપ અધિક કરવો અને સ્નાત્રપૂજા, ચૈત્ય પરિપાટી, સર્વગુરુઓને વંદન, સુપાત્રદાન, બ્રહ્મચર્યપાલન, વગેરે ધર્મકાર્યો પર્વમાં અધિક કરવાં. આગમમાં કહ્યું છે કે "પર્વતિથિએ પ્રાયઃ આગામી ભવનું આયુષ્ય બંધાય છે, તેથી પર્વદિવસે પાપકાર્યો તજીને તપ-ઉપધાન (જ્ઞાન ભણવું) વગેરે શુભ અનુષ્ઠાનો અધિક કરવાં. કે જેથી શુભગતિનું આયુષ્ય બંધાય.

વળી આસો ચૈત્રની બે, ચોમાસીની ત્રણ અને પર્યુષણાની એક, એમ છ અઠ્ઠાઇઓના દિવસો ત્રણ ચોમાસીના ત્રણ, પર્યુષણાનો એક, તથા શ્રી જિનેશ્વરોનાં ચ્યવન, જન્મ, દીક્ષા,

કેવળ અને નિર્વાણના દિવસો, એ સર્વ પર્વ જાણવાં. તેમાં આસો ચૈત્રની બે અઠ્ઠાઇઓ તો શાશ્વતી છે. તે દિવસોમાં વૈમાનિક વગેરે ચારે નિકાયના દેવો પણ નંદીશ્વર દ્વીપ વગેરે તીર્થમાં જઈ મોટા મહોત્સવો કરે છે. જીવાભિગમમાં તો કહ્યું છે કે- ચારે નિકાયના ઘણા દેવો છ એ અઠ્ઠાઇઓમાં મોટા મહોત્સવો કરે છે.

તિથિનિર્ણય- સવારે પ્રત્યાખ્યાન કરવાના (સૂર્યોદય) સમયે જે તિથિ ભોગવાતી હોય તેને પ્રમાણભૂત માનવી. લોકમાં પણ રાત્રી-દિવસનો વ્યવહાર સૂર્યોદયને અનુસારે થાય છે. શ્રાદ્ધવિધિ૦ ગા૦ ૧૧ની ટીકામાં એ વિષયમાં કહ્યું છે કે- ચોમાસીમાં, વાર્ષિકમાં, પક્ષમાં, પંચમીમાં તથા અષ્ટમીમાં તે તે તિથિ પ્રમાણ કરવી કે જો તે તે તિથિ સૂર્યોદયને સ્પર્શતી હોય, તે સિવાયની અપ્રમાણ કરવી. વળી પૂજા પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ અને અભિગ્રહાદિ નિયમો જે વારમાં તે તે પર્વતિથિને સૂર્યોદય સ્પર્શતો હોય તે વારે કરવાં. સૂર્યોદયના સ્પર્શવાળી તિથિ જ પ્રમાણ માનવી, તે સિવાયની **સૂર્યોદયના સ્પર્શ વિનાની તિથિને પ્રમાણભૂત માનવાથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ ચાર દોષો લાગે છે.** પારાશરવૃત્તિમાં પણ કહ્યું છે કે- સૂર્યોદયવેળાએ ભોગવાતી તિથિ થોડી પણ હોય, તેને જ સંપૂર્ણ માનવી, અને સૂર્યોદયના સ્પર્શ વિનાની લાંબી હોય તો પણ તેને નહિ માનવી. આ નિયમ ઔદયિક તિથિ અંગે જાણવો. પંચાંગના ગણિતથી તિથિની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે શું કરવું ? તે માટે **પૂ૦ વાચક પ્રવર શ્રીમદુમાસ્વાતિજી મહારાજનું વચન સંભળાય છે કે-**

"क्षये पूर्वा तिथिः कार्या (ग्राह्या), वृद्धौ कार्या तथोत्तरा ।
श्रीवीरज्ञाननिर्वाणं (मोक्षकल्याणं), कार्यं लोकानुगैरिह ॥"

અર્થ- ક્ષય આવે ત્યારે તે તિથિની આરાધના પૂર્વ તિથિમાં અને વૃદ્ધિ આવે ત્યારે (બેમાં પૂર્વની છોડીને) ઉત્તરતિથિમાં આરાધના કરવી અને શ્રી વીરપ્રભુનું (જ્ઞાન અને) નિર્વાણ કલ્યાણક લોકો કરે ત્યારે કરવું.

(તિથિની ક્ષય-વૃદ્ધિ એ રીતે થાય કે એક વારમાં જ્યારે બે તિથિની સમાપ્તિ થાય, ત્યારે તેમાંની બીજી તિથિ કોઇ વારના સૂર્યોદયને સ્પર્શી શકતી નથી તેને ક્ષય-ક્ષીણ તિથિ કહેવાય છે. અને જ્યારે એક તિથિનો ભોગવટો ત્રણવારને સ્પર્શે છે ત્યારે લાગલગાટ તે તિથિ બે દિવસના સૂર્યોદયને સ્પર્શતી હોય છે, તેથી તેને વૃદ્ધિતિથિ કહેવાય છે. ઘણા કાળથી જૈન ગણિતના ટીપ્પણના અભાવે સર્વ પૂર્વાચાર્યોથી જૈનેતર ટિપ્પણ માનવાનું ચાલુ છે અને તે ટીપ્પણમાં અનિયમિત રીતે કોઇપણ તિથિનો ક્ષય અને વૃદ્ધિ આવી શકે છે, માટે તેવા પ્રસંગે આરાધના કયારે કરવી ? તેના જવાબરૂપે પૂ. શ્રી ઉમાસ્વાતિજી મહારાજનો આ પ્રઘોષ અનેક જૈન ગ્રન્થોમાં વિદ્યમાન છે અને તેને અનુસરીને પર્વોની આરાધના કરવામાં આવે છે.)

એ રીતે પર્વદિવસોમાં આરાધના કરવી. હવે ચોમાસી કૃત્યો કહે છે–

શ્રાવકનાં ચોમાસી કર્તવ્યો

શ્રાવક સર્વવિરતિને સ્વીકારી ન શકે ત્યાં સુધી દેશવિરતિના અભ્યાસ માટે બને તેટલાં આરંભ સમારંભ ઓછા કરે, જેમ ઘરખર્ચમાં કરકસર એ મોટી કમાણી છે, તેમ આરંભોમાં પણ જરૂરીઆત ઘટાડીને ઓછા પાપથી જીવવું એ કમાણી છે, માટે વ્રતધારી શ્રાવકે પ્રત્યેક ચોમાસીમાં વ્રતોમાં પૂર્વે રાખેલી છૂટનો સંક્ષેપ કરવો અને વ્રત ન લીધાં હોય તેણે પણ વિવિધ નિયમો – અભિગ્રહો સ્વીકારવા, એમ કરવાથી નિરર્થક અવિરતિજન્ય પાપ બંધાતું અટકે છે.

તેમાં અષાઢ ચોમાસીમાં (પૂર્વે) સમ્યક્ત્વ અધિકારમાં જે નિત્ય નિયમો કહ્યા છે તેમાં વૃદ્ધિ કરવી. જેમ કે બે અથવા ત્રણ વાર અષ્ટપ્રકારી વગેરે જિનપૂજા કરવી, બૃહદ્ દેવવંદન કરવું, નિત્ય સર્વ પ્રતિમાની પૂજા કરવી, ન બને તો દર્શન કરવું અને સ્નાત્રપૂજા, મોટી પૂજા, પ્રભાવનાદિ કરવું, એમ બને તેટલી ધર્મની પ્રવૃત્તિ વધારવી.

ગુરુને પણ દ્વાદશાવર્ત વંદન કરવું, તેઓની અંગપૂજા, પ્રભાવના, ગહુંલી વગેરે ભક્તિ કરવા પૂર્વક જિનવાણી સાંભળવી, તેઓની શરીર સેવા કરવી, નવું જ્ઞાન ભણવું-વાંચવું વગેરે વિવિધ સ્વાધ્યાય કરવો, સચિત્ત ભક્ષણનો ત્યાગ કરવો, સર્વથા ન બને તો નિરૂપયોગી સચિત્તનો ત્યાગ કરવો. પાણી ઉકાળેલું વાપરવું વગેરે.

જયણા માટે ઘર-હાટ કે મકાનોની ભીંતો, થાંભલા, ખાટલા, પાટ-પાટલા-પાટલી-છીંકાં, ચોપડનાં ભાજનો, ઇંધણાં, કોલસા અને અનાજ, એ સર્વ ચીજોમાં લીલ, ફૂગ કે ધનેરીયાં, ઇયળો વગેરે જીવો ઉપજે નહિ તે માટે જેની જે રીતે થાય તે રીતે રક્ષા કરવી. જેમ કે મકાન વગેરેને ચૂનો લગાડવો, અનાજમાં રાખલેળવવી, તે તે વસ્તુને લાગેલો મેલ-પસીનો વગેરે ધોઇને સાફ કરવી, તપાવવા યોગ્યને સૂર્યના તાપમાં તપાવવી, ભેજવાળી જગ્યામાં ન મૂકવી, ઠંડીથી રક્ષણ થાય તે વસ્તુને ઠંડા સ્થાને રાખવી, પાણી દરરોજ બે ત્રણવાર જાડા ગરણાથી ગાળવું, ઘી-તેલ-ગોળ-છાશ-પાણી વગેરેનાં ભાજનો ઢાંકીને રાખવા, ઉષ્ણ પાણી, ઓસામણ કે સ્નાન વગેરેનું મેલું પાણી જ્યાં લીલ-ફૂગ કે ત્રસ જીવો ન હોય તેવી રેતીવાળી જમીનમાં તુર્ત સુકાઈ જાય તેમ છૂટું છૂટું પરઠવવું, ચૂલા-દીવા વગેરે ઉઘાડા ન રાખવા. વળી દળવામાં, વસ્ત્ર-વાસણ ધોવામાં, રાંધવામાં, એમ સર્વ કાર્યોમાં પૂજવા પ્રમાર્જવાનો ઉપયોગ રાખવો, ચૂલો, પાણીયારૂં, ખાંડણીઓ તથા ઘંટી ઉપર, વલોણાના, સુવાના, ન્હાવાના અને જમવાના સ્થાને તથા દહેરાસર-ઉપાશ્રયમાં, એ દશસ્થાને ચંદ્રુઆ બાંધવા. ઇત્યાદિ સર્વ કાર્યો જયણા પૂર્વક કરીને પહેલા વ્રતની રક્ષા કરવી.

વસ્તુતઃ તો જીવોત્પત્તિ ન થવા દેવી તે જયણા કહી છે. જીવો ઉપજ્યા પછી તેની હિંસાથી બચવું દુષ્કર છે, માટે પાટ-પાટલા-પલંગ વગેરે અને જ્યાં જ્યાં ઓઢિંગણ દેવાય

તે ભીંતોનો ભાગ, ખુરશી ઈત્યાદિમાં ગરમીના દિવસોમાં લાગેલો પરસેવો ક્ષારના કારણે ચોમાસાની હવામાં પાણીરૂપ બને અને તેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉપજે, માટે ચોમાસાની હવા પહેલાં જ તેને સાફ કરવાં જોઇએ.

એ રીતે ઘરના આંગણા વગેરેમાં નાખેલ કચરો, શ્લેષ્મ, થૂંક, કફના બળખાં વગેરે સૂકાઈ ગયા હોય તો પણ વર્ષાઋતુની હવાથી તેમાં જીવોત્પત્તિ થાય. બાળવાનાં, ઇંધણાં, કોલસા, વગેરેમાં પણ કુંથુઆ-ઇયળો-ઘૂણ-કીડા, વગેરે થાય. વસ્ત્રો ધોએલું, મેલવાળું જળ પણ જ્યાં જ્યાં નાખે ત્યાં જીવો ઉપજે, (તેમાં ઉડતા જીવો પણ પડે) વગેરે વિવિધ રીતે થતી જીવોત્પત્તિનું જ્ઞાન મેળવી, જીવોત્પત્તિને અટકાવવી એ સાચી જયણા છે. ધાર્મિક ઉપકરણોમાં પણ ડાંડા, દંડાસન, ચરવળીની ડાંડીઓ, સાંપડા-ઠવણી વગેરેમાં જે ભાગથી તેને પકડીએ ત્યાં પરસેવો લાગે અને ત્યાં જીવોત્પત્તિ થાય માટે આર્દ્રા પહેલાં જ એ સર્વ વસ્તુઓ સાફ કરવી જોઇએ.

જયણા એ ધર્મની માતા છે, માટે સાધુ અને શ્રાવકે જયણા પાળવી જોઇએ. વિરાધના ન થાય તો પણ જયણા નહિ કરનારને વિરાધક કહ્યો છે. યોગશાસ્ત્રમાં કહ્યું છે કે- મોક્ષને ઇચ્છતો શ્રાવક ત્રસની હિંસા તો ન કરે, પણ અહિંસા ધર્મનો જાણ સ્થાવર જીવોની પણ નિરર્થક હિંસા ન કરે.

બીજા વ્રતની રક્ષા માટે આળ-અભ્યાખ્યાન, ચાડી, કઠોર ભાષણ, વગેરે અસત્યોનો ત્યાગ કરવો.

ત્રીજા વ્રતમાં- ખોટાં તોલ-માપથી લેવડ-દેવડ વગેરે નહિ કરવું.

ચોથા વ્રતમાં- બ્રહ્મચર્ય પાળવું, સર્વથા ન પળાય તો પર્વતિથિઓમાં અવશ્ય પાળવું. સામાન્ય દિવસોમાં પણ દિવસે સંપૂર્ણ પાળવું અને રાત્રીએ પરિમાણ કરવું.

પાંચમા વ્રતમાં- ઇચ્છાનું પરિમાણ બને તેટલું ઘટાડવું.

છઠ્ઠા વ્રતમાં- ઉત્સર્ગથી કોઈ દિશામાં કયાંય જવું નહિ, અનિવાર્ય હોય તો તે દિશામાં તેટલી છૂટ રાખી શેષ દિશાઓમાં ગમન કરવું નહિ.

સાતમામાં- શકય હોય તે રીતે સ્નાન, માથું ગુંથવું, દાતણ, પગરખાં વગેરેનો ત્યાગ કરવો, ઉપરાંત ખેતર ખેડવાં, માટી-ખાણ ખોદવી, વસ્ત્રાદિ રંગવાં, વાહન ચલાવવાં વગેરે પાપો બંધ કરવાં. રાયણ-આંબા-કેરીમાં જીવોત્પત્તિનો સંભવ હોવાથી આર્દ્રા-નક્ષત્ર પછી તેનો ત્યાગ કરવો, રાંધેલો વાસી આહાર, કાચા ગોરસ સાથે કઠોળ, પુરીઓ, પાપડ, વડાં વગેરે અને વનસ્પતિની સૂકવણી, તાંદળજા વગેરેની ભાજી, નાગરવેલનાં પાન, કોપરાના ગોળા કે કાચલાં, ખારેક, ખજૂર, દ્રાક્ષ, કાચી ખાંડ અને સૂંઠ વગેરે, એ સર્વમાં વિવિધ ત્રસસ્થાવર જીવોની

ઉત્પત્તિ સંભવિત હોવાથી તેનો ત્યાગ કરવો. ઔષધાદિ માટે અનિવાર્ય હોય તો પણ પૂર્ણ જયણાથી ઉપયોગ કરવો. અને પૂર્વે કહેલાં પંદર કર્માદાનોનો વ્યાપાર તો સર્વથા તજવો.

આઠમાં અનર્થદંડમાં– જળક્રિડાનો ત્યાગ કરવો અને સ્નાન તથા તેલમર્દન વગેરેનું પણ પરિમાણ કરવું. એમ આઠ વ્રતોમાં સવિશેષ ત્યાગ તથા જયણા કરવી.

તથા ચાર શિક્ષાવ્રતોમાં વૃદ્ધિ કરવી, અતિથિ સંવિભાગ તો દરરોજ ન બને તો પણ તપના પારણે અવશ્ય કરવો.

ઉપરાંત શક્તિ પ્રમાણે ઉપધાનતપ, સંસારતારણ તપ, અઠ્ઠાઇ, પંદર ઉપવાસ, સોળ ભક્ત, માસક્ષમણ તપ, વગેરે તપ સવિશેષ કરવો. રાત્રે ચઉવિહાર અને ગાઢ કારણે ન બને તો તિવિહારનું પચ્ચ૦ કરવું. દીન, અનાથ વગેરેને સહાય કરવી. ઇત્યાદિ ચાતુર્માસિક કર્ત્તવ્યો જાણવાં. શ્રાદ્ધવિધિની ૧૨ મી ગાથાની ટીકામાં ચોમાસી કર્ત્તવ્યોનું આ વર્ણન છે, તે મૂળ ભાષાન્તરમાંથી જોઇ લેવું.

શ્રાવકના વાર્ષિક કર્ત્તવ્યો

શ્રાવકને પ્રતિ વર્ષે કરવા યોગ્ય ધર્મકૃત્યોનું વર્ણન શ્રાદ્ધવિધિ પ્રકરણમાં આગીયાર દ્વારોથી આ પ્રમાણે કર્યું છે.

૧. સંઘપૂજા= પોતાના વૈભવ પ્રમાણે પૂજ્ય સાધુ-સાધ્વીજીને અતિ આદર-બહુમાનપૂર્વક આધાકર્મ વગેરે બેતાલીસ દોષ રહિત, સંયમમાં ઉપયોગી એવા વસ્ત્ર, પાત્ર, સુતર, ઉન, દાંડા, દાંડી, સોય, કર્ણશોધન, કાગળ, પુસ્તક, પાઠાં વગેરે આપવાં. સાધુને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર, વસ્ત્ર, પાત્ર, કામળ, રજોહરણ, એ ચાર. તથા સોય, મુંડન માટે અસ્ત્રો, કાન ખોતરણી અને નરણી એ ચાર, એમ બાર વસ્તુ સંયમોપયોગી હોવાથી (શય્યાતર સિવાય બીજાની) લેવી કલ્પે છે, માટે તેવી નિર્દોષ વસ્તુઓથી સાધુ-સાધ્વીની ભક્તિ કરવી અને શ્રાવક-શ્રાવિકાને પણ આદર-બહુમાનપૂર્વક પહેરામણી આપીને ભક્તિ કરવી. તદુપરાંત શ્રી સંઘના આશ્રયે જીવનારા દેવ-ગુરુ-ધર્મના ગુણ ગાનારા યાચકો (ભોજકો-સેવકો) વગેરેનો પણ યથોચિત સત્કાર કરવો.

ચતુર્વિધ સંઘની સર્વ પ્રકારે વિશિષ્ટ ભક્તિ કરનાર વૈભવવાળા શ્રાવકની સંઘપૂજા ઉત્કૃષ્ટ કહેવાય, અલ્પશક્તિવાળો વૈભવના અભાવે માત્ર એક બે સાધુને થોડું સુતર કે મુહપત્તિ અને એક બે શ્રાવક-શ્રાવિકાને માત્ર સોપારી વગેરે આપીને પણ ભક્તિ કરે, તે જઘન્ય કહેવાય. શેષ મધ્યમ જાણવી. તેમાં સ્વશક્તિ અનુસાર વર્ષમાં એક વખત જઘન્ય ભક્તિ પણ કરવી જોઇએ. નિર્ધનને અલ્પ પણ ભક્તિ મોટું ફળ આપે છે, સંઘપૂજા અવશ્ય કરવી જોઇએ. કારણ કે શ્રી સંઘને શાસ્ત્રોમાં શ્રી તીર્થંકર ભગવંતથી બીજા નંબરે અથવા તીર્થંકર તુલ્ય કહ્યો છે.

૨. સાધર્મિક ભક્તિ– સમાન ધર્મ કરનારા સાધર્મિકો કહેવાય, તેઓનું વાત્સલ્ય પણ સ્વશક્તિ પ્રમાણે પ્રતિ વર્ષે કરવું જોઇએ. સઘળાનું ન કરી શકાય તો ઓછામાં ઓછા એક બે પણ શ્રાવક-શ્રાવિકાની ભક્તિ અવશ્ય કરવી. આ સંસારમાં ભમતાં જીવને માતા-પિતાદિના સંબંધો તો સર્વ જીવ સાથે ઘણી વાર થયા, પણ સાધર્મિક સંબંધ તો કોઇકિવાર કોઇકની સાથે જ થાય છે, એવા દુર્લભ સાધર્મિકની ભક્તિ કરવાથી સર્વ ધર્મની આરાધના કરતાં પણ અધિક ફળ મળે છે. મુનિઓને રાજપિંડ અકલ્પ્ય હોવાથી રાજાઓને તો સાધર્મિક ભક્તિથી જ અતિથિ સંવિભાગ વ્રત કરી શકાય. તેમાં–

(૧) દ્રવ્યસાધર્મિક વાત્સલ્ય– પોતે શ્રીમંત હોય તો દરરોજ એક, બે, ત્રણ સાધર્મિકોને જમાડે, તેમ ન બને તો પુત્રાદિના જન્મ-લગ્ન, કે એવા શુભપ્રસંગે તેઓને આમંત્રીને ભોજન સમયે 'તેઓના પગ ધોવા, ઉત્તમ આસને બેસાડવા' વગેરે વિનય કરીને શ્રેષ્ઠ ભાજનમાં શ્રેષ્ઠ ભોજન કરાવે અને શક્તિ પ્રમાણે તંબોલ, વસ્ત્ર કે આભરણોથી સત્કાર કરે. સંકટમાં પડેલાને પોતાના ધનથી છોડાવે અને નિર્ધન થયેલાને ધન આપીને સમૃદ્ધ કરે. કહ્યું છે કે– "જેણે છતા વૈભવે દીન-દુઃખીઓનો ઉદ્ધાર ન કર્યો, સાધર્મિકોનું વાત્સલ્ય ન કર્યું અને હૈયામાં વિતરાગને ન પધરાવ્યા, તે જન્મને નિષ્ફળ હારી ગયો."

(૨) ભાવસાધર્મિક વાત્સલ્ય– સીદાતા જે ધર્મ કરી શકતા ન હોય, તેઓની અગવડો ટાળીને સગવડ આપી ધર્મમાં જોડવા, સ્થિર કરવા, પ્રમાદી સાધર્મિકોને તે તે કર્તવ્યનો ખ્યાલ કરાવવો, ભૂલેલાની ભૂલ સુધારવી, અને વાત્સલ્ય ભાવે સન્માર્ગે જોડવા, એમ છતાં ન સમજે તો પણ નારાજ ન થતાં વાર વાર પ્રેમથી પ્રેરણા કરવી, સદ્ભાવથી સારણા-વારણાદિ કરીને ધર્મમાં જોડવા-સ્થિર કરવા, વગેરે ભાવવાત્સલ્ય જાણવું.

૩. યાત્રાત્રિક– અષ્ટાહ્નિકા, રથયાત્રા અને તીર્થયાત્રા, એમ જિનેશ્વરોની ત્રણ યાત્રા કહી છે, તે શ્રાવકે પ્રતિ વર્ષે સ્વશક્તિ પ્રમાણે કરવી જોઇએ. તેમાં-

(૧) અઠ્ઠાઈ મહોત્સવરૂપ યાત્રામાં– યથાશક્તિ દાન તપ કરવો અને શાસન-પ્રભાવના માટે વસ્ત્રાદિથી શરીર શોભાં કરવી, ઉપરાંત ગીત, વાજિંત્ર, સ્તુતિ, સ્તવન, નાટકાદિ કરવું જોઈએ. તેમાં નાટક વગેરે તો મહોત્સવની આદિથી અંત સુધી કરવું અને દાન પ્રારંભથી કરવું. યાત્રા પંચાશકમાં કહ્યું છે કે– મહોત્સવમાં રંક-દીન-દુઃખી વગેરેની પ્રસન્નતા માટે મહોત્સવના પ્રારંભથી તેઓને દાન કરવું, વ્યાખ્યાતા ગુરુએ પણ સ્વશકિત પ્રમાણે રાજા કે અધિકારીઓને ઉપદેશ કરી કસાઈ-માછીમાર આદિ હિંસકોની આજીવિકાનો પ્રબંધ કરાવી જીવોને અભયદાન અપાવવું અને રાજાનાં દાણ, કર વગેરે માફ કરાવવાં. ગુરુનો યોગ ન હોય તો ધનિક શ્રાવકોએ અમારિ, અચોરી વગેરે કરાવવું. નાટક સંગીત ચાલુ કરવાં, વાજિંત્રો વગડાવવાં અને સર્વ મંદિરોમાં અંગરચના, વિશિષ્ટ પૂજા વગેરે મહોત્સવ કરવો.

(૨) **રથયાત્રા**– સારી રીતે શણગારેલા સુવર્ણના, ચાંદીના કે લાકડાના રથમાં શ્રીજિનપ્રતિમાને પધરાવી સ્નાત્રપૂજાદિ ભક્તિપૂર્વક મોટા આડંબરથી સમસ્ત ગ્રામ-નગરમાં ફેરવીને પૂજા-ભક્તિ કરવી-કરાવવી. કારણ કે ચૈત્ય (અષ્ટાહ્નિકા) યાત્રા રથયાત્રાથી પૂર્ણ થાય છે. રથયાત્રાના પ્રારંભમાં–પ્રભુજીનું સ્નાત્ર, અષ્ટપ્રકારી પૂજા, ચૈત્યવંદન વગેરે કરીને શણગારેલો રથ શકય હોય તો જાતે ખેંચવો. એ રીતે રાજમાર્ગો ઉપર ચાલતો, સ્થળે સ્થળે સત્કાર પામતો રથ અનેક ભવ્ય જીવોને અનુમોદના કરાવી બોધી બીજનું કારણ બને છે.

(૩) **તીર્થયાત્રા**– શ્રી શત્રુંજય, ગિરનાર વગેરે તથા તીર્થંકર દેવોના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન અને નિર્વાણની ભૂમિઓ પણ જીવોને વિશુદ્ધ ભાવ પ્રગટાવી સંસારથી તારે છે, માટે તીર્થ કહેવાય છે. ત્યાં જનારે સમકિતની શુદ્ધિ માટે વિધિપૂર્વક જિનમહોત્સવ કરવો. તેમાં મુખ્યતયા બ્રહ્મચર્ય પાળવું, ઓછામાં ઓછું એકાસણું કરવું, પગે ચાલવું, (ભૂમિશયન, બે ટાઈમ પ્રતિક્રમણ, સચિત્તનો ત્યાગ) વગેરે છ' રી નું પાલન કરવું. વાહન હોય તો પણ પગે ચાલવું. રાજાની અનુમતિ મેળવીને સાથે રખાય તેવાં જિન મંદિરો બનાવવાં. રસોઇનાં, પાણીનાં સાધનો અને ગાડાં વગેરે વાહનો ઇત્યાદિ સામગ્રી તૈયાર કરી પછી બહુમાનપૂર્વક ગુરુમહારાજને, શ્રી સંઘને તથા સ્વજન વગેરેને નિમંત્રવા. અમારિ પ્રવર્તાવવી. મોટી પૂજા ભણાવવી. દીનાદિને દાન દેવું. અગવડવાળાને પણ ખૂટતી સામગ્રી પૂરી પાડવાની ઉદ્ઘોષણા કરીને ઉત્સાહી બનાવવા. સંઘરક્ષા માટે શસ્ત્ર-બખ્તરધારી સુભટોને સાથે રાખવા અને ગીત, નૃત્ય, વાજિત્રાદિ સર્વ સામગ્રીની સજાવટ કરીને શુભ મુહૂર્તે મંગળ-પ્રસ્થાન કરવું. પછી ત્યાં સર્વ સમુદાયને ભોજન, તામ્બૂલ તથા ઉત્તમ વસ્ત્રાદિથી પહેરામણી કરીને તેમાંના પ્રતિષ્ઠાવંત ધર્મીષ્ઠ પૂજ્ય એવા ભાગ્યવંત પુરુષોને હાથે સંઘપતિપણાનું તિલક કરાવવું. સંઘપૂજનનો મહોત્સવ કરવો અને પછી પ્રયાણ કરવું. માર્ગમાં ગામે ગામ શ્રી સંઘની સાર-સંભાળ કરવી અને તે તે જિનમંદિરમાં સ્નાત્રપૂજા ધ્વજદાન, ચૈત્યપરિપાટી વગેરે મહોત્સવો તથા જિર્ણોદ્ધાર કરાવવા. એ રીતે તીર્થ પ્રભાવના કરતાં તીર્થે પહોંચે ત્યારે દૂરથી દર્શન થતાં જ તીર્થને રત્ન, મોતી વગેરેથી વધાવવું, સ્તુતિ કરવી અને લાડુ વગેરેથી લ્હાણી કરવી. તીર્થે પહોંચ્યા પછી મહાપૂજા, મોટો સ્નાત્ર મહોત્સવ વગેરે કરીને તીર્થમાળ પહેરવી. ઘીની ધારા દેવી. નવ અંગે જિનપૂજા કરવી. રેશમી મોટો ધ્વજ ચઢાવવો. રાત્રી-જાગરણ અને ગીત-નૃત્યાદિ મહોત્સવ કરવો. તથા તીર્થની આરાધનાર્થે ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે શકિત પ્રમાણે તપ કરવો. ઉત્તમ ફળો-નૈવેદ્ય વગેરે ભેટ કરવું. પહેરામણી કરવી. સુંદર દર્શનીય ચંદ્રુઓ પ્રભુ ઉપર બાંધવો. દીપક માટે ઘી વગેરે તથા પૂજા માટે ધોતીયાં, કેસર, ચંદન, અગરૂ, પુષ્પ-ચંગેરી વગેરે સામગ્રી ભેટ આપવી. નૂતન દહેરી વગેરે બનાવવી. કારીગરોને દાનથી સંતોષવા. ત્યાં થતી આશાતનાઓ દૂર કરાવવી. રક્ષકોનું સન્માન કરવું. તીર્થ નિર્વાહ માટે લાગો શરૂ કરવો કે પ્રબંધ કરવો. સાધર્મિક વાત્સલ્ય કરવું. ગુરુ તથા સંઘની યથોચિત પહેરામણી કરવી. યાચકો તથા દીન દુઃખીને દાનથી પ્રસન્ન કરવા. એ રીતે યાત્રા કરીને પાછા આવી ભવ્ય નગર પ્રવેશ

કરવો. અને ઘેર પહોંચી શાસનદેવતા આહ્વાનનો મહોત્સવ કરવો. સર્વ સંઘને ભોજનાદિથી સત્કારી વિસર્જન કરવો. અને અમુક વર્ષ સુધી દર વર્ષે તે તિથિએ ઉપવાસાદિ તપ કરી તે દિનને આરાધવો.

આ યાત્રાઓ કલ્યાણક દિવસોમાં વિશેષ લાભકારક કહી છે, માટે રથયાત્રાદિ તે દિવસોમાં કરવું. દર્શનાચારના આઠ આચારોમાં પ્રભાવના સર્વશ્રેષ્ઠ છે. પ્રભાવના રહિત શેષ સાતે આચારો પ્રાયઃ નિષ્ફળ છે, અને આ યાત્રાત્રિક પ્રભાવનાનું કારણ છે. તેથી તેનો પ્રયત્ન સર્વોત્તમ કહ્યો છે.

૪. જિનમંદિરમાં સ્નાત્રમહોત્સવ – શ્રી જિનેશ્વરદેવોના જન્મ–કલ્યાણકની આરાધનારૂપ સ્નાત્રપૂજા પણ દરરોજ કરવી, ન બને તો પર્વદિવસોમાં અને તેટલું ન બને તો વર્ષમાં એક પણ ગીત–વાજિંત્રો વગેરે આડંબરપૂર્વક સર્વ સામગ્રી સહિત કરવી. શ્રી સંઘને નિમંત્રણ કરીને સર્વ સાથે શ્રી જૈનશાસનની મહત્તા શોભા વધે તે રીતે કરવી.

૫. દેવદ્રવ્યની વૃદ્ધિ – દેવદ્રવ્યની વૃદ્ધિ માટે પ્રતિ વર્ષે શક્તિ અનુસાર ઈન્દ્રમાળા કે ઉપધાન વગેરેની માળા (ઉછામણીથી) પહેરવી. તથા સંપત્તિ અનુસાર પ્રતિમાને મુગટ વગેરે નવાં આભરણો, ચંદરવા, પુંઠીયા વગેરે ભેટ કરવાં.

૬. ૭. મહાપૂજા તથા રાત્રી–જાગરણ – પ્રભુના પ્રત્યેક અંગે આભરણ ચઢાવવાં, વિશિષ્ટ અંગરચના કરવી, લલાટે આડ રચવી, પુષ્પનાં ઘર–મંડપો કરવા, પાણીના ફૂવારા, વિવિધ સુંદર ગીત–નૃત્ય–વાજિંત્રો, વગેરે આડંબર સહિત પ્રતિવર્ષે **મોટી** (૧૦૮ પ્રકારી વગેરે) **પૂજા ભણાવવી.** તથા પ્રભુના કલ્યાણક દિવસે, તપની પૂર્ણાહૂતિ પ્રસંગે, ગુરુની દીક્ષા કે નગર પ્રવેશ દિવસે, તીર્થયાત્રા કે ઉપધાનની માળા પરિધાનના દિવસે, ઈત્યાદિ પ્રસંગે મોટા મેળાપૂર્વક, પ્રભુની સન્મુખ તેમના ગુણગાન વગેરે, પ્રતિવર્ષે ઓછામાં ઓછું એક ધર્મ રાત્રી જાગરણ કરવું.

૮. શ્રુતપૂજા – શ્રુતજ્ઞાનનાં સાધનો–પુસ્તકાદિની બરાસ, વાસ વગેરેથી માત્ર પૂજા કરવી તે તો પ્રતિદિન પણ શક્ય છે, છતાં તેટલું પણ સામર્થ્ય ન હોય તેણે ઓછામાં ઓછી પ્રતિવર્ષે એકવાર તો અવશ્ય કરવી.

૯. ઉદ્યાપન – મહામંત્ર શ્રીનવકાર, આવશ્યક સૂત્રો, ઉપદેશમાલા, વગેરે જ્ઞાનનું, તે તે દર્શનશુદ્ધિના કાર્યનું, તથા વિવિધ તપની આરાધનાનું પણ ઉદ્યાપન શાસ્ત્રમાં કહેલું છે. **જેમ કે –**

શ્રી નમસ્કાર મહામંત્રનો લાખ, કોડ વગેરે જાપ કરીને સ્નાત્રમહોત્સવ, સાધર્મિક–વાત્સલ્ય અને સંઘપૂજા સહિત જાપ જેટલા સ્વસ્તિક, અડસઠ અક્ષરો જેટલી સોનાચાંદીની

વાટકીઓ, પાટીઓ, કલમો, મણિ, મોતી, પરવાળાં, રોકડ નાણું, તાજાં ઉત્તમ ફળો, વિવિધ પકવાન્ન, વિવિધ અનાજ. ખાદિમ, સ્વાદિમ તથા કાપડ વગેરે વસ્તુઓની ભેટપૂર્વક શ્રી નવકાર-મહામંત્રનું ઉદ્યાપન કરવું. ઉપધાનપૂર્વક માળ પહેરીને આવશ્યક સૂત્રનું ઉદ્યાપન કરવું. બીજા પ્રકીર્ણક ગ્રન્થોના ઉદ્યાપન પણ તેની ગાથા-સંખ્યા પ્રમાણે કરવાં, જેમ કે ઉપદેશમાલાની ગા૦ ૫૪૪ છે, તો તેટલા લાડુ, ફળો, નૈવેદ્ય, રોકડ વગેરેની ભેટ કરવી. એ રીતે જ્ઞાનનાં વિવિધ ઉદ્યાપનો થાય. તથા અંદર સોનામહોર મૂકીને તૈયાર કરેલા લાડુની લ્હાણી કરીને શાસનપ્રભાવના રૂપ દર્શન ઉદ્યાપનો પણ વિવિધ રીતે થાય. અને જ્ઞાનપંચમી આદિ તે તે તપના ઉપવાસની સંખ્યા જેટલાં ફળો, નૈવેદ્ય, રોકડ નાણું, વાટકીઓ, વગેરે સ્વશક્તિ અનુસાર ભેટ કરીને તપનું ઉદ્યાપન થાય. તે પૈકી પ્રતિવર્ષે ઓછામાં ઓછું એક તો કરવું જ.

૧૦. **તીર્થ પ્રભાવના**- જૈન શાસનની શોભા માટે પ્રતિવર્ષે ઓછામાં ઓછો એક ગુરુનો નગર પ્રવેશ મહોત્સવ વગેરે દ્વારા શાસનપ્રભાવના કરવી. જો કે ગુરુ પોતાના ગૌરવને ન ઈચ્છે, પણ શાસન પ્રભાવના માટે શ્રાવકે વિવિધ વાજિંત્રો વગેરે આડંબર પૂર્વક શ્રી સંઘ સહિત ગુરુની સામે જવું, ગુરુ આદિ શ્રી સંઘનો સત્કાર કરવો, વગેરે ગુરુનો નગરપ્રવેશ મહોત્સવ કરવો જોઈએ. એમ ગુરુભક્તિ કરવાથી ચિર કાલનાં પણ પાપકર્મો નાશ પામે છે. તત્ત્વથી આ ગૌરવ ગુરુના જ્ઞાનાદિ ગુણોનું છે, અને શાસ્ત્રમાં ગુણોનું બહુમાન કરવાનું કહ્યું છે, તેથી તો પડિમાધારી સાધુ પડિમા પૂર્ણ કરીને આવે ત્યારે રાજાદિને પોતાનું આગમન જણાવે અને તેણે કરેલા પ્રવેશ-મહોત્સવપૂર્વક નગરપ્રવેશ કરે, એમ વ્યવહાર ભાષ્યમાં કહ્યુ છે. અપુર્વજ્ઞાન ભણવાથી, શ્રુતની ભક્તિથી અને શાસન પ્રભાવનાથી તીર્થંકર નામ-કર્મ બંધાય છે. શાસ્ત્રમાં પ્રભાવનાને ભાવનાથી પણ એ કારણે અધિક કહી છે કારણ કે, ભાવનાથી સ્વહિત અને પ્રભાવનાથી સ્વ-પર હિત થાય છે.

૧૧. **શોધી**- શોધી એટલે પ્રાયશ્ચિત દ્વારા શુદ્ધિ. ગુરુનો યોગ હોય તો વર્ષમાં ઓછામાં ઓછું એકવાર તો પ્રાયશ્ચિત્ત લેવું જ જોઇએ, કે જેથી ક્રમશઃ શુદ્ધ થતો આત્મા આરિસાની જેમ ઉજવળ થાય. આવશ્યક નિર્યુક્તિમાં તો કહ્યું છે કે દર પાક્ષિકમાં અને દર ચોમાસીમાં ગુરુ પાસે નિયમા આલોચના આપવી જોઇએ અને પુર્વે સ્વીકારેલા નિયમો અભિગ્રહો જણાવીને પુનઃ સવિશેષ સ્વીકારવા જોઇએ. તેમાં મન-વચન-કાયાથી જે જે અકાર્યો કર્યા હોય તે (આ=) સર્વને શુદ્ધ ભાવથી (લોચના=) પ્રગટ રૂપે (ગુરુને) જણાવવાં તે **'આલોચના'** કહેવાય.

આલોચના જીવનમાં મહત્વની આરાધનારૂપ છે, તેથી તેનું વર્ણન અહીં શ્રાદ્ધજિત કલ્પને અનુસારે કહીયે છીએ. આલોચનામાં ૧. આલોચક, ૨. આલોચનાચાર્ય, ૩. આલોચનાનો ક્રમ, ૪. સમ્યગ્ અને ૫. દ્રવ્યાદિશુદ્ધિ, એમ પાંચ દ્વારો કહ્યાં છે. તેમાં-

૧. **આલોચક**– આલોચના આપનાર.
તેમાં પણ ગુણો શાસ્ત્રમાં કહ્યાં છે તેમાં–

(૧) **સંવેગી**– એટલે સંસારથી ભય પામેલો હોય તો જ યથાર્થ આલોચના કરી શકે, કારણ કે પોતાના દોષો સ્વમુખે કબૂલવા એ અતિદુષ્કર છે.

(૨) **માયા રહિત**– અશઠ હોય તો જ પોતાની ભૂલોને પૂર્ણરૂપમાં કહી શકે.

(૩) **બુદ્ધિમાન**– અપરાધોને સમજે તે જ યથાર્થ આલોચના કરી શકે.

(૪) **કલ્પસ્થિત**= સ્થવિરકલ્પ, જાતકલ્પ કે સમાપ્તકલ્પાદિમાં વર્તતો હોય તે પોતાના દોષો પ્રત્યે જુગુપ્સાવાળો હોય.

(૫) **અનાશંસી**= ઈહ-પર લોકની બાહ્ય ઈચ્છા વિનાનો.

(૬) **પ્રજ્ઞાપનીય**= આગ્રહ વિનાનો, સત્યને સત્યરૂપે સ્વીકારવાની યોગ્યતાવાળો.

(૭) **શ્રદ્ધાળુ**= જિનવચન તથા ગુરુ પ્રત્યે શ્રદ્ધાવાળો.

(૮) **આજ્ઞાયુક્ત**= વડીલો-પૂજ્યોની આજ્ઞાને માનનારો.

(૯) **દુષ્કૃતનો પશ્ચાતાપ કરનાર.**

(૧૦) **આલોચનાની વિધિમાં આદરવાળો** અને

(૧૧) **દ્રવ્યાદિ અભિગ્રહો કરવા-કરાવવા-અનુમોદવામાં રૂચિવાળો**– આ અગીયાર ગુણવાળો હોય તે જ તત્વથી સાચી આલોચના કહી શકે, માટે આલોચક એ અગીયાર ગુણવાળો જોઈએ.

૨. **આલોચનાચાર્ય**– જેમની પાસે આલોચના લેવી છે તે આચાર્ય પણ છ ગુણવાળા શાસ્ત્રમાં વર્ણવ્યા છે તેમાં-

(૧) **ગીતાર્થ**– જેની સન્મુખ આલોચના આપવાની હોય તે ગુરુ, નિશિથાદિ પ્રાયશ્ચિતગ્રંથોના જ્ઞાતા જોઈએ.

(૨) **કૃતયોગી**= મન, વચન, કાયારૂપ યોગોનું સ્થૈર્ય કે બાહ્ય-અભ્યંતર તપના અભ્યાસથી જેણે સત્ત્વ કેળવ્યું હોય.

(૩) **ગ્રાહણાકુશળ**= આલોચકનો ઉત્સાહ વધારી પ્રાયશ્ચિત ગ્રહણ કરાવવામાં કુશળ હોય.

(૪) **ખેદજ્ઞ**= પ્રાયશ્ચિત આપવામાં થતા પરિશ્રમ સહન કરવામાં સમર્થ હોય.

(૫) **ચારિત્રી**= નિર્મળ-નિર્દોષ ચારિત્રના પાલક હોય અને

(૬) **અવિષાદી**= આલોચકના વિવિધ નાના મોટા દોષો જાણીને વિષાદ નહિ કરનારા.

એ છ ગુણવાળા ગુરુની પાસે આલોચના આપવાથી તે યથાર્થ શુદ્ધિ કરી શકે. પંચાશકમાં તો કહ્યું છે કે તે ઉપરાંત "પર હિત કરવામાં રુચિવાળા, આલોચકના સૂક્ષ્મ પણ મનોભાવને જાણવામાં કુશળ અને ઇંગિતાકારથી ચિત્તને સમજનારા એવા ગુરુ યથાર્થ શુદ્ધિ કરી શકે.

શ્રાદ્ધજીતકલ્પમાં તો આલોચનાચાર્યનાં આઠ ગુણ કહ્યાં છે. તેમાં-

(૧) **આચારવાન્**= જ્ઞાનાચારાદિ પાંચે આચારોનાં યથાર્થ પાલક.

(૨) **અવધારણવાન્**= આલોચકે કહેલાં દોષોને પૂર્ણતયા અવધારણ=યાદ કરી શકે તેવા.

(૩) **વ્યવહારવાન્**= આગમ, શ્રુત, આજ્ઞા, ધારણા અને જિત એ પાંચ વ્યવહાર છે, તે પૈકી અન્યતર વ્યવહારનાં જાણ તે વ્યવહારવાન્ કહેવાય છે તેમાં ૧. આગમવ્યવહાર-કેવળીથી નવપૂર્વી સુધીને હોય. ૨. શ્રુતવ્યવહાર-નવપૂર્વથી ઘટતાં યાવત્ અગ્યાર અંગ અને નિશીથ વગેરે તત્કાલિન સમગ્ર શ્રુતનાં જ્ઞાતાને હોય. ૩. આજ્ઞાવ્યવહાર- પરસ્પર દૂર વિચરતા બંને ગીતાર્થો સાંકેતિક ભાષામાં શિષ્યદ્વારા આલોચના મોકલે અને પ્રાયશ્ચિત મંગાવે તે. ૪. ધારણા વ્યવહાર-એટલે પોતાના આચાર્ય જે દોષોનું પ્રાયશ્ચિત આપતા હોય તેને ધારી રાખી તે પ્રમાણે શિષ્ય પણ પ્રાયશ્ચિત આપે તે. ૫. જિતવ્યવહાર-એટલે આગમમાં કહેલું હોય તેનાથી ન્યૂન કે અધિક પ્રાયશ્ચિત આપવાની પરંપરા તે.

(૪) **ઉદ્વ્રીડક**- લજ્જાથી શરમાતા આલોચકની લજ્જાને દુર કરાવી યથાસ્થિત આલોચના કરાવનાર.

(૫) **પ્રકુર્વી**- ઉપર જણાવેલા ગુણો સાથે આલોચકને પ્રાયશ્ચિત આપી તેની શુદ્ધિ કરાવનાર.

(૬) **અપરિશ્રાવી**- આલોચકના દોષો કદાપિ કોઇને નહિ કહેનાર (સમુદ્ર જેવા ગંભીર)

(૭) **નિર્યાપક**- આલોચકને નિભાવનારા-તેની શક્તિને અનુસરીને પ્રાયશ્ચિત આપનાર.

(૮) **અપાયદર્શક**- આલોચકને દોષ સેવવાનાં કારણો જેવા કે, દુષ્કાળ, શરીર દૌર્બલ્ય વગેરેનો જાણ અથવા આલોચના કે પ્રાયશ્ચિત ન કરવાથી થનારી દુર્લભબોધિતા વગેરે દોષોને સમજાવનાર, એમ આઠ ગુણવાળા ગુરુને આલોચનાચાર્ય કહ્યા છે.

આલોચક આલોચનાની ભાવનાથી ગુરુ પાસે જતાં વચ્ચે જ મૃત્યુ પામે તો પણ તે આરાધક બને છે.

આલોચના અંગે અપવાદ જણાવ્યો છે કે સાધુ અથવા શ્રાવકે ઉત્સર્ગથી નિયમા આલોચના પોતાના ગચ્છમાં મુખ્ય આચાર્ય પાસે, તે ન હોય તો ઉપાધ્યાય, તેના અભાવે પ્રવર્તક, તેના અભાવે સ્થવિર, સ્થવિરના અભાવે ગણાવચ્છેદક પાસે કરવી. પોતાના ગચ્છમાં એ પાંચ પૈકી એકનો પણ યોગ ન હોય તો એક સામાચારીવાળા સાંભોગિક અન્ય ગચ્છના આચાર્યાદિ, પુર્વ પુર્વના અભાવે ઉપાધ્યાયાદિ ઉત્તરોત્તર પાસે કરવી. એ પણ ન હોય તો અસાંભોગિક (ભિન્ન સામાચારીવાળા) પણ સંવેગીઓના અન્ય ગચ્છમાં, એ ક્રમથી કરવી. તેવો પણ યોગ ન હોય તો ગીતાર્થ પાંસત્થા પાસે, તેના અભાવે ગીતાર્થ **સારૂપી** પાસે અને તે પણ ન હોય તો ગીતાર્થ **પશ્ચાત્કૃત** પાસે કરવી. તેમાં–

સફેદ વસ્ત્રધારી, મસ્તકે મુંડન કરાવનાર, રજોહરણ વિના શેષ સાધુવેશધારી, ચતુર્થવ્રત વિરાધક છતાં સ્ત્રી વિનાનો ભીક્ષાથી જીવનારો તે **સારૂપિક** જાણવો. માથે ચોટલી રાખીને સ્ત્રી સાથે રહેનાર **સિદ્ધપુત્ર** અને સંપૂર્ણ વેશ છોડીને ઘરબારી (ગૃહસ્થ) બનેલો તે પશ્ચાત્કૃત કહેવાય. તેમાં ઉપર જણાવ્યા પ્રમાણે સંવેગી ગુરુના અભાવે ગીતાર્થ પાસત્થા કે સારૂપી વગેરેની પાસે આલોચના કરવી પડે તો તેઓને પણ ગુરુની જેમ વંદન વગેરે વિધિ કરવો, કારણ ધર્મનું મૂળ વિનય છે. તે પાસત્થા વગેરે ગીતાર્થ હોવાથી વંદન ન સ્વીકારે તો પણ આસન કરી આપવું અને પ્રણામરૂપે પણ નમસ્કાર કરવો. પણ પશ્ચાત્કૃત પાસે આલોચના કરવી પડે તો તેટલા સમય પૂરતું તેને સામાયિક ઉચ્ચરાવીને વેશ આપીને વિધિથી આલોચના કરવી.

એ રીતે પાસત્થાદિ ગીતાર્થનો પણ યોગ ન મળે તો ગુણશૈલચૈત્ય વગેરે ઉદ્યાનોમાં પ્રભુ મહાવીર દેવ તથા શ્રી ગણધર ભગવંતોએ અનેક જીવોને પ્રાયશ્ચિત આપેલાં જે શાસન-દેવીએ જોયાં હતાં તેને અઠ્ઠમ તપથી પ્રત્યક્ષ કરી તેની સન્મુખ આલોચના આપવી, તે શાસનદેવી ચવી ગઈ હોય તેના સ્થાને બીજી ઉત્પન્ન થઈ હોય તો અઠ્ઠમ તપથી પ્રત્યક્ષ બોલાવી પોતાના દોષો તેને કહેવા, પછી તે વિહરમાનજિન પાસે જઈ પ્રાયશ્ચિત લાવે તે સ્વીકારવું. તેમ પણ ન બને તો શ્રી જિનપ્રતિમા સન્મુખ સ્વયં આલોચના કરી પ્રાયશ્ચિત સ્વીકારવું. અને તે પણ ન બને તો ઈશાન સન્મુખ રહી શ્રી અરિહંતો અને સિદ્ધોની સમક્ષ આલોચના કરવી, પણ આલોચના વિના રહેવું નહિ, કારણ કે શલ્યવાળો જીવ આરાધક બનતો નથી.

એમ આલોચના ગીતાર્થ પાસત્થાદિ પાસે કરવી પણ અગીતાર્થ પાસે નહિ. કારણ કે અગીતાર્થ ચારિત્રની શુદ્ધિના ઉપાયોનો (પ્રાયશ્ચિત્તનો) અજાણ હોવાથી ન્યૂનાધિક આપે, તેથી પોતે સંસારમાં ડૂબે અને આલોચકને પણ ડૂબાડે. માટે જ કહ્યું છે કે– "ગીતાર્થ

આલોચનાચાર્યનો યોગ ન મળે તો કાળથી બારવર્ષ અને ક્ષેત્રથી સો (અથવા સાતસો) યોજન સુધી શોધવા પણ અગીતાર્થ પાસે આલોચના ન કરવી. અહીં યોગ્ય આલોચનાચાર્ય અભાવે સંવિગ્ન, કૃતયોગી વગેરેને ગૌણ કરીને પણ ગીતાર્થની શોધ કરવા કહ્યું, તેમાં આશય એ છે કે આલોચનાચાર્ય ગીતાર્થ તો હોવા જ જોઇએ.

૩. **આલોચના-આસેવનાદિ ક્રમ-** આલોચના બે પ્રકારે દેવાય, એક દોષો જે ક્રમથી સેવ્યા હોય તે આસેવનાક્રમથી અને બીજી જે દોષોનું પ્રાયશ્ચિત્ત નાનું હોય તે પહેલા. તેથી અધિક પ્રાયશ્ચિતવાળા પછી, એમ ઉત્તરોત્તર અધિક પ્રાયશ્ચિતવાળા દોષો પછી પછી જણાવવા, તે વિકટનાક્રમ કહેવાય. તેમાં આલોચક ગીતાર્થ હોય તો તેને ન્યૂનાધિક પ્રાયશ્ચિત્તનું જ્ઞાન હોવાથી તે વિકટના ક્રમથી આલોચે અને અગીતાર્થ હોય તે આસેવના ક્રમથી, એમ બે ક્રમથી આલોચના અપાય.

૪. **આલોચનામાં સમ્યક્પણું-** દોષ સેવનારે જે જે ભાવથી દોષ સેવ્યા હોય તે ભાવ સમ્યગ્ જણાવવો તે સમ્યક્પણું કહેવાય. આકુટ્ટી, દર્પ, પ્રમાદ, કલ્પ, વગેરે આલોચનાના દોષો હોવાથી જયણાપૂર્વક, કે આકસ્મિક પ્રસંગે અજયણાથી, વગેરે જે જે ભાવથી જે રીતે અપરાધ સેવ્યા હોય તે રીતે યથાર્થ જણાવવું જોઈએ. તેમાં-

સમજવા છતાં વિના કારણ ઇરાદાપૂર્વક દોષ સેવવો તે **આકુટ્ટી.** આચાર વિરૂદ્ધ દોડવું, કૂદવું, ભીંત ઓળંગવી, વગેરે **દર્પ.** પાંચ પ્રકારનો પ્રમાદ, કે વિસ્મૃતિ, અનુપયોગ, વગેરે **પ્રમાદ.** કોઈ મારી-મરકી વગેરે પ્રસંગે કલ્પ હોવાથી જયણા પાળીને સેવેલા અને અગ્નિ-સર્પ વગેરેના ઉપદ્રવ પ્રસંગે સંભ્રમથી અજયણાથી સેવેલા, એમ જે દોષો જે રીતે સેવ્યા હોય તે યથાર્થ જણાવવા.

આલોચના જો સમ્યગ્ થાય તો કેટલુંક પ્રાયશ્ચિત આલોચના કરતાં જ થઈ જાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે- જેમ બાળક કાર્ય અકાર્યના વિચાર વિના જેવું જાણે તેવું સરળતાથી બોલે, આલોચકે પણ તે રીતે આલોચના આપવી જોઇએ. માયા મોટાઈ વગેરે છોડીને, વૃદ્ધિ પામતા સંવેગ અને પુનઃ તેવું પાપ નહિ કરવાના નિર્ણય પૂર્વક આલોચના આપવાથી આલોચના આપતાં જ ઘણું પાપ ખપી જાય છે.

૫. **દ્રવ્યાદિ શુદ્ધિ-** શુદ્ધ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવનો યોગ મેળવીને આલોચના કરવી. કારણ કે- ઉત્તમ નિમિત્તો ઉત્તમભાવનું કારણ બને છે. તેમાં-

(૧) **ઉત્તમ દ્રવ્યો-** વડ, ચંપક, અશોક, આંબો, વગેરે સારા વર્ણ-ગંધ-રસવાળાં **વૃક્ષોની** નીચે આલોચના આપવી.

(૨) **ઉત્તમ ક્ષેત્ર-** જિનમંદિર, શેરડીનું કે ડાંગરનું ક્ષેત્ર અને ઊંડું આવર્તવાળું જળાશય, વગેરે પ્રશસ્ત સ્થળે આલોચના આપવી.

(૩) **ઉત્તમ કાળ**– પંચમી, દશમી, પુર્ણિમા વગેરે પુર્ણ તિથિઓ **તથા ઉત્તમ** તિથિ–વાર–નક્ષત્ર–યોગ વગેરેમાં આલોચના આપવી. પ્રતિકૂળ (**અશુભ–લતાદિ**) **નિષિદ્ધ** યોગો અને બંને પક્ષની અષ્ટમી, નવમી, છઠ્ઠી, ચતુર્થી, દ્વાદશી, વગેરે તિથિઓ વર્જવી.

૪. **ઉત્તમભાવ**– શુભ ઉપયોગવાળા થઇને શુભ–શુકન વગેરેના યોગે આલોચના આપવી. આ પાંચે પ્રકારોથી વિધિપુર્વક આલોચના દેવાથી જ ભાવશલ્ય છૂટે છે. પોતે સેવેલા દોષોને પરસાક્ષીએ પ્રગટ નહિ કરવા તે ભાવશલ્ય છે, તેથી સ્વયં સ્વકલ્પના પ્રમાણે ગમે તેટલું પ્રાયશ્ચિત્ત કરે તો પણ શુદ્ધિ ન થાય. તાત્પર્ય કે **"પોતે છત્રીસ ગુણ યુક્ત (આચાર્ય) હોય તો પણ આલોચના પરસાક્ષીએ જ કરવી."**

જો કે બીજા આલોચનાચાર્યના અભાવે સ્વયં આલોચના કરનારો શુદ્ધ થાય છે, પરંતુ તેમાંય સિદ્ધોની સાક્ષી તો જોઇએ જ. અર્થાત્ છેવટે સિદ્ધોની સાક્ષીએ પણ આલોચના તો કરવી જ. સશલ્યપણે મરવામાં તો દુર્લભ બોધિતા અને અનંત સંસાર એ ઘણાં મોટા દોષો છે. માટે સશલ્ય મરણના ભયંકર વિપાકો જાણી આત્માને સંવેગી (ઉત્સાહી) બનાવીને આલોચના આપવી.

આલોચકના દૂષણો–

(૧) પ્રાયશ્ચિત્ત ઓછું આપે એવા આશયથી વૈયાવચ્ચ વગેરેથી ગુરુને વશ કરવા.

(૨) 'નાના દોષ કહેવાથી હલકો દંડ આપે છે' વગેરે ગુરુના સ્વભાવનું અનુમાન કરીને ઓછું પ્રાયશ્ચિત્ત આપે તે રીતે આલોચના આપવી.

(૩) ગુપ્ત દોષોને છૂપાવીને બીજા જાણતા હોય તે પ્રગટ દોષોની જ આલોચના કરવી.

(૪) નાના દોષોને તો દોષ માને જ નહિ, માત્ર મોટા દોષોની જ આલોચના કરે.

(૫) 'રજા વિના તૃણની સળી લીધી' વગેરે સૂક્ષ્મ દોષોને આલોચે, અને માને કે સૂક્ષ્મ દોષને કહેનારો મોટા દોષોને તો જણાવ્યા વિના રહે જ નહિ, એમ ગુરુ સમજશે, એમ માની મોટા દોષ છૂપાવવા.

(૬) ગુરુ પૂર્ણ સાંભળી કે સમજી ન શકે તેમ અસ્પષ્ટ સ્વરે આલોચના કરવી.

(૭) મોટા અવાજથી ગુરુ સમજી શકે નહિ તેમ અથવા બીજા સાધુ સાંભળે તેમ આલોચના કરવી.

(૮) એકના એક દોષની ઘણા પાસે આલોચના કરવી.

(૯) છેદ ગ્રન્થાદિથી અજ્ઞ-અયોગ્ય આચાર્ય પાસે આલોચના કરવી.

(૧૦) પોતાના જેવા દોષો સેવનાર (શિથિલાચારી) [illegible] આલોચના કરવી.

આ દશ દોષો આલોચકે તજવા. કારણ કે આલોચના આપવા છતાં માયાને કારણે શુદ્ધિ થાય નહિ, ઉલટા અપાય વધવાનો સંભવ રહે. કહ્યું છે કે અવિધિથી આલોચના કરવાથી મૂર્ખ વૈદ્યના ઔષધની જેમ કે અવિધિથી વિદ્યા સાધવાની જેમ વધુ અહિત થાય છે. માટે આલોચના સમ્યગ્ કરવી જોઇએ.

વિધિપૂર્વક આલોચનાનાં ફળો કહ્યાં છે કે–

(૧) ભારવાહક ભાર ઉતારવાથી હલકો થાય તેમ આલોચનાથી શલ્ય નીકળી જતાં આલોચક કર્મભારથી હલકો થાય છે.

(૨) આલોચનાથી જીવને પ્રમોદ ઉપજે.

(૩) પોતાનાં દોષ ટળે અને તેને જોઈ બીજા પણ આલોચના કરે, એમ સ્વપર દોષ નિવૃત્તિ થાય.

(૪) સમ્યગ્ આલોચનાથી આર્જવ (માયા ત્યાગ) થાય છે.

(૫) દોષરૂપ મેલના અભાવથી આત્મશુદ્ધિ થાય.

(૬) આલોચના આપવી એ દુષ્કર કાર્ય છે તેથી દુષ્કર ક્રિયા થાય છે. નિશિથ ચૂર્ણિમાં કહ્યું છે કે– દોષ સેવવા દુષ્કર નથી–કબુલવા એ દુષ્કર છે. મોક્ષસાધક તીવ્ર વીર્યોલ્લાસ જાગ્યા વિના આલોચના થઈ શકે નહિ. માટે તો તેને આભ્યંતર તપ કહ્યો છે. માસક્ષમણ વગેરે તપ કરતાં પણ આલોચના દુષ્કર છે.

(૭) જિનઆજ્ઞાનું પાલન થાય છે.

(૮) આત્મા શલ્યરહિત થાય છે.

શ્રી ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે– સમ્યગ્ આલોચનાથી જીવ અનંતસંસારનાં કારણો માયા, નિયાણ અને મિથ્યાત્વ, એ ત્રણે શલ્યોનો નાશ કરી જીવનો ઋજુભાવ પ્રગટ કરે છે. ઋજુતાને કારણે અમાયી બનેલો જીવ સ્ત્રીવેદ, નપુંસકવેદ વગેરે દુષ્ટ કર્મોને બાંધતો નથી. પૂર્વે બાંધેલા પણ નિર્જરી જાય છે. એમ સમ્યગ્ આલોચનાથી ઘણા ગુણો થાય છે.

એ રીતે શ્રાદ્ધજિતકલ્પ, તેની ટીકા, પંચાશક, તેની ટીકામાંથી ઉદ્ધરીને આલોચનાનો વિધિ અલ્પ માત્ર કહ્યો છે. અતિ આકરા અધ્યવસાયથી કરેલાં, નિકાચિત બંધવાળાં, બાળહત્યા, સ્ત્રીહત્યા વગેરે મહાપાપો પણ સમ્યગ્ આલોચના કરીને ગુરુએ આપેલા પ્રાયશ્ચિત્તને પૂર્ણ કરવાથી દૃઢપ્રહારી વગેરેની જેમ તદ્ભવે પણ પાપ ક્ષય થાય છે. માટે પ્રતિવર્ષે કે પ્રતિ

ચોમાસીએ આલોચના કરીને પ્રાયશ્ચિત્ત સ્વીકારવું એ શ્રાવકનું વાર્ષિક કૃત્ય છે.

અહીં શ્રાવકનાં વાર્ષિક કૃત્યોનું વર્ણન પૂર્ણ થયું.

શ્રાવકોનાં જન્મ કર્તવ્યો

શ્રાદ્ધવિધિ પ્રકરણમાં ગા૦ ૧૫ની ટીકામાં કહ્યું છે કે- શ્રાવકે માનવ જન્મ જેવા સામગ્રી સંપન્ન ઉત્તમ જન્મને પામીને તેની સફળતા માટે ૧- જિનમંદિર બંધાવવું, ૨- જિનપ્રતિમા ભરાવવી, ૩- તેની પ્રતિષ્ઠા કરવી, ૪- પુત્રાદિને દીક્ષા આપવી, ૫- ગુરુને આચાર્યપદ વગેરે પદપ્રદાન કરવું, ૬- ધર્મશાસ્ત્રો લખવાં-લખાવવાં અને ૭- પૌષધશાળાદિ કરાવવાં. એ સાત મુખ્ય કર્તવ્યો કરવાં જોઇએ. તેમાં- **૧. જિનમંદિર બનાવવું-** એ સાતે ક્ષેત્રમાં ધન વ્યય કરવાના પ્રસંગે પૂર્વે કહ્યું છે, એટલે અહીં તેનો વિધિ કહીએ છીએ. તેમાં-

જિનમંદિર બનાવનાર ગૃહસ્થની યોગ્યતા- ષોડષક ગ્રન્થમાં જણાવી છે કે- તે ન્યાયોપાર્જિત વૈભવવાળો, પ્રતિભા સંપન્ન, બુદ્ધિવાળો, સુંદર મનોરથોવાળો, ઔચિત્ય, વિવેક, વિનયાદિ સદાચારયુક્ત અને ગુર્વાદિ વડિલોને તથા રાજા મંત્રી વગેરેને માન્ય હોય, પંચાશકમાં પણ કહ્યું છે કે- અનુકૂળ-ધર્મી-સ્વજન-પરિવારવાળો, ઉત્તમકુળમાં જન્મેલો, ન્યાયોપાર્જિત ધનવાળો, ગંભીર-ઉદાર આશયવાળો, ધીર, બુદ્ધિશાળી, શ્રુત-ચારિત્રનો રાગી, માતાપિતાદિ તથા ધર્મગુરુઓ પ્રત્યે પ્રીતિવાળો, શુશ્રૂષાદિ બુદ્ધિના આઠ ગુણવાળો અને જિનાજ્ઞા પ્રત્યે દૃઢ શ્રદ્ધાળુ, વગેરે ગુણોથી યુક્ત ગૃહસ્થ મંદિર કરાવવાનો અધિકારી છે. આવા ઉત્તમ આત્માએ બનાવેલું મંદિર સંઘમાં પ્રતિષ્ઠા પામે છે.

મંદિર બંધાવવાનો વિધિ- શાસ્ત્રમાં કહ્યું છે કે- જિનમંદિર બાંધવામાં ૧. ભૂમિશુદ્ધિ, ૨. દલશુદ્ધિ, ૩. કારીગરો સાથે સરળ વ્યવહાર, ૪. પોતાના ભાવની શુદ્ધિ-વૃદ્ધિ અને ૫. જીવ જયણા, એ પાંચ બાબતો જોઇએ. તેમાં-

(૧) ભૂમિશુદ્ધિ= દ્રવ્ય અને ભાવ એમ ભૂમિ બે પ્રકારે શુદ્ધ જોઇએ. તેમાં જ્યાં ખીલા, હાડકાં, કોલસા, વગેરે દટાયેલાં ન હોય, ઉત્તમ મનુષ્યો જ્યાં જતા આવતા હોય, તે ભૂમિ દ્રવ્યથી શુદ્ધ અને જ્યાં મંદિર બાંધતાં અન્ય લોકોને અપ્રીતિ ન થાય, તે ભાવથી શુદ્ધ જાણવી. ષોડષકમાં કહ્યું છે કે વાસ્તુશાસ્ત્રના નિયમથી જે યોગ્ય હોય, ન્યાયથી મેળવી હોય અને અન્ય લોકોને ઉપતાપનું કારણ ન હોય તે ભૂમિ (ભાવથી) શુદ્ધ જાણવી.

(૨) દલશુદ્ધિ= દલ એટલે લાકડું, ઇંટો, પથ્થર વગેરે વસ્તુઓ, તે કોઈ વ્યંતરાદિ દેવથી અધિષ્ટિત કે કોઈ તિર્યંચ અથવા મનુષ્યની માલિકીવાળા જંગલમાંથી ન લાવ્યા હોય,

કારણ કે ત્યાંથી લાવતાં તેને દ્વેષ થવાનો સંભવ રહે. વળી લાવતાં વધુ ભાર ઉપડાવવાથી મનુષ્ય કે પશુઓને દુઃખી ન કર્યાં હોય, અને ઝાડો વગેરે સ્વયં કપાવ્યાં ન હોય, કે ઈંટો વગેરે સ્વયં પકાવરાવ્યું ન હોય, જે વાંકું, જુનું કે ગાંઠો વગેરે દોષવાળું ન હોય, તે તે વસ્તું તેના માલિકને વ્યાજબી મૂલ્ય આપીને વિધિથી લાવ્યા હોય, તે દ્રવ્યથી શુદ્ધ જાણવી.

ભાવથી શુદ્ધ તે જાણવી કે- તે તે વસ્તુ કે ભૂમિને પણ ખરીદવાનો વિચાર, મંત્રણા કે વાતો કરતાં, તથા લેવા જતાં, આવતાં, કે ખરીદ કરતાં, શુકનો ઉત્તમ થાય, તો તે ભાવશુદ્ધ સમજવી. તેમાં ભંભા-ભેરી-વીણા-વાંસળી, શંખ-પડહ-મૃદંગ-ઝાલર-કાંસીજોડા, મૃદંગ, મર્દલ, કલંબ, એ વાજિંત્રોને નંદી કહેવાય છે. તેવા કોઈ મંગળ વાજિંત્રનો કે ઘંટા વગેરેનો શબ્દ સંભળાય, ભરેલો કળશ, કે જળપાત્ર, અથવા વસ્ત્રાદિથી ભૂષિત, સુંદર આકૃતિવાળો પુરુષ વગેરે સામે મળે-કે દેખવામાં આવે, મન-વચન-કાયાની પ્રવૃત્તિ શુભ હોય, અથવા વાર, તિથિ, નક્ષત્ર, કરણ, ચંદ્રબળ તથા યોગ વગેરે તે સમયે શુભ હોય, અથવા કોઈ શુભ સંબંધ થાય, તે પ્રત્યેક શુભ શુકનો કહ્યાં છે. તે શુકન વગેરે સારા થાય તો તે મેળવેલી વસ્તુ ભાવશુદ્ધ જાણવી. તેમાં પણ મનનો ઉત્સાહ એ પ્રધાન મંગળ છે કારણ કે બાહ્ય શુકનો પણ મનનો ઉત્સાહ હોય તેવું ફળ આપે છે.

(૩) **કારીગરો સાથે ઋજુ વ્યવહાર=** મંદિર બનાવનાર સુથાર, સલાટ, મજૂરો, વગેરે સર્વને નક્કી કરેલી મજૂરીથી પણ અધિક ધન આપવું, કારણ કે તેથી પ્રસન્ન થઈ તેઓ પોતાનું સમજી અધિક કામ કરે, તે પ્રત્યક્ષ ફળ અને કોઈ જીવ જૈન ધર્મની પ્રશંસા કરતાં બોધીબીજને પણ પામી જાય તે પરોક્ષ ફળ છે. પ્રથમથી જ ઉત્તમ પ્રકૃતિવાળા કારીગરોને રાખવા, કે જે લોકમાં ઉત્તમ હોય અને તેઓને "તમે પણ આ ધર્મકામમાં અમને સહાયક છો" વગેરે સન્માનયુકત વચનોથી ઉત્સાહી બનાવવા તથા ધર્મકાર્યમાં મિત્ર તુલ્ય માનીને તેઓને કોઈ વિષયમાં ઠગવા નહિ, કારણ કે- ધર્મ નિષ્કપટ ભાવરૂપ શુદ્ધ આશયથી થાય છે.

(૪) **સ્વઆશય શુદ્ધિ=** શ્રી જિનેશ્વર દેવો ત્રણલોકના ગુરુ, ત્રણલોકને પૂજ્ય, સામાન્ય કેવળીઓના પણ સ્વામી, ભવ્યજીવોને સંસારથી પાર ઉતારવામાં સમર્થ, સર્વજ્ઞ, સર્વદર્શી, વગેરે ગુણોના ભંડાર છે. તેઓની પ્રતિમા પધરાવવા માટે મંદિર બંધાવનારને નિયમા પોતાના આશયની શુદ્ધિ, વૃદ્ધિ હોય છે. વળી તે વિચારે કે હું મંદિરમાં પ્રતિષ્ઠા કરીશ તે પ્રભુ પ્રતિમાનાં દર્શન-વંદન-પૂજન માટે શુભકર્મવાળા, પુણ્યવંત, જ્ઞાનાદિ ગુણના નિધિ એવા ગુરુભગવંતો પધારશે, તેઓનાં દર્શન કરી હું કૃતાર્થ થઈશ, વળી વીતરાગતામય, પ્રશમરસ ઝરતી જિનપ્રતિમાનાં દર્શન કરીને બીજા પણ ભવ્ય જીવો બોધીબીજને પામશે અને ઉત્તરોત્તર શ્રી જિનધર્મની આરાધના કરશે, વગેરે વિવિધ મહાન લાભોનું કારણ હોવાથી આ મંદિરમાં જે દ્રવ્યવ્યય થશે તે મને આત્મોપકારક બનશે, વગેરે ભાવથી પુણ્યની વૃદ્ધિ

અને એ પવિત્ર પુણ્યના પ્રભાવે પોતાના આશયની વૃદ્ધિ કરવી, કે જે પરિણામે મુક્તિ પ્રાપક બને.

(૫) જીવ જયણા= (શાસ્ત્રોક્ત છ દ્રવ્યોમાં ઉત્તમ દ્રવ્ય હોય તો જીવદ્રવ્ય છે. ભલે તે એકેન્દ્રિયાદિ નિકૃષ્ટ પર્યાયમાં હોય, પણ સત્તાથી અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રમય છે. જીવના કારણે જ જગતમાં જડની કિંમત છે, જીવ જેવું તત્ત્વ ન હોય તો જડની કોઈ કિંમત નથી, એ જીવની જયણા કરવી તે જ તત્ત્વથી ધર્મ છે. મંદિર બાંધવામાં પણ જીવોના કલ્યાણનું લક્ષ્ય જ તત્ત્વથી ધર્મ છે, માટે મંદિર બાંધવાની ક્રિયામાં પણ જીવજયણા પૂર્ણ કરવી જોઇએ. જ્યાં જયણા નથી ત્યાં ધર્મ નથી, માટે) મંદિર બાંધવામાં ઇંટો, લાકડું, પત્થર, વગેરે અચિત્ત મેળવવા. પાણી પણ ગાળીને વાપરવું, કારીગરો પાસે હાજર રહીને જયણા પળાવવી, પોતાની ગેરહાજરી હોય તો મજૂરો, કારીગરો અજયણા કરે, પોતે હાજર રહેવાથી જે અન્ય સાવદ્ય પ્રવૃત્તિની નિવૃત્તિ થાય, તે પણ જયણા છે. એ રીતે જયણા માટે પૂર્ણકાળજી કરવી. અહીં સુધી પાંચ દ્વારોથી નુતન જિનમંદિર બનાવવાનો વિધિ કહ્યો.

જીર્ણોદ્ધારનો વિધિ- નુતન મંદિર બનાવવા કરતાં જીર્ણ મંદિરનો ઉદ્ધાર કરવાથી આઠગુણું ફળ મળે છે. નુતન મંદિરમાં હિંસા વગેરે થાય તેટલી જીર્ણોદ્ધારમાં ન થાય. અને 'આ મંદિર મેં કરાવ્યું છે' એવી કીર્તિની બુદ્ધિ પણ ન થાય. માટે જીર્ણોદ્ધારનું ફળ ઘણું છે.

જિનકલ્પી મુનિ કે જેણે સંઘની-સમુદાયની વગેરે સર્વ જવાબદારી છોડી છે, તેની પણ જીર્ણોદ્ધાર અંગે ફરજ છે કે- કોઈ ચિંતા કરનાર ન હોય તો જિનકલ્પી મુનિ પણ-રાજા, અમાત્ય, નગરશેઠ કે સુખી ગૃહસ્થને ઉપદેશ કરીને પ્રાચીન મંદિરને સમરાવે. જે આત્મા ભાંગ્યા તૂટ્યા મંદિરોનો ભક્તિપૂર્વક ઉદ્ધાર કરે છે, તે તત્ત્વથી ભયંકર ભવસમુદ્રમાંથી પોતાનો ઉદ્ધાર કરે છે, માટે નુતન મંદિર બંધાવતાં પહેલાં જીર્ણોદ્ધાર કરાવવો ઉચિત છે. આ કારણે શ્રીસંપ્રતિમહારાજાએ જીર્ણોદ્ધાર નેવ્વાશી હજાર અને નુતન મંદિર છત્રીસ હજાર કરાવ્યાં હતાં. એમ પરમાર્હત્ કુમારપાળ, મંત્રીશ્વર વસ્તુપાલ, વગેરેએ પણ નુતન મંદિરો કરતાં જીર્ણોદ્ધાર અધિક કરાવ્યા હતા.

વળી મંદિર બનાવનારે કુંડીઓ, કળશો, દીવા, ઓરસીયા, વગેરે સર્વ ઉપયોગી સામગ્રી મૂકવી, શક્તિ પ્રમાણે ધનભંડાર ભરવો, મંદિરના નિભાવ માટે વ્યાપારમાં મંદિરનો ભાગ-લાગો ચાલુ કરવો. અને પુષ્પો માટે વાડી-બગીચો બનાવરાવવો. તેમાં પણ રાજા કે ધનપતિ મંદિર બનાવે, તેણે તો ભંડારમાં ઘણું ધન આપવું અને ભવિષ્યના નિર્વાહ માટે અમુક શહેરો, ગામો કે ગોકુળો વગેરે ભેટ આપવાં, જેથી જિનભક્તિ અવિચ્છિન્ન ચાલુ રહે.

૨. જિનબિમ્બ= જિનમંદિર તૈયાર થતાં તેમાં શીઘ્ર જિનબિમ્બની પ્રતિષ્ઠા કરવી જોઇએ, કારણ કે જિનબિંબના અધિષ્ઠાનવાળું જિનમંદિર શોભાથી દિનદિન વૃદ્ધિ પામે છે.

જિનબિંબ ભરાવવાનો વિધિ કહ્યો છે કે- કારીગર સદાચારી સજ્જન હોય તો તેને શુભમુહૂર્તે સારું ભોજન જમાડીને, પુષ્પો, હાર, ફળો, વગેરેથી સત્કાર કરીને, પ્રતિમા પ્રત્યે બહુમાન ધારણ કરતો શ્રાવક પોતાની સંપત્તિ પ્રમાણે પ્રતિમાનું મૂલ્ય આપી પ્રતિમા કરાવે. પણ જો કારીગર વ્યસની હોય તો કૃપણતાથી નહિ પણ પ્રતિમા માટે કલ્પેલા ધાર્મિક દ્રવ્યના ભક્ષણથી તે સંસારમાં રખડી મરે નહિ, એવી તેની કરુણાથી 'તારે અમુક માપની અમુક કિંમતવાળી પ્રતિમા કરવી' વગેરે નક્કી કરીને લોકદૃષ્ટિએ ઉચિત દ્રવ્ય આપવાનું ઠરાવી જેમ જેમ તે કામ કરે તેમ તેમ તેટલું દ્રવ્ય આપવું.

વળી જિનમંદિર-જિનબિંબ ભરાવનારે પોતાની શુદ્ધિ માટે ગુરુ અને સંઘ સમક્ષ જાહેર કરવું કે- આ કાર્યમાં અવિધિથી જે થોડું પણ ધન બીજાનું વપરાયું હોય, તેનું દુષ્કૃત મને થાઓ ! એમ કહેવાથી પોતે વાપરેલું દ્રવ્ય (ન્યાય સંપન્ન) ભાવથી શુદ્ધ બને છે. પ્રતિમામાં મંત્રન્યાસ-પ્રાણ પ્રતિષ્ઠા માટે પણ કહ્યું છે કે- જે ભગવાનનું બિંબ બનાવવું હોય તે નામની સ્થાપના પ્રણવ અને નમઃ પૂર્વક કરવી, જેમકે 'ॐ नमः ऋषभदेवाय' વગેરે કરવી. મંત્રથી મનન=જ્ઞાન અને ત્રાણ એટલે રક્ષણ થાય છે માટે તેને (મં + ત્ર) મંત્ર કહેવાય છે. એમ સંક્ષેપમાં જિનબિંબને કરાવવાનો વિધિ કહ્યો.

જિનપ્રતિમા મણી (રત્ન-સ્ફટિક)ની, સુવર્ણ વગેરે શ્રેષ્ઠ ધાતુની, ચંદનાદિ કાષ્ટની, હાથીદાંતની, આરસ વગેરે શ્રેષ્ઠ પાષાણની, કે ઉત્તમ માટીની કરાવવી. તે પણ પ્રમાણથી ઉત્કૃષ્ટ પાંચસો ધનુષ્યની અને જઘન્યની એક અંગુષ્ઠ જેવડી નાની સ્વ-સ્વસંપત્તિ પ્રમાણે કરાવવી.

જિનપ્રતિમા ભરાવનારને દરિદ્રતા, દુર્ભાગ્ય, હીનકુળ-કે હીનજાતિમાં જન્મ, રોગી કે કુરૂપવાળું શરીર, નરકાદિ દુષ્ટ ગતિ, હીન બુદ્ધિ, તથા અપમાન રોગ, શોક વગેરે થતાં નથી. ઉપરાંત ઉત્તમ લક્ષણવાળી પ્રતિમા ભરાવવાથી આ ભવમાં પણ અભ્યુદય થાય છે.

તેથી વિપરીત અન્યાયોપાર્જિત ધનથી, બીજાના પત્થર, કાષ્ટ વગેરેથી, કે પ્રમાણમાં ન્યૂનાધિક અંગોવાળી-લક્ષણ રહિત બનાવેલી પ્રતિમા તેના બનાવનારની અને બીજાઓની પણ ઉન્નત્તિનો નાશ કરે છે. કહ્યું છે કે-

મુખ, નાક, નેત્ર, નાભિ તથા કટિના ભાગથી ખંડિત પ્રતિમાનો મૂળનાયક તરીકે ત્યાગ કરવો, પણ આભરણ વસ્ત્ર, પરિવાર, પરિકર, લંછન કે આયુધથી ખંડિતને મૂળનાયક તરીકે પણ પૂજાય, વળી ઓછામાં ઓછાં એકસો વર્ષો પૂર્વે સુવિહિત ગુરુએ પ્રાણ પ્રતિષ્ઠા કરી હોય તે ખંડિત અંગવાળી પણ પાચીન હોવાથી પૂજી શકાય છે. વળી પ્રતિમા અને પરિકરમાં જુદા જુદા વર્ણવાળા પાષાણાદિ વાપરવા શુભાવહ નથી. તેમ બે-ચાર-છ-આઠ વગેરે સમઅંગુલ માપવાળી પણ પ્રતિમા સુંદર (હિતકર) નથી. એક અંગુલથી અગિયાર અંગુલ સુધી માપની

પ્રતિમા ઘરમંદિરમાં પૂજાય, તેથી અધિક મોટી સંઘના મંદિરમાં પૂજવી, એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે. શ્રી નિશીથવલી સૂત્રના વચન પ્રમાણે તો ચૂના વગેરે લેપની, કોઈ જાતના પાષાણની, હાથી દાંતની, ચંદનાદિ કાષ્ટની, કે લોહની પ્રતિમા તથા પરિકર વિનાની કે પ્રમાણ રહિત પ્રતિમાને પણ ઘરમંદિરમાં પૂજવી નહિ. વળી **ઘરમંદિરમાં પ્રતિમા સન્મુખ બલી પૂજા કરવી નહિ,** પણ હંમેશા ભાવથી સ્નાત્ર અને ત્રિકાલ પૂજન કરવું.

મુખ્યવૃત્તિએ સર્વ જિનપ્રતિમાઓ પરિકર યુક્ત અને તિલક-આભરણ-વસ્ત્રાદિયુક્ત (કચ્છ-કંદોર-કુંડલ-બાજુબંધ-કંકણ તથા તિલકના આકારવાળી) કરાવવી, તેમાં પણ મૂળનાયકજી તો અવશ્ય પરિકર-આભરણાદિ સહિત બનાવવા. કારણ કે પ્રતિમા સવિશેષ શોભાયુક્ત બને તેથી વિશિષ્ટ પુણ્ય ઉપજે છે. કહ્યું છે કે- લક્ષણોથી યુક્ત અને સમસ્ત અલંકારવાળી આલ્હાદક પ્રતિમાનાં દર્શનથી જેમ જેમ મન પ્રસન્ન થાય તેમ તેમ અધિક નિર્જરા થાય છે. એમ જિનબિમ્બનો વિધિ કહ્યો.

૩. **પ્રતિષ્ઠા કરાવવી** = વિધિપૂર્વક તૈયાર કરાવેલા જિનબિંબને દશ દિવસમાં (શીઘ્ર) પ્રતિષ્ઠિત કરવું જોઇએ. તેમાં- (૧) **વ્યક્તિ પ્રતિષ્ઠા** = કોઈ એક જ પ્રભુની પ્રતિમા કરાવવી તે. (૨) **ક્ષેત્ર પ્રતિષ્ઠા** = એક જ પાષાણાદિમાં ચોવીશ પ્રતિમાનો પટ કરાવવો તે, અને (૩) **મહા પ્રતિષ્ઠા** = એક સાથે એકસો સીત્તર પ્રતિમા એક પટમાં કરાવવી તે મહાપ્રતિષ્ઠા જાણવી. તેનો વિધિ જણાવ્યો છે કે-

પ્રતિષ્ઠા પૂર્વે તેમાં જરૂરી સર્વ ઉપકરણાદિ સામગ્રી મેળવવી. તથા અન્યાન્ય ગામોના સંઘોને તથા ત્યાં વિચરતા ગુરુભગવંતોને આમંત્રણ આપી મોટા આડંબરથી નગર-પ્રવેશ કરાવવો અને તેઓને વિવિધ વસ્ત્રાદિથી પહેરામણી કરવી, ઉત્તમ ભોજન જમાડવાં, વગેરે સત્કાર કરવો. કેદીઓને છોડાવી દેવા, સર્વત્ર અમારી (અહિંસા) પ્રવર્તાવવી, સર્વ લોકોને પણ જમાડવા માટે સતત દાનશાળાઓ ચાલુ રાખવી, કોઇને નિષેધ ન કરતાં રંક, યાચક, વગેરે સર્વે પ્રસન્ન થાય તે રીતે ભોજન વ્યવસ્થા કરવી. કારીગરોને સત્કાર કરી સંતોષવા અને સંગીત, નાટક-વાજિંત્રો વગેરેની યોજનાથી મહામહોત્સવ કરવો. તથા પ્રતિમાને અઢાર અભિષેક કરવા વગેરે પ્રતિષ્ઠાકલ્પ વગેરે ગ્રન્થોને અનુસારે સર્વ વિધિ કરવો.

પ્રતિષ્ઠા પંચાશકમાં કહ્યું છે કે- ચંદ્ર, નક્ષત્ર, ગ્રહ તથા રવિ આદિ ઉત્તમ યોગબળ હોય અને મનવચન-કાયારૂપ યોગો પણ પ્રશસ્ત હોય ત્યારે જિનબિમ્બને મંદિરમાં પ્રવેશ કરાવી ઉત્તમ આસને પધરાવવું.

પ્રતિષ્ઠા કરતી વેળા પણ ઉત્તમ મુહૂર્ત-લગ્નમાં. પ્રશસ્ત મનવચન કાયાના યોગપૂર્વક, મંદિરથી સર્વ દિશામાં એકસો હાથ પ્રમાણ ભૂમિશુદ્ધિ કરવી, મંદિરને સુગંધી ચૂર્ણપુષ્પો તથા

ધૂપ વગેરેથી સુવાસિત કરવું. પછી ઈન્દ્રાદિ દશ દિગ્પાલોની અને સોમ-યમ-વરુણ-કુબેર એ ચાર દિગ્પાલોની સમવસરણના ક્રમથી પૂજા કરવી. કેટલાક આચાર્યોના મતે તો સર્વ દેવોની પૂજા કરવી.

પછી શુભમુહૂર્તે, ગીત-વાજિંત્ર વગેરે મંગળ પૂર્વક અથવા ચંદન વગેરેથી મંગળ કરવા પૂર્વક, શ્રીપ્રતિમાજીને જ્યાં પ્રતિષ્ઠા કરવાની હોય ત્યાં પધરાવી પ્રતિષ્ઠા કલ્પમાં જણાવ્યા પ્રમાણે સુગંધી ચૂર્ણ-વાસ વગેરેથી મિશ્રિત પવિત્ર જળકુંડે તથા લાલ માટી વગેરેથી પ્રતિમાને અધિવાસના (પ્રતિષ્ઠા યોગ્ય શુધ્ધિ) કરવી. પ્રતિમાની ચારે બાજુ દિશામાં જળપુર્ણ કળશો સ્થાપવા, તે દરેકમાં રત્ન-સુવર્ણ કે રૂપાનાણું મૂકવું, દરેકના કંઠે હાથે કાંતેલા સુતરના ચાર તારવાળું જીવાસુતર બાંધવું. વિવિધ પુષ્પોથી પુજવા તથા કંઠે પુષ્પમાળા પહેરાવવી. પછી ત્યાં ઘી-ગોળથી પુર્ણ મંગળદીપક કરવા અને ઉત્તમ શેરડી-સાકર વગેરે મૂકવાં. વળી શરાવ વગેરેમાં ઉગાડેલા જવાંકુરા મૂકવા, ચંદન, શ્રીખંડ, વગેરેના વર્ણો તથા સ્વસ્તિક, નંદાવર્ત્ત કરવા - એમ સવિશેષ સુંદર સુશોભિત કરવું.

પછી પહેલા અધિવાસનાના દિવસે ઋધ્ધિ અને વૃધ્ધિ નામની ઔષધિઓથી યુક્ત કંકણ દોરા (મંગળસૂત્ર) પ્રતિમાના હાથે બાંધવા અને કેસર-બરાસ મિશ્રિત ચંદનથી સમગ્ર શરીરે વિલેપન કરવું. પછી વસ્ત્રાલંકારથી ભૂષિત ઓછામાં ઓછી ચાર સધવા સ્ત્રીઓ ક્ષરા અવમાન (પૂંખણું) કરાવવું. અધિવાસના સમયે શ્રેષ્ઠચંદન, અગરુ, કર્પૂર, પુષ્પો, વગેરેથી પ્રતિમાની શ્રેષ્ઠ પૂજા કરવી. તથા વ્રીહી-કમોદ-ચોખા વગેરે ઔષધિઓથી, શ્રીફળ-દાડિમ વગેરે ફળોથી અને વસ્ત્રો, મોતી, રત્નો વગેરેથી પુજવી (સત્કાર કરવો). ઉપરાંત પણ નૈવેદ્ય, ગંધો, પુષ્પો, ચૂર્ણો, વગેરેથી પુજવી અને વિવિધ રચનાઓ વગેરે પ્રત્યેક કાર્યો હૈયામાં ઉભરાતી ભરપુર ભક્તિ ભાવથી કરવાં.

પછી પ્રતિમા સન્મુખ દેવવંદન કરવું, તેમાં ઉત્તરોત્તર વધતા અક્ષર-સ્વરવાળી (વર્ધમાન) સ્તુતિઓ બોલવી. શાસનદેવીની આરાધના માટે ઉપયોગપૂર્વક કાઉસ્સગ્ગ કરવો, તેમાં સાગરવર ગંભીરા સુધી લોગસ્સ ચિંતવવો, પારીને પ્રગટ લોગસ્સ કહેવો, પછી ઇષ્ટ ગુરુ વગેરેનું સ્મરણ કરવું. પછી જિનપ્રતિમાની અથવા પ્રતિષ્ઠાકારકની પુજા કરવી. એમ સઘળો વિધિ કરીને પ્રતિષ્ઠાના નક્ષી કરેલા લગ્નનવમાંશ સમયે પરમેષ્ઠિમહામંત્રના સ્મરણપૂર્વક પ્રતિમાની પ્રતિષ્ઠા (સ્થાપના) કરવી.

એમ પ્રતિષ્ઠા કર્યા પછી પુનઃ પૂજા કરી ચૈત્યવંદન કરવું અને ઉપસર્ગનિવારણાર્થે કાઉસ્સગ્ગ કરવો. બીજા કહે છે કે પ્રતિષ્ઠા દેવીનો કાઉસ્સગ્ગ કરવો. પછી ભાવથી સ્થિરતા કરવી એટલે પ્રતિષ્ઠાને સ્થિર કરનારાં આશીર્વચનો બોલવાં. જેમકે "ચૌદ રાજલોકના પ્રાન્તે સિદ્ધોની પ્રતિષ્ઠા શાશ્વતી છે, તેમ યાવચ્ચંદ્રદિવાકરૌ આ પ્રતિષ્ઠા સ્થિર રહો" એ જ રીતે

મેરૂપર્વતની જેમ, જંબૂદ્વીપની જેમ, લવણ સમુદ્રની જેમ, ઇત્યાદિ શાશ્વત પદાર્થો જેમ સ્થિર છે તેમ આ પ્રતિષ્ઠા ચાવચંદ્રદિવાકરૌ સ્થિર રહો !" એમ બોલવું. તદુપરાંત તે પ્રસંગે બીજા પણ માંગલિક કાવ્યો વગેરે બોલવાં તે વધુ કલ્યાણકારી છે, એમ શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ કહ્યું છે.

પ્રતિષ્ઠા પ્રસંગે સ્નાત્ર-અભિષેક કરતાં પ્રભુની જન્મ અવસ્થાને, ફળ, નૈવેદ્ય, પુષ્પ, વિલેપન, સંગીત વગેરે પૂજા કરતાં પ્રભુની કૌમાર્ય, રાજ્ય વગેરે ગૃહસ્થપણાની વિવિધ અવસ્થાઓને, 'વસ્ત્રોથી શરીર આચ્છાદિત કરવું' વગેરે અધિવાસનાના પ્રસંગે તેઓની શુદ્ધ ચારિત્રાવસ્થાને, નેત્રમાં અંજન કરતાં કેવળજ્ઞાન પ્રગટ થયું તે અવસ્થાને અને તે પછી સર્વપ્રકારની પૂજા કરતાં સમવસરણસ્થ અવસ્થાને ચિંતવવી. એમ શ્રાદ્ધસામાચારીની ટીકામાં જણાવ્યું છે.

એમ પ્રતિષ્ઠાનો વિધિ પૂર્ણ થયા પછી શક્તિ અનુસાર શ્રીચતુર્વિધસંઘની પૂજા કરવી. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ સંઘના એક એક અંગની પૂજા કરતાં સમગ્ર શ્રીસંઘની પૂજા ઘણી ગુણકારક છે, કારણ કે શ્રીસંઘને તીર્થંકર પછી બીજા નંબરે, અથવા તીર્થંકર તુલ્ય, કે અપેક્ષાએ તીર્થંકરથી પણ અધિક કહ્યો છે. જનસમૂહનો પણ યથાયોગ્ય ભોજન વગેરેથી સત્કાર કરવો. તેમાં સ્વજન અને સ.ધર્મિકોનો ઉત્તમભોજન-પહેરામણી વગેરેથી વિશિષ્ટ સત્કાર કરવો તે તેઓનું પરમવાત્સલ્ય છે. તથા પ્રતિષ્ઠા અંગે શુભભાવથી આઠ દિવસ સુધી મહોત્સવ કરવો. કેટલાક આચાર્યો કહે છે કે આ મહોત્સ કરવાથી જિનભક્તિ-પુજા સતત ચાલુ રહે છે. (પુજકોની અને તેમના ભાવની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય છે.) અન્ય આચાર્યોના મતે (આઠ દિવસનો ન બને તો) ત્રણ દિવસનો ઓચ્છવ તો અવશ્ય કરવો. અને શાસનોન્નતિ માટે તો તે દિવસોમાં સર્વજીવોને સ્વવૈભવ અનુસારે દાન કરવું. તેમાં- પૂર્વના દિવસો કરતાં પણ સવિશેષ પૂજા કરીને વિધિપુર્વક કંકણમોચન કરવું. પત્ર, પુષ્પ-ફળ-અક્ષતમિશ્રિત સુગંધી જળથી રાંધેલા ધાન્યનો ભૂતાદિને બલિ પ્રક્ષેપ કરવો, કંકણ-મોચન અને ભૂતબલિ કરતાં પણ પૂર્વની અપેક્ષાયે થોડું પણ દીન-દુઃખીઓને દાન કરવું. તેમ જ તે પછી પણ પ્રતિદિન વિધિપૂર્વક પૂજા, દર્શન-રથયાત્રા, સ્નાત્રમહોત્સવ, વગેરે અનુષ્ઠાનો એવા ભાવ અને આડંબરથી કરવાં કે ઉત્તરોત્તર સંસારના વિરહરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય.

પ્રતિષ્ઠા પછી એક વર્ષ દરરોજ સ્નાત્રપૂજા વગેરે સતત કરવું અને પ્રતિષ્ઠાની તિથિએ સવિશેષ કરવું. વર્ષ પુર્ણ થતાં પુનઃ અઠ્ઠાઈ મહોત્સવ વગેરે વિશેષ પૂજન કરવું કે જેથી સદ્ગતિનું આયુષ્ય બંધાય. તે પછી પણ ઉત્તરોત્તર સવિશેષ પૂજા-ભક્તિ ચાલુ રાખવી એ પ્રમાણે પ્રતિષ્ઠા વિધિ કહ્યો.

૪. પુત્રાદિને દીક્ષા આપવી= પ્રતિષ્ઠાની જેમ મોટા આડંબરથી શ્રીસંઘ તથા ગુર્વાદિને પોતાને ત્યાં નિમંત્રીને પુત્ર, પુત્રી, ભાઈ, ભત્રીજા, આદિ સ્વજનને તથા મિત્ર કે

પરિવારના મનુષ્યને દીક્ષા અપાવવી અને વડીદીક્ષા પણ કરાવવી. શ્રીકૃષ્ણજી અને ચેડા મહારાજે પોતાનાં પણ સંતાનોના વિવાહનો ત્યાગ કર્યો હતો, પોતાની પુત્રીઓને તથા બીજા પણ થાવચ્ચા (શેઠાણીના) પુત્રો વગેરે હજારોને પોતે મોટા મહોત્સવ કરીને દીક્ષાઓ અપાવી હતી. દીક્ષા અપાવવી તે આત્માને ઘણા મોટા લાભનું કારણ છે. કહ્યું છે કે-તે માતા-પિતા અને સ્વજનો ધન્ય છે. કૃતપુણ્ય છે, કે જેના કુળમાં ચારિત્રપાલક મહા ઉત્તમ પુત્ર જન્મે છે.

૫-ગુરુની પદ પ્રતિષ્ઠા કરાવવી— ગુર્વાજ્ઞા-જિનાજ્ઞાના પાલક, પ્રભાવક એવા યોગ્ય ગુરુઓની ગણી, વાચનાચાર્ય, વગેરે પદપ્રતિષ્ઠા પણ મોટા મહોત્સવ પૂર્વક કરાવવી તે શ્રાવકનું વિશિષ્ટ કર્તવ્ય છે. સંભળાય છે કે શ્રી જિનેશ્વરદેવના પહેલા સમવસરણમાં ગણધર ભગવંતોને પદપ્રદાન શ્રી સૌધર્મેન્દ્ર કરાવે છે. મહામંત્રી શ્રી વસ્તુપાલે એકવીશ આચાર્યોને પદપ્રદાન કરાવ્યું હતું.

૬-શાસ્ત્રગ્રન્થો લખાવવા— શ્રી કલ્પસૂત્ર-ભગવતીજી વગેરે ધર્મગ્રન્થો તથા શ્રી જિનેશ્વરદેવનાં ચરિત્રો વગેરે ધર્મગ્રન્થો ન્યાયોપાર્જિત દ્રવ્યથી મેળવેલાં ઉત્તમ જાતિનાં તાડપત્રો કે ઉત્તમ ટકાઉ કાગળો ઉપર અતિશુદ્ધ અને સ્પષ્ટ અક્ષરોથી લખાવવા, મોટા આડંબરથી વરઘોડો કાઢીને તેને સંવેગી એવા ગીતાર્થ ગુરુ પાસે પૂજા-બહુમાનપૂર્વક વંચાવવા અને શ્રી સંઘ સહિત પોતે સાંભળવાં. ઉપલક્ષણથી આગમના વાંચનારા, ભણનારા પૂજ્ય ગુરુભગવંતો વગેરેની ભક્તિ પણ કરવી. કહ્યું છે કે 'જેઓ જનશાસનના પુસ્તકોને લખાવે છે, વંચાવે છે, ભણે છે, ભણાવે છે, સાંભળે છે અને તેના રક્ષણ માટે પૂર્ણ આદર ધરાવે છે તે પુણ્યાત્માઓ દેવનાં, મનુષ્યપણાંના અને અંતે મોક્ષનાં સુખને પામે છે, વગેરે સાતક્ષેત્રના પ્રસંગે પૂર્વે પણ કહ્યું છે.

૭. પૌષધશાલા કરાવવી— નિષ્પાપ-પવિત્ર સ્થળે, જ્યાં ધર્મી મનુષ્યો વસતા હોય ત્યાં, શ્રાવક વગેરેને પૌષધાદિ ધર્મકાર્યો કરવા સંઘ માટે સર્વ સાધારણ મકાન બંધાવવું તે શ્રાવકનું કર્તવ્ય છે. ધર્મી શ્રાવકાદિ માટે કરાવેલું અને સંભાળેલું તે સ્થાન સાધુને નિર્દોષ અને પવિત્ર હોવાથી અવસરે સાધુ-સાધ્વીને પણ ઉતરવા આપવું, કારણ કે સાધુને વસતિદાનનું મહાફળ કહ્યું છે કે" જે આત્મા તપ-નિયમ અને જ્ઞાનાદિ શુભયોગ-યુક્ત મુનિભગવંતોને ઉપાશ્રય આપે છે, તેણે (સ્થાન આપવાથી) વસ્ત્ર, પાત્ર, અન્ન, પાણી, શયન, આસન, સઘળું આપ્યું એમ સમજવું. કારણ કે સ્થાનના આધારે જ એ સર્વ વસ્તુઓનો ઉપભોગ કરી શકાય. માટે પૌષધશાળા કરાવવી તે ઘણા લાભનું કારણ છે.

અહીં શ્રાવકના જન્મકૃત્યોનું વર્ણન પૂર્ણ થયું.

શ્રાવકની અગીયાર પડિમાઓ

હવે શ્રાવકના પ્રતિમા પાલનરૂપ શેષ જન્મકૃત્યને જણાવે છે કે-

મૂલમ્-"विधिना दर्शनाद्यानां, प्रतिमानां प्रपालनम् ।
यासु स्थितो गृहस्थोऽपि, विशुद्धयति विशेषतः ॥६९॥

અર્થ- જે પ્રતિમાઓના પાલનથી ગૃહસ્થ પણ વિશેષ શુદ્ધિને પામે છે, તે 'દર્શન' વગેરે પ્રતિમાઓનું વિધિપૂર્વક પાલન કરવું.

દશાશ્રુતસ્કંધ વગેરે આગમોમાં જણાવેલા વિધિપૂર્વક, સમ્યક્ત્વને નિર્મળ પાળવાના અભિગ્રહરૂપ જે દર્શન પ્રતિમા વગેરે શ્રાવકની અગીયાર પ્રતિમાઓનું પાલન કરવાથી ગૃહસ્થ છતાં શ્રાવક અન્ય સામાન્ય શ્રાવક કરતાં અસંખ્યાતગુણ અધિક આત્મશુદ્ધિ કરે છે તે પ્રતિમાઓનાં નામ અનુક્રમે દર્શન, વ્રત, સામાયિક, પૌષધ, પ્રતિમા (કાઉસ્સગ્ગ), અબ્રહ્મત્યાગ, સચિત્તત્યાગ, આરંભત્યાગ, નોકરત્યાગ, ઉદ્દિષ્ટ ભોગ ત્યાગ અને શ્રમણભૂત પ્રતિમા કહ્યાં છે તેમાં-

૧. દર્શન પ્રતિમા= પૂર્વે કહેલા સમ્યક્ત્વના શંકા, કાંક્ષા વગેરે પાંચ અતિચારોથી રહિત, શમ, સંવેગ, નિર્વેદ વગેરે પાંચ લક્ષણોથી સહિત અને સ્થૈર્ય વગેરે પાંચ ભૂષણોથી ભૂષિત એવું જે મોક્ષ મહેલના પાયા તુલ્ય સમ્યગ્દર્શન, તેનું ભય-લોભ-લજ્જાદિ વિઘ્નોથી પણ લેશ દોષ સેવ્યા વિનાનું એક મહિના સુધી નિરતિચાર પાલન કરવું તે.

૨. વ્રતપ્રતિમા= ઉપરની પહેલી પ્રતિમાના અખંડ પાલન સાથે બે મહિના સુધી અતિક્રમાદિ કોઈ દોષ સેવ્યા વિના અખંડિત-અવિરાધિત શ્રાવકના બાર વ્રતોનું પાલન કરવુ તે.

૩. સામાયિક પ્રતિમા= ઉપરની બે પ્રતિમાના પાલન સાથે ત્રણ મહિના સુધી દરરોજ ઉભયકાળ સર્વદોષરહિત શુદ્ધ સામાયિકનું અપ્રમત્તભાવે પાલન કરવું તે.

૪. પૌષધ પ્રતિમા= એ ત્રણેના પાલનપૂર્વક ચાર મહિના સુધી પ્રતિમાસે (બે આઠમ- બે ચતુર્દશી રૂપ) ચતુષ્પર્વીમાં આઠ પ્રહરના અખંડ પૌષધનું નિરતિચાર પાલન કરવું તે.

૫. કાઉસ્સગ્ગ પ્રતિમા= એ ચારેના પાલનપૂર્વક પાંચ મહિના પ્રત્યેક ચતુષ્પર્વીમાં બત્રમાં, બારણામાં, કે ચોટામાં, ગમે તેવા પરિષહ કે ઉપસર્ગોથી પણ લેશ ચલિત થયા વિના સંપૂર્ણ રાત્રી પર્યન્ત કાયોત્સર્ગ કરવો તે.

એમ હવે પછીની પણ દરેક પ્રતિમાઓમાં પુર્વ પુર્વની સર્વ પ્રતિમાઓનું પાલન સમજી લેવું.

૬. **બ્રહ્મચર્ય પ્રતિમા=** પાંચ પ્રતિમાના પાલન સાથે છ મહિના સુધી નિર્મળ નિરતિચાર બ્રહ્મચર્ય પાલન કરવું તે.

૭. **સચિત્તવર્જન પ્રતિમા=** પૂર્વની છના પાલન પૂર્વક સાત મહિના સચિત્ત આહારનો ત્યાગ કરવો તે.

૮. **આરંભવર્જન પ્રતિમા=** પુર્વની સાતેયના પાલન સાથે આઠ મહિના સુધી તમામ સાવદ્ય કાર્યોમાં સ્વયં આરંભ નહિ કરવો તે.

૯. **નોકરવર્જન પ્રતિમા=** પુર્વની આઠના પાલન સાથે નવ મહિના સુધી નોકરો વગેરે દ્વારા પણ આરંભ ન કરાવવો તે.

૧૦. **ઉદ્દિષ્ટવર્જન પ્રતિમા=** પુર્વની નવના પાલન પુર્વક દશ મહિના સુધી પ્રેરણા વિના પણ બીજાએ પ્રતિમાધારીને ઉદ્દેશીને તૈયાર કર્યું હોય તેવું ઉદ્દિષ્ટ ભોજન પણ નહિ લેવું તે.

૧૧. **શ્રમણભૂત પ્રતિમા=** એ દશના પાલન સાથે અગિયાર મહિના સુધી સ્વજનાદિ સંબંધોને તજીને રજોહરણ વગેરે સાધુવેશને ધારણ કરીને, કેશનો લોચ કરીને, ગોકુળ વગેરે પોતાના સ્વાધીન સ્થાનમાં રહેવું, અને "પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો" એમ બોલી (ધર્મલાભ આપ્યા વિના જ) આહાર મેળવી ઉત્તમ સાધુની જેમ સમ્યગ્ આચારોનું પાલન કરવું, તે **અગિયારમી શ્રમણભૂત પ્રતિમા** જાણવી.

પંચાશકમાં કહ્યું છે કે- મિથ્યાત્વનો ક્ષયોપશમ થવાથી શાસ્ત્રવિરૂદ્ધ-દુરાગ્રહથી રહિત સમકિતી આત્માની કાયા એ જ દર્શન પ્રતિમા જાણવી. તેમાં તત્વથી તો 'સમકિતનો અભિગ્રહ' એ જ દર્શન પ્રતિમા છે, છતાં તેવા આત્માની કાયા તે તે ગુણોથી ભૂષિત હોય છે અને સમકિતની કરણીમાં કાયાની મુખ્યતા હોય છે, તે અપેક્ષાએ અહીં કાયાને દર્શન-પ્રતિમા કહી છે, એમ સમજવું.

પાંચમી કાઉસ્સગ્ગ પ્રતિમામાં એટલું વિશેષ કહ્યું છે કે- તે પ્રતિમાધારી સ્નાન કરે નહિ, રાત્રે ચારે ય આહારનો ત્યાગ કરે, અધોવસ્ત્રનો કચ્છ વાળે નહિ, ચતુષ્પર્વી સિવાયના દિવસોમાં પણ દિવસે સંપુર્ણ બ્રહ્મચર્ય પાળે અને રાત્રીએ સ્ત્રીઓનું અને ભોગનું પ્રમાણ કરે. કાઉસ્સગ્ગમાં શ્રી જિનેશ્વરોનું ધ્યાન કરે અથવા પોતાના રાગાદિ દોષોને ટાળી શકે તેવા 'કામની નિંદા' વગેરે પ્રતિપક્ષી ઉપાયોનું ચિંતન કરે, એ પ્રમાણે પાંચ મહિના સુધી કરે.

છઠ્ઠી પ્રતિમામાં પાંચમીની અપેક્ષાએ કામનો જય વિશેષતયા કરે, જેમકે દિવસે અને સમગ્ર રાત્રીએ પણ ચિત્તની સ્થિરતાપુર્વક બ્રહ્મચર્યને પાળે. સ્ત્રી કથા, કામ કથા વગેરે કામોત્તેજક શૃંગારી વાતો ન કરે. સ્ત્રી સાથે એકાન્ત ન સેવે. જાહેરમાં પણ અતિપરિચય ન

રાખે. શરીર શોભા વિલેપન વગેરે ન કરે. ઇત્યાદિ સામાન્ય બ્રહ્મચારી ગૃહસ્થ કરતાં પ્રતિમાધારીની વિશેષતા જાણવી.

નવમી પ્રતિમામાં કુટુમ્બનો કે વ્યાપાર વગેરેનો ભાર યોગ્ય પુત્ર, પત્ની, કે નોકરાદિને સોંપી દે, નવવિધ પરિગ્રહમાંથી મમત્વને ઘટાડી દે, સર્વત્ર પરિણત બુદ્ધિવાળો હોય, મુક્તિની અભિલાષા દૃઢ કરે.

દશમી પ્રતિમાધારી મસ્તક મુંડાવે અથવા ચોટલી રાખે. ભૂમિ વગેરેમાં દાટેલું, કોઇના ત્યાં વ્યાજે કે થાપણરૂપે મૂકેલું, અથવા કોઈ રીતે કુટુંબથી ગુપ્ત રાખેલું એવું ધન, ધાન્ય, લેણું, દેવું વગેરે અંગે કુટુંબી વગેરે કોઈ પુછે તો જે જાણતો હોય તે કહે, ન જાણતો હોય તો નિષેધ કરે, કોઈ વિશેષ પ્રેરણા ન કરે, સાધુઓની સેવામાં સદા તત્પર રહે અને સૂક્ષ્મ-નિપુણ બુદ્ધિથી સમજી શકાય તેવા જીવાજીવાદિ તત્વો કે નિગોદાદિ ભાવોને જાણવા સદાય ઇચ્છા કરે.

અગીયારમીમાં પૂર્વની દશે પ્રતિમાના પાલનપૂર્વક ગૃહસ્થાશ્રમના સઘળા સંબંધો છોડીને સાધુવેષ પહેરે તથા કાષ્ટનાં પાત્રો રાખે, મસ્તકે લોચ કરે અને આહાર લેવા જાય ત્યાં તેના ગયા પહેલાં જે તૈયાર થયેલું હોય તે જ લઈ શકે, ગયા પછી તૈયાર થયેલી વસ્તુ લેવી ન કલ્પે.

આવશ્યક ચૂર્ણિમાં આ વિષયમાં થોડો મતાંતર છે. રાત્રીભોજનવર્જનને પાંચમી, સચિત્તત્યાગને છઠ્ઠી, દિવસે સંપુર્ણ બ્રહ્મચર્ય અને રાત્રીએ મૈથુનનું પ્રમાણ કરે તે સાતમી તથા અહોરાત્રી પુર્ણ બ્રહ્મચર્ય પાળવું, સ્નાનનો ત્યાગ, મસ્તકે દાઢી-મૂછના કેશ, શરીરની રોમરાજી કે નખ વગેરેનો સંસ્કાર નહિ કરવો-ઓળવા-કપાવવા નહિ તે આઠમી અને સ્વયં આરંભનો ત્યાગ કરવો તે નવમી. બીજા દ્વારા આહારાદિ નિમિત્તો પણ આરંભ કરાવવાનો ત્યાગ કરવો તે દશમી તથા ઉદ્દિષ્ટવર્જન અને શ્રમણભૂત એ મળી અગીયારમી પ્રતિમા કહી છે.

હવે ગ્રન્થનો ઉપસંહાર કરતાં કહ્યું છે કે-

મૂલમ્-"ઇત્થમિહ જિનૈરેવં, ગૃહિધર્મો વિશેષતઃ ।
તતામનુષ્ઠેયતયા, ચારિત્રગિરિપદ્ધિકા ॥૭૦॥"

અર્થ- એ રીતે શ્રી જિનેશ્વરોએ ગૃહસ્થનો વિશેષ ધર્મ કહ્યો છે, તે ચારિત્રરૂપી પર્વત ઉપર ચઢવાના પગથીયાં તુલ્ય હોવાથી સત્પુરુષોએ આચરવા યોગ્ય છે.

આ ગ્રન્થના પ્રારંભમાં ગૃહસ્થનો સામાન્ય ધર્મ કહીને તે પછી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાથી ભાવિત અનુષ્ઠાનો રૂપ આ વિશેષ ધર્મ કહ્યો છે, તે અન્ય જ્ઞેય અને હેય પદાર્થોની જેમ માત્ર હેય-જ્ઞેય નથી, પણ ઉત્તમ આત્માઓને અનુષ્ઠેય (ઉપાદેય) છે, કારણ કે સર્વ પાપવ્યાપારોના ત્યાગરૂપ અને નિરવદ્ય વ્યાપારોમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર ધર્મરૂપી પર્વત ઉપર ચઢવા માટે આ ધર્મ સીડી-કેડી તુલ્ય છે. ધર્મબિંદુમાં કહ્યું છે કે "જેમ બુદ્ધિમાન પુરૂષ એક એક પગલું ચાલતો પર્વત ઉપર ચઢી જાય છે, તેમ ધીરપુરુષો આ આ ગૃહસ્થધર્મનું સારી રીતે પાલન કરવાથી નિશ્ચે ચારિત્રરૂપી પર્વત ઉપર ચઢી શકે છે.

આ પ્રમાણે પહેલાં નાના ગુણોની આરાધના કરીને મોટા ગુણની આરાધના કરવી તે ન્યાયમાર્ગ હોવાથી અમે પહેલાં ગૃહસ્થધર્મનું સ્વરૂપ વર્ણવ્યું છે. કિન્તુ સર્વને માટે આ ન્યાય નથી, કારણ કે પુર્વ જન્મની આરાધનાના બળે યોગ્યતા પામેલા મહાત્મા સ્થૂલિભદ્રજી વગેરે ઘણા ગૃહસ્થધર્મની આરાધના વિના પણ સાધુધર્મને પામ્યા છે. તથાપિ કાળની તરમતાને કારણે આ ક્રમને અનુસરવું તે હિતકર છે. કારણ ધર્મબિંદુમાં કહ્યું છે કે- આ પંચમકાળમાં તો અહીં જણાવેલા સમ્યક્ત્વથી માંડીને છેલ્લે પ્રતિમાપાલન સુધીના પૂર્ણ શ્રાવકધર્મની યથાશક્ય આરાધના કરનાર આત્મા ચિત્તને નિર્મળ કરીને સાધુધર્મને પામી શકે છે. પંચાશકમાં પણ કહ્યું છે કે "વર્તમાન કાળ અશુભ છે, સંયમનું પાલન દુષ્કર છે, માટે દીક્ષાર્થીએ પ્રથમ આ ગૃહસ્થ ધર્મની આરાધના દ્વારા પોતાની યોગ્યતા પ્રગટાવવી જોઇએ.

એ રીતિએ પરમ ગુરૂભટ્ટારક શ્રી વિજયાનંદસૂરિશિષ્ય, પંડિત શ્રી શાન્તિવિજય ગણિ ચરણસેવી, મહોપાધ્યાય શ્રી માનવિજય ગણિ વિરચિત સ્વોપજ્ઞ ધર્મસંગ્રહની ટીકામાં સામાન્ય ગૃહસ્થધર્મના વર્ણનરૂપ પહેલા ભાગનો 'તપાગચ્છાધિપ, સંઘસ્થવિર, પૂ૦ આચાર્ય મહારાજ શ્રીવિજયસિદ્ધિસૂરિપટ્ટાલંકાર સ્વર્ગત શમદમાદિ ગુણભૂષિત પૂ૦ આચાર્ય શ્રી વિજયમેઘસૂરિ પટ્ટધર ગાંભિર્યાદિ ગુણોપેત પૂ૦ આચાર્ય શ્રી વિજયમનોહરસૂરિ શિષ્યરત્ન શ્રી વિજયભદ્રંકરસૂરિકૃત' ગુજરાતી ભાષાન્તરનો સારોદ્ધાર સમાપ્ત થયો.

卐

શુદ્ધિપત્રક

પૃષ્ઠ-પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪-૧૬	ક્રુરતા	ક્રૂરતા
૨૧-૨૯	ચતુર્વ	ચતુર્થ
૨૪-૧૫	સ્વી	કરવી
૫૨-૮	શ્રપક	ક્ષપક
૫૬-૧૯	હેતુ	હેતુથી
૫૯-૨૧	મિથ્યાત્વા૦	મિથ્યાત્વા૦
૬૦-૧૨	યોગ્ય છે	યોગ્ય ને
૭૦-૩	૦નારો	૦નારો.
૭૭-૧૮	ઔમે	અને
૭૯-૧૯	૦તેમ્યો	૦તેમ્યો
૮૦-૨૪	'તેમાંના' ૦ શબ્દ પછી નીચેની લાઇનમાંથી 'ગૃહસ્થને' શબ્દથી માંડીને 'જેમકે' શબ્દ સુધી વાંચવું, તે પછી ૧- ભૂતનિહ્નવ= સત્યને છૂપાવવા' વગેરે વાંચવું.	
૮૨-૭	માલિકને વસ્તુ	વસ્તુ માલિકને
૮૮-૭	અને	ઉપભોગ અને
૮૯-૧૬	ચેત	ચેતિ
૮૯-૨૦	ફળ ફૂલાદિ	ફૂલફળાદિ
૯૧-૮	ત્રણ	ત્રસ
૯૪-૧૫	અસત્યથી	અસત્ય
૯૪-૧૫	જે	જ
૯૪-૨૩	જુગાર	જુગારી
૯૫-૧૪	આર્દ્રः	આર્દ્રः
૯૬-૩	ખારિશુક	ખારકિંશુક
૯૬-૧૮	કુઆર	કુંઆર
૯૯-૧૭	શિંગડાં	શિંગોડાં
૧૦૦-૧૧	ઉત્થલ	ઉત્પલ
૧૦૦-૨૪	ચાર દિવસ શબ્દ પછી 'સચશિર-પોષમાં ત્રણ દિવસ' એટલું વધારવું	
૧૦૪-૩	ज्ञनः	जनैः
૧૦૪-૩૦	ચનર્થ	અનર્થ.

પૃષ્ઠ-પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૦૯-૧૨	કાચાથી	કાયાથી
૧૦૯-૨૩	પૌષધ	પૌષધ.
૧૧૬-૭	૧૪ × ૬	એમ ૧૪ × ૬
૧૨૦-૨૦	અતિક્રૈમાદિ	અતિક્રમાદિ
૧૨૪-૨૬	કાગા	કાચાં
૧૨૬-૧૦	ધૂંસરી	ધૂંસરી
૧૨૬-૨૮	ધાતકી	ધાતકી
૧૩૦-૨૩	પ્રેરંણ	પ્રેરણં
૧૪૦-૩	સ્વરૂપ	સ્વરૂપ વગેરે કહ્યું, હવે
૧૪૭-૨૬	મેરપીંછી	મોરપીંછી
૧૪૮-૨૦	વ્યક્ત૦	વ્યક્તિ૦
૧૫૧-૩	तण्णि	तिण्णि
૧૫૬-૨૧	કરે શબ્દ પછી 'સ્નાત્ર પૂર્વક વિસ્તારથી પૂજા કરે' એમ વાંચવું	
૧૫૯-૨૨	વિવિધ	ત્રિવિધ
૧૬૦-૨૩	એકેન્દ્રિય	એકેન્દ્રિયાદિ પંચેન્દ્રિય
૧૬૨-૨૩	(૧૯) પછી વાનરદોષ આમ તેમ જોતો હોઠ હલાવ્યા કરે તે' એમ વાંચવું	વાનરની જેમ
૧૬૩-૨૧	અવિરતિ,	અવિરતિ
૧૬૪-૧૫	દશા त	દશાશ્રુત
૧૬૭-૧૭	કારણો	કરણો
૧૬૮-૨૧	વ્યવૃત્તં	વ્યાવૃત્તં
૧૬૮-૨૭	સમ્યક્	(૨) સમ્યક્
૧૬૮-૨૯	(૨)	(૩)
૧૭૧-૧૨	પારીને	પારીને જે
૧૭૧-૨૨	પણ	પણ.
૧૭૧-૨૬	વગેરે	વગેરેએ
૧૭૪-૪	અડધો,	અડધો
૧૭૯-૧૫	જણાવી.	જાણવી.
૧૮૩-૨૫	પ્રસદ્ધિ	પ્રસિદ્ધ

પૃષ્ઠ-પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૮૯-૧૬	ચતુવિધિ	ચતુર્વિધ
૧૯૧-૧૩	અકેખોડા	અકૂખોડા
૧૯૧-૧૨-૧૪	પકખોડા	પકૂખોડા
૧૯૬-૧૫	આર્વત૦	આવર્ત૦
૧૯૯-૫	અંગ્રલીથી	અંગુલીથી
૨૦૪-૧૮	અલોચના	આલોચના
૨૦૪-૨૧	દુચ્ચિં૦	દુવ્વિચિં૦
૨૦૬-૪	વિરોધ	વિશેષ
૨૦૭-૬	છે, માં	છે, તેમાં
૨૦૮-૪	પરિણામ	પરિમાણુ
૨૧૦-૪	નિધાન	નિધાન
૨૧૦-૯	પાંચ પાંચ	પાંચ
૨૧૧-૧૧	કગેરે	વગેરે
૨૧૨-૫	નેા	તેા
૨૧૫-૨૫	"આયંબિલ	"આયંબિલં
૨૧૭-૩૦	સંદેણું	સંસટ્ઠેણું
૨૨૩-૨૦	લાભ	દાન
૨૨૬-૨૦	સંમયો૦	સંયમો૦
૨૨૭-૧૫	દેણુદારની	લેણુદારની
૨૩૦-૨૫	અત્મા૦	આત્મ૦
૨૪૮-૧૬	ઉચ્ચર૦	ઉચ્ચાર૦
૨૫૩-૧૨	કરૂં મિ	કરૂં મિ
૨૫૮-૫	સિદ્ધ	સિદ્ધે
૨૬૦-ગા. ૯	[illegible]	પ્ય
૨૬૧-ગા. ૧૧-૧૩	પ્ય	પ્ય
૨૬૧-ગા. ૧૫	નિચ્ચં	નિચં
૨૬૪-ગા. ૨૭	વિદૂચે	વિહૂણે
૨૬૫-ગા. ૩૧	દુહિય મુ	દુહિયેસુ
૨૭૦-૧૮	ભગવદં	ભગવઈ

ધર્મસંગ્રહ

ગુજરાતી ભાષાંતરનો

સારોદ્ધાર ભાગ પહેલો

સંપૂર્ણ.

